જના હૈયે શ્રી નવકાર તેને કરશે શું સંસાર ?

नमो अरिहंताएं

नमो सिद्धाएं

नमो आयरियाएं

नमो उवज्झायाएं

नमो लोए
सव्वसाहूएं

एसो पंच
नमुक्कारो

सव्व पाव
प्पणासणो

मंगलाणं
च सव्वेसिं

पढमं होइ
मंगलम्

જેના હૈયે શ્રી નવકાર...
તેને કરશે શું સંસાર?

(નવકાર મહામંત્રના અર્વાચીન અદ્‌ભુત દૃષ્ટાંતો)

આ પુસ્તકમાં આપેલા દૃષ્ટાંતો વાંચ્યા બાદ આપના જીવનમાં કે આપના પરિચિત આત્માઓના જીવનમાં તેવા પ્રકારની કોઈ ઘટનાઓ બનેલ હોય તો વ્યવસ્થિત લેખ રૂપે ફુલસ્કેપ પાનાની એક બાજુએ પ્રકાશકને લખી મોકલાવવા વિનંતી. જેથી નવી આવૃત્તિમાં તેનો સમાવેશ કરી શકાય.

: સંપાદક :

શાસનસમ્રાટ, ભારતદિવાકર

તીર્થપ્રભાવક, અચલગચ્છાધિપતિ

પ.પૂ. આચાર્ય ભગવંત

શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.નાં

વિનેય આગમાભ્યાસી

પૂ. ગણિવર્ય શ્રી મહોદયસાગરજી મ.સા.

: પ્રકાશક :

શ્રી કસ્તૂર પ્રકાશન ટ્રસ્ટ

૧૦૨, લક્ષ્મી એપાર્ટમેન્ટ,

ડૉ. એનીબેસન્ટ રોડ, વરલી, મુંબઈ-૪૦૦ ૦૧૮.

ફોન : ૨૪૯૩૬૬૬૦ - ૨૪૯૩૬૬૬૯

વિ.સં. ૨૦૪૪	પ્રથમાવૃત્તિ ૩૦૦૦ નકલો
વિ.સં. ૨૦૪૫	દ્વિતીયાવૃત્તિ ૩૦૦૦ નકલો
વિ.સં. ૨૦૪૭	તૃતીયાવૃત્તિ ૩૦૦૦ નકલો
વિ.સં. ૨૦૫૦	ચતુર્થાવૃત્તિ ૫૦૦૦ નકલો
વિ.સં. ૨૦૫૨	પંચમાવૃત્તિ ૫૦૦૦ નકલો
વિ.સં. ૨૦૭૧	ષષ્ઠમાવૃત્તિ ૧૦૦૦ નકલો

મુદ્રક : જયંત પ્રિન્ટરી

૩૫૨/૫૪, ગિરગામ રોડ, ઠાકુરદ્વાર પોસ્ટ ઓફિસની બાજુમાં, મુરલીધર મંદિર કમ્પાઉન્ડ,
મુંબઈ-૪૦૦ ૦૦૨. ફોન : ૪૩૬૬ ૭૧૭૧

કિંમત રૂા. ૧૬૦

: પ્રાપ્તિ સ્થાનો :

મે. હરખચંદ એન્ડ કું.

એડવોકેટસ્ એન્ડ સોલિસીટર્સ

ત્રીજે માળે, યશવંત ચેમ્બર્સ, બરજોરજી ભરૂચા માર્ગ, ફોર્ટ, મુંબઈ-૪૦૦ ૦૦૧.
ઓફિસ : ફોન નં. ૨૨૬૭૨૧૦૭ - ૨૨૬૭૩૩૭૦ - ૨૨૬૭૪૧૫૨
મોબાઈલ : ૦૯૮૨૧૧૩૬૦૭૯

ડૉ. રતીલાલ એચ. વોરા / ડૉ. શાંતાબેન રતીલાલ વોરા

શાન્તી ક્લિનીક

ઈલોરા શોપિંગ સેન્ટરની સામે, દફ્તરી રોડ, મલાડ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૯૭.
ફોન : ૨૮૮૨૬૫૪૩ - ૨૮૮૩૪૧૯૩
મોબાઈલ : ૦૯૮૨૧૫૮૭૪૯૮

શ્રી નીતિન તલકશી હંસરાજ છેડા

૨જે માળે, ૩૧/૩૨, ગણેશ બાગ, જવાહરલાલ નહેરૂ રોડ, ભારત કો-ઑપરેટીવ બેંકની સામે,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૬૪૯૪ - મોબાઈલ : ૦૯૩૨૪૫૨૩૨૧


જૈના હૈયે શ્રી નવકાર....

''સાદર સમર્પણ''

અચિંત્ય ચિંતામણિ નવકાર મહામંત્રના
આરાધક/સાધક
પ્રભાવક/પ્રસારક
સ્મારક/અનુમોદક
વિવેચક/ચિંતક
એવા સર્વે
નવકારપ્રેમી
પવિત્રાત્માઓનાં
કરકમલોમાં
પ્રસ્તુત પુસ્તક
સાદર-સપ્રેમ
સમર્પણ કરતાં
અમો
અત્યંત આનંદ
અનુભવીએ છીએ.

▣

'સંપાદક'

જેના હૈયે શ્રી નવકાર...

સં. ૨૦૪૧ માં અમારું ચાતુર્માસ શ્રી સંભવનાથ ભગવાનની છત્રછાયામાં અચલગચ્છાધિપતિ પ. પૂ. ગુરૂદેવશ્રીની નિશ્રામાં મુંબઈ વડાલા અચલગચ્છ જૈન સંઘના નૂતન ઉપાશ્રયમાં થયું. ત્યારે ૯ દિવસમાં ૯ લાખ નવકાર મહામંત્રની સામુહિક આરાધના તથા ૧૩ અહોરાત્ર સુધી નવકાર મહામંત્રના અખંડ જાપ સાથે ૨૧ દિવસ સુધી **'જેના હૈયે શ્રી નવકાર, તેને કરશે શું સંસાર?** એ વિષય ઉપર પ્રવચન માળાનું આયોજન થયું. ત્યારે પ્રવચન માળામાં કેટલાક અર્વાચીન દૃષ્ટાંતો રજુ કર્યા, જે શ્રોતાઓને નવકાર મહામંત્ર પ્રત્યે ભારે અહોભાવ જગાડવાપૂર્વક મહામંત્રની વિધિપૂર્વક નિયમિત આરાધના માટે ખૂબ જ પ્રેરક પૂરવાર થયા. તેથી તે વખતે એવી વિચારણા સ્ફુરાયમાન થઈ કે આવા અનેક અર્વાચીન દૃષ્ટાંતો સંગ્રહિત કરીને પ્રકાશિત કરવામાં આવે તો અનેક આત્માઓને માટે ખૂબ જ ઉપકારક નીવડી શકે. લોકોત્તર એવા અચિંત્ય ચિંતામણિ નવકાર મહામંત્રને છોડીને અન્ય લૌકિક મંત્ર-તંત્રાદિ તરફથી આકર્ષાઈ રહેલા અનેક આત્માઓને પુનઃ નવકાર મહામંત્ર પ્રત્યે અનન્ય શ્રદ્ધા જગાડવામાં સહાયક બની શકે. નવકારના શાસ્ત્રીય દૃષ્ટાંતો ઉપર પણ શ્રદ્ધા ઉત્પન્ન થઈ શકે.

એ વિચારણા પરમોપકારી પૂ. ગુરુદેવશ્રી પાસે રજુ કરતાં તેઓશ્રીએ સહર્ષ સંમતિ આપી. પરિણામે તે વખતે ગુજરાતી તથા હિન્દી ભાષામાં છપાયેલ પરિપત્ર સકળ શ્રી જૈન સંઘના ચારે ફિરકાઓના પૂ સાધુ-સાધ્વી ભગવંતો તથા જિનાલયાદિ જાહેર સ્થાનો પર મોકલવામાં આવ્યા અને નવકાર મહામંત્ર દ્વારા પોતાને જે વિશિષ્ટ લાભ થયા હોય તે અંગે સ્વાનુભવ ગર્ભિત લેખ મંગાવવામાં આવ્યા.

જોતજોતામાં ઘણા લેખો એકત્રિત થયા. નવકાર અંગેના વિવિધ પુસ્તકોમાંથી પણ કેટલાક અર્વાચીન દૃષ્ટાંતો પ્રાપ્ત થયા.

આવા ઉત્તમ કાર્ય માટે હાર્દિક અનુમોદના તથા શુભેચ્છાઓના સેંકડો પત્રોએ ઉત્સાહમાં અભિવૃદ્ધિ કરી. તેથી એવી વિચારણા થઈ કે નવકાર અંગેના વિવિધ પુસ્તકોમાં જે અલગ અલગ વિશેષતાઓ છે, તે બધી સંકલિત કરીને એક જ દળદાર પુસ્તકમાં નીચે મુજબ ચાર વિભાગોમાં પ્રકાશિત કરવી.

૧. નવકાર મહિમા દર્શક પ્રાચીન (શાસ્ત્રીય) દૃષ્ટાંતો ૨. અર્વાચીન દૃષ્ટાંતો ૩. નવકાર મહિમા દર્શક વિશિષ્ટ લેખો ૪. મહામંત્રની આરાધના માટેની વિવિધ પદ્ધતિઓ અંગે માર્ગદર્શન કે જેથી એક જ પુસ્તક દ્વારા વાચકને નવકાર અંગે સાંગોપાંગ માર્ગદર્શન મળી રહે.

પણ ભવિતવ્યતાવશાત્ ઉપર મુજબ સંકલન થવામાં લગભગ ૨ વર્ષનો કાળક્ષેપ થઈ ગયો. ચારે બાજુથી ઉપરોક્ત પુસ્તકના પ્રકાશન અંગે પૂછપરછ થવા લાગી. જેથી છેવટે માત્ર અર્વાચીન દૃષ્ટાંતોનું સંકલન પ્રસ્તુત પુસ્તક રૂપે પ્રકાશિત થઈ રહ્યું છે. તે સાથે નવકાર અંગેના અન્ય પુસ્તકોનું સૂચિપત્ર પણ આમાં આપેલ છે. જેથી વિશેષ જિજ્ઞાસુ આત્માઓ પ્રસિદ્ધ જૈન પુસ્તક વિક્રેતાઓ પાસેથી કે જ્ઞાનભંડારોમાંથી તે તે પુસ્તકો મેળવીને વિશેષ માર્ગદર્શન મેળવીને મહામંત્રની આરાધના વિશિષ્ટ રીતે કરી શકે.

સં. ૨૦૪૨ માં નાલાસોપારામાં તથા ૨૦૪૩ માં ડોંબીવલીમાં આખા ચાતુર્માસ દરમ્યાન ચોવીસે કલાક ધૂપ-દીપ સાથે અખંડપણે તાલબદ્ધ રીતે નવકાર મહામંત્રના જાપ સાથે અનુક્રમે ૧૧ ક્રોડ તથા ૯ ક્રોડ નવકાર જાપની સામુહિક આરાધના

જેઓશ્રીની અસીમ કૃપાદૃષ્ટિથી પ્રસ્તુત પુસ્તકનું સર્જન થયું છે એવા....

૭૬ વર્ષની જેફ વયે પણ પ્રતિદિન પંચ પરમેષ્ઠી
ભગવંતોને ૧૦૮ વાર ખમાસમણ આપતા, અપ્રમત્ત કર્મયોગી,
શાસન સમ્રાટ, ભારત દિવાકર, તીર્થપ્રભાવક, તપોનિધિ,
અચલગચ્છાધિપતિ પ.પૂ. ગુરુદેવ આચાર્ય ભગવંત
શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ને પ્રતિક્ષણ અનંતશઃ વંદના
'સંપાદક'

થઈ. તે વખતે પણ દર રવિવારે નવકાર અંગેની જાહેર પ્રવચનમાળા દરમ્યાન આ પુસ્તકમાં રજુ થયેલ કેટલાક દષ્ટાંતોનું વિશ્લેષણ કરતાં શ્રોતાઓનાં મસ્તક નવકાર પ્રત્યે ભારે અહોભાવપૂર્વક ઝુકી જતા અને અનેક આત્માઓ નિયમિત રીતે વિધિપૂર્વક નવકાર મહામંત્રની આરાધનામાં જોડાયા.

અલબત્ત આ પુસ્તકમાં રજુ થયેલ દષ્ટાંતોમાં મોટે ભાગે નવકાર દ્વારા થયેલ બાહ્ય લાભોનો જ નિર્દેશ કરવામાં આવ્યો છે. કેટલાક વિશિષ્ટ સાધકોને અવનવા આંતરિક (આત્મિક) અનુભવો પણ થયા છે. પરંતુ તેવા સાધકો મોટે ભાગે ગુપ્ત રહેવાનું વધુ પસંદ કરે છે. જેથી તેવા આંતરિક અનુભવ ગર્ભિત લેખો પ્રાયઃ પ્રાપ્ત થઈ શક્યા નથી. તો પણ પ્રસ્તુત પુસ્તક વાંચતાં નવકાર પ્રેમી આત્માઓએ એટલું તો અવશ્ય ખ્યાલમાં રાખવાનું છે કે નવકાર મહામંત્રની આરાધના મુખ્યત્વે આ ભવમાં પાપવાસનાઓના નાશ દ્વારા આત્મસ્વરૂપનાં આંશિક અનુભવરૂપ સમ્યગ દર્શનની પ્રાપ્તિ દ્વારા પરલોકમાં શીઘ્ર મુક્તિ (સંપૂર્ણ આત્મરમણતા)ના લક્ષ્યથી જ કરવાની છે. નવકારથી પ્રાપ્ત થતા બાહ્ય-ભૌતિક લાભો તો થી માટે દહીં વલોવતાં આનુંસાગિક રૂપે પ્રાપ્ત થતી છાસની માફક કે અનાજ માટે ખેતી કરતાં (By product) આડ પેદાશ તરીકે પ્રાપ્ત થતા ઘાસની માફક ગૌણ છે. છતાં પ્રારંભિક કક્ષામાં બાળ જીવોને ચર્મચક્ષુથી જોઈ શકાય તેવા બાહ્ય લાભોના નિર્દેશ દ્વારા જ મહામંત્ર પ્રત્યે શ્રદ્ધા જગાડવાનું શક્ય હોવાથી પ્રસ્તુત પુસ્તકમાં તેવા દષ્ટાંતોને સ્થાન આપવામાં આવ્યું છે. તેની વિવેકી વાચકોએ નોંધ લેવા વિનંતી.

પ્રાપ્ત થયેલ અનેક લેખોમાંથી પોતાના અનુભવ ગર્ભિત લેખોને જ આમાં સ્થાન આપવામાં આવ્યું છે, તેથી જે અન્ય પ્રકારનાં લેખ પ્રકાશિત ન થઈ શક્યા હોય તેવા લેખ પ્રેષકોએ દરગુજર કરવી. કેટલાક અનુભવ તે તે વ્યક્તિને પોતાના માટે મહત્ત્વનાં લાગતાં હશે છતાં વાચકને કદાચ વિશેષ આકર્ષી ન પણ શકે, છતાં લેખ પ્રેષકના સંતોષ ખાતર તેવા કેટલાક લેખોને પણ આમાં સ્થાન આપવામાં આવ્યું છે.

દરેક પાનાં ઉપર આપેલા નવકાર સંબંધી દુહાઓ શ્રી પોપટલાલ વોરા લિખિત 'આરત એક અજવાસની' પુસ્તકમાંથી સાભાર ઉધ્ધૃત કરવામાં આવ્યા છે.

પ્રાંતે વિવેક પાઠકો હંસની માફક સાર ભાગ ગ્રહણ કરી નવકાર મહામંત્રની વિશિષ્ટ સાધના દ્વારા સમ્યગ્દર્શનના નિર્મળ પ્રકાશને પ્રાપ્ત કરી, શીઘ્ર મુક્તિને પ્રાપ્ત કરો એ જ શુભેચ્છા.

■ સંપાદક

શ્રી કસ્તૂર પ્રકાશન ટ્રસ્ટઃ ટ્રસ્ટી મંડળ

* શ્રી જગશીભાઈ જેઠાભાઈ

શ્રી વિસનજી સુંદરજી ગડા * ડૉ. રતીલાલ હીરજી વોરા

શ્રી હરખચંદ કુંવરજી (સોલીસીટર)

પાંચમી આવૃતિ વેળાએ

પ્રસ્તુત પુસ્તકની ૫ આવૃત્તિ દ્વારા કુલ ૧૯ હજાર જેટલી નકલો જોતજોતામાં ખપી ગઈ. છતાં ચારે બાજુથી આ પુસ્તકની પુષ્કળ માંગ ચાલુ જ હતી. જેથી દ્રઢી આવૃત્તિની એક હજાર નકલો પ્રગટ કરતાં અમો અત્યંત આનંદ અનુભવી રહ્યા છીએ.

પ્રસ્તુત પુસ્તકનો અંગ્રેજી અનુવાદ "Miracles of Mahamantra Navkar" પણ અમારા તરફથી પ્રકાશિત કરવામાં આવેલ છે. અંગ્રેજી માધ્યમથી ભણતા વિદ્યાર્થીઓ માટે તેમજ પરદેશમાં વસતા સાધર્મિકો માટે આ પુસ્તક ખૂબ ઉપયોગી થાય તેમ છે. તેથી સુજ્ઞ પાઠકોને વિનંતી કે અંગ્રેજી આવૃત્તિ ખલાસ થાય તે પહેલાં વેળાસર ખરીદી લઈ ને આપના સ્વજનોને પરદેશમાં મોકલી આપશો.

વધતી જતી મોંઘવારીને લીધે તથા બુકસેલરો વિગેરેને કમીશન આપવાનું હોઈ પુસ્તકની કિંમત ૧૬૦ રૂા. રાખવાની અમને ફરજ પડી છે.

પ્રસ્તુત પુસ્તકનું રીપ્રિન્ટ કરવામા **દિપાલી ગ્રાફિક્સ વાળા શ્રી પ્રવીણભાઈ તથા જેઠાલાલ કે. સાવલા ગામ બાડાવાલા** નો સુંદર સહયોગ સાંપડયો છે તે બદલ તેમને ધન્યવાદ. કવર પૃષ્ઠની ડીઝાઈન તથા પ્રીન્ટીંગ **વૈભવ એન્ટરપ્રાઈઝવાલા રાજુભાઈ મહેતા** એ કરાવી આપેલ છે તેથી તેમને પણ ધન્યવાદ.

પ્રેસદોષથી થયેલ ક્ષતિઓનું પરિમાર્જન કરીને વાંચન કરવા સુજ્ઞ પાઠકોને વિનંતિ.

પ્રસ્તુત પ્રકાશન દ્વારા વધુ ને વધુ જીવો નવકાર મહામંત્રની શ્રધ્ધાપૂર્વક સમ્યક્ આરાધના કરીને પંચ પરમેસ્ઠી પદમાં સ્થાન પામીને શીઘ્ર મુક્તિગામી બનો એ જ શુભાભિલાષા.

-પ્રકાશક



પ્રસ્તુત પુસ્તકમાં જેમનો સૌથી વધુ આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે. એવા ધર્મનિષ્ઠ, સંઘવી સુશ્રાવક

શ્રી કુંવરજી(બાબુલાલ) જેઠાભાઈ ગડા (બાડાવાલા)

જેમના ધર્મમય જીવનની અનુમોદનાર્થે "કસ્તૂર પ્રકાશન ટ્રસ્ટ" ની સ્થાપના કરવામાં આવી છે, એવા સુશ્રાવિકા

શ્રી કસ્તૂરબેન કુંવરજી ગડા (બાડાવાલા)

પ્રકાશકીય

અમારા પૂજ્ય માતુશ્રી કસ્તૂરબાઈ તથા પિતાશ્રી બાબુભાઈ ઉર્ફે કુંવરજી જેઠાભાઈ, જેમણે અમારામાં સુસંસ્કારોના બીજ રોપ્યા, ધર્મ પ્રત્યેની શ્રદ્ધા જગાવી, ધર્મમય જીવન જીવવાની પ્રેરણા આપી, તેમના અમારા ઉપર ખૂબ જ ઉપકારો છે. એ ઉપકારોનું ઋણ અદા કરવાના એક ભાગ-પગલા રૂપે ઘણા સમયથી અમારા હૈયામાં એવી ભાવના રહ્યા કરતી હતી કે સમ્યગ્જ્ઞાનના સુવ્યવસ્થિત રીતે પ્રકાશન/પ્રસારણ માટે એક પ્રકાશન ટ્રસ્ટની સ્થાપના કરવી. ને એ માટે એક પ્રકાશન ટ્રસ્ટને અમારા પૂજ્ય માતુશ્રીના નામથી જોડવું અને એના અન્વયે અલચગચ્છીય તમામ પૂજ્ય સાધુ, સાધ્વીજી ભગવંતો દ્વારા લિખિત-સંપાદિત પુસ્તકોનું પ્રકાશન તથા વ્યવસ્થિત વિતરણ કરવું.

અમારી આ ભાવના પરમોપકારી, શાસન સમ્રાટ, ભારત દિવાકર અચલગચ્છાધિપતિ પરમ પૂજ્ય ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રી ગુણસાગર-સૂરિશ્વરજી મ.સા. આગળ રજુ કરતા તેઓશ્રીની સાનંદ અનુમતિ તથા આશીર્વાદ સાંપડતા અમારા ઉત્સાહમાં અભિવૃદ્ધિ થઈ.

અને યોગાનુયોગે મંગલાચરણ તરીકે પરમ પૂજ્ય અચલગચ્છાધિપતિશ્રીનાં શિષ્યોપ્રશિષ્યો દ્વારા સંપાદિત નમસ્કાર મહામંત્રના અદ્‌ભૂત અર્વાચીન દૃષ્ટાંતોનાં સંગ્રહરૂપ પ્રસ્તુત પુસ્તક પ્રથમ પ્રકાશન તરીકે પ્રકાશિત કરવાનું સદ્‌ભાગ્ય સાંપડતા અમારા આનંદનો પાર નથી.

સદ્‌દવાંચનનો જીવન ઘડતરમાં ઘણો મોટો ફાળો હોય છે. એટલે જ એમ તત્ત્વચિંતકે કહ્યું છે કે 'તમે કેવા પુસ્તકો વાંચો છો તથા કેવા મિત્રો સાથે સોબત રાખો છો એટલું જ કહો તો હું તમારું જીવન ચારિત્ર કહી દઉં!'

આજના જમાનામાં 'બ્લુ બુક્સ' વિગેરે અશ્લીલ સાહિત્યની લાખો નકલોએ યુવા માનસને અત્યંત વિકૃત બનાવી મૂક્યું છે. ત્યારે આવું સંસ્કાર પોષક સાત્ત્વિક વધુને વધુ પ્રકાશિત થતા પ્રસારિત થાય એ અત્યંત જરૂરી છે.

આશા છે કે પૂજ્યોની કૃપાથી તથા આપ સહુના સાથ સહકારથી અમારી આ શુભ ભાવના સુંદર રીતે પાર પડશે.

લિ. શ્રી કસ્તૂર પ્રકાશન ટ્રસ્ટ વતી
સોલીસીટર હરખચંદ કુંવરજી જેઠાભાઈ (ટ્રસ્ટી)
બાડાવાલાનાં જયજિનેન્દ્ર.

અનુક્રમણિકા

વિષય	લેખક	પા.નં.
શ્રી નમસ્કાર મહામંત્ર ગર્ભિત શાસ્ત્રીય શ્લોકાર્થો		૧
શ્રી લઘુ નમસ્કાર ફલ સ્તોત્રનાં અર્થ		૨
શ્રી વૃદ્ધ નમસ્કાર ફલ સ્તોત્રનાં અર્થ		૪
શ્રી ઉપદેશ તરંગિણી શ્લોકાર્થ		૯
શ્રી નમસ્કાર ભાવના		
શ્રી નમસ્કાર મહામંત્રના જાપ અંગે જરૂરી માહિતી		૧૧
નવકાર મહામંત્રની શુદ્ધ જોડણી તથા શુદ્ધ ઉચ્ચાર		૧૫
નવકાર જાપમાં એકાગ્રતા લાવવા માટેના વિવિધ ઉપાયો		૧૭
શ્રી પંચપરમેષ્ઠીના ૧૦૮ ગુણો		૨૧
પ્રશ્નોત્તરી		૨૬
અચિંતચિંતામણિ નવકાર	પૂ. મુનિશ્રી અમરેન્દ્રવિજયજી મ.	૨૮
ને ઝિલમિલાતો જીવનદીપ ઝળકી ઊઠ્યો !	ડૉ. સુરેશભાઈ ઝવેરી	૪૦
મોહનભાઈના મનમોહક અનુભવો	મોહનલાલ ધનજી ફુરિઆ	૫૮
નમસ્કાર એ જ ચમત્કાર	પૂ. આ. શ્રી. વિજય	૬૨
ઔષધો જ્યાં હારે છે, આસ્થા	પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મ.સા.	૬૩
ત્યાં વિજયી બને છે...		
ચંબલની ખતરનાક ખીણોમાં ૧૩ દિવસ	,,	૬૬
રિવોલ્વર જ્યારે રમકડું બને છે	,,	૭૫
જ્યારે મહામંત્ર રક્ષક બને છે	,,	૭૭
શ્રદ્ધા અને મંત્રની તાકાત	,,	૮૫
વૈર વિસર્જક મૈત્રી સર્જક	શ્રી કાંતિલાલભાઈ પારેખ	૮૮
શ્રી નવકાર	(કિરણભાઈ)	
વનસ્પતિ પર નવકારનો પ્રયોગ	પૂ. પં. શ્રી હેમરત્નવિજયજી મ.	૯૩
પઠાણના ભૂત પર નવકારનો પ્રભાવ	પૂ. ગણિવર્યશ્રી મહોદયસાગરજી મ.સા.	૯૪
જીવનસાથી નવકારને નહિ જ છોડું	સા. શ્રી ચારૂધર્માશ્રીજી	૯૬
દૈવી ઉપસર્ગમાં અડગતા	,,	૯૬
સમવસરણનાં દર્શન થયાં	,,	૯૬
દેહભાન ભૂલાઈ ગયું	,,	૯૭
નમસ્કાર ત્યાં ચમત્કાર	વિધિકાર શ્રી નરેન્દ્રભાઈ નંદુ	૯૮
બાવાજીનું વશીકરણ નિષ્ફળ	,,	૯૮
નવકારે જીવન બક્ષ્યું	,,	૯૯

મેલી વિદ્યા નિષ્ફળ થઈ	વિધિકાર શ્રી નરેન્દ્રભાઈ નંદુ	૧૦૦
નવકાર મંત્રે ઉગાર્યા	એમ. એસ. પાટડિયા	૧૦૧
તિર્યંચનો તારણહાર નવકાર	દ્રૌપદીબેન એમ. શાહ	૧૦૬
યમદૂત ખાલી હાથે પાછા ફર્યા	શ્રી કાંતિલાલ ખીમચંદ શાહ	૧૦૭
'હવે તું નવકારનો ક્રોડપતિ થા!'	હસમુખભાઈ સી. શાહ	૧૧૦
પં. અભયસાગરજી મ. નાં અજબ અનુભવો	પૂ. ગણિવર્ય શ્રી મહાયશ સાગરજી મ.	૧૧૨
નવકારમંત્રનો અજબ પ્રભાવ	પૂ. આ. શ્રી વિજય કીર્તિચંદ્ર-સૂરીશ્વરજી મ.	૧૧૪
માનવ જેથી દેવ બને છે	,,	૧૧૬
આ તો અમારાં છોકરાં ય જાણે છે!	,,	૧૧૭
પારસીભાઈનો પ્રેરક પત્ર	,,	૧૧૯
નરેન્દ્રને નવકાર ફળ્યો	,,	૧૨૦
ધનજીભાઈ ધન્ય બન્યા	,,	૧૨૦
સાપ પણ સાનુકૂળ બન્યો	,,	૧૨૧
નવ જીવન આપનાર નવકાર	'વિજયભદ્ર'	૧૨૨
જંગલમાં મંગલ	રસિકલાલ સી. પારેખ	૧૨૩
ઘોડીની ગુલામી ગઈ	'શ્રી મુનીન્દ્ર'	૧૨૬
ધરતીકંપમાં નિષ્કંપતા આપે શ્રી નવકાર	,,	૧૨૬
આનંદના ઓઘ ઉમટયા	,,	૧૨૭
પૂરના પાણી ઓસરી ગયાં	,,	૧૨૭
બેહોશીમાં પણ શ્રી નવકાર જાપ	,,	૧૨૮
મહાપ્રતાપી શ્રી નવકાર	પૂ.આ. શ્રી વિજય અરિહંતસિદ્ધ સૂરીશ્વરજી મ.સા.	૧૨૮
તનના રોગોનો હણનાર શ્રી નવકાર	,,	૧૨૮
દૈવી આપત્તિ હરનાર શ્રી નવકાર	,,	૧૨૯
વિષમ વિષહર શ્રી નવકાર	,,	૧૨૯
ઉપસર્ગ રક્ષક શ્રી નવકાર	,,	૧૨૯
શ્રી નમસ્કાર મહામંત્રનો પ્રભાવ	પૂ.પં. શ્રી અભયસાગરજી મ.સા.	૧૩૦
શ્રી નવકાર મંત્રની શ્રદ્ધાનો ચમત્કાર	,,	૧૩૪
શ્રી નમસ્કાર મહામંત્રનો પ્રતાપ	,,	૧૩૫
શ્રી નમસ્કાર મહામંત્રનું તેજ	,,	૧૩૬
કમળીનું કારમું કષ્ટ ટળ્યું!	અ.સૌ. પાનબાઈ રાયશી હરશી	૧૩૮

મંત્ર નાનો મહિમા મોટો	અનિલ કેશવજી દેઢીઆ	૧૪૦
નવકારે શિયળ બચાવ્યું	પૂ. મુનિશ્રી અપૂર્વરત્નસાગરજી મ. તથા પૂ. મુનિશ્રી મુક્તિરત્નસા. મ.	૧૪૨
નવકારે માલ બચાવ્યો	,,	૧૪૩
જાદુ ઉપર જાદુ	પૂ. મુનિશ્રી અપૂર્વરત્નસાગરજી મ.સા.	૧૪૪
અજબ કરિશ્મા નવકાર કા	તથા પૂ. મુનિશ્રી મુક્તિરત્ન સા.મ.	૧૪૫
અકસ્માતમાંથી ઉગાર્યા	,,	૧૪૬
અમેરિકામાં અજાયબી	,,	૧૪૭
જાદુગર કે. લાલનાં અનુભવો	'રખેવાળ' દૈનિક	૧૪૯
સમાધિ મરણની ચાવી – શ્રી નવકાર	કાંતિલાલભાઈ કરમશી વિજપાર	૧૫૦
મહામંત્રનો મહિમા	પ્રો. કે. ડી. પરમાર	૧૫૨
ભૂતનો ભય ભાગી ગયો	પૂ.આ. શ્રી વિજય વારિષેણ સૂરીશ્વરજી મ.	૧૫૫
વરસાદનું વિઘ્ન ટળ્યું	,,	૧૫૫
મુસલમાન નવકાર ગણે છે	,,	૧૫૫
અકસ્માતમાંથી ઉગરી ગયા	,,	૧૫૫
ભૂતનો ભય દૂર થયો	,,	૧૫૫
આગ ઠરી ગઈ	,,	૧૫૬
કેન્સર કેન્સલ થયું	,,	૧૫૬
સવા લાખ નવકારથી સારું થયું	,,	૧૫૬
ડાકુ ડરી ગયા	,,	૧૫૬
કાર કમાલ બચી	,,	૧૫૭
જુલમખોરો ઝુકી ગયા	હસમુખભાઈ કપાસી	૧૫૭
ગેબી માર ગાયબ થઈ ગયો!	પૂ. આ. શ્રી ઈન્દ્રદિન્નસૂરિજી મ.	૧૫૮
નવકાર અને હું	સા. શ્રી પદ્મયશાશ્રીજી	૧૫૯
નવકાર મારો બેલી છે	પુષ્પાવતીબેન સી. શાહ	૧૬૧
ચોરાયેલી આંગી પાછી મળી	પૂ. મુનિશ્રી જિનચંદ્રવિજયજી મ.	૧૬૨
એ પથદર્શક કોણ હશે?	સા. શ્રી નેમશ્રીજી	૧૬૫
અને જીભમાં અમી પાછું આવી ગયું	સા. શ્રી મીનાકુમારીજી	૧૬૬
નવકારથી મંત્રિત રજોહરણનો ચમત્કાર	બાબુલાલ એ. શેઠ	૧૬૭
અભયદાતા શ્રી નવકાર	,,	૧૬૭
માળા સોનેરી થઈ, સુગંધથી મહેકી ઊઠી	સા. શ્રી સુનંદાબાઈ મહાસતીજી	૧૬૮

અન્યાયી લેખનો અંત આવ્યો	સ્વ. શ્રી સુનંદાબાઈ મહાસતીજી	૧૬૯
સાપનું ઝેર ઊતરી ગયું	'સંદેશ-સાપ્તાહિક'માંથી...	૧૭૦
ચિંતા ચૂરણહાર નવકાર	રંજનબેન આણંદજી ગડા	૧૭૨
અનિષ્ટોને અટકાવનાર મહામંત્ર નવકાર	વૈદ્યરાજ કાંતિલાલ દેવચંદ શાહ	૧૭૩
ગળાની ગાંઠ ગાયબ થઈ	પૂ. મુનિ શ્રી અમીચંદજી મહારાજ	૧૭૫
જલોદર જબ્બે થયું	પૂ. મુનિ શ્રી અમીચંદજી મહારાજ	૧૭૫
કૂતરાએ પ્રતિક્રમણ (પીછેહઠ) કર્યું !	,,	૧૭૫
પીરની નડતર દૂર થઈ	,,	૧૭૫
નાસૂર નાસી ગયો	,,	૧૭૬
જંગલમાં મંગલ થયું	,,	૧૭૬
જીવનદાતા શ્રી નવકાર	શ્રી ઠાકરશી માણેકજી શાહ	૧૭૬
સાગર શાંત થયો	શ્રી પદમશી ખીમજી છેડા	૧૭૮
ચકલીને જીવાડનાર નવકાર	શ્રી જિતેન્દ્ર નાનજી છેડા	૧૭૯
મહામંત્રનો અનેરો પ્રભાવ	સા. શ્રી જ્યોતિપ્રભાશ્રીજી	૧૮૦
નમસ્કાર સમો મંત્રો, ન ભૂતો ન ભવિષ્યતિ	શ્રી દેવજીભાઈ દામજી ખોના	૧૮૧
ભવજલ પાર ઉતારે	શ્રી ખુશાલચંદભાઈ ખેતશી	૧૮૨
અંધેરે મેં એક પ્રકાશ	સા. શ્રી અમૃતશ્રીજી	૧૮૩
નવકાર મારો બેલી છે	દમયંતીબેન પ્રેમચંદ કાપડીયા	૧૮૪
ગાંડાપણ જતું રહ્યું	પૂ. શ્રી રાજેન્દ્ર મુનિ	૧૮૫
લાકડું જરા પણ ખસ્યું નહિ	પૂ. પ્રધાન વિજયજી મ. સા.	૧૮૬
એનો મહિમા અપરંપાર	હમીરમલ કે. શાહ	૧૮૭
નવકાર પાસે... મોત નાસે	જયંતિલાલ હીમજીભાઈ ગાંધી	૧૮૮
સમરો દિવસ ને રાત	ભવાનજીભાઈ મુરજી ભેજાણી	૧૮૯
વિઘ્ન વિનાશક શ્રી નવકાર	સુસાધ્વી શ્રી ચંદ્રપ્રભાશ્રીજી	૧૯૦
જીવન રક્ષક-વિઘ્ન વિનાશક શ્રી નવકાર	શાંતિલાલ દલીચંદ વસા	૧૯૧
આંતરિક અનુભવના ઓડકાર	સંગ્રાહક : સંપાદક	૧૯૩
નવકાર મહામંત્રનો પ્રભાવ	પૂ.સા. શ્રી. હરખશ્રીજી મ.સા.	૧૯૪
શીલ રક્ષક શ્રી નવકાર	શશિકાંતભાઈ કે. મહેતા	૧૯૬
ખુલ્લી કિતાબ પરીક્ષા		૨૦૦
શ્રી સરંપચ લાલુભા વાઘેલાનાં અનુભવો		૨૦૪
શ્રી મંત્રાધિરાજ મહામંત્ર શ્રી નવકારનું તેજ	બીજલ શાહ	૨૦૭
વિઘ્નહર્તા - માર્ગદર્શક શ્રી નવકાર મહામંત્ર	મોદી સુભાષચંદ્ર શામળદાસ	૨૦૮
જેના હૈયે શ્રી નવકાર, તેને કેમ ગમે સંસાર ?	પૂ.આ.દે.શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરિશ્વરજી મહારાજ	૨૧૧

हिन्दी विभाग

नवकार महामंत्रके प्रभावसे	पू. मुनिश्री नरेन्द्रविजयजी 'नवल'	१
सांप भी शांत हो जाता है	पू. प्रेममुनिजी म.	४
महामन्त्रकी महिमा	पू. उदयचन्द्रजी म.	५
महामन्त्रसे मैंने पाया	पू. गौतममुनिजी 'प्रथम'	७
नेत्र ज्योतिदाता महामन्त्र	,,	८
श्रध्धासे नत होता मस्तक	सा. श्री चाँदकुंवरजी म.सा.	९
नवकारसे संकट पार	सा. श्री सुमनप्रभाजी 'सुधा'	१०
भयभंजक नवकार	पू. गणिवर्य श्री जयन्त विजयजी म.	११
विष अमृत हो जाय	श्री रतनलाल सिंधी	१३
नवजीवनदाता नवकारमन्त्र	श्री तेजमलजी जैन	१४
नासूर नष्ट हुआ	श्री हरिराम प्रजापत	१५
कबूतर और नवकार	सा. श्री अर्चनाजी	१६
पागलपन पलायन हुआ	मुनिश्री जसकरणजी म.	१६
श्री नवकार महामंत्र संबंधी साहित्य	संपादक	१७

શ્રી નમસ્કાર મહામંત્ર મહિમા

ગર્ભિત શાસ્ત્રીય શ્લોકાર્થો

मन्त्रं संसारसारं, त्रिजगदनुपमं, सर्वपापारिमन्त्रं,
संसारोच्छेदमन्त्रं, विषमविषहरं, कर्मनिर्मूलमन्त्रम्।
मन्त्रं सिद्धिप्रदानं, शिवसुखजननं, केवलज्ञानमन्त्रं,
मन्त्रं नमस्कार-मन्त्रं, जप जप जपितं, जन्मनिर्वाणमन्त्रम्॥

[મહામંત્ર શ્રી નવકાર એ સંસારમાં સારભૂત મંત્ર છે, ત્રણ જગતમાં અનુપમ છે, સર્વ પાપોને નાશ કરનાર છે, સંસારનો ઉચ્છેદ કરનાર છે, વિષમ પ્રકારના વિષને હરનાર છે, કર્મને નિર્મૂલ કરાવનાર છે, સિદ્ધિને પ્રાપ્ત કરાવનાર છે. શિવસુખનું કારણ છે. કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરાવનાર છે. આવા પ્રકારના અદ્‌ભુત સામર્થ્યવાળા પરમેષ્ઠિ મંત્રને હે ભવ્યો! તમો વારંવાર જપો. જાપ કરાયેલો આ નમસ્કાર મહામંત્ર જન્મ-મરણની જંજાળમાંથી જીવોને છોડાવનાર છે.]

નમસ્કાર અરિહંતને, વાસિત જેહનું ચિત્ત,
ધન્ય તેહ કૃતપુણ્ય તે, જીવિત તાસ પવિત્ત.
આર્તધ્યાન તસ નવિ હુએ, નવિ હુએ દુર્ગતિવાસ,
ભવક્ષય કરતાં રે સમરતાં, લહીએ સુકૃત અભ્યાસ.

૧ — હું ધન્ય છું કે મને અનાદિ અનંત ભવસમુદ્રમાં અચિન્ત્ય ચિંતામણિ એવો પંચ પરમેષ્ઠિઓનો નમસ્કાર પ્રાપ્ત થયો.

૨ — નવકાર એ જિનશાસનનો સાર છે, ચઉદ પૂર્વનો સમ્યગ્ ઉદ્ધાર છે. નવકાર જેના મનને વિષે સ્થિર છે તેને સંસાર શું કરે? અર્થાત્ કાંઈ પણ કરવા સમર્થ નથી.

૩ — નવકાર એ સર્વ શ્રેયોમાં પરમ શ્રેય છે, સર્વ માંગલિકને વિષે પરમ માંગલિક છે, સર્વ પુણ્યોને વિષે પરમ પુણ્ય છે અને સર્વ ફળોને વિષે પરમ રમ્ય ફળ છે.

૪ — પંચ નવકાર ચિંતવવા માત્રથી પણ જલ અને અગ્નિને થંભાવી દે છે. તથા અરિ, મારિ, ચોર અને રાજા–સંબંધી ઘોર ઉપસર્ગોનો સંપૂર્ણપણે નાશ કરે છે.

૫ — શ્રી નમસ્કાર મહામંત્ર દુઃખને હરે છે, સુખને કરે છે, યશને ઉત્પન્ન કરે છે, ભવસમુદ્રને શોષવે છે, તથા આ નમસ્કાર આ લોક અને પરલોકનાં સઘળાં સુખોનું મૂળ છે.

૬ — શ્રી નવકારમંત્રનો એક અક્ષર સાત સાગરોપમનું પાપ નાશ કરે છે, શ્રી નવકારમંત્રના એક પદ વડે પચાસ સાગરોપમનું પાપ નાશ પામે છે અને સમગ્ર નવકાર વડે પાંચસો સાગરોપમનું પાપ નાશ પામે છે.

૭ — જે એક લાખ વાર નવકારને વિધિપૂર્વક ગણે છે; તે તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરે છે. તેમાં જરા પણ સંદેહ નથી.

૮ — પ્રકૃષ્ટ ભાવથી પરમેષ્ઠિઓનો કરેલો એક પણ નમસ્કાર, પવન જેમ જલને શોષવી નાખે, તેમ સકલ કલેશજાળને છેદી નાખે છે.

૯ — અંત સમયે જેના દશ પ્રાણો પંચ નમસ્કારની સાથે જાય છે, તે મોક્ષને ન પામે તો પણ વૈમાનિક અવશ્ય થાય છે.

૧૦ — જે કોઈ મોક્ષે ગયા છે અને જે કોઈ કર્મ મલથી રહિત બનીને મોક્ષે જાય છે, તે સર્વ પણ શ્રી જિનનવકારના જ પ્રભાવે છે, એમ જાણો.

૧૧ — પરમ મંત્રરૂપ આ નવકાર મંગલનું ઘર છે, તે સંસારનો વિલય કરનાર છે; સકલ સંઘને

સુખ ઉપજાવનાર છે, ચિંતવવા માત્રથી સુખને દેનારો થાય છે.

૧૨—પ્રણવ એટલે ૐકાર, માયા એટલે હ્રીંકાર અને અર્હં જે પ્રભાવશાળી મંત્રબીજો છે, તે સર્વનું મૂળ એક પ્રવર નવકારમંત્ર છે. અર્થાત્ ૐહ્રીં અર્હં વગેરે મંત્રબીજોના મૂળમાં શ્રી નવકારમંત્ર રહેલો છે.

૧૩—ચિત્તથી ચિંતવેલું, વચનથી પ્રાર્થેલું અને કાયાથી પ્રારંભેલું કાર્ય ત્યાં સુધી જ સિદ્ધ થતું નથી, કે જ્યાં સુધી શ્રીપંચપરમેષ્ઠિ–નમસ્કારને સ્મરવામાં નથી આવ્યો.

૧૪—ભોજન સમયે, શયન સમયે, જાગવાના સમયે, પ્રવેશ સમયે, ભય વખતે, કષ્ટ વખતે, એમ સર્વ સમયે ખરેખર! પંચ–નમસ્કારને સ્મરવો જોઈએ.

૧૫—જે કાંઈ પરમતત્ત્વ છે અને જે કાંઈ પરમપદનું કારણ છે, તેમાં પણ તે નવકાર જ પરમયોગીઓ વડે વિચારાય છે.

૧૬—યોગી પુરુષો આ જ નવકારમંત્રનું સમ્યગ્ રીતિએ આરાધન કરીને પરમ લક્ષ્મીને પામી ત્રણે લોક વડે પૂજાય છે.

૧૭—હજારો પાપોને કરનારા તથા સેંકડો જંતુઓને હણનાર તિર્યંચો પણ આ મંત્રની સારી રીતિઓ આરાધના કરીને સ્વર્ગને પામ્યા છે.

૧૮—અહો! આ જગતમાં પંચ નમસ્કાર કોઈ વિશિષ્ટ ઉદાર છે, કે જે પોતે આઠ જ સંપદાને ધારણ કરે છે, છતાં સત્પુરુષોને તે અનંત સંપદાને આપે છે.

૨૦—તું મારે ઉત્કૃષ્ટ માતા છે, પિતા છે, નેતા છે, દેવ છે, સત્ત્વ છે, તત્ત્વ છે, મતિ છે અને ગતિ છે.

શ્રી લઘુ નમસ્કાર ફલ સ્તોત્રના અર્થ

–ઘનઘાતી કર્મથી મુક્ત અરિહંતો, સર્વ સિદ્ધો, પ્રવર આચાર્યો, ઉપાધ્યાયો તથા સર્વ સાધુઓ–શ્રેષ્ઠ–લક્ષણને ધારણ કરનારા એ પાંચેય પરમેષ્ઠિઓને કરેલો નમસ્કાર સંસારમાં ભટકતા ભવ્ય જીવોને પરમ શરણરૂપ છે. ૧–૨

–ઊર્ધ્વલોક, અધોલોક અને તિર્યગ્લોકમાં શ્રી જિન નવકાર પ્રધાન છે તથા સમસ્ત ભુવનમાં નરસુખ, સુરસુખ અને શિવસુખોનું પરમ કારણ છે. ૩

–તે કારણ સૂતાં અને ઊઠતાં આ નવકારને અનવરત સતત ગણવો જોઈએ. ભવ્ય લોકોને તે નિશ્ચયે દુઃખને દળનારો તથા સુખને ઉત્પન્ન કરનારો થાય છે. ૪

–જન્મતી વખતે તે ગણવામાં આવે તો જન્મ પામ્યા બાદ ઋદ્ધિને આપનારો થાય છે અને અવસાન વખતે તે ગણવામાં આવે તો મરણ થયા બાદ સુગતિને આપનારો થાય છે. ૫

–આપત્તિ વખતે તેને ગણવામાં આવે તો સેંકડો આપત્તિઓનું ઉલ્લંઘન થાય છે અને ઋદ્ધિની વખતે તેને ગણવામાં આવે તો તે ઋદ્ધિ વિસ્તારને પામે છે. ૬

–આ નવકારને શ્વાસની જેમ કંઠને વિષે જે સ્થાપન કરે છે, તે દેવતાઓ હોય તો નવલક્ષ્મીને પામે છે તથા નરવરેન્દ્રો હોય તો વિદ્યાધરના તેજને પ્રાપ્ત કરે છે. ૭

–સર્પથી કરડાયેલાના વિષનો જેમ ગારુડમંત્ર નાશ કરે છે તેમ નવકાર મહામંત્ર સમગ્ર પાપરૂપી વિષનો નાશ કરે છે. ૮

'પંચ પરમેષ્ઠિ ધ્યાનથી આત્મ રિદ્ધિ પામંત સિદ્ધિ કરીને સાધ્યની કરતા ભવનો અંત.'–૧

—શું આ નવકાર એ મહારત્ન છે? અથવા ચિંતામણિ સમાન છે? કે કલ્પવૃક્ષ સમાન છે? નહિ, નહિ, એ તો તેનાથી પણ અધિકતર છે. ચિંતામણિરત્ન વગેરે અને કલ્પતરુ એ તો માત્ર એક જન્મમાં સુખનાં કારણ છે, જ્યારે શ્રેષ્ઠ એવો નવકાર તો સ્વર્ગાપવર્ગને આપનારો છે. ૯—૧૦

—જે કાંઈ પરમતત્ત્વ છે અને જે કાંઈ પરમ પદનું કારણ છે, તેમાં પણ આ નવકાર જ પરમ-યોગીઓ વડે વિચારાય છે. ૧૧

—જે એક લાખ નવકારને ગણે અને શ્રી જિનેશ્વર દેવને વિધિપૂર્વક પૂજે, તે શ્રી તીર્થ કરનામગોત્રને બાંધે એમાં સંદેહ નથી. ૧૨

—પાંચ મહાવિદેહની પ્રવર ૧૬૦ વિજયો, કે જ્યાં શાશ્વતકાળ છે, ત્યાં પણ આ જિન-નવકાર નિરંતર ભણાય છે. ૧૩

—પાંચ ઐરવત અને પાંચ ભરતમાં પણ શાશ્વત સુખને દેનાર આજ નવકાર ગણાય છે. ૧૪

—મરતી વખતે જે કૃતાર્થ પુરુષે આ નવકાર પ્રાપ્ત કર્યો તે દેવલોકને વિષે જાય છે અને પરમપદને પણ પામે છે. ૧૫

—આ કાળ અનાદિ છે, આ જીવ અનાદિ છે અને આ જિન ધર્મ પણ અનાદિ છે. જ્યારથી એ છે ત્યારથી નવકાર ભવ્ય જીવો વડે ભણાય છે. ૧૬

—જે કોઈ મોક્ષે ગયા છે અને જે કોઈ કર્મ મલથી રહિત બનીને મોક્ષે જાય છે, તે સર્વે પણ જિન-નવકારના જ પ્રભાવે છે, એમ જાણો. ૧૭

—નવકારના પ્રભાવથી ડાકિની, વેતાલ, રાક્ષસ અને મારિ વગેરેનો ભય કાંઈ કરી શકતો નથી તથા સકલ પાપો દુરિતો નાશ પામે છે. ૧૮

—શ્રી જિન-નવકારના પ્રભાવથી વ્યાધિ, જલ, અગ્નિ, ચોર, સિંહ, હાથ, સંગ્રામ, સર્પ આદિના ભયો તત્ક્ષણ નાશ પામે છે. ૧૯

—આ નવકાર સુર, સિદ્ધ, ખેચર વગેરે વડે ભણાયો છે. તેને જે કોઈ ભક્તિયુક્ત બનીને ભણે છે, તે પરમ નિર્વાણને પામે છે. ૨૦

—અટવી, પર્વત, અરણ્યના મધ્યમાં સ્મરણ કરાયેલો આ નવકાર ભયને નાશ કરે છે અને માતા જેમ પુત્રદોહિત્રોનું રક્ષણ કરે છે, તેમ સેંકડો ભવ્યોનું રક્ષણ કરે છે. ૨૧

—પંચ નવકાર ચિંતવવા માત્રથી પણ જલ અને અગ્નિને થંભાવી દે છે તથા અરિ, મારિ, ચોર અને રાજાઓના ઘોર ઉપસર્ગોનો નાશ કરે છે. ૨૨

—જેઓની હૃદયરૂપી ગુફામાં નવકારરૂપી કેસરી સિંહ નિરંતર રહેલો છે, તેઓના આઠ કર્મની ગાંઠરૂપી હાથીના સમૂહ સમસ્ત પ્રકારે નાશ પામેલા છે. ૨૩

—પંચ નમસ્કારરૂપી સારથીથી નિયુક્ત અને જ્ઞાનરૂપી ઘોડાથી જોડાયેલો તપ, સંયમ અને દાનરૂપી રથ પ્રગટપણે પરમ નિર્વાણને વિષે લઈ જાય છે. ૨૪

—જે જિન શાસનનો સાર છે, ચતુર્દશ પૂર્વાનો સમ્યગ્ ઉદ્ધાર છે, તે નવકાર જેના મનને વિષે સ્થિર છે, તેને સંસાર શું કરે? અર્થાત્ કાંઈ પણ કરવા સમર્થ નથી. ૨૫

'અનુભવગંગા સમો મહામંત્ર નવકાર નિરંતર વહેતો કરો, નિજ હૃદય મોઝાર.'—૨

શ્રી વૃદ્ધ નમસ્કાર ફલ સ્તોત્રના અર્થ

હે ભદ્ર! અત્યંત ભયંકર એવા ભાવશત્રુના સમુદાય ઉપર વિજય મેળવનાર અરિહંતોને, કર્મમલથી અત્યંત શુદ્ધ થયેલા સિદ્ધ ભગવંતોને, આચારને પાળનારા આચાર્ય ભગવંતોને, ભાવસૂત્ર-દાયી ઉપાધ્યાય ભગવંતોને તથા શિવસુખના સાધક સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર કરવાને નિરંતર ઉદ્યુક્ત થા, અર્થાત્ સિદ્ધિસુખના સાધનભૂત એવા તે નમસ્કાર પ્રત્યે સમાહિત–અંતઃકરણ-વાળો બનીને તથા કુવિકલ્પોનો ત્યાગ કરીને પરમ આદરવાળો થા. ૨-૩-૪

કારણ કે–આ નમસ્કાર સંસાર–સમરાંગણમાં પડેલા આત્માઓને અસંખ્ય દુઃખોના ક્ષયનું કારણ છે તથા શિવપંથનો પરમ હેતુ છે. ૫

વળી તે કલ્યાણ-કલ્પતરુનું અવન્ધ્ય બીજ છે, સંસારરૂપી હિમગિરિના શિખરોને ઓગાળવા માટે પ્રચંડ સૂર્યતુલ્ય છે, પાપ ભુજંગોને વશ કરવા માટે ગરુડ પક્ષી છે, દરિદ્રતાના કંદને મૂળથી ઉખેડી નાખવા માટે વરાહ-સૂઅરની દાઢા છે, સમ્યક્ત્વ રત્નને પ્રથમ ઉત્પન્ન થવા માટે રોહાણાચલની ધરણી છે, સુગતિના આયુષ્યબંધરૂપી વૃક્ષનો પુષ્પોદ્ગમ છે અને વિશુદ્ધ એવા સદ્ધર્મની નિર્વિઘ્ન સિદ્ધિનું-નિર્મળ પ્રાપ્તિનું ચિહ્ન છે. ૬-૭-૮

વળી જ્યારે વિધિવિહિત સર્વ આરાધનાના પ્રકાર વડે કામિતફલ સંપાદન કરવા માટે પ્રધાન મંત્ર તુલ્ય નવકારનો પ્રભવ થાય છે, ત્યારે શત્રુ પણ મિત્ર બની જાય છે, તાલપુટ વિષ પણ અમૃત બની જાય છે અને ભયંકર અટવી ચિત્તને આનંદ આપનાર વાસભવન જેવી બની જાય છે. ૯-૧૦

ચોરો પણ રક્ષણપણાને પામે છે, ગ્રહો અનુગ્રહ કરવાવાળા થાય છે અને અપશુકન પ્ણ શુભ શુકનથી સાધ્ય ફળને આપનારા બની જાય છે. ૧૧

જનનીઓની માફક ડાકિણીઓ પણ થોડી પણ પીડાને કરતી નથી, તેમજ મંત્ર, તંત્ર અને યંત્રના પ્રકારો પણ રૂંધાઈ જાય છે. અર્થાત્ કાંઈ કરી શકતા નથી. ૧૨

પંચ નમસ્કારના સામર્થ્યથી અગ્નિ કમલના પુંજ જેવો, સિંહ શિયાળ જેવો અને વનહસ્તી મૃગના બચ્ચા જેવો બની જાય છે. ૧૩

એ કારણે આ નવકાર સુર, ખેચર, વગેરે વડે બેસતાં, ઊઠતાં, સ્ખલતાં પામતાં કે પડતાં પરમ ભક્તિપૂર્વક સ્મરણ કરાય છે. ૧૪

વળી શ્રદ્ધારૂપી દિવેટ અને બહુમાનરૂપી છે તેલ જેમાં તથા મિથ્યાત્વરૂપી તિમિરને હરનારો એવો આ નવકારરૂપી શ્રેષ્ઠ દીપક ધન્ય પુરુષોના મનરૂપી ભવનને વિષે શોભે છે. ૧૫

જેઓના મનરૂપી વનનિકુંજમાં નવકારરૂપી કેસરી કિશોરસિંહનું બચ્ચું રમે છે, તેઓને અનિષ્ટરૂપી હાથીઓના ટોળાનો સંયોગ થતો નથી. ૧૬

નિબિડ બેડીઓની ઘટના છે જેમાં તેવું કેદખાનું કે વજ્રપંજરનો નિરોધ ત્યાં સુધી જ પીડા કરે છે, કે જ્યાં સુધી હે સરલાત્મન! પંચ નવકારરૂપી શ્રેષ્ઠ મંત્ર જપવામાં આવ્યો નથી. ૧૭

દર્પિષ્ટ, દુષ્ટ નિષ્ઠુર અને અત્યંત રૂષ્ટ એવી પણ બીજાઓની દષ્ટિ ત્યાં સુધી જ પીડા કરે છે, કે જ્યાં સુધી નવકારમંત્રને ચિન્તનપૂર્વક જોવાયું નથી. ૧૮

મરણ, સમરાંગણ અને મલ્લોના સમાગમ વખતે કે ગ્રામનગરાદિના ગમન વખતે નવકારનું સ્મરણ કરનારાઓને રક્ષણ અર્થાત્ શરણની અને સન્માનની પ્રાપ્તિ થાય છે. ૧૯

તથા જાજ્વલ્યમાન મણિપ્રભાવડે પ્રફુલ્લ એવી વિશાલ ફણિપતિની ફણાના સમૂહથી પ્રસાર

'શરણ ગ્રહો પરમેષ્ટિનું સોંપી તન-મન-વિત્ત હિત થાશે નિજ આત્મનું ટળશે ભવભય ભીત.'–૩

પામતા કિરણોના ભારથી ભાગી ગયું છે ભયંકર અંધકાર જ્યાંનું એવા પાતાલ લોકના વિષે, ચિંતવતાની સાથે જ ઘટમાન છે ચિત્તાહલાદક ઇન્દ્રિયના વિષયો જેમને એવા દાનવોનો જે વિલાસ છે, તે નવકારના ફળનો એક લેશ છે. ૨૦-૨૧

વળી વિશિષ્ટ પદવી, વિદ્યા, વિજ્ઞાન, વિનય અને ન્યાયથી નિપુણ, અસ્ખલિત પ્રસરવાળું, પ્રસાર પામતા મનોહર યશથી ભરાઈ ગયું છે ભુવનતલ જેમાં, અત્યંત અનુરક્ત એવા કલત્ર અને પુત્રાદિ સકલસુખી સ્વજનવાળું, આજ્ઞાની રાહ જોતાં ઉત્સાહી અને દક્ષ ગૃહકર્મ કરનાર પરિજનવાળું, અવિચ્છિન્ન લક્ષ્મીના વિસ્તાર-યુક્ત એવું સ્વામિપણું, ભોગીપણું અને દાનીપણું તેના વડે શ્રેષ્ઠ, રાજા અમાત્યાદિ વિશિષ્ટ લોક અને પ્રજાજન વડે બહુમાન, યથાચિંતિત ફલ પ્રાપ્તિ વડે સુંદર અને વિરોધી લોકોના ચિત્તને પણ ચમત્કાર કરનારું, એવું મનુષ્યપણું જે પ્રાપ્ત થાય છે, તે પણ નવકારના ફલનો એક લેશ છે. ૨૨-૨૩-૨૪-૨૫

વળી સર્વ અંગોએ પ્રધાન શોભાયુક્ત ચોસઠ હજાર અંતે-ઉરીવાળું, બત્રીસ હજાર મોટા પ્રભાવ-શાળી સામંત રાજાઓના આધિપત્યવાળું, મોટા નગર સદશ છન્નું ક્રોડ ગામના વિસ્તારવાળું, દેવનગર સમાન બહોંતર હજાર શ્રેષ્ઠ નગરોવાળું, બહુસંખ્ય ખેડ, કબ્બડ, મડંબ, દ્રોણમુખ વગેરે ઘણી વસ્તીઓવાળું દેદીપ્યમાન, મનોહર અને સુંદર એવા રથોના સમુદાયથી યુક્ત રાજમાર્ગોવાળું, દુશ્મનના સમુદાયને ચગદી નાખવાને સમર્થ એવા પાયદળની સેનાના સમુદાયવાળું, અત્યંત મદ ઝરતા છે ગંડસ્થલ જેના એવા તરલ તુરંગોની માળાવાળું, સોલ હજારની સંખ્યાવાળા યક્ષોના સમુદાયથી સુરક્ષિત, નવનિધિ અને ચૌદ રત્નોના પ્રભાવથી પ્રાદુર્ભાવ પામતા સકલ અર્થોવાળું છ ખંડ ભરતક્ષેત્રનું અધિપતિપણું ભુવનને વિષે જે પ્રાપ્ત થાય છે તે પણ ખરેખર શ્રદ્ધાસલિલના સિંચનથી પરિવર્ધિત એવા પંચ નમસ્કારરૂપી વૃક્ષના કોઈ એક ફલના વિલાસનો જ વિશેષ છે. ૨૬ થી ૩૨

વળી શ્વેત દિવ્યાંશુકથી ઢંકાયેલા દેવશય્યાને વિષે છીપોલીના પડની મધ્યમાં રહેલ મુક્તાફલની જેમ સુંદર અંગ સહિત જે ઉત્પન્ન થાય છે અને ઉત્પન્ન થયા બાદ જે આજન્મ સૌભાગ્ય અને યુવાવસ્થાયુક્ત, આજન્મ રમ્યતનુ, આજન્મ રોગ, જરા, રજ અને સ્વેદ રહિત શરીરયુક્ત, આજન્મ સ્નાયુનસ, વસા-ચરબી, અતિ તપાવેલું માંસ અને રૂધિરાદિ શરીરના મલથી વિમુક્ત તથા આજન્મ અમ્લાન પુષ્પમાલા અને શ્રેષ્ઠ દેવદૂષ્યને ધારણ કરનાર તથા ઉત્તમ જાત્ય કાંચન અને તરુણ દિનકર સમાન છે શરીરની શોભા જેની, પાંચ પ્રકારના રત્નમય આભરણોના કિરણોથી કર્બુરિત છે દિફ્ચક્ર જેને; લટકતા કુંડલોની પ્રભાવથી પ્રભાસિત છે સંપૂર્ણ ગંડમંડલ જેને, રમણીય રમણશીલ દેવ-રમણીઓના સમુદાયના મનને હરણ કરનાર એક હેલા વડે ગ્રહચક્રને પાડવા અને ભૂતલને ભમાડવા સમર્થ, લીલાપૂર્વક સકલ કુલાચલના સમુદાયને ચૂરવા અને માનસ પ્રમુખ મહાસરોવર, સરિતા, દ્રહ અને સાગરોના પાણીને પ્રલય કાલના પવનની જેમ એકી સાથે શોષવા સમર્થ, મોટા અને ઘણા એવાં વૈક્રિય રૂપો વડે એકી સાથે ત્રણ લોકને પૂરવા તથા પરમાણુ માત્ર રૂપને પણ કરવા સમર્થ, એક હાથની પાંચ આંગળીઓ ઉપર પ્રત્યેકના અગ્રભાગને વિષે એકી સાથે પાંચેય મેરુને ધારણ કરવાને સમર્થ, બહુ શું કહેવું? એક ક્ષણમાં સત્ દેખાડવાને તથા કરવાને નિશ્ચે સમર્થ તથા નમતા એવા દેવસમૂહના મસ્તક ઉપર રહેલ મણિના કિરણની શ્રેણી વડે વ્યાપ્ત છે ચરણો જેના, ભ્રૂભંગ વડે આદેશ કરાયેલો અને હર્ષિત થયેલો સસંભ્રમપણે ઊભો થતો પરિવાર જેનો, ચિંતવતાની સાથે તુરત જ સંઘટિત થતો છે અનુકૂળ વિષયોનો સમુદાય જેને, રતિના રસ વડે ભરપૂર વિલાસ કરવાને વિષે નિરંતર રક્ત નિર્મલ અવધિજ્ઞાન અનિમેષ દૃષ્ટિ વડે જોયા છે

જોવાલાયક પદાર્થો જેણે, સમકાલે ઉદય પામેલી છે સઘળી શુભ કર્મની પ્રકૃતિઓ જેને તથા ઋદ્ધિના પ્રબંધથી મનોહર એવા વિમાનોના સમુદાયોનું પ્રાપ્ત થયું છે અધિપતિપણું જેને, એવો અસ્ખલિત પ્રસરવાળો સુરેન્દ્ર પણ લાંબા કાળ સુધી જે દેવલોકનું પાલન કરે છે, તે સઘળું સદ્‌ભાવગર્ભિત પંચ નમસ્કારની થયેલી આરાધનાની લીલાનો જ એક લવ છે, એમ જાણો. ૩૩ થી ૪૭

ઊર્ધ્વ, અધો અને તિર્ચ્છા સ્વરૂપ ત્રણ લોકરૂપી રંગ મંડપમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવને આશ્રી જે કોઈને જે કાંઈ આશ્ચર્યજનક અતિશય વિશેષ દેખાય છે અથવા સંભળાય છે, તે સર્વ પણ નમસ્કારના સ્મરણનો જ એક મહિમા જાણવો. ૪૮-૪૯

જલદુર્ગને વિષે, સ્થલદુર્ગને વિષે, પર્વતદુર્ગને વિષે, સ્મશાનદુર્ગને વિષે અથવા અન્યત્ર પણ દુર્ગ એટલે કષ્ટપદને વિષે એક નવકાર જ ત્રાણ અને શરણ છે. ૫૦

વશીકરણ, ઉચ્ચાટણ, થોભણ, પ્રસૂતિ, ક્ષોભ અને સ્થંભન આદિ કાર્યોને વિષે વિધિપૂર્વક પ્રયુક્ત થયેલો નવકાર જ સમર્થ છે. ૫૧

અન્ય મંત્રોથી પ્રારંભેલાં જે કાર્યો વશ થયાં નથી, તે સર્વ પણ નવકારના સ્મરણપૂર્વક પ્રારંભેલાં હોય તે શીઘ્ર સિદ્ધ થાય છે. ૫૨

તે કારણ માટે સકલ સિદ્ધિઓ અને મંગલોને ઇચ્છતા આત્માએ સર્વત્ર સદા સમ્યક્ પ્રકારે નવકારને ચિંતવવો જોઈએ. ૫૩

જાગતાં, સૂતાં, છીંકતાં, બેસતાં, ઊઠતાં, ઊભા રહેતાં, ચાલતાં, સ્ખલના પામતાં કે નીચે પડતાં આ પરમ મંત્રને જ નિશ્ચે અનુસરવો જોઈએ—વારંવાર સ્મરણ કરવો જોઈએ. ૫૪

પુણ્યાનુબંધી પુણ્યવાળા જે આત્માએ આ નવકારને પ્રાપ્ત કર્યો છે, તેની નરક અને તિર્યંચગતિઓ અવશ્ય રોકાઈ ગઈ છે. ૫૫

વળી કહ્યું છે કે આ નવકાર જેણે ભાવથી પ્રાપ્ત કર્યો છે તેને વારંવાર અપયશ અને નીચ ગોત્રાદિની પ્રાપ્તિ થતી નથી તથા જન્માંતરમાં પણ તેને ફરી વાર આ નવકારની પ્રાપ્તિ પણ દુર્લભ થતી નથી. ૫૬

વળી જે મનુષ્ય એક લાખ નવકારને અખંડપણે ગણે તથા શ્રી જિનેશ્વરદેવ અને સંઘની પૂજા કરે, તે તીર્થંકરનામ—કર્મને બાંધે છે. ૫૭

નવકારના પ્રભાવથી જન્માંતરને વિષે પણ પ્રધાન જાતિ, કુલ, રૂપ, આરોગ્ય અને સંપદાઓ પ્રાપ્ત થાય છે. ૫૮

ચિત્તથી ચિંતવેલું, વચનથી પ્રાર્થેલું અને કાયાથી પ્રારંભેલું કાર્ય ત્યાં સુધી જ થતું નથી, કે જ્યાં સુધી આ નવકારને સ્મરવામાં આવ્યો નથી. ૫૯

વળી આ નવકારથી મનુષ્ય સંસારમાં કદિ પણ દાસ પ્રેષ્ય, દુર્ભગ, નીચ કે વિકલેન્દ્રિય—અપૂર્ણ ઇંદ્રિયવાળો થતો નથી. ૬૦

વળી બહુ વર્ણન કરવાથી શું? આ જગતમાં તેવું કાંઈ જ નથી, કે જે ભક્તિ પ્રયુક્ત આ નવકાર વડે જીવોને પ્રાપ્ત ન થાય. ૬૨

પરમ દુર્લભ એવા પરમ પદના સુખોને પણ જો આ પમાડે, તો તેના અનુષ્ઠાનથી સાધ્ય અન્ય સુખોની તો ગણના જ શી? ૬૩

પરમ-પદ-પુરને જેઓ પામ્યા છે, પામશે અને પામે છે, તે સર્વે પંચ નમસ્કારરૂપી મહારથના સામર્થ્ય—યોગે જ છે. ૬૪

લાંબા કાળ સુધી તપને તપ્યો, ચારિત્રને પાળ્યું, ઘણાં શાસ્ત્રને ભણ્યો, પણ જો નવકારને વિષે રતિ ન થઈ, તો તે સઘળું નિષ્ફળ ગયું (જાણવું.) ૬૫

ચતુરંગ સેનાને વિષે જેમ સેનાની દીપક સમાન છે, તેમ દર્શનજ્ઞાન-ચારિત્ર અને તપની આરાધના વિષે ભાવ નમસ્કાર દીપક સમાન છે. ૬૬

ભાવ નમસ્કાર રહિત જીવે અનંતી વાર દ્રવ્ય લિંગને નિષ્ફળપણે ગ્રહણ કર્યાં અને મૂક્યાં, એમ સમજીને હે સુંદર! તું આરાધનાને વિષે એક-મનવાળો બની ભાવપૂર્વક તેને (ભાવ નમસ્કારને) મનને વિષે ધારણ કર. ૬૭-૬૮

'સુરત શ્વાસ ઐક્ય થકી સદા સમરો નવકાર સચ્ચિદાનંદ આવશે નક્કી નિજ દરબાર.'—૫

હે દેવાનુપ્રિય! ફરીફરીને તને પ્રાર્થના કરીએ છીએ કે—સંસાર સાગરમાં સેતુ સમાન નમસ્કાર પ્રત્યે તું શિથિલ (અનાદરવાળો) બનીશ નહિ. ૬૯

કારણ કે જન્મ-જરા-મરણથી વધારે ભયંકર સ્વરૂપવાળા આ સંસારઅરણ્યને વિષે મંદપુણ્ય-વાળા જીવોને આ નવકાર પ્રાપ્ત થતો નથી. ૭૦

રાધા-પુતલી સ્પષ્ટપણે વિંધવી એ દુર્લભ નથી. ગિરિને મૂળથી ઉખેડવો એ દુર્લભ નથી તથા ગગનતલને વિષે ફરવું એ દુર્લભ નથી પણ એક નવકારને પામવો એ જ દુર્લભ છે. ૭૧

સર્વત્ર કોઈ પણ કાળે અને સ્થળે વિધિરૂપી ધનવાળા પુરુષે 'આજ એક શરણ છે' એમ માનીને નવકારને સ્મરવો જોઈએ, તો પણ આરાધનાકાળે મરણ સમયે તેને વિશેષે સ્મરવો જોઈએ. ૭૨

આ નવકાર એ આરાધનારૂપી પતાકાને ગ્રહણ કરવા માટે હાથ છે, સ્વર્ગાપવર્ગને માટે માર્ગ છે તથા દુર્ગતિઓના દ્વારોને રોકવા માટે મોટી અર્ગલા છે. ૭૩

અન્યકાળે પણ આ નવકાર નિત્ય ભણવા લાયક, ગણવા લાયક અને સાંભળવા લાયક અને સારી રીતે અનુપ્રેક્ષા-ચિંતવન કરવા લાયક છે, તો પછી મરણ કાળ માટે તો પૂછવું જ શું? ૭૪

ઘર સળગે ત્યારે ઘરનો સ્વામી જેમ શેષ વસ્તુને છોડીને આપત્તિ નિવારણ માટે સમર્થ એવા એક જ મહારત્નને ગ્રહણ કરે છે. ૭૫

તથા બાંધી છે ભ્રકુટી જેમણે એવા ભટોએ કરીને વ્યાપ્ત એવા રણસંકટ વખતે સુભટ જેમ કાર્ય કરવાને સમર્થ એક જ અમોઘ શસ્ત્રને ધારણ કરે છે. ૭૬

એ રીતે અંતકાળે અગર પીડા સમયે તદ્‌ગત મનવાળા સકલ દ્વાદશાંગ શ્રુતસ્કંધને સવિસ્તર ચિંતવવા માટે સમર્થ થતા નથી. ૭૭

તેથી મરણ સમયે દ્વાદશાંગ છોડીને સમ્યક્ પ્રકારે આ પરમેષ્ઠિ નમસ્કાર જ તેઓ વડે સ્મરણ કરાય છે, કારણ કે-તે દ્વાદશાંગનો જ અર્થ છે. ૭૮

સઘળુંએ દ્વાદશાંગ પરિણામ વિશુદ્ધિના હેતુમાત્ર છે. નવકાર પણ તે જ કારણ સ્વરૂપ હોવાથી દ્વાદશાંગાર્થ કેમ નહિ? ૭૯

તે માટે તદ્‌ગતચિત્ત અને વિશુદ્ધ લેશ્યા યુક્ત બનીને આત્માને કૃતાર્થ માનતા તે નવકારનું જ સમ્યગ્ રીતિએ વારંવાર સ્મરણ કરવું જોઈએ. ૮૦

કોણ એવા સકર્ણ, મરણ વખતે રણમાં જયપતાકા ગ્રહણ કરનાર સુભટની જેમ કર્ણને અમૃતના છંટકાવ તુલ્ય નવકારનો આદર ન કરે? ૮૧

પ્રકૃષ્ટ ભાવથી પરમેષ્ઠિઓને કરેલો એક પણ નમસ્કાર પવન જેમ જલને શોષવી નાખે, તેમ સકલ ક્લેશજાળને છેદી નાખે છે. ૮૨

અંતસમયે સંવિગ્ન મન વડે, અસ્ખલિત, સ્પષ્ટ અને મધુર સ્વર વડે તથા કરબદ્ધ યોગ-મુદ્રાથી યુક્ત પદ્માસને બેઠેલી કાયા વડે સમ્યક્ પ્રકારે સંપૂર્ણ નવકારને સ્વયં ઉચ્ચારણ કરે, એ ઉત્સર્ગ વિધિ છે. અથવા બળ ઘટવાથી જો તેમ કરવા સમર્થ ન હોય, તો પરમેષ્ઠિઓના નામને અનુસરનારા 'અસિઆઉસા' એવા પાંચ અક્ષરોને સમ્યક્ પ્રકારે મૌનપણે પરાવર્તન કરે. જો કોઈ કારણે તેમ કરવા પણ અશક્ત હોય, તો 'ઓમ્' એવા એક અક્ષરનું ધ્યાન કરે; કારણ કે-એ અક્ષર વડે અરહંત, અશરીરી, આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ મુનિવરો સંગ્રહિત થયેલા છે. એ-પાંચેય નામોની આદિમાં રહેલા અક્ષરોની સંધિના પ્રયોગોથી નિશ્ચે આ ઓંકાર બનેલો છે, એમ સર્વજ્ઞ પરમાત્માઓએ ફરમાવેલું છે. એનું ધ્યાન કરવાથી નિશ્ચે પાંચેય પરમેષ્ઠિઓને સ્પષ્ટપણે ધ્યાયા છે અથવા જે એ(એક અક્ષર)નું ધ્યાન કરવાને પણ અસમર્થ છે, તે પાસે રહેલા કલ્યાણ-મિત્રોના સમુદાય પાસેથી પંચ નવકારને સાંભળે અને સાંભળતી વખતે હૈયામાં આ પ્રમાણે ભાવના કરે. ૮૩ થી ૮૯

'નવકારને વ્હાલો ગણે, તેને વ્હાલા ગણે નવકાર બાંધી સગાઈ છોડે નહીં, દિલનો મહા દાતાર.'—૬

આ નવકાર એ સારની ગાંઠડી છે, આ નવકાર એ કોઈ દુર્લભ વસ્તુની પ્રાપ્તિ છે, આ નવકાર એ ઈષ્ટનો સમાગમ છે અને આ નવકાર એ એક પરમ તત્ત્વ છે. ૯૦

અહો હો! આજે હું ભવસમુદ્રના તટને પામ્યો છું, અન્યથા, ક્યાં હું? કયાં આ? અને કયાં મારો તેની સાથેનો સમાગમ? ૯૧

હું ધન્ય છું, કે જેણે અનાદિઅનંત ભવસમુદ્રમાં અચિન્ત્ય ચિંતામણિ એવો પાંચ પદવાળો નમસ્કાર પ્રાપ્ત કર્યો. ૯૨

શું હું આજે સર્વ અંગોને વિષે અમૃતપણા વડે પરિણત થયો છું અથવા અકાળે જ શું કોઈ વડે સકલ સુખમય કરાયો છું? ૯૨

એ રીતે પરમ શમરસાપત્તિપૂર્વક આચરેલો નમસ્કાર, શીતધારણ(શીતોપચાર)નો પ્રયોગ જેમ વિષને હણે તેમ ક્લિષ્ટ કર્મોને હણી નાંખે છે. ૯૪

અંતકાળે જેણે આ નવકારને ભાવપૂર્વક સ્મર્યો છે, તેણે સુખને આમંત્ર્યું છે અને દુઃખને તિલાંજલિ આપી છે. ૯૫

આ નવકાર એ પિતા છે, આ નવકાર એ માતા છે, આ નવકાર એ અકારણ બંધુ છે અને આ નવકાર એ પરમોપકારી મિત્ર છે. ૯૬

શ્રેયોને વિષે પરમ શ્રેય, માંગલિકને વિષે પરમ માંગલિક, પુણ્યોને વિષે પરમ પુણ્ય અને ફલોને વિષે રમ્ય ફળ પણ આ નવકાર જ છે. ૯૭

તથા આ લોકરૂપી ઘરથી નીકળીને પરલોકના માર્ગે પ્રવર્તેલા જીવરૂપી પથિકોને આ નવકાર પરમ પથ્યદન-ભાથા તુલ્ય છે. ૯૮

જેમ જેમ તેના વર્ણોનો રસ મનને વિષે પરિણામ પામે છે, તેમ તેમ ક્રમે કરીને પાણીથી ભરેલા કાચા કુંભની માફક જીવની કર્મગ્રંથી ક્ષયને પામે છે. ૯૯

પંચ નમસ્કારરૂપી સારથીથી હંકાયેલો અને જ્ઞાનરૂપી ઘોડાથી જોડાયેલો તપ, નિયમ અને સંયમરૂપી રથ મનુષ્યને નિર્વૃત્તિ નગરીએ લઈ જાય છે. ૧૦૦

અગ્નિ કદાચ શીતલ થઈ જાય અને સુરસરિતા-આકાશ-ગંગા કદાચ સાંકડા માર્ગવાળી થઈ જાય, પરંતુ આ નવકાર પરમપદપૂરે ન લઈ જાય, એ બને જ નહિ. ૧૦૧

અનન્ય હૃદય અને વિશુદ્ધ લેશ્યા વડે આરાધાયેલો આ નવકાર સંસારના ઉચ્છેદને કરનારો છે. તે કારણે તેને વિષે શિથિલ ન થાઓ-તેના ઉપર મંદ આદર ન કરો. ૧૦૨

મરણકાળે સ્મરણ કરાતો આ નવકાર નક્કી સંસારનો ઉચ્છેદ કરવાને સમર્થ છે, એમ શ્રી જિનેશ્વરોએ જોયેલું છે. ૧૦૩

પંચ નમસ્કારને કરવાનું તાત્કાલિક ફળ અક્ષેપે-શીઘ્ર-કર્મનો ક્ષય અને નિયમા-નિશ્ચિત મંગલનું આગમન છે. ૧૦૪

તેનું કાલાંતર ભાવિ ફળ બે પ્રકારનું છે : ૧-આ ભવસંબંધી અને ૨-અન્ય ભવ સંબંધી. આ ભવ સંબંધી ફળ ઉભય ભવમાં સમ્યક્ સુખને આપનારા અર્થ કામની પ્રાપ્તિરૂપ છે. ૧૦૫

આ ભવ સુખને આપનારા એટલે અક્લેશ કે અલ્પ કલેશથી મળનારા, રોગ રહિત અને વિઘ્ન રહિતપણે ઉપભોગમાં આવનારા, સૂત્રોક્ત વિધિ મુજબ સુંદર સ્થાનમાં—સત્ક્ષેત્રોમાં વિનિયોગ પામનારા અને પરમસુખને આપનારા. ૧૦૬-૧૦૭

હવે અન્ય ભવ સંબંધી પંચનમસ્કારનું ફળ એ છે કે-નમસ્કારને પામેલા અને તેની વિરાધના નહિ કરનારા આત્મા જો કોઈ કારણસર તે જ ભવને વિષે મુક્તિને ન પામે, તો ઉત્તમ દેવોને વિષે ઉત્પન્ન થાય છે. અને ત્યાંથી વિપુલ કુલોને વિષે અતુલ સુખથી યુક્ત એવું મનુષ્યપણું મેળવે છે. પર્યંતે કર્મ રહિત થઈને સિદ્ધિગતિને પામે છે. ૧૦૮-૧૦૯

જ્ઞાનાવરણીયાદિ કર્મોના અનંત પુદ્ગલોનો પ્રતિક્ષણ વિગમ થવાથી પરમાર્થથી નવકારના પ્રથમ અક્ષર 'ન' કારનો લાભ થાય છે. શેષ પ્રત્યેક અક્ષરોનો લાભ પણ અનંત ગુણ વિશુદ્ધિ થવાથી થાય છે. ૧૧૦-૧૧૧

'જન્મ જન્મની પૂંજીરૂપ મહામંત્ર નવકાર તેને રાખો સાથમાં, અશિવ ન આવે દ્વાર.'—૭

એ રીતે જેનો અકેક પણ અક્ષર અત્યંત કર્મક્ષયથી મળે છે તે નવકાર કોને વાંછિત ફલદાયી ન થાય? ૧૧૨

એ પ્રમાણે ઉભય લોકોને વિષે 'સુખનું મૂળ છે' એમ જાણીને આરાધનાભિલાષી હે ભદ્ર! તું એને સદા સ્મરણ કર; કારણ કે પંચપરમેષ્ઠિને કરેલો નમસ્કાર જીવને હજારો ભવોથી મૂકાવે છે. તથા ભાવપૂર્વક કરાતો તે બોધિલાભ માટે થાય છે. ૧૧૩-૧૧૪

પાંચ પરમેષ્ઠિઓને કરેલો નમસ્કાર ધન્ય પુરુષોને ભવક્ષય કરાવે છે અને હૃદયથી તેને નહિ મૂકનારને તે વિશ્રોતસિકા ચિત્તના ઉન્માર્ગ ગમનને વારનાર થાય છે. ૧૧૫

એ રીતે પંચનમસ્કાર મહાન અર્થવાળો છે. એમ શાસ્ત્રોમાં વર્ણન કરાયેલો છે અને એ કારણે મરણ અવસર આવી લાગે ત્યારે તેનું નિરંતર અને વારંવાર સ્મરણ કરાય છે. ૧૧૬

સાત, પાંચ, સાત, સાત અને નવ અક્ષર પ્રમાણે છે પ્રગટ પાંચ પદો જેના અને તેત્રીસ અક્ષર પ્રમાણ છે શ્રેષ્ઠ ચૂલિકા જેની, એવા ઉત્તમ શ્રી નવકાર મંત્રનું તમે નિરંતર સ્મરણ (ધ્યાન) કરો. ૧૧૭

એ રીતે સંવિગ્નશિરોમણિ શ્રી જિનેશ્વરસૂરિના ચરણકમલને વિષે ભ્રમર સમાન શ્રી જિનચંદ્રસૂરિ, દૂર કરાયો છે પાપમલ જેનાથી એવા નવકારના ફલને કહે છે. ૧૧૮

॥ श्री उपदेश तरङ्गिणी श्लोकार्थः ॥

રાત્રિના છેલ્લા પ્રહરના અર્ધ ભાગે નિદ્રાને છોડીને, દુષ્ટ કર્મરૂપી રાક્ષસનું દમન કરવાને અદ્વિતીય ચતુર એવા શ્રી પરમેષ્ઠિમંત્રને પવિત્ર મનવાળા થઈને મન–વચન–કાયાથી સ્મરવો જોઈએ. ૧

જો ચિત્તને વિષે કલ્યાણના પદને આપનારાં પંચ પરમેષ્ઠિ-મનસ્કારરૂપી મંત્રરાજનાં પદો સ્ફુરાયમાન થાય છે, તો પછી મંત્ર અને ઔષધિઓનાં મૂળો વડે કે ગારુડ, ચિંતામણિ કે ઇંદ્રજાલો વડે શું કામ છે? અર્થાત્ તે વડે સર્યું. ૨

*શ્રી નમસ્કારના નવે પદો ખરેખર સર્વ સિદ્ધાન્તનાં સારભૂત છે. તેમાં પહેલાં પાંચ પદો અતિ મહાન છે. સત્પુરુષો તેને મુખ્ય મહાધ્યેય તરીકે સ્વીકારે છે. ૩

મરણની ક્ષણે પાંચ પરમેષ્ઠિરૂપી પાંચ રત્નોને જે મુખને વિષે ધારણ કરે છે, તેની ભવાન્તરને વિષે સદ્ગતિ થાય છે. ૪

બને લોકને વિષે ઇચ્છિત ફલને આપનાર અદ્વિતીય શક્તિવાળો શ્રી નમસ્કાર મંત્ર જયવંત વર્તો કે જેનાં પહેલાં પાંચ પદોને ત્રૈલોક્યપતિ શ્રી તીર્થંકર દેવોએ પંચતીર્થી[1] તરીકે કહ્યાં છે, જિનસિદ્ધાન્તનાં રહસ્ય સારભૂત જેના અડસઠ અક્ષરોને અડસઠ તીર્થો તરીકે વખાણ્યાં છે અને જેની આઠ સંપદાઓને અજ્ઞાન અંધકારનો નાશ કરનારી આઠ અનુપમ સિદ્ધિઓ તરીકે વર્ણવેલી છે. ૫

ભોજન સમયે, શયન સમયે, જાગવાના સમયે, પ્રવેશ સમયે, ભય સમયે, કષ્ટ સમયે અને વળી સર્વ સમયે ખરેખર! પંચનમસ્કારને સ્મરણ કરવો જોઈએ. ૬

---

૧. અરિહંતના આદ્ય અક્ષર 'અ' થી 'અષ્ટાપદતીર્થ', સિદ્ધના આદ્ય અક્ષર 'સિ'થી 'સિદ્ધાચલ', આચાર્યના આદ્ય અક્ષર 'આ' થી આબુજી, ઉપાધ્યાયના આદ્ય અક્ષર 'ઉ' થી ઉજ્જયન્ત (ગિરનારજી) અને સાધુના આદ્ય અક્ષર 'સ' થી સમ્મેતશિખર, એ રીતે પંચતીર્થ સમજવાં.

'કલ્પતરુ સમ જાણજો, મહામંત્ર નવકાર દલનહાર દારિદ્રયનો આપે સુખ શ્રીકાર.'–૮

પરમેષ્ઠિ નમસ્કારને વારંવાર સ્મરણ કરીને ઘણા લોકો સંસારસાગરના પારને પામ્યા છે, પામે છે અને પામશે. ૭

શ્રી જિનશાસનને વિષે પાપનો નાશ કરનાર આ મંત્ર હોતે છતે પાપો પોતાની એકછત્રતાને વિશ્વને વિષે કદી પણ ન વિચારો. (ન ધારો, ન માનો.) ૮

સિંહથી જેમ મદોન્મત્ત ગન્ધ હસ્તિઓ, સૂર્યથી જેમ રાત્રિ સંબંધી અંધકારના સમૂહો, ચંદ્રથી જેમ તાપ સંતાપના સમુદાયો, કલ્પવૃક્ષથી જેમ મનની ચિંતાઓ, ગરુડથી જેમ ફણાધારી વિષધરે અને મેઘસમુદાયથી જેમ અરણ્યના દાવાનળો શાંત થાય છે, તેમ શ્રી પંચ-પરમેષ્ઠિ મંત્રના તેજથી પ્રાણીઓના ઉપદ્રવો નાશ પામે છે. ૯

પંચ પરમેષ્ઠિના પદો વડે રણસંગ્રામ, સાગર, હાથી, સર્પ, સિંહ, દુષ્ટ વ્યાધિ, અગ્નિ, શત્રુ, બંધન, ચોર, ગ્રહ, ભ્રમ, રાક્ષસ અને શાકિનીથી થનારા ભયો દૂર ભાગી જાય છે. ૧૦

પરમેષ્ઠિ મંત્ર સ્મરણ કરવા માત્રથી પાપને શમાવનારો થાય છે, તો પછી તપથી પ્રબળ કરેલો અને વિધિથી પૂજેલો તે શું ન કરે? દૂધ પોતાની મેળે જ મધુર છે, પણ યુક્તિથી ઉકાળેલું અને સાકરથી મિશ્રિત કરેલું તો તે પૃથ્વીના અમૃતતુલ્ય બને છે. ૧૧

તે પંચ-પરમેષ્ઠિ-નમસ્ક્રિયારૂપ અક્ષરમયી આરાધના દેવતા (તમારું) રક્ષણ કરો, કે જે સુરસંપદાઓનું આકર્ષણ છે, મુક્તિરૂપી લક્ષ્મીની વશ્યતાને કરે છે. વિપદાઓનું ઉચ્ચાટન કરે છે, સંસારની ચાર ગતિમાં ઉત્પન્ન થનાર આત્માના દુશ્મનો પ્રત્યે વિદ્વેષ ધારણ કરે છે. દુર્ગતિ પ્રતિ ગમન કરવાને પ્રયત્ન કરતા જીવોને અટકાવે છે અને જે મોહનું સંમોહન છે, અર્થાત્ મોહનો પ્રતિકાર છે. ૧૨

જિનેશ્વર પ્રત્યે બાંધ્યું છે લક્ષ્ય જેણે એવા સુંદર મનવાળો જે જિતેન્દ્રિય અને શ્રદ્ધાવાન શ્રાવક સુસ્પષ્ટ વર્ણોચ્ચારપૂર્વક સંસારનો નાશ કરનાર એવા પંચ પરમેષ્ઠિ નમસ્કારનો એક લાખ વાર જાપ કરે અને શ્વેત સુગન્ધી લાખ પુષ્પો વડે શ્રી જિનેશ્વરદેવની વિધિપૂર્વક સમ્યક્ પ્રકારે પૂજા કરે, તે ત્રિભુવન પૂજ્ય તીર્થંકર થાય. ૧૩

પોતાના સ્થાને હોય ત્યારે પૂર્ણ ઉચ્ચારપૂર્વક, માર્ગમાં હોય ત્યારે અર્ધ ઉચ્ચારપૂર્વક, અકસ્માત આતંક એટલે તીવ્ર રોગ અથવા વેદના થઈ આવે ત્યારે ચોથા ભાગના ઉચ્ચારપૂર્વક અને મરણાન્તિક વખતએટલે મરણતુલ્ય પીડા સમયે માનસિક સ્મરણ માત્રથી (નવકારને જપવો જોઈએ). ૧૪

કલ્પવૃક્ષથી પણ અધિક મહિમાવાળા પંચપરમેષ્ઠિ નમસ્કારના પ્રત્યેક અક્ષર ઉપર એક હજાર ને આઠ વિદ્યાઓ રહેલી છે.

જેના પ્રભાવથી ચોર મિત્ર બને છે, સર્પ ફૂલની માળા થાય છે, અગ્નિ પ્રબળ જળસ્વરૂપ અને પ્રબળ જળ સ્થળ-સ્વરૂપ બને છે તથા અટવી નગર અને સિંહ શિયાળ થઈ જાય છે.

લોકદ્વિષ્ટ અને પ્રિયઘાતક વગેરેને પણ જે નમસ્કાર મન્ત્રનું માત્ર સ્મરણ પણ, લોકમાં પ્રીતિ ઉત્પન્ન કરે છે, શત્રુઓને મૂળમાંથી દૂર કરે છે, ઈષ્ટને ખેંચી લાવે છે. વશમાં નહિ આવનારને વશમાં લાવે છે, તથા મારવા આવનારને પણ સ્તંભિત કરે છે.

ધ્યાન કરાયેલો મંત્ર આ લોકમાં જ સર્વે આપદાને દૂર કરે છે, સર્વે કામનાઓને પૂર્ણ કરે છે તથા પરલોકમાં રાજ્યાદિનાં અને સ્વર્ગાપવર્ગાદિ (સ્વર્ગ અને મોક્ષ વગેરે)ના સુખોને આપે છે.

શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાની પૂજા તથા ધૂપોત્ક્ષેપાદિપૂર્વક શરીર અને વસ્ત્ર પવિત્ર કરીને તથા મનની એકાગ્રતા કરીને તું નિરંતર તે મંત્રનો જાપ કર.

અંત સમયે જેના દશ પ્રાણો પંચનમસ્કારની સાથે જાય છે, તે જો મોક્ષને ન પામે તો અવશ્ય વૈમાનિક થાય છે અર્થાત્ વિમાનાધિપતિ દેવ થાય છે. ૨૨

અહો! આ જગતમાં પંચ નમસ્કાર એવો ઉદાર છે કે જે પોતે આઠ (જ) સંપદાને ધારણ કરે છે છતાં

'નવકાર મંત્રના જાપથી ગ્રહો સૌ સીધા થાય વક્ર ગ્રહ પીડે નહીં, સુખ સાગર ઉભરાય.'—૯

સત્પુરુષોને અનંત સંપદાઓને આપે છે. ૧

શ્રી નમસ્કાર ભાવના

અહો! આજે મારો મહાન પુણ્યોદય જાગૃત થયો કે જેથી આ પંચ પરમેષ્ઠિઓને નમસ્કાર કરવાનો મને ભાવોલ્લાસ થયો. આજે હું ભવસમુદ્રના પારને પામ્યો છું. અન્યથા ક્યાં હું, ક્યાં આ નવકાર અને ક્યાં મારો તેની સાથેનો સમાગમ?

અનાદિકાલથી મારો આત્મા અજ્ઞાનતા આદિના યોગે નિરાધારપણે સંસારમાં રખડી રહ્યો છે. આજે મને પરમ શરણની પ્રાપ્તિ થઈ છે. કારણ કે પંચ પરમેષ્ઠિઓને કરેલો નમસ્કાર એ જ સંસારમાં ભટકતા મારા આત્માને પરમ શરણરૂપ છે.

અહો! શું આ નવકાર એ મહારત્ન છે? અથવા ચિંતામણિ સમાન છે? અથવા કલ્પવૃક્ષ સમાન છે? નહિ! નવકાર તો તે સૌથી પણ અધિકતર છે. કારણ કે ચિન્તામણિ વગેરે તો એક જ જન્મમાં સુખના હેતુ છે, જ્યારે શ્રેષ્ઠ એવો નવકાર તો સ્વર્ગ અને અપવર્ગને આપનાર છે, મુક્તિ ન થાય ત્યાં સુધી પણ ભવોભવને વિષે સુખને આપનાર છે.

હે આત્મન્! ગિરિને મૂળથી ઉખેડવો એ દુર્લભ નથી, દેવલોકનાં સુખો મેળવવાં દુર્લભ નથી. દુર્લભ તો ભાવથી નમસ્કારની પ્રાપ્તિ થવી એ છે. કારણ મંદપુણ્યવાળા જીવોને સંસારમાં કદી પણ નવકારની પ્રાપ્તિ થતી નથી. આ ભાવનમસ્કાર અસંખ્ય દુઃખોના ક્ષયનું કારણ છે. આલોક અને પરલોકનાં સુખો આપવામાં કામધેનુ સમાન છે. હે આત્મન્! તું આદરપૂર્વક આ મંત્રને જપ!

હે મિત્ર મન! સરલ ભાવે વારંવાર તને પ્રાર્થનાપૂર્વક કહું છું કે સંસારસમુદ્રને તરવા માટે જહાજ સમાન આ નમસ્કાર મંત્રને ગણવામાં તું પ્રમાદી થઈશ નહિ. આ ભાવનમસ્કાર ઉત્કૃષ્ટ સર્વોત્તમ તેજ છે, સ્વર્ગ અને મોક્ષનો સાચો માર્ગ છે, તથા દુર્ગતિનો નાશ કરવામાં પ્રલયકાલના પવન સમાન છે. ભવ્ય પુરુષો વડે હંમેશાં ભણાતો, ગણાતો, સંભળાતો, ચિન્તન કરાતો આ નવકારમંત્ર સુખ અને મંગલની પરંપરાનું કારણ છે. ત્રણે જગતની લક્ષ્મી સુલભ છે. અષ્ટ સિદ્ધિઓ સુલભ છે. મહામંત્ર નવકારની પ્રાપ્તિ જ દુર્લભ છે. માટે હે આત્મન્! આ નવકારને પરમ શરણરૂપ માની તેના તરફ અત્યન્ત આદર અને બહુમાન રાખી તદ્ગતચિત્તે તેનું સ્મરણ કર!

('નવકાર મંત્રના ચમત્કારો'માંથી સાભાર)

શ્રી નમસ્કાર મહામંત્રના જાપ અંગે જરૂરી માહિતિ

કોઈ પણ ક્રિયાનું સંપૂર્ણ ફળ મેળવવું હોય તો વિધિપૂર્વક આરાધના જરૂરી છે, ખેડૂત જો વિધિપૂર્વક વાવવા આદિની ક્રિયા કરે છે, તો જ ધાન્યરૂપી ફળ પ્રાપ્ત કરી શકે છે, તે માટે શ્રી નમસ્કાર મહામંત્રના જાપની વિધિ સંક્ષિપ્ત સ્વરૂપે પણ સમજી લેવી જરૂરી છે, તેથી નીચેનું લખાણ ધ્યાનપૂર્વક વાંચી અમલમાં મૂકવા પ્રયત્ન કરવો હિતાવહ છે.

નવકાર મહામંત્રનું સ્મરણ શા માટે?

દવાથી જેમ રોગ શમે, ખોરાકથી ભૂખ શમે, તે રીતે શ્રી નવકારના જાપથી આંતરિક બાહ્ય અશાંતિ દૂર થાય જ!

આપણો અનુભવ આ બાબતમાં સાક્ષી નથી ભરતો, એનું કારણ આપણી અજ્ઞાનદશા છે.

જન્મ-મરણના ચક્રાવામાં ફસાવનાર કર્મરૂપી મહારોગને આપણે ઓળખી શક્યા નથી.

'પ્રેમ કરીને મારો પિયુ, હવે આવ્યો મમ ઘેર દૂધે વૂઠ્યા મેહુલા, મહાનંદ મારે ઘેર.'—૧૦

તેથી સાચા ઉપાયો અમલમાં આવી શકતા નથી.

એટલે જીવનમાં પંચ-પરમેષ્ઠીઓની સાચી ઓળખાણ કરી તેઓના શરણે વૃત્તિઓને રાખી પ્રવૃત્તિઓને શાંતિની દિશામાં વાળવા માટે નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરવું જરૂરી છે.

નવકાર મંત્રની નવકારવાળી કેવી રીતે ગણવી જોઈએ?

શ્રી નમસ્કાર મહામંત્રના જાપનો માૅલિક શક્તિનો વિકાસ કરવા માટે અધખુલ્લી મુઠ્ઠીરૂપે ચાર આંગળીઓવાળી, તર્જનીના વચલા વેઢા ઉપર માળા રાખી, અંગૂઠાના પહેલા ટેરવાથી (નખ ન અડે તે રીતે) મણકા ફેરવવારૂપે જાપ કરવાનું શાસ્ત્રીય વિધાન છે.

કેવી માળાનો ઉપયોગ કરવો?

* નવકાર મહામંત્રના જાપ માટે લેવાતી માળા-અઢાર અભિષેક કરેલી માળા (આચાર દિનકરના) પ્રતિષ્ઠા મંત્રથી પ્રતિષ્ઠિત અને સૂરિમંત્ર કે વર્ધમાન વિદ્યાથી અભિમંત્રિત હોવી જોઈએ.

* કોઈની ગણેલી માળાથી શ્રી નમસ્કાર મહામંત્રનો જાપ ન કરવો, તેમજ આપણી માળા બીજાને ગણવા આપવી નહીં.

* કોઈના હાથનો સ્પર્શ પણ થવા દેવો નહિ.

* નવકારવાળી મૂકવા માટે પ્લાસ્ટિક, ઍલ્યુમિનીયમ કે સ્ટીલની કોઈ પણ જાતની ડબ્બીનો ઉપયોગ કરવો નહિ.

કેવી જાતની માળાનો ઉપયોગ કરવો?

* સુતરની માળા તથા સુખડની માળા સર્વશ્રેષ્ઠ છે.

પ્લાસ્ટિકની માળા ગણવી નહિ

આજે અણસમજથી પ્લાસ્ટિકની નવકારવાળીઓ ખૂબ જ પ્રમાણમાં વપરાય છે, તે ઉચિત નથી. કેમ કે-પ્લાસ્ટિક બનાવનાર કંપનીઓ તથા વૈજ્ઞાનિકો સાથે પત્રવ્યવહાર દ્વારા મેળવેલ પ્રમાણભૂત માહિતીના આધારે ચોક્કસ જાણવા મળ્યું છે કે –

'પ્લાસ્ટિક ઝાડમાંથી નીકળતા રસ જેવી ચીજમાંથી બને છે, પણ તેને આજના મોહક સ્વરૂપમાં તૈયાર કરવા માટે બળદના આંતરડાનો રસ વગેરે ખૂબ જ અશુભ દ્રવ્યો વપરાય છે.''

તેથી પ્લાસ્ટિકની માળા સદંતર ત્યાગ કરવા ધ્યાન રાખવું.

શ્રી નવકારના જાપમાં અન્ય કઈ બાબતોનું ધ્યાન રાખવું?

* શ્રી નવકારના જાપમાં એકાગ્રતા જરૂરી છે.

* માળા અને જગ્યા નક્કી કરેલ જોઈએ.

* એક જ જગ્યાએ આસન રાખવું જરૂરી છે.

* એક જ નવકારવાળી ઉપર જાપ કરવો જરૂરી છે.

* નવકારવાળી ગણતી-વખતે ડાબો હાથ માળાને અડકવો જોઈએ.

* શ્રી નવકારના જાપ શરૂ કરતાં પૂર્વે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુનું તથા શાસનપતિ શ્રી મહાવીર પ્રભુનું તેમજ અનંત લબ્ધિ નિધાન શ્રી ગૌતમ સ્વામીજીનું નામ ત્રણ વાર લેવું.

* નવકાર ગણવા માટે દિશા પણ એક રાખવી જરૂરી છે.

* શુદ્ધ કપડાં પહેરી નવકાર ગણવા જોઈએ.

* નવકારવાળી કેટલી ગણવી? તેની સંખ્યા ચોક્કસ રાખવી.

* જાપ સમયે શરીર હલવું જોઈએ નહિ.

* બગાસું ન ખાવું જોઈએ.

* આંખો બંધ રાખવી. અગર ધ્યાન નવકાર પટની સામે રાખવું.

* મ્હોં ખુલ્લું રાખી નવકાર ન ગણવા.

* તેમ જ જાપ વખતે હોઠ ફફડાવવા નહિ.

શ્રી નવકારમંત્ર કયા સમયે ગણવો?

સવારે ૬ વાગે બપોરે ૧૨ વાગે સાંજે ૬ વાગે

તેમજ સવારે ચાર વાગ્યાથી સૂર્યોદય સુધી **શ્રેષ્ઠ**, સૂર્યોદયથી એક કલાક સુધી **મધ્યમ** અને સવારના ૧૦ વાગ્યા સુધી **સામાન્ય** કહેવાય.

દિવસના ૧૦ વાગ્યાથી સૂર્ય-અસ્ત પછી અઢી ઘડી (૧ કલાક) સુધીનો સમય સામાન્ય જાપ માટે યોગ્ય નથી.

શ્રી નવકાર મહામંત્ર ગણવા માટે કેવાં આસનનો ઉપયોગ કરવો?

'પરમેષ્ઠિ આરાધતાં, પરમ જ્યોતિ પમાય; પડળ ઊતરે અનાદિના, દૃષ્ટિ નિર્મળ થાય.' – ૧૧

સફેદ-શુદ્ધ ઊનનું આસન રાખવું.

શ્રી નવકાર મંત્રના જાપ માટે કઈ દિશા યોગ્ય?

* જાપ માટે પૂર્વ અને ઉત્તર દિશા સારી છે. તેમાં પણ સવારના દશ વાગ્યા સુધીના જાપ માટે પૂર્વ દિશા અને સૂર્ય અસ્તથી અઢી ઘડી (૧ કલાક) પછી જાપ માટે ઉત્તર દિશા યોગ્ય છે.

શ્રી નવકાર કેમ ગણાય?

- શુદ્ધ થઈને, શ્વેત વસ્ત્રો પહેરીને, અનુકૂળ ભૂમિતલ પ્રમાજીને,
- આસન બાંધીને, પૂર્વ યા ઉત્તર દિશા સન્મુખ બેસીને,
- સુતરની શ્વેત માળા લઈને શ્વેત કટાસણું પાથરીને, ઉણોદરીવ્રતનાં પાલનપૂર્વક,
- ચિત્તને **"શિવમસ્તુ સર્વ જગતઃ"**ની ભાવના વડે વાસિત કરીને,
- દષ્ટિને નાસિકના અગ્રે સ્થાપીને
- ધીરે ધીરે તેનો પ્રત્યેક અક્ષર આખા શરીરમાં ફરી વળે—તેવી રીતે **શ્રી નવકારનો જાપ કરવો જોઈએ.**
- જાપનો સમય એક જ રાખવો જોઈએ, એટલે કે પાંચ માળા ગણવાના નિયમવાળો પુણ્યશાળી આત્મા છ ગણી શકે, પણ પાંચથી ઓછી નહીં જ.
- જાપ માટેની માળા બદલવી ન જોઈએ.
- જાપ વખતે શરીર હાલવું ન જોઈએ, કમર વળવી ન જોઈએ.
- માનસજાપમાં હોઠ બંધ રહેવા જોઈએ તેમજ દાંત ખુલ્લા રહેવા જોઈએ.
- ઉપાંશુજાપમાં હોઠનો ફફડાટ વ્યવસ્થિત રહેવો જોઈએ.
- ભાષ્યજાપમાં ઉચ્ચાર તાલબદ્ધ રહેવો જોઈએ.
- જાપ પૂરો થાય તે પછી ઓછામાં ઓછી પાંચેક મિનિટ સુધી આંખો બંધ કરીને તે સ્થળમાં બેસી રહેવું જોઈએ.

આમ કરવાથી જાપ-જન્ય સત્ત્વની સ્પર્શનાનો અદ્‌ભુત યોગ સધાય છે, અને ક્યારેક ભાવસમાધિની અણમોલ પળ જડી જાય છે.

- જાપ માટેના ઉપકરણોને પૂરેપૂરા બહુમાનપૂર્વક પવિત્ર જગ્યામાં રાખવાં જોઈએ.
- ઉપકરણો પ્રત્યેનો આપણો ભાવ શ્રી નવકાર પ્રત્યેના આપણા ભાવ ઉપર તથા પ્રકારની અસર પહોંચાડે જ છે.
- જીભ એકલી જ નહિ, પરંતુ મન બરાબર શ્રી નવકાર ગણતાં શીખી જાય તે તરફ આપણું લક્ષ્ય રહેવું જોઈએ.
- મોટો ભાઈ નાના ભાઈને કવિતા શીખવાડે, તેમ આપણે મનરૂપી આપણા લઘુબંધુને સદ્‌ભાવના-પૂર્વક શ્રી નવકાર શીખવાડવો જોઈએ.
- મન શ્રી નવકારમાં પરોવાય છે. એટલે બધી ઈન્દ્રિયો પણ તેમાં ઓતપ્રોત થાય.
- તારું શરીર ભીંજાયા સિવાય ન રહે તેમ શ્રી નવકારમાં પ્રવેશેલા પ્રાણો પણ શુભ ભાવ વડે ભીંજાય જ,

  જો ન ભીંજાય તો સમજવું કે—આપણા પ્રાણોનો અધિક ભાગ શ્રી નવકારની બહાર રહે છે.
- શ્રી નવકાર ગણતી વખતે નીચેની ભાવના સતત ભાવે

''શ્રી નવકારની બહાર જન્મ, જરા અને મૃત્યુ છે. શ્રી નવકારની અંદર શાશ્વત સુખનો મહાસાગર છે.''

શાશ્વત સુખ પ્રત્યેનો આપણો યથાર્થ પક્ષપાત, આપણા સહુને વહેલા-વહેલા શ્રી નવકારના અચિંત્ય પ્રભાવનો પક્ષકાર બનાવો.''

મહામંગલ શ્રી નવકાર

* શ્રી નવકારમંત્ર ગણનાર માનવીનું પાપ જાય છે.
* નવકારમંત્રને સાંભળનાર માનવીનું પાપ જાય છે.
* નવકારમંત્રને સંભળાવનાર માનવીનું પણ પાપ જાય છે.

અરે! જ્યાં જ્યાં એના શ્વોસોચ્છ્વાસ અડે, તેનાં પણ પાપ ધોવાઈ જાય છે.

'જીર્ણ રોગ છે જીવન જન્મ-મરણ સંસાર જપતાં શ્રી નવકારને, નિરોગી થાય નરનાર.'—૧૨

* સર્વકાળના પાપનો નાશ કરવાની શક્તિ નવકારમાં છે.
* સર્વ પ્રકારના પાપનો નાશ કરવાની શક્તિ નવકારમાં છે.
* સર્વ લોકના પાપનો નાશ કરવાની શક્તિ નવકારમાં છે.
* સર્વ રીતે પાપનો નાશ કરવાની શક્તિ નવકારમાં છે.
* નવકારમંત્ર એટલે તાવી-તાવીને ચોખ્ખું કરેલું શુદ્ધ ઘી, નવકારમંત્રની આરાધનાના વાતાવરણથી વિરાધનાની દુર્ગંધ દૂર થાય છે. અને આરાધનાની સુવાસ ફેલાય છે.
* નવકારમંત્રના મહિમાથી વિઘ્નો ટળે, આત્મામાં નિર્મળતા પ્રગટે, વાંછિત ફળે અને અગ્નિ પણ જળરૂપ બને, એવા આ મંત્રનો મહિમા અપરંપાર છે.
* ત્રણે કાળમાં નવકારમંત્ર શાશ્વત છે. સનાતન છે. દુનિયામાં બધા શબ્દો ફરે પણ નવકારમંત્રના શબ્દો ત્રણે કાળમાં ફરે નહીં.

શ્રી નવકાર મહામંત્રના જાપની અસર ક્યારે?

છીછરા વાસણમાં વલોણું ન થાય, તેમ અદ્ધર– અદ્ધરથી શ્રી નવકારનો જાપ ન થાય.

જાપને એકાગ્રતા જેટલો જ ગંભીરતા સાથે સંબંધ છે. બીજને ધરતીમાં વાવવું પડે છે, તેમ શ્રી નવકારના પ્રત્યેક અક્ષરને ઊંચા ભાવપૂર્વક મન મારફત પ્રાણોમાં પધરાવવો જોઈએ.

અક્ષરમાં રહેલું ચૈતન્ય પ્રાણનો યોગ પામીને પ્રગટ થાય છે, તેથી જાપ કરનારા પુણ્યશાળીની ભાવના અધિક ઉજ્જ્વળ બને છે, અને ઝોક સ્વાભાવિકપણે સર્વોચ્ચ આત્મભાવ–સંપન્ન ભગવંતોની ભક્તિ તરફ વળે.

લગભગ યાંત્રિક ઢબે થતો, શ્રી નવકારનો જાપ તેની વિશિષ્ટ શક્તિઓના લાભથી જીવને વંચિત રાખે છે.

શ્રી નવકારમાં પંચ પરમેષ્ઠી ભગવંતો બિરાજમાન છે. એવું જાણવા છતાં તેના પ્રત્યેના આપણા પરમ પૂજ્યભાવમાં યાંત્રિકતા અને ઔપચારિકતા કાયમ રહે–તો તે ખરેખર શોચનીય ગણાય.

પંચ પરમેષ્ઠી ભગવંતોને યાદ કરવાના અવસરે જ બીજી બીજી વાતો આપણા મનનો કબજો લઈ લે અને આપણે તે ચલાવી લઈએ તો તે આપણી કાયરતાની નિશાની ગણાય.

પંચ પરમેષ્ઠી ભગવંતોનું ભાવપૂર્વક સતત સ્મરણ કરવા માત્રથી આત્માને જે અકલ્પ્ય લાભ થાય છે, તેના એક લાખમા ભાગનો લાભ પણ અન્ય વિષયને ભાવપૂર્વક સમર્પિત થવા છતાં થતો નથી.

ઉલ્લાસપૂર્વક પંચ પરમેષ્ઠી ભગવંતોને યાદ કરવાથી આત્માની નજીક જવાય છે, આત્માની વધુ નજીક જવાથી આત્મભાવને છાજતી પ્રવૃત્તિઓમાં દિલ ચોટે છે, વિષયકષાયોને ભાવ આપવાના પરિણામ મંદ પડતા જાય છે, સ્વાધ્યાય, સંયમ, તપ આદિમાં અદ્‌ભુત વેગ આવે છે અને બહિર્ભાવને માફકસરની વિચારણા વધુ સૂક્ષ્મ બનીને આત્મભાવનો પક્ષ કરે છે.

ભવને વિવિધ પ્રકારે ભાવ આપીને ભાવથી આપણે નાના તુચ્છ ન બન્યા હોત, તો શ્રી નવકાર આપણને આજે તરત ફળતો જણાતો નથી તે જ નવકાર વડે આપણે જગત આખામાં દેવાધિદેવ શ્રી અરિહંત પરમાત્માની સર્વોચ્ચ ભાવનાની ભૂરી-ભૂરી પ્રભાવના કરી શક્યા હતા.

ભૂતકાળમાં આપણા પૂર્વજોએ પ્રભુજીના પરમ તારક શાસનની પ્રભાવનાનાં જે મહાન કાર્યો કર્યાં છે, તે પ્રકારના સર્વમંગલમય કાર્યો આજે આપણે પણ કરી શક્યા હોત.

(''અખંડ જ્યોત''માંથી સાભાર)

'જો ઇચ્છો ખરી જાગૃતિ–તો સદા સ્મરો નવકાર પ્રમાદ ન પીડે કદી-કષાય ન આવે દ્વાર.'–૧૩

નવકાર મહામંત્રની શુદ્ધ જોડણી તથા શુદ્ધ ઉચ્ચાર

જૈન કુળમાં જન્મેલા પ્રત્યેક આત્માને નવકાર મહામંત્ર તો ગળથૂથીમાંથી જ શીખવાડવામાં આવે છે. તેમ છતાં તેની શુદ્ધ જોડણી તથા શુદ્ધ ઉચ્ચાર કદાચ પ્રૌઢ ઉંમરે પહોંચેલા પણ બહુ થોડા આત્માઓને આવડતો હશે.

સામાન્ય શબ્દોમાં પણ હ્રસ્વ-દીર્ઘ કે અનુસ્વાર વિગેરેના ફેરફારથી અર્થ બદલી જતો હોય છે તો મંત્રાક્ષરોમાં અશુદ્ધ ઉચ્ચાર તથા અશુદ્ધ જોડણીથી લાભ ન થાય—ઓછો થાય કે કેટલીક વાર ગેરલાભ પણ થાય તો નવાઈ શી?

નીચેના થોડા ઉદાહરણોથી જોડણી શુદ્ધિની અગત્યતા સ્પષ્ટ રીતે સમજી શકાશે.

વધુ = વધારે — વધૂ = વહુ
સુર = દેવ — સૂર = અવાજ
ચિર = લાંબો સમય — ચીર = વસ્ત્ર
દિન = દિવસ — દીન = બિચારો
ઉદર = પેટ — ઉંદર = પ્રાણી વિશેષ
મદ = અહંકાર — મંદ = ધીમો
પવન = હવા — પાવન = પવિત્ર
પત્ર = કાગળ — પુત્ર = દીકરો
જનવાણી = લોકભાષા
— જિનવાણી = જિનેશ્વરપ્રભુની વાણી

ઇત્યાદિ

અહીં નવકાર મહામંત્રના દરેક પદની જોડણીના નવ-નવ વિકલ્પો રજુ કરવામાં આવ્યા છે. તેમાંથી જે એકેક વિકલ્પ સાચો છે તેની આગળ ❀ આવી નિશાની કરવામાં આવી છે. તદનુસારે બીજા વિકલ્પોમાં શું શું ભૂલ છે તે વાંચનારે સ્વયં નક્કી કરવાનું છે.

(૧)

(૧) નમોરિહંતાણં
(૨) નમો અરીહંતાણં
(૩) નમો અરિહંતાણમ્
(૪) નમો અરિહંતાણું
❀ (૫) નમો અરિહંતાણં
(૬) નમો અરિઅંતાણં
(૭) નમોરિઅંતાણં
(૮) નમો અરિહં તાણં
(૯) નમોઅરિહંતાણં

(૨)

(૧) નમો સીદ્ધાણં
(૨) નમો સિધાણં
(૩) નમો સિદ્ધાણમ્
(૪) નમો સવ્વ સિદ્ધાણં
(૫) નમો સીધાણં
❀ (૬) નમો સિદ્ધાણં
(૭) નમો સિધ્ધાણં
(૮) નમો સિદધ્ધાણં
(૯) નમોસિદ્ધાણં

(૩)

(૧) નમો આયરીયાણં
(૨) નમો આરિયાણં
(૩) નમો આરરિયાણં
❀ (૪) નમો આયરિયાણં
(૫) નમો આયરિયાણમ્
(૬) નમો આયરિઆણં
(૭) નમો આય રિયાણં
(૮) નમો આઈરિયાણં
(૯) નમોઆયરિયાણં

(૪)

❀ (૧) નમો ઉવજઝાયાણં
(૨) નમો ઉવજ્જાયાણં
(૩) નમો ઉવ્વજઝયાણં
(૪) નમો ઊિવ્વજઝયાણં
(૫) નમો ઉજઝયાણં
(૬) નમો ઉવજઝાયાણમ્
(૭) નમો ઉવજઝા યાણં
(૮) નમો ઉવજાયાણં
(૯) નમો ઉવજઝયાણં

(૫)

(૧) નમો લોયે સવ્વ સાહુણં
(૨) નમો લોએ સવ સાહૂણં
(૩) નમો લોએ સવ્વ સાહૂણં
❀ (૪) નમો લોએ સવ્વસાહૂણં
(૫) નમો લોય સવ સાવેણં
(૬) નમો લોએ શવ્વ સાહૂણં
(૭) નમો લોએ સવ્વસાહૂણમ્
(૮) નમો લોએસવ્વસાહૂણં
(૯) નમો લોહે સવ્વ સાહૂણં

(૬)

(૧) એસો પંચ નમોકારો
(૨) એંસો પંચ નમુકારો
❀ (૩) એસો પંચનમુક્કારો
(૪) એસો પંચ્ય નમુક્કારો
(૫) એષો પંચ નમુક્કારો
(૬) અસો પંચ નમુક્કારો
(૭) એસો પંચ નમુક્કારો
(૮) એસો પંચ નમોક્કારો
(૯) એશો પંચનમુક્કારો

(૭)

(૧) સવ્વ પ્પાવ પણાસણો
❀ (૨) સવ્વપાવપ્પણાસણો
(૩) સવ પાવ પણાસણો
(૪) સવ્વ પાવ પ્પણાસણં
(૫) સવ પ્પાવ પણાસણો
(૬) શવ્વ પાવપ્પણાસણો
(૭) સવપાવપણાસણો
(૮) સવ્વ પાવ પ્પણાસણો
(૯) સવ્વપાવપ્પણાશણો

(૮)

(૧) મંગલાણં ચ સવ્વેસિમ્
(૨) મંગલાણં ચ સવ્વેસીં
(૩) મંગણાણં ચ સવ્વેસિં
(૪) મંગલાણંચ સવ્વેસિં
(૫) મંગલાણંચસવ્વેસિં
❀ (૬) મંગલાણં ચ સવ્વેસિં
(૭) મંગલાણં ચ સવ્વેસિં
(૮) મંગલાણં ચ સવ્વેસિહં
(૯) મંગલાણં ચ સવેસિં

(૯)

(૧) પઢમં હોવઈ મંગલં
(૨) પઢમં હોઈ મંગલમ્
(૩) પઢમંગ હોવઈ મંગલં
(૪) પઢમમ્ હવઈ મંગલં
(૫) પઢમં હોઈ મંગલં
(૬) પઢમ્ હોઈ મંગલં
(૭) પઢમંહોઈ મંગલં
(૮) પઢમં હવઈમંગલં
▲❀ (૯) પઢમં હોઈ મંગલં
▲❀ (૯) પઢમં હવઈ મંગલં

▲નોંધ : નવકાર મહામંત્રના છેલ્લા ૪ પદો ચૂલિકા તરીકે ઓળખાય છે અને તે અનુષ્ટુપ્ છંદમાં હોવાથી છંદશાસ્ત્રના નિયમ પ્રમાણે તેની દરેક ચરણમાં ૮-૮ અક્ષરો હોવા જોઈએ. છેલ્લા પદમાં 'હોઇ' બોલવાથી આ નિયમ જળવાય છે તેથી અચલગચ્છની સામાચારીમાં તથા કેટલાક સ્થાનકવાસી તથા અમુક દિગંબરોમાં 'હોઈ' બોલાય છે. જ્યારે બાકીના 'હવઈ' બોલનાર જણાવે છે કે આર્ષ પ્રયોગમાં ક્વચિત ૯ અક્ષર પણ અપવાદ તરીકે શાસ્ત્રમાં જોવા મળે છે. દા.ત. દશવૈકાલિક સૂત્રની પ્રથમ સજઝાયમાં ''ભમરો આવિયઈ રસં''. અહીં ૯ અક્ષર થાય છે. પરંતુ આર્ષપ્રયોગ હોવાથી દોષ રૂપ નથી.

તેથી આ બાબતમાં તત્ત્વ તો કેવલી ભગવંત જાણે. 'હોઇ' તથા 'હવઈ'ના અર્થમાં વ્યાકરણની દૃષ્ટિએ કોઈ જ ફરક પડતો નથી.

તેથી સર્વજ્ઞથી રહિત એવા આ ક્ષેત્રમાં તો હાલ સહુ પરમતસહિષ્ણુ બની પોતપોતાના ગચ્છની સામાચારીને વફાદાર રહે એ જ મધ્યસ્થ બુદ્ધિથી વિચારતાં હિતાવહ જણાય છે.

નવકાર જાપમાં એકાગ્રતા લાવવા માટેના વિવિધ ઉપાયો

આજે મોટા ભાગના આરાધકોની આ ફરિયાદ હોય છે કે નવકારવાળી ગણીએ છીએ પરંતુ જોઈએ તેવી એકાગ્રતા આવતી નથી.

મૌન એકાદશીની સજઝાયમાં કહ્યું છે કે –

"કર ઉપર તો માલા ફિરતી, જીભ ફિરે મુખ માંહીં;
પણ ચિતડું તો ચિહું દિશિએ ડોલે, ઈણે ભજને સુખ નાહીં"

જો આવા ભટકતા ચિત્તે જાપ કરવાથી કાંઈ લાભ ન થવાનો હોય તો જાપ કરવાનું છોડી દેવું? જાપ કરતી વખતે જ કેમ વિકલ્પો વધારે સતાવતા હોય છે?? ... ઈત્યાદિ.

આનો જવાબ એ છે કે – "જેમ ગુંડાઓના સકંજામાં સપડાયેલો માણસ છટકવા માટે પ્રયત્ન કરે ત્યારે ગુંડાઓ પોતાની પક્કડ વધુ મજબૂત બનાવે છે. તેમ અનાદિકાળથી રાગ-દ્વેષ રૂપી ગુંડાઓના સકંજામાં સપડાયેલો આત્મા જ્યારે નવકારના આલંબનથી તેમની પક્કડમાંથી છુટવા માટે પ્રયત્ન કરતો હોય છે ત્યારે સ્વાભાવિક છે કે તેઓ વધુ તોફાન કરી આત્માને ઢીલો પાડવા પ્રયત્ન કરે. પરંતુ આવા પ્રસંગે બળથી કામ લેવા કરતાં ધીરજપૂર્વક કળથી કામ લેવામાં આવે તો જ સફળતા મળી શકે છે. તેથી જ ચંચળ ચિત્તને એકાગ્ર બનાવવા માટે જ્ઞાની ભગવંતોએ અનેકવિધ ઉપાયો બતાવ્યા છે તેમાંથી કેટલાક મહત્ત્વના ઉપાયો અહીં રજુ કરવામાં આવે છે. તેનું ખરેખરું મહત્ત્વ તો વાંચ્યા પછી અમલમાં મૂકવાથી જ સમજી શકાશે.

(૧) નવકાર લેખન : આપણા સહુનો રોજિંદો અનુભવ છે કે જ્યારે લખવાનું ચાલુ હોય ત્યારે પ્રાયઃ કરીને ચિત્તમાં લેખનના વિષય સિવાયના બીજા વિચારો પ્રવેશી શકતા નથી. તેથી સારી નોટબુક કે ડાયરીમાં દરરોજ નિયમિત પણે સારા અક્ષર તથા શુદ્ધ જોડણીપૂર્વક યથાશક્ય નવકાર લેખનની ટેવ પાડવામાં આવે તો હાથ તેમજ નેત્ર બંને પાવન થાય છે અને ચિત્તની ચંચળતા પણ ઘટવા માંડે છે. લખાણ વધુ આકર્ષક બને તે માટે વિવિધ રંગીન શાહીનો ઉપયોગ પણ કરી શકાય.

આવી રીતે લખાયેલી નોટબુકોને ઘરમાં સારા સ્થાને મૂકીને ધૂપ પણ કરી શકાય. આશાતનાના ખોટા ભયથી પાણીમાં પધરાવવાની જરૂર નથી. આવી નોટબુકોનો સંગ્રહ થયેલ હોય તો ઘરના બીજા સભ્યોને પણ તેમ કરવાની પ્રેરણા મળે તથા પાછલી જિંદગીમાં કે અંતસમયે આપણો આત્મા પણ સંતોષ અનુભવી શકશે કે મારા હાથે આટલું પણ સુકૃત થયું છે. આ રીતે લેખિત જાપનો પ્રારંભ કરતાં પહેલાં નવકાર વિષેની પોતાની જોડણી શુદ્ધ છે કે નહિ તેની ગુરુગમની ખાત્રી કરી લેવી જોઈએ.

(૨) નવકાર વાંચન : લેખનની માફક વાંચનમાં પણ ચિત્ત સહેલાઈથી એકાગ્ર બની શકે છે. તેથી નવકારની આકર્ષક છબી, સ્ટીકર કે પુસ્તક સામે રાખીને જેમ ૧લી ચોપડીમાં ભણતું બાળક એકેક અક્ષર છુટો છુટો મોટેથી બોલીને વાંચતો હોય તેવી રીતે રોજ ઓછામાં ઓછા ૧૨ કે તેથી વધુ (૧૦૮ વિગેરે) વખત નવકાર વાંચવાનો અભ્યાસ કરવાથી પણ આંખ પવિત્ર થાય છે તથા ચિત્તની ચંચળતા ઓછી થાય છે.

નવકાર વાંચન માટે પોતાના હાથે લખેલી નવકારની નોટબુકનો પણ ઉપયોગ કરવામાં આવે તો તેથી નવકાર લેખનની પણ પ્રત્યક્ષ સાર્થકતા અનુભવાય છે.

નવકાર વાંચનમાં એક બાબત ખાસ ખ્યાલમાં રાખવી કે જ્યારે જે અક્ષર બોલાતો હોય ત્યારે આંખ પણ તે જ અક્ષર ઉપર હોવી જોઈએ.

ઉચ્ચાર શુદ્ધિની આવશ્યકતા :

નવકાર લેખનમાં જોડણીની શુદ્ધિની

આવશ્યકતા વિષે આગળ વિચારી ગયા. તેવી જ રીતે નવકાર વાંચન માટે ઉચ્ચાર શુદ્ધિ ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે.

આપણા શરીરમાં તેમજ સમસ્ત વિશ્વમાં પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ અને આકાશ આ પાંચ મહાભૂતો વ્યાપીને રહેલા છે. નવકાર મહામંત્રના શુદ્ધ ઉચ્ચારથી જે સૂક્ષ્મ આંદોલનો ઉત્પન્ન થાય છે તેની પાંચ મહાભૂતો ઉપર સાનુકૂળ-શુભ અસર થાય છે. તેવી જ રીતે તેના અશુદ્ધ ઉચ્ચારથી સમસ્ત વિશ્વના વાતાવરણ પર પ્રતિકૂળ અસર થાય છે. આ અંગે નવકાર મહામંત્રના વિશિષ્ટ આરાધક શ્રાદ્ધવર્ય શ્રી દામજીભાઈ જેઠાભાઈ કચ્છ-સુથરીવાલાની પ્રેરણાથી ફોરેનમાં લેબોરેટરીમાં સફળ પ્રયોગો પણ થયા છે, માટે ગુરુગમથી શુદ્ધ જોડણી શીખી લેવી જોઈએ.

અહીં શુદ્ધ ઉચ્ચાર માટે કેટલાક અગત્યના સૂચનો જણાવવામાં આવે છે.

૧. જ્યાં જ્યાં જોડાક્ષર આવે ત્યાં ત્યાં જોડાક્ષર ઉપર ભાર મૂકવાને બદલે જોડાક્ષરથી પહેલાં જે અક્ષર હોય તેનો ઉપર ઝટકો લગાવીને એવી રીતે બોલવું કે જેથી જોડાક્ષરમાંથી પહેલો અર્ધો વ્યંજન તેની સાથે ખેંચાઈ આવે. દા.ત. ''નમો સિદ્ધાણં'' નો ઉચ્ચાર કરતી વખતે 'દ્ધા' ઉપર ભાર ન મૂકતાં ''સિ'' ઉપર ઝટકો લગાવીને બોલવાથી 'દ્ધા' માંથી 'દ્' પણ તેની સાથે ખેંચાઈ આવે. અર્થાત્ 'સિદ્...ધાણં' આ રીતે બોલવાથી સાચો ઉચ્ચાર થઈ શકશે.

પાંચમા પદમાં ''સવ્વ'' શબ્દમાં ''વ્વ'' જોડાક્ષર છે માટે 'સ' ને ઝટકા સાથે બોલવું જોઈએ. તેને બદલે સાદી રીતે બોલવામાં આવે તો 'સવ' અર્થાત્ શબ=મડદું એવો અર્થ થવાથી ''લોકમાં રહેલા મડદા સાધુઓને નમસ્કાર થાઓ'' આવો અનર્થકારી વિચિત્ર અર્થ થાય. માટે 'સવ્વ'નો ઉચ્ચાર શુદ્ધ થવો જોઈએ.

૨. હ્રસ્વ અક્ષર હોય ત્યાં ટૂંકો ઉચ્ચાર કરવો. દા.ત. ૪ થા પદમાં 'ઉ' હ્રસ્વ છે. છતાં કેટલાક લંબાવીને કે ઝટકા સાથે તેનો ઉચ્ચાર કરતા હોય છે તે અશુદ્ધ ગણાય.

૩. દીર્ઘ અક્ષર હોય ત્યાં થોડો લાંબો ઉચ્ચાર કરવો જોઈએ. દા.ત. પાંચમાં પદમાં 'હૂ' દીર્ઘ છે. પરંતુ કેટલાક તેનો ટૂંકો ઉચ્ચાર કરે છે તે અશુદ્ધ ગણાય.

આ રીતે ગુરુગમથી ઉચ્ચાર શુદ્ધિ અવશ્ય ચકાસી લેવી જોઈએ.

(૩) નવકારની તાલબદ્ધ ધૂન કે ગાન :

જેવી રીતે વ્યાખ્યાનના પ્રારંભમાં મંગલાચરણમાં રાગપૂર્વક નવકાર બોલાતો હોય છે તેવી રીતે અથવા બીજી રીતે પણ મધુર રાગથી એકસરખા તાલપૂર્વક રોજ થોડીવાર ભાવપૂર્વક નવકારની ધૂન કે ગાન કરવાથી પણ ચિત્તની ચંચળતા ઓછી થઈ આહ્લાદ ઉત્પન્ન થાય છે.

(૪) પશ્ચાનુપૂર્વી નવકાર જાપ

કેદખાના આદિના બંધન, વિગેરે પ્રસંગોમાં પશ્ચાનુપૂર્વી અથવા ઊલટા ક્રમથી નવકાર જાપનું શાસ્ત્રમાં વિધાન છે. પદથી તેમજ અક્ષરોથી એમ બે રીતે પશ્ચાનુપૂર્વી જાપ નીચે મુજબ કરી શકાય. પશ્ચાનુપૂર્વી જાપથી પણ ચિત્તની ચંચળતા ઓછી થાય છે.

પદથી પશ્ચાનુપૂર્વી નવકાર	અક્ષરોથી પશ્ચાનુપૂર્વી નવકાર
પઢમં હોઈ મંગલં	લંગમં ઈહો મંઢપ
મંગલાણં ચ સવ્વેસિં	સિંવ્વેસ ચ ણંલાગમં
સવ્વપાવપ્પણાસણો	ણોસણાપ્પવપાવ્વસ
એસો પંચનમુક્કારો	રોક્કામુનચપં સોએ
નમો લોએ સવ્વસાહૂણં	ણંહૂસાવ્વસ એલો મોન
નમો ઉવજ્ઝાયાણં	ણંયાજઝાવઉ મોન
નમો આયરિયાણં	ણંયારિયઆ મોન
નમો સિદ્ધાણં	ણંદ્ધાસિ મોન
નમો અરિહંતાણં	ણંતાહંરિઅ મોન

પશ્ચાનુપૂર્વી જાપમાં નવ કે પ્રથમ પાંચ પદોનો જાપ પણ કરાય છે.

(૫) અનાનુપૂર્વી નવકાર જાપ

નવકારના ૯ પદોને પહેલેથી ક્રમસર બોલવામાં આવે તો પૂર્વાનુપૂર્વી કહેવાય. છેલ્લેથી ક્રમસર બોલવામાં આવે તો પશ્ચાનુપૂર્વી કહેવાય. પરંતુ ક્રમ વિના બોલવામાં આવે તો અનાનુપૂર્વી કહેવાય. તે માટે નાનકડી પુસ્તિકા આવે છે. તેમાં દરેક પાનામાં ૯ આંકડા જુદી જુદી રીતે ગોઠવવામાં આવ્યા હોય છે. દરેક આંકડા પ્રમાણેનો નવકારનો પદ બોલવાનો હોય છે. દા.ત. ૭ લખેલ હોય ત્યાં નવકારનું ૭ મું પદ'' સવ્વપાવપ્પણાસણો'' બોલવું, ૩ લખેલ હોય ત્યાં નવકારનું ૩જું પદ ''નમો આયરિયાણં'' બોલવું. ચિત્તની ચંચળતાને નાથવા માટે આ પણ સરળ તથા સચોટ ઉપાય છે. કેટલાક આ માટેની પુસ્તિકાને 'આનુપૂર્વી' કહેતા હોય છે પરંતુ તે અશુદ્ધ છે. ખરો શબ્દ 'અનાનુપૂર્વી' છે.

(૬) કમલબદ્ધ નવકાર જાપ

દેરાસરમાં નવપદજીનો ઘટ્ટો હોય છે તે રીતે અથવા નીચેની આકૃતિમાં દર્શાવ્યા મુજબ આઠ પાંખડીઓ તથા મધ્યમાં કર્ણિકા યુક્ત કમળની કલ્પના કરી તેમાં નવકારના પદો ગોઠવીને પ્રથમ ખુલ્લી આંખે ચિત્રમાં જોઈને, ત્યારબાદ બંધ આંખે હૃદયની આસપાસના પ્રદેશમાં કમળની કલ્પના કરીને નવકારનો જાપ કરવાથી પણ ચિત્તની ચંચળતા ઓછી થાય છે.

(૭) શંખાવર્ત – નંદ્યાવર્ત જાપ

ડાબો હાથ

૭	૮	૯
૬	૧	૨
૫	૪	૩

મ. અ. ક.

જમણો હાથ

૩	૪	૫	૧૨
૨	૭	૬	૧૧
૧	૮	૯	૧૦

ક. અ. મ. ત.

ક. = કનિષ્ઠિકા અર્થાત્ ટચલી આંગળી
અ. = અનામિકા અર્થાત્ દેવપૂજની આંગળી
મ. = મધ્યમા અર્થાત્ વચલી આંગળી
ત. = તર્જની અર્થાત્ અંગૂઠા પાસેની આંગળી

જમણા હાથની ૪ આંગળીઓના ૧૨ વેઠા પર ઉપરની આકૃતિમાં દર્શાવેલ ક્રમ પ્રમાણે અંગૂઠાની મદદથી ૧૨ નવકાર ગણીને ડાબા હાથની અનામિકા આંગળીના વચ્ચેના વેઠા પર ડાબા હાથનો અંગૂઠો રાખવો. ફરી બીજી વાર જમણા હાથ પર નંદ્યાવર્તના ક્રમ પ્રમાણે ૧૨ નવકાર ગણીને ડાબા હાથનો અંગૂઠો ટચલી આંગળીના વચલા વેઢા પર ખસેડવો. આ જ ક્રમથી જમણા હાથે ૧૨-૧૨ નવકાર ૯ વખત ગણી ડાબા અંગૂઠાને આકૃતિમાં દર્શાવ્યા મુજબ શંખાવર્તની રીતે ખસેડવાથી કુલ ૧૦૮ નવકાર થાય છે.

જે આ રીતે રોજ ૧૦૮ નવકાર ગણે છે તેને પિશાચ ભૂત-પ્રેત વિગેરે હેરાન કરી શકતા નથી એવું શાસ્ત્ર વિધાન છે. બસ-ટ્રેન વિગેરેની મુસાફરી દરમ્યાન નવકારવાળીને બદલે આ રીતે શંખાવર્ત-નંદ્યાવર્ત જાપ સુગમતાથી કરી શકાય.



(૮) ચક્રોમાં નવકાર જાપ :

આપણા શરીરની કરોડરજ્જુ (મેરુદંડ)માં નીચેના મણકાથી માંડીને બ્રહ્મરંધ્ર સુધીમાં જુદા જુદા સ્થાને સૂક્ષ્મ સાત ચક્રો અર્થાત્ વિશિષ્ટ ચૈતન્ય કેન્દ્રો આવેલા એમ યોગવેત્તા સાધકો જણાવે છે. તેમાં સૌથી નીચેના 'મૂલાધાર' ચક્ર પાસે 'કુંડલિની' નામે દિવ્યશક્તિ અનાદિકાળથી સુસુપ્ત અવસ્થામાં પડેલી છે. સાડા ત્રણ આંટા ગૂંચળું વાળીને અધોમુખી નાગણ જેવી તેની સૂક્ષ્મ આકૃતિ છે. ધ્યાન-જાપ-ભક્તિ આદિ દ્વારા તે શક્તિ જાગ્રત થઈ ઉર્ધ્વમુખી બની ક્રમશઃ ચક્રોનું ભેદન કરતી કરતી બ્રહ્મરંધ્રમાં આવેલ સહસ્રારચક્રમાં પ્રવેશ કરે છે ત્યારે સાધકને સમાધિ દશામાં આત્મસાક્ષાત્કાર થઈ શકે છે. કુંડલિની શક્તિ સહેલાઈથી ઉર્ધ્વગમન કરી શકે તે માટે વચ્ચે આવતા ચક્રોનું શુદ્ધિકરણ જરૂરી છે. તેની શુદ્ધિ માટે તે તે ચક્રોમાં નવકારનો જાપ સહાયક બની શકે છે એમ અનુભવી સાધકો પાસેથી જાણવા મળ્યું છે. એટલે નીચે મુજબ ચક્રોમાં નવકાર જાપ કરી શકાય.

પદ	કયા ચક્રમાં	સ્થાન
(૧) નમો અરિહંતાણં	આજ્ઞાચક્ર	ભ્રકૂટી વચ્ચે–ચાંદલો કરવાના સ્થાને.
(૨) નમો સિદ્ધાણં	સહસ્રારચક્ર	બ્રહ્મરંધ્રમાં–ચોટલી રાખવાના સ્થાને
(૩) નમો આયરિયાણં	વિશુદ્ધિચક્ર	ગળામાં–કંઠમણિની જગ્યાએ
(૪) નમો ઉવજ્ઝાયાણં	અનાહતચક્ર	હૃદય પાસે
(૫) નમો લોએ સવ્વસાહૂણં	મણિપૂર ચક્ર	નાભિ પાસે
(૬) એસો પંચનમુક્કારો	સ્વાધિષ્ઠાન ચક્ર	નાભિથી આઠેક આંગળ નીચે
(૭) સવ્વ-પાવપ્પણાસણો	સ્વાધિષ્ઠાન ચક્ર	નાભિથી આઠેક આંગળ નીચે
(૮) મંગલાણં ચ સવ્વેસિં	મૂલાધાર ચક્ર	કરોડ રજ્જુના છેલ્લા મણકા પાસે.
(૯) પઢમં હોઈ મંગલં	મૂલાધાર ચક્ર	કરોડ રજ્જુના છેલ્લા મણકા પાસે

ઉપરોક્ત ચક્રો મુખ્યત્વે કરોડરજ્જુના અંદરના ભાગમાં આવેલા જાણવા. પદ્માસન, અર્ધપદ્માસન કે સુખાસન (પલાંઠી)માં ટટ્ટાર બેસીને બંધ આંખે ઉપયોગને તે તે ચક્રોના સ્થાનમાં ક્રમશઃ લઈને નવકારનો જાપ રોજ ૧૦૮ વખત કરવાથી અનુક્રમે ચક્રોમાં રહેલી અશુદ્ધિ દૂર થાય છે ચિત્તની ચંચળતા ઓછી થાય છે. તથા ક્રમશઃ કુંડલિની જાગ્રત થઈ ઉર્દ્વગમન કરી આજ્ઞાચક્રથી આગળ જતાં ધ્યાન–સમાધિદશાનો અનુભવ થવાપૂર્વક આત્માનુભૂતિ થઈ શકે છે.

એકેક ચક્રમાં એકેક પદને બદલે દરેક ચક્રમાં ૧-૧ આખા નવકારનો જાપ પણ કરી શકાય.

(૯) અર્થ સાથે નવકાર જાપ :

નવકાર મહામંત્રનો શબ્દાર્થ તથા વિશેષાર્થ જાણવાથી, જાપ કરતી વખતે પંચ પરમેષ્ઠી ભગવંતો પ્રત્યે અત્યંત અહોભાવ-સમર્પણભાવ ઉત્પન્ન થવાથી ચિત્ત સહેલાઈથી સ્થિર થઈ શકે છે. તે માટે નીચે મુજબ અર્થ સહિત નવકાર જાપ પણ કરી શકાય.

નમો અરિહંતાણં – અરિહંત ભગવંતોને નમસ્કાર થાઓ
નમો સિદ્ધાણં – સિદ્ધ ભગવંતોને નમસ્કાર થાઓ
નમો આયરિયાણં – આચાર્ય ભગવંતોને નમસ્કાર થાઓ
નમો ઉવજ્ઝાયાણં – ઉપાધ્યાય ભગવંતોને નમસ્કાર થાઓ
નમો લોએ સવ્વસાહૂણં – લોકમાં રહેલા સર્વ સાધુ-સાધ્વી ભગવંતોને નમસ્કાર થાઓ
એસો પંચનમુક્કારો – આ પાંચ (પરમેષ્ઠી ભગવંતો)ને કરેલો નમસ્કાર
સવ્વપાવપ્પણાસણો – સર્વ પાપોનો પ્રણાશક છે
મંગલાણં ચ સવ્વેસિં – અને સર્વ મંગલોમાં
પઢમં હોઈ મંગલં – પ્રથમ મંગલ છે

તદુપરાંત પંચ પરમેષ્ઠી ભગવંતોનું અત્યંત અદ્ભુત બાહ્ય તેમજ આભ્યંતર સ્વરૂપ, તેમના વિશિષ્ટ સદ્ગુણો તથા આપણી ઉપરના તેમના અગણિત ઉપકારોની વિસ્તૃત સમજ ગુરુગમથી તેમજ સદ્વાંચન દ્વારા મેળવવાથી જાપ કરવાથી તે તે પદો બોલતાંની સાથે જ તે તે પરમેષ્ઠી ભગવંતોનું સ્વરૂપ માનસચક્ષુ સમક્ષ ઉપસી આવે છે. જેથી ખૂબ જ આનંદ આવે છે તથા ચિત્ત બહાર ભટકતું આપોઆપ અટકી જાય છે.

તેથી અહીં પંચ પરમેષ્ઠી ભગવંતોના ૧૦૮ ગુણોનું સ્વરૂપ દર્શાવાય છે.

જાપ સિવાયના સમયમાં ક્યારેક શાંત બેસી, આંખો મીંચીને પંચ પરમેષ્ઠી ભગવંતોના ગુણોની અનુપ્રેક્ષા કરવાથી અવર્ણનીય આનંદની અનુભૂતિ થઈ શકે છે.

શ્રી પંચપરમેષ્ઠીના ૧૦૮ ગુણો

● અરિહંત ભગવાન અને તેમના બાર ગુણો ●

અરહિંત ભગવાને[1] ચાર કર્મનો ક્ષય કરેલો છે, છતાં નિકટ ઉપકારી હોવાથી, આઠે કર્મના ક્ષય કરનાર સિદ્ધ ભગવાનની પહેલાં તેમને નમસ્કાર કરવામાં આવ્યા છે.

અરિહંત : રાગદ્વેષ રૂપી કર્મ-શત્રુને જીતી, ચાર ઘાતીકર્મનો ક્ષય કરી, કેવલજ્ઞાન પામી, ભવ્ય જીવોને બોધ દેતા અથવા બોધ દેવાને વિચરતા, તીર્થંકર ભગવાન તે અરિહંત. તેમના આઠ પ્રાતિહાર્ય અને ચાર અતિશય (અદ્‌ભુત ગુણ) મળીને આ પ્રમાણે બાર ગુણ હોય છે :

૧. અશોકવૃક્ષ : જ્યાં અરિહંત ભગવાનનું સમવસરણ રચવામાં આવે છે, ત્યાં તેમના દેહથી બારગણું આસોપાલવનું વૃક્ષ દેવો વડે રચવામાં આવે છે. તેની નીચે બેસી પ્રભુ દેશના (ધર્મોપદેશ) આપે છે.

૨. સુરપુષ્પવૃષ્ટિ : સમવસરણની એક યોજન પ્રમાણ ભૂમિમાં, પાણીમાં અને જમીન ઉપર ઉત્પન્ન થયેલાં પાંચ વર્ણનાં સુગંધી સચિત્ત ફૂલોની વૃષ્ટિ ઢીંચણ પ્રમાણ દેવતાઓ કરે છે.

૩. દિવ્ય ધ્વનિ : ભગવાનની માલકૌંષ રાગવાળી વાણી સાથે વીણા, વાંસળી આદિ વાજંત્રોથી દેવતાઓ સ્વર પૂરે છે.

૪. ચામર : રત્નજડિત સુવર્ણની દાંડીવાળા ચાર જોડી શ્વેત ચામરો સમવસરણમાં દેવતાઓ ભગવાનને વીંઝે છે.

૫. આસન : દેવતાઓ ભગવાનને બેસવા માટે રત્નજડિત સુવર્ણનું સિંહાસન સમવસરણમાં રચે છે.

૬. ભામંડલ : ભગવાનના મસ્તકની પાછળ શરદ ઋતુના સૂર્યનાં કિરણો જેવું ઉગ્ર તેજવાળું ભામંડલ દેવતાઓ રચે છે, તેમાં ભગવાનનું તેજ સંક્રમાય છે. તેમ ન કરે તો ભગવાનના મુખ સામે જોઈ શકાય નહિ.

૭. દુંદુભિ : ભગવાનના સમવસરણ વખતે દેવતાઓ દેવદુંદુભિ ઇત્યાદિ વાજંત્રો વગાડે છે. તે એમ સૂચવે છે કે 'હે ભવ્યો! તમે શિવપુરના સાર્થવાહ તુલ્ય આ ભગવંતને સેવો!'

૮. છત્ર : સમવસરણમાં ભગવાન પૂર્વાભિમુખે બેસે છે, અને બીજી ત્રણ દિશાઓમાં દેવતાઓ તે ભગવંતના જ પ્રતિબિંબો સ્થાપે છે. તેમના મસ્તક ઉપર શરદચંદ્ર જેવા સફેદ મોતીના હારોથી સુશોભિત ઉપરાઉપરી ત્રણ ત્રણ છત્રો રચે છે, તેથી કુલ બાર છત્રો હોય છે. અન્ય વખતે ત્રણ જ છત્ર હોય છે. સમવસરણ ન હોય ત્યારે પણ અરિહંત પ્રભુને આ આઠ પ્રાતિહાર્યો[2] હોય જ છે.

પ્રભાવસૂચક લક્ષણવાળા, ઉત્કૃષ્ટતાવાળા વિશિષ્ટ ચમત્કારવાળા ચાર અતિશય આ પ્રમાણે છે :

૧. અપાયાપગમ અતિશય :

આ અતિશય ઉપદ્રવનો નાશ કરનાર છે. તેના બે પ્રકારો છે : (અ) સ્વાશ્રયી (બ) પરાશ્રયી.

(અ) સ્વાશ્રયી : પોતાના સંબંધમાં ઉપદ્રવનો નાશ કરનાર છે. તેના આ પ્રમાણે બે પ્રકાર છે :

---

૧. અરિહંત શબ્દનું નિરુક્ત શ્રી ભદ્રબાહુ સ્વામીએ આ.નિ.માં આ પ્રમાણે કહ્યું છે :

इंदिय-विसय-कसाये, परिसहे वेयणा उवसग्गे।
एए अरिणो हंता, अरिहंता तेण वुच्चंति ॥९१९॥

અર્થ : ઇંદ્રિયો, વિષયો, કષાયો, પરિષહો, વેદનાઓ, ઉપસર્ગો આ સઘળા અંતરંગ ભાવશત્રુઓ છે. એ શત્રુઓને હણનારા અરિહંતો કહેવાય છે.

૨. પ્રાતિહાર્ય એટલે પ્રતિહારી-દ્વારના રખેવાળ તરીકે પ્રભુ પાસે રહે છે તે.

(ક) **દ્રવ્ય ઉપદ્રવ :** સર્વ પ્રકારના બાહ્ય-રોગો.

(ખ) **ભાવ ઉપદ્રવ :** નીચે પ્રમાણેનાં અઢાર અંતરંગ દૂષણ .

૧. દાનાંતરાય, ૨. લાભાંતરાય, ૩. ભોગાંતરાય, ૪. ઉપભોગાંતરાય, ૫. વીર્યાંતરાય, ૬. હાસ્ય, ૭. રતિ, ૮. અરતિ, ૯. ભય, ૧૦. શોક, ૧૧. નિંદા, ૧૨. કામ, ૧૩. મિથ્યાત્ત્વ, ૧૪. અજ્ઞાન, ૧૫. નિદ્રા, ૧૬. અવિરતિ, ૧૭. રાગ, ૧૮. દ્વેષ.

(આ અઢાર દૂષણ બીજી રીતે પણ ગણાય છે.)

(બ) **પરાશ્રયી :** અન્યના ઉપદ્રવો નાશ પામે. એટલે, જ્યાં ભગવાન વિચરે, ત્યાં દરેક દિશામાં મળીને સવાસો યોજન સુધીમાં પ્રાયઃ રોગ, મરકી, વૈર, અતિવૃષ્ટિ, દુષ્કાળ ઈત્યાદિ થાય નહિ.

૨. જ્ઞાનાતિશય :

આ અતિશયથી ભગવાન લોકાલોકનું સર્વ સ્વરૂપ સર્વ પ્રકારે જાણે છે. કારણ કે તેમને કેવલજ્ઞાન છે, તેથી કાંઈ પણ તેમની જાણ બહાર રહી શકતું નથી.

૩. પૂજાતિશય : શ્રી તીર્થંકર સર્વને પૂજ્ય છે. એટલે કે રાજા, વાસુદેવ, ચક્રવર્તી, દેવતાઓ અને ઇંદ્રો ઇત્યાદિ સર્વ તેમને પૂજે છે અથવા તેમને પૂજવાની અભિલાષા કરે છે.

૪. વચનાતિશય : શ્રી તીર્થંકરદેવની વાણી દેવ, મનુષ્ય તિર્યંચ સર્વે પોતપોતાની ભાષામાં સમજે છે. કારણ કે, તેમની વાણી સર્વ ભાષામાં સમજાય તેવી, સાંસ્કારિક પાંત્રીશ ગુણોવાળી[1] હોય છે.

અન્ય દેવો કરતાં શ્રી અરિહંત પરમાત્માની વિશેષતા બતાવવા માટે શાસ્ત્રકારોએ ચોત્રીસ અતિશયોનું[2] વર્ણન કરેલ છે. તેમાંથી ચાર અતિશયો તીર્થંકરોને જન્મથી હોય છે, અગિયાર અતિશયો કર્મના ક્ષયથી પ્રાપ્ત થાય છે અને ઓગણીસ અતિશયો દેવતાઓના કરેલા હોય છે. ચોત્રીશે અતિશયોને બાર ગુણોમાં સમાવેશ કરી તેને શ્રી અરિહંત પરમાત્માનાં બાર ગુણો તરીકે ઓળખાવવામાં આવ્યા છે.

---

૧. શ્રી તીર્થંકરની વાણીના ૩૫ ગુણો :

૧. સર્વ ઠેકાણે સમજાય તેવી, ૨. યોજન પ્રમાણ સંભળાય તેવી, ૩. પ્રૌઢ, ૪. મેઘ જેવી ગંભીર, ૫. શબ્દ વડે સ્પષ્ટ, ૬. સંતોષકારક, ૭. દરેક મનુષ્યને એમ લાગે કે તેઓ મને જ કહે છે એવી, ૮. પુષ્ટ અર્થવાળી ૯. પૂર્વાપર વિરોધ રહિત, ૧૦. મહાપુરુષને છાજે તેવી, ૧૧. સંદેહ વિનાની, ૧૨. દૂષણ રહિત અર્થવાળી, ૧૩. કઠણ વિષયને સહેલો કરે તેવી, ૧૪. જ્યાં જેવું શોભે તેવું બોલાય, ૧૫. ષડ્દ્રવ્ય અને નવ તત્ત્વને પુષ્ટ કરે તેવી, ૧૬. પ્રયોજન સહિત, ૧૭. પદરચના સહિત, ૧૮. છ દ્રવ્ય નવ તત્ત્વે પટુતા સહિત, ૧૯. મધુર, ૨૦. પારકો મર્મ જણાઈ ન આવે તેવી ચતુરાઈવાળી, ૨૧. ધર્મ, અર્થ પ્રતિબદ્ધ, ૨૨. દીપ સમાન પ્રકાશ-અર્થ સહિત, ૨૩. પરનિંદા અને પોતાના વખાણ વિનાની, ૨૪. કર્તા, કર્મ, ક્રિયા, કાળ, વિભક્તિ સહિત, ૨૫. આશ્ચર્યકારી, ૨૬. વક્તા સર્વ ગુણ સંપન્ન છે એવું જેમાં લાગે તેવી, ૨૭. ધૈર્યવાળી, ૨૮. વિલંબ રહિત, ૨૯. ભ્રાંતિ રહિત, ૩૦. સર્વે પોતે પોતાની ભાષામાં સમજે તેવી, ૩૧. શિષ્ટ બુદ્ધિ ઉપજાવે તેવી, ૩૨. પદના અર્થને અનેક રીતે વિશેષ આરોપણ કરી બોલે તેવી, ૩૩. સાહસિકપણે બોલે તેવી, ૩૪. પુનરુક્તિ દોષ વિનાની, ૩૫. સાંભળનારને ખેદ ન ઉપજે તેવી.

૨. શ્રી અરિહંત ભગવાનના ૩૪ અતિશયો :

૧. શરીર અનંત રૂપમય, સુગંધમય, રોગ રહિત, પરસેવા રહિત અને મળ રહિત હોય, ૨. રુધિર તથા માંસ ગાયના દૂધ સમાન ધોળા અને દુર્ગંધ વગરનાં હોય, ૩. આહાર તથા નિહાર ચર્મચક્ષુથી અદશ્ય હોય, ૪. શ્વાસોશ્વાસમાં કમળ જેવી સુગંધ હોય. (આ ચાર અતિશય જન્મથી જ હોય છે, માટે 'સહજ અતિશય' કહેવાય છે.) ૫. યોજન પ્રમાણ સમવસરણમાં મનુષ્ય, દેવ અને તિર્યંચની કોડાકોડી સમાય અને તેમને બાધા થાય નહિ, ૬. ચારે બાજુ પચીસ પચીસ યોજન સુધી પૂર્વોત્પન્ન રોગ ઉપશમે અને નવા રોગ થાય નહિ, ૭. વૈરભાવ જાય, ૮. મરકી થાય નહિ, ૯. અતિવૃષ્ટિ એટલે હદ ઉપરાંત વરસાદ થાય નહિ, ૧૦. અનાવૃષ્ટિ એટલે

આ રીતે આઠ પ્રાતિહાર્ય અને ચાર અતિશય મળી બાર ગુણો શ્રી અરિહંત ભગવાનના થયા.

● **સિદ્ધ ભગવાન અને તેમના આઠ ગુણો** ●

આઠ કર્મનો ક્ષય કરી જેમણે અંતિમ સાધ્ય એવું જે મોક્ષપદ સાધ્યું છે, તે **સિદ્ધ.**[1]

તેમના આઠ ગુણ આ પ્રમાણે છે :

૧. અનંત જ્ઞાન : જ્ઞાનાવરણીય કર્મનો સર્વથા ક્ષય થવાથી અંત વિનાનું કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. તેનાથી સર્વ લોકાલોકનું સ્વરૂપ સમસ્ત પ્રકારે જાણે છે.

૨. અનંત દર્શન : દર્શનાવરણીય કર્મનો સર્વથા ક્ષય થવાથી અંતવિનાનું કેવળદર્શન પ્રાપ્ત થાય છે. તેનાથી લોકાલોકનુ સ્વરૂપ જુએ છે.

૩. અવ્યાબાધ : વેદનીય કર્મનો સર્વથા ક્ષય થવાથી સર્વ પ્રકારની પીડા રહિત નિરુપાધીપણું પ્રાપ્ત થાય છે.

૪. અનંત ચારિત્ર : મોહનીય કર્મનો ક્ષય થવાથી અનંત ચારિત્ર ગુણ પ્રાપ્ત થાય છે. તેમાં ક્ષાયિક સમ્યકત્વ અને યથાખ્યાત ચારિત્રનો સમાવેશ થાય છે, તેથી સિદ્ધ ભગવાન આત્મ-સ્વભાવમાં સદા સ્થિર છે, તે જ ત્યાં ચારિત્ર છે.

૫. અક્ષય સ્થિતિ : આયુષ્ય કર્મનો ક્ષય થવાથી કદી નાશ ન થાય તેવી સ્થિતિ પ્રાપ્ત થાય છે. સિદ્ધની સ્થિતિનો આદિ છે, પણ અંત નથી. તેથી તેમની સ્થિતિ 'સાદિ છતાં અનંત' કહેવાય છે.

૬. અરૂપીપણું : નામ કર્મનો ક્ષય થવાથી વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ રહિત થાય છે. કેમ કે, શરીર હોય તો જ વર્ણાદિક હોય છે; પણ સિદ્ધને શરીર નથી તેથી તેમને અરૂપીપણું પ્રાપ્ત થાય છે.

૭. અગુરુલઘુ : ગોત્ર કર્મનો ક્ષય થવાથી આ ગુણ પ્રાપ્ત થાય છે; તેથી ભારે, હળવો કે

વરસાદનો અભાવ થાય નહિ, ૧૧. દુર્ભિક્ષ એટલે દુષ્કાળ ન પડે, ૧૨. સ્વચક્ર એટલે પોતાના રાજ્ય તરફથી, પરચક્ર એટલે પરરાજ્ય તરફથી ભય ન હોય, ૧૩. ભગવંતની વાણી દેવ, મનુષ્ય અને તિર્યંચ પોતપોતાની ભાષામાં સમજે, ૧૪. એક યોજન સુધી સરખી રીતે ભગવંતની વાણી સંભળાય, ૧૫. સૂર્યથી બાર ગણું તેજવાળું ભામંડળ પ્રભુની પાછળ મસ્તક પાસે હોય. (આ પાંચથી પંદર સુધીના ૧૧ અતિશયો કેવળજ્ઞાન વખતે થાય, તેથી તે 'કર્મક્ષયજ અતિશય' કહેવાય ૬ થી ૧૨ સુધીના ૭ રોગાદિ ઉપદ્રવો ભગવાન વિહાર કરે, ત્યારે પણ ચારે દિશાએ પચીસ પચીસ યોજન સુધી ન હોય). ૧૬. આકાશમાં ધર્મચક્ર હોય. ૧૭. બાર જોડી (ચોવીસ) ચામર અણવિંઝ્યાં વિંઝાય. ૧૮. પાદપીઠ સહિત સ્ફટિક રત્નનું ઉજ્જવળ સિંહાસન હોય. ૧૯. ત્રણ છત્ર (સમવસરણ વખતે દરેક દિશાએ) હોય. ૨૦. રત્નમય ઇંદ્રધ્વજ હોય. ૨૧. નવ સુવર્ણ કમળ ઉપર ચાલે. બે ઉપર પગ મૂકે અને સાત પાછળ રહે. તેમાંથી વારાફરતી બે બે આગળ આવે. ૨૨. મણિ, સુવર્ણ અને રૂપાના ત્રણ ગઢ હોય. ૨૩. ચાર મુખે કરી ધર્મદેશના આપે છે એમ દેખાય. (પૂર્વ દિશા સામે ભગવંત બેસે. બાકીની ત્રણ દિશાએ ત્રણ પ્રતિબિંબ વ્યંતરદેવ સ્થાપે.) ૨૪. સ્વશરીરથી બાર ગણું ઊંચું અશોક વૃક્ષ, છત્ર, ઘંટા, પતાકા આદિથી યુક્ત હોય. ૨૫. કાંટા અધોમુખ એટલે અવળા થઈ જાય. ૨૬. ચાલતી વખતે સર્વ વૃક્ષો નમી પ્રણામ કરે. ૨૭. ચાલતી વખતે આકાશમાં દુંદુભિ વાગે. ૨૮. યોજન સુધીમાં અનુકૂળ વાયુ હોય. ૨૯. મોર વગેરે સારાં પક્ષીઓ પ્રદક્ષિણા કરતાં ફરે. ૩૦. સુગંધી જળની વૃષ્ટિ થાય. ૩૧. જળ-સ્થળમાં ઉપજેલાં પાંચ વર્ણવાળાં સચિત ફૂલની ઢીંચણ સુધી વૃષ્ટિ થાય. ૩૨. કેશ, રોમ, દાઢી, મૂછના વાળ અને નખ દીક્ષા લીધા પછી વધે નહિ. ૩૩. સર્વ ઋતુઓ અનુકૂળ રહે. ૩૪. જઘન્યથી કોટી દેવતાનો પરિવાર હોય. (આ છેલ્લા ૧૬ થી ૩૪ સુધીના ૧૯ અતિશયો દેવતાઓ કરે છે, તેથી તે 'દેવકૃત અતિશય' કહેવાય છે).

૧ . આ.નિ.માં આ પ્રમાણે નિર્દેશ છે :

નિત્થિ(ચ્છિ)ન્ન સવ્વદુક્ખા, જાઈ જરા મરણ બંધ વિમુક્કા।
અવ્વાબાહં સુક્ખં, અણુહવંતિ સાસયં સિદ્ધા ॥ ૯૮૮ ॥

અર્થ : સર્વ દુઃખોને સર્વથા તરી ગયેલા અને જન્મ, જરા તથા મરણનાં બંધનથી મુક્ત થયેલા સિદ્ધો શાશ્વત અને અવ્યાબાધ સુખનો અનુભવ કરે છે. એટલે કે જેમણે મોક્ષની પ્રાપ્તિ કરેલી છે, તેઓ 'સિદ્ધ' કહેવાય છે.

ઊંચનીચનો વ્યવહાર રહેતો નથી.

૮. અનંત વીર્ય : અંતરાય કર્મનો ક્ષય થવાથી અનંત દાન, અનંત લાભ, અનંત ભોગ, અનંત ઉપભોગ અને અનંત વીર્ય—એ ગુણો પ્રાપ્ત થાય છે. એટલે તેમને અનંત શક્તિ પ્રાપ્ત થાય છે. સમસ્ત લોકને અલોક અને અલોકને લોક કરી શકે તેવી શક્તિ સ્વાભાવિક રીતે સિદ્ધમાં રહેલી છે; છતાં તેવું વીર્ય કદી ફોરવતા નથી અને ફોરવશે નહિ; કેમ કે, પુદ્ગલ સાથેની પ્રવૃત્તિ એ તેમનો ધર્મ નથી. એ ગુણથી પોતાના આત્મિક ગુણો છે, તેવાને તેવા રૂપે ધારી રાખે, ફેરફાર થવા દે નહિ.

● આચાર્ય મહારાજ અને તેમના છત્રીસ ગુણો ●

પાંચ આચારને પાળે, બીજાને પાળવાનો ઉપદેશ આપે અને સાધુ પ્રમુખને પાંચ પ્રકારના આચારને દેખાડનારા ગચ્છના નાયક તે આચાર્ય મહારાજ. તેમના ગુણોનું સ્વરૂપ આ પ્રમાણે છે :

પાંચ ઇંદ્રિયો :

૧. સ્પર્શ(ચામડી), ૨. રસના(જીભ), ૩. ઘ્રાણ(નાસિકા), ૪. ચક્ષુ(આંખ), ૫. શ્રોત (કાન). આ પાંચે ઇંદ્રિયોના ત્રેવીશ વિષયોમાં મનગમતા ઉપર રાગ અને અણગમતા ઉપર દ્વેષ આચાર્ય મહારાજ કરે નહિ.

બ્રહ્મચર્ય (શિયળ)ની નવ વાડો :

૧. સ્ત્રી, પશુ, નપુંસક જ્યાં ન હોય ત્યાં વસે.
૨. સ્ત્રીની સાથે સ્ત્રી સંબંધી રાગથી વાતો કરે નહિ.
૩. સ્ત્રી બેઠી હોય તે આસને બે ઘડી સુધી પુરુષ બેસે નહિ.
૪. રાગ વડે સ્ત્રીનાં અંગોપાંગ જુએ નહિ.
૫. સ્ત્રી-પુરુષ સૂતાં હોય અથવા કામક્રીડા કરતાં હોય, ત્યાં ભીંત પ્રમુખના આંતરે રહે નહિ.
૬. પૂર્વે કરેલી કામભોગની ક્રીડાને સંભારે નહિ.
૭. સ્નિગ્ધ-રસકસવાળો માદક આહાર કરે નહિ.
૮. ભૂખ શાંત થાય, તેથી વધુ નિરસ આહાર કરે નહિ.
૯. શરીરની શોભા-ટાપટીપ કરે નહિ.

આ નવ પ્રકારની શિયળ વ્રતની વાડોને ધારણ કરનાર.

ચાર પ્રકારના કષાયો :

ક્રોધ, માન, માયા, લોભ. આ ચાર પ્રકારના કષાય કરે નહિ.

પાંચ મહાવ્રતો :

૧. પ્રાણાતિપાત વિરમણ : કોઈ જીવની હિંસા ન કરવી.

૨. મૃષાવાદ વિરમણ : ગમે તેવું કષ્ટ આવી પડે તો પણ અસત્ય વચન બોલવું નહિ.

૩. અદત્તાદાન વિરમણ : કોઈએ આપ્યા વગરની પારકી કોઈ પણ ચીજ-વસ્તુ લેવી નહિ.

૪. મથુન વિરમણ : મન, વચન અને કાયાએ કરી બ્રહ્મચર્ય-શિયળ પાળવું.

૫. પરિગ્રહ વિરમણ : કોઈ પણ વસ્તુનો મૂર્છાથી સંગ્રહ કરવો નહિ.

આ પાંચ મહાવ્રતો ધારણ કરનાર.

પાંચ પ્રકારના આચાર :

૧. જ્ઞાનાચાર : જે ક્રિયા અથવા નિયમોને અનુસરવાથી સમ્યક્ જ્ઞાનની વૃદ્ધિ થાય.

૨. દર્શનાચાર : જે ક્રિયા અથવા નિયમોને અનુસરવાથી શ્રદ્ધા રૂપ સમ્યક્ દર્શનની વૃદ્ધિ થાય.

૩. ચારિત્રાચાર : જે ક્રિયા અથવા નિયમોને અનુસરવાથી સમ્યક્ ચારિત્રની વૃદ્ધિ થાય.

૪. તપાચાર : જે ક્રિયા અથવા નિયમોને અનુસરવાથી સમ્યક્ તપની વૃદ્ધિ થાય.

૫. વીર્યાચાર : સંયમના પાલનમાં બળ, વીર્ય અને પરાક્રમનો સંપૂર્ણ ઉપયોગ કરવો.

ઉપરોક્ત સુવિહિત આચરણો પાળે.

પાંચ સમિતિ :

સમિતિ એટલે સમ્યક્ પ્રવૃત્તિ.

૧. ઇર્યા સમિતિ : કોઈપણ નાના જીવને આઘાત-ત્રાસ ન થાય તેવી રીતે કાળજી રાખીને ચાલવું.

૨. ભાષા સમિતિ : નિર્વદ્ય-પાપ રહિત વચન બોલવું.

---

૩. **અપણા સમિતિ :** બેંતાળીશ દોષ રહિત ગવેષી ગોચરી લેવી.

૪. **આદાન નિક્ષેપણા સમિતિ :** વસ્ત્ર, પાત્ર, ઉપકરણાદિ જીવહિંસા ન થાય તેવી સાવધાનીથી લેવાં-મૂકવાં.

૫. **પારિષ્ઠાપનિકા સમિતિ :** મળ, મૂત્ર, શ્લેષ્મ આદિને જીવહિંસા ન થાય, તેવી સાવધાનીપૂર્વક પરઠવવા.

આ પાંચ પ્રકારની સમિતિ પાળે.

ત્રણ ગુપ્તિ :

ગુપ્તિ એટલે સંયમના પાલન માટે પ્રશસ્ત એવી નિવૃત્તિ; એટલે મન, વચન, કાયાથી ઉત્પન્ન થતી અસત્ પ્રવૃત્તિઓને રોકવી.

૧. **મનોગુપ્તિ :** મનને દુષ્ટ વિચારોમાં પ્રવર્તવા નં દેવું.

૨. **વચનગુપ્તિ :** ખાસ જરૂર વિના ન બોલવું.

૩. **કાયગુપ્તિ :** કાયાથી બને તેટલી ઓછી પ્રવૃતિ કરવી.

આ ત્રણ ગુપ્તિ પાળે.

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ મળીને **'અષ્ટ પ્રવચનમાતા'** છે. (આ ઉપરાંત બીજી રીતે પણ છત્રીશ ગુણ ગણાય છે.)

● ઉપાધ્યાય મહારાજ અને તેમના પચ્ચીસ ગુણો ●

જેમની સમીપે નિવાસ કરવાથી શ્રુતજ્ઞાનનો લાભ થાય તે 'ઉપાધ્યાય' કહેવાય. તે શ્રુત શ્રી જિનેશ્વર દેવોએ કહેલું છે. દ્વાદશાંગી રૂપ અગિયાર અંગ અને બાર ઉપાંગનું પોતાને જ્ઞાન હોય અને તે બીજાને ભણાવે. આ ઉપરાંત ચરણ સિત્તરી (ઉત્તમ ચારિત્ર) અને કરણ સિત્તરી (ઉત્તમ ક્રિયા) એ બે મળીને 'ઉપાધ્યાય' ના પચ્ચીસ ગુણો આ પ્રમાણે થાય છે :

અગિયાર અંગો	**બાર ઉપાંગો**
૧. આચારાંગ	૧. ઉવવાઈઅ
૨. સૂયગડાંગ	૨. રાયપસેણી
૩. ઠાણાંગ	૩. જીવાજીવાભિગમ
૪. સમવાયાંગ	૪. પન્નવણા
૫. ભગવતી (વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ)	૫. જંબૂદીવ પન્નતિ
૬. જ્ઞાતા ધર્મકથાંગ	૬. સૂર પન્નતિ
૭. ઉપાસક દશાંગ	૭. ચંદ પન્નતિ
૮. અંતગડ દશાંગ	૮. કપ્પિયા
૯. અનુતરોવવાઈ દશાંગ	૯. કપ્પવડિંસિયા
૧૦. પણહાવાગરણ	૧૦. પુપ્ફિયા
૧૧. વિવાગસુય	૧૧. પુપ્ફિચૂલિયા
	૧૨. વન્હિદસા

બે સિત્તરી

૧ ચરણ સિત્તરી ૨. કરણ સિત્તરી

(અગિયાર અંગ અને ચૌદ પૂર્વનાં નામની રીતે ગણતાં પણ પચ્ચીસ ગુણ થાય છે.)

● સાધુ મહારાજ અને તેમના સત્યાવીશ ગુણો ●

જે આત્મહિતને સાધે અને પરહિતને સધાવે અથવા સર્વવિરતિ રૂપ ચારિત્ર લઈ મોક્ષના અનુષ્ઠાનને સાધે, તે 'સાધુ મુનિરાજ'[1] કહેવાય છે. તેમના ૨૭ ગુણ આ પ્રમાણે છે :

૧ પ્રાણાતિપાત વિરમણ	૧૧ વનસ્પતિકાય રક્ષા
૨ મૃષાવાદ વિરમણ	૧૨ ત્રસકાય રક્ષા
૩ અદત્તાદાન વિરમણ	૧૩ સ્પર્શેંદ્રિય નિગ્રહ
૪ મૈથુન વિરમણ	૧૪ રસેંદ્રિય નિગ્રહ
૫ પરિગ્રહ વિરમણ	૧૫ ઘ્રાણેંદ્રિય નિગ્રહ
૬ રાત્રિભોજન ત્યાગ	૧૬ ચક્ષુઇંદ્રિય નિગ્રહ
૭ પૃથ્વીકાય રક્ષા	૧૭ શ્રોત્રેંદ્રિય નિગ્રહ
૮ અપકાય રક્ષા	૧૮ લોભનો નિગ્રહ કરે
૯ તેઉકાય રક્ષા	૧૯ ક્ષમા ધારણ કરે
૧૦ વાઉકાય રક્ષા	૨૦ ચિત્તને નિર્મળ રાખે

---

૧. આ.નિ.માં. જણાવ્યું છે કે, નિર્વાણ–સાધક યોગોને– ક્રિયાઓને જે કારણે સાધુઓ સાધે છે અને સર્વ પ્રાણીઓ ઉપર સમવૃત્તિને ધારણ કરે છે, તે કારણે તેઓ 'ભાવ સાધુ' કહેવાય છે.
(આ ઉપરાંત બીજી રીતે પણ સત્યાવીશ ગુણ થાય છે.)

૨૧ વસ્ત્ર વગેરેની પડિલેહણા
૨૨. સંયમમાં રહે
૨૩ અકુશળ મનનો નિરોધ
૨૪ અકુશળ વચનનો નિરોધ
૨૫ અકુશળ કાયાનો નિરોધ
૨૬ શીતાદિ પરિષહો સહન કરે
૨૭ મરણાદિ ઉપસર્ગો સહન કરે
(પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ આદરવી અને નિદ્રા, વિકથા તથા અવિવેકનો ત્યાગ)

પ્રશ્નોત્તરી

પ્રશ્ન ૧ અરિહંત પરમાત્માના ૪ અઘાતી કર્મ (વેદનીય-આયુષ્ય-નામગોત્ર કર્મ) બાકી હોય છે. જ્યારે સિદ્ધ ભગવંતોના સર્વ કર્મનો ક્ષય થઈ ગયો હોય છે. છતાં નવકારમાં સિદ્ધ કરતાં અરિહંતને પ્રથમ નમસ્કાર શા માટે કરવામાં આવે છે?

જવાબ : અશરીરી એવા સિદ્ધ પરમાત્માની ઓળખાણ કરાવનારા હોવાથી તેમજ સિદ્ધ પરમાત્મા બનવા માટેનો મોક્ષમાર્ગ બતાવનારા હોવાથી અરિહંત પરમાત્મા અત્યંત વિશિષ્ટ ઉપકારી હોવાથી તેમને પ્રથમ નમસ્કાર કરવામાં આવેલ છે.

પ્રશ્ન ૨ અરિહંતની ઓળખાણ કરાવનાર આચાર્ય આદિ હોય છે તો પ્રથમ નમસ્કાર આચાર્યને કેમ કરવામાં આવેલ નથી?

જવાબ : અરિહંત પરમાત્મા સ્વયં સંબુદ્ધ બનીને કેવલજ્ઞાન પામી શાસનની સ્થાપના કરે છે ત્યારે જ આચાર્ય આદિનું અસ્તિત્વ સંભવી શકે છે. તેથી આચાર્ય કરતાં પણ અરિહંતને જ પ્રથમ નમસ્કાર કરવામાં આવેલ છે તે યોગ્ય જ છે.

પ્રશ્ન ૩ તીર્થંકર સિવાયના સામાન્ય કેવલજ્ઞાની ઓને નવકારના કયા પદ દ્વારા નમસ્કાર કરાય છે?

જવાબ : પાંચમા પદથી.

પ્રશ્ન ૪ સામાન્ય કેવલી ભગવંતોએ પણ રાગ-દ્વેષ આદિ આંતર શત્રુઓ(અરિ)ને હણી નાખ્યા હોય છે તો તેમનો સમાવેશ નવકારના પ્રથમ પદમાં કેમ ન થાય?

જવાબ : શાસ્ત્રમાં 'અરિહંત' શબ્દ તીર્થંકર પરમાત્મા માટે જ રૂઢ થયેલો માનવામાં આવેલ છે. તેથી સામાન્ય કેવલી ભગવંતોનો સમાવેશ પ્રથમ પદમાં થઈ શકતો નથી.

પ્રશ્ન ૫ અરિહંત અને સામાન્ય કેવલીમાં તફાવત શું હોય છે?

જવાબ : કેવલજ્ઞાન આદિ આંતરિક સ્વરૂપની અપેક્ષાએ કોઈ તફાવત હોતો નથી. પરંતુ અરિહંત પરમાત્માને તીર્થંકર નામકર્મના ઉદયથી અશોક-વૃક્ષ આદિ ૮ મહાપ્રાતિહાર્યો, ૩૪ અતિશયો, તથા વાણીના ૩૫ ગુણો આદિ હોય છે તે સામાન્ય કેવલી ભગવંતોને હોતા નથી. અરિહંત પરમાત્મા ચતુર્વિધ સંઘ રૂપી તીર્થની સ્થાપના કરે છે, સામાન્ય કેવલી તેમ કરતા નથી.

પ્રશ્ન ૬ છદ્મસ્થ એવા આચાર્ય–ઉપાધ્યાય ભગવંતોને ઉભા-૪થા પદથી નમસ્કાર કરવામાં આવે છે જ્યારે સર્વજ્ઞ એવા સામાન્ય કેવલી ભગવંતોને ત્યારપછી પાંચમા પદથી કેમ નમસ્કાર કરાય છે?

જવાબ : શાસન-ગચ્છનું સુવ્યવસ્થિત રીતે સંચાલન કરવાની મહાન જવાબદારી આચાર્ય-ઉપાધ્યાય ભગવંતો સંભાળતા હોય છે. સામાન્ય કેવલી ભગવંતો ઉપર તેવી જવાબદારી હોતી નથી. માટે જ તીર્થંકર પરમાત્માની દેશના પૂર્ણ થયા બાદ તેમની પાદપીઠ પર બેસીને છદ્મસ્થ એવા પણ પ્રથમ ગણધર ભગવંત દેશના આપતા હોય છે ત્યારે સામાન્ય કેવલી ભગવંતો પણ એ પદનું

ગૌરવ જળવાય તે માટે તેમની દેશનામાં પણ હાજર રહે છે.

આમ વ્યવહાર નયની અપેક્ષાએ આચાર્ય–ઉપાધ્યાય પદનું વિશિષ્ટ મહત્ત્વ હોવાથી સામાન્ય કેવલી કરતાં તેમને પ્રથમ નમસ્કાર કરવામાં આવે છે.

પ્રશ્ન ૭ ગણધર ભગવંતોનો સમાવેશ નવકારના કયા પદમાં થાય?

જવાબ : ત્રીજા આચાર્ય પદમાં.

પ્રશ્ન ૮ હાલ મહાવિદેહ ક્ષેત્રમાં કેટલા સિદ્ધ ભગવંતો વિચરી રહ્યા છે? ફક્ત આંકડામાં જવાબ આપો.

જવાબ : ૦. (આ પ્રશ્નના ઉત્તરમાં સભામાંથી વિવિધ જવાબો મળતા હોય છે. દા.ત., ૨૦, ૧૭૦, ૨ ક્રોડ, અસંખ્ય, અનંત ઈત્યાદિ. અરિહંત અને સિદ્ધ વચ્ચેનો તફાવત સ્પષ્ટ ન થવાથી ઉપર મુજબના જવાબો મળતા હોય છે. બાકી તો સિદ્ધ ભગવંતો અશરીરી હોવાથી વિચરી શકે જ નહિ. તેઓ સિદ્ધશિલા ઉપર અરૂપી આત્મ સ્વરૂપે બિરાજમાન હોય છે જ્યારે હાલ મહાવિદેહ ક્ષેત્રમાં વિચરે છે તે ૨૦ અરિહંત પરમાત્મા કહેવાય છે.)

પ્રશ્ન ૯ સિધ્ધ ભગવંતોનો વર્ણ (રંગ) કેવો હોય છે?

જવાબ : આ પ્રશ્ન ઉત્તરમાં પણ મોટા ભાગના શ્રોતાઓ લાલ, રાતો, સફેદ વિગેરે ઉત્તર આપતા હોય છે. પરંતુ સાચો જવાબ એ છે કે સિધ્ધ ભગવંતો અશરીરી–અરૂપી હોવાથી તેમનો કોઈ જ વર્ણ હોતો નથી. પરંતુ સિધ્ધ પદની આરાધના અમુક કારણોસર શાસ્ત્રોમાં લાલવર્ણથી કરવાની કહી છે.

પ્રશ્ન ૧૦ નવકારના પાંચમા પદમાં ''લોએ'' શબ્દ મૂકવામાં આવેલ છે તેનો શો અર્થ?

જવાબ : લોએ એટલે લોકમાં. અર્થાત્ ઊર્ધ્વ–અધો અને તીર્છા એ ત્રણે લોકમાં રહેલા સર્વ સાધુ-સાધ્વી ભગવંતોને નમસ્કાર કરવા માટે 'લોએ' શબ્દ મૂકવામાં આવે છે.

મેરૂપર્વતની તળેટીમાં આવેલ સમભૂતલા પૃથ્વીથી ૯૦૦ યોજન ઉપર ઊર્ધ્વલોક ગણાય છે. તથા ૯૦૦ યોજન પછી નીચે અધો લોક ગણાય છે.

પ્રશ્ન ૧૧ ઉર્ધ્વલોક તથા અધોલોકમાં સાધુ ભગવંતો શી રીતે સંભવી શકે?

જવાબ : જંઘાચારણ તેમજ વિદ્યાચારણ મુનિવરો લબ્ધિ કે આકાશગામિની વિદ્યા વડે, ૧ લાખ યોજન ઊંચા મેરૂ પર્વતની વચ્ચે સોમનસ વન વિગેરે વિભાગમાં રહીને સાધના કરતા હોય તેઓ ઊર્ધ્વલોકમાં ગણાય.

તથા પશ્ચિમ મહાવિદેહની ધરતી સમભૂતલા પૃથ્વીથી ઢળતી ઢળતી ૧ હજાર યોજન જેટલી નીચે ઢોળાવવાળી થાય છે. ત્યાં જ સાધુ-સાધ્વી ભગવંતો હોય તે અધોલોકમાં ગણાય.

પ્રશ્ન ૧૨ નવકારના પાંચમા પદમાં 'સવ્વ' શબ્દ શા માટે મૂકવામાં આવેલ છે?

જવાબ : સવ્વ એટલે સર્વ–બધા. જો કે 'સાહૂણં' વિગેરે શબ્દો બહુવચનમાં હોવાથી અનેક સાધુઓનો સમાવેશ થઈ શકે છે. છતાં સાધુઓમાં જિનકલ્પી, સ્થવિર કલ્પી, કેવલી, મનઃપર્યવ-જ્ઞાની, અવધિજ્ઞાની, ચૌદપૂર્વધર, દશપૂર્વધર, પુલાક, બકુશ, કુશલ, ... વિગેરે અનેક પ્રકારો હોય છે. તે સર્વનો સમાવેશ કરવા માટે સ્પષ્ટપણે 'સવ્વ' શબ્દ મૂકવામાં આવેલ છે.

સિંહ જેમ ચાલતાં ચાલતાં થોડી થોડીવારે પાછળ જોતો જાય તેમ સિંહાવલોકન ન્યાયથી પાંચમા પદમાં રહેલ. 'સવ્વ' શબ્દનો સંબંધ આગળના અરિહંત આદિ ૪ પદો સાથે પણ સમજી લેવો.

વળી 'સવ્વ' એટલે 'સાર્વ' એવો પણ અર્થ થાય. સર્વ જીવો માટે હિતકારી હોય તે સાર્વ (તીર્થંકર પરમાત્મા) કહેવાય. તેમની આજ્ઞાને સમર્પિત હોય તે પણ 'સાર્વ' કહેવાય. એટલે તીર્થંકરની આજ્ઞાને વફાદાર એવા સાધુ-સાધ્વી ભગવંતોને નમસ્કાર કરવા માટે પણ 'સવ્વ' શબ્દ મૂકવામાં આવેલ છે.

———————

અચિંતચિંતામણિ નવકાર

મુનિરાજ શ્રી અમરેન્દ્રવિજયજી મ. સા.

સ્વ. શ્રી ગુલાબચંદભાઈ

[અત્રે રજૂ થયેલ અદ્‌ભુત ઘટના તથા તેનું મનનીય વિશ્લેષણ 'અચિંતચિંતામણિ નવકાર' પુસ્તકમાંથી સાભાર અક્ષરશઃ ઉદ્‌ધૃત કરવામાં આવ્યું છે. ગુલાબચંદભાઈના કુટુંબીજનો પાસેથી તેમનો ફોટો મેળવી અત્રે રજૂ કર્યો છે. લગભગ છ એક વર્ષ પહેલાં જ તેમનો દેહવિલય થયો છે.

❑ સંપાદક]

'મને કૅન્સરનો વ્યાધિ હતો. દિનપ્રતિદિન વ્યાધિ ઉગ્ર બનતો જતો હતો. સુધારો થવાની આશા ન હતી. ખોરાક બંધ થઈ ગયો હતો. છેલ્લા ચારપાંચ દિવસથી પાણી પણ લેવાતું ન હોતું. તરસ અને વેદના અસહ્ય બન્યાં હતાં. પેનિસિલિનનાં ઇંજેક્‌શનનો કોર્સ ચાલુ હતો. દર ચાર કલાકે મને એ ઇંજેક્‌શન અપાતાં હતાં.

એ સમયે એકાએક એક વિચાર મારા ચિત્ત સમક્ષ ઝબકી ગયો : 'હવે છેલ્લી ઘડી છે, બધાં થીગડાં છે.' અને વર્ષો પહેલાં વ્યાખ્યાનમાં સાંભળેલાં વચનો યાદ આવ્યાં : 'આખી જિંદગીમાં ધર્મ ભલે ન કર્યો હોય, પણ અંતિમ સમયે સર્વ જીવોને ખમાવીને, વૈર-વિરોધ ભૂલી જઈને, સકલ જીવો સાથે મૈત્રીભાવપૂર્વક નવકાર મહામંત્રનું સ્મરણ કરે તે આત્માની સદ્‌ગતિ થાય.' આથી સદ્‌ગતિ માટે મેં નવકાર મહામંત્રનું રટણ શરૂ કરી દીધું. ડૉક્‌ટરને મેં કહી દીધું કે મારે હવે કંઈ ન જોઈએ, પાણીની પણ હવે મારે જરૂર નથી.

''સૌથી સાથે મેં ખમતખામણાં કર્યાં, અને જગતના સર્વ જીવો સાથે મૈત્રીભાવની ઉદ્‌ઘોષણા કરી. પછી નવકારનું સ્મરણ ખૂબ જ ભાવપૂર્વક કર્યું. મારી પથારીની આજુબાજુ કરુણ દશ્ય દેખાતું હતું. ઘરનાં માણસો ધ્રૂસકે ધ્રૂસકે રડતાં હતાં અને નવકાર સંભળાવતાં હતાં.

''એ વસમી રાતને આજે પંદર વર્ષ થઈ ગયાં છે. નવકારે મને જીવાડ્યો. મારું જીવલેણ કૅન્સર નવકાર મહામંત્ર આગળ ન ટકી શક્યું.''

બહારગામથી આવેલ એક ભાઈ નવકારના પ્રભાવનો પોતાને મળેલ અનુભવ કહી રહ્યા હતા. એમના અવાજમાં જાત-અનુભવનો રણકો હતો. સાંજનું પ્રતિક્રમણ પૂરું થયું હતું તે પછી સુરેન્દ્રનગરના વિશાળ ઉપાશ્રયના પહેલા માળે એક બારી પાસે અમે બેઠા હતા. એમની વાત અથથી ઇતિ સુધી નિરાંતે સાંભળવાની મારી ઇંતેજારી જોઈને તેઓ વિગતે પોતાનું વૃત્તાંત કહી રહ્યા હતા.

વિક્રમ સંવત ૨૦૧૬નું એ વર્ષ હતું. અમારી એ પ્રથમ મુલાકાત થઈ. એ પહેલાં પંદર વર્ષ પૂર્વે ઉપર્યુક્ત ઘટના બનેલી, અર્થાત્ વિક્રમ સંવત ૨૦૦૧ આસપાસની આ ઘટના છે. નવકાર દ્વારા નવજીવન પ્રાપ્ત કરનાર એ બડભાગી ગુલાબચંદભાઈ* આજે સત્તાવીશ વર્ષ પછી પણ રોગમુક્ત છે અને નવકારના આલંબને ધર્મારાધના કરતા રહી અનેરી શાંતિથી સભર નિવૃત્ત જીવન ગાળી રહ્યા છે.

* શ્રી ગુલાબચંદ ખીમચંદ માસ્તર, નેમીશ્વરના દેરાસર પાસે, કાજી ચકલો, આંબલી ફળી, જામનગર (સૌરાષ્ટ્ર).

શ્રી નવકાર મહામંત્રમાં રહેલી અચિંત્ય મંત્રશક્તિનું આ જીવત ઉદાહરણ આપણને સાધના માટે નવો પ્રકાશ અને પ્રેરણા આપી જાય છે.

'શું એ મહારત્ન છે? કે શું એ ચિંતામણિ છે? કે એ કલ્પવૃક્ષ સમાન (માગ્યું આપનાર) છે? ના, ના, આ (નવકાર) તો ચિંતામણિ અને કલ્પવૃક્ષ કરતાં પણ અધિક છે.'**

આ ઉદ્‌ગારો છે પૂર્વ મહાપુરુષોના. નવકારનો મહિમા વર્ણવતાં એમને કહેવું પડ્યું કે ચિંતામણિ અને કલ્પવૃક્ષ પણ નવકારની તુલના કરી શકે તેમ નથી. પરંતુ, કળિયુગના કલુષિત વાતાવરણથી ખરડાયેલ મનવાળો આજનો માનવ નવકાર ગણે છે અને તેને જ્યારે ઇચ્છિત ફળ મળતું દેખાતું નથી, ત્યારે પૂર્વ મહાપુરુષોનાં વચનોમાં તે અતિશયોક્તિ જુએ છે. એ કહે છે : 'આ સ્તુતિવચનો છે, અર્થાત્ 'વરઘોડે ચડે ત્યારે તેનાં ગીત ગવાય' તેમ અહીં એમણે નવકારનાં ગીત ગાયાં છે. વર કાળો હોય, કુરુપ હોય, છતાં એ પરણવા જાય ત્યારે બધાં જ સારાં રૂપકોથી એનાં ગીત ગવાય છે. એ ગીતોમાં જેમ વાસ્તવિક વસ્તુદર્શન નથી, તેમ નવકારનાં આ ગુણગાન પણ વસ્તુસ્થિતિનું નિરૂપણ નથી કરતાં પણ નવકારના માત્ર 'ગીત' સ્વરૂપ છે!''

આજે લગભગ સર્વત્ર આ ફરિયાદ છે કે 'નવકારનો પ્રભાવ જેવો બતાવવામાં આવે છે તેવો દેખાતો નથી. અમે નવકાર ઘણા ગણ્યા, પણ કંઈ ચમત્કાર જોયો નહીં.' આ ફરિયાદ કેમ સાંભળવા મળે છે? શું નવકારમાંથી શક્તિ ઘટી ગઈ? કે શું આ ફરિયાદ ખોટી છે?

શું ખૂટે છે?

નથી નવકારમાંથી શક્તિ ઘટી, નથી આ ફરિયાદ ખોટી પરંતુ આ ફરિયાદનું મૂળ, નવકારનો પ્રયોગ આપણે જે રીતે કરીએ છીએ તે રીતમાં રહેલું છે. એક ઉદાહરણથી આ વાત સ્પષ્ટ થશે. રોટલી ઘઉંના લોટમાંથી બને છે એ હકીકત છે, પરંતુ ઘઉંના લોટથી રોટલી સુધી પહોંચવા માટે ચોક્કસ પ્રક્રિયા છે. એ પ્રક્રિયાનું એકાદ પગથિયું મૂકી દઈએ તો? ઘઉંનો લોટ લઈને સીધો જ તાવડીમાં નાખીએ તો રોટલી તૈયાર થઈ જાય? ના, ઊલટો લોટ પણ બળી જાય. રોટલી જોઈતી હોય તો, લોટમાં બરાબર પ્રમાણસર પાણી નાખી એની કણેક બનાવવી પડે. પછી એમાંથી લૂઆ બનાવી, એ લૂઆને વણીને, તાવડીમાં નાખી એને પ્રમાણસર તાપ અપાય તો લોટમાંથી રોટલી તૈયાર થાય. આ તો રોટલી માટેની સ્થૂળ પ્રક્રિયાની વાત થઈ. નાનાં નાનાં અનેક પગથિયાં વચ્ચે સાચવવાં પડે. તેમ શ્રી નવકાર મંત્રનો જે મહિમા ગાયો છે, તે અનુભવવાની પણ એક પ્રક્રિયા છે. એ પ્રક્રિયાની ઉપેક્ષા કરીને તો આપણે નવકાર પાસે નથી જતા ને?

એક બીજું ઉદાહરણ લઈએ : ઇલેક્ટ્રિસિટીનું ફિટિંગ ઘરમાં કરાવ્યું, વાયર નંખાઈ ગયા, બલ્બ મૂક્યા, બટન પણ દબાવ્યું, છતાં દીવા ઝગમગી ન ઊઠે તો? ક્યાં ખામી છે તે શોધવા નીકળો છો. બલ્બ, વાયરિંગ, ફિટિંગ વગેરે બધું બરાબર છે એ ખાતરી હોય તો પ્રથમ નજર ક્યાં પડે? મેઇન સ્વીચ ચાલુ છે? અને એ પણ ચાલુ હોય તો તરત મનમાં વિચાર ઝબકી જશે કે 'ફ્યૂઝ' તો નથી ઊડ્યો ને? નવકારની સાધનાનો 'ફ્યૂઝ' કયો?

મારું કૅન્સર કેમ મટયું?

નમસ્કાર મહામંત્રની સાધનાની સાચી પ્રક્રિયા અને નવકારના 'ફ્યૂઝ'ની ઓળખાણ ગુલાબચંદભાઈએ કરેલ નવકારની સાધનાની વિગતોમાંથી મેળવી શકાય તેમ છે. માટે તેમણે નવકારની આરાધના કેવી રીતે કરી અને એથી એમને શો અનુભવ થયા, એ અહીં એમના જ શબ્દોમાં આપણે વિગતે જોઈએ :

** किं एस महारयणं? किं वा चिन्तामणिव्व नवकारो?
कप दुमसरिसो? नहु नहु, ताणं पि अहिययरो।।

— लघु नमस्कारफलस्त्रोत्र, ९

'મહામંત્રને મુકાબલે, મંત્ર ન આવે કોઈ લક્ષ રાખીને જે જપે, જન્મ સફળ તસ હોઈ.'—૧૫

મને કૅન્સરનું જીવલેણ દર્દ થયું એની પહેલાં છ માસથી માથામાં ઘણો દુઃખાવો થતો. દાક્તરોને મેં બતાવેલ, પણ રોગ કોઈ કળી શક્યું નહીં. એક દિવસ કફમાં લોહી દેખાયું. મારા ફેમિલી ડૉક્ટરને વાત કરી. એમણે તપાસીને કૅન્સર હોવાનું કહ્યું. એ પછી ડૉ. કપુરને દેખાડ્યું, ત્યારે એમણે કહ્યું કે, 'હમણાં પેનિસિલિનનાં ઇંજેક્શનનો કોર્સ લો, એ પહેલાં કાંઈ ઉપચાર કરી શકાય તેમ નથી.' ગળું અંદરથી તેમજ બહારથી સૂજી ગયું હતું. આ પહેલાં ખોરાક તો ઓછો થઈ જ ગયેલો. રોટલી પણ પાણીના ઘૂંટડા સાથે મુશ્કેલીથી ઊતરતી. હવે ગળું એકદમ સંકોચાઈ ગયું. બીજે દિવસે અમે ડૉ. કે. મોદીનું એપોઇન્ટમેન્ટ લીધું. તેમણે તપાસીને કહ્યું કે દર્દ ઘણું જ વધી ગયું છે. ટ્રીટમેન્ટની વાત તો બાજુએ રાખો, પણ અંદરથી કટકી કાપીને તપાસ (બાયોપ્સી) કરી શકાય એવી સ્થિતિ પણ નથી રહી. એમણે મારા ફેમિલી ડૉક્ટરને બાજુએ લઈને કહી દીધું કે એક બે દી'નો હું મહેમાન છું. અને શાંતિથી આયુ પૂર્ણ થાય તે માટે ઘેનનાં ઇંજેક્શન આપવા જણાવ્યું. અમે નિરાશ થઈ પાછા ફર્યા.

છેલ્લા ચાર-પાંચ દિવસથી પાણી પણ ઊતરતું ન હતું. તરસ તો એવી લાગી હતી કે જાણે માટલેમાટલાં પાણી પી જાઉં! મેં મારા ફેમિલી ડૉક્ટરને કહ્યું કે, 'બીજું ભલે કંઈ ન થાય, પણ હું પાણી પી શકું એવું કંઈક કરો.' એમણે આશ્વાસન આપ્યું : 'આજની રાત કાઢી નાખો, કાલે સવારે એ માટેનો પ્રબંધ કરીશ. નળીથી હું તમને પાણી આપીશ.'

હું ઘેર આવ્યો. તરસની પીડા અસહ્ય બની હતી. પહેલાં કહ્યું તેમ એ સમયે એકાએક નવકાર મહામંત્રનું સ્મરણ કરવાની મને સ્ફુરણા થઈ.

ત્યારે સાંજના લગભગ સાડાસાત વાગ્યા હશે. મેં બહારથી કોઈ આવે નહીં, કંઈ ડખલ ન થાય, એટલા માટે ઘરનાં બારણાં બંધ કરાવ્યાં કુટુંબીઓને એકઠાં કરી સૌની સાથે મેં ખમતખામણાં કર્યાં. જીવન દરમ્યાન થયેલ વૈર-વિરોધ માટે સૌની સાથે માફીની લેવડદેવડ કરી લીધી અને સાથે જગતના સર્વ જીવોને ખમાવી અંતઃકરણપૂર્વક મૈત્રીભાવની ઉદ્‌ઘોષણા કરી :

खामेमि सव्वजीवे, सव्वे जीवा खमंतु मे।
मित्ती मे सव्वभूएसु, वेरं मज्झं न केणई।।

અને ભાવના ભાવી કે, ''જગતના સર્વ જીવો સુખી થાઓ, સુખી થાઓ; જગતના સર્વ જીવો નીરોગી બનો, નીરોગી બનો; સર્વ જીવોનું કલ્યાણ થાઓ, કોઈ પાપ ન આચરો, કોઈ દુઃખ ન પામો. જગતના સર્વ જીવો કર્મથી મુક્ત બનો. મુક્ત બનો.''

અન્તઃકરણના ઊંડાણમાંથી આ ભાવના કરી હું નવકારના ધ્યાનમાં લાગી ગયો.

'રખે ને મારી દુર્ગતિ થઈ જાય' એ ભયથી, ખૂબ જ જાગૃતિપૂર્વક હું નવકારમંત્રમાં લીન બન્યો. હવે મારે બીજું કંઈ જોઈતું ન હતું, મને ધૂન લાગી હતી સદ્‌ગતિની. સદ્‌ગતિ થાય એ માટે હું નવકાર અને ભાવનામાં-વીશ-પચ્ચીસ નવકાર અને ફરી સર્વ જીવ પ્રત્યે મૈત્રીની પૂર્વોક્ત ભાવનામાં-લાગી ગયો. એમાં ચિત્ત પરોવવાથી હું વેદનાને થોડી ભૂલ્યો. અગિયાર વાગ્યે મને જબરદસ્ત ઊલટી થઈ. આખું તપેલું ભરાઈ ગયું! હું બેહોશ થઈ ગયો. ઘરનાં માણસો સમજ્યાં કે આ છેલ્લો ચાળો છે. રડારોળ થઈ ગઈ. થોડી વારે હું ભાનમાં આવ્યો. મને કંઈક સારું લાગ્યું. મેં પાણી માગ્યું. બે ત્રણ લોટા પાણી પી ગયો! પણ મને હજી એ જ ધૂન કે સદ્‌ગતિ ન ચૂકું. નવકાર અને ભાવના ચાલુ રાખ્યાં. મારી બા કહે. 'થોડું દૂધ લેવાશે? મેં કહ્યું : 'જોઉં, લાવો!' મેં એક કપ દૂધ પણ પીધું. આ પહેલાં પાંચેક દિવસથી પાણીનું ટીપું પણ ગળાની નીચે જતું ન હતું. નવકાર અને ભાવના ચાલુ જ હતાં.

રાત્રે મને ઊંઘ આવી ગઈ. છેલ્લા છ દિવસથી ઊંઘ નહોતી આવી. પાંચ-છ કલાક હું ઘસઘસાટ ઊંઘ્યો. ઘરનાં માણસો તો હજી એમ જ માનતાં હતાં કે હું બે-ચાર ઘડીનો મહેમાન છું. સવારે હું ઊઠ્યો ત્યારે સ્ફૂર્તિ જણાઈ—જાણે નવજીવન

'બેડી બચાવશે તોફાનથી, ને લઈ જાશે કિનાર સદા જપો અંતર થકી, મહામંત્ર નવકાર.'—૧૬

મળ્યું ન હોય! મેં ચાપાણી લીધાં. હું ભાવના અને નવકાર મૂક્તો નથી.

ધીરે ધીરે હું દૂધ, રાબડી વગેરે પ્રવાહી ખોરાક લેવા માંડ્યો. દૂધની કેવળ મલાઈ જેવો પૌષ્ટિક ખોરાક મને આપવા લાગ્યા. એક અઠવાડિયામાં તો હું શીરો વગેરે લેતો થયો!

અમારા ફેમિલી ડૉક્ટરને સાથે લઈ અમે મોટા ડૉક્ટરને બતાવવા ગયા. મને જોઈને ઘણું જ આશ્ચર્ય થયું. બધી વાત કરી. એ કહે : 'તમે છેલ્લા ચાર-પાંચ દિવસથી કંઈ ખાધું ન હતું, ઊલટી શાની થઈ? ગળું શાથી ખૂલી ગયું? તમે શું શું ઉપચાર કર્યા હતા? કોઈ દવા લીધી હતી? વૈદ્ય આદિની પણ કોઈ દવા કરી હોય તો તે કહો, જેથી બીજા દરદીઓ ઉપર તે અજમાવી શકાય.' મેં કહ્યું કે, 'મેં કોઈ દવા લીધી નથી, પ્રભુનું નામ લીધું છે.' મેં કોઈ પણ ઉપચાર કર્યો હોય તે કઢાવવા ડૉક્ટરે ઘણા પ્રશ્નો પૂછ્યા, પણ મારી પાસે બીજું કંઈ કહેવાનું હતું જ નહિ. ડૉક્ટરને લાગ્યું કે હવે કંઈક ટ્રીટમેન્ટ કરવી જોઈએ. એમણે લાઇટ લેવાનું કહ્યું. મેં લાઇટ લેવાનું નક્કી કર્યું. અઠ્ઠાવીસ સીટિંગ લાઇટ (ડીપ એક્સ-રેઝ ટ્રીટમેન્ટ) લીધી. પણ મને તો હવે ખાતરી થઈ ગઈ હતી કે નવકારથી જ બધું મટી જશે. એટલે લાઇટ લેવા જતાં રસ્તામાં, બસમાં, ઘેરથી નીકળતાં-બધે જ ઠેકાણે હું નવકારનું રટણ ચાલુ રાખતો.

'આરાધના માટે આ થોડો વખત મળી ગયો છે, હું હવે ચાર-છ મહિના કાઢીશ' એમ મને લાગ્યું; તેથી હવે સદ્‌ગતિ ચૂકી ન જવાય એટલા માટે નવકાર અને ભાવનાનો કાર્યક્રમ મેં ચાલુ જ રાખ્યો હતો. વચ્ચે વચ્ચે મનનું ચેકિંગ કરતો કે શું વિચાર ચાલે છે? 'બીજો કોઈ વિચાર મનમાં ઘૂસી જશે તો સદ્‌ગતિ અટકી જશે' એ બીકે મન ઉપર પાકો ચોકી પહેરો રાખતો.

જેમ ઘરમાં કોઈ ચોર-ડાકુ પેસી ન જાય તે માટે દરવાજે પહેરેગીર હોય છે, તેમ મનમાં કોઈ ખરાબ વિચાર પેસી ન જાય તે માટે મેં મન ઉપર આત્મજાગૃતિની ચોકી મૂકી દીધી. થોડા વખતમાં મને તદ્દન સારું થઈ ગયું. આજે એ વાતને પંદર વર્ષ વીતી ગયાં છે.

મને તો કૅન્સરે લાભ કર્યો. કૅન્સર ન થયું હોત તો કદાચ હું ધર્મમાં ન જોડાયો હોત મને જિવાડનાર નવકાર છે એમ હું માનું છું. તેથી નવકાર એ મારે મન સર્વસ્વ છે.

મારી દિનચર્યા

ત્યારથી હું નિવૃત્ત જીવન ગાળું છું. આજે મારી દિનચર્યા આ પ્રમાણે છે :

સવારે ચાર વાગે ઊઠી જાઉં છું. ઊઠીને :

खामेमि सव्वजीवे, सव्वे जीवा खमंतु मे।
मित्ती मे सव्वभुएसु, वेरं मज्झे न केणई॥

અને ''જગતના સર્વ જીવો સુખી થાઓ; નીરોગી થાઓ, નીરોગી થાઓ; મુક્ત થાઓ, મુક્ત થાઓ; કોઈ પાપ ન આચરો'—એ પ્રમાણે ભાવના કરીને પદ્માસને બેસી, હૃદયમાં શ્વેત કમળની ધારણા કરી તન્મય થઈને એકસો આઠ નવકાર અને 'ઉવસગ્ગહરં'ની નવકારવાળી ગણું છું. પછી થોડી વાર અરિહંત પરમાત્માના શ્વેત વર્ણનું હૃદયમાં ધ્યાન કરું છું. અંતે, ધ્યાનસ્થ દશામાં ઊભેલા મહાવીર પ્રભુને કલ્પનામાં લાવીને પ્રાર્થના કરું છું કે, પ્રભુ! આપના જેવું ધ્યાન મને ક્યારે મળે? છેલ્લે, હું આત્મસ્વરૂપનું ચિંતન કરું છું : 'હું અનંત શક્તિનો માલિક છું...' ઇત્યાદિ. બે-ત્રણ મિનિટ આ રીતે ધ્યાન કરું છું ત્યાં પાંચ વાગે છે. મને અદ્‌ભુત શાંતિનો અનુભવ થાય છે.

પછી પ્રતિક્રમણ કરી લઈ ગામનાં બધાં દેરાસરો- એ જાઉં છું. અમારા ગામનાં દેરાસરો ઘણાં રમણીય છે. પ્રતિમાજી પ્રાચીન છે. દર્શન કરી આવી નવકારશી કરું છું. ત્યાં સવાનવ—સાડાનવ થાય છે. પછી વ્યાખ્યાન હોય તો સાંભળું છું. દશથી અગિયાર સુધી ભાભા પાર્શ્વનાથ પાસે, સવારના ચારથી પાંચ વચ્ચે મારો જે કાર્યક્રમ છે તે આખો કાર્યક્રમ કરું છું. મને અહીં અનેરી શાંતિ મળે છે.

પછી પૂજા કરી, જમવાનો સમય થઈ જતાં જમી લઈ

'દીપક રૂપ નવકારથી, ટળે અજ્ઞાન અંધાર; પાપ પંક સૌ ગાળીને, મહામંગલ કરનાર.'—૧૭

અર્ધો કલાક ધાર્મિક વાચન કરું છું. પછી, થોડી વાર આરામ કરી, બે-ત્રણ સામાયિક કરું છું. એમાં નવતત્ત્વ વગેરેનો થોડો અભ્યાસ અને ધ્યાનાદિ કરું છું.

સાંજે ભોજનનો સમય થતાં વાળુ કરી, દેરાસર દર્શન કરી આવી, પ્રતિક્રમણ કરું છું. બાદ મહારાજ સાહેબ હોય તો વૈયાવચ્ચ-ભક્તિ કરી, ઘેર આવું છું. સર્વ જીવોને ખમાવી, ભાવના ભાવી, નવકાર ગણતાં ગણતાં ઊંઘી જાઉં છું. બે-ચાર નવકાર ગણતાં જ એવી ઊંઘ આવી જાય કે ક્યારે ઊંઘ્યા અને ક્યાં ઊંઘ્યા એની ખબર પણ પડતી નથી. ઊંઘમાં 'ૐ હ્રીં અર્હં નમઃ' કે 'નમો અરિહંતાણ' એ એક પદનો જાપ તાલબદ્ધપણે, ઘડિયાળના ટક ટક અવાજની જેમ, ચાલ્યા કરે છે.

હાલતાં-ચાલતાં, ઊઠતાં-બેસતાં, બસમાં, ટ્રેનમાં જ્યાં ટાઈમ મળે ત્યાં 'નમો અરિહંતાણ' કે 'ૐ હ્રીં અર્હં નમઃ' નો જાપ ચાલુ જ રાખું છું; અને અડધા અડધા કલાકે જરા અટકીને મનની તપાસ કરું છું કે તેમાં શું વિચાર ચાલે છે?

છેલ્લાં દશ વર્ષથી આ કાર્યક્રમ ચાલે છે. પહેલાં પાંચ વર્ષ આવો કોઈ નિયત કાર્યક્રમ ગોઠવ્યો ન હતો; પણ 'જે થોડો વખત આરાધના માટે મળી ગયો છે એનો પૂરો ઉપયોગ કરી સદ્ગતિ સાધી લઉં' એ ધૂનથી નવકાર અને ભાવના, ફરી ભાવના અને નવકાર એ પ્રમાણે દિવસ અને રાત રટણા રાખેલી. એ પછી, મેં ઉપર મુજબ એક કાર્યક્રમ નક્કી કરી લીધો.

નવકારના સતત સ્મરણનું પરિણામ

આથી મારો રોગ ગયો એટલું જ નહીં, મારી આર્થિક સ્થિતિ પણ સુધરી, માનસિક વિકાસ થયો અને શરીર પણ ઘણું જ સારું થઈ ગયું. લાઈટ લીધા પછી અમુક મુદતે હૉસ્પિટલમાં બતાવવા જતો. એક વખત વજન કરવાના કાંટા ઉપર નવો માણસ આવેલો. વજન કરાવવા મારું નામ પોકારાયું : 'ગુલાબચંદભાઈ...' હું જઈને ઊભો રહ્યો. મને જોઈને એણે કહ્યું કે, 'તુમ ક્યોં આયા? પેશન્ટ (દરદી) કો ખડા કરો.' મારે કહેવું પડ્યું કે 'મેં હી પેશન્ટ (દરદી) હું.' હું દરદી હોઈશ એવી કોઈને કલ્પનાય ન આવે એવું મારું શરીર થઈ ગયું હતું. આજે હું બધો જ ખોરાક લઈ શકું છું. કોઈ પરેજી પાળતો નથી. હું સંપૂર્ણ તંદુરસ્ત છું.

મારી આર્થિક સ્થિતિમાં પણ ઘણો જ સુધારો થઈ ગયો છે અને મારો માનસિક વિકાસ થયેલ પણ અનુભવાય છે. આજે હું બે હજારની સભામાં માઈક ઉપર નીડરતાથી બોલી શકું છું અને મારા વિચારો સભાને ઠસાવી શકું છું. મારો અભ્યાસ બહુ ઓછો છે અને આજ સુધી સભામાં કેમ બોલવું એનો કોઈ અભ્યાસ મેં કર્યો નથી કે નથી કોઈ પાસે માર્ગદર્શન લીધું; છતાં એવા એક-બે પ્રસંગો ઉપસ્થિત થયા ત્યારે હું બે હજાર માણસની સમક્ષ સારી રીતે બોલી શક્યો હતો.

વળી મને અંદરથી એમ થાય કે 'અમુક વ્યક્તિને ઘણા દિવસથી મળાયું નથી, મળવું છે,' તો હું ઘેરથી બહાર નીકળું. દાદર ઊતરું ત્યાં એ વ્યક્તિ સામી મળી જતી! કામમાં કોઈ ગૂંચ પડી હોય, કંઈ સૂઝતું ન હોય કે આમાં શું કરવું? તો હું ત્રણ નવકાર ગણીને વિચારું ને એમાં મને યોગ્ય માર્ગદર્શન મળી જાય છે! આર્થિક પરિસ્થિતિમાં એમ લાગે કે આટલી જરૂર છે, તો સામેથી કોઈ પાર્ટી મળી જાય કે 'હમણાં અમારાં આટલાં નાણાં સાચવજો!' કેટલીક વાર સ્ફુરણાઓ થાય છે કે અમુક કાર્યમાં અમુક રીતે વર્તવું. એક વાર મને વિચાર આવ્યો કે મૂળજી જેઠા માર્કેટમાં દુકાન લઈએ. મારા ભાઈઓ કહે કે 'પચાસ હજાર પાઘડી આપતાં પણ મૂળજી જેઠા માર્કેટમાં દુકાન મેળવવી મુશ્કેલ છે. વળી ત્યાં દુકાન ખોલીએ તો એકાદ લાખની મૂડી જોઈએ. એટલે આ અશક્ય લાગે છે,' થોડા દિવસમાં મારી ધારણા મુજબ બન્યું. દુકાન મળી ગઈ! થોડા મહિના ઉપર અમે મુંબઈનાં પરાંમાં રહેઠાણ માટે મકાનની શોધમાં હતા. અમને એક જણે વાત કરી કે એક જૈન ભાઈને એક મકાન ભાડે આપવું છે. અમે અરજી કરી. ત્રણસો અરજીમાંથી અમારી અરજી પાસ થઈ! સારી

'જન્મોજન્મની પૂંજીરૂપ, મહામંત્ર નવકાર; તેને રાખો સાથમાં, તો બેડો થાશે પાર.'—૧૮

સગવડવાળું નવું મકાન વગર પાઘડીએ મળી ગયું! બે મિનિટનો સ્ટેશનનો રસ્તો અને પાંચ મિનિટે દેરાસર પહોંચી જવાય એવા અનુકૂળ સ્થળે મકાન મળ્યું.

મને આવા નાના-મોટા ઘણા અનુભવો થતા રહે છે. મારાં બહેનને દમનો વ્યાધિ થયેલ. મુંબઈમાં. ડૉ. કોહિયાજી વગેરે પાસે ટ્રીટમેન્ટ કરાવી. મીરજ લઈ ગયા. પણ કંઈ ફાયદો નહિ થયેલો. વ્યાધિ એટલો બધો કે આખી રાત આરામખુરસી પર બેઠાં બેઠાં કાઢવી પડે; જરા પણ સૂઈ ન શકાય. મારી પાસે તો દવા તરીકે આ ભાવના હતી. મેં એમને આ ભાવના બતાવી. અને હું પોતે સવારે, 'બધા જીવો નીરોગી બનો' એ ભાવના કરતી વખતે, એમના ઉપર ખાસ લક્ષ આપતો; એમનું નામ દઈને એ નીરોગી બને એવી ભાવના કરતો. થોડા વખતમાં એમને સુધારો થયો. આજે તેમને તદ્દન સારું થઈ ગયું છે.

મનનું ચેકિંગ અને ભાવના

આમાં મને મનના ચેકિંગની ખૂબ મહત્તા દેખાઈ છે. એટલા માટે હું બને તેટલું ઓછું બોલું છું. છતાં કોઈ પ્રસંગે કોઈને બે શબ્દો કહેવાઈ ગયા હોય કે કોઈનું મનદુઃખ થયું હોય તો મારી ભાવનાનો 'ફ્યૂઝ' ઊડી જાય છે. સવારના ભાવના માટે બેસું, પણ કામ આગળ ચાલતું જ નથી. વચ્ચે વચ્ચે જાણે એ વ્યક્તિ મનોભૂમિકામાં આવ્યા જ કરે. હું સામી વ્યક્તિ પાસે જઈને ક્ષમાપના કરું પછી જ કામ સરળતાથી ચાલે. એક દાખલો આપું : એક વાર મેં એક વોરાની દુકાને ફોટા મઢાવવા આપેલ. બિલ સાડાસાત રૂપિયા કર્યું. મેં કહ્યું : 'આટલા હોય! સાત રૂપિયા બરાબર છે.' 'ના શેઠ! જે કહ્યું છે, તે વાજબી છે. મુંબઈમાં તમે આ કામ કરાવ્યું હોત તો આના કરતાં વધુ ખર્ચ થાત.' છતાં સાત રૂપિયા આપી હું ઘેર ગયો. બીજે દિવસે સવારે ભાવના કરવા બેઠો, ત્યારે ભાવના બરાબર ન ચાલી. મેં તપાસ કરી કે જરૂર કંઈક ભૂલ થઈ છે. વોરાની દુકાને જઈ મેં વોરાને કહ્યું : અલીબાબા, તમે કાલે સાચી વાત કરેલી, તમે કામ ઘણું જ સરસ કર્યું છે. આ એક રૂપિયો લો!' એ ખુશ થઈ ગયો. એ પછી જ મારી ભાવના બરોબર ચાલી. કોઈ વાર દેરાસરમાં પૂજારી સાથે બે અક્ષર બોલાઈ જાય તોય કામ અટકી પડતું. પછી ચાહીને દેરાસરે દર્શન કરવા જાઉં, ચાર-આઠ આના પૂજારીને આપી એને ખુશ કરું અને ક્ષમાપના કરું, પછી જ મારું કામ બરાબર ચાલે છે.

મારે પ્રવૃત્તિ બહુ ઓછી છે. એટલે બહારનાંઓ સાથે મારે પ્રસંગ જ ઓછો પડે ને કુટુમ્બીઓ તો ખૂબ જ અનુકૂળ બની ગયા છે. બધાને હું આ ભાવના બતાવું છું. એમને હું કહું છું કે, 'તમારે સુખ જોઈતું હોય તો સુખ વાવો-બીજાને સુખ આપો, બીજા સુખી થાય એવી ભાવના કરો' આથી મન બગડવાનાં નિમિત્તો મારે ઘણાં ઓછાં રહે છે. છતાં હું મનનું ચેકિંગ કર્યા કરું છું કે મનમાં શું વિચાર ચાલે છે? હું કોઈને મળું છું કે વાતચીત કરું છું ત્યારે પણ વચ્ચે વચ્ચે આ ચેકિંગ ચાલુ રાખું છું.

સર્વ જીવોને સુખી જોવાની ભાવનાનું પરિણામ એ આવ્યું છે કે આખું જગત આજે મારું મિત્ર બની ગયું છે. હું કોઈ અજાણ્યા સ્થળે જાઉં છું તો ત્યાં પણ મારી સાથે વાત કરનાર જાણે ચિરપરિચિત હોય તેમ મારી સાથે ખૂબ જ મિત્રતા દાખવે છે. તેમને મારા પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થાય છે અને મને ફરી મળવાની ઇચ્છા તેમના મનમાં રહ્યા કરે છે.

એક વખત સવારે હું ઊઠ્યો ત્યાં પગે કોઈ જંતુ હોય તેમ લાગ્યું. મને થયું કોઈ મોટું જીવડું છે. અંધારું હતું. હું રાતે ફાનસ કે લાઈટ રાખતો નથી. મારો ઊઠવાનો સમય થઈ ગયો હતો. તેથી, બેડિંગ વાળી લઈને, હું ભાવનામાં બેસી ગયો. ભાવના અને નવકારનો કાર્યક્રમ પૂરો થતાં હું ઊઠ્યો. બેડિંગ ઉપાડીને મૂકવા જાઉં છું ત્યાં બ્લેંકેટમાંથી એક મોટો વીંછી નીકળીને સડસડાટ ચાલ્યો ગયો. જાણે એ પણ મારી મૈત્રીભાવના સાંભળવા ન બેસી ગયો હોય, તેમ વૈરવિરોધ ભૂલી, બે કલાક સુધી બેસી રહ્યો! મને થયું કે જો આપણી અલ્પ શુભ

'અકળ અલખરૂપ તારું, હે દેવ શ્રી અરિહંત; લક્ષ રાખી જે ભજે, તે તોડે ભવના તંત.'—૧૯

ભાવનાથી પણ આવું પરિણામ નીપજતું હોય તો પ્રકૃષ્ટ મૈત્રીના કેન્દ્ર સમા શ્રી તીર્થંકર દેવો જ્યાં બિરાજતા હોય તે સમવસરણમાં નિત્યવૈરી પશુપંખીઓ પણ જાતિવૈર ભૂલી જઈ સાથે બેસી તેમની વાણીનું પાન કરે એમાં શી નવાઈ?

આપણી ભાવનાનું બિંદુ શ્રી તીર્થંકર પરમાત્માની ભાવનાના સિન્ધુમાં ભળી જાય તો અક્ષય બની જાય. આ હેતુથી હું નિત્ય આ ભાવના પણ કરું છું : શ્રી તીર્થંકર પરમાત્માની 'સવિ જીવ કરું શાસનરસી'ની ભાવના સફળ બનો.

સર્વના સુખની અને હિતની ભાવના સાથે કરેલ નવકાર મંત્રના જાપથી મનનું ઊર્ધ્વીકરણ થાય છે, જીવનના સંઘર્ષોમાં યોગ્ય માર્ગદર્શન પ્રાપ્ત થાય છે અને આપત્તિને ધૈર્ય સાથે વધાવી લેવાનું બળ મળે છે; એટલું જ નહિ, એનાથી આજે મારો સર્વાંગી વિકાસ થતો હું અનુભવી શકું છું. મને જેમ જેમ સારું થતું ગયું તેમ તેમ ધીરે ધીરે હું ધર્મમાં પણ આગળ વધતો ગયો, ને વ્રત–નિયમમાં આવવા લાગ્યો.

ગયા ભાદરવા માસમાં અમારે ત્યાં શ્રી નવકાર મંત્રનો એક લાખનો જાપ અને શ્રી વર્ધમાન તપના પાયાનો કાર્યક્રમ મહારાજશ્રીએ ગોઠવ્યો હતો. તે વખતે મેં વર્ધમાન તપનો પાયો પણ નાખ્યો. કૅન્સરના દર્દ સાથે આ દુનિયામાંથી વિદાય લેવા તૈયાર થયેલો હું લાગટ વીસ દિવસ સુધી આંબેલ અને વચ્ચે વચ્ચે ઉપવાસની આરાધના કરી શક્યો! મને એથી ખૂબ જ સંતોષ થાય છે. મારા જીવનમાં કોઈ અજબ શાંતિ પ્રસરી રહી છે.

સંવત ૧૯૯૬ પૂર્વેનું મારું જીવન ધર્મશૂન્ય હતું. રાત્રિ ભોજન, ફીચરનો ધંધો, મોડી રાત સુધીના ઉજાગરા, બીજાનું સારું જોઈને નારાજ થવું–એ બધું તો મારા જીવનમાં સામાન્ય હતું. તે વખતે મેં કોઈનું સારું ઇચ્છ્યું નથી; ઊલટું, બીજાનું બગડે કેમ એ વિચાર રહેતો. આર્ત અને રૌદ્રધ્યાનના કેન્દ્રમાં હું જીવન વીતાવતો હતો. એ ટાણે મને એક કલ્યાણમિત્ર મળી ગયો. એણે મને વ્યાખ્યાનમાં આવવા પ્રેરણા કરી. હું વ્યાખ્યાન સાંભળતો થયો, જેમાંથી મને ઘણું માર્ગદર્શન મળ્યું છે. અને બરાબર અણીને ટાંકણે વ્યાખ્યાનમાં સાંભળેલ ઉપર્યુક્ત વચનો યાદ આવ્યાં.

આમ, બન્ને રીતે–દ્રવ્યથી અને ભાવથી–નવકારે મને નવજીવન આપ્યું છે. મારો બધો વિકાસ એને આભારી છે એથી હું નવકારને મારું સર્વસ્વ ગણું છું અને સવારે, ભાવના કરતાં પહેલાં નવકારને ઉદ્દેશીને એક શ્લોક બોલી નવકાર પ્રત્યેનો મારો આ ભાવ હું રોજ વ્યક્ત કરું છું. આ રહ્યો એ શ્લોક :

त्वमेव माता च पिता त्वमेव, त्वमेव बन्धुश्च सखा त्वमेव।
त्वमेव विद्या द्रविणं त्वमेव, त्वमेव सर्व मम देव देव।।

અર્થ : મારે મન માતા, પિતા, ભાઈ, મિત્ર, વિદ્યા, ધન-બધું જ તું છે; અર્થાત્ એ બધાં મળીને માણસની જે અપેક્ષાઓ સંતોષે છે, એ મારી બધી જ અપેક્ષાઓ એક તારા દ્વારા જ સંતોષાઈ જાય છે.

નવકારની સાધનાની સાચી પ્રક્રિયા

શ્રી ગુલાબચંદભાઈને નવકારની સાધના અને તેની સાથે એની સાચી પ્રક્રિયા આકસ્મિક રીતે પ્રાપ્ત થઈ ગઈ, તેથી નવકાર તેમના માટે અચિંતચિંતામણિ બની ગયો. એમણે તો માત્ર સદ્ગતિ જ ચિંતવી/ઇચ્છી હતી, પરંતુ નવકારે તો ઇચ્છ્યા વિના સઘળી અનુકૂળતાઓ સર્જી દીધી.

એમની નવકારની સાધના શીઘ્ર ફળવતી બની એમાં એમની સાધના–પ્રક્રિયાનાં નીચેનાં અંગો મહત્ત્વનો લાગે છે :

૧. નવકાર ઇષ્ટસાધક છે એવી દૃઢ શ્રદ્ધા,
૨. સર્વ સાથે હૃદયપૂર્વકની ક્ષમાપના અને મૈત્ર્યાદિ ભાવનાથી શુદ્ધ થયેલી મનની ભૂમિકા,
૩. અરિહંતની રાતદિન રટણા,
૪. મન ઉપર સતત ચોકી, અને
૫. (નવકાર પ્રત્યે સમર્પિતતાના ભાવ દ્વારા) પોતાના કર્તૃત્વભાવનું વિસર્જન.

'ખરચતાં ખૂટે નહીં, લૂટે નહીં કોઈ ચોર; જાપ જપો નવકારના, સહુ માંયે શિરમોર.'–૨૦

સાધનામાં ઉપર્યુક્ત અંગોનું મહત્ત્વ શું છે તે આપણે હવે જોઈએ.

૧. સાધનાની આધારશિલા : શ્રદ્ધા

પહેલી વાત એ કે, 'નવકારથી સદ્‌ગતિ મળશે જ,' એવા દૃઢ વિશ્વાસની સાથે શ્રી ગુલાબચંદભાઈએ તે ગણ્યા હતા. જ્યારે યમ સામે દેખાય છે, ત્યારે ઈશ્વરના નામમાં માનવીનું ચિત્ત સહેજે વિશ્વાસથી પરોવાય છે, નાસ્તિક માનવી પણ મૃત્યુના મુખમાંથી બચવા ભગવાનને સંભારે છે! ગુલાબચંદભાઈની સામે મૃત્યુ ડોકિયાં કરી રહ્યું હતું. એવા અવસરે એમને યાદ આવ્યું કે નવકારથી સદ્‌ગતિ મળે, તેથી તેઓ એમાં દૃઢ વિશ્વાસપૂર્વક લીન બન્યા.

કોઈ પણ સાધનામાં શ્રદ્ધા એ મહત્ત્વનું બળ છે. શ્રદ્ધા વિના સાધના ફળ સુધી પહોંચતી જ નથી. મુંબઈ જવા રસ્તા ઉપર પગ માંડ્યા, પચાસ માઈલ જઈને જો શંકા પડે કે આ રસ્તો મુંબઈનો છે કે નહીં, તો એ રસ્તે પ્રયાણ અટકી જશે. શંકાગ્રસ્ત મને કદાચ પ્રયાણ ચાલુ રાખ્યું તોયે એમાં વેગ નહિ આવે અને ગમે તે વખતે એ રસ્તો મૂકી દેતાં વાર નહીં લાગે; તેમ, 'નવકાર અવશ્ય ઈષ્ટપ્રાપક છે' એ દૃઢ શ્રદ્ધા જેને નથી, તે નવકારની સાધનામાં છેવટ સુધી નહિ ટકી શકે. ઈષ્ટ ફળની પ્રાપ્તિ થાય તે પહેલાં જ નવકારની સાધનાને પડતી મૂકી એ બીજી કોઈ સાધના પાછળ દોડશે. તેથી શ્રદ્ધા વિનાનો નવકાર ઈષ્ટસાધક નથી બની શકતો.

અન્ન ખાવાથી ભૂખ સંતોષાશે અને શરીરને પુષ્ટિ મળશે, ઝેરથી મૃત્યુ થશે અને દવાની નાનકડી પડીકી રોગ મટાડશે એવી માણસને દૃઢ ખાતરી છે, વિશ્વાસ છે, શ્રદ્ધા છે, તેથી જ એ, વારંવાર ભૂખ લાગવા છતાં, અન્ન તરફ વળે છે અને ઝેરના કણને પણ પ્રયત્ન-પૂર્વક ટાળે છે. ધન વધતાં હંમેશાં સુખ વધે જ છે એવું નથી દેખાતું, છતાં લક્ષ્મીથી સુખ મળે છે એવી શ્રદ્ધા હોવાના કારણે એની ખાતર માણસ કાળી મજૂરી કરે છે. ધન, અન્ન અને ઔષધની શક્તિમાં આપણે શ્રદ્ધા રાખીને વર્તીએ છીએ તેમ નવકારની શક્તિમાં પ્રથમ દૃઢ શ્રદ્ધા જાગવી જોઈએ. એ શ્રદ્ધા થયા પછી થતી સાધના અધવચ્ચે અટકી નથી પડતી. શ્રદ્ધા હોય તો ઈષ્ટ ફળની પ્રાપ્તિમાં થતા વિલંબ કે વચ્ચે આવતી અડચણોથી સાધક વિચલિત થયા વિના પોતાની સાધનાને દૃઢતાપૂર્વક વળગી રહે છે; પરિણામે તેની સાધના ફળ સુધી અચૂક પહોંચે છે.

અસંતુષ્ટ બુદ્ધિ શ્રદ્ધાને સ્થિર થવા ન દે, માટે બુદ્ધિને સંતોષ આપવા, અહીં, આપણે થોડો એ વિચાર પણ કરી લઈએ કે નવકારનો જાપ ઈષ્ટસાધક કઈ રીતે બને છે?

આશ્રાવ્ય ધ્વનિ-તરંગો (Supersonics)ની શક્તિના આધુનિક વિજ્ઞાને આપેલા પરિચયથી જપની અસર સમજવામાં સરળતા થઈ છે. અશ્રાવ્ય ધ્વનિ-તરંગો આપણા કાનથી પકડી શકતા નથી, કિંતુ વિજ્ઞાને પુરવાર કર્યું છે કે એ ન સંભળાતા તરંગો નાજુક યંત્રોની સફાઈ કરી આપે છે. અને થોડીક સેકંડોમાં પાણીને ગરમ કરી દે છે. પાર્થિવ જગતમાં ધ્વનિતરંગોની આટલી અસર હોય, તો શું એ સંભવિત નથી કે સતત જાપ કરનાર વ્યક્તિના શરીરમાં અને તેની આજુબાજુના વાયુમંડળમાં જપના ધ્વનિતરંગો કંઈક સૂક્ષ્મ અસરો જન્માવે અને સાધકના નાડીતંત્ર અને સૂક્ષ્મ શરીર ઉપર અસર કરી, તેના ચિત્તમાં પરિવર્તન આણી શકે? જપથી બુદ્ધિ નિર્મળ અને સૂક્ષ્મ બને છે, જેથી સાધક મોહને ઓળખી લે છે અને ધર્મને સમજી શકે છે.

રોજ નિયત સમયે, જપના ધ્વનિમાં ઉપયોગ જોડી દઈ, જપ કરવાથી ચિત્તની ચંચળતા શીઘ્ર ઘટે છે અને એકાગ્રતા વધે. જપ કરતી વખતે પરમેષ્ઠીઓના ગુણોના કે બીજા કોઈ ચિંતનમાં પડ્યા વિના, માત્ર જપના ધ્વનિમાં જ લક્ષ આપી જાપ કરવો. એથી ચિત્ત એકાગ્ર થઈ જપમાં પરોવાશે. આનો અભ્યાસ વધતાં આપોઆપ માનસિક જપ થવા માંડશે.

'બહુમાન અરિહંતનું, જો આવે એક વાર; ભવભ્રમણ તેનું ટળે, સંશય નહીં લગાર.'—૨૧

હાલતાં, ચાલતાં, ઊઠતાં, બેસતાં મનને અરિહંત પરમાત્માનું સ્મરણ કરવાની ટેવ પાડી હોય તો ચિત્ત વધુ ને વધુ અંતર્મુખ બનતું જાય છે. મન જ્યારે સ્વયં અંતર્મુખ રહેવા લાગે છે ત્યારે તેની અશુદ્ધિઓ – ઈર્ષ્યા, અસૂયા, તિરસ્કાર, ઘૃણા, ક્રોધ, મદ, તૃષ્ણા, ભોગની તીવ્ર આસક્તિ/ગૃદ્ધિ-દૂર થતી જાય છે; સાધક નમ્ર, નિર્દંભ અને નિરીહ બનતો જાય છે, અને એનું ચિત્ત શાંત, સમ, સ્વસ્થ થતું જાય છે.

અન્ય સંકલ્પ-વિકલ્પો એને ઓછા રહે છે. અંતરમાં રહેલ, જરાથી, જીર્ણતાથી ગ્લાનતાથી અને મૃત્યુથી પર તત્ત્વ સાથે તેનું અનુસંધાન વધતું જાય છે, જેના ફળસ્વરૂપે સાધક પોતાના કર્મકૃત વ્યક્તિત્વથી ઉપર ઊઠતો જાય છે. એ રીતે ક્રમશઃ તેનામાં આત્મદર્શનની યોગ્યતા વિકસતી જાય છે. આમ સાધકનું જીવન ઉત્તરોત્તર અધિક વિકાસગામી બનાવી, નવકાર તેને તેના ઈષ્ટ-મોક્ષની પ્રાપ્તિ કરાવે છે.

વચગાળામાં એના સાધકને ભૌતિક લાભો પણ મળે છે, એનું કારણ એ છે કે સતત પરમાત્મસ્મરણથી પાપકર્મનો હ્રાસ થાય છે, અર્થાત્ પાપકર્મની શક્તિ (સ્થિતિ અને રસ) ઘટી જાય છે. તે નિર્વીય બને છે; અને પુણ્યકર્મ સબળ બને છે; પરિણામે આપત્તિ ટળી જાય છે, સંપત્તિ આવી મળે છે. 'એસો પંચનમુક્કારો સવ્વપાવપ્પણાસણો' એ ધરપત જ્ઞાનીઓએ આપી જ છે. વિપત્તિ પાપકર્મથી જ આવે છે. જેનાં પાપ નાશ પામ્યાં તેની વિપત્તિ, સવારે તડકો નીકળતાં અદશ્ય થઈ જતાં ઝાકળનાં બિંદુઓની જેમ, ઓગળી જાય એમાં કંઈ નવાઈ નથી.

પણ એ વખતે સાધકે એ સ્મરણમાં રાખવું કે દુઃખ એ વીંછીનો ડંખ છે અને સુખ એ સાપનો ડંખ છે. એમાં આંખમાં ઊંઘ સહેલાઈથી ઘેરાય છે, જાગ્રત રહેવા માટે માણસે મહેનત કરવી પડે છે. તેમ સુખમાં મોહના હલ્લા સામે વધુ સાવધ રહેવું આવશ્યક બને છે. ધન, સત્તા, સામાજિક પ્રતિષ્ઠા, કીર્તિ કે ભોગસુખની તૃષ્ણા ચિત્ત ઉપર કબજો ન જમાવે અને નવકારના જાપ ઉપરની પોતાની પકડ ઢીલી ન પડી જાય તેની તકેદારી એ વખતે સાધકે સવિશેષ રાખવી રહી, નહિતર મોહનું ઘેન ચડતાં વાર નહિ લાગે.

નિર્મળ ભાવે કરેલ નવકારનું સ્મરણ કદી નિષ્ફળ જતું નથી. પરંતુ તેનું ફળ જોવાની અકાળ ઉત્સુકતા સાધકે ન રાખવી જોઈએ. એણે એ સમજવું જોઈએ કે ધરતીમાં બીજ વાવી દઈને બીજે જ દિવસે ફળ ખાવાની આશા ન રાખી શકાય; એવી આશા રાખવી એ મૂર્ખાઈ જ છે. દરેક વસ્તુ સમય માગે છે.

દેખી શકાય તેવું ફળ આવતાં વિલંબ થાય તેથી એમ ન કહી શકાય કે સાધના નિષ્ફળ ગઈ છે. જેમ કોઈ પથ્થર તોડવા માટે હથોડાના ચાળીસ ઘા મારવા પડે ત્યાં પ્રથમના ત્રીસ ઘા સુધી તો કંઈ પરિણામ દેખાતું નથી; એકત્રીસમા ઘાએ સહેજ તિરાડ પડે છે અને ચાળીસમા ઘાએ પથ્થરના ટુકડા થઈ નીચે પડે છે. એનો અર્થ એ નથી જ થતો કે પ્રથમ ત્રીસ ઘા વ્યર્થ ગયા. એવું જ કૂવાના ખોદકામમાં. ચાળીશ હાથે જ્યાં પાણી નીકળતું હોય; તે પ્રદેશમાં કૂવો ખોદતાં પ્રથમ ત્રીસ હાથ ખોદતાં સુધી પાણીનાં કોઈ ચિહ્નો ન દેખાય છતાં એ પ્રયાસ નિષ્ફળ નથી લેખાતો. ટી.બી.ની સારવાર લાંબો સમય ઉગ્ર રોગમાં દોઢ-બે વર્ષ-સુધી લેવાય ત્યારે જ રોગમુક્ત થઈ શકાય છે. એ સારવાર એક અઠવાડિયું લીધા પછી ટી.બી. ન મટે તેથી એમ ન કહી શકાય કે ઔષધ નાકામિયાબ છે. અને નોકરિયાત વર્ગના હાથમાં પગાર આવે છે તે પણ ત્રીસ દિવસ સેવા આપ્યા પછી જ આવે છે.

જીવનમાં દરેક ક્ષેત્રે ફળ મેળવવા પૂર્વે ધૈર્ય રાખી ઉદ્યમ જારી રાખવો પડે છે.

ખંત, કૌશલ્ય અને પ્રેમપૂર્વક સેવા આપનાર નોકર વર્ષો વીતતાં ભાગીદાર બની જાય છે તેમ ધૈર્ય, ખંત અને નિષ્ઠાપૂર્વક નવકારના સતત જાપને

'કૃતઘ્નતા ટાળી કરી, આપે કૃતજ્ઞતા સાર; મહામંત્ર નવકારનો એ મોટો ઉપકાર.' – ૨૨

વળગી રહેનાર સાધક એક દિવસ ખુદ પોતે પરમેષ્ઠીઓમાં સ્થાન પામે છે, એ નિશ્ચિત છે.

હવે, વિવાદ કરશો નહિ; અખતરો કરી જુઓ. એક સંત કહ્યું છે કે —

'વિવાદ કરે સો જાનિયે, નૂગરે કે યહ કામ;
સંતો કો ફુરસદ નહિ, સુમિરન કરતે નામ.
જબ હી નામ હિરદે ધરા, ભયા પાપ કા નાશ;
માનો ચિનગી આગ કી પરી પુરાને ઘાસ.'

૨. સાધનાનો 'ફ્યૂઝ'

નમસ્કારની સાધનાનું બીજું મહત્ત્વનું અંગ છે મનની શુદ્ધ ભૂમિકા. જિનબિંબ પધરાવવા દેરાસર બંધાવવું હોય તો એને માટે પણ શુદ્ધ ભૂમિ ગોતવી પડે છે, તો અશુદ્ધ મનોભૂમિમાં અરિહંત આવીને ક્યાંથી વસે?

૧—પોતાનાં પૂર્વકૃત દુષ્કૃતની નિંદા-ગર્હા, ૨—સ્વના અને પરના સુકૃતની અનુમોદના, અને ૩—જગતનાં સર્વ જીવો પ્રત્યે સ્વાત્માતુલ્ય મૈત્રીભાવ : આ છે મનોભૂમિને નિર્મળ કરવાનાં સાધનો.

અશુભ વૃત્તિઓ અને ખોટી પ્રવૃત્તિઓ પ્રત્યે જીવને જે અનાદિનો પ્રેમ છે તે દુષ્કૃતની નિંદા અને ગર્હા કરવાથી મોળો પડે છે, તેમાં થતી પોતાની ભૂલ સમજાય છે અને તેથી તે વૃત્તિઓનો અનુબંધ અટકી જાય છે.

સુકૃતની અનુમોદનાથી સારી વૃત્તિ અને પ્રવૃત્તિ પ્રત્યેનો પોતાનો પ્રેમ વ્યક્ત થાય છે અને તેનો અનુબંધ પડવાથી સ્વાત્મામાં એવી શુભ વૃત્તિઓ અને પ્રવૃત્તિઓની વૃદ્ધિ થતી જાય છે.

સકલ જીવરાશિ પ્રત્યે આત્મતુલ્ય મૈત્રીભાવ ભાવવાથી ઈર્ષ્યા, અદેખાઈ, વૈર, વિરોધ વગેરે અશુભ ચિત્તવૃત્તિઓનો નાશ થાય છે.

આપણે જોઈ ગયા કે ગુલાબચંદભાઈ સકલ જીવરાશિ પ્રત્યેની મૈત્રીભાવનાને પોતાની સાધનાનો 'ફ્યૂઝ' સમજે છે અને કોઈને બે શબ્દો કહેવાઈ ગયા હોય કે કોઈને એમના પ્રત્યે દુર્ભાવ જન્મે એવું કંઈ બની ગયું હોય તો એમની સાધનાનો ફ્યૂઝ ઊડી જાય છે. તેઓ કહે છે કે ''આવું કંઈ બને છે, ત્યારે 'તમે તો ઉત્તમ આત્મા છો, ભૂલ મારી જ છે' કહી હું તરત ક્ષમાપના કરી લઉં છું.''

આ રીતે શુદ્ધ થયેલી મનોભૂમિમાં પડેલું નવકારનું બીજ ફાલીફૂલીને, સંસારમાં પણ તે આત્માને સુખમાં ઝિલાવતું, અંતે મોક્ષફળ આપીને જ વિરમે છે. બીજ ઉત્તમ હોય પણ ઉખર ભૂમિમાં એનાથી પાક ન નીપજે તો એમાં બીજનો વાંક નથી કઢાતો, તો મલિન ચિત્તવૃત્તિઓથી ભરેલ મનોભૂમિમાં નવકારબીજ ફળ ન દેખાડે તો તેમાં વાંક કોનો? ખેડૂતો કાળી જમીનનું મૂલ્ય અમસ્થું નથી આંકતા. સારા પાક માટે જમીન એ એક જબરું સહકારી કારણ છે.

૩. અરિહંતનું માનસ સાંનિધ્ય

ગુલાબચંદભાઈની આરાધનામાં તરી આવતું ત્રીજું મહત્ત્વનું અંગ છે ' ॐ ह्रीं अर्हं नमः' કે 'નમો અરિહંતાણ'ના સતત જાપ દ્વારા વ્યક્ત થતી અરિહંતની રટણા. શ્રી નવકાર મહામંત્રમાં રહેલ મંત્રચૈતન્ય પ્રગટાવવામાં એનાથી મદદ મળે છે. મંત્રચૈતન્ય એટલે મંત્રના અક્ષરોમાં રહેલ અવ્યક્ત સુપ્ત શક્તિ.

તંત્રવિશારદો ઈષ્ટદેવની દ્રવ્યપૂજાનો આદર કરે છે, કારણ કે એના દ્વારા પૂજક ઈષ્ટદેવને વધુ અભિમુખ બને છે, ને તેથી સાધના શીઘ્ર ફળવતી બને છે. તેમ, મંત્ર વિશારદો માને છે કે કોઈ પણ મંત્રમાં રહેલ શક્તિને જાગૃત કરવા-તેના મંત્ર ચૈતન્યને સ્ફુરિત કરવા-માટે ઈષ્ટદેવને અભિમુખ થવું આવશ્યક છે. નામસ્મરણથી સાધકનું મન ઈષ્ટદેવને અભિમુખ બને છે મંત્રસિદ્ધિ માટે, પ્રથમ, અમુક સંખ્યાનો જાપ-પુરશ્ચરણ-કરવાનું વિધાન મંત્રસાધનામાં આ હેતુથી જ કરવામાં આવ્યું હોય એમ સમજાય છે. શ્રી ગુલાબચંદ-ભાઈની, 'નમો અરિહંતાણ' 'ॐ ह्रीं अर्हं नमः' ના સતત જાપ દ્વારા વ્યક્ત થતી, અરિહંતની

'રાગ કરો નવકારનો, જેટલે અંશે ભાઈ; તેટલે અંશે જાણજો, આતમ હિત સધાય.'—૨૩

રટણાથી નવકારના અક્ષરોમાં રહેલ સુપ્ત મંત્રશક્તિ જાગી ઊઠી અને નવકારનું મંત્રચૈતન્ય કાર્ય કરતું થઈ ગયું.

વળી, અરિહંત પરમાત્માની સતત રટણાથી એમના નામના સતત જાપથી-સાધકનું મન એમના તરફ પ્રવાહિત બને છે, અને એ થતાં અરિહંત પરમાત્માના ગુણો સાધક તરફ વહેવા માંડે છે. તેથી સાધકની જીવનશુદ્ધિ દિનપ્રતિદિન વધતી જાય છે. શ્રી ગુલાબચંદભાઈના અનુભવમાં આ વાત આપણને સ્પષ્ટપણે જોવા મળે છે. નવકારને એમના હૃદયમાં સ્થાન મળ્યા પછી એમનું જીવન આત્મવિકાસ તરફ વળે છે, દુર્ભાવનાઓ અને દુર્ગુણો દૂર જાય છે અને જીવનમાં ધર્મવૃદ્ધિ થતી જાય છે નવકારની પ્રાપ્તિ પહેલાં આર્તરૌદ્ર ધ્યાનના કેન્દ્રમાં સટોડિયાનું જીવન વિતાવી રહેલા તેઓ આજે શ્રાવકપણાની ઉચ્ચતમ કક્ષારૂપ સંવાસાનુમતિ-શ્રાવકપણાની નજીકની ભૂમિકાનું, રાત-દિવસ ધર્મસાધનાયુક્ત તદ્દન નિવૃત્ત, જીવન ગાળી રહ્યા છે.

૪. અંતર્મુખ વૃત્તિ

નવકારની સાધનામાં ચોથી વાત મનની ચોકીની છે.

સાધક મૈત્રીભાવનાથી મનને શુદ્ધ કરીને નવકાર ગણવા બેસે, તો પણ ફરી એ મનમાં બીજો કચરો પેસી ન જાય. એની તકેદારી રાખવી જરૂરી બને છે. છદ્મસ્થ માનવીનું મન પાણીના જેવું ભાવુક દ્રવ્ય છે. કોઈ પણ નિમિત્ત મળતાં એમાં તદાકાર બની જતાં એને વાર લાગતી નથી.

માનવી એટલે શરીર, મન અને આત્મા. શરીર અને આત્મા એ બેની વચ્ચે છે મન. એ વકીલ જેવું છે; એને પોતાનો કોઈ સ્વતંત્ર પક્ષ નથી. એ શરીર સાથે ભળી શરીરનો વિચાર કરે તો શરીરનું, પુદ્ગલનું, કર્મનું પાસું તર કરે; આત્માની સાથે ભળી આત્માનો વિચાર કરે તો આત્માને જીત અપાવે. શરીરની અને શરીર સાથે સંબંધ રાખતી અન્ય બાબતોની વિચારણા-ચિંતા કરવાની એની ટેવ જન્મજાત છે; આત્માની અને એની સાથે સંબંધ રાખતી વાતોની વિચારણા, એ મન માટે નવું કામ છે એથી મન ફરી ફરીને જૂને ખીલે જાય છે. માટે, મન કોની સાથે ભળેલું રહે છે, એમાં કયો વિચાર બેસે છે, એની સતત તપાસ સાધક માટે અતિ જરૂરી બને છે.

મનની શુદ્ધિ ઉપર ઘણો જ આધાર છે. શારીરિક રોગો કરતાં માનસિક રોગો વધુ વ્યાપક છે. આપણે શરીરની ચિકિત્સા કરાવીએ છીએ. પણ મનની ચિકિત્સા કોણ કરે છે? કેટલાક શરીરના રોગો પણ મનની વિકૃતિમાંથી ઊભા થાય છે. એના ઉપર આપણે ત્યાં આજે બહુ ઓછું ધ્યાન દેવાય છે. ખરી ચિકિત્સા તો મનની જ કરવા જેવી છે. મનને શુદ્ધ રાખવા માટે એનું ચેકિંગ ખૂબ જરૂરી છે.

ઘરને પણ સાફ રાખવા માટે રોજ વાળવું-ઝૂડવું પડે છે. એક વખત કચરો લઈ લીધો એટલા માત્રથી કામ પતી જતું નથી. ફર્નિચરને સાફ રાખવા માટે એના ઉપરની ધૂળ અને રજ વારંવાર ઝાટકવી પડે છે, તેમ મનને પણ ઈષ્ટ વિષયોની પ્રાપ્તિની કાંક્ષાનો ભેજ ન લાગે કે બીજાની ઈર્ષ્યા, અસૂયા તિરસ્કારાદિ મલિન ભાવનાની રજ ન ચોંટે એ માટે, દિવસની પ્રવૃત્તિ કરતાં કરતાં વચ્ચે વચ્ચે જરા અટકી, જઈ મનની તપાસ કરી લેવી આવશ્યક છે.

૫. સમર્પિતતા

ગુલાબચંદભાઈની નવકાર-સાધનાનું પાંચમું મહત્ત્વનું અંગ નવકાર પ્રત્યેનો તેમનો સમર્પિતતાનો ભાવ છે. સામાન્ય રીતે માણસ નવકાર ગણશે પરંતુ તે તેને સમર્પિત થઈ શકતો નથી; કારણ કે તેનાથી પોતાની સઘળી ઈષ્ટસિદ્ધિ થઈ રહી છે એવી તેને પ્રતીતિ નથી.

શાસ્ત્રકારો કહે છે કે જગતમાં એવું કોઈ કાર્ય નથી જે નવકાર સિદ્ધ ન કરી આપે.* શ્રી ગુલાબચંદભાઈને કેવળ શાસ્ત્રવચનથી જ નહિ, પણ પોતાના અનુભવથી આ પ્રતીતિ થઈ ચૂકી છે. તેથી તેઓ નવકારના ખોળે માથું મૂકી જીવનનો બધો ભાર નવકારને ભળાવી દે છે; અને માતા,

---

'સંસાર કેફ ઉતારવા, અમૃત સમ નવકાર; સદા રાખો અંતર મહીં, ભાવે સૌ નરનાર.' – ૨૪

પિતા, બંધુ, ધન-બધું જ નવકારમાં તેમને મળે છે. આપણે જોઈ ગયા કે નવકાર પ્રત્યેના પોતાના આ ભાવને તેઓ, નવકાર ગણતાં પૂર્વે, એક શ્લોક દ્વારા નિત્ય વ્યક્ત કરે છે.

જ્યાં શ્રદ્ધા હોય છે ત્યાં સમર્પિત બનતાં માણસને મુશ્કેલી નથી પડતી. મુંબઈથી પૂના જવા ગાડીમાં બેઠા પછી માર્ગમાં આવતા મોટા મોટા પર્વતોની હારમાળા, નદી, નાળાં વગેરે વિઘ્નો શી રીતે વટાવવાં એની ચિંતા કોણ કરે છે? તમે હાથમાં નકશો લઈને નથી બેસતા. પૂનાની ટિકિટ લઈ ટ્રેનમાં બેઠા પછી તમને સહીસલામત પૂના પહોંચાડવાની સઘળી જવાબદારી રેલવે કંપની ઉપાડી લે છે. નદી-નાળાં શી રીતે ઓળંગવાં, વચ્ચે આવતા પહાડો કેવી રીતે વટાવવા, એની બધી યોજના રેલવે કંપની કરે છે. તમે માત્ર ટિકિટ કઢાવી પૂનાની ગાડીમાં બેસી જાઓ છો. ટ્રેન પૂના અવશ્ય લઈ જશે, એ વિશ્વાસ હોવાથી વચ્ચે આવાં મોટાં વિઘ્નો પડેલાં હોવાં છતાં તમે બેડિંગ પાથરી નિરાંતે ઊંઘી જાઓ છો. એ જ રીતે નવકારમાં શ્રદ્ધા રાખી તેને સમર્પિત થઈ જનાર સાધકને મુક્તિપુરી સુધી નિર્વિઘ્ને પહોંચાડી દેવાની સઘળી જવાબદારી નવકાર સંભાળી લે છે.

જૈન કુળમાં જન્મેલ આપણા સૌનું એ સૌભાગ્ય છે કે, મત-પંથ કે નામ-રૂપની કોઈ આડશ ઊભી કર્યા વિના, શુદ્ધ આત્મસ્વભાવમાં સ્થિત સર્વ મુક્તાત્માઓ અને નિજ શુદ્ધ સ્વભાવની પ્રાપ્તિના પંથે નિષ્ઠાપૂર્વકનો કેન્દ્રિત પ્રયાસ કરી રહેલ સર્વ સાધકો (પરમેષ્ઠીઓ) પ્રત્યે શ્રદ્ધા અને આદર અભિવ્યક્ત કરતો શ્રી 'નવકાર' – શ્રી નવકાર મહામંત્ર આપણને સાંપડ્યો છે.

નવકારના જાપ એટલે અમનસ્ક ચિત્તે અને ભાવશૂન્ય હૈયે નવકારના અક્ષરોનું રટણમાત્ર નહિ; પણ શુદ્ધ આત્મસ્વભાવમાં સ્થિત કે શુદ્ધ સ્વભાવની પ્રાપ્તિના પંથે જાગ્રત પ્રયાસ કરી રહેલ આત્માઓના નિત્યસ્મરણપૂર્વક, તેમના પ્રત્યે શ્રદ્ધા, આદર અને સમર્પણનો ભાવ વ્યક્ત કરવાનો નિરંતર ઉદ્યમ.

નવકારનો સૌથી મોટો ચમત્કાર

આ રીતે થતી નવકારની આરાધના માત્ર નવકારના જાપમાં અટકી જતી નથી; સાધકના જીવનમાં તે પરિવર્તન લાવે જ છે.

નવકારના સાચા સાધકનું જીવન તદવસ્થ રહી શકતું જ નથી. કોઈ ભલે કહે કે અમે નવકાર ગણીશું, બીજું કંઈ નહીં કરીએ, પણ આ એક સિદ્ધ હકીકત છે કે **નિર્મળ ભાવે નવકારનો જાપ કરનારનું જીવન મોક્ષલક્ષી બન્યા વિના રહેતું જ નથી. ઉપર બતાવેલ પ્રક્રિયા મુજબ જે નવકાર ગણે તેના જીવનમાં ધર્મ આવ્યા વિના રહેતો નથી. નવકારનો સૌથી મોટો ચમત્કાર આ જ છે : નવકાર આવ્યો ત્યાં પાપ ટકી શકતું નથી.**

હાથપગ હલાવીએ તો જ કાર્ય થાય, એવો નિયમ નથી, વસ્તુસ્વભાવ પણ કાર્ય કરે છે. જડ ગણાતો પારો અનાજના કોઠારમાં મૂકવામાં આવે છે, તો એ થોડા પારાના અસ્તિત્વ માત્રથી મણબંધ અનાજમાં સડો પેસતો નથી; તો જે મનમાં અચિંત્ય શક્તિશાળી અરિહંત પરમાત્મા બિરાજે તે મનમાં દુર્વૃત્તિઓનો સડો એમની સાથે કેમ વસી શકે? અર્થાત્ નવકાર આવે કે જીવન શુદ્ધ બને જ. મોહનો હ્રાસ થઈ, નવકારના સાચા સાધકના જીવનમાં તપ, નિયમ અને સંયમ ક્રમશઃ ખીલે. તપ, નિયમ સંયમની વૃદ્ધિ અને આત્મભાવની જાગૃતિ એ નવકારની સાધનાનો માપદંડ છે.

પોતાના જીવનની લગામ નવકારને સોંપી દેનારનો નવકાર પોતે સારથિ બની, તેને તપ,

---

*किं वन्निएणा बहुणा? तं नत्थि जयम्मि जं किर न सक्को।
काउं एस जियाणं, भत्तिपउत्तो नमुक्कारो॥
— श्री वृद्धनमस्कारफलस्तोत्र, गाथा ९२

'ફટકયું મન માને નહીં, સમજાવું કઈ પેર; મહામંત્રના ધ્યાનથી, ડાહ્યું થઈ આવે ઘેર.' – ૨૫

નિયમ અને સંયમના રથમાં બેસાડીને, વચમાં આવતાં સઘળાં વિઘ્નો અને આડખીલીઓને વટાવી, સંસારની મુસાફરીને પણ સગવડભરી બનાવી તેને સુખપૂર્વક મુક્તિપુરીએ પહોંચાડે છે. *

જગતના સર્વ જીવો, નવકારરૂપ કુશળ અને સમર્થ સારથિ મેળવી, શીઘ્ર શિવપુરી પહોંચો, એ જ મંગળ કામના.

કોઈ વાર રોગાદિ બાહ્ય વિઘ્નો ન ટળે એમાં જ સાધકનું હિત હોય, તો નવકારથી એ નહિ ટળે; કિંતુ તેથી સાધકે એમ ન માની લેવું કે પોતાની સાધના નિષ્ફળ જાય છે.

વાચકના મનમાં પ્રશ્ન ઊઠતો હશે કે રોગાદિ આપત્તિ ન ટળે એમાં તે વળી હિત કઈ રીતે? કર્મબંધનું એક પ્રધાન કારણ પોતાના કર્તૃત્વનું અભિમાન છે. કર્તૃત્વાભિમાન ઓગાળવામાં દુઃખ અને પ્રતિકૂળતા સહાયક બને છે. સામાન્ય રીતે, સફળતા મળે ત્યારે માણસ તેમાં પોતાનું કર્તૃત્વ જુએ છે; પણ દુઃખમાં એ જ માણસ કપાળે હાથ મૂકી પ્રારબ્ધને આગળ કરે છે. આમ, દુઃખ માણસને સ્વકર્તૃત્વના અભિમાનમાંથી ઉગારે છે. પરિણામે, મોક્ષમાર્ગના પથિકને દુઃખ પણ હિતકર બની જાય છે.

* तव–नियम–संजमरहो, पंचनमुक्कारसारहिपउत्तो।
नाणतुरंगम जुत्तो, नेइ नरं निव्वुइनयरम्॥
— શ્રી વૃદ્ધનમસ્કારફલસ્તોત્ર, ગાથા ૧૦૦.

"ને ઝિલમિલાતો જીવનદીપ ઝળકી ઊઠ્યો!"

ઇંગ્લૅંડની ધરતી ઉપર બનેલ
શ્રી નમસ્કાર મહામંત્રના પ્રભાવની સત્ય ઘટના

— ડૉ. સુરેશભાઈ ઝવેરી

"અખંડ જ્યોત" પુસ્તકમાંથી આ ઘટના વાંચ્યા બાદ ડૉ. સુરેશભાઈ ઝવેરીનું સરનામું મેળવી તેમની સાથે પત્ર-વ્યવહાર કર્યો અને દાદર, નાલાસોપારા તથા ડોમ્બીવલીમાં અમારી નિશ્રામાં સભા સમક્ષ તેમના વક્તવ્યનું આયોજન થયું. જે સાંભળી અનેક આત્માઓ નવકાર મહામંત્રની નિયમિત આરાધનામાં જોડાઈ ગયા. હાલ તેઓ અમદાવાદમાં "અખિલ ભારતીય હિંસા નિવારણ સંઘ"માં માનદ્ મંત્રી તરીકે ખૂબ જ અનુમોદનીય સેવા આપી રહ્યા છે. અહીં "અખંડજ્યોત"માંથી તેમનું વક્તવ્ય સાભાર રજૂ કરવામાં આવ્યું છે.

— સંપાદક

[નમસ્કાર મહામંત્ર જેમના જીવનને પ્રબલ ભૌતિકવાદની દિશામાંથી ઉચ્ચતમ આધ્યાત્મિકતા તરફ વાળનારો બન્યો. તે હાર્ટના સ્પેશ્યાલીસ્ટ **ડૉ. ઝવેરી** (M.D.) એ **અમદાવાદ ખાનપુર (માકુભાઈ શેઠના બંગલે)** પોષ સુદ ૧૪ થી શરૂ થયેલ ઉપધાન તપ દરમ્યાન મહા વદ-૧ બુધ, તા. ૨૬-૨-૭૫ના રોજ સવારે ૯-૦૦ થી ૧૦-૧૫. મિનિટ સુધી **શ્રી નમસ્કાર મહામંત્ર**ના યથાર્થ ગૌરવને ઓળખાવનાર ઝણઝણાટીભર્યા શબ્દોવાળી ૩૨, રંગકુંજ સોસાયટી, નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ–૧૩ ફોન : ૪૪૨ ૦૫૪. રોમાંચક શૈલિથી શ્રી **નમસ્કાર મહામંત્ર**ના

'ઇષ્ટ ફળને આપતો, મહામંત્ર નવકાર; અનિષ્ટ સૌ અળગાં કરી, શિવપદને દેનાર.'–૨૬

વરદ્ પ્રતાપે પોતે પ્રભુશાસનના આરાધક શી રીતે બન્યા? તેની જે રજૂઆત કરેલ, તેનો અક્ષરશઃ લગભગ ઉતારો અહીં આરાધક પુણ્યવાન આત્માઓની શ્રદ્ધાના સ્થિરીકરણના શુભ આશયથી વ્યવસ્થિત સંકલના કરી **રાજકોટવાળા શ્રી શાંતિલાલ મહેતાએ** રજૂ કર્યો છે.—સં.]

દેવોને પણ દુર્લભ શ્રાવક-જીવનની યથાર્થ સફળતા, વિરતિધર્મની યથાશક્ય આરાધના દ્વારા દેવ-ગુરુ કૃપાએ છેલ્લા દશ-બાર વર્ષથી કરી શકવા સૌભાગ્યશાળી બનેલ-મારા જીવનને અભક્ષ્ય-ભોજન, વિષય-વિલાસિતા અને શરીરની પળોજણના વિષમ અનિષ્ટો આદિ-ભયંકર ઉન્માર્ગથી બચાવનાર, તરણ-તારણહાર, અનંત ઉપકારી, પંચપરમેષ્ઠી ભગવંતોની અખૂટ પ્રભાવથી ભરપૂર શાશ્વત અનાદિસિદ્ધ **શ્રી નવકાર મહામંત્ર**ની મારા જીવનમાં બનેલી સત્ય ઘટના નીચે મુજબ છે :

ધર્માંધ—ઝનૂની મુસલમાની શાસનકાળમાં ધર્માંધતા અને ફૂટ રાજનીતિના બેવડા વમળમાં ફસાયેલ તે વખતના ભારતમાં એકછત્રી સલ્તનતના અધિપતિ મોગલ સમ્રાટ (કે જેણે **ચિત્તોડ**ની ધર્માંધતાભરી ઝનૂની લડાઈમાં ૭૪॥ મણ જનોઈનો ઢગલો થાય તેટલા હિંદુઓનો નાશ કરેલ, તથા જેના અત્યાચારી આક્રમણથી બચવા સેંકડો સતીઓએ શીલવ્રતની રક્ષા માટે જીવતાં અગ્નિમાં બળી મરીને ભારતની અદ્ભુત કીર્તિમાં વધારો કર્યો, જે સવા શેર ચકલાની જીભનો નાસ્તો કરતો, આવા ભયંકર હિંસામાં રચ્યા પચ્યા રહેનાર) **અકબર બાદશાહ**ને ત્યાગ-તપ-સંયમ બળે પ્રભુ-શાસનના અવિચલ પાયા સમા જયણાના માર્ગ તરફ વર્ષમાં છ મહિનાની હિંસાની બંધીના ફરમાનો અને સ્વયં પોતે પણ માંસાહારના લગભગ ત્યાગ દ્વારા, અંગ્રેજી અને બંગાળી સાહિત્યકારોની દૃષ્ટિમાં લગભગ **જૈન** બની ગયેલ **સમ્રાટ અકબરનું** સર્જન કરી જગદ્ગુરુનું યથાર્થ બિરુદ મેળવી તે કાળે અદ્ભુત શાસન પ્રભાવના કરનાર પ.પૂ. આ. **શ્રી વિજય હીરસૂરીશ્વરજી** મ. ના પનોતા જન્મથી ધન્ય બનેલ ગુજરાત, રાજસ્થાન અને બનાસકાંઠાના ત્રિભેટે ગુજરાતના પાદરે આવેલ **પાલનપુર** શહેરમાં શેઠ **શ્રી સૌભાગ્યચંદ લક્ષ્મીચંદ ઝવેરીને** ત્યાં જૈન કુળના સંસ્કારોથી ઓપતી **શ્રી કમલાદેવીની** કુક્ષિએ **વિ. સં. ૧૯૮૬ ના મહા સુદ ૧૩** (તા. ૧૧-૨-૧૯૩૦)ની રાત્રિએ મારો જન્મ થયેલ.

પૂર્વના પુણ્યની કચાશના કારણે છ વર્ષની કુમળી વયે શિરછત્ર રૂપ પિતાજીની છત્રછાયા સદાને માટે ગુમાવી, વાત્સલ્યભર્યા દાદાજી અને તીર્થસ્વરૂપ જનની-માતાજીની વિશિષ્ટ હુંફ તળે મારો ઉછેર થયો.

શ્રાવિકા તરીકેના સંસ્કારોથી સંપન્ન માતા મને અભક્ષ્ય ભોજન, રાત્રિભોજન, અપશબ્દો, અસત્ય, તોફાન આદિથી બચવા-બચાવવા રોજ રાત્રે-દિવસે, અનુકૂળતાએ ખોળામાં બેસાડી નાના-મોટા ટુચકાઓ કહી વૃત્તિઓને વાળવા પ્રયત્ન કરતી. નાની-મોટી ધર્મકથાઓ-મહાપુરુષોની રોમાંચક વાતો સૂતાં પહેલાં સંભળાવી જીવનના ભાવી-ઘડતરમાં અમૂલ્ય ફાળો આપતી.

વિવેકદૃષ્ટિસંપન્ન દાદાજી પણ પિતા તરફથી મળી શકનારા સુંદર શિક્ષણ અને ઉદાત્ત સંસ્કારોની ખોટ પૂરવા ખૂબ જ વાત્સલ્યપૂર્વક ધ્યાન આપતા.

ખોળામાં બેસાડી નવકાર, ૨૪ તીર્થંકરનાં નામો આપણા સાધુ કેવા? આપણો ધર્મ કેવો? વગેરે હિતકાર તત્ત્વો બાળ સુલભ શૈલિમાં મનોરંજન પદ્ધતિએ સમજાવતા.

યોગ્ય ઉંમરે પહોંચતાં વ્યાવહારિક-શિક્ષણના પ્રારંભ પૂર્વે પણ દાદાજી અમને ઉપાશ્રયે સાધુઓની પાસે લઈ જાય, ધાર્મિક પાઠશાળાએ મૌખિક રીતે પણ ભણાવવા મૂકવા આવે, સમજાવી-પટાવીને મોકલે, ક્યારેક અનાદિકાલીન સંસ્કારવશ સોગઠાબાજી, ગિલ્લી-દંડો, લખોટી વગેરેની રમતમાં પાઠશાળા જવાનું માંડી વાળતાં દાદાજી ગેડીઓ લઈને પાછળ પડે! વાત્સલ્યભર્યા હૈયામાં

ધાર્મિક શિક્ષણની જરૂરિયાતની દીર્ઘદૃષ્ટિના સુમેળથી તે ગેડીઓ ક્યારેક પીઠ ઉપર પડી પણ જતો.

એકંદરે ઇચ્છાએ કે અનિચ્છાએ દાદાજીની દેખરેખ તળે આ મૂઢ જીવાત્માને આજે જે ધર્મદૃષ્ટિ યત્કિંચિત્ પ્રાપ્ત થઈ છે, તેના પાયાના અનેક કારણો પૈકી માતાજી તરફથી મળેલ હૂંફભર્યા ધાર્મિક ઘડતરની સાથે પિતાજીની નિશ્રા-છાયાની ખોટ પૂરી પાડનાર દાદાજીની ઉદાત્ત સંસ્કારો અને ધાર્મિક શિક્ષણ આપવા માટેની અપૂર્વ તમન્ના આજે વિશિષ્ટ કારણ રૂપ જણાય છે.

તે વખતે આ રીતે મને-કમને પણ મેળવેલ ધર્મના શિક્ષણ સાથે એવા સંસ્કારો દૃઢ થઈ ગયેલ કે **પાપનો ડર અને સાધુ ભગવંતો પ્રતિ વિનય** આ બે વસ્તુ જીવનમાં અંકિત થઈ ગઈ.

પૂર્વના પુણ્યમાં ભાવી યોગે એવી ત્રુટિ રહી જવા પામી કે શ્રાવકકુળની વ્યવસ્થિત પ્રાપ્તિ ન થઈ; સ્થાનકવાસી સંપ્રદાયના સંસ્કારોના લીધે મોહના સંસ્કારોને ઘટાડવા શ્રી વીતરાગ પ્રભુના દર્શન, વંદન, પૂજન આદિના સંસ્કારો ન મળ્યા, તેમ છતાં ઘરના ધાર્મિક વાતાવરણથી અને ધાર્મિક પાઠશાળાના શિક્ષણથી એ વાત બરાબર મગજમાં ઠસાવવામાં આવેલ કે –

"ધર્મ એ ઉત્તમોત્તમ વસ્તુ છે. આપણે સંસારમાં ૧૮ પાપસ્થાનકમાં ફસાયેલ છીએ! એટલે સાધુઓ જ ખરેખર સર્વોચ્ચ જીવન જીવનારા છે. તેથી પૂજ્ય સાધુ-સાધ્વી ભગવંતો જ્યાં મળે, ત્યાં યથોચિત વંદનાદિ વિનય કરવો."

વ્યવહારિક શિક્ષણ નિશાળનું શરૂ થયું. પૂર્વના પુણ્યયોગે વ્યાવહારિક શિક્ષણ સાથે ધાર્મિક જ્ઞાન ફરજિયાત અપાતું. એકંદરે ધર્મ તરફ વૃત્તિઓ વધુ કેન્દ્રિત બની.

ઈ. સ. ૧૯૪૬માં મેટ્રિકની પરીક્ષામાં સારા નંબરે પાસ થયો. આ બાજુ ધાર્મિક અભ્યાસમાં સામાયિક, પ્રતિક્રમણ, ૩૫ બોલનો થોકડો, અનેક છંદો, સજઝાયો આદિ કંઠસ્થ થઈ ગયા.

આ ગાળામાં મારા નાના બંધુનું મૃત્યુ ચાર વર્ષની નાની વયે યોગ્ય ડૉક્ટરી ટ્રીટમેન્ટના અભાવે આર્થિક સંયોગોની નબળાઈ અને સારા હોંશિયાર નિષ્ણાત ડૉક્ટરોની અછત આદિ કારણોથી થયું.

તેથી મનમાં સાહજિક એવી ધારણા નક્કી થઈ કે –

"આપણે મોટા થઈ ડૉક્ટર થવું અને ગરીબોને મફત દવા આપવી, તેઓ ખરેખર રીબાય નહિ તેવી જાત-દેખરેખથી દુઃખીઓના દુઃખ દૂર કરવાં."

આ રીતની ધારણા ભાવિયોગે યથોત્તર દૃઢ થવાના પરિણામે મેટ્રિક પાસ થયા પછી આગળ અભ્યાસ માટે મુંબઈ જવાનું નક્કી થતાં બધાં કુટુંબીઓની સંમતિ ઉપરાંત જીવનના શિરછત્ર રૂપ માતાજીના ચરણે હાથ લગાડી મુંબઈ જવા માટે રજા માગી.

તે વખતે મુંબઈના સંબંધમાં સાંભળેલી વાતોથી માનું ધાર્મિક હૈયું વલોવાઈ ગયું, પણ બીજી બાજુ કૌટુંબિક–આર્થિક સ્થિતિના વિચારથી સીધો ઇન્કાર કરવાના બદલે માત્ર એટલું જ કહ્યું કે –

"બેટા! સુરેશ! જે સંસ્કારો તને અહીં મળ્યા છે, તે સાચવી રાખજે! મને એક વાતની તું ખાતરી આપ! કે સાત વ્યસનોમાંથીએક પણ વ્યસનના ફંદામાં તું નહિ ફસાય! અભક્ષ્ય ભોજનથી તું તારી જાતને અભડાવીશ નહિ!"

મેં પતિત પાવન માતાના શબ્દોની ગાંઠ વાળી દૃઢ અભિગ્રહરૂપ માના પગે હાથ મૂકી મક્કમતા દર્શાવી જેથી અત્યંત પ્રસન્ન થયેલ માના અમીભર્યા આશિષને મેળવી મોહમયી મુંબઈ ભણી પગલાં મૂક્યાં.

મુંબઈના વિલાસી વાતાવરણમાં કૉલેજ જીવન શરૂ થયું. કુદરતના કો'ક અજ્ઞાત સંકેતાનુસાર ડૉક્ટરી લાઇનના અભ્યાસમાં યથોત્તર સફળતાપૂર્વક આગળ ધપવા માંડ્યો.

પણ પૂર્વના પાપોદયે ડૉક્ટરી લાઈનમાં બાયોલૉજી અને એટોનોમીના ટેક્નિકલ સાયન્સના

'જેહના મનને વિષે, આવે શ્રી નવકાર; દુઃખો સહુ દૂર થઈ, પામે સુખ શ્રીકાર.'–૨૮

વિષયનું પાશ્ચાત્ય ઢગે ટેબલ પર ચાર પગે ખીલી મારી જીવતા દેડકા ચીરી પ્રૅક્ટિકલ મેળવાતા જ્ઞાનથી આવેલ નિષ્ઠુરતા અને તેવા સંસ્કારવિહીન લક્ષ્મી અને બુદ્ધિના મદમાં ભાન ભૂલેલા મોજશોખને જીવનમાં પ્રાધાન્ય આપનારા તકસાધુ ભાઈ-બંધોની સોબતમાં વિટામિન્સ-પોષણ તત્ત્વોની ચર્ચાના બહાને **"અભક્ષ્ય તરીકે માંસાહાર ન કરાય," "બ્રાન્ડી ન પીવાય" "આ બધું તૂત છે!" "માત્ર ઘેલછા છે!" "અરે! ઈંડામાં શો વાંધો? તે તો નિર્જીવ છે." "લીંબુના રસની જેમ આ પણ એક પૌષ્ટિક રસ છે."** આદિ અનેક કુતર્કોની ધારામાં અજ્ઞાન મારો જીવ ખેંચાઈ ગયો.

પણ **મુંબઈ** વિદાય થતી વખતે માના પગે હાથ મૂકીને વારંવાર આપેલી ખાતરી અને **'બેટા! જો તું આ ચીજોનો ઉપયોગ કરીશ તો તું મારો પુત્ર નહિ! હું તારી મા નહિ! અને એવી અભડાયેલી કાયાવાળા તારું મુખ પણ હું નહિ જોઉં"**—આવી ટંકારભરી વાણી દિલમાં વારંવાર ડંખ્યા કરતી.

અશુભ સંસ્કારો અને ધાર્મિક સંસ્કારો વચ્ચે જબરો ગજગ્રાહ મચી રહેતો: છેવટે મારા પાપના ઉદયે હું અશુભ સંસ્કારોના વમળમાં ફસાઈ ગયો.

એક વખતે પારસી, કેથોલીક, યુરોપીયન વગેરે માંસાહારી મિત્રો સાથેની પાર્ટીમાં હોસ્ટેલના સહાધ્યાયી વિદ્યાર્થીઓ સાથે જવાનું થયું. બધા પોતપોતાની રીતે અભક્ષ્ય પદાર્થોની આગ્રહપૂર્વક લેવડ-દેવડમાં ફ્રેન્ડશીપની સફળતા માણી રહ્યા હતા.

મારી સામે પણ આમલેટની ડીશ આવી અને આસપાસના મિત્રોએ મારી પ્રબળ આનાકાની છતાં મને જાતજાતના **ધર્મી; વેદીયો, ઓલ્ડમેન, જુનવાણીનો ક્રિસ્તો** આદિ ટોણાં મારી મને ડીશ હાથમાં લેવા ઉત્સાહિત કર્યો અને ચમચી પકડી મોંમાં મૂકવા સુધીની છેલ્લી તૈયારી સુધી ધકેલી દીધો.

પણ **'ભલું થજો, હકીકતમાં મારા ધર્મ જીવનને અણમોલ રીતે ઘડનારી જનેતા માનું!"**

છેક છેલ્લી ઘડીએ મારી આંખ સામે મારી માનું કલ્પનાચિત્ર એવું ઉપસી આવ્યું! અને **'બેટા સુરેશ! જો તેં તારી આ કાયાને અભક્ષ્ય પદાર્થોથી અભડાવી છે, તો અભડાયેલ કલંકિત કાયાવાળા તારા કાળા મોંને જોવા કરતાં હું સહર્ષ મોતને ભેટી લઈશ.'**—શબ્દોનો રણકાર ગુંજી રહ્યો અને ઘડીમ કરતી ડીશ હાથમાંથી પડી ગઈ. છરી-કાંટો ક્યાંક ફંગોળાઈ ગયાં. અને એવી સૂગ ચડી કે ઊલટી થવાની તૈયારી થઈ, માંડ માંડ મિત્રોએ મારો હાથ પકડી બીજી રૂમમાં સુવાડી યોગ્ય ઉપચાર કરી સ્વસ્થ કર્યો.

બસ! એ ઘડી મારા જીવનની યાદગાર દાસ્તાન રૂપ રહી. ત્યાર પછી **ઈંગ્લૅંડની** ધરતી પર વર્ષો સુધી રહ્યો, વિદેશોમાં ઘણું ફર્યો. પણ માંસાહાર કે શરાબ તરફ આંખ ઊંચી નથી થઈ.

આ રીતે મોહની કારમી ઘેલછા ઉપજાવનારી **મુંબઈમાં** કૉલેજીયન તરીકેની કારકિર્દીમાં પૂર્વના પ્રબળ પુણ્યયોગે જુગાર અને પરસ્ત્રીના ભયંકર પાપમાંથી પણ નવ ગજ દૂર રહેવા પામ્યો છું. તે બધો પ્રતાપ ધર્મસંસ્કારો સીંચનાર માતાનો છે!

એક વાતનું મને આજે પણ ખૂબ જ દુઃખ થાય છે કે જૈન કુળમાં જન્મવા છતાં કંદમૂળ વગેરે અનંતકાય, વાસી, વિદળ, બોળ, અથાણાં આદિનો કડક પ્રતિબંધ સ્થાનકવાસી સંપ્રદાયના કેટલાક ઢીલાં બંધારણ પ્રમાણે ન મેળવી શકવાથી **મુંબઈના** કૉલેજ જીવન દરમ્યાન રાત્રિ-ભોજન, બરફ, આઈસ્ક્રીમ, બટાટાં, શક્કરીયાં, ગાજર આદિ અનંતકાયનું તથા બહુબીજ ફળોનું સેવન, વાસી-વિદળની મર્યાદાનો છડે ચોક ભંગ આદિ પાપો છૂટથી જીવનમાં ફાલી ફૂલી ગયાં.

આ રીતે મારી જીવન-નાવ પાપના દરિયામાં ધસમસીને જઈ રહેલ. છતાં કો'ક પુણ્ય ઘડીએ ત્રિકરણ-શુદ્ધિએ આચરાઈ ગયેલ પુણ્યના ઉદયથી ડુબતાને પાટીયાના સહારાની જેમ મારાં લગ્ન **પાલનપુર**ના **ચુનીલાલ ન્યાલચંદ મહેતા** (જેઓ ચુસ્ત દેરાવાસીની વિશુદ્ધ આચારસરણીવાળા

'શરણે જાય નવકારને, ભાગે ભવ ભેંકાર; જન્મ-મરણ તેના ટળે, પામે શિવપદ સાર.'—૨૯

હતા)ની સુપુત્રી મંજુલાની સાથે થયાં. તે મારા આજના ધાર્મિક જીવનના પ્રારંભ માટેની એક મહત્ત્વની કડી રૂપ છે.

જો સુશ્રાવિકા તરીકે મારી પત્ની રૂપે સંસ્કારી મંજુલા ન હોય તો મારું જીવન આજે ક્યાં હોત? તેનો વિચાર જ મને કમ-કમાટી ઉપજાવે છે.

એકંદર સ્થાનકવાસી સંપ્રદાયમાં જે અમુક શ્રાવક જીવનને લગતી પ્રભુપૂજા, વીતરાગ પ્રભુની ભક્તિ, ભક્ષ્યાભક્ષ્ય વિવેક, વિશિષ્ટ તપશ્ચર્યા અને જીવનને વિરતિ-ધર્મના પંથે લઈ જવા માટેની સફળ કુંચીઓની ખામી હતી, તે સઘળી દેરાવાસી માતા-પિતાના કુળના સંસ્કારોથી સમૃદ્ધ, વિવેકી, વિનયી, સુશીલ, સંસ્કાર-સંપન્ન, મંજુલા જેવી સુશ્રાવિકાને પત્ની તરીકે પૂર્વના પુણ્યોદયે મેળવી પાપના અફાટ દરિયામાં ઘસમસી રહેલ મારી એ જીવન-નાવ ટર્નિંગ પૉઇન્ટ મેળવી આજે પ્રભુશાસનની યથાશક્ય-આરાધનાના પંથે ધપી રહી ભવસાગર તરવા માટે પ્રયત્નશીલ બની રહી છે, તે બધો પ્રતાપ ખરા અર્થમાં સાધર્મિક શ્રાવિકા રૂપ સંસારી પત્ની રૂપ મંજુલાનો છે.

આ વાત નિર્વિવાદ છે.

વળી ભાવિના સંકેત પ્રમાણે સાંપ્રદાયિક મમત્વને લીધે દેરાવાસીની કન્યા કેમ લેવાય? એ પ્રશ્ને ઉગ્ર રૂપ લેવા છતાં મારા ભાવી પુણ્યોદયની પ્રેરણા મુજબ મને એવું વલણ લેવાની સૂઝ થયેલ કે "બસ! પરણું તો આની સાથે જ!" છેવટે માતૃ-વાત્સલ્યે કુટુંબીઓની ઇચ્છા સંપ્રદાય ભેદના કારણે ઓછી છતાં મારી ઇચ્છા પૂરી થઈ.

જેના પરિણામે મારા જીવનના વિકાસમાં ખૂટતા તત્ત્વોની પૂર્તિ માટેની તક મને આકસ્મિક રીતે મળી!!!

આ વાત આગળ જણાવતી મારા જીવનની સત્ય ઘટનાથી વધુ સ્પષ્ટ થશે.

સમયના વહેણ સાથે ૨૨ વર્ષની ચઢતી યુવાનીએ M.B.B.S. થઈ M.D. (Part 1) ઈ. સ. ૧૯૫૩માં પાસ થયો. આ વખતે માતાજીના વધુ પડતા આગ્રહથી ઈ. સ. ૧૯૫૪ની સાલમાં મંજુલાની સાથે મારાં લગ્ન થયાં.

નવપરણેતર રૂપે આવેલ મંજુલાએ સુશ્રાવિકારૂપે ફરજ સમજી મારા જીવનને સંસ્કારી દિશામાં વાળવા માટે મારો સાઇકીક અભ્યાસ ખંતથી કર્યો.

તે અરસામાં મારી ઇચ્છા પ્રવૃત્તિને અનુકૂળ રહી M.D. માં (Part 2) વધુ સારા માર્કે પાસ થવામાં મને ખૂબ સહયોગ મળ્યો. (ઈ. સ. ૧૯૫૬)

સામાન્ય રીતે દુર્લભ ગણાતી (M.R.C.P.) (લંડન)ની ડિગ્રી મેળવવાની તમન્નાને પૂરી કરવા વધુ અભ્યાસાર્થે ઇંગ્લૅંડ જવાની વાત કુટુંબીઓ સમક્ષ રજૂ કરી, તો બધાંએ આર્થિક ધોરણે, સામાજિક પ્રતિષ્ઠાના ધોરણે મારી વાત મંજૂર કરી, પણ મારા જીવનની સાચી પહેરેદાર મારી માતાએ ઘોર વિરોધ કર્યો.

મુંબઈ જેવી મોહ ઘેલછાવાળી નગરીમાં સંસ્કારોનું નિકંદન થઈ જવાની દહેશત (કે જે મારા જીવનમાં તો હકીકતમાં સાચી જ થયેલી) ધરાવનાર મારી માતાએ વિચાર્યું કે મારી કુક્ષિએ અવતરેલ સંતાન વધુ પૈસા કમાઈને કદાચ દુનિયામાં નામ કાઢનાર બનીને કે ફોરેન-રિટર્ન બની વધુ પ્રતિષ્ઠા કમાઈને યશકીર્તિ મેળવે! પણ ઇંગ્લૅંડ જેવા સાવ સંસ્કારવિહીન મ્લેચ્છ પ્રદેશમાં રહેવાના પરિણામે મારું સંતાન સંસ્કાર સંપત્તિથી કંગાળ-દરિદ્ર થઈ જાય તેનું શું!!!

ઘણા મહિના સુધી ધર્મસંસ્કારના વિમળ ઘબકારવાળા હૈયાવાળી માતાએ દીકરાની ભૌતિક

''અખંડ જ્યોત'' પુસ્તકમાં ડૉ. સુરેશભાઈ ઝવેરીનાં ધર્મપત્નીનું નામ ''શાન્તા'' લખેલ છે. પરંતુ વાસ્તવિકમાં નામ ''મંજુલા'' છે. જ્યારે ''શાન્તા'' નામ મંજુલાબેનનાં ઓરમાન માતાનું છે એમ ડૉ. સુરેશભાઈ પાસેથી જાણવા મળ્યું છે...

આબાદી, સંપત્તિ, માન-પ્રતિષ્ઠાને ધાર્મિક સંસ્કારોની સુરક્ષા કાજે અવગણવા જેટલું કઠોર હૈયું કરેલ...

મને પણ ભાવિયોગે મારા તેવા પાપનો ઉદય થવાનો એટલે એવો કદાગ્રહ જન્મેલો કે પરમોપકારી માતાના હૈયાના કચવાટને ઓળખી ન શક્યો.

પણ મારા જીવનની સાથી બનેલ **મંજુલાએ** પોતે સાથે આવવાની તૈયારી બતાવી, મોહની ઘેલછામાં મને તો પત્ની સાથે આવે તો વિદેશમાં મોજ-મઝા સારા થઈ શકે તે રીતે ગમતું જ હતું, પણ મારી જીવન-શુદ્ધિની ખરી કાળજી રાખનાર સુશ્રાવિકાનું હૈયું ધરાવનાર પત્નીએ વિષ્ટિકાર બની મારી બાને સમજાવી દીધાં કે—**હું તમારા સંતાનની જીવન-શુદ્ધિની ચોકી કરીશ. હું શ્રાવિકા છું. મારા ભરોસે તમે તો હસતા મુખે વિદાય આપો... ...**"!!!

છેવટે મહાપ્રયત્ને બાએ સંમતિ આપી. **ઈ. સ. ૧૯૫૭માં** હું પત્ની અને એક બેબી સાથે વધુ અભ્યાસાર્થે **ઇંગ્લૅંડ** તરફ વિદાય થયો.

ઇંગ્લૅંડ પહોંચ્યા પછી પુણ્યયોગે સઘળી અનુકૂળતા મળી જતાં **ઈ. સ. ૧૯૫૮માં** M.R.C.P.-લંડનની સૌથી ઉચ્ચ માનવંતી ડિગ્રી મેળવી.

ડિગ્રી મળતાંની સાથે જ **ઇંગ્લૅંડ**ની મોટી હૉસ્પિટલમાં માનવંતી સર્વોચ્ચ જગ્યાએ ઝડપી નિમણૂંક થઈ.

સ્ટેન્ડર્ડ પ્રમાણે સુંદર ફ્લેટ, વિશાળ કેડેલીક ગાડી, દુન્યવી અમન-ચમન, ભોગ-સુખોની ભરપૂર સામગ્રી, લેટેસ્ટ ફૅશનના અદ્યતન સઘળા ભોગ-વિલાસના સાધનોની સુલભતા આદિ પાપાનુબંધી પુણ્યના ઉદયે સામગ્રી મળી.

ઘરમાંથી શ્રાવિકા રોજ ઘણું કહે! સમજાવે! **આપણે કોણ! કયા કુળના? આપણા આચાર એ જ ખરી જીવનસંપત્તિ!** આદિ વાતો રોજ મિષ્ટભાષામાં કહે—સમજાવે, પણ તે વખતે ભાવિમાં થનારા પાપના ઉદયને ખેંચી લાવનાર પ્રબળ મોહની ઘેલછામાં ભાન ભૂલેલ હું શ્રાવિકાનું કંઈ સાંભળું નહિ.

પરિણામે તે વખતે મારું જીવન એવા ઉન્માદમાં હતું કે—**દર અઠવાડિયે ૫ શેર બટાટા, ૩ શેર કાંદા, અને ૧ શેર લાલ મૂળીનો કચ્ચરઘાણ વાળી દેતો!!!**

આમ છતાં જીવનને જરા પણ આંચકો નહિ! મનમાં દુઃખ નહીં! વિષયની વાસનાઓનો પણ પાર નહીં! દિવસ શું કે રાત શું? તિથિ શું ને પર્વ શું? માતેલા સાંઢની માફક મારું જીવન સાવ અમર્યાદિત બની રહેલ!!!

આમ છતાં શ્રાવિકાએ કદી પણ મારા તરફ અણગમો નથી બતાવ્યો! મારી સારી ખોટી દરેક આજ્ઞાને ન જાણે કેમ તે શિરોધાર્ય કરતી! પણ હવે સમજાય છે કે-આ બધું દૂરગામી દૃષ્ટિથી શ્રાવિકાના મનોવૈજ્ઞાનિક ધોરણે અનુકૂળ થઈ જવાના સ્વભાવને જ આભારી છે કે—હું ઘણા ભયંકર પાપોમાંથી મારી જાતને તે વખતે બચાવી શકેલ! તે શ્રાવિકાની દીર્ઘદર્શિતાનું ફળ છે!!!

આવી મારા જીવનના ઘડતરમાં પૂરો રસ લેનાર શ્રાવિકાએ ખરેખર પત્ની રૂપે-મારી પથદર્શિકા રૂપે-સફળ કામગીરી બજાવી એમ કૃતજ્ઞતાબળે આજે હૈયું પોકારે છે.

ડૉક્ટરી ઉચ્ચ ડિગ્રી મેળવવા માટે ઇંગ્લૅંડ આવેલ, છતાં પુણ્યબળે જોઈએ તે કરતાં કઈગુણી મળી આવેલ પૌદ્ગલિક ભવ્ય-સામગ્રીની છોળોમાં વિવેકબુદ્ધિ ખોરવાઈ ગઈ.

નાનપણમાં ગરીબોનાં આંસુ લુછવાના ધ્યેયથી ડૉક્ટરી લાઈન લીધેલી પણ ભૌતિક સુખોની અનર્ગલ સામગ્રીથી ભારત પાછા ફરવાની ઇચ્છા જ મરી પરવારી, ભારતમાંથી અવારનવાર પત્રો આવતા, વડિલબંધુ ટકોર પણ કરતા કે—

"ભાઈ! હવે દેશમાં ક્યારે આવવું છે? ત્યાંના વિલાસી જીવનમાં આપણી સંસ્કાર-સંપત્તિ ને વેડફી ન નાંખ! અભ્યાસ પતી ગયો; M.R.C.P.ની ડિગ્રી મળી ગઈ...હવે ભાઈ! વતનમાં આવી જા! અહીંના અસહાય, દુઃખી ગરીબ જનતાનો બેલી થા!

'અષ્ટ કમલ દલની મહીં, સ્થાપી શ્રી નવકાર; ધ્યાન ધરે જે તેહનું, પામે શાંતિ અપાર.'—૩૧

ધર્મસંસ્કારોની રખેવાલ માતાના પણ મીઠા ઉપાલંભ ઘણા આવતા, પણ 'અંધા આગલ આરસી, બહેરા આગલ ગીત' ની જેમ કર્મના કઠોર કાઠિયાએ પાષણ-હૃદયી બનાવી દીધેલ. મને કંઈ અસર ન થઈ! પણ ભાવીના ગર્ભમાં શું છુપાયું હશે? તે તો સર્વજ્ઞ પ્રભુ વિના કોણ જાણી શકે!!!

ઈ. સ. ૧૯૬૧ ના **જાન્યુઆરી**ના પ્રારંભથી સામાન્ય તાવ અને કમરના દર્દની શરૂઆત થઈ. તાત્કાલિક સામાન્ય ઉપચારો કર્યા, આર્થિક કમાણીના તડાકા સાથે મોટા પગારની માનવંતા ડૉક્ટરની કામગીરીમાં ઉપેક્ષા કરતો ગયો, ધીમે ધીમે દર્દ જોર પકડતું ગયું.

મારા ઉપરીના ડૉક્ટરની સલાહ લઈ લોહીની તપાસ, એકસરે-સ્ક્રીનિંગ વગેરે કરાવ્યું, પણ બધામાં નોર્મલ જ આવ્યું. કંઈ ખાસ દર્દનું કારણ ન પકડાયું.

છેવટે **છઠ્ઠી ફેબ્રુઆરી**એ દર્દે વધુ ઉગ્ર રૂપ લીધું, શરીરનું ઉષ્ણતામાન વધ્યું, તાવ વધ્યો, કમરનું દર્દ પણ અસહ્ય બન્યું.

અમારા ડિપાર્ટમેન્ટના ઉપરી ડૉ. **ખાન**ને તાત્કાલિક બોલાવ્યા. મેં તે વખતે શ્રાવિકાને કહેલ કે – **'આ દર્દની અમુક દવા છે, તેનું મને રીએક્શન આવે છે. માટે ડૉ. ખાનનું ધ્યાન ખેંચજે!'** આમ ભલામણ કરેલી છતાં ડૉ. **ખાન** બાર વાગ્યા છતાં ન આવ્યા, તેથી શ્રાવિકા નિત્યક્રમ પતાવવા બાથરૂમમાં ગઈ અને ડૉ. **ખાન** આવી ગયા.

વેદનાથી વિહવલ બનેલા મને તપાસ્યો. જે દવાનું મને રીએક્શન આવતું, તે જ દવા ભાવીયોગે મને આપી. એકાદ કલાકમાં જબ્બર રીએક્શન આવ્યું. દર્દે માઝા મૂકી. રહેવાય નહીં, નારકીના જેવી વેદનાની ભયંકર ચક્કીમાં પીસાઈ ગયો. રાડો પાડવા માંડી, ઉલટીઓથી આંતરડાં ખેંચાવા માંડ્યાં, મારી પરિચર્યામાં રહેલ ડૉક્ટરો વગેરે પણ ગભરાઈ ગયા.

મારા ડિપાર્ટમેન્ટના સૌથી વડા ઉપરી ડૉ. **ગિબ્સનને** તાત્કાલિક બોલાવ્યા, અમારી હૉસ્પિટલના સારા માનદ ડિગ્રીવાળા ડૉક્ટરોની કોન્ફરન્સ થઈ, સૌએ મને તપાસ્યો, પણ મારા દર્દનું નિદાન જ તેઓ કંઈ કરી ન શક્યા.

આ જીવનમાં અત્યંત આસક્તિપૂર્વક ભોગવેલ વિષયો અને અભક્ષ્ય ભોજનાદિથી ઉદીરાયેલ તીવ્ર પાપકર્મના ઉદયે સહુને ભુલાવ્યા, સહુ બેબાકળા બન્યા, મારી કારકિર્દી, હસમુખો સ્વભાવ અને પુણ્યાઈના બળે ઈંગ્લૅંડ જેવી ધરતી પર પણ ભારતીય છતાં પણ મારા તરફ સહુની પ્રબળ લાગણી હતી.

પરિણામે સહુ કેસની ગંભીરતા નિહાળી મારી શ્રાવિકા અને બે કોમળવયની દીકરીઓના ભાવીના વિચારથી ગભરાઈ ગયા, **ડૉ. ગિબ્સને** તુર્ત લંડનની સૌથી મોટી પ્રખ્યાત **ધી હેમરસ્મીથ હૉસ્પિટલ** (The Hammersmith Hospital) માં ફોન કર્યો, ત્યાં સારામાં સારી ટ્રીટમેન્ટનાં સાધનો છે. તે વિના આ દર્દનું નિદાન શક્ય નથી. આવું લાગવાથી ત્યાં દાખલ કરવાનો ઝડપી નિર્ણય લીધો, પણ પાપકર્મ વચ્ચે આવ્યું. સામેથી ફોન આવ્યો કે એક પણ ખાટલો ખાલી નથી વેઈટિંગ લીસ્ટ (Waiting List) તો ઘણું લાંબું હતું. હવે શું?

પણ પાછું પુણ્યે જોર કર્યું. **ડૉ. ગિબ્સને** લાગણીથી હિંમત ન હારતાં ધીરજથી હૉસ્પિટલના સૌથી વડા અધિકારી **પ્રો. સ્કેન્ડિંગ** (PROF. SCANDDING) ને જાતે બધી વાત સમજાવી.

વડા અધિકારીએ કહ્યું – **"વાત સાચી! પણ કાયદેસર બધું કામ થાય. કાયદાનો ભંગ કરી લાગવગથી અનુચિત કરવા મારી તૈયારી નથી."**

પણ લાગણીવશ બનેલ ડૉ. ગિબ્સનની વધુ પડતી આજીજી ભરી વાતથી નરમ બનેલ વડા અધિકારીએ કહ્યું કે – **"એક ઉપાય છે! કોશિષ કરી જુઓ. આપણા પ્રાઈમ મિનિસ્ટર** (PRIME MINISTER) **માટેનો એક રૂમ ખાલી છે, પણ તેમની સંમતિ વિના તે રૂમ મળે નહીં."**

તુર્ત જ ડૉ. **ગિબ્સન, પ્રો. સ્કેન્ડિંગ** અને બીજા ત્રણ મિત્રો જેઓ (M.P.=Members of Parlia-

---

'મહામંત્ર નવકારનું, શરણ ગ્રહે ભવિ કોઈ; જન્મ મરણ તેના ટળે, સંશય ન તેમાં કોઈ.' – ૩૨

ment) હતા. અર્જન્ટ **પ્રાઈમ મિનિસ્ટર હેરોલ્ડ શ્રી મેકમિલનને** મળ્યા.

વડા પ્રધાન સમક્ષ ડૉ. ગિબ્સને ટૂંકમાં બધી વાત કરી અને વધુમાં કહ્યું કે–"આપણા દેશમાં ભારતથી અભ્યાસાર્થે આવેલ પણ ઘણો ઇન્ટેલિજન્ટ આપણી હૉસ્પિટલની યશસ્વી કારકિર્દીમાં વધારો કરનાર, નાની ઉંમરનો છતાં ખૂબ હોશિયાર ડૉક્ટર જો ટ્રીટમેન્ટના અભાવે મરી જાય તો આપણા દેશની પ્રતિષ્ઠા બગડે, માટે જરા લક્ષ્ય આપી આપના સ્પેશિયલ રૂમની પરમીશન આપો."

આજ સુધી આવી ઘટના કદી નહિ બનેલ કે–વડા પ્રધાનના સ્પે. રૂમમાં કોઈને માટે પરમીશન આપી હોય!

વડા પ્રધાન જરા ગંભીર બન્યા, આકાશ સામે નજર કરી, પણ મારા પુણ્યે સાથ આપ્યો, વડા પ્રધાનના હૈયાને કૂણું કર્યું. તેમને લાગ્યું કે–**"હિંદનો યુવાન યશસ્વી કારકીર્દીવાળો ડૉ. મૃત્યુ શય્યા પર હોય અને હૉસ્પિટલમાં જગ્યાના અભાવે ટ્રીટમેન્ટ ન મળવાથી મૃત્યુને શરણ થાય, તેમાં મારા દેશની કીર્તિ કેટલી કલંકિત થાય!"**

"તુર્ત જ લેખિત સંમતિ આપી."

આ પ્રમાણે છઠ્ઠી ફેબ્રુઆરી સોમવારે દર્દે ઉપાડો લીધો. મંગળવાર લોહી-એકસરે વગેરેની ચકાસણીમાં ગયો. બુધવારે **ડૉ. ખાને** બાર વાગે ગોળી આપી. બપોરે રીએક્શન આવ્યું અને બુધવારની સાંજે **લંડનની** સૌથી મોટી હૉસ્પિટલમાં વડા પ્રધાનના સ્પે. રૂમમાં કે જ્યાં માણસની જીજીવિષાને સંતોષવા લેટેસ્ટ યાંત્રિક સાધનો તૈયાર હતાં, ત્યાં દાખલ થયો.

પુણ્યના જોરથી શ્રીમંત માનવી તો શું? સત્તાધીશને પણ જે તુર્ત ન મળે તેવા સુંદર હૉસ્પિટલના સ્પેશ્યલ રૂમમાં આવ્યો. પણ હવે ટ્રીટમેન્ટનું શું? વળી પાછું પાપકર્મ આડું આવ્યું.

લંડનના સારામાં સારા ડૉક્ટરોની કોન્ફરન્સ બેઠી, કમરમાં થઈ રહેલ દર્દની ગંભીરતાએ સહુને ચકિત કર્યા, ગંભીરપણે પૂરતી ચોક્કસાઈ સાથે સહુની સમ્મતિપૂર્વક સ્પષ્ટ નિદાન થયું. અને તેના નિવારણ માટે તાત્કાલિક સર્જરી ઑપરેશન-કે જે જોખમી કહેવાય-નીં જરૂરિયાત પર સહુએ ભાર મૂક્યો.

કેમ કે સહુને એમ લાગ્યું કે દર્દનું સ્વરૂપ એવી કક્ષાએ પહોંચેલ છે કે અંદર ભયંકર સડાની-પરૂની શરૂઆત થયેલ, જેથી ટૂંક સમયમાં જ મૃત્યુ નજીક હોવાની સહુ ડૉક્ટરોની ધારણા થઈ, પણ ઇમીજીએટલી ઑપરેશનથી કદાચ જીવન બચે, પરંતુ કમર નીચેનો ભાગ પેરેલિસિસ(લકવા)ની જેમ શૂન્ય-નકામો થઈ જવાનો...

આવો અભિપ્રાય છતાં તાત્કાલિક સ્ટ્રૉંગ મેડિશનના ડોઝ દ્વારા ટ્રીટમેન્ટ શરૂ કરી. ફરીથી ડૉક્ટરોની મિટિંગ બેઠી, કલાક-કલાકના રિપોર્ટ પર પુનઃ વિચારણા થવા માંડી, મારી વેદનાઓનો પાર ન હતો. બૂમ-બરાડા, ચીસો પાડતો અને કલાકે-કલાકે મોર્ફીયાનાં ઇંજેક્શન દ્વારા રાહત આપવાનો પ્રયત્ન થતો.

બીજાના ભયંકર અસાધ્ય દર્દોને મટાડનાર મારા જ દર્દોની આજે કોઈ ચોક્કસ દવા જડતી ન હતી. **લંડનના** સારા M.D. ડૉક્ટરોની બુદ્ધિ બહેર મારી હોય તેમ કિંકર્ત્તવ્યમૂઢ બનેલા. ઑપરેશનની વાત પણ અચોક્કસ ઉપાય તરીકે હતી. વળી તે ઑપરેશન જોખમી હતું.

આવા બધા ગૂંચવાડામાં પણ ધર્મની આરાધના દ્વારા મેળવેલ સમજણ-વિવેકશક્તિના બળે શ્રાવિકા ધીરતાપૂર્વક મારી પરિચર્યા કરતી!

વળી આખર સ્થિતિમાં જઈ પહોંચેલ અને વેદનાથી વિહ્વળ પતિની ચિંતાજનક દશા, **ઇંગ્લૅંડ** જેવી અજાણી ધરતી, સગું-વહાલું કોઈ નહિ, પૈસા લખલૂંટ હોવા છતાં અંતરંગ હાર્દિક આશ્વાસનરૂપ કોઈ નહિ, આમ છતાં મારા મન પર આઘાત ન લાગે તે ખાતર ચહેરા પર જરા પણ શોક-ખેદની લાગણી ઉપસાવ્યા વિના હસતા ચહેરે શ્રાવિકા વારંવાર મારા મનને સાંત્વન આપતી.

'નવનીત છે ચૌદપૂર્વનું, મહામંત્ર નવકાર; અંતરભાવે ભવિ ભજે, પામે સુખ શ્રીકાર.'–૩૩

શું કરવું? તે ગૂંચમાં ગુરુવાર અને શુક્રવાર પસાર થયા.

શુક્રવારે વેદનાનો પાર નહીં. પગને લકવાની અસર થવા માંડી. જીવન-મરણનો સવાલ થવા માંડ્યો, મારી વેદનાના ત્રાસને જોઈ ન શકવાથી છેવટે ડૉક્ટરોએ શુક્રવારની સાંજે ઑપરેશનનો જ નિર્ણય કરી **ન્યૂરો સર્જિકલ સેન્ટર** (Neuro Surgical Centre) માં લઈ જવામાં આવ્યો.

જે વખતે મુખ્ય દરવાજેથી ઍમ્બ્યુલન્સ કાર દાખલ થઈ, લગભગ તે જ સમયે **ન્યૂરો સર્જિકલ ડિપાર્ટમેન્ટના** સર્વોપરી ઑપરેશનના અઠંગ નિષ્ણાત **ડૉ. સર જ્યોફ્રી નાઇટ** (Dr. Sir Geofiy Night) બે દિવસની રજા ઉપર ઉતરી પર્યટન માટે પાછલા દરવાજાથી પોતાની કારમાં **આઉટ ઑફ લંડન** ચાલ્યા ગયા.

રે-કર્મ! તારી અકળ કલા! જીવન મરણના ઝોલે હું વેદનાથી ત્રાસી જોખમી ઑપરેશન માટે તૈયાર થયો તો મોટા ડૉક્ટર જ ગેરહાજર!!! કેવી પાપ કર્મની લીલા!!!

પણ મારા કો'ક અજ્ઞાત પુણ્યની આછી-પાતળી રેખાના કારણે વિદેશમાં સગપણનો કોઈ સંબંધ ન છતાં **સીનીયર ન્યૂરો સર્જન ડૉ. નિકલસને** ભાઈ કરતાં વધુ વાત્સલ્યથી હિંમત રાખીને કાંઈ ને કાંઈ ઉપાયો યોજવાનો તત્પરતાને લીધે **સર્જિકલ ડિપાર્ટમેન્ટના આસીસ્ટેન્ટ ડૉ. રીડને** ફોન કર્યો.

તેમની સાથે ફોન પર મારા દર્દની ભયંકરતા, ઑપરેશનની જરૂરિયાત, દેશની પ્રતિષ્ઠા, **'સર જ્યોફ્રી નાઇટ રજા ઉપર છે'** વગેરે વાતો કરી.

ડૉ. રીડ એવા વિચિત્ર સ્વભાવનો કે આઉટ ઑફ ડ્યૂટીના સમયે ગમે તેટલી ઇમરજન્સીમાં પણ હૉસ્પિટલમાં પગ ના મૂકે. **'સર્વિસના ટાઇમે સર્વિસ'**ના સિદ્ધાંતને જડપણે વળગી રહેનાર, આમ છતાં પણ મારા પુણ્યની પ્રેરણાથી ડૉ. રીડનું પથ્થર હૃદય પણ પીગળ્યું.

આખી હૉસ્પિટલના ડૉક્ટરો, નર્સો, કર્મચારીઓ આદિ સહુના ભારે આશ્ચર્ય વચ્ચે આઉટ ઑફ ડ્યૂટીના સમયે પણ વીસ વર્ષની તેમની સર્વિસમાં કદી નહીં બનવા પામેલ છતાં ડૉ. રીડ મને તપાસવા શનિવારે સવારે સાત વાગે આવ્યા.

'ઓ બાપરે' 'ઓ ડૉક્ટર! મને બચાવો' 'નથી રહેવાતું' આદિ બરાડા પાડતા મને તપાસ્યો, ડૉ. રીડ બોલ્યા કે 'Its not very emergency, we shall wait till tomorrow morning.'

એટલે કે—**'આ કાંઈ ખાસ અગત્યની ગંભીરતા નથી. આપણે સવાર સુધી રાહ જોઈએ,** આમ કહી તેઓ ચાલ્યા ગયા.

પણ મારા પાપકર્મોએ તો વધુ જોર પકડ્યું, દર્દ અતિ અસહ્ય થવા માંડ્યું. ચીસો, બૂમ-બરાડાઓથી ડિપાર્ટમેન્ટ ગાજી ઉઠેલ, મને દર કલાકે મોર્ફિયાના ઇન્જેક્શનથી ઘેનમાં રાખવામાં આવે. તો પણ ઘેનની અસર ઓછી થતાં જ બૂમો-ચીસો શરૂ થતી.

આમ શનિવારનો આખો દિવસ દર્દ, ઘેન, બૂમો, ચીસોથી પસાર થયો.

રવિવારની સવારે ઑપરેશન માટેની પૂર્વ તૈયારીરૂપે હીલચાલ શરૂ થઈ. ડૉકટરોની દૃષ્ટિએ મારી કંડિશન ખૂબ જ જોખમી લાગતી હોઈ ઑપરેશન કરવા છતાં પણ ૯૦ ટકા તો શું, પણ ૯૫ ટકા પણ આશા નહી કે દર્દી જીવતો રહે. તેથી મારી સારવારમાં ખડેપગે રહેલ **મિસીસ ઝવેરી** પાસેથી CEMATION MORF ઉપર સહી લઈ લેવાની સૂચના સર્જનની સૂચના મુજબ ડ્યૂટી પરના ડૉકટરોએ નર્સને આપેલી. પણ સાથે કહેલું કે ''**ડૉ. ઝવેરીને** ખબર ન પડે તેમ **મિસીસ ઝવેરી** પાસેથી સહી કરાવવી.''

મને ઊલટીઓ વારંવાર થતી. કમરમાં શૂળો ભોંકાતી હોય તેવી અકથ્ય વેદના થતી, અત્યંત અસહ્ય દર્દની રીબામણી ચાલુ હતી.

લગભગ દસ વાગે શ્રાવિકા નાની બે બેબીઓને મારી જોડે બેસાડી મીઠા-ઠંડા શબ્દોથી આશ્વાસન આપવા લાગી. મને કાંઈ કળ વળતી ન હતી, બેચેની ખૂબ હતી. હું આમતેમ પડખાં ફેરવતો

'મિથ્યાત્વરૂપી વિષનો, નાશ કરે નવકાર; સમ્યક્ દૃષ્ટિ ખીલતા, રહે ન વિષ લગાર.'—૩૪

હતો. શ્રાવિકા માથે હાથ પંપાળતી હતી, નવકાર સંભળાવી રહી હતી. પણ મને કેમે કરી ચેન પડતું નહીં.

હું જરાક પડખું ફેરવી પેલી બાજુ મોં કરી સૂતો, તેટલામાં નર્સે અવસર જોઈ ગુલાબી રંગનું કાગળિયું (જેમાં બધી માહિતી નર્સે ભરી રાખલ માત્ર **મિસીસ ઝવેરીની** સહી બાકી હતી) આપ્યું. ઈશારાથી તુર્ત જ સહી કરવા મારી પત્નીનું સૂચવ્યું.

શ્રાવિકાએ પણ અવસરને માન આપી અનુપાયે ફૉર્મ પર સહી કરવાની તૈયારી કરી, તેટલામાં દર્દની રીબામણીથી બેચેન બનેલા મેં પડખું ફેરવ્યું અને અચાનક ગુલાબી ફૉર્મ ઉપર મારી પત્નીને સહી કરતી જોઈ હું ચોંકી ઊઠ્યો...

''હેં...! બસ...! કોઈ આશા નથી...મને કોઈ નહીં બચાવે... આ ફૉર્મ તો કેસ ફેઈલ જાય તો છેવટે શબની અંત્ય-ક્રિયા કરવા માટે કાયદેસર મુશ્કેલી ન આવે તે માટેનું છે....આ જ ફૉર્મ ઉપર તો મેં સેંકડોની સહીઓ કરાવી...હાય! વિધાતા આ જ ફૉર્મ આજે મારા માટે...!!! બસ! ખરેખર કોઈ મને બચાવી શકે તેમ નથી...!!! હે પ્રભુ! ક્યાં મારું વતન?...ક્યાં અજાણી આ ધરતી...! હે પ્રભુ...! હે ભગવાન...!''

આમ અસહાય દુઃખી અની આંખો મીંચી આકાશ ભણી જોઈ રહ્યો.

અત્યંત આર્ત હૃદયે પોકારી રહ્યો કે—

''હે અશરણ—શરણભૂત...! હે નોંધારાના આધાર! હે પતિત પાવન...! મને હવે તારો જ આશરો છે...! કારમાં કર્મના ભીષણ ઉદયમાં બધા સાથ છોડે પણ! હે પ્રભુ! તું મારું શરણું છે...!''

આમ અંતરના પોકારમાંથી અશરણ-શરણભૂત ધર્મનું શરણ યાદ આવ્યું...!!! **અરિહંત... અરિહંત...** શબ્દો હૈયામાંથી ગૂંજી ઊઠ્યા!

નાનપણમાં દાદાના ગેડીયાના ડરથી પણ પાઠશાળામાં પરાણે પણ મેળવેલ ધાર્મિક શિક્ષણ મારી વહારે આવ્યું...! મને એમ થયું.

'હે જીવ! તારાં કર્યા તારે ભોગવવાનાં છે!... પાપ કરતી વખતે કેટલી તીવ્ર આસક્તિથી રાચી-માચીને હૈયાનો ઉમળકો ધરાવેલ?... હવે એ પાપ ઉદયમાં આવ્યું ત્યારે હે જીવ! તું કાં આકુળ-વ્યાકુળ થાય છે?'

આ વખતે મને મારા ભૂતકાળનાં પાપો (આ જિંદગીમાં છૂટથી કરેલ અભક્ષ્ય ભોજન, રાત્રિ-ભોજન અને વાસના-વિલાસ અને વિકારોને પોષક સ્વચ્છંદ પ્રવૃત્તિઓ) યાદ આવ્યા...હૈયું થરથરવા લાગ્યું...વિદ્યા અને બળનું અભિમાન ઓસરવા લાગ્યું...અને મનમાંથી અવાજ આવ્યો કે :

''હજી તારે આમાંથી છૂટવું હોય તો વિશ્વવત્સલ કરુણાના ભંડાર અરિહંત પ્રભુને તું યાદ કર...!!! તેમના પ્રરૂપેલા ધર્મનું શરણું સ્વીકાર...!!!!''

ઘડીભર આંખો મીંચી ભરદરિયામાં વહાણ તૂટવાની અણી ઉપર હોય તેવી અસહાય સ્થિતિમાં અંદરના ઊંડાણમાંથી સહજ રીતે પોકારાઈ રહેલ **અરિહંત...અરિહંત...**ના નાદને સાંભળી રહ્યો.

થોડીક ક્ષણો પછી અંતરમાંથી સ્ફૂર્યું કે વાત્સલ્યભરી માતાએ મને વિદેશપણાની પરાણે પણ વિદાય આપતાં ચંદનની નવકારવાળી મારા હાથમાં મૂકીને કહેલ કે **'બેટા! રોજ એક બાંધી નવકારવાળી ગણજે!!!'**

પણ આજ દિવસ સુધી પુણ્યના ઉદયથી ધાર્યા કરતાં વધુ ભૌતિક ભોગ-વિલાસની સામગ્રી મળતી રહેવાના પરિણામે તે નવકારવાળીનું સ્મરણ પણ નહીં થયેલ, તેમ છતાં શ્રાવિકાએ પોતાની ફરજ રૂપે તે ચંદનની નવકારવાળી મારા ઓશિકે મૂકી રાખેલ.

ખરા આર્તભાવથી...શરણાગતિ ભાવથી... અનન્ય ભાવથી...તુંહી ત્રાતા, તુંહી ભ્રાતા.....ત્વમેવ શરણં મમ... નિખાલસ ભાવનાથી ઓશિકે રહેલ નવકારવાળી લેવાની શક્તિ ન હોવાથી દ્રવ્યથી નવકારવાળી લેવા ન છતાં પણ ભાવથી **શ્રીનવકારના** શરણે હું પહોંચી ગયો...!

'મહામંત્ર નવકારનો, જાપ જપે જે જન; અદશ્ય સહાય તેના થકી, એમ માનજો નિશંક'—ઉપ

થોડી વારે સાહજિક રીતે णमो अरिहंताणं...णमो सिद्धाणं એમ એક પછી એક શ્રી નવકાર મહામંત્રના પદો હૈયાના અતળ ઊંડાણમાંથી આવતા ગયા અને એક પછી એક નવકાર મહામંત્ર ગણાતા ગયા. ધીમી ગતિએ પણ ધારાબદ્ધ જાપ શરૂ થયો...

કેટલો ટાઈમ થયો તેની મને ખબર નહીં, પણ આવા ધારાબદ્ધ **શ્રી નવકાર મહામંત્રના** જાપમાં હું ખોવાઈ ગયો.

દર કલાકે દર્દની તીવ્રતામાંથી બચવા બેલ મારી નર્સનું ધ્યાન ખેંચી મોર્ફિયાનું ઈન્જેક્શન લેનારો હું લગભગ ત્રણ કલાક સુધી બિલકુલ શાંત-રીતે ધ્યાનસ્થ બની પથારીમાં પડી રહ્યો.

પરિણામે દસ-દસ મિનિટે થનારી ઊલટીઓ બંધ થઈ ગઈ! કમરનું અસહ્ય દર્દ નૉર્મલ થઈ ગયું! વેદના અને પીડાથી ઉપજનારી વિહ્વળતા ગાયબ થઈ ગઈ.....!!!

આંતરિક પરમ શાંતિ સાથે શ્રી નમસ્કાર મહામંત્રના સ્મરણની ઘેનમાં આંખો મીંચી હું પડી રહેલ.

મારી આ સ્થિતિ જોઈ શ્રાવિકાએ મને બોલાવ્યો નહીં અને ગમે તે કારણે મારા સ્વામીનાથ નિદ્રાવશ થયા લાગે છે! અથવા ઘેનની ઘેરી અસર તળે છે, તો હવે પછી વાત! એમ કરી ન્હાવા-ધોવાનું જરૂરી કામ પતાવવા રૂમ ઉપર ગઈ.

દર્દની અસહ્ય પીડાથી ત્રાસી-કંટાળીને દર કલાકે બટન દબાવી ઘેનના ઈન્જેક્શન માટે નર્સનું ધ્યાન ખેંચનાર **ડૉ. ઝવેરી** અઢીથી ત્રણ કલાક થવા છતાં કેમ કાંઈ હીલચાલ કરતા નથી? દર્દની વેદનાને ચીસો દ્વારા વ્યક્ત કેમ કરતાં નથી?.....ક્યાંક ડૉક્ટરોના કહેવા પ્રમાણે ડૉ. **ઝવેરી** off તો થઈ ગયા નથી!!!

મારી પરિચર્યામાં રહેલ નર્સે હીલચાલ વગરના મને શાંત પડેલો જોઈ જરા મારા શરીરને ઢંઢોળી, નાડી વગેરેની તપાસ કરી પણ કાંઈ સમજ ન પડવાથી **સીનિયર રેસિડેન્ટ સર્જન ડૉ. નિકલસનને** ફોન કરી અર્જંટ બોલાવ્યા.

ડૉ. નિકલસન ઝડપભેર આવ્યા. ભયંકર ચીસો-બૂમો પાડનારા અને ઊલટીથી ત્રાસી ગયેલ મને જોવાને બદલે શાંત નિદ્રામાં પોઢ્યો હોઉં તેમ મને જોઈ **ડૉ. નિકલસને** મદદનીશ ડૉક્ટરોને સાથે રાખી નાડી-હાર્ટ-બ્લડ પ્રેસર વગેરેની તપાસ કરી, તો હૉસ્પિટલના કલાક-કલાકના ચાર્ટમાં નોંધાયેલ રિપૉર્ટ કરતાં ખૂબ જ સારી સ્થિતિ લાગી.

ડૉ. નિકલસન ગૂંચવણમાં પડ્યા કે—''શારીરિક સ્થિતિ ગંભીર નહીં છતાં બોલતા કેમ નથી?'' બેભાન દશા જેવું લાગતું નથી? **ડૉ. નિકલસને ડૉ. ઝવેરી...ડૉ. ઝવેરી...** એમ બે ત્રણ ઘાંટા પાડી બૂમ પાડી. એટલે ધીમે ધીમે હું સ્વસ્થ-જાગૃત બન્યો.

ડૉ. નિકલસને ચકિત થઈને પૂછ્યું કે 'ડૉ. ઝવેરી કેમ છો? કેમ બોલતા ન હતા? બેભાન હતા કે?

મેં કહ્યું કે, 'મારા વ્હાલા? હું ખૂબ સ્વસ્થ છું! હું ભાનમાં છું.'

'મારું દુઃખ દર્દ ગાયબ થઈ ગયું છે!'

'મારો રોગ થંભી ગયો છે.'

'તેનું જોર ઘટી ગયું છે.'

'મારા પ્રભુએ મારો હાથ પકડ્યો છે.'

''હું ખૂબ શાન્તિમાં છું.''

''મારે હવે મોર્ફિયાની જરૂર નથી.''

આમ કહી **અરિહંત-અરિહંત** કરતો વળી પાછો હું **શ્રી નવકારના** ધ્યાનમાં ગરક થઈ ગયો.

ધ્યાન—એકાગ્રતાથી મારી આંખો સ્થિરપણે શૂન્ય આકાશ તરફ મંડાયેલી જાણે મારા તરણ-તારણહાર પ્રભુને નિહાળી રહી હતી.

મારી સ્થિતિની વિચિત્રતાથી ગૂંચવાઈ ગયેલા **ડૉ. નિકલસન** તે વખતે કાંઈ પણ ટ્રીટમેન્ટ આપ્યા વિના ગંભીર વિચારણા માટે પોતાની કૅબિનમાં ચાલ્યા ગયા.

પરંતુ પ્રથમની જેમ મારી સ્થિતિ શાંત અને શુન્યવત્ જોઈ નર્સો અને ડ્યૂટી ઉપરના ડૉક્ટરોએ હું બેહોશ અવસ્થામાં જઈ રહ્યો છું, એવું અનુમાન કરી મોટા ડૉક્ટરને સમાચાર આપ્યા.

'અજરામર મહાપદતણું સુખ મેળવવું હોય; સદા જપે નવકારને, તો અક્ષયપદ તે જોય.'—૩૬

સર્જીકલ ડિપાર્ટમેન્ટના સૌથી વડા **ડૉ. રીડ, ડૉ. નિકલસન** પાસેથી પ્રાથમિક માહિતી મેળવી **ડૉ. નિકલસન** સાથે મારી પાસે બાર વાગે આવ્યા.

હું અરિહંત પ્રભુના ધ્યાનમાં અને શ્રી નવકારના શબ્દજાપમાં લીન હતો.

મારું દુઃખ દર્દ ધીમે ધીમે ઘટવા માંડ્યું હતું.

મને હવે દવાની કે ઘેનની જરૂર ન હતી.

ટ્યુબ દ્વારા માંડ ઉતરનારો પેશાબ સહેલાઈથી થવા લાગ્યો.

પેરેલીસીસ(લકવો)ની અસર કમરના નીચેના ભાગમાં છેલ્લા બે દિવસથી વધુ પ્રમાણમાં શરૂ થયેલ. જેથી મારા પગ શૂન્યવત્ થયેલા, તેમાં પણ ઘરખમ સુધારો થયો. મારા પગ હું મારી મેળે હલાવી શકતો.

ડૉ. રીડ અને ડૉ. નિકલસન તો આ બધું નિહાળી આભા જ બની ગયા. બન્ને એકબીજા સામે જોવા લાગ્યા. આ શું?

સહસા **ડૉ. રીડ**ના મોંમાંથી 'GOD IS GREAT' શબ્દો સરી પડ્યા.

બીજા પણ સહચારી ડૉક્ટરો, નર્સો, કંપાઉન્ડરો તથા બીજા દર્દીઓ આ ઘટનાથી ખૂબ પ્રભાવિત બની 'WE TRUST IN GOD' ના ધ્વનિને ઝીલવા લાગ્યા.

આમ રવિવારના દિવસે ૧૦ થી ૧૨ ની વચ્ચે ભયંકર દુઃખ તથા વેદનાઓને કારણે અસહાય-અશરણ અવસ્થાના ભાનના પરિણામે મોહની નીંદરમાં સૂતેલો મારો આત્મા જાગી ઊઠ્યો અને પંચપરમેષ્ઠીના શરણે લીન બની ગયો!!!

હાય-વોય કરતો બૂમો-ચીસો પાડતો હું સહુના આશ્ચર્ય વચ્ચે રવિવારના બાર વાગ્યા પછી ઘેનના ઇંજેક્શન વિના પણ સાવ શાન્ત સ્વસ્થ બની ધ્યાનની મસ્તીમાં તથા શ્રી નવકારના જાપમાં લીન થઈ ગયો.

દર્દની ભયંકરતા-ઉગ્રતા તો બાર વાગ્યાથી વિદાય થઈ ગઈ. પણ દર્દના મૂળ રૂપમાં પણ ચાર-છ આની ઘટાડો થવા લાગ્યો. એટલે ડૉક્ટરો ઑપરેશનની વાત વીસરી ગયા.

આમે ય તેઓ ઑપરેશન જોખમી હોઈ સીવિલ સર્જન (કે જેઓ બે દિવસની રજા ઉપર ગયેલ)ની સલાહ વિના કરવા તૈયાર ન હતા, એમાં મારા દર્દની સ્થિતિ અણધારી રીતે શાંત થતી હોઈ ઑપરેશનનું જોખમ ઉઠાવવું વાજબી ન માન્યું.

એલોપથી સાયન્સ પ્રમાણે ભયંકર જોખમી દેખાતું ઑપરેશન અને રવિવારના બાર પછી ઑપરેશનની ખાસ ઉતાવળ નહિ એવી કંડિશન-આ બધી દ્વિધાભરી સ્થિતિમાં નક્કર નિર્ણય લેવાનું સાહસ ન કરતાં 'સિવીલ સર્જન **ડૉ. સર જ્યોફી નાઇટ** તપાસી જે નિર્ણય લે તે ખરો!'' એમ વિચારી સૌ આશ્ચર્ય-ચિંતા અને સંશયની સ્થિતિમાં રમવા માંડ્યા.

સોમવારની સવાર થઈ, આઠ વાગે સર્જરી ડિપાર્ટમેન્ટના સૌથી વડા **ડૉ. સર જ્યોફી નાઇટ** ડ્યૂટી ઉપર હાજર થયા કે તુરત **ડૉ. નિકલસન, ડૉ. રીડ** અને બીજા પણ મદદનીશ ડૉક્ટરોએ મારા કેસને કુતૂહલ ભય-વિસ્મય આદિની મિશ્ર રેખાઓ મુખ પર ઉપસાવી હકીકત રજૂ કરવા સાથે પૂરતી તપાસ કરાવી.

ડૉ. નાઇટે મને પૂરતી સાવચેતીથી ચોકસાઈપૂર્વક તપાસી હાઉસીંગ સર્જન **ડૉ. રીડ** ઉપર અત્યંત ગુસ્સે થઈ બોલ્યા કે—'આટલો ગંભીર કેસ અને હજુ તમે આને ઑપરેશન થિયેટરમાં લઈ નથી ગયા? સર્જરી કરવામાં આટલો વિલંબ કેમ? અંદર સેપ્ટિક કેટલું બધું થયેલું છે?'

મારાં પત્ની શ્રાવિકા અને નાનકડી બે બાળાઓને ઉદ્દેશીને બોલ્યા કે 'શું તમારી હ્યુમેનીટી મરી પરવારી છે? આવાં માસુમ બાળકો અને નાની વયની પત્નીની પણ દયા ન આવી?

આ કેસને તમે આટલો 'ડીલે કેમ કર્યો!' આદિ ખૂબ આક્રોશભરી વાણીમાં સૌની ભર્ત્સના કરી તુરત સ્ટ્રેચર-ગાડી મંગાવી ઑપરેશન થિયેટરમાં મને લઈ જવાની પાકી ભલામણ સૂચના સાથે ડૉ.

'ગુણ ગણનો આનંદ છે, મહામંત્ર નવકાર; જો ઇચ્છો આત્માનંદ, તો નિત્ય સ્મરો નવકાર.'—૩૭

નાઈટ 'રાઉન્ડ ઉપરની ફરજ જલદીથી પતાવી હું ઑપરેશન થિયેટરમાં જલદી આવું છું' એમ કહીને ગયા.

ડૉકટરો અને નર્સોએ તુરત ઝડપી તૈયારી કરી મને ઇંજેક્શન, દવાની ગોળીઓ આપી-લોહી ચડાવી-કપડાં બદલાવી તૈયાર કર્યો. સ્ટ્રેચર ગાડીમાં સૂવડાવી ઑપરેશન થિયેટરમાં લઈ જવા માંડ્યો.

તે વખતે ગઈકાલે સવારે જે ગુલાબી ફૉરમ ઉપર સહી કરી ઑપરેશનની ગંભીરતા જણાયેલી, તેથી શ્રાવિકા તરીકે મને વિશિષ્ટ રીતે સાંત્વના-આશ્વાસન આપવા મારાં પત્ની મારી સામે એક ટક નિહાળી કાંઈક કહેવા ગયા છતાં મોહની કારમી અસરથી જાણે હું મૃત્યુની ગાડીમાં બેઠો હોઉં અને મૃત્યુ તરફ હું જઈ રહ્યો હોઉં એવી લાગણીના આવેગથી મારાં પત્ની એકદમ વિહ્વળ બની અશ્રુપાત કરવા લાગ્યાં.

મેં ખૂબ સ્વસ્થતાપૂર્વક કહ્યું કે–'મંજુલા! દેવગુરુ પસાયે હું ખૂબ સ્વસ્થ છું! હવે હું મરવાનો નથી!...તું તો સમજુ છો! ...શાણી છે!...તેં મને ધર્મનું શરણ લેવા ઘણી વાર કહેલ પણ મારા પાપના ઉદયે મને તે વાત રુચતી ન હતી!...ખેર!...

'હવે તો હું ઠેઠ મૃત્યુના બારણાં ખખડાવી શ્રી નવકાર મહામંત્રના આલંબને પાછો ફર્યો છું...મારું દર્દ શમી ગયું છે...! તું જરા પણ ગભરાઈશ નહિ!... શરીરમાં ભરાઈ ગયેલ કચરાને બહાર કાઢવા માટે ઑપરેશન થિયેટરમાં જઈ રહ્યો છું!...બાકી હવે કોઈ જોખમ નથી... માટે જરા પણ ચિંતા ન કરજે... દેવગુરુ પસાયે તેમજ શ્રી નવકારના પ્રતાપે વધુ સ્વસ્થતા મેળવવા જઈ રહ્યો છું.

તેમ છતાં મને કાંઈ થઈ જાય તો પણ હવે... મને જરા પણ ભય થડકારો નથી!... મારી ગતિ સારી જ થશે!... શ્રી નવકારના રખવાળાં મેળવ્યાં છે... હવે કશી ચિંતા નથી...

કદાચ મારું શરીર છૂટી જાય તો તું તથા બંને બાલિકાઓ સ્વદેશમાં જઈ અસાર સંસારનો મોહ છોડી આત્મકલ્યાણના માર્ગે આગળ વધી લાખેણો માનવ અવતાર પણ સફળ કરજો...

'લો..ત્યારે..મિ..ચ્છા..મિ..દુ..ક્ક.. ડં!'

શ્રાવિકાએ પણ મોહના આવેશને ખંખેરી મારી હૈયાને ધરપત આપતાં કહ્યું કે–'સ્વામીનાથ! તમે શ્રી નવકાર મહામંત્રમાં મન પરોવી રાખજો! અમારી કશી ચિંતા ન કરશો. દેવગુરુ પસાયે સૌ સારું થશે! અરિહંત...અરિહંતનું સ્મરણ ચાલુ રાખશો.'

મારું હૈયું શ્રાવિકાના શબ્દોથી તૃપ્ત થયું. હું શ્રી નવકારના જાપમાં લીન બન્યો.

સ્ટ્રેચર ઑપરેશન-થિયેટર પહોંચ્યું. મને ઑપરેશન ટેબલ ઉપર લીધો. **ડૉ. સર જ્યોફી નાઈટ, ડૉ. રીડ, ડૉ. નિકલસન** આદિ મોટા ડૉકટરો તેમજ મદદનીશ અનેક ડૉકટરોએ ભારે સાવચેતી સાથે ઑપરેશનની શરૂઆત કરી.

સોમવાર સવારે હું શ્રી નવકારની ગોદમાં લપાઈ ખૂબ સ્વસ્થ બનેલ પણ પાપકર્મના ઉદયથી ભોગવૃત્તિ અને લાલસાના અતિરેકથી કરેલ વધુ પડતા અમર્યાદિત ખાનપાનથી શરીરમાં ભેગા થયેલ કચરાસડાને કાઢવા ઑપરેશન ટેબલ ઉપર જવું પડ્યું.

શ્રી નવકાર મહામંત્રની છત્રછાયા તળે ખૂબ સ્વસ્થતા સાથે સોમવારે અગિયાર વાગે શરૂ થયેલું ઑપરેશન બપોરે ચાર વાગે પૂરું થયું, છ ઔસ જેટલી રસી નીકળી અને ફેફસામાંથી સાડા પાંચ હાડકીઓ સડેલી કાઢી.

બધા ડૉક્ટરો ચકિત બની ગયા કે આટલી બધી રસી નીકળી, આટલી સડેલી હાડકીઓ નીકળી, છતાં આ દર્દી જીવે છે શી રીતે! અને આટલી ભયંકર બગાડવાળી સ્થિતિ છતાં ગઈ કાલ બાર વાગ્યાથી દર્દ નહિ જેવું કેમ થઈ ગયું! દર્દ ભયંકર હોવા છતાં દર્દી સ્વસ્થ કેમ રહી શક્યો! આ શો ચમત્કાર! બધાના હૈયામાં God is Great શબ્દો ગુંજતા હતા.

'નિર્મળ જાપ મહામંત્રનો, ઉપજાવે અંતર્ઘોષ; શોષ કરે તે પાપનો, કરતો આતમ પોષ.'–૩૮

ચાર ને દશ મિનિટે મને સ્ટ્રેચરમાં પાછો મારા બિછાનામાં લાવવામાં આવ્યો.

મેં ત્યાં આવતાં તુરત જ ફોન ઉઠાવી ડાયલ ફેરવ્યું. શ્રાવિકાને ધર્મને શ્રદ્ધા મજબૂત હતી જ. તેમ છતાં વધુ નક્કરતા આવે તેથી હૉસ્પિટલના ફોન કંટ્રોલરને **મીસીસ ઝવેરીનો** ફોન જોડવા કહ્યું, કંટ્રોલરે ભૂલથી હૉસ્પિટલની મેટ્રનની રૂમમાં જોડી આપ્યો.

મેટ્રનને મારી તબીયતની ગંભીરતા અને ઈશ્વરીય શક્તિનો પરચો બતાવનાર રવિવારની અદ્‌ભુત ઘટના અને અગિયાર વાગે શરૂ થયેલું ઑપરેશન ચાર વાગે પૂરું થયું તેની જાણકારી હતી જ.

તેથી ટેલીફોનમાં મારો વોઈસ સાંભળી, તે ઘડીભર તો ચમકી ગઈ અને ટેલિફોનમાં ભાવ વિભોર બની God is Great બોલી Oh Dr. Javariy! Happy are you? Thank you. કહી મેટ્રને શ્રાવિકા સાથે વાત કરવા ફોન જોડી આપ્યો.

મેં ફોન ઉપર શ્રાવિકાને કહ્યું કે, ''હું તદ્દન સ્વસ્થ છું, શ્રી નવકારના પ્રતાપે ઑપરેશનના... નહીં...નહીં... મૃત્યુના ટેબલ પરથી ચાર વાગે હેમખેમ ઉતરી મારી રૂમમાં પાછો આવી ગયો છું...''

''દેવ-ગુરુ કૃપાએ શ્રી નમસ્કાર મહામંત્રનાં રખવાળાં ખરેખર અજબ રીતે મને દ્રવ્ય-ભાવ, બંને દુઃખમાંથી ઉગારી ચૂક્યાં છે...ધન્ય છું હું...''

''ડૂબતાં ડૂબતાં પાટિયું હાથ ચડે-તેમ આ મ્લેચ્છ ધરતી ઉપર મારા આત્માને અવળી દિશાથી પાછો વાળનાર શ્રી નવકાર મને સાથીદાર તરીકે મળી ગયો!!!''

તુરત જ શ્રાવિકા આનંદ-વિભોર બની, બંને બાલિકાઓને સાથે લઈ હૉસ્પિટલ આવી, મને ખૂબ પ્રસન્ન જોઈ શ્રાવિકા હકીકતમાં ભક્તિ-ગદ્‌ગદ બની ગયેલ.

તે વખતે વાતચીત દરમિયાન મોટી બેબી દ્વારા જાણવા મળેલ કે શ્રાવિકાએ ઘરે અગિયાર વાગ્યાથી કેસરીયાજીના ફોટા સમક્ષ શ્રી નવકાર મહામંત્રનો જાપ કરેલ અને શુભ સમાચાર આવે તો જ અન્નપાણી લેવાં, આવો અભિગ્રહ કરેલ.

વધુમાં મારી સ્વસ્થતા અને ઑપરેશનની સફળતા માટે વ્રતનિયમ-તપ-જપ આદિ કરવાનો સંકલ્પ કરેલ.

મારા જીવનમાં અચાનક આવેલી નાનકડી માંદગીએ ભયંકરરૂપ લીધું અને ભલભલા ડૉકટરો પણ જેમાં ગભરાય તેવા જોખમી ઑપરેશનની ઘડી આવી, તે ખરેખર ''તીવ્ર ભાવે આચરેલ પુણ્ય ને પાપનો ઉદય તુરત આવે છે'' એ શાસ્ત્રીય નિયમ પ્રમાણે યથાર્થ હતી અને કુદરતી સંકેત પ્રમાણે દ્રવ્ય ઑપરેશનથી અંદરના બગાડ રૂપે રસી તથા સડેલી હાડકીઓ વગેરે દૂર કરવાની જેમ આ ઑપરેશનની પૂર્વભૂમિકામાં અત્યંત તીવ્ર વેદનામાં યાદ આવેલ શ્રી નમસ્કાર મહામંત્રના જાપ અને સ્મરણથી મારી આંતરિક પાપવાસનાઓનું પણ ભાવ-ઑપરેશન થઈ ગયું, કે જેથી દૃષ્ટિ ઉપરનું મોહનું આવરણ દૂર થયું, વિવેક બુદ્ધિનો ઉદય થયો.

પરિણામે હૉસ્પિટલમાં ઑપરેશન પછી ટ્રીટમેન્ટ માટે રહેવું પડ્યું. પણ મારી વૃત્તિઓ વિવેક બુદ્ધિની દોરવણીથી સાવ પલટાઈ ગઈ, જેથી આજ સુધી નર્સ કે સ્ટાફની લેડીઝ સાથે માત્ર ગમ્મત ખાતર હસીને-વાતો કરીને થતું દૃષ્ટિ કુશીલતાનું છૂપું પાપ સર્વથા બંધ થઈ ગયું અને અત્યાર સુધી આચરેલ તે પાપની ઘૃણા મનમાં ઠસી ગઈ.

બાલ્યાવસ્થામાં દાદાએ અને તીર્થસ્વરૂપ માતાએ સમજાવેલ તેમજ પાઠશાળામાં શીખેલ શીલધર્મનો મહિમા અને તેની મર્યાદાઓનું મહત્ત્વ સચોટપણે સમજણમાં સ્પષ્ટ થવા માંડ્યું.

વધુ સારી રીતે અને ઝડપી લોહીનો ભરાવો થઈ સ્વસ્થતા જલદી મેળવું તે આશયથી **ડૉ. નિકલસન, ડૉ. રીડ** અને તેમની હાથ નીચેના નિષ્ણાત

'છે શિવપુરનો સાથીયો, ત્રિભુવન જન આધાર; ભવ કાપે સૌ ભવિ તણા, મહામંત્ર નવકાર.'—૩૯

ડૉકટરો, સૌથી વડા જ્યોફ્રી નાઇટની દોરવણી પ્રમાણે વિટામિન્સના ઇંજેક્શનો આદિનો કોર્સ લાગણીપૂર્વક મને આપતા. તેમ છતાં તેમની ધારણા પ્રમાણે મારું શરીર કવર-અપ ન થતું જોઈ મૂંઝવણમાં આવી બીજા ડૉકટરોની કોન્ફરન્સ બોલાવવા વગેરેની તજવીજ કરવા લાગ્યા.

મને આ વાતની ખબર પડતાં ડૉ. નિકલસનને મેં સ્પષ્ટતાથી વાત કરી કે –

''જાતિ-દેશ કે કુળની સગાઈ નહીં છતાં તમો જે હમદર્દી અને લાગણીથી મારા માટે કાળજીપૂર્વક ટ્રીટમેન્ટની યોજના કરી રહ્યા છો અને સારામાં સારી શક્તિવર્ધક દવાઓ ઇંજેકશનો આપવા છતાં શરીરની નાજૂક સ્થિતિ તમોને ગૂંચવાડામાં મૂકી રહી છે, તેનું કારણ તમારી જાણમાં કદાચ ન પણ આવે.

પણ હકીકતમાં જે પરમાત્માની શક્તિએ મને બચાવ્યો છે તે શક્તિને અનુરૂપ જીવનચર્યા માટેનું યોગ્ય વાતાવરણ મને અહીં મળતું નથી, તે ટેન્સનના કારણે તમારા તરફથી ભરપુર ફેસીલીટી છતાં હું શારીરિક સ્વાસ્થ્ય નથી મેળવી શકતો, માટે મારા શરીરને રી-કવર કરવા માટે મને ઘેર જવા દો.

ડૉ. નિકલસન આ વાત સાંભળી ઘણીવાર વિચારમાં ગૂંચાયા, પણ છેવટે મારી વાત ઉપર વિશ્વાસ રાખી કમર સુધી પ્લાસ્ટર ચડાવી ઍમ્બ્યુલન્સ કારમાં ઘરે પહોંચાડ્યો.

ધર્મ સંસ્કારમાં રંગાયેલી શ્રાવિકા પત્નીએ કાંઈ પણ હલન-ચલન ન કરી શકાય તેવા કમર સુધીના ફીટ પ્લાસ્ટરમાં જકડાયેલા, સાવ અપંગ હાલતમાં પણ જરા પણ કચવાટ, કંટાળો લાવ્યા વિના નાની-મોટી દરેક જરૂરિયાતો ખડે-પગે, ઉમંગભેર પૂરી કરવા માંડી.

સાથે સાથે મને અંતરની જાગૃત થયેલી દષ્ટિ પ્રમાણે જીવનને સંયમ બનાવવા સમજાવતી અને અજ્ઞાન દશામાં આચરેલ પાપોની ગર્હા-નિંદા કરવા જાગૃત કરતી.

માંદગી પહેલાં પણ શ્રાવિકા મને અવારનવાર આ બધી વસ્તુ સમજાવતી, પણ તે વખતે મારો અંતર-આત્મા મોહના આવરણથી વાસનાના વાતાવરણમાં વિવેકશૂન્ય બનેલ હોઈ, તે બધું ટકોર રૂપ લાગતું, જેથી મોટે ભાગે આંખ આડા કાન કરતો, માત્ર પત્ની તરીકેના રાગને લઈ સામો જવાબ ન આપતો.

પણ હવે શ્રાવિકાના અંતરમાં મારા આત્માને દુર્ગતિથી બચાવવા માટેના ભાવ વાત્સલ્યનો અનુભવ થવા માંડ્યો. જેથી પ્લાસ્ટરમાં જકડાયેલ સ્થિતિમાં પણ શ્રાવિકાની સૂચના પ્રમાણે માનસિક રીતે ધાર્મિક જીવનની તૈયારી કરતો ગયો.

શ્રી નવકાર મહામંત્રનું સતત સ્મરણ ઉપરાંત કરેલ પાપોની ગર્હા, આત્મચિંતન અને કર્તવ્યની જાગૃતિ વગેરેમાં તત્પરતા વધતી ગઈ.

તે વખતે મારી અસહાય અને અશક્ત અવસ્થા એવી હતી કે ચમચી ઉપાડવી પણ મારા માટે મુશ્કેલ હતી, જ્યારે એક સમય એવો હતો કે બે યુવાન માણસોને ખભે બેસાડી પહાડ ચડી શકતો અને ઉતરી શકતો.

જીવનમાં સાક્ષાત્ અનુભવ થયો કે ઔદયિક ભાવનું શરીરબળ ધર્મબળે જ ટકે છે, નાહક મદ-અભિમાનનો કાંઈ અર્થ નથી!!!

દુનિયામાં કહેવાય છે કે–'જે થાય તે સારા માટે' તેથી પ્લાસ્ટરની અવસ્થામાં ચિંતન અને આત્મગર્હા કરવાનો વધુ સમય મળ્યો, પરિણામે વિવેકબુદ્ધિનું ધોરણ ઊંચું આવવા માંડ્યું. તેથી ખરી ભૂખે ભોજનના સાચા સ્વાદની જેમ મારા જીવનને ધર્મ દિશા તરફ પલટાવવા માટે લગ્નના પ્રથમ દિવસથી જ ધાર્મિક દષ્ટિકોણ આપવા મથતી શ્રાવિકાનાં આજ સુધીનાં સૂચનો અવગણ્યાની ભૂલ ખરેખર ખૂંચવા માંડી.

જાતની પરવા કર્યા વિના ખડેપગે મારી સારી-નરસી સ્થિતિમાં પણ મારા ધાર્મિક-જીવનની દેખરેખ રાખનારી શ્રાવિકાએ તત્પરતા કેળવી, મારી જાતને

'અનેક ઉમેદો રાખી કરી, ગણે મંત્ર નવકાર; ઉમેદો સૌ પૂરી થશે, નહીં શંકા લગાર.'–૪૦

પાપ માર્ગમાંથી બચાવવા સુંદર હિતશિક્ષાઓ આપી કર્તવ્યનો માર્ગ અપનાવેલ.

આવી આદર્શ શ્રાવિકાને પત્નીરૂપે મેળવી મારા ધર્મ જીવનનું ઘડતર આવી શ્રાવિકાના આધારે જ થયું છે ને થશે, એના ઉલ્લાસથી પ્લાસ્ટરની જકડામણની વેદના ઘડીભર વિસરી જતો, અને શ્રાવિકા પ્રત્યેનો આજ સુધી માત્ર કામવાસનાને પોષવાના સાધન તરીકેનો દ્રવ્યપ્રેમ મારા આંતરિક જીવનને ધર્મમય બનાવનાર સાધર્મિક તરીકેના ભાવ પ્રેમ અને ગુણાનુરાગમાં પરિણમવા લાગ્યો.

હકીકતમાં ધર્મ-સંસ્કાર-વિહીન મ્લેચ્છ ધરતી ઉપર મારા જીવનની કાયાપલટને સ્થાયી રૂપ આપવા માટે **શ્રાવિકાનો** ફાળો ચિરસ્મરણીય બન્યો છે અને તે રૂપમાં મારા જીવનના સંચાલક **ધર્મગુરુ** તરીકે **શ્રાવિકાને** સ્વીકારી.

આ રીતે દ્રવ્ય અને ભાવ બંને જાતની યોગ્ય ટ્રીટમેન્ટથી હું થોડા દિવસમાં સારો થઈ ગયો, ધાર્યા કરતાં પણ શરીર વધુ શક્તિશાળી બન્યું. જ્યાં જીવન-મરણનો સવાલ હતો. કદાચ ઑપરેશનથી જીવન ટકે તો પણ કમરથી નીચેના ભાગે પેરેલેસીસની અસરથી બંને પગે લકવાની ચોક્કસ સંભાવના બધા ડૉક્ટરોની હતી, છતાં સૌના અચંબા વચ્ચે હું જાતે વગર ટેકે, સાહજિક રીતે ચાલી શકવાની સ્થિતિએ પહોંચ્યો. સૌને મન હું એક કોયડારૂપ બની ગયો.

છેવટે લંડનની મેડિકલ એસોશિએશનની સ્પેશ્યલ મિટીંગમાં અમારી હૉસ્પિટલના ડૉક્ટરોએ પોતાની ગૂંચનો ઉકેલ મેળવવા લંડનના પ્રખ્યાત અનેક એમ. ડી. ડૉક્ટરોને આમંત્ર્યા.

તે મિટીંગમાં **ડૉ. નિકલસને** મારા કેસની હકીકત અથથી ઇતિ સુધી જાહેર કરી.

મારા કેસના પ્રીસ્ક્રીપ્સનો-અપાયેલી દવાઓ-ઇંજેક્શનો અને વિશિષ્ટ ટ્રીટમેન્ટની માહિતી ડૉ. **રીડના** માર્ગદર્શન મુજબ રજૂ કરી.

મારા દર્દની કેફીયત, કમરનું વિચિત્ર દર્દ, રસી અને હાડકામાં સડો શી રીતે ઝડપી થયો? પેરેલીસીસની શક્યતા, ઑપરેશનનું જોખમ વગેરે બાબતો સર જ્યોફ્રી નાઈટે નિખાલસતા સાથે નિષ્ણાત ડૉક્ટરોની પેનલ સમક્ષ રજૂ કરી.

ત્રણ કલાક સુધી સર્જીકલ અનેક ડેટાઓની છણાવટ કરવા છતાં દર્દની માહિતી-ઑપરેશનની પૂર્વ ભૂમિકા અને સફળતા બાબત કોઈ સ્પષ્ટ નિરાકરણ થઈ ન શક્યું. છેવટે GOD IS... ALMIGHTY.. તથા GOD ONLY KNOW.... કે GOD IS GREAT વગેરે બોલવા પૂર્વક ભારતીય ડૉક્ટરની ધર્મશ્રદ્ધા અને પ્રભુ-વિશ્વાસની પ્રશંસાપૂર્વક સૌ ડૉક્ટરો કુતૂહલ અને વિસ્મયના મિશ્ર ભાવોને લઈ ઈશ્વરીય શક્તિની પ્રેરણા સાથે વિખરાયા.

આ સભાની વિગતો પરથી મારી આત્મશ્રદ્ધા ખૂબ મજબૂત થઈ. સંસારમાં હકીકતનો ઈન્કાર કોઈ કરી શકતું નથી, એટલે એલોપેથી-સાયન્સ પણ જ્યાં ગૂંચવાઈ ગયું, તેવી વિષમતર સ્થિતિમાંથી પસાર થઈ જીવતો ને જાગતો હુ સૌને મન કુતૂહલરૂપ બનેલ, તેથી આ સ્થિતિનું સર્જન કરનાર ઈશ્વરીય શક્તિની વધુ જાગૃતિ કેળવી શક્યો.

એટલે સઘળા સમૃદ્ધ ભૌતિક સાધનો જ્યારે બેવફા બન્યા અને મૃત્યુના મુખમાં હડસાયેલા મને જે શક્તિએ હેમખેમ બહાર કાઢ્યો, તે શક્તિને વફાદાર બની રહેવાની જાગૃતિના આધારે મારા જીવનને ધર્મ અને શ્રી નવકાર મહામંત્રના શરણે સંપૂર્ણ સમર્પણભાવ કેળવવા માટે પાંચતિથિ અભક્ષ્ય અનંતકાયનો વપરાશ બંધ કર્યો. બીજી રીતે પણ જીવનમાં પૌદ્ગલિકતાને બદલે સાત્ત્વિકતાને સ્થાન આપ્યું.

પૂર્ણ સ્વાસ્થ્ય પ્રાપ્ત થયા પછી મબલખ આવકવાળી પણ સર્વિસનું રાજીનામું આપ્યું, કેમ કે જે ધર્મે-જે શ્રી નવકારે મને મૃત્યુના મુખમાંથી બચાવ્યો, હવે તો તેની છત્રછાયામાં તેણે ચીંધેલા

'જગત શરણ મહામંત્ર છે, અવર શરણ નહીં કોઈ; સમરો સદા મહામંત્રને, સુખ સહોદર હોય.' – ૪૧

માર્ગે જીવનને સફળ રીતે પસાર કરવાના ધ્યેયથી ભારત પાછા ફરવાનું નક્કી કરેલ.

સહૃદયી ડૉક્ટરમિત્ર બંધુઓ અને હૉસ્પિટલના એડવાઈઝરી બોર્ડ, મેનેજીંગ બોર્ડના સદસ્યોના પ્રેમાળ ઈન્કાર છતાં માંડ બધાને સમજાવી ભારત પાછા આવવા માટે યોગ્ય પૂર્વતૈયારી કરી.

શુભ દિવસે બે બેબીઓ અને શ્રાવિકા સાથે ભારત તરફ ઉત્સાહપૂર્વક પ્રયાણ કર્યું અને તે જ વખતે મનમાં દૃઢ નિર્ણય કર્યો કે—ભારતની ધરતી ઉપર પગ મૂકતાં જ વાસના અને આસક્તિને સર્વથા તિલાંજલી ન આપી શકાય તો પણ તેની ચોક્કસ મર્યાદાઓ વિરતિ ધર્મના વિશિષ્ટ પાલનથી નક્કી કરી લેવી.

આખા પ્રવાસ દરમિયાન ધાર્મિક જીવન સાથે આદર્શ વ્યવહાર ગોઠવવા માટેની સુંદર યોજનાઓ શ્રાવિકા સાથે વિચારી નક્કી કર્યું.

મુંબઈ બંદરે સ્ટીમર ધક્કા ઉપર પહોંચી કે તરત જ ભારતની ભૂમિને ખૂબ ભાવથી નમન કર્યાં. ભારતની ભૂમિ પર પગ મૂકતાં જ મેં અને શ્રાવિકાએ ઈશાન ખૂણેથી સીમંધર સ્વામી પરમાત્માની સાક્ષીએ ભાવપૂર્વક ઘૂંટણીએ પડી, નમસ્કાર કરી ધર્મશાસનની છત્રછાયા તળે જીવન જીવવાનો દૃઢ સંકલ્પ કર્યો.

આજ સુધી જે અભક્ષ્ય પદાર્થોને વાપરતાં લાલસા-શરીરનું પોષણ માની ખૂબ આનંદ આવતો, હવે તેમાં ભયંકર નરકનાં દુઃખો અને આત્માનું શોષણ ભાસ્યું. એટલે તીવ્ર આલોચનાના ભાવપૂર્વક અનંતકાયાદિક અભક્ષ્ય પદાર્થોનો સદંતર જાવજ્જીવ ત્યાગ કર્યો. તેમ જ સાત વ્યસન,-રાત્રિ ભોજન, બોળ, અથાણું વગેરે પાપોના પણ પચ્ચક્ખાણ **શ્રી સીમંધર સ્વામી** પરમાત્માની સાક્ષીએ કર્યા.

મને લેવા માટે આવેલા સંબંધીઓ એમ સમજ્યા કે ડૉ. ઝવેરી અને તેમનાં પત્ની કેવાં વિનીત છે? કે અમને પગે લાગે છે! પણ ખરી રીતે તો અમે બંને સંસારી જીવનને ધર્મના પંથે ચઢાવવા માટેની પૂર્વ-ભૂમિકા સર્જી રહ્યાં હતાં.

પાલણપુર આવી પરોપકારી ભાવ-વાત્સલ્યભર્યા જેમના ગેડિયાના મારના ડરથી મેળવેલ ધાર્મિક શિક્ષણના પ્રતાપે ઇંગ્લૅંડ જેવી મ્લેચ્છ ધરતીમાં ભયંકર વેદનાઓના વમળમાં પણ **શ્રી નવકાર મહામંત્રનું** સ્મરણ દ્રવ્ય અને ભાવ સમાધિજનક થવા પામ્યું, તે દાદાજી હયાત ન હતા, તેથી હૈયાનું દર્દ થયું તેમ છતાં તેઓશ્રીના અસીમ ઉપકારો બદલ દાદાજીના પગ ધોઈ તે ચરણામૃતને માથે ચઢાવવા રૂપની ભાવનારૂપે શ્રદ્ધાંજલિ અર્પી.

ધર્મ-વાત્સલ્યમૂર્તિ ખરેખર જીવનસંસ્કારદાયી માતાજીના ચરણોમાં કૃતજ્ઞતાભર્યાં આંસુ સાથે પડી બધી વાત ટૂંકમાં કહી.

વધુમાં—'આપની આપેલ ચંદનની માળાથી શ્રી નવકારના કરાતા દ્રવ્ય જાપના પ્રતાપે પણ છેવટે મારો ઉદ્ધાર થયો, આ બધું શ્રેય આપને છે' વગેરે કહી માતાની ચરણરજ માથે ચઢાવી.

બાદ વ્યવસાય અર્થે ઈ. સ. ૧૯૬૪માં કલકત્તા આવવાનું થયું.

ત્યાં ડૉક્ટરી પ્રૅક્ટિસ શરૂ કરી, પુણ્યયોગે પ્રૅક્ટિસ સારી જામી. લંડનની જેમ અહીં પણ ભૌતિક સાહ્યબી જરૂર કરતાં વધુ મળવા લાગી, પણ હવે અંતરનો આત્મા જાગૃત બનેલ હોઈ વિકારી વાસનાઓના દબાણથી મુક્ત રહી શક્યો.

પ્રબળ-પુણ્યના ઉદયે મારા ગોઠિયા ભાઈબંધે એક વાર પ્રેરણા કરી કે **વિનયવિજયજી મહારાજ** (સ્વ. પૂ. આ. **શ્રી વિજય ભક્તિસૂરીશ્વરજીના** શિષ્ય હાલમાં પૂ આ. **શ્રી વિનયચંદ સૂરીશ્વરજી** મહારાજ) બહુ સુંદર વ્યાખ્યાન ફરમાવે છે, એક વાર જરૂર આવો, વારંવાર ભાઈબંધની પ્રેરણાથી એક રવિવારે સમય કાઢી વ્યાખ્યાન સાંભળવા ગયો. પૂ. મહારાજશ્રીની સંયમલક્ષ્મીથી શોભતી કાયા, પ્રશાંત ચહેરો, મીઠી-મધુરી વાણીથી મન આકર્ષાયું.

'મહામંત્ર અવલંબને, આત્માનંદ વિલાસ; વિદાય થાય દુઃખો સહુ, ન રહે કર્મ વિકાર.'—૪૨

ફરી ક્યારેક દહેરે દર્શન કરવા માટે પધારેલ પૂજ્ય **શ્રી વિનયવિજયજી મહારાજ** દેરાસરમાંથી બહાર નીકળ્યા, અને હું મારા મિત્ર સાથે ફરવા નીકળેલ, પણ નાનપણમાં દાદા તરફથી તથા ધાર્મિક પાઠશાળામાં એવું શિક્ષણ મળેલ કે જૈન સાધુ ભગવંત-પ્રભુ મહાવીરના ત્યાગ-ધર્મને પાળનારને જોઈ તુર્ત હાથ જોડવા, એ સંસ્કારને લીધે મેં બુટ કાઢી વિનયપૂર્વક નમસ્કાર કર્યા.

પૂજ્ય ગુરુદેવે મધુર સ્વરે ધર્મલાભ દીધો. મારી વિનંતિથી માંગલિક સંભળાવ્યું. પૂજ્ય ગુરુદેવની સંયમી કાયચેષ્ટા, જયણાપૂર્વક ચાલવાની પદ્ધતિ આદિની અમીટ છાપ હૈયા પર પડી.

ત્યાર પછી રવિવારે વ્યાખ્યાન સાંભળવા ગયેલ. પૂજ્ય ગુણવિજયજી મહારાજ(તપસ્વી)ની પ્રેરણાથી ગુરુવારે હૉસ્પિટલ બંધ હોઈ અઠવાડિયામાં બે દિવસ (રવિ-ગુરુ) વ્યાખ્યાન નિયમિત સાંભળવાનું શરૂ કર્યું.

પછી તો પ્રભુની વાણી સાંભળવાની તમન્ના વધવાથી દર્દીઓને હૉસ્પિટલમાં મોડા આવવાની સૂચના આપી રોજ નિયમિત વ્યાખ્યાન સાંભળવાની શરૂઆત કરી.

વિનયવિજયજી મહારાજની સુંદર શાસ્ત્રાનુસારી વ્યાખ્યાનશૈલી, સુંદર મહાપુરુષોના જીવન ચરિત્રોના પ્રસંગોની ભવ્ય રજૂઆત, પૂજ્ય **તપસ્વી ગુણવિજયજી મહારાજ**ની ધર્મ-કાર્યો અંગેની વિવિધ સૂચનાઓ, ઘરમાંથી શ્રાવિકાની હાર્દિક પ્રેરણા અને તેણીનો ધાર્મિક સથવારો હોઈ સૌ પ્રથમ **શ્રી શામળા પાર્શ્વનાથ પ્રભુજી**ની અટ્ઠમથી ધાર્મિક જીવનની શરૂઆત થઈ.

ત્યાર બાદ ઉત્તરોત્તર અનેક ત્યાગી, તપસ્વી સાધુ ભગવંતો આચાર્યો, પદસ્થ મુનિઓ આદિનો ધાર્મિક પરિચય-ધાર્મિક વાતાવરણ આદિના પ્રતાપે યથાશક્તિ વ્રત-નિયમ, તપ-જપ, પૌષધ, પ્રતિક્રમણ આદિ ધર્મ ક્રિયાઓથી જીવન ધન્ય-પાવન બની ગયું.

પણ હકીકતમાં પૈસા કમાવવાની દૃષ્ટિએ કલકત્તાની ભૂમિ અનુકૂળ છતાં ધાર્મિક વાતાવરણ અને સંયમી જીવન જીવી ધાર્મિક અપૂર્વ પ્રેરણા આપનારા મુનિઓના સહવાસની ઓછાશના કારણે શ્રાવિકાની પ્રેરણાથી કલકત્તા છોડી ઈ. સ. ૧૯૭૧માં અમદાવાદ આવ્યા.

અહિ આવ્યા પછી ધાર્મિક જીવનમાં ખૂબ વધારો થયો.

* શ્રી વર્ધમાન તપની ૩૧ ઓળીઓ થઈ.

* પૂજ્ય શાસન પ્રભાવક આચાર્યદેવ **શ્રી દેવેન્દ્ર સાગર સૂરીશ્વરજી મ.** ના હાથે **શ્રી પરમાનંદ જૈન સંઘ** (વીતરાગ સોસાયટી, પાલડી, અમદાવાદ-૭) તરફથી થયેલ ઉપધાન પ્રસંગે મહાન પુણ્યના યોગે **શ્રી નમસ્કાર મહામંત્ર**ની આરાધના વિધિપૂર્વક અઢારિયું (પહેલું ઉપધાન) કરવા દ્વારા આરાધવાનું સૌભાગ્ય મળ્યું.

* શ્રાવિકાને ૪૭ દિવસના ઉપધાન કરાવી પ્રથમ માળા પહેરાવી જીવનોપકારિણી શ્રાવિકાના ઉપકારનું યત્કિંચિત ઋણ અદા કર્યું.

'સુમતિ શું સ્નેહ વાધતાં, રહેતી કુમતિ દૂર; મહામંત્ર નવકારના, જો ગૂંજે અંતર સૂર.'—૪૩

❋ મારા જીવનના ધાર્મિક પરિવર્તનમાં ❋
મૂળભૂત કારણો

○ બાલ્યાવસ્થાથી જ માતાના મુખથી રાત્રે સૂતાં પહેલાં ધર્મકથાનુયોગનું શ્રવણ.

○ ગેડીઓ મારી અનિચ્છાએ પણ ધાર્મિક પાઠશાળાએ મોકલનાર દાદાજી.

○ ધાર્મિક પાઠશાળામાંથી મળેલ ધાર્મિક શિક્ષણ, નૈતિક જીવન, પાપનો ડર અને પૂજ્ય સાધુસાધ્વી ભગવંતોને રસ્તામાં પણ વિનયપૂર્વક વંદનાદિ કરવું આદિ બાબતો.

○ ઘરમાં સંસ્કારી શ્રાવિકા તરીકે આદર્શ પત્નિની આંતરિક લાગણી સાથે ધર્મ ક્રિયા માટેની પ્રેરણા.

○ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય ભક્તિસૂરીશ્વરજી**ના શિષ્યરત્ન પૂ. પં. **શ્રી વિનય વિજયજી મહારાજ** (હાલ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય વિનયચંદ્ર સૂરીશ્વરજી** મહારાજ) તથા તેમના શિષ્ય મહાતપસ્વી મુનિ **શ્રી ગુણવિજયજી** મહારાજની ધાર્મિક પ્રેરણા.

મોહનભાઈના મનમોહક અનુભવો

શ્રી મોહનલાલ ધનજી કુરિયા

મુ. પો. લાયજા મોટા,
તા. માંડવી—કચ્છ.

અનહદ્ પુણ્યોદયનાં લીધે જૈન કુટુંબમાં જન્મ થયો. સાથે સૌ ધાર્મિક પ્રવૃત્તિઓનાં સંસ્કાર મળ્યા. નવકારથી બધું જ મળે અને રોગ-શોક-ભય વગેરે અનિષ્ટ તત્ત્વો દૂર થાય એમ જાણવા મળ્યું

'રુધિર બદલે તનતણું, વળી બદલે મન વ્યાપાર; તન-મન-મેળ ગળશે બધા, જપતા શ્રી નવકાર.'—૪૪

હતું. તેથી બાળપણમાં સંકટના સમયે નવકાર ગણતો ને સંકટ દૂર થતું.

બારેક વર્ષની વયે લાલબાગમાં એક મવાલી છોકરો દબડાવવામાં ન ફાવ્યો તેથી હંટર કાઢી મારવા આવ્યો. ત્યારે હંટર ઝૂટવીને મેં તેને સામે ફટકાર્યો. તે રડતો જઈને પોતાના સરદારને તેડી આવ્યો. હું તો ઘરે જઈને પલંગ નીચે સંતાઈ ગયો ને નવકાર ગણવા લાગ્યો. દાદીમાએ તેમને મનાવી લીધા. આમ મહાસંકટમાંથી બચી જવાથી નવકાર ઉપરની મારી શ્રદ્ધા મજબૂત થઈ.

મને ગુસ્સો બહુ જ આવતો, જે મને પસંદ નહોતું. સુધરવા માટે હું દરરોજ પ્રતિક્રમણ, ચૈત્યવંદન, સામાયિક, તપશ્ચર્યા, વ્યાખ્યાનશ્રવણ, ધાર્મિક વાચન કરતો છતાં ગુસ્સો ઘટ્યો નહિ. લગ્ન પછી એકવાર પિતાજીને પણ લપડાક મારી હતી તથા દોઢ વરસની પુત્રીને પણ મારતો. ઘરમાં પણ આ પ્રકારનો ગુસ્સો જોઈને પત્નીથી રહેવાતુ નહિ અને કહેતી કે, 'આટલો બધો ધર્મ કરવા છતાં ગુસ્સો કરો છો તે યોગ્ય નથી.' હું કહેતો, 'સારા હેતુથી ગુસ્સો કરું છું તેથી ખરાબ ન ગણાય'. ૨૩ વર્ષની વયે જાણવા મળ્યું કે, શુદ્ધિ જાળવવાથી ધર્મ આરાધના જલદી ફળે. ન્યાયપૂર્વક મેળવેલી સામગ્રીથી જીવનનિર્વાહ કરાય તો જ પૂરી શુદ્ધિ થાય. ધર્મની શરૂઆત માર્ગાનુસારીના પહેલા ગુણ 'ન્યાયસંપન્ન વૈભવ' એટલે કે ન્યાયથી મેળવેલ સામગ્રીથી થાય છે. આ માટે જરૂરિયાત ઓછામાં ઓછી હોવી જોઈએ એમ લાગતાં એ દિશામાં પ્રયત્નો આદર્યા. અઢી મહિના સુધી બાજરાનો રોટલો ને પાણી બે વખત ને દોઢ મહિના સુધી ફક્ત બાફેલા મગ એક જ વખત જમતો. ફાવી ગયું. આયંબિલ કરીને જીવી શકાય એવી શ્રદ્ધા બેઠી સસ્તા અને ટકાઉ કપડાં પહેર્યાં. એકંદર મારો એક દિવસનો ખર્ચ ૨૦ ન. પૈ. જેટલો આવતો. તેમાં ૩૦ પૈ.નું દૂધ ઉમેરવાથી આરામથી જીવી જવાય એમ લાગ્યું. સદ્‌ભાગ્યે પત્ની અને પુત્રીનો પણ સાથ મળ્યો.

આવક માટે મોટાં વાહનો હાંકવાનું લાયસન્સ મેળવ્યું ત્યારે મને ૨૪ વર્ષ થયેલાં. ધંધામાં હરિફાઈ હોવાથી અપ્રમાણિક થવું પડતું. એટલે મેં ધંધો છોડ્યો. તેથી મારા ભાગનો નફો પિતાના ફાળે જવાથી ટેક્ષ વધુ ભરવો પડ્યો. આથી ભાઈએ મને સમજાવ્યું કે તારા ભાગથી તારા ખર્ચ કરતાં વધારે ટેક્ષ બચી જાય છે તેથી તારું કુટુંબ અમને બોજારૂપ નહિ થાય. મેં ફરીથી ભાગ ચાલુ કર્યો, ત્યારથી ધંધો સંભાળવામાં જે સમય જતો તે બચ્ચો અને આખો દિવસ ધાર્મિક વાચન ચિંતન થતું રહ્યું.

'પત્ની બીમાર થતાં ગામના તથા શહેરના ડૉક્ટરો દ્વારા ક્ષયનું નિદાન થયું. સારવારરૂપે ૯૦ ઇંજેક્શનો લીધાં પણ સુધારો ન થયો. ત્યાં એક સાધર્મિક મિત્રે પુસ્તકમાંથી જડેલ ઉપાય કહ્યો, 'રોગ મટાડવા નવકારનાં પાંચ પદ અક્ષરેઅક્ષર ઊંધા ક્રમથી ગણવા.' મેં તથા પત્નીએ ઊંધા નવકાર ગણવાનું ચાલુ કરી દીધું. તેના પ્રતાપે મુંબઈ જઈને નિષ્ણાત ડૉક્ટરોને બતાવતાં જાણવા મળ્યું કે ક્ષય નથી. ન્યુમોનાઈટીશનો ડાઘ છે. કેમીપેનની સામાન્ય ગોળી ખવડાવી અને સારું થઈ ગયું.

૨૮ વર્ષની વયે **પંડિત ધીરજલાલ ટોકરશી શાહની** બાળગ્રંથાવલિની ત્રણ પુસ્તિકાઓ, ૧. મહાત્માનો મેળાપ ૨. મન જીતવાનો માર્ગ અને ૩. સિદ્ધિદાયક સિદ્ધચક્ર વાંચવાથી નવકારનું વર્ણન મને ગમી ગયું. દરરોજ સમજપૂર્વક નવકારનું વર્ણન વિચારવાનું શરૂ કરી દીધું. પહેલાં ૪૦ મિનિટ લાગતી પણ જેમ જેમ વધુ જાણવાનું મળતું ગયું તેમ તેમ સમય વધુ લાગતો ગયો. દરરોજ એક વખત નવકાર સમજી જતાં ૪॥ કલાક લાગવા માંડ્યા. એ પૂરું થયા પછી ૧૧॥ વાગે દંતશુદ્ધિ, સ્નાન તથા ભોજન વગેરે થઈ શકતું. આની જબરી અસર થઈ. છ મહિનામાં ગુસ્સો ઘણો જ ઘટી ગયો. ધર્મનો આદેશ પાળતો થયો. ને ૨૬॥ વર્ષ જૂનો દમનો વ્યાધિ મટી ગયો. જેને ડૉક્ટરોએ અસાધ્ય કહ્યો હતો.

'ભવભાવઠ ભાંગે જીવની, ત્રિવિધ તાપ હરનાર; મહામંત્ર નવકાર એ, શાંતિ તણો દાતાર.'—૪૫

હવે મારું વર્તન સુધર્યું, તેથી સૌનો મારા તરફનો અણગમો ઘટવા લાગ્યો. મારી બુદ્ધિમાં વધારો થવા લાગ્યો. અને તે સદ્‌બુદ્ધિ થતી ગઈ, તેથી લોકોમાં આદર પામ્યો.

મને સિદ્ધિઓ અને લબ્ધિઓની જરૂરી જણાતી પણ જ્યાં સુધી એનો દુરુપયોગ મારા હાથે થાય એમ હોય ત્યાં સુધી તે ન મળે તો સારું એવી ભાવના રહેતી. ૩૬ વર્ષની વયે ધર્મજના જાડેજા નઉભાની ગળાની તકલીફ મટે તો સારું એવા ભાવ થતાં ગળાને હાથ અડાડ્યો કે તરત જ ઠંડક પસાર થવાનો અનુભવ થતાંની સાથે સારું થઈ ગયું. અણધાર્યો બનાવ હતો પણ મને થયું કે મારામાં શક્તિ પ્રગટ થઈ હશે. મેં જાતનિરીક્ષણ કર્યું તો જણાયું કે ''કોઈ મારું બગાડે તો પણ તે સુધરે ને સુખી થાય એવા ભાવ રહ્યા કરે છે.''

૩૭ વર્ષની વયે તા. ૬-૧-૭૦ નાં અમારા છ એ બળદોને રજકાથી આફરો થયો હતો. માણસે કહ્યું કે અઠવાડિયા પહેલાં એક મજબૂત ગાયને રજકાથી આફરો થયો હતો ને તરત મરી ગઈ હતી. સારવાર કરવા જેટલો પણ સમય ન મળ્યો. મેં તત્કાળ બધાને સારું થઈ જાય એ ભાવના સાથે નવકાર ઉલટા સમજવાનું ચાલુ કર્યું. પંદરેક મિનિટમાં નવકાર સમજી લીધો. ત્યારે જોયું તો બધા બળદોને સારું થઈ ગયું હતું.

આ પછી અમારી વાડીના ચોકીદાર શંભુ બારોટની ડોક એક બાજુ વળતી ન હતી, તેને બારેક દિવસ થઈ જવાથી ચિંતા કરવા લાગ્યો હતો. તેને સારું થઈ જાય એવા ભાવ સાથે ઉલટો નવકાર ટૂંકમાં સમજી ગયો. અમે છૂટા પડ્યા. પેલો ઘરે પહોંચ્યો ત્યારે ખબર પડી કે ડોક તદ્દન સારી થઈ ગઈ છે.

પ્રત્યક્ષ પ્રમાણોથી બંને પુત્રી અને પત્નીને પણ નવકાર સમજી જવાની ઇચ્છા જાગી. ૧૯૭૧માં માર્ચથી ઑગસ્ટ સુધી દરરોજ દોઢ કલાક સમજાવ્યું અને તેઓ પણ નવકાર સમજવાની આરાધના કરતા થઈ ગયા.

અમુક કષ્ટો આપણા ભલા માટે હોય છે. મારી લાંબી બીમારીના કારણે હું ધર્મ તરફ વળ્યો છું એટલે 'ભલું કરનાર મુશ્કેલીઓ' સિવાયની મુશ્કેલીઓ દૂર થાય એવી ભાવના સાથે નવકારનો પ્રયોગ કરવાનું નક્કી કર્યું.

લાયજાથી પગપાળો સંઘ સુથરી પહોંચ્યો ત્યારે સંઘપતિની માળ હીરબાઈ જેઠા ખેતુને પહેરાવતી વખતે હાજર રહેવા અમે જીપ ગાડીમાં જતા હતા, ત્યારે બાડા ગામમાં પહોંચ્યા ને વાળવા છતાં ગાડી વળી નહિ. બ્રેક મારીને ભીંત તરફ જતાં રોકી. હવે સુથરી નહિ જવાય એમ લાગ્યું. નવકાર ચાલુ કરી દીધો. પાછી હાંકી જોઈ તો ચાલી. વાળી જોઈ તો વળી. સંભાળપૂર્વક સુથરી સુધી હાંકી ગયા ત્યાં ઓળખીતો ડ્રાયવર હતો તેને ગાડી તપાસી જોવાનું કહી અમે ઉપાશ્રયમાં પહોંચ્યાં. ડ્રાયવરે બીજા ડ્રાયવરને તેડીને જીપ હાંકી જોઈ પણ થોડું ચાલીને પૈડાં આપોઆપ વળી જતાં તળાવની પાળ પર ચડી ગઈ અને પડખે પડી ગઈ. વાળવાનું સ્ટીઅરિંગ કામ કરતું ન હતું. બધાને નવાઈ લાગી કે બાડાથી સુથરી સુધી આ ગાડી કેમ આવી શકી? એ ડ્રાયવરને જ્યારે મગજની તકલીફ થઈ ત્યારે ડૉક્ટરોએ કહેલું કે, જિંદગીભર એ લાંબું અંતર ચલાવી શકશે નહિ. એક સાથે પંદર માઈલ જ ચલાવી શકશે. તેણે મને મંત્ર દ્વારા સાજો કરવાની વિનંતી કરી. મેં નવકાર સમજવાનું શરૂ કર્યું અને તેને પોતાની ઉપર પીંછો ફરતો જણાયો. પાછળથી તેને તદ્દન સારું થઈ ગયું.

નવકારના પ્રતાપે મારી પવિત્ર ઇચ્છાઓ તરત ફળવા લાગી છે. જ્યારે લાયજાનાં દેરાસરની એક પ્રતિમાની હીરાની ટીલડી ચોરાઈ ગઈ હતી ત્યારે મેં ભાવના ભાવી કે, લઈ જનારને સદ્‌બુદ્ધિ સુજે અને પાછી મૂકી જાય. દશેક દિવસમાં કોઈ ટીલડી પાછી મૂકી ગયું. જેમાં માત્ર એક લાલ કણ ઓછો હતો.

વડીલોની સગવડ માટે યાત્રાએ જવા અને વ્યાખ્યાન સાંભળવા જવા વધુ સારી ગાડી હોય તો

'નાશ કરે સર્વ પાપનો, આપે સુખ અપાર; ભાવ ભક્તિથી જે ગણે, મહામંત્ર નવકાર.'—૧

સારું એમ મને લાગ્યું અને મારા ભાઈએ બે મહિનામાં પોતાની મેળે જ સારી ગાડી મોકલાવી દીધી.

એક યુવાનના ગળામાં મોટી ગાંઠ નીકળી હતી. દવાથી મટી નહિ. તેને જોયો ત્યારે મને થયું તેની ગાંઠ મટી જાય તો સારું. એ નિમિત્તે નવકારને એક વખત સમજી ગયો. થોડા સમય પછી તેની ગાંઠ મટી ગઈ હતી!

અમારા વિસ્તારનો જબરો ચોર ચોરી કરવાનું બંધ કરે એવા ભાવ જાગતાં મેં નવકાર સમજીને પૂરો કર્યો. બે વર્ષે તે ચોરે ચોરી કરવાનું છોડી દીધું. હવે તે પોતાના ધર્મનાં સંતોની ભક્તિ કરે છે અને લોકોની સેવા કરે છે.

કોઈનાં નિકાચિત કર્મો હોય ત્યારે તેની તકલીફ દૂર થઈ શકે એમ ન હોવાથી મેં પ્રયત્નો કર્યા છતાં આખો નવકાર પૂરો થઈ શક્યો નથી. અમારી વાડીની કૂતરી ખાઈ શકતી ન હોવાથી તેને સારું થઈ જાય એવા ભાવ સાથે નવકાર સમજવાનો પ્રયત્ન કર્યો. હું આખો નવકાર પૂરો કરી ન શક્યો. થોડા દિવસે તે મરી ગઈ. સેવળાની સળીઓ ભોંકાવાથી તેના ગળામાં સડો થઈ ગયો હતો. આયુષ્ય વધુ ન હોય કે મજબૂત ન હોય તેને બચાવવો મુશ્કેલ છે.

એક સાધ્વીએ દીક્ષા પહેલાં પોતાના ખરજવા માટે મને પાણી મંત્રી આપવાનું કહ્યું હતું. મેં પાણી પકડીને સમજતાં આખો 'નવકાર પૂરો કરીને તે પાણી તેમને આપતાં તેમને સુધારો જણાયો. આથી બીજી વખત પાણી મંગાવી ગયા. સારું થઈ ગયું.

એક હરિજનની યોગ્યતા જોઈને જીવનનાં રહસ્યો સમજાવ્યાં. તેનાથી તેનું જીવન નીતિ અને ધર્મમય થઈ ગયું છે. એક નાસ્તિક ગણાતા હાઈસ્કૂલના હેડમાસ્તરને નવકારની સમજણ તેમના શાસ્ત્રના આધારે સમજાવતા મહાઆસ્તિક થઈ ગયા છે.

એક હાઈસ્કૂલનાં મુખ્યશિક્ષિકાને સિદ્ધ અવસ્થા સમજાવવાથી તેમને સિદ્ધ થવાની ઝંખના જાગી છે.

નવકારને સમજવાનું શીખવવાથી ઘણાનાં જીવન બદલાઈ ગયાં છે. મંદબુદ્ધિવાળાની બુદ્ધિમાં વધારો થયો છે. સદ્‌બુદ્ધિ થઈ ગઈ છે. જેમને ધાર્મિક ક્રિયાઓ વેઠ લાગતી હતી તેમને રસથી ભરેલી લાગવા માંડી છે.

આવા કલિયુગમાં પવિત્ર થવા માટે આસ્તિક થઈ જનારાની સંખ્યા વધતી જાય છે એ ખરેખર મોટામાં મોટા ચમત્કાર જણાય છે. જરૂર છે તેમને સહાય કરવાની. નવકારના ભાવગુણો વિષે સમજાવવાની વ્યવસ્થા થઈ શકે તો કંઈકનું કલ્યાણ થઈ જાય એમ છે.



'આ લોક-પરલોકનાં આપે સુખ નવકાર; અશિવ સહુ અળગાં, કરી શિવપદને દેનાર.'—૨

નમસ્કાર એ જ ચમત્કાર

ઝુકાવનાર મળે, ત્યાં ઝુકી જનારી દુનિયા ભલે એમ બોલતી સાંભળવા મળે કે, જ્યાં ચમત્કાર, ત્યાં નમસ્કાર! પણ જેને નમસ્કારને સમજવો છે, જેને નમસ્કારમાં નિષ્ઠા છે અને નમસ્કારની દુર્લભતા જેના દિલ-દિમાગમાં આરપાર ઉતરી ગઈ છે, એ તો એમ જ બોલવાનો કે, ભાઈ! આપણને નમસ્કાર મળ્યો. એ જ ચમત્કાર છે! યોગ્ય પૂજ્યની સામે અક્કડ રહેવામાં રાચનારી દુનિયા ઘણી મોટી છે. આ દુનિયા વચ્ચે વસવા છતાં આપણને નમસ્કાર મંત્ર મળ્યો અને સુદેવ, સુગુરુ, સુધર્મના ખોળે બિનશરતી શરણાગતિ મેળવવાની વિનય-શીલતા સાંપડી, આનાથી ચડિયાતો બીજો વળી ચમત્કાર કયો હોઈ શકે! આમ, જગત અને જનતામાં ભલે 'ચમત્કાર ત્યાં નમસ્કાર!'નો મહિમા હોય, પણ જૈનશાસન અને જૈન સંઘમાં તો 'નમસ્કાર એ જ ચમત્કાર!'ની શ્રદ્ધાનો જ ગુંજારવ હોવો જોઈએ. આવો ગુંજારવ જેના વાચનથી વધુ દૃઢ બને, એવા અર્વાચીન આ પાંચ પ્રસંગોના લેખન પાછળ એ જ ભાવના રહી છે કે, સૌ નમસ્કારને જ ચમત્કાર ગણવાની શ્રદ્ધામાં વધુ મજબૂત અને મક્કમ બનવાનું બળ મેળવે.

મુનિ પૂર્ણચન્દ્રવિજય ગણિ

'પાંચે પદને ભાવથી, કરે વંદના જેહ; અપૂર્ણપણું તેનું ટળે, પૂર્ણ પદ પામે તેહ.'—૩

ઔષધો જ્યાં હારે છે,
આસ્થા ત્યાં વિજયી બને છે!

આ દુનિયામાં ઓસડ કે ઔષધિ જ મોટી ચીજ નથી, મોટી જો કોઈ ચીજ હોય, તો એ આસ્થા છે! જેના અંતરમાં આસ્થા હોય, એના માટે પાણી પણ અમૃત જેવું કામ કરતું હોય છે, અને આસ્થાવિહોણા આદમીને માટે અમૃત પણ પાણી જેટલુંય કામ આપતું નથી. માટે એમ કહી શકાય કે, ઔષધિઓમાં પરમ ઔષધિ આસ્થા છે! વૈદોમાં વૈદરાજ વિશ્વાસ છે અને દવાઓમાં રામબાણ દવા શ્રદ્ધા છે. જેની પાસે આ ત્રણની મૂડી છે, એ કૅન્સર જેવી વ્યાધિમાંથીય ફરી બેઠો થઈને નીરોગી બની શકે છે. આ ત્રણનો જેની પાસે અભાવ છે, એને શરદી જેવો રોગ પણ સ્મશાનમાં પહોંચતો કરવા માટે પૂરતો છે! આવી આસ્થા અને શ્રદ્ધા જો વળી યંત્ર-મંત્ર અને તંત્રના અધિરાજ સમા મહામંત્ર-નમસ્કાર પર હોય, તો તો એવા રોગીનો દેહરોગની સાથે ભવરોગ પણ નાબુદ થતાં બેડો પાર થયા વિના નથી રહેતો.

અહીં રજૂ થતી આ એક સત્યઘટનાના વાચન પછી ઉપર મુજબના ઉરબોલ હૈયામાં ઘુમરાયા વિના નહિ જ રહે! વધારામાં એમ પણ થશે કે, મહામંત્ર પાસે ભૌતિક-દુઃખો દૂર કરવાની ભીખ માંગવી, એ તો રીઝેલા ચક્રવર્તી પાસે પોતાનું ચપ્પણિયું એઠવાડથી ભરવાની માંગણી મૂકવા જેવી મૂર્ખતા છે! રીઝેલો ચક્રવર્તીતો ભિખારીની આખી ઝૂંપડીને સોનાથી ભરી દેવા સમર્થ છે, એની પાસે વળી ચપ્પણિયાને એઠવાડથી ભરવા જેવી સાવ તુચ્છ માગણી મૂકાય ખરી? એમ મહામંત્રનો પ્રભાવ તો, જેમાંથી તમામ રોગો-દુઃખો ઉપાધિઓ અને સંતાપો સતત પેદા થતા રહે છે, એ ભવરોગને મૂળથી જ ઉખેડી દેવા સમર્થ છે, એથી એની આગળ વળી દેહના જ સામાન્ય દુઃખો-રોગો દૂર કરવાના જ રોદણાં રોવાની પાગલતા કરાય ખરી? આ સત્ય ઘટનાનો સંબંધ રતનચંદ હેમચંદ નામની એક વ્યક્તિ સાથે સંકળાયેલો છે.

સને ૧૯૫૦નો આ બનાવ છે. ત્યારે કોઈ ગોઝારી પળે રતનચંદ હેમચંદના ગળા પર એક ગાંઠે દેખા દીધી. થોડા જ વખતમાં એ ગાંઠના નિદાન તરીકે 'કૅન્સર'નું દર્દ જાહેર થયું. કૅન્સર એટલે કૅન્સલ! રતનચંદના મોતિયા મરી ગયા. એમને ઘોળે દિવસે તારા દેખાવા માંડ્યા. જીવનમાં ધર્મની જેણે આરાધના-રક્ષા કરી હોય, એને જ રક્ષવા આવી આપત્તિમાં ધર્મ હાજર થાય! રતનચંદના જીવનમાં 'ધર્મ-શ્રદ્ધા'ના નામે મોટું મીંડું હતું, એથી એમની દોટ દવાઓ અને દવાખાનાઓ તરફ મંડાઈ; પણ જેમ દવાઓ લેવાતી ગઈ, એમ કૅન્સરની ગાંઠ વધુ ને વધુ વકરવા માંડી.

ભારતના ખ્યાતનામ બધા સર્જનોની મુલાકાતનું પરિણામ પણ જ્યારે સાવ શૂન્યમાં આવ્યું, ત્યારે રતનચંદની જીજીવિષા છેક અમેરિકા સુધી લંબાઈ અને ત્યાં પહોંચીને એમણે કૅન્સર અંગેના અનેક ઉપચારો કર્યા. આ ઉપચારો પાછળ નવલાખ રૂપિયા જેવી જંગી-રકમને પાણીની જેમ વેર્યા પછી પણ જે ફલશ્રુતિ આવી, એ જોઈને જીવવાની તમામ આશા મૂકી દઈને રતનચંદ પુનઃ મુંબઈ આવ્યા.

મુંબઈના આગમન બાદ કોઈ અજબ ઘડી આવી અને શરણદાતા તત્ત્વ તરીકે મહામંત્ર ઉપર રતનચંદની નજર કંઈક સ્થિર થઈ. આજ સુધી નવકાર તો ઘણા ગણ્યા હતા, નવકારના મહિમા અંગે આજ સુધી સાંભળ્યું પણ ઘણું ઘણું હતું, પણ એમાં શ્રદ્ધા-વિશ્વાસનો જે ભાવ આજ સુધી નહોતો ભળ્યો, એ આ ઘડીએ ભળ્યો અને એઓ

'સર્વ મંત્ર શિરોમણી, મહામંત્ર નવકાર; સારભૂત એ મંત્રને, જપતાં જય જયકાર.'—૪

વિચારી રહ્યા કે, આ દવાઓને દરિયામાં ફેંકી દઈને, હવે મહામંત્રનાં ખોળે જીવન ધરી દઈને શાંતિ-સમાધિથી મરવું શું ખોટું? જીવનમાં જે શાંતિ-સમાધિ સ્વપ્ને પણ જોઈ ન હતી, એને મૃત્યુ ટાણે મેળવી લેવા એઓ મરજીવા બનીને મેદાનમાં પડ્યા.

સને ૧૯૫૦ નો ફેબ્રુઆરી ૨૫નો દિવસ જાણે મોતનો સંદેશ લઈને ઊગ્યો હોય, એમ સૌને લાગવા માંડ્યું. રતનચંદનો ગળાનો ભાગ ફુલીને એટલો સ્થૂલ થઈ ગયો કે, પાણીનું ટીપું અંદર જાય નહિ અને તરસ તો એવી ઉગ્ર બની કે, જાણે આખું સરોવર ગટગટાવી જવા એ તૃષા ઝાંવા નાખી રહી! મુંબઈના જાણીતા કૅન્સર-નિષ્ણાત ડૉ. ભરુચાને આ ચિહ્ન અંતિમ-ઘડીના જણાતાં, એમણે એનો સંદેશો નજીકના સગાઓને આપી દીધો. રતનચંદનેય એ સંદેશાનો અણસાર આવી ગયો. ડૉક્ટર વિદાય થયા અને એમણે ઘટસ્ફોટ કરતાં કહ્યું :

'આ દવાઓ બધી દરિયામાં નાખી આવો! મારા મોઢા પર લાદવામાં આવેલી આ બધી પાઈપ-લાઈનો (નળીઓ) ઉખેડીને ઉકરડે ફેંકી દો! દવાની એક ખાલી બૉટલ પણ આ રૂમમાં હવે જોઈએ નહિ. આજ સુધી શાંતિ-સમાધિથી જીવન જીવવામાં તો હું અસફળ રહ્યો, પણ મારે હવે આ અસફળતાની આંધીમાં અટવાઈને જ મૃત્યુને પણ બગાડવું નથી. મારી ઇચ્છા એવી છે કે, મહામંત્રના ખોળે આ જીવનનું સમર્પણ કરી દઈને હવે શાંતિથી મરવું! હું હવે ઘડી બે ઘડીનો મહેમાન છું. એથી આ રૂમમાં હવે મારી અંતિમ-સાધનામાં વિક્ષેપ પાડવા કોઈ ફરકે પણ નહિ, એવી મારી ઇચ્છા છે. સાંભળ્યું છે કે, નવકારની નિષ્ઠાનું જે રક્ષણ કરે છે, એ નવકાર-નિષ્ઠનું રક્ષણ પણ કોઈ અગમ્ય-તત્ત્વ કરે જ છે! હવે કદાચ આ શૈયા મારી અંતિમ-શૈયા પણ બની જાય, તો અત્યારથી જ સૌને 'ખામેમિ સવ્વજીવે' અને 'મિત્તિ મે સવ્વભૂએસુ'નો સ્નેહ-સંદેશ સુણાવી દઉં છું, જો જીવી જવાશે, તો પછી આનાથીય વધુ હસતા હૈયે મળીશું. અને મૃત્યુ અનિવાર્ય હશે, તો જ્યારે ઋણાનુબંધ જોડાશે, ત્યારે ફરી મળાશે!

રતનચંદનો પરિવાર દર્દીના આ અરમાનને અમલી બનાવીને રૂમની બહાર ચિંતિત-ચહેરે ગોઠવાઈ ગયો. દવાઓના ભૂતપ્રેતથી અને નળીઓની ડાકણોથી મુક્ત બનેલા રતનચંદ કોઈ અલૌકિક-અનુભૂતિ કરી રહ્યા. જીવનનો છેડો સુધારી દેવાનો એમનો નિર્ણય અણનમ અને વીરોચિત હતો. શરીરમાં શક્તિ નહોતી, છતાં મનમાં જાણે મક્કમતાનો મહાસાગર ભરતીએ ચડ્યો હતો. કોઈ જાતની માગણી કે શરત વિના એઓ નવકારના શરણાગત બની ગયા 'નમો અરિહંતાણં' અને 'સર્વત્ર સુખી ભવતુ લોકઃ' આ બે ધ્વનિ જાણે એમના શ્વાસોશ્વાસની સાથે ઘૂંટાવા લાગ્યા. આ બે મંત્રોનો જાપ જેમ જેમ આગળ વધવા માંડ્યો, એમ એમ એ દર્દીની આસપાસ કોઈ અનેરી શાંતિ છવાતી ચાલી. જે દેહ પથારીમાં પણ આરામ માણી શકતો નહોતો, એ દેહ આ જાપની પળોમાં ટટ્ટાર રહેવા છતાં વેદનાના વેગને ઓછો થતાં અનુભવવા માંડ્યો.

મહામંત્રના ચરણે-શરણે રતનચંદે એ રીતે શરણાગતિ સ્વીકારી હતી કે, જેમાં સ્થળ-કાળના ભેદ પણ ભૂસાતા જતા હતા. જાપમાં ને જાપમાં સાંજ વીતી ગઈ તેમજ રાતનો પણ અડધો ભાગ પસાર થઈ ગયો. અને દર્દીના દેહનો બધો રોગ જાણે એકઠો થઈને બહાર નીકળી જવા ઝાંવા નાખી રહ્યો હોય, એની પ્રતીતિ કરાવતી એક એવી જ જોરદાર લોહીની ઊલટી થઈ કે, રતનચંદ એ ઊલટી થયા પછી કોઈ જુદી રાહત અનુભવવા માંડ્યા. એ ઊલટીમાં જાણે કાયાનું તમામ કૅન્સર ધોવાઈને બહાર નીકળી ગયું હોય, એમ એમને લાગ્યું.

વહેલી સવારે રૂમનું બારણું રતનચંદે ખોલ્યું, ત્યારે બહાર તો ચિંતિત ચહેરાઓની લાઈન લાગી હતી. એમણે રાતે અનુભવેલા રાહતની વાત કરીને થોડા કલાક બાદ કહ્યું કે, મને એમ લાગે છે કે, જે

ગળું પાણીનું ટીપું ઉતારવાય તૈયાર ન હતું, એ હવે ગરમ દૂધ ઉતારવા માની જશે!

દૂધનો ગ્લાસ હાજર થયો. મહિનાઓ પછી આજે રતનચંદ ગરમ-દૂધનો એ ગ્લાસ ગટગટાવી ગયા સૌ આશ્ચર્ય અનુભવી રહ્યા, સ્મશાનના દરવાજેથી આ રીતે જીવનના યૌવન-કાળમાં પ્રવેશતા દર્દીને જોઈને સૌ કોઈ મહામંત્રની અગમ્ય-શક્તિને ભક્તિથી પ્રણામ કરી રહ્યા.

દવા-દારૂને દેશવટો આપીને આસ્થાના આધારે-આધારે મહામંત્રના જાપમાં કલાકોના કલાકો સુધી ખોવાઈ જતા રતનચંદને જે મસ્તીનો અનુભવ થતો, એ એમનેય અવર્ણનીય-કોટિનો જણાતો. 'નમો અરિહંતાણં' અને 'સર્વત્ર સુખી ભવતુ લોકઃ' નો એ જાપ થોડા વધુ દિવસ ચાલ્યો અને રતનચંદના દેહમાં, કૅન્સરની કોઈ અસર સમ ખાવા પૂરતીય ન રહી. પછી તો ફૂટ ઉપરાંત અનાજ પણ કૅન્સર-ગ્રસ્ત એ ગળામાંથી નીચે ઉતરવા માંડ્યું. જે ૨૪ ફેબ્રુઆરીને ડૉક્ટરોએ જીવનની છેલ્લી તારીખ બતાવી હતી, એ તારીખથી બરાબર બે મહિના બાદ રતનચંદ જ્યારે ચાલીને ડૉ. ભરુચા પાસે પહોંચ્યા, ત્યારે એકવાર તો ડૉક્ટરને લાગ્યું કે; આ શું! રતનચંદનું પ્રેતાવિષ્ટ શરીર તો મારી સામે હાજર નથી થયું ને? એમણે એકાએક દરદીને કહ્યું : મારા માટે આ પહેલો જ અનુભવ છે કે, આ રીતે કોઈ દર્દી છેક સ્મશાનને ઘાટે જઈને અને યમરાજને હાથતાળી આપીને છટકી ગયો હોય! તમને કઈ દવા લાગુ પડી ગઈ? નામ તો જણાવો, જેથી કૅન્સર અંગે થઈ રહેલાં સંશોધનો સફળ બની શકે?

રતનચંદે કહ્યું : અગમ્ય-શક્તિનો આ પરચો છે. રોગને મારી હઠાવવા જ્યારે ઔષધિઓથી ભર્યો ભર્યો હિમાલય હતાશ હૈયે હાર સ્વીકારે છે, ત્યાં મહામંત્ર પરની આસ્થા આવીને વિજયનું મેદાન મારી જાય છે. ઔષધમાં પણ શક્તિપાત કરવાની મહાશક્તિ જો કોઈની પાસે હોય, તો એ આસ્થા પાસે છે. આવી આસ્થાની આરાધનાએ જ મને જીવન-મરણના જંગમાં જંગી વિજય અપાવ્યો છે. અઢાર લાખથી વધુ સંપત્તિ અને વર્ષોના જેટલો સમય પણ મારા કૅન્સરને નાબુદ કરવાની વાત તો દૂર રહી, પરંતુ આગળ વધતું અટકાવી પણ ન શક્યા; ત્યાં પાઈ પણ ખરચ્યા વિના એક રાતમાં જો હું રોગ મુક્ત થયો હોઉં; તો એ પ્રભાવ અમારા નવકાર મંત્રનો અને મેં કરેલી આસ્થાપૂર્વકની એની આરાધનાનો છે.

દવા અને દવાખાનાની દુનિયાને લગતી આબોહવામાં જ શ્વાસ લેનારા ડૉક્ટરને માટે તો આ બધી વાતો નવી જ નહિ, નવાઈભરી પણ લાગતી હતી. અગોચર અપ્રત્યક્ષને શ્રદ્ધાની નજરે ન જોવાની પોતાની તાસીરને આ સત્ય ઘટનાએ ચમચમતો એક તમાચો લગાવી દીધો હતો. આસ્થાની વાત ભલે પરોક્ષ હતી, પણ એનું શુભ પરિણામ તો પ્રત્યક્ષ જ હતું. એથી એનો ઈન્કાર કરવોય શક્ય નહોતો.

રતનચંદને ડૉક્ટરે તપાસ્યા ત્યારે એમના નખમાંય રોગનું કોઈ ચિહ્ન નજરે ન ચડ્યું. પોતાની થિયરી સામે પડકાર બનેલી આ સત્યઘટના પર એઓ દિવસો સુધી બુદ્ધિનો સહારો લઈને મનન-મંથન કરી રહ્યા, પણ એનું રહસ્ય મેળવવા એ અસફળ જ રહ્યા! કારણ કે જ્યાં શ્રદ્ધા-આસ્થાનો આશરો લેવો અનિવાર્ય હતો, ત્યાં ડૉક્ટરોએ તર્ક-બુદ્ધિની સહાયતા સ્વીકારી હતી!

નોંધ : 'મંત્ર-યંત્ર-તંત્ર વિજ્ઞાન' માસિક, જાન્યુઆરી ૧૯૮૦ અંકના આધારે આ સત્યઘટના આલેખાઈ છે.

'અમંગળ આ જીવના ટાળે શ્રી નવકાર; મંગળ કરીને જીવનું આપે શિવપદ સાર.'—૬

ચંબલની ખતરનાક ખીણોમાં ૧૩ દિવસ

આ સત્ય-ઘટના વાંચતા પૂર્વે

૧૯૭૩ની ડિસે.ની ૨૮મી એ બનેલા એક ગમખ્વાર બનાવનું હૂબહૂ શબ્દચિત્ર આત્મકથાની શૈલીમાં, આ આત્મકથાના નાયકો રાજેન્દ્ર, સુરેશ, નવીન અને ચીનુભાઈના મુખે રજૂ થાય છે. એ દહાડે અપહૃત થયેલા આ ચાર યુવાનો ચંબલની ખીણમાંથી ૧૩મે દિવસે મુક્ત થયા. બાનની જંગી-રકમ ચૂકવાયા પહેલાં જ થયેલી એ મુક્તિ પાછળ કોઈ ગેબી શક્તિનો વિરાટ હાથ હતો; એ જવાનોએ મુક્તિ પછી 'ચિત્રલેખા'ના સહતંત્રીને મુલાકાત આપી. એ અહેવાલ 'ચિત્રલેખા'માં પ્રસિદ્ધ પણ થયો. પણ ગેબી-શક્તિને 'ચિત્રલેખા'એ ફક્ત 'બાધા/માનતા' જેવા લૂલા લંગડાં શબ્દોમાં રજૂ કરી, એ ગેબી શક્તિનો સાચો પરિચય સૌને મળી રહે, એ માટે આ પ્રસંગનું આલેખન કરવું જરૂરી જણાયું, કેમ કે શ્રી મહામંત્ર નવકાર અને શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના પ્રભાવથી પરિચિત થઈને સૌ કોઈ સાચી મુક્તિના મનોરથ સેવી શકે, એવા તત્ત્વથી એ કથા ભરપૂર હતી.

સવાર શિયાળાની હતી અને શિયાળો પૂર્વ-દેશનો હતો. સૂર્ય ઊગી ગયો હતો, છતાં હજી કાતિલ-ઠંડીની અસર ઓસરી ન હતી. સૂમસામ જંગલોમાં એકલી-અટૂલી જણાતી સડક પરથી અમારી બસ આગળ વધી રહી હતી. મુંબઈથી અમારો પ્રવાસ આરંભાયો હતો. પૂર્વ દેશના કલ્યાણક-તીર્થો અમારી આંખ સામે રમી રહ્યા હતા.

ડિસેમ્બર '૭૩ની ૨૮મીએ અમે આગ્રાથી શૌરિપુરી જવા રવાના થયા. શૌરિપુરીનાં શિખરો અમને સાદ દેતા લાગતા હતા. પણ કોને ખબર હતી કે, વિધિના વળાંક વિચિત્ર હશે? બસ વટેશ્વર નજીક જઈ રહી હતી, ત્યાં અચાનક જ સાત-આઠ ડાકુઓનું આક્રમણ આવ્યું. એમણે અમારી બસને રોકી પાડી. કિલ્લોલ કરતી બસમાં એક કરુણસન્નાટો છાઈ ગયો. બધાંના મોંમાં 'શંખેશ્વરનો સ્વામી' આવી વસ્યો અને સૌ મનોમન મહામંત્ર નમસ્કારનો જાપ કરી રહ્યા.

ડાકુઓ માટે પળ-પળ કિંમતી હતી. બંદૂકની અણીએ એમણે લૂંટ ચલાવી. કોઈની રોકડ રકમ ઝુંટવાઈ. તો કોઈના દર-દાગીના છિનવાયા. પણ આ તો હજી પાશેરાની પહેલી જ પૂણી હતી! ફાટી આંખે અમે બધા વિચારના વમળમાં ખેંચાયે જતા હતા, ત્યાં જ અમને ચારને ડાકુઓ બાન તરીકે પકડીને ચાલતા થયા. એમનું એવું અનુમાન હતું કે, આમાં મુંબઈના મફતલાલ ગ્રુપના સુખી સંતાનો છે, માટે બાન તરીકે મોં માગી રકમ મળશે!

બસમાં રહેલા બધા અમારી આ ધરપકડને જોઈ જ રહ્યા. એઓ બીજું કરી પણ શું શકે! ડાકુઓની બંદૂકની અણી એવી તો જોરદાર હતી કે, એમની સામે એક હરફ પણ ઉચ્ચારવામાં જાનનું જોખમ હતું. અને આવા જંગલમાં વહારે પણ કોણ ધાય? બધે જ ડાકુઓનું રાજ હતું?

બંદૂકબદ્ધ છ ડાકુઓ અને અમે ચાર! આમ અમારી દશની ટુકડી ઝડપભેર ગીચ જંગલ ભણી ચાલતી થઈ.

ડાકુઓના હાથમાં રહેલી બંદૂકની બીક, અમને પવનવેગે દોડાવતી હતી. થોડી વારમાં તો અમે ક્યાંકના ક્યાંક દૂર...દૂર જંગલોમાં ઉતરી પડ્યા. છાપાઓમાં વાંચેલી વાતોમાં આવતી ચંબલની

ખીણો ને ત્યાંના ડાકુઓની કરુણ કહાણીઓ અમને તાજી થવા માંડી! અહીં કોનો સહારો હતો! અમારાં મોંમાં મહામંત્ર-નમસ્કાર અને શંખેશ્વરની શ્રદ્ધાસભર રટણા હતી.

પથ્થર અને કાંટાઓની ડંખીલી ધરતી હતી. શહેરી-સવલતોના શોખ, અમને આગળ વધવામાં નડતર રૂપ થતા હતા. પણ અહીં તો દોડવાનું જ હતું. ફેફસાં ફુલી જાય-એ રીતની દોડમાં જરાક પણ ધીમાશ આવતી, તો ડાકુઓ બંદૂકની અણી બતાવીને એ ધીમાશને ઠાર કરી દેતા.

જંગલી-કેડાઓ એવા તો વાંકા-ચૂકા હતા કે, ભોમિયા પણ અહીં ભૂલા પડે! દૂર દૂર નજર જતી ને અમારાથી નિરાશાભરી ચીસ પડી જતી : હાય! આ દોટનો અંત નહિ આવે શું?

બે કલાકના રઝળપાટ પછી કોઈ નદીના પ્રવાહનો કલકલ-ધ્વનિ સંભળાયો અને અમને આરામની આશા બંધાણી. પણ એ આશા ય ધૂતારી નીવડી. ડાકુઓએ તો કપડા સંકેલ્યા ને એમણે રોફભર્યા અવાજે કહ્યું : સાલે! ખડે કયોં રહ ગયે! ચલો, નદીમેં આગે બઢો!

શિયાળાની કાતિલ ઠંડી! સૂસવાટા સાથે વહેતો ઠંડો-વાયરો! અને પાછું નદીના પાણીમાં દોડવાનું!

અમારાં હૈયાં ધ્રીજી ગયાં. ડાકુઓની સામે આંખ પણ ઊંચી કરવાની હિંમત કોની હતી! અમારો જળ-પ્રવાસ આરંભાયો. પાણીમાં પગ મૂકતાં જ અમને થયું : આ પાણી અમારી ચેતનાને ધ્રીજવી તો નહિ નાખેને?

આ જમુના-નદી હતી. ડાકુઓની જાગતી-ચોકી વચ્ચે અમારી દોડ શરૂ થઈ. જેમ-જેમ અમે આગળ વધતા ગયા, એમ-એમ નદીનું ઊંડાણ વધતું ચાલ્યું. પાણી કેડ સુધી આવ્યા. એક જગાએ નદીમાં બાંબુ ખૂંપેલા હતા, એ તરફથી અમારો પ્રવાસ આગળ વધવા માંડ્યો.

જમનાના મધ્યમાં આવતાં તો પાણી છાતી સુધી પહોંચ્યા. અંગ-અંગમાં ભયની ધ્રૂજારી તો હતી જ! એમાં ટાઢું-બોળ પાણી આવ્યું! ડાકુઓ હજી સુધી મૌન જ હતા, એમના ઘૂરકતા ડોળામાંથી નીકળતી ભયની ભૂતાવળો જ અમને ડરાવવા સમર્થ હતી. આવી ભયાનક-ધ્રૂજારી સાથે જ અમે નદીને સામે પાર પગ મૂક્યો.

અહીંથી એક ડાકુ ફંટાઈને બીજે ચાલતો થયો. હજી સુધી એણે બુકાની બાંધેલી હતી. અમને થયું : એ બાતમીદાર હોવો જોઈએ. શહેરમાં જ એને રહેવું પડતું હશે. માટે ઓળખાઈ ન જાય એની સતત ચિંતાનો માર્યો એ આ રીતે રહેતો હશે?

સપાટ ધરતીનો હવે અંત આવ્યો. દૂર-દૂર દેખાતી ભેદીકોતરો ચંબલની ખીણના પ્રદેશની ચાડી ખાતી જણાઈ.

નીર નીંગળતા ભીનાં-ભીનાં કપડે અમે કોતરોનાં કેડાઓ ખૂંદતા ચાલ્યા. અમને થયું : ડાકુઓ કદાચ આપણને છોડી મૂકશે, તો આ રસ્તાનો આપણને ખ્યાલ કેવી રીતે રહેશે? ડાકુઓની નજર ચૂકવીને અમારામાંના નવીનભાઈએ ગુપ્ત રાખેલી ઘડિયાળ ને વીંટી એક ભેખડ પાછળ નાંખી દીધી. વીંટી કરતાંય અમારે મન, ત્યારે રસ્તાની ઓળખ વધુ કિંમતી હતી.

કોતરોના ભેદી પ્રવાસને હજી થોડી મિનિટો જ પસાર થઈ, ત્યાં બીજી નદીએ દેખા દીધી અને અમારા મોતિયા મરી ગયા. બીજી નદીનો ધ્રૂજારી-ભર્યો પ્રવાસ પણ પૂરો થયો.

પાછી કોતરો આવી! પાછી દોટ આરંભાઈ! હવે તો સૂરજ પણ મધ્યાકાશે આવી પહોંચ્યો હતો. ઠંડી હવે શમી ગઈ હતી પણ પેટમાં પોકાર ઉઠ્યો હતો. ખાધા-પીધા વગરની આ દોડને અમે-શહેરી શી રીતે ખમી શકીએ? અધૂરામાં પૂરું અહીંથી અમારા ખભે નવો બોજ વેંઢારાયો હતો. ડાકુઓએ પોતાની પાસે બંદૂકો રાખીને પોતાનો ભારેખમ બોજ અમારા પર લાદ્યો હતો. એમાં ત્રણ મિલીટરી થેલા, બે પોટલાં અને એક વોટરબેગનો સમાવેશ થતો હતો!

અઢી કલાકના સતત રઝળપાટ પછી એક કોતર આવી. ડાકુઓને મન અહીં સલામતી હતી. એમણે

'નવકારમંત્ર દિલમાં વસે, મરણ સમયે પણ ભાઈ; ટળે દુર્ગતિ તેહની, સદ્ગતિ આવે દાઈ.'—૮

પ્રવાસ થંભાવ્યો. સહુ ખડા રહી ગયા.

એક બાજુ ડાકુઓની પંગત બેઠી, બીજી બાજુ અમારી! અમને ભાવિના ભેદ સમજાતા ન હતા. ત્યાં તો ડાકુઓએ લૂંટનો માલ બહાર ઠાલવ્યો. અમને થયું : કદાચ અહીં લૂંટના ભાગ પાડવાના હશે?

લૂંટમાં ડઝન જેટલી ઘડિયાળો, પોણો ડઝન જેટલી વીંટીઓ, અર્ધો ડઝન સોનાની બંગડીઓ, ત્રણ-ચાર નેકલેસ અને ૪૧૦૦ રૂપિયા રોકડા આવ્યા હતા.

આ લૂંટની ચીજો જોતાં જ અમારી આંખ સામે, અમારા સ્વજનો તરવરી ઊઠ્યા. બધો સામાન એમને લૂંટીને જ એકઠો કરવામાં આવ્યો હતો. વીંટીઓને ઘડિયાળો તો એની એ જ હતી. પણ આજે એ લોહીનાં આંસુઓ તાણી લાવતી હતી.

ડાકુઓ મોજમાં હતા. જેની આંગળી પર જે વીંટી બંધ બેસતી લાગી, એને એઓએ પહેરી લીધી. સહુના કાંડે ઘડિયાળ લટકી રહી. કોઈએ તો વળી બે બે ઘડિયાળ લગાવી. કોઈના ભાગે દાગીના આવ્યા.

અમે આંખો-આંખ આ નાટક જોઈ રહ્યા હતા. પણ તણાયેલી બંદૂકની અણી આગળ અમે સાવ લાચાર હતા. ભાગ પડી ગયા ત્યાર પછી અચાનક જ અમારી ઝડતી લેવામાં આવી. પણ લૂંટાયેલા પાસેથી શું મળે?

અમારામાંથી રાજેન્દ્રના ખીસામાંથી ભીંજાયેલું સીગારેટનું એક પાકીટ નીકળ્યું. ડાકુઓ બીડી ફૂંકવા માંડ્યા. અને પોતપોતાની ડંફાશ શરૂ થઈ. એક ડાકુને મજા કરવાનું મન થયું. એણે પૂછ્યું : એ તારું નામ શું? તારી મુંબઈની ધોળી બીડી તો ભીની થઈ ગઈ છે. લે, આ ખાખી બીડી પી.

રાજેન્દ્રમાં હવે જરા હિંમત આવી. પોતાનું નામ બતાવીને એ બોલ્યો :

'સીગારેટ તો હમણાં સૂકાઈ જશે. પણ તમે જે વીંટી પહેરી છે. એ મારા લગ્ન વખતની છે. અમારામાં એ વીંટી કાઢીએ તો અપશુકન થયા ગણાય!''

ડાકુએ વીંટી ઉતારીને રાજેન્દ્રને આપી દીધી. ચંબલની ખીણમાંય માણસાઈનાં દર્શન થયાં. અમે માનવા તૈયાર ન હતા. પણ આ બનાવે અમારાં વિચાર બદલાયા. હવે અમારામાં વાતચીત કરવાની હિંમત સળવળી. સુરેશે કહ્યું : 'અમને તરસ લાગી છે.'

ડાકુએ વોટરબેગ ધરીને કહ્યું : 'પાણી થોડું છે, ઘીની જેમ પીજો!'

ગળાને ભીનું કરીને અમે સંતોષ માન્યો. જીભની અણીએ ઘણી-ઘણી વાતો આવી ઊભી હતી. પણ બંદૂકની અણીનો ભય, હજી અમને સાવ છોડી ગયો ન હતો.

થોડી વાર થઈ પેટમાં જવાળા જાગી હતી. ત્યાં તો ડાકુઓ ઊભા થઈ ગયા. અમારો પ્રવાસ પાછો આરંભાયો.

લગભગ અઢી વાગ્યા. પાછો પડાવ નંખાયો. ડાકુઓએ એક પોટલામાંથી થોડા વાસી રોટલા કાઢ્યા. પણ એના દેદાર જોઈને જ અમારી ભૂખ ભાગી ગઈ. અમે કહ્યું : 'ભૂખ નથી!'

ડાકુઓનો સરદાર હવે ત્રાટક્યો : ખાધા વગર ખેપ કેમ ખેડાશે? ચાલો, આપણે સાથે બેસીને ખાઈ લઈએ!

અમે મન મનાવીને બટકું બટકું ખાઈ લીધું, પાણીની પણ તંગી હતી. બે-બે ઘૂંટ પાણી અમારા ભાગે આવ્યું. ડાકુઓ હવે નિર્ભય હતા. આરામ શરૂ થયો. સહુ અપની-અપની આપવીતી સુણાવતા હતા. પણ અમારા પર તો હજી જાગતી ચોકી જ હતી. એક બંદૂક તો અમારી સામે બરાબર જ તકાયેલી હતી. અમે બોલ્યા : હવે અમે ક્યાં ભાગી જવાના છીએ? આ બંદૂકની અણી જરા પેલી તરફ રાખો, તો અમારા જીવને જરીક નિરાંત વળે!

ડાકુઓ સાથે થોડી આડી-અવળી વાતો થઈ, મુખ્ય વાતની પૂછ-પરછ માટેની હિંમત આવતાં ઘણી વાર થઈ. અંતે અમારામાંથી એકે પૂછ્યું : આ ચંબલની કોતરોમાંથી અમારો છુટકારો ક્યારે થશે?

ડાકુઓ હસી પડ્યા. એ હાસ્યના પડઘા પણ ભયાનક હતા. જવાબ મળ્યો : બાન તરીકે તમારી ધરપકડ થઈ છે. તમારા મા-બાપ પાસેથી મોં માંગી રકમ લઈને પછી જ અમે તમને છોડીશું!

અજંપાભર્યો દિવસ પૂરો થયો, આવી કોતરોમાં પ્રકૃતિની આવી મુક્ત છાયામાં, નિરાંતની રાતના સ્વપ્નો અમારી આંખમાં રમવા માંડ્યા, પણ ત્યાં તો પાછો પ્રવાસ શરૂ થયો.

ડાકુઓની દૂરંદેશિતા અમને છક્ક કરી ગઈ. પડાવમાં પડેલાં બીડીનાં ઠૂંઠાંઓ ને દિવાસળીઓનેય એમણે દૂર-દૂર કોતરોમાં ફંગોળી દીધી.

શિયાળાની ઠંડી હવાના જોરદાર સૂસવાટા પાછા શરૂ થયા. ચંબલની ખીણમાં શિયાળાની રાત, જાણે બરફની વર્ષાથી શરૂ થતી હોય, એવી ધ્રુજારીથી અમારાં શરીર થરથર ધ્રૂજવા લાગ્યાં.

ડાકુઓ ગમે તેમ તોય માણસ હતા બેગમાંથી ધાબળા કાઢીને અમને ઓઢવા આપ્યા. એમની દૃષ્ટિએ કટોકટીનો પ્રવાસ હવે શરૂ થતો હતો. ચોર-પગલે આગળ વધવાની કડક સૂચના પછી પગલા ઉપડ્યા. હાથમાં કે સાથમાં પ્રકાશનું કોઈ સાધન નહોતું. અંધારભર્યો પ્રવાસ શરૂ થયો. ખાડા આવતા. પથ્થરો આવતા. ટેકરા આવતા. પણ ચાલ્યે જ છુટકો હતો! અમારી સ્વતંત્રતાને બંદૂકની અણી આગળ શરણાગત બનવાની ફરજ પડી હતી.

અમારી ટુકડીની આગળ એક ડાકુ ચાલતો હતો. રસ્તાની ચકાસણીની જવાબદારી એને માથે હતી.

અર્ધો-પોણો કલાકની કેડ-તોડ રખડપટ્ટી પછી અમે દૂર-દૂર દીવાઓ જોયા. અંધારામાં ટમટમતા એ દીવાઓ અમને આશાપ્રદ લાગ્યા. પણ એ આશા પણ મરી ગઈ. ટમટમતા એ દીવાની દિશાને તરછોડીને ડાકુઓ આડેધાડ ચાલવા માંડ્યા.

એ પ્રવાસમાં ખેતરોના મોલને ઊભા ને ઊભા ચીરવા પડ્યા. અમે પણ ડાકુઓની સચિંતતા કળી ગયા.

લગભગ નવ વાગે અમારી કૂચ થંભી ગઈ. ડાકુઓ કોઈની પ્રતીક્ષામાં હતા. અમને થયું : હાશ! રાતવાસો અહીં જ ગાળવાનો હશે! પણ ત્યાં તો એક ડાકુ આવી લાગ્યો. અમને નવાઈ લાગી. એ થોડો સામાન લઈને આવ્યો હતો. એમાં પાણી હતું, મીઠું-મરચું હતું. એ વાળુ કરવાની સામગ્રી હતી. ડાકુઓ વાળુ કરીને ફફડતા દિલે આડા પડ્યા. અમને પણ આરામ માટે સૂચના મળી.

પરંતુ અજંપા વચ્ચે જંપ કેવો? અમારી આંખ સામે સવારની લૂંટનું કરુણ દૃશ્ય તરવરી રહ્યું હતું. વહાલસોયી એ માતાઓ, અપહૃત પુત્રો પાછળ કેવું કરુણ ક્રંદન કરી રહી હશે? સ્વજનોના એ સિસકાર કેવા દર્દીલા હશે? આવા અનેક વિચારો અમારા હૈયાને વલોવી રહ્યા હતા. આકાશ આખું અંધાર-ઘેર્યું લાગવા છતાં, દૂર-દૂર ધ્રુવતારકના સ્થાને અમને અમારી અડગ-શ્રદ્ધા દેખાતી હતી. શંખેશ્વરનો અજપાજપ અમને અનેરી અભયતાથી ભરી રહ્યો હતો.

નીરવ-રાત જામતી જતી હતી. અમારી નીંદરડી વેરણ-છેરણ થઈ ગઈ હતી. દૂર-દૂર, ખૂબ જ દૂર-દૂર મોટરના હોર્નનો આછો ધ્વનિ ને ખૂબ જ ઝાંખો પ્રકાશ અમારી આંખને આશા-સૃષ્ટિ બતાવીને અલોપ થઈ જતો : એકાદ મોટર અહીં આવે તો! પણ એ શક્ય જ ક્યાં હતું?

મધરાત થઈ ન થઈ, ત્યાં તો ડાકુઓ સફાળા બેઠા થઈ ગયા. એકદમ પ્રવાસની તૈયારી થઈ ગઈ અને અમને પણ ઊભા કરવામાં આવ્યા.

મધરાતની મૂંઝવણભરી મુસાફરી · પાછી આરંભાઈ. દૂર-દૂર સડકની દિશા તરફ આગળ વધતા હોઈએ એવું અમને લાગ્યું. મોટરના હોર્ન સંભળાતાં ડાકુઓ ઊભા રહી જતા. થોડી વાર થઈ અને સડક આવી. ખૂબ જ ચૂપકીદીથી સડક ઓળંગીને, અમે બધા એક ખેતર પાસે આવી ઊભા. લગભગ ત્રણ-ચાર કલાકના આ રઝળપાટમાં આરામની પળોનો અનુભવ જ ન થયો.

'સમાધિ મરણને લાવતો મહામંત્ર નવકાર; દિવ્ય ઔષધિ જાણજો, મહામંત્ર નવકાર.'—૧૦

ખેતર શેરડીનું હતું. મોલ ખૂબ જ ગીચ અને ઊંચો હતો. ડાકુઓ એમાં ઘૂસી ગયા થોડે દૂર પહોંચતાં જ ડાકુઓ ઊભા રહી ગયા. શેરડીના મોલ ચોતરફ ઊભાં હતા. કિલ્લાની વચ્ચે ઊભા હોઈએ, એવી નિર્ભયતા ડાકુઓ અનુભવી રહ્યા. ત્યાં જ સૂવાનો આદેશ અપાયો.

અમે બધા આડા પડ્યા. સખત શ્રમ હતો. સહુ ઘસઘસાટ સૂઈ ગયા. બીજા દિવસનો સૂર્ય ઊગ્યો, ત્યારે યાતના ભર્યા ચોવીસ કલાક પૂરા થયાનો સંતોષ અમે ન માણી શક્યા. કારણ કે હવેની આવનારી યાતનાઓથી અમે અજાણ હતા.

ચંબલની ખીણોમાં ખતરનાક રઝળપાટ ચાલુ જ રહ્યો. બીજો દિવસ પૂરો થયો. ત્રીજો ને ચોથો દિવસ પણ ઊગીને આથમી ગયો. પાંચમો દિવસ પણ આવ્યો ને ગયો. પણ ચંબલની ખીણ અમને મોટી ને મોટી ભાસવા માંડી. આટલી સફર પછી એનો અંત જણાતો ન હતો. આ દિવસોમાં અમે ડાકુઓ સાથે ઠીક ઠીક હળીમળી ગયા હતા.

અમારા ચારનાં નામોથી ડાકુઓ પરિચિત થઈ ગયા. એઓ અમને રાજેન્દ્ર, નવીન, સુરેશ અને ચીનુભાઈના નામે જ બોલાવતા. અમે પણ ઘણા ખરા ડાકુઓને નામથી જ બોલાવતા. ગોપી નામે જે સરદાર હતો, એને અમે ઠાકુર કહીને બોલાવતા. એમની માનવતાનો પણ અમને અનુભવ થયો. અમારામાંથી એકનાં ચંપલ તૂટી ગયાં, તો બીજે દિ' કૅન્વાસના બૂટ અમને મળ્યા. આ રઝળપાટ માટે બીજા ત્રણને પણ એમણે બૂટ આપ્યા.

એક દિવસ વાતોમાં ને વાતોમાં વાત નીકળી. ડાકુઓ કહે : તમારા ઘરવાળાને ચાર લાખ આપીને બાન તરીકે તમને મુક્ત કરવાની ઓફર કરી છે. હવે થાય એ ખરું?

અમે ત્યારે કહેલું : અમારા સગા લાખ પણ ભેગા કરી શકે એમ નથી.

ત્યારે ડાકુઓ બોલેલા : અમને બનાવવાનું રહેવા દો. તમારામાંથી મફતલાલ જ એકલા ચાર લાખ આપી શકે, એમ છે!

અમને થયેલું : આવાને કેમ સમજાવી શકાય કે મફતલાલ કંઈ મુંબઈમાં એક જ નથી! જે કરોડપતિ હોય!

એક વખત અમે કહેલું કે, તમારે છોડવા હોય, ત્યારે અમને છોડજો. પણ એક કાગળ તો લખવા દો. જેથી અમારા માબાપને કંઈક નિરાંત વળે.

ડાકુઓએ ઈનલૅન્ડ લેટર પણ આપેલું. અમે એ લખેલું પણ ખરું! પરંતુ એ પોસ્ટ ન થયું. અમારા દેખતાં જ એની તાપણી થઈ હતી.

ચંબલની બહાર ચાલતી હિલચાલોથી વાકેફ રહેવાની એમની ચાતુરી ખરે જ દિલને આશ્ચર્ય-ચકિત કરી મૂકે એવી હતી. એક દિવસ એમણે કહેલું. અમારી પકડમાંથી તમે નહિ જ ચસકી શકો. તમારા સ્વજનોએ પોલીસથાણે ફરિયાદ નોંધાવી છે, વિનોબા ભાવેવાળા તમને મુક્ત કરવા માથાકૂટ કર્યા કરે છે, પણ આ તો ચંબલની-ખીણ છે. ગમે તેટલા ધમપછાડા, અમારો અણસાર પણ ન જણાવી શકે!

પાંચમે દિવસે અમે ચાલી-ચાલીને લોથપોથ થઈ ગયા. અધૂરામાં પૂરું રસોઈનો ઘણો સરસામાન આવ્યો. એટલે અમને અમારી મુદતનું લંબાણ જરીક ખ્યાલ આવ્યું. એક વાર ખીર ખવડાવતા ડાકુઓએ અમને કહ્યું : પૈસા તો તમારા બાપના જ છે ને?

હવે તો અમે અધીર થઈ ગયા. એકે કહ્યું : ઠાકુરને તાવી તો જુઓ! કેટલામાં પતે એમ છે? આપણા દરેકના મા-બાપ ૧૦-૧૦ હજાર કાઢી શકે એમ છે.

વાટાઘાટ શરૂ થઈ. પણ લાખની એ આશા ચાલીસ હજારમાં ક્યાંથી સંતોષ માને? બે-બે દિવસની વાટાઘાટ પછી અમે ૭૫ હજારે આવીને અટક્યા ને ડાકુઓ બે લાખે!

એક રાતે ડાકુઓમાં ભયભર્યો સન્નાટો છવાઈ ગયો. દૂર-દૂરથી પોલીસોની લાઈટો ઝબકવા માંડી પણ ડાકુઓની ચંબલની કોતરોના ભેદી-જ્ઞાન પાછળ પોલીસનું શું ગજું?

'મળે મન પારદ મહીં, તો સુવર્ણ સિદ્ધિ દેનાર; કર્મ ઉપદ્રવને હણે, મહામંત્ર નવકાર.'—૧૧

ભયના માર્યા ડાકુઓએ ફરી વાટાઘાટ શરૂ કરી. અને અંતે લાખ રૂપિયામાં મુક્તિનો સોદો નક્કી થયો. અમારામાંથી રાજેન્દ્રે એક લાખ રૂપિયા લાવીને અમને છોડાવવાનું નક્કી થયું. જવા માટે છઠ્ઠી તારીખ નક્કી કરાઈ પણ પાંચમીની રાતે પાછો સોદો ફોક થતો લાગ્યો.

એ રાતે અમે સ્થળાંતર કરી રહ્યા હતા, ત્યાં જ એક ડાકુ આવ્યો. એણે ઠાકુરને કહ્યું : આટલા સસ્તામાં ન પતાવશો. હું બી.એ. પાસ ડાકુ છું. એમનાં સરનામાં મને લખાવજો. મુંબઈથી બધી તપાસ કરીને હું તમને જણાવીશ.

છઠ્ઠીની સાંજ સુધી બી.એ. પાસ ડાકુની ઘણી પ્રતીક્ષા કરાઈ. પણ અમારા નામ-ઠામનો કાગળ લેવા એ ન આવ્યો. ડાકુઓએ અમારા માત-પિતા પર પણ એક કાગળ લખાવીને એની નીચે અમારી સહી લઈ રાખી હતી. એમાં અમારે લખવું પડ્યું હતું કે, પોલીસ જો જાપ્તો હઠાવી નહિ લે, તો અમને મુક્તિ નહિ મળે. માટે અમારી સલામતી ખાતર પણ પોલીસનો પહેરો ઉઠાવી લેવાની મહેનત કરશો!

ઠાકુરની મૂંઝવણનો હવે પાર ન હતો. બી.એ. પાસ ડાકુના ભરોસે રાજેન્દ્રને હજી રવાના કર્યો ન હતો અને એ ભાઈસાહેબને તો મોં બતાવવાની પણ ફુરસદ નહોતી. ને બીજી તરફ માથે ભયનાં વાદળ તોળાતાં જતાં હતાં.

ઝાડી-ઝાંખરાંના એ ઉઝરડા પાછા પગને લોહીયાળ બનાવી રહ્યા. ૨-૨૫ વાગે બૅટરીનો પ્રકાશ આવ્યો. બધા ડાકુઓમાં ધાંધલ મચી ગઈ. પણ થોડી વારમાં જ જમનાની કોતરો આવી. એ કોતરોમાં થઈને લપાતા છુપાતા સહુ ચંબલની અભયતામાં કૂદી પડ્યા. હવે બે દિવસ સુધી અહીં ભય કેવો? ડાકુઓએ નિરાંતનો શ્વાસ ખેંચ્યો.

સાતમીની રાતે ડાકુઓને એક લાખનો સોદો ફરી યાદ આવ્યો. અમારામાંથી રાજેન્દ્રએ મસલત ચલાવી. મુદતની તારીખ રાજેન્દ્રને ઘણી નજીક લાગી. પોતે આગ્રા જાય. સ્વજનો જો ત્યાંથી મુંબઈ ગયા હોય તો પોતાને મુંબઈ જવું પડે. અંતે માંડ-માંડ તારીખ નક્કી થઈ. સ્થળ પણ નિશ્ચિત થઈ ગયું. ૧૨મી તારીખે રાજેન્દ્રએ લાખ રૂપિયા રોકડા લઈને કમતરી-ચન્દ્રપુર આવવું એમ નક્કી થયું.

વાટાઘાટની સફળતા પરથી અમને અમારી મુક્તિની આશા બેઠી. **ચાર લાખનો સોદો એક લાખમાં પતે એમાં અમને અમારી શ્રદ્ધેય-મૂર્તિ તરફનો વિશ્વાસ ને નવકારના અજપાજપનો અદશ્ય હાથ જ કારણ લાગ્યો.**

આઠમી તારીખે ઠાકુરે પોતાના હાથે રોટલા ટીપ્યા ને અમને જમાડ્યા. રાજેન્દ્રને એણે સો રૂપિયા ને થોડું પરચૂરણ ભાડા માટે આપ્યું.

બંને પક્ષ તરફથી સોગંદ-વિધિ થઈ. ઠાકુરે લાખ રૂપિયામાં બાનને છોડવાની ને કોઈ પણ જાતની મેલી રમત ન રમવાના સોગંદ લીધા. રાજેન્દ્ર તરફથી દગો રમાય, તો ઠાકુરે બંદૂકની નાળથી સુરેશ, નવીન ને ચીનુભાઈ પર ગોળી છોડીને ઠાર કરી દેવાનો મક્કમ નિરધાર પણ જણાવ્યો. રાજેન્દ્ર પણ વચનબદ્ધ બન્યો. પોલીસને આ બાતમીથી અજાણ રાખીને, મુદત પ્રમાણે હાજર થવાનું એણે પણ પણ લીધું. અને અમારી ત્રણની આંસુભરી વિદાય લઈને રાજેન્દ્ર બાનની રકમ લેવા એકલો રવાના થયો.

સોદામાં બે દિવસ લંબાયા. એટલી વારમાં તો ડાકુઓને ગિરફતાર કરવા ચંબલની ચોમેર એક હજાર પોલીસની ખડી ફોજ સજ્જ થઈ ગઈ હતી! ઠાકુર લાખનાં સ્વપ્નાં જોઈ રહ્યો હતો, પણ પ્રભુભક્તિની શક્તિ કોઈ જુદો જ પરચો બતાવવા માગતી હતી!

૨૮મી ડિસેમ્બરે ચંબલની કોતરો ભાળી. આજે ૮મી જાન્યુઆરી હતી. એટલે ચંબલમાં અમારો આ ૧૧મો દિવસ હતો. આજે બપોરે રાજેન્દ્રને આગ્રા જવા ડાકુઓએ છોડી મૂક્યો હતો. પણ આ રીતે એમણે એક જાતનું સંકટ વહોરી લીધું હતું. ચંબલની ચોમેર ગોઠવાયેલી પોલીસ જોઈ જાય, તો

બધી બાજી ધૂળમાં મળવાની શક્યતા હતી. ઠાકુર સાવધાન થઈ ગયો. આજુબાજુની હિલચાલથી વાકેફ રહેવા, ઠાકુરે થોડા ડાકુઓને છૂપા ગોઠવી દીધા. અમને હવે અમારી ચિંતા ન હતી. રાજેન્દ્રની કુશળતા માટે અમે વારંવાર પ્રગટ પ્રભાવી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુને પ્રાર્થતા હતા. **મહામંત્રનો જપ ચાલુ જ હતો.** રાજેન્દ્રની કુશળતા અમારી જ કુશળતા હતી. પોલીસોની ખડી ફોજ વચ્ચેથી એને હેમખેમ પસાર થઈને આગ્રા પહોંચવાનું હતું.

'બપોરે બે વાગે રાજેન્દ્રએ ચંબલની વિદાય લીધી. રાજેન્દ્ર લગભગ સાંજે છ વાગે ભાદણ સ્ટેશનના સિગ્નલ ભાળીને હર્ષવિભોર બની ગયો.

આ ચાર કલાકનો કઠિન-પ્રવાસ ભગવાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની ને મહામંત્ર નવકારની સહાય વિના ફળીભૂત થવો મુશ્કેલ હતો. રાજેન્દ્રની અડગ-શ્રદ્ધા અભય-કવચ બની અને એ સહીસલામત રીતે સ્ટેશને આવી પહોંચ્યો. ગાડી મળવાની સંભાવના ન હતી. કારણ ૬ વાગી ગયા હતા ને ગાડીનો સમય પાા નો હતો. છતાં રાજેન્દ્ર પ્લેટફૉર્મ પર પગ મૂક્યો ને ગાડીની સીટી સંભળાઈ. જાણવા મળ્યું કે આજે ગાડી ૦ાા કલાક મોડી હતી. અંતરને આંગણે બિરાજતા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદાને મનોમન નમીને રાજેન્દ્ર ગાડીમાં બેસી ગયો.

ગાડી આગ્રા તરફ રવાના થઈ. ૬ થી રાતના ૨ વાગ્યા સુધીનો સમય રાજેન્દ્રે વિચાર-વમળમાં ઘૂમરી ખાઈ-ખાઈને જ પસાર કર્યો. સવારનું દશ્ય એની આંખ સામે તાદશ હતું. સુરેશ, નવીન ને ચીનુભાઈ હજી ચંબલની ચુંગાલમાં જ હતા. એમનો વિચાર એની આંખને ને એના અંતરને જંપ વળવા દેતો ન હતો. આગ્રા જતાં જ સ્વજનોમાં ફેલાવનારો વિસ્મય પણ એ કલ્પી શકતો હતો.

બે વાગ્યા. આગ્રા આવ્યું. રાજેન્દ્ર સીધો જ યાત્રાળુઓની ખોજમાં નીકળ્યો. સ્ટેશન માસ્તરને પૂછપરછ કરતાં, એમને રાજેન્દ્ર પર વહેમ જેવું લાગ્યું : શું આ ડાકુઓની લૂંટ હજી બાકી છે!

રાજેન્દ્રે જાતને ખુલ્લી કરી. ચંબલની ખીણમાં અપહૃત થયેલા યુવાનોમાંના જ એક રાજેન્દ્રને જોતાં માસ્તરનું આશ્ચર્ય નિરવધિ બન્યું. એઓ એને રામનારાયણ ગુપ્તાને ત્યાં લઈ ગયા. અપહૃત-યુવાનોના સગાવહાલા ગુપ્તાને ઘરે જ હતા.

આયંબિલનો તપ! મહામંત્ર-નમસ્કારનો જપ! અને દાદા શંખેશ્વરનો ખપ!

તપ-જપ ને ખપના આ અખંડ ત્રિભેટે, ગુપ્તાનું ઘર શ્રદ્ધામંદિર બની ગયું હતું. ને બેપત્તા યુવાનો જ્યાં સુધી ન મળે, ત્યાં સુધી શ્રદ્ધાના શરણાં ન છોડવાની બધાંની તૈયારી હતી. રાજેન્દ્રે ગુપ્તાના ઘેરે પ્રવેશ કર્યો ને બધા ફાટી આંખે એને નિહાળી રહ્યા. શંકા-કુશંકાઓના અનેક ઓછાયા સહુની આંખ સામેથી પસાર થવા માંડ્યા :

''રે! રાજેન્દ્ર એકલો! સુરેશનું શું? નવીન ક્યાં? ચીનુ નથી આવ્યો?'' ત્યાંનું વાતાવરણ ને સગાં-વહાલાંઓના ઊંચા થઈ ગયેલાં અંતરો જોતાં જ રાજેન્દ્રની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. એનું આગમન હજી ઘણાને એક આશ્ચર્ય જ લાગતું હતું.

પોલીસમાં ખબર આપવા માટે ટેલિફોનના નંબર ઘૂમાવવાની તૈયારી જોઈને રાજેન્દ્ર બોલી ઊઠ્યો : 'સબૂર!'

ને રાજેન્દ્રે પોતાની વચન-બદ્ધતાની વાત કરી સહુના હાથ હેઠા પડ્યા. બીજું થાય ય શું? ધર્મસંકટ હતું. એક બાજુ સરિતાનો ને બીજી બાજુ સિંહનો ઘાટ હતો! કોના સકંજામાંથી છૂટાય?

રાજેન્દ્રના માથે લાખ રૂપિયા ભેગા કરવાની હિમાલય જવાબદારી હતી. આ જવાબદારીના વિસ્મરણનો કે વિલંબનો આખરી અંજામ, ત્રણ યુવાનોનું મોત જ હતું! લાખ રૂપિયા ભેગા કરવા માટે, મુંબઈનો સંપર્ક અનિવાર્ય હતો. રાજેન્દ્રે ટેલિફોનના દોરડા હલાવવા માંડ્યા. પણ વિધિનાં વળાંકોની તો એનેય ક્યાં ખબર હતી? જે અદશ્ય

'પ્રબળ શત્રુ છે જીવનો, કુટિલ અસદાચાર; મહામંત્રની સહાયથી, તે પણ દૂર થનાર.'—૧૩

શક્તિનો પરચો પામીને પોતે સહી સલામત આગ્રા પહોંચી શક્યો, એનો ગેબી પ્રભાવ હજી બાકી જ હતો. રાજેન્દ્રને પૈસા માટે મહેનત કરતો મૂકીને, હવે જરા ચંબલની ખીણમાં પાછું એક ડોકિયું કરીએ!

ચંબલની ચોગરદમ હજારની સંખ્યામાં પોલીસ-પહેરો સજ્જ થઈ ગયો હોય. એ બનાવ ચંબલે હજી જોયો ન હતો. અને આ વખતનો પોલીસનો પંજો ખતરનાક હતો. ડાકુઓના કોઈ સગાઓને પોલીસે અટકમાં લીધા હતા. પળે-પળે ડાકુઓ ભરડામાં ભીંસાતા જતા હતા. ઉત્તર-પ્રદેશની સરહદ પર, અડીખમ ભીંત બનીને પોલીસ ખડી રહી ગઈ હતી. મધ્ય-પ્રદેશમાં ડાકુઓ નાસી ન શકે, એ માટે તો જમના નદીની નાકાબંધી હતી જ! પોલીસ ધારત તો ધિંગાણું કરીને ઘણા ખરા ડાકુઓને ગીરફતાર કરી શકત. પણ આમ કરવામાં અપહૃત-યુવાનોના જાન જોખમાય એમ હતા.

ઠાકુર અને બીજા ત્રણ યુવાનો તો ચંબલની ભેદી કોતરોમાં છૂપાઈ ગયા હતા પણ પળે-પળે નાલેશીના જે સમાચારો આવતા હતા, એથી ઠાકુર ખૂબ જ ચિંતામગ્ન હતો. અમે સુરેશ, નવીન ને ચીનુભાઈ ઠાકુરનું હતાશ ને ભગ્ન હૈયું જોઈને વણસેલી વાતનો અણસાર પામી શક્યા હતા. પણ અમને તો મુખ્ય ચિંતા રાજેન્દ્રની જ હતી.

એક ડાકુ આવ્યો, એ હારનો સંદેશ લાવ્યો હતો. ગોપી ઠાકુરનું આખું કુટુંબ એની મા, પત્ની, પુત્રો ને સાળાને પોલીસે કબ્જામાં લઈ લીધા હતા. અપહૃત-યુવાનોને ખાતર પોતાને આટલું મોટું સંકટ વેઠવું પડશે, એવી ઠાકુરને કલ્પના સરખી પણ ન હતી. શાંતિમિશનની દોડધામ એની આંખ સામે તરવરી રહી. એક જમાનાના જુલ્મી ડાકુ સિલદારસિંહ અને લોકમનના જુલમો એને સાંભરવા માંડ્યા. એને થયું : આ બધાનું પાપ શું મને જ નડશે?

ડાકુઓ આજુબાજુની પ્રજા ને ગામડાંઓના વિશ્વાસને સહારે જ ગુપ્ત રહી શકતા હતા. પ્રજા ને ખેડૂતો પણ વારાફરતી ડાકુને સમજાવવા આવવા માંડ્યા કે, 'ગોપી! હવે મજા નથી. યુવાનોને છોડી દે, નહિ તો જોવા જેવી થઈ જશે.'

ઠાકુરને બી.એ. પાસ ડાકુ પર ખૂબ ગુસ્સો ચડ્યો. છઠ્ઠી તારીખે જ રાજેન્દ્ર રવાના થઈ ગયો હોત તો આઠમી નવમી સુધીમાં લાખ રૂપિયા હાથમાં આવી ગયા હોત ને યુવાનો મુક્ત થઈ જતે, આ પોલીસ પહેરો ઊઠી ગયો હોત! પણ પોતે લોભની લહેરમાં તણાયો અને વાતાવરણ આજે સાવ વણસી ગયું. ઠાકુરનો સાળોય અટકમાં હતો. એણે પોલીસને વચન આપ્યું કે, 'તમે આજે મને છોડી દો! કાલે જો યુવાનો મુક્ત ન થાય, તો તમે મારી લાશ પર ધિંગાણું ખેલજો!'

ડાકુનું વચન એટલે વચન! એ ડાકુ છૂટો થયો, ને એ ચંબલની કોતરો તરફ નાઠો.

નવમી તારીખનો આખો દિવસ ઠાકુર માટે તંગ રહ્યો. અમે જોતા : એ વાત કરતાં કરતાં ગરમ થઈ જતો. બધા અમારી મુક્તિની જ વાત કરતા. પણ ઠાકુરને કોઈ પણ ભોગે ૧૨મી તારીખ સુધી વાત લંબાવવી હતી. જે યુવાનો માટે આટ-આટલું જોખમ ખેડ્યું, એમને એક પણ પૈસાની પ્રાપ્તિ વિના છોડી દેતાં, એનો જીવ ચાલતો ન હતો.

ત્યાં તો સમી-સાંજે એક ડાકુ આવ્યો. એ ઠાકુરનો સાળો હતો. એણે સીધી જ આજ્ઞા કરી : 'ગોપી કાં આ યુવાનોને મુક્ત કરી દે! કાં મને ઠાર કરી દે. લે, આ બંદૂક!' ઠાકુરે બધી વાત સાંભળી. સાળાની સમર્પણની પ્રતિજ્ઞા આગળ એને નમતું તોળ્યા વિના છૂટકો જ ન દેખાયો.

ઘણાની હમદર્દી ગુમાવી બેઠેલા ડાકુઓ ઝડપી નિર્ણય લેવા અશક્ત હતા. સાળાને માટે પળ-પળ કિંમતી હતી. એણે બીજી વાર કહ્યું 'ગોપી વિચાર શું કરે છે? પકડાઈશ તો જીવતરની કમાણી ધૂળધાણી થઈ જશે. આ વખતે પોલીસ એવી તો વિફરી છે કે, એકે ડાકુ જીવતો નહિ રહી શકે! અને મને તો મારા વચનની વધુ કિંમત છે. કાં નિર્ણય લે: કાં લે, આ બંદૂક! ને કરી દે મને ઠાર!'

'નવ પદનાં શરણ વિના, પાપ-પડળ નવ જાય; ધર્મપદ આવે નહીં કંદર્પ દર્પ નવ જાય.' – ૧૪

ને એ ડાકુએ હવામાં બંદૂકના એક-બે ગોળીબાર કર્યા. પછી એણે બંદૂકની નાળ પોતાની છાતી તરફ તાકી. બીજી જ પળે ખેલ ખતમ હતો. પણ ગોપી ઊભો થઈ ગયો. સાળાની બંદૂક ઝૂંટવી લઈને એણે યુવાનોની મુક્તિ માન્ય રાખી!

અમે તે સાંજે સાત વાગે જ એક કોતરની ઓથમાં સૂઈ ગયા હતા. ૧૨ મી સુધી તો મુક્તિ માટે મીટ માંડવી પણ નકામી હતી. ત્યાં અચાનક જ ઠાકુરે અમને જગાડ્યા. અમને થયું. વળી પાછું ક્યાં આથડવાનું આવ્યું!

ત્યાં તો ઠાકુરનો અવાજ આવ્યો. 'હમ તુમકો મુક્ત કર દેતે હૈં, તુમ અબી હી ચલે જાવ!'

સ્વપ્ન કે સત્ય! અમે આંખો ચોળી રહ્યા : આ શું? આજે તો હજી ૯મીની રાત છે. રાજેન્દ્ર એટલામાં આવી ગયો? લાખ રૂપિયાની બાન શું ડાકુઓને મળી પણ ગઈ? ત્યાં તો ગોપી ફરી બોલ્યો. 'ખડે હો જાવ! હમ તુમ કો મુક્ત કર દેતે હૈં.'

અણધારી-મુક્તિ પાછળના ગેબી દોરી સંચારનો અમે વિચાર કરીએ, એ પહેલાં તો ગોપીના સાળાએ અને બીજા બે-ત્રણ ખેડૂતોએ અમને સહાનુભૂતિ બતાવી. અને અમે એ જ રાતે ચંબલની ખીણને સલામ ભરીને ચાલતા થયા!

કઈ શક્તિએ અમને મુક્તિ અપાવી? ચંબલની ચુંગાલમાંથી અમને છોડાવવા કોણ વહારે ધાયું? અમને સમજાતું ન હતું! પ્રશ્નનો જવાબ અમે આકાશને આંગણે ટમટમતા તારલાને પૂછ્યો. તો જવાબમાં અમારા કાને મહામંત્રના એ શબ્દો ઘૂમરાવા માંડ્યા ને આંખ સામે શંખેશ્વર પાર્શ્વનાથના એ મંદિરની અને એ મૂર્તિની અભયદા-આકૃતિ ઉપસી આવી!

૮ વાગે આરંભાયેલો એ પ્રવાસ બરાબર મધરાતના ૧૨ વાગ્યા સુધી, એકધારો ચાર કલાક ચાલ્યો ને એક ગામડામાં, એ મધરાતે અમારું આતિથ્ય યોજાયું! ચાર કલાકના આ પ્રવાસમાં જમનાના છાતી સરસાં પાણી આવ્યાં હતાં, છતાં અમને ત્યારે તો એમાંથી હૂંફનો અનુભવ થયો હતો. કાદવભર્યાં એ ખેતરો પણ અમે વટાવ્યાં. વાટ કંઈ કાંટા-કાંકરા વિનાની ન હતી. છતાં અમને તો મારગ માખણનો લાગ્યો હતો.

જાન્યુઆરી ૧૦મીની સવારે અમે આગ્રા પહોંચ્યા. અમારા આ અણધાર્યા આગમનને રાજેન્દ્રે અને સ્વજનોએ હર્ષનાં આંસુથી વધાવી લીધું. એક ઓરડામાં અમે સહુએ થોડી વાર રડ્યા જ કર્યું! ચંબલની એ ખીણો હજી આંખ સામેથી ખસતી ન હતી!

પૂર્વ-દેશની યાત્રા કરીને, અમે સીધાં જ શંખેશ્વરજી ગયા. એ દાદાને જોતાં જ અમારી આંખમાંથી દડદડ આંસુધાર ચાલી નીકળી!

કેટલાક અનુભવો, કોઈક પ્રસંગો, એવા બની જાય છે કે, મણિમુક્તાની જેમ એનું જતન પણ દિલની દાબડીમાં જ થઈ શકે!

ચંબલની એ ખતરનાક–ખીણોમાં વીતાવેલા અજંપાભર્યા ૧૩ દહાડા અને અજંપામાં પણ અભય આપી ગયેલી, મહામંત્ર શ્રી નમસ્કારની અને શંખેશ્વરજીની એ ગેબીશક્તિ પણ એક આવો જ પ્રસંગ છે. દિલની દાબડીમાં અમે એનું જતન કરીશું અને અંધારનો-આપદનો પંથ આવશે, ત્યારે એ દાબડી ખોલીને, એ મણિ-મુક્તાના પ્રકાશે, પગદંડીને પ્રકાશિત બનાવીશું અને પ્રકાશયાત્રી બનવાનું ગૌરવ અમે ધારણ કરીશું!

'સંસાર સર્પના વિષથી, વિષ લહેરે લહેરાય; નવકાર મંત્રના પ્રયોગથી, જીવ જાગ્રત થઈ જાય.'–૧૫

"રિવોલ્વર જ્યારે રમકડું બને છે!"

સૂર્યનો ઉદય હજી હમણાં જ થયો હતો. મહારાષ્ટ્રની ધરતી પરના બે શહેરો ધૂળિયા અને પાંચોરાનો રાજમાર્ગ વાહનોની અવરજવરથી ધબકારા અનુભવી રહ્યો હતો. આજથી ૫૦/૭૫ વર્ષ પૂર્વેના એ રાજમાર્ગ પર જાતજાતના વાહનો મુસાફરી કરતા હતા. એમાં એક ઘોડાગાડીમાં કેટલાક યુરોપિયનો અને પાકા જૈન શ્રી ખીમજીભાઈ હીરજી લોડાયા ધૂળિયાથી પાચોરા જઈ રહ્યા હતા. ખીમજીભાઈને અંગ્રેજી પર સારો કાબૂ હતો અને ધંધાકીય દૃષ્ટિએ પરદેશી પ્રજા સાથે અવારનવાર સંપર્કમાં આવવું પડતું. એથી કામણગારી અંગ્રેજી ભાષામાં તેઓ બોલી શકતા.

ખીમજીભાઈને મહામંત્ર નવકાર પર ભારે આસ્થા. એઓ માનતા કે વેપાર-ધંધા માટે પરદેશની પ્રજા જોડે સંપર્કમાં રહેવું પડતું હોવા છતાં પોતે જૈનત્વને ટકાવી શક્યા હતા, એ પ્રભાવ આ મહામંત્રનો જ હતો! તેથી તેઓ નિયમિત નવકાર જાપ કરતા. તેમજ પરદેશી પ્રજાને માંસાહારની ભયંકરતા સમજાવવાનો મોકો મળતો, ત્યારે મહામંત્રનું સ્મરણ કરીને આ તક ઝડપી લેતા.

યુરોપિયનો સાથે ધૂળિયાથી પાંચોરા જઈ રહેલા ખીમજીભાઈની વાતનો વિષય હતો : ભારતીય સંસ્કૃતિની ભવ્યતા! ઘોડાગાડીની મુસાફરીના ખુશનુમા વાતાવરણમાં હજી વાર્તાલાપનો રંગ જામ્યો હતો, ત્યાં જ એમાં એકાએક ભંગ પડ્યો. એ યુરોપિયનો શિકારના ભારે શોખીન હતા. એમાં વળી એમની નજર દૂરદૂર દોડતા હરણિયાનાં ટોળા પર પડી અને એમણે પોતાની રિવોલ્વરો સાબદી કરવા માંડી.

ખીમજીભાઈ આ સૌનો ઇરાદો તરત સમજી ગયા એટલે એમણે કહ્યું, **'ભારતીય સંસ્કૃતિએ એક મહત્ત્વની વાત કરી છે કે જે વસ્તુ લીધા પછી પાછી આપવા આપણે સમર્થ ન હોઈએ એ વસ્તુ કદાપિ લેવી નહીં! આ એક જ સિદ્ધાંતનો જો સૌ કોઈ અમલ કરવા માંડે તો આ દુનિયા સ્વર્ગથી ય વધુ સોહામણી થઈ જાય!**

યુરોપિયનોના મનનો કબજો તો શિકારના શોખે લઈ લીધો હતો. છતાં એમણે કહ્યું, 'એમાં તો શી મોટી વાત છે? જે ન આપી શકીએ, તે ન લેવું, એમાં કઈ મોટી ફિલસૂફી છે? ખીમજીભાઈએ કહ્યું, 'તો એમ કરો, તમે મને અત્યારે વચન આપો કે, જે લઈને અમે પાછું ન આપી શકીએ, એને લેવાનો ક્યારેય વિચાર પણ નહિ કરીએ!'

યુરોપિયનોને તો આ વાત સાવ સાદી ને સહેલી જણાઈ. તેમણે તરત જ કહ્યું, 'જાઓ, આપ્યું વચન! જે ચીજ લીધા પછી પાછી ન આપી શકીએ એ કદી લઈશું નહિ.'

ખીમજીભાઈએ રહસ્યનો સ્ફોટ કરતાં કહ્યું, તો તો હવે આ રિવોલ્વર મને આપી દો; તો જ તમે વચનનું બરાબર પાલન કરી શકશો. તમને વચન પાળવામાં આ રિવોલ્વર બાધક બને એમ છે.

યુરોપિયનોની આંખમાં આશ્ચર્ય હતું. એમણે કહ્યું, 'અમે પેલું હરણિયાનું ટોળું જોતાં જ શિકારનો અમારો શોખ જાગી ઊઠ્યો છે. આવી પળ સામે આવી છે ત્યારે રિવોલ્વર તમને કેમ સોંપાય? તેમજ આ નિયમ સાથે રિવોલ્વરને સંબંધ પણ શો? ખીમજીભાઈને થયું કે, મિત્રોને હવે બરાબર સકંજામાં ફસાવી શકાય એમ છે. એથી એમણે કહ્યું કે, જુઓ, આ રિવોલ્વર દ્વારા તમે હરણિયાના પ્રાણ લેવાના એ ખરું ને? હવે લીધેલા પ્રાણ તમે પાછા હરણિયાઓને આપીને એમને જીવાડી શકવા સમર્થ છો ખરા? જો તમારી પાસે આવી તાકાત હોય તો મારે રિવોલ્વર નથી જોઈતી,

---

'ઐશ્વર્ય ધર્મને યશ વળી, શ્રી વૈરાગ્ય ને જ્ઞાન; એ ષટ્ ભગ પ્રકટાવતો, મહામંત્ર નવકાર.'—૧૬

તો તમે શિકાર ખેલો, એમાં ભારતીય સંસ્કૃતિને વચ્ચે કંઈ જ બોલવાનો અધિકાર નથી!

યુરોપિયનો હવે મુંઝાયા, એમણે આશ્ચર્ય અનુભવતાં કહ્યું, ખીમજીભાઈ! આ તો તમે દાવ-પેચની રમત રમ્યા! અમને આવી ખબર હોત તો અમે વચનથી બંધાયા ન હોત. તમારી વાત સાચી, અમે વચનબદ્ધ છીએ, એ ય સાચું! પણ આ શિકારની મોજ માણવાનો આવો મોકો તો કોઈક વાર જ મળતો હોય છે. માટે આપણા સંબંધ ટકાવવા હોય તો મહેરબાની કરીને અમને હવે આ વચનબદ્ધતાની ફરી વાર સ્મૃતિ ન કરાવતા.

ખીમજીભાઈએ મિત્રોની આ ધમકીને ધ્યાનમાં લીધા સિવાય પણ આવા શોખને તિલાંજલિ આપવા ઘણું ઘણું સમજાવ્યું. **પણ જ્યારે એમને લાગ્યું કે, મારી સમજાવટથી કોઈ અર્થ સરે એમ નથી ત્યારે એઓ મૌન બની ગયા અને મનોમન મહામંત્રનો જાપ કરવા માંડ્યા.** પોતાની નજર સામે કોઈ હત્યાકાંડ ખેલાય, એ વાત એમને હરગીજ મંજૂર નહોતી. આવી પળોમાં પણ એમનું અંતર બોલતું હતું કે, મારનાર કરતાં જીવાડનારની પડખે વધુ બળ અને વધુ શક્તિનો ભંડાર ખડકાયેલો હોય છે.

ખીમજીભાઈએ મનોમન એક અણનમ નિર્ણય કરીને છેલ્લીવાર મિત્રોને સમજાવવાનો પ્રયત્ન કર્યો. પણ નિષ્ફળ! હરણિયાની દોડધામથી સૌંદર્યસભર એ ધરતી પર યુરોપિયનો રિવોલ્વર સાથે ઘોડાગાડી પરથી ઉતરી પડ્યા. **ખીમજીભાઈએ અબોલ જીવોનાં લોહીથી ધરતી ન રંગાય ને પાપીઓની મુરાદ બર ન આવે તે માટે નવકાર મહામંત્રનો પ્રભાવ આ વાતાવરણમાં શક્તિપાત કરે તો કેવું સારું?** એ વિચારને બળવાન બનાવવા એક ઝાડ નીચે કાઉસગ્ગ મુદ્રા ધરી ઊભા રહી ગયા. એમનાં અંતરમાંથી અવાજ આવતો હતો, જોરદાર સંકલ્પશક્તિ કદી નિષ્ફળ જતી નથી!

ખીમજીભાઈ કાઉસગ્ગ મુદ્રામાં ઊભા રહી ગયા અને યુરોપિયનો પોતાનાં શિકારશોખને પૂરો કરવા મેદાને પડ્યા. ખૂબ જ નજીકમાં હરણાંઓનું ટોળું નજરે ચઢતાં તેમના આનંદનો પાર ન રહ્યો. વળતી જ પળે રિવોલ્વરમાંથી ગોળીઓ છોડવા માંડી. એમના અંતરમાં એવો વિશ્વાસ હતો કે, હમણાં જ સાત-આઠ હરણ ઢળી પડશે. પણ એ વિશ્વાસ સાવ ઠગારો નીવડ્યો! જાણે કોઈ અદશ્ય શક્તિએ હરણોને બચાવવા હાથ લંબાવ્યો હોય તેમ એ ગોળીઓ નિષ્ફળ ગઈ. હરણોનાં ટોળાંના કાને જાણે રિવોલ્વરનો ધડાકો ચઢ્યો જ ન હોય, એમ એ ટોળું ગેલ કરી રહ્યું!

ધડાકો સાંભળતાં જ ખીમજીભાઈએ આંખો ખોલી અને સામે જે દશ્ય દેખાયું, એથી એમના આનંદનો પાર ન રહ્યો, ઊડતા પંખીને પાડનારી યુરોપિયનોની એ રિવોલ્વરો નજર સામેનાં નિશાનને તાકવામાં સાવ નિષ્ફળ સાબિત થઈ હતી. સાથે હરણોનો વાળ પણ વાંકો થયો ન હતો.

''હાર્યો જુગારી બમણું રમે'' એ કહેવતને સાર્થક કરતાં હોય એમ યુરોપિયનો નજર સામે જ રહેલા એ શિકારને કોઈ પણ ભોગે મેળવવા તલપાપડ બન્યા હતા. ગોળીઓ ઉપર ગોળીઓ છોડી પણ બધી જ નિષ્ફળ! ખીમજીભાઈ હજી કાઉસગ્ગ ધ્યાનમાં જ હતા. એમને સંબોધીને તેઓએ નિરાશ થઈને કહ્યું, ''ચાલો હવે આગળ વધીએ, કુદરત અમારી સહાયમાં નથી. એટલે શિકારનો અમારો શોખ અધૂરો જ રહી ગયો. તમે કોઈ મંતરજંતર માર્યા લાગે છે. નહિ તો અમારી રિવોલ્વર આમ ક્યારેય નિષ્ફળ જાય, એ વાતમાં માલ નથી.''

સૌએ ઘોડાગાડીમાં સ્થાન લીધું. ખીમજીભાઈએ કહ્યું, 'વાર્યા ન વળ્યા પણ હાર્યા વળ્યા, તે આનું નામ!' યુરોપિયન મિત્રો સમક્ષ એમની રિવોલ્વરોને રમકડામાં પલટાવનારી એક અગમ્ય શક્તિ તરીકે મહામંત્રનો ઉલ્લેખ કરવા માટેની અનુકૂળ તકની રાહ જોતાં ખીમજીભાઈ ઘોડાગાડીમાં ગોઠવાયા ત્યારે એમના અંતરના તારેતાર મહામંત્રનું ગીત ગાતા હતા.

'મદન દમન જ્યારે કરે, ત્યારે સમરો શ્રી નવકાર; થાતાં મર્દન મદનનું, જરા ન લાગે વાર.'—૧૭

જ્યારે મહામંત્ર રક્ષક બને છે!

'કદમ-કદમ દમ-દમ હરદમ પર જહાં લોહીકે આંસુ ઉમડે! આવાં કંટક-કંકર છાયાં રાહ પર ડગ ભરનારો જવાંમર્દ કહેવાય છે.' 'વિરાટ' પણ આવો જ એક જવાંમર્દ હતો. અને 'હિંમતે મર્દા તો મદદે ખુદા.' જેનામાં શૌર્ય હોય, હિંમત હોય, જવાંમર્દી હોય, એવાં જવાંમર્દોની વહારે તો ખુદા પણ ધાય છે, વિરાટમાં શૌર્ય હતું. જવાંમર્દી હતી. તો પછી એનું રક્ષણ મહામંત્ર કરે, એમાં શું આશ્ચર્ય!!!

વિસનગર એનું હમવતન!

ઉમ્મર માત્ર પંદર વર્ષની!

વિરાટ હજી તો ઊગીને ઊભો થયો હતો! શૈશવનો શણગાર હજી તો એના દેહ પરથી ઊતર્યો યે ન હતો! છતાં ય એના દિલદિમાગમાં મહામંત્ર નમસ્કાર પ્રત્યે અખૂટ શ્રદ્ધા હતી! એ મહામંત્રનો અનન્ય ભક્ત હતો! મહામંત્રના ભક્તિ-ગીતો એના દિલમાં સદા ય ગૂંજ્યા કરતાં!

પંદર વર્ષની વયે એક વાર વિરાટના દિલમાં તિર્થાધિરાજ શત્રુંજયની મહાયાત્રા કરવાના અરમાન જાગ્યા. એના સ્મૃતિ-પટ પર ભગવાન આદિનાથની અલબેલી પ્રતિમા ખડી થઈ. 'દાદા'નું એ ભવ્ય મુખારવિંદ! એ વિશાલ કાયબિંબ! એ અનોખી અસ્મિતાથી ઓપતાં અધર! અને એ કારુણ્ય રેલાવતાં એ નયન યુગલ! એની મીઠી યાદ વિરાટની યાદદાસ્તમાં અંકાઈ ગઈ, શત્રુંજય જાણે વિરાટને સાદ દઈ રહ્યો હતો. એના ઉરનું ઊર્મિ-તંત્ર પણ જાણે યાત્રા કાજે નિસરવા એને હાકલ દઈ રહ્યું હતું! અને ઉરના ઊર્મિ-તંત્રની હાકલને કોણ જાકારો દઈ શક્યું છે કે વિરાટ એ હાકલને જાકારો દે!

—ને એક 'દિ વિરાટે શત્રુંજયની યાત્રા કાજે પ્રયાણ આદર્યું, ભગવાન આદિનાથનાં મિલન કાજે ઝુરતાં એના તન-મન કંઈક આશાયેશ અનુભવી રહ્યા.

પંદર વર્ષની વયે એકલો ને અટૂલો વિરાટ યાત્રા કાજે નીસર્યો! વિસનગરથી શત્રુંજય ભણી આગે બઢનારી ટ્રેનમાં એણે પોતાની બેઠક જમાવી. ટ્રેન એક પછી એક સ્ટેશનને વટાવીને આગે ધપી રહી હતી! વિરાટનું માનસ પણ કોઈ સોહામણી સ્વપ્નસૃષ્ટિની સફરે ઉપડી ગયું હતું!

ટ્રેનમાં બેઠો બેઠો પણ વિરાટ શત્રુંજયની માનસિક યાત્રા કરતો હતો! એના માનસપટલ સમક્ષ શત્રુંજયનો એ ભૂરો-ભૂરો પહાડ ખડો થતો ને વિરાટ એના કંકર-કંકરને ભક્તિભર્યા દિલે નમી પડતો! એનું દિલ તિર્થાધિરાજની પગથાર ચઢીને ભગવાન આદિનાથના રમણીય રંગમંડપમાં પહોંચી જતું ને ઝૂકી પડતું. દાદાના અશરણ-શરણ ચરણમાં!!!

બસ, આમ ટ્રેન આગે બઢતી હતી ને વિરાટની એ રંગીન સ્વપ્નોની વણઝાર પણ આગે ધપ્યે જતી હતી! એક પછી એક સ્ટેશનને વટાવીને આગે ધપતી ટ્રેન 'સોનગઢ' સ્ટેશને ઊભી રહી.

વિરાટ જે ડબ્બામાં બેઠો હતો, એ ડબ્બામાંથી એક ટોળું નીચે ઊતર્યું ને એક અજ્ઞાત દિશા ભણી ચાલવા માંડ્યું; એ ટોળાંની પાછળ વિરાટ પણ ટ્રેનમાંથી નીચે ઊતર્યો. આજુબાજુ નજર ફેરવી ને એની આંખ આગળ 'સોનગઢ'નું પાટિયું ખડું થયું!

વિરાટ સાશ્ચર્ય વિચારવા લાગ્યો : 'હું કેમ ડબ્બામાંથી નીચે ઊતરી ગયો? મારી મંઝિલ તો શત્રુંજય છે! અને એ ડબ્બામાં બેસવા પાછો વળ્યો; પણ આ શું! એના કદમ જાણે એ ડબ્બા ભણી પાછા ફરવાની સાફ ના સુણાવી રહ્યાં હતાં અને પેલું ટોળું જે દિશા ભણી ધપતું હતું, ત્યાં જવાને ઝુરતાં હતાં.

'મહામંત્ર પારસ રુખો, લોખંડ સમો છે જીવ; સ્પર્શ થતાં પારસતણો, જીવ જ થાયે શિવ.'—૧૮

વિરાટે પોતાના કદમને ટ્રેન ભણી પાછાં વાળવા ઘરખમ જહેમત ઉઠાવી! એ અજ્ઞાત દિશા ભણી જવાને ઝુરતાં દિલને શત્રુંજયના રાહ તરફ વાળવાને કાજે વિરાટે ઘણી ઘણી મથામણો કરી, પણ એ કદમ ન માન્યાં! એ દિલ પાછું ન ફર્યું!! અને વિરાટે મહામંત્ર નમસ્કારનું સ્મરણ કર્યું; અલબેલા આદિનાથને સંભાર્યા ને પેલી ટોળી જે દિશા ભણી જઈ રહી હતી તે તરફ દોટ મૂકી!

વિરાટનું મન પણ આશ્ચર્ય અનુભવતું હતું કે શત્રુંજયને ભેટીને મૃત્યુંજય બનવા કાજે નિસરેલો હું આમ આ અજ્ઞાન દિશા ભણી શાને જઈ રહ્યો છું? મને કોઈ અજબનું આકર્ષણ એ ટોળા ભણી દોરી જાય છે! શું મારાં આદરેલાં અરમાનો અધૂરાં જ રહેશે? શું મેં સેવેલી એ શત્રુંજયની સોહાગ સ્વપ્ન-સૃષ્ટિ સાકાર થયા વિના જ આમ વેર-વિખેર થઈ જશે??? વિરાટે આગળ મીટ માંડી, તો એ ટોળું આગે ને આગે ધપી રહ્યું હતું!

વિરાટ પાછો વિચારોની ઊંડી દુનિયામાં ઘૂમવા નીકળી પડ્યોઃ શું મારા દાદાનો મને ભેટો નહિ થાય? શું શત્રુંજયના સોહાગ-સ્પર્શથી હું વંચિત જ રહીશ? ના, ના, શીદને એ દાદાનો ભેટો ન થાય! એ સ્પર્શથી પણ હું શાને વંચિત રહું!! આ ટોળાથી વિખૂટો પડીને જો હું સોનગઢની રાહ પકડું, તો મને દાદાનો ભેટો થાય અને એ શત્રુંજયનો સ્પર્શ પણ મને અવશ્ય લાધે!

વિરાટની વિચારમાળા થંભી ગઈ. એણે ચોતરફ મીટ માંડી, સોનગઢ સ્ટેશનનાં સિગ્નલો હજી દેખાં દેતાં હતાં. દૂર-દૂર સ્ટેશનેથી ઉપડેલી ટ્રેનનો કાળો-ભમ્મર ધુમાડો આભમાં વેરાતો હતો અને ટ્રેનની સીટીના પડઘા સંભળાતા હતા!!

વિરાટે ત્યાંથી પલાયન થવાનો વિચાર કર્યો! મનને મજબૂત બનાવ્યું અને એણે સોનગઢ ભણી પાછા ફરવા કમર કસીને જહેમત ઉઠાવી, પણ એના એ પ્રયત્નો કામિયાબ ન નીવડ્યાં; એના કદમ અડીખમ બનીને ઊભાં હતાં; ને સોનગઢ તરફ પાછા વળવાની સાફ સાફ ના કહી રહ્યાં હતાં!

અંતે વિરાટ થાક્યો! મન ને તનના સંગ્રામમાં તને મનને શિકસ્ત આપી ને વિરાટ એ ટોળાં તરફ મીટ માંડીને આગળ વધવા માંડ્યો; વાંકા-ચૂકાં રસ્તા વટાવીને એ ટોળું આગળ ધપી રહ્યું હતું; એ ટોળું હસતું ને પાર્શ્વભૂમિમાં જાણે એક અટ્ટહાસ્ય વેરાયું હોય, એવું વાતાવરણ સર્જાઈ જતું! એ ટોળું ડગ ભરતું ને જાણે ધરતી ધણધણી ઊઠી હોય, એવો આભાસ થતો!

વિરાટનું મન મજબૂર હતું, લાચાર હતું, અસહાય હતું! એ ટોળાની પાછળ જવા વિરાટનું મન માનતું ન હતું. છતાંયે કોઈ અજ્ઞાત બળ એને ટોળા તરફ ધકેલતું હતું ને વિરાટ મજબૂર બનીને એ તરફ ધકેલાતો હતો.

મહામંત્ર નમસ્કાર એના આસ્યના અધરને આંગણે રમી રહ્યા હતા! ભગવાન આદિનાથની પ્રતિમા એની આંખ આગળ પ્રત્યક્ષ બનતી હતી અને તીર્થ-સમ્રાટ શ્રી શત્રુંજયનો ભૂરો ભૂરો પહાડ એના સ્મૃતિપટે ઊભો ઊભો આશિષ દઈ રહ્યો હતો!!

એ નમસ્કારને રટતો રટતો વિરાટ આગે બઢી રહ્યો હતો! ટોળાને ને વિરાટને હવે ઘણું અંતર નહોતું રહ્યું, એ થોડુંક ચાલ્યો ને દૂર સુદૂર નજર ફેંકી તો પેલું ટોળું થંભી ગયું હતું ને વાતોની મહેફિલમાં મશગૂલ બની ઊભું હતું!

વાતોમાં મશગૂલ બનેલા ટોળામાંથી એક માણસે પાછળ નજર ફેંકી, તો વિરાટ પોતાની પાછળ આવતો દેખાયો; એણે પોતાના સરદારને કહ્યું :

'સરદાર! જુઓ પાછળ કોઈ નમણો બાળક આવતો જણાય છે! કેવો સુંદર છે!'

'હા, હા, જુઓ, પેલા વૃક્ષ નીચેથી પસાર થઈ રહ્યો છે! એના મુખ પર વેરાયેલું તેજ કેવું મોહક છે! ગૌર-વર્ણા એના તનબદન પણ કેવાં સુરેખ ને સુદૃઢ છે! હજી ઉંમર તો નાની જણાય છે, છતાં એના મુખ પર રમતા ગાંભીર્યના તેજ-કણો કેવા ભવ્ય ભાસે છે!'

'અડસઠ અક્ષરથી થયો, મહામંત્ર નવકાર; અડસિદ્ધિને આપતો, વળી અક્ષય પદ દેનાર.'—૧૯

છોકરાનું આકર્ષક શરીર જોઈને સરદાર પણ બોલી ઊઠ્યા.

ટોળું થોડી વાર ત્યાં ઊભું રહ્યું, ત્યાં તો વિરાટ એમની લગોલગ આવી ઊભો; ટોળાના મોવડીએ વિરાટને બોલાવવા ઘણી ઘણી જહેમત ઉઠાવી પણ વિરાટ ન બોલ્યો, એ તો મહામંત્રના જપમાં જ લયલીન બની ગયો હતો! શત્રુંજયની પગથાર પર ઊભતા મંદિરોના માનસિક દર્શનમાં જ એ ગુમભાન બની ગયો હતો!

અંતે ટોળાનો મોવડી થાક્યો ને એણે આગે બઢવાની આજ્ઞા આપી! વિરાટ પણ એમની પાછળ પાછળ ચાલવા માંડ્યો!

આભમાં જાણે અંધકારનાં વાદળ-દળ ઊભરાઈ રહ્યાં હતાં! સૂરજની વિદાયને પણ ઠીક જ સમય પસાર થઈ ગયો હતો!

ટોળું ધપ્યે જતું હતું; આભમાં ઊભરાયેલાં અંધકારનાં વાદળો હવે અંધાર-જળ વરસાવવા મંડી પડ્યાં હતાં! અવની પર આછું આછું અંધારું પથરાઈ રહ્યું હતું!

અજવાળાને આધારે ટોળું રાહ કાપી રહ્યું હતું. અને એની પાછળ વિરાટ પણ ખેંચાઈ રહ્યો હતો; તેઓ હવે એક ઘેરા જંગલને વીંધીને ખુલ્લા મેદાનમાં આવી ગયાં હતાં!

એક નાનકડી ટેકરીની ધારે ધારે ચાલ્યા પછી એ ટોળાનું રહેઠાણ આવતું હતું અને અંધારું પણ હવે ઘેરું બનતું હોવાથી તેઓએ ઝડપી પ્રયાણ આરંભ્યું!

ટેકરીની ધારે ને ધારે ચાલ્યા પછી એક એકલવાયી પગદંડી ફંટાતી હતી. એ પગદંડીની આમને ને સામને હરિયાળું ઘાસ ઊભું ઊભું ડોલતું હતું!

તેઓએ પગદંડીએ પ્રવાસ આરંભ્યો, એમની પાછળ વિરાટ પણ આવતો જ હતો! ટોળું તો નિર્ભય બનીને ચાલતું હતું. પણ વિરાટ તો હજી નવો હતો, એથી ભય સાથે મહામંત્રના જાપપૂર્વક વિરાટ આગળ ધપ્યે જતો હતો! એ ટોળું ને વિરાટ પગદંડીએ ચાલતાં ચાલતાં તેઓ એક ઊંડી પલ્લી પાસે આવી પહોંચ્યાં ને અંદર પ્રવેશ્યા, ત્યારે ચોતરફ અંધાર હતો.

મંત્ર, તંત્ર, ને યંત્રમાં એવી શક્તિઓ છુપાયેલી હોય છે કે, જેના સહારે અઘટિત પણ ઘટિત બનતું હોય છે! સ્વપ્ને પણ ન કલ્પી શકાય એવી વસ્તુઓ સાકાર થઈને સામે ખડી થતી હોય છે!!!

વિરાટના જીવનમાં પણ એવું જ કંઈ બન્યું હતું, અને એથી જ તો વિસનગરથી શત્રુંજય જવા નીકળેલો વિરાટ એક અંધારી પલ્લીમાં આવી પહોંચ્યો હતો! એ જે ડબ્બામાં બેઠો હતો એમાં એક લૂંટારાઓનું ટોળું પણ હતું એ ટોળાએ જ વિરાટ પર કામણ કર્યું હતું!

વિરાટના રૂપરંગ અને કુમળી વય જોતાં એ ટોળાએ એક એવી આકર્ષણ-વિદ્યા વિરાટ ઉપર મૂકી કે, જેથી વિરાટને ટોળાં તરફ સ્વયંભૂ આકર્ષણ થાય ને પોતાના મનની મુરાદ ફળે! અને એ ટોળાનાં અરમાનો ફળ્યાં પણ ખરાં! વિરાટ પર છોડેલી એ આકર્ષણ-વિદ્યાએ અચૂક કામ કર્યું અને વિરાટ લૂંટારાઓની પલ્લીમાં ખેંચાઈ આવ્યો!!

સોનગઢથી નીકળેલું એ ટોળું જ્યારે પલ્લીમાં પ્રવેશ્યું ત્યારે લગભગ અંધારું થઈ ગયું હતું! પલ્લીમાં આવ્યા પછી પણ ત્યાંના સરદારે વિરાટને બોલાવવા ઘણી જહેમત લીધી, છતાંયે વિરાટ ન બોલ્યો, તે ન જ બોલ્યો! એનું મુખ પણ વિષાદી હતું! એના જિગરમાં જાણે જખ્મોની જ્વાલાઓ જલી રહી હતી! હાસ્યવિહોણું એનું આસ્ય હતું! જ્યાફતવિહોણું એનું જિગર હતું!!!

સરદારને વિરાટનો ખપ હતો, માટે એણે રીઝવવા કાજે વિરાટના ચરણે સુખ-સામગ્રી ધરવાનો માર્ગ અખત્યાર કર્યો! મખમલની સેજમાં વિરાટને સુવડાવવામાં આવ્યો! વિધવિધ ખાદ્ય સામગ્રી એના મોં આગળ ખડી કરવામાં આવી!

'અનંત ગુણનો વૃંદ છે, મહામંત્ર નવકાર; ગુણ તેના ગણતાં સદા કોઈ ન પામે પાર.'—૨૦

પણ વિરાટ ભક્ત હતો મહામંત્રનો! ઉપાસક હતો જૈન-શાસનનો! એ રાત્રે કેમ કરીને ખાય!

દિવસભર ચાલ્યાનો થાક હતો! આંખમાં નિંદ નહોતી, છતાંયે વિરાટ પોઢી ગયો સેજમાં!

મંત્રાધિરાજનું સ્મરણ કરતો કરતો વિરાટ સુખ-શય્યામાં સોડ તાણીને પોઢ્યો હતો, પણ એની આંખમાં નિંદ નહોતી.

કાળી કાળી મધરાત! પલ્લીનું સૂનકારભર્યું વાતાવરણ! ધરતીના અજ્ઞાત ખૂણે ઊભતી એકલી-અટૂલી પલ્લી! અને આ બધા પરાયાં વાતાવરણની વચ્ચે એકલવાયો પોતે!

વિરાટની આંખ આગળ આ બધું ચિત્રપટની જેમ પસાર થતું ને એનું હૃદય હલબલી ઊઠતું!

ધરતીની ઉપર પથરાયેલો અંધકારનો કાળો ભમ્મર પડદો ધીમે ધીમે હટતો હતો ને આછાં આછાં તેજ-કણો આવીને અવનીને અજવાળી રહ્યાં હતાં!

વિરાટ સેજમાંથી બેઠો થયો! મંત્રાધિરાજને ચરણે ઘૂંટણિયે પડીને નમ્યો અને સિદ્ધાચલની સોહામણી મૂર્તિને એ મનોમન વંદી રહ્યો.

પાછા સરદારના એ જ પ્રયત્નો! એ જ કાકલૂદીભરી આરઝૂઓ! છતાંયે વિરાટ ન જ રીઝ્યો!!! એના મુખ પર પથરાયેલાં વિષાદનાં વાદળો ન વિખેરાયાં તે ન જ વિખેરાયાં!!!

આમ ને આમ એક, બે ને ત્રણ દિવસ વહી ગયા!

વિરાટની યાદદાસ્તમાં એ સિદ્ધાચલના સંસ્મરણો ઉપસી આવતાં ને એનું વિયોગી દિલ એના મિલન કાજે ઝાર ઝાર રડી ઊઠતું!

આમ જ્યારે ચોતરફથી ધસી આવેલી વિપત્તિની વરવી-વણઝાર નીચે વિરાટ રહેસાતો, ત્યારે એ દોડી જતો એ મંત્ર-સમ્રાટને શરણે! એ મંત્ર-સમ્રાટની શરણાગતિથી એનું અંતર આસાયેશ અનુભવતું!

વિરાટ પાછો એક વાર વિચારોની ઊંડી ઊંડી આલમમાં લટાર મારવા નીકળી પડ્યો. 'શું હવે આ વિરાટ-જંજીરને ફંગોળી દઈને નાસી છૂટવું એ અસંભવ વાત છે? શું ભગવાન આદિનાથની જોડે દિલની બે-ચાર વાતો કરવાનું મારું ખ્વાબ ખાક થઈને ઊડી જશે?' નહિ, નહિ, હજી પણ જો હું મારા મનને મર્દ બનાવું, મારી જિંદગાનીમાં જવાંમર્દીના જોશીલા પ્રવાહને રેડું, તો મારું એ ખ્વાબ સિદ્ધ થાય! મેં સેવેલા એ અરમાનો આકાર પામે!

વિરાટનો વિચાર પ્રવાહ સ્થગિત બની ગયો; એણે જોયું તો સરદાર પોતાની સામે જ ઊભા હતા અને રીઝવવાના પ્રયત્ન કરી રહ્યા હતા.

સરદારના પ્રયત્નો સરિયામ નિષ્ફળ ગયા. એમણે ઘરખમ પ્રયાસો કર્યા, વિરાટના મુખના ચબૂતરે હાસ્યનું એકાદ કબૂતર પણ ચણ ચણવા ન આવ્યું.

વિરાટ પુનઃ વિચારની દુનિયામાં ઊતરી પડ્યો : **જ્યારે મહામંત્ર રક્ષક બને છે, ત્યારે અડીખમ ઊભેલા વિપત્તિઓના પહાડો પણ હલબલી ઊઠે છે અને એ પર્વતોમાં વિરાટ ભંગાણ પડે છે!**

વિરાટની વિચારધારા આગળ વધી. શું મહામંત્ર મારા રક્ષક નથી? **કોની ગુંજાયશ છે કે એ મંત્રાધિરાજ મારા પડખે ઊભાં હોય ને મારો વાળ પણ વાંકો કરી શકે? જગતના વિરાટ તખ્તા પર એવી કોઈ વસ્તુની હયાતિ જ નથી કે, જે આ મંત્ર-સમ્રાટની સામે ટક્કર ઝીલી શકે?** તો શું હું પણ મહામંત્રને મારા રક્ષક બનાવીને, અને નમસ્કારનું અભેદ્ય કવચ ધારણ કરીને અહીંથી ગમે તે ભોગે નાસી છૂટવાના કાર્યમાં કેસરિયાં કરીને ઝંપલાવું, તો મારું કાર્ય કામયાબ ન નીવડે? જરૂર કામયાબ નીવડે.

વિરાટના અંતરમાંથી એક વિરાટ પડઘો બહાર પડ્યો ને વિરાટની આંતર-ગુફામાં એ પડઘો ગુંજવા લાગ્યો! એ પડઘામાંથી વિરાટે નવો જોમ, નવો જુસ્સો ને નવી જવાંમર્દી મેળવી! એનું દિલ ગમે તે ભોગે હવે પલ્લીને જાકારો દેવા કટિબદ્ધ બન્યું ને અંતે એ કૃત-નિશ્ચયી બન્યો કે, આજે તો જરૂર

'વિકાર બાળે વિલાસ ટાળે, મહામંત્ર નવકાર; સંયમ રોમે રોમે પ્રગટે, જીવનનો શણગાર.'—૨૧

આ પલ્લીને ઠોકરે ઊડાવીને ચાલી જ નીકળવું, તય કરેલા સિદ્ધાચલના રાહે...વિરાટની વિચારમાળા અટકી. એ ગમે તે ભોગે પલ્લીમાંથી નાસી છૂટીને સોરઠના અલબેલા 'દાદા'ને ભેટવા કૃત-નિશ્ચયી બન્યો હતો!

વિરાટમાં શ્રદ્ધા હતી કે, પોતાના આ મહાભારત કાર્યને પાર પાડવામાં મંત્રાધિરાજ અવશ્ય સહાય કરશે! એને એતબાર હતો કે, મહામંત્ર એનામાં એવું અખૂટ પીઠબળ પૂરશે કે, જે પીઠબળથી વિઘ્નોના વિરાટ વારિધિને વીંધીને પણ પોતે પોતાની મંઝિલને હાંસલ કરી શકશે!!

વિરાટમાં આજે શૌર્યની સરવાણી ફૂટી નીકળી હતી! એનામાં આજે એક એવી જવાંમર્દી એક એવો જુસ્સો અને એક એવું જોમ ઊગી નીકળ્યું હતું કે, જે જોમ, જવાંમર્દી ને જુસ્સાને ત્રિભેટે ઊભીને એ એક નવો ઈતિહાસ સર્જી શકે??

આકાશના મહાસાગરમાં સફર ખેડતી ખેડતી સૂર્યની નૌકા સાગર–તીરે આવી રહી હતી! ઝિલમિલ થતી સૂર્યની રશ્મિ બુઝાઈ જવાની અણી પર આવી હતી! અને સંધ્યા આકાશને આંગણે ઈન્દ્રધનુષી રંગોની રંગોળી પૂરી રહી હતી!

વિરાટ બેઠો બેઠો પલાયન થવાની યોજના ઘડી રહ્યો હતો. આ અંધારી-પલ્લીમાં આવ્યાને આજે એને ત્રણ ત્રણ દિવસ વીતી ચૂક્યા હતા; આ ત્રણ દિવસમાં વિરાટે પલ્લીની સમસ્ત કાર્યવાહીનું બારીક નિરીક્ષણ કરી લીધું હતું, સરદાર કેવી રીતે બહાર જાય છે! બહાર જવામાં એ કયા કીમીયાથી દ્વારોદ્‌ઘાટન કરે છે! અને કયા સમયે એ બહાર જાય છે! આ બધી વાતોથી વિરાટ બરાબર વાકેફ બની ગયો હતો! અને એ બધી માહિતીને આધારે જ એ પોતાની યોજનાનું આયોજન કરી રહ્યો હતો!

પલ્લી આખી નિદ્રાને ખોળે પોઢી જવાની તૈયારી કરી રહી હતી, ત્યારે વિરાટે પણ પોતાની સેજમાં લંબાવ્યું, એણે પોતાની યોજનાને અમલી બનાવવા કાજે પગલાં ભરવાનાં હતાં! મહામંત્રનું સ્મરણ કરતો કરતો વિરાટ સમય પસાર કરી રહ્યો હતો!

મધરાત શરૂ થઈ ને વિરાટ બેઠો થયો!

વિરાટે આજુબાજુ એક ઊડતી નજર નાખી તો બધે જ સૂનકાર હતો! આખી પલ્લી ભર-નિંદમાં હતી, સરદાર પણ ઘસઘસાટ ઊંઘી રહ્યા હતા!

વિરાટે મનોમન વિચાર્યું તક ઘણી જ સુંદર સાંપડી છે! મારા માર્ગમાં રુકાવટ કરી શકે એવું કોઈ નથી!' એ ઊઠ્યો ને દ્વાર ભણી આગે બઢ્યો!

વિરાટના મનમાં પાછો એક પીછેહઠનો વિચાર આંદોલિત બની ગયો : શું હું આ સાહસ તો નથી કરી રહ્યો ને? યોજનામાં જો હું ખુલ્લો પડી જઈશ, તો મારો આખરી અંજામ મોત સિવાય બીજો શું હોઈ શકે? એના શરીરમાં એક ભયની ધ્રુજારી પસાર થઈ ગઈ!!! પણ પાછો એ જવાંમર્દ બની ગયો. **જ્યારે મહામંત્ર રક્ષક બને છે, ત્યારે આફતનું ધુમ્મસ વિલાઈ જાય છે ને જ્યાફતનો સૂર્ય પ્રકાશી ઊઠે છે.** વિરાટે મહામંત્રનું સ્મરણ કર્યું! આદિનાથ દાદાને પોતાના દિલમાં પધરાવ્યા ને એ કંટકભર્યા રાહે આગે બઢ્યો!

વિરાટ સરદારની લગોલગ આવી ઊભો! એણે ભારે સિફતથી સરદારનો કોટ પહેરી લીધો ને સરદારના વેશમાં સજ્જ થઈ ગયો; સરદારના ઓશિકા નીચે ભરાવેલી એક નાનકડી લાકડી પણ ખૂબ જ કુનેહથી વિરાટે ખેંચી લીધી ને એણે પલ્લીના દ્વાર ભણી કદમ માંડ્યાં.

વિરાટ જ્યારે દ્વાર આગળ આવી ઊભો ત્યારે મધરાત બરાબર જામી ગઈ હતી!

શ્રદ્ધેય સાચો હોય! શ્રદ્ધા સાચી હોય અને સાધના પણ સાચી હોય, તો શ્રદ્ધેય, શ્રદ્ધા ને સાધનાને ત્રિભેટે ઊભતો સાધક સિદ્ધિના સર્વોચ્ચ-શિખરોને અવશ્ય સર કરી શકે છે!

વિરાટ પણ આવા એક ત્રિભેટે ઊભો હતો; એના શ્રદ્ધેય મહામંત્ર હતા, મહામંત્ર પ્રત્યેની એની શ્રદ્ધા અવિચલ હતી અને એની મહામંત્રની સાધના પણ અવિરત હતી!

'પ્રેમપંથીઓ પ્રભુને પામે, જપતાં શ્રી નવકાર; હૃદયગ્રંથીઓ તોડીને, થાય નિર્ગ્રંથ નરનાર.'–૨૨

પલ્લીમાં આવ્યાને ત્રણ ત્રણ દિવસ પસાર થઈ ચૂક્યા હતા, વિરાટ ત્રીજે દિવસે કૃતનિશ્ચયી બની ગયો હતો કે—'ગમે તે ભોગે પલ્લીને ઠોકરે ઉડાવી દઈને ગિરિરાજનો રાહ અપનાવવો ને દાદા પાસે પહોંચી જવું!

વિરાટ ત્રીજા દિવસની મધરાતે ઊઠ્યો; એણે સરદારનો આબેહૂબ સ્વાંગ સજ્યો ને દ્વાર ભણી એ આગે બઢ્યો!

વિરાટે મહામંત્રનું સ્મરણ કર્યું ને દ્વારને ટકોરા દીધા! ટકોરા પડતાંની સાથે જ પલ્લીનાં દ્વાર ઉઘડી ગયાં! વિરાટ બહાર નીકળ્યો, ત્યારે પલ્લીના દ્વારપાળો વિરાટને સલામ ભરી રહ્યા હતા!

જ્યારે મહામંત્ર રક્ષક બને છે, ત્યારે ગમે તેવી કપરી યોજના પણ પાર પડે છે!!

સરદારનો સ્વાંગ સજીને બહાર નીકળેલા વિરાટની યોજના પણ હેમ-ખેમ પાર પડી ગઈ! વિરાટ બહાર નીકળી ગયો! દ્વારપાલને શંકા પણ ન આવી, તેઓએ પણ વિરાટને સરદાર સમજી સલામ ભરી ને એના રાહમાં પથ્થરો ન ખડક્યાં!

પલ્લીને ઠુકરાવી દઈને વિરાટ એક ખુલ્લાં મેદાનમાં આવી ઊભો! ચોતરફ જાણે અંધકારની પ્રલય-વર્ષા થઈ રહી હતી! એ કાળાભમ્મર અંધારાને ભેદતાં આછાં આછાં આકાશી અજવાળાં વિરાટને રાહ ચીંધી રહ્યાં હતાં.

વિરાટના દિલમાં મંત્રાધિરાજ શ્રી નમસ્કારનો અજપાજપ ચાલુ હતો! એ જપમાંથી વહેતી બેહદ-શક્તિને સહારે સહારે વિરાટ વેરાન પંથ કાપી રહ્યો હતો!

વેરાન વગડો! કાળી મધરાત! હિંસક પશુઓના આક્રમણનો ભય! અજાણ્યો રસ્તો! અને એકલો ને અટૂલો પોતે!

આ કલ્પનાથી જ વિરાટમાં દહેશત શત-મુખે ફાટી નીકળતી! પણ આ દેહશતનો દાવાનલ પુનઃ બુઝાઈ જતો! **એ વિચારતો : 'ભલે હું અસહાય છું, અને સાથી-સગાથી વિહોણો છું, પણ મહામંત્ર મારું રક્ષણ કરી રહ્યા છે! પછી ભય કેવો?'** 'ભલે મારી આગળ કોઈ રાહ નથી, પાછળ કોઈ પગદંડી નથી કે પડખે કોઈ વેરાન રસ્તો પણ નથી, છતાંયે એક ફિરસ્તો મને આંગળી પકડીને ચલાવી રહ્યો છે! મહામંત્ર મારી આગળ તેજ-લિસોટો દોરી રહ્યા છે! અંધારી રાતે અને વિપત્તિઓના આ મધદરિયે પણ 'દાદા' આદીશ્વરનો ધ્રુવતારક મારા જહાજને હંકારી રહ્યો છે? પછી દહેશત કેવી? પછી ભય કેવો?

મધરાત ઠીક ઠીક વીતી ગઈ હતી. વિરાટ પણ હવે દોડી-દોડીને થાક્યો હતો. એનાં કદમ કોઈ વિશ્રામ-સ્થાનની ખોજમાં હતાં. એનાં નેત્રો પણ હવે થોડાં આરામને ઝંખી રહ્યાં હતાં. કદમ આગે બઢવાની ના કહી રહ્યાં હતાં. છતાંયે આગે બઢ્યા વિના છૂટકો જ નહોતો.

ટેકરીની ઘારે ઘારે ચાલીને વિરાટ હવે જંગલમાં આવી ચૂક્યો હતો, પંથ હજી ઘણો જ લાંબો હતો. મંઝિલ હજી તો ઘણી દૂર-સુદૂરની ભોમ પર ઊભી હતી! છતાંયે મજલને થંભાવ્યા સિવાય ચાલે તેમ નહોતું.

વિરાટે ચોતરફ નજર ફેરવી, પણ આજુબાજુ ક્યાંયે વિશ્રામસ્થાન લાધવાની શક્યતા ન જણાઈ! એણે દૂર-સુદૂર મીટી માંડી, તો એક નાનકડી દેરી જેવું કંઈક એની આંખ આગળ જણાવા માંડ્યું.

મજબૂર બનેલાં મનને મનાવીને પણ વિરાટે પોતાનો પ્રવાસ જારી રાખ્યો. એનું મન ચાલતા ચાલતાં પણ એ જ વિચારે ચઢતું કે, મહામંત્રની આગળ કઈ વસ્તુ અશક્ય છે? મહામંત્રમાં એવી અનહદ ગુંજાયશ અંતર્હિત બનેલી છે, એવી વિરાટ શક્તિ છુપાયેલી છે કે—જ્યારે એ અંતર્હિત થયેલી ગુંજાયશ જાગે છે, જ્યારે એ છુપાયેલી વિરાટ-શક્તિનું ઊર્ધ્વીકરણ થાય છે, ત્યારે આફતોનો પહાડ હલબલી ઊઠે છે અને સાધકને જવા માટે રસ્તો કરી આપે છે!

વિરાટ વિચારી રહ્યો : 'શું મારા જીવનમાં બનેલી આ કમકમાટીભરી ને રોમાંચક ઘટના આ

'મનવાણી કાયાને સાધે, મહામંત્ર નવકાર; આરાધે અંતરમાં જિનને, જીતે આ સંસાર.'—૨૩

વાતની સાખ નથી પૂરતી? ક્યાં એ અંધાર-ઘેરી પલ્લી અને ક્યાં એ લૂંટારાઓની જીવલેણ ભીંસમાં જકડાયેલો હું! શું એ ઊંડા અંધારામાંથી અજવાળામાં આવવું શક્ય હતું? શું એ જીવલેણ ભીંસની નાગચૂડને તોડી-ફોડીને સ્વતંત્ર થવાનું સ્વપ્નેય શક્ય હતું? પણ ત્યારે બધુંય શક્ય બને છે, **સ્વપ્નેય ન કલ્પી શકાય એવું ત્યારે સાકાર થઈને ખડું રહે છે, જ્યારે મહામંત્ર રક્ષક બને છે!**

વિરાટના કાને ઘંટડીનો મધુરો નાદ અથડાયો, એણે જોયું તો પોતે દેરીની સાવ નજીક આવી પહોંચ્યો હતો; એક ઘટાદાર વૃક્ષની છાંયમાં દેરી ઊભી હતી; ચાર-પાંચ કદમ દૂર દેરીનું દ્વાર આવતું હતું, આમ દેરી નાનકડી છતાં રમ્ય હતી!

વિરાટના તન-મન હવે વિરામને ઝંખી રહ્યાં હતાં. એણે દેરીમાં થોડો આરામ કરવાનો વિચાર કર્યો!

વિરાટ પગથાર ચડીને ચોતરામાં આરામ કરવા કાજે બેસી ગયો! દેરીની ચોગરદમનું વાતાવરણ ખૂબ જ ખુશનુમા હતું. મંદ મંદ વહેતો પવન વિરાટને આસાયેશ અર્પતો હતો, વિરાટનું અંતર આ સ્થાનને જાકારો દઈને આગે બઢવા મજબૂર હતું, છતાંયે આગે બઢ્યા સિવાય છૂટકો જ નહોતો!

વિરાટને ખ્યાલ જ હતો કે, મંઝિલ હજી ઘણી દૂર છે અને મજલ પણ હજુ લાંબી ખેડવાની છે. એ ઊભો થયો. ચોતરફ વિહંગાવલોકન કર્યું, તો એની નજર દૂર-સુદૂરથી આવતા એક સિપાઈ પર પડી! વિરાટના રોમરોમમાં એક ભયની ધ્રુજારી આવી ગઈ! એના તન-બદન પર ચણ-ચણવા બેઠેલાં આનંદનાં કબૂતરોને પાંખો ફૂટી ને એ ઊડી ગયાં! એ ગંભીર બનીને વિચારવા માંડ્યો :

'ઓહ! શું હું પાછો પકડાઈ જઈશ? શું એ અંધાર-ઘેરી પલ્લીનું આતિથ્ય હજી મારા શિરે લખાયેલું છે! મારા મંત્રાધિરાજ શું મને સહાય નહિ કરે? શું કિસ્મત હજીયે મારા પર સ્મિત વેરતી નથી?

નહિ, નહિ. એ સિપાઈની શી ગુંજાયશ છે કે-મને ગિરફતાર કરી શકે! જ્યારે મંત્રાધિરાજ મારા રક્ષક છે, ત્યારે કોની મગદૂર છે કે, મારા શિરે સીતમ ગુજારી શકે!!'

વિરાટે જોયું તો હજી સિપાઈ ઠીક ઠીક દૂર હતો. એણે ત્યાંથી ઝડપભેર નાસી જવાનો વિચાર કર્યો; ઊરના ઉર્મિ-વાદ્યેથી મહામંત્રનું ભક્તિગીત લલકારીને વિરાટે હરણ ફાળો ભરવા માંડી!

આ વેરાન-ભોમથી અજાણ્યો ને માત્ર પંદર વર્ષની વયનો વિરાટ ક્યાં? ને વન-વગડાની વાટને રાત 'દિ ખેડનારો ખડતલ સિપાઈ ક્યાં?

વિરાટની હરણફાળો ભરતી ફલાંગો ચાલુ જ હતી! એકીશ્વાસે એ દોડ્યે જ જતો હતો, પણ એક ખડતલ સિપાઈની નજરે ચઢેલો એ બાળ ક્યાં સુધી ટકી શકે?

'ખડે રહો!' સિપાઈએ એક રાડ પાડી. વિરાટે જોયું, તો સિપાઈ છેક લગોલગ આવીને ઊભો હતો. હવે ઊભા રહ્યા સિવાય ચાલે એમ જ ન હતું. વિરાટ ઊભો રહ્યો. છતાંયે એના અંતરમાં ઈમાન અને જિગરમાં શ્રદ્ધા હતી અને દિલમાં વિશ્વાસ હતો કે, **ત્યારે ગમે તેવું ભક્ષક તત્ત્વ પણ સાધકને હેરાન-પરેશાન કરી શકતું નથી, જ્યારે મહામંત્ર રક્ષક બને છે!** વિરાટ નિર્ભય બની ઊભો હતો. એના તન-બદન પર ભયની એકાદ આછી-પાતળી રેખા પણ નહોતી અંકાઈ! અધર પર અજપાજપ હતો, મંત્રસમ્રાટનો! દિલમાં એ પ્યારી છબી રમતી હતી, અલબેલા આદિનાથની!

સિપાઈએ સરદારની આજ્ઞાને વિરાટ આગળ દરખાસ્ત કરી; ગમે તેમ કરીને આભ ને પાતાળ એક કરીને પણ વિરાટને ગિરફતાર કરો! એ સરદારની આજ્ઞા હતી!

સિપાઈએ વિરાટને ઘણી રીતે સમજાવ્યો કે વિરાટ! જો તું સરદારનો આજ્ઞાંકિત બનીને રહીશ, તો તને પલ્લીમાં કોઈ જાતનું દુઃખ નથી! સરદાર ખુદ પોતાનો અખૂટ વારસો ને પલ્લીનું સાર્વભૌમત્વ તને સોંપવા ઇચ્છે છે!' પણ

'રાગદ્વેષ જીતીને જગવે, જ્ઞાનતણી ચિનગાર; કર્મ ઢગ દારુને બાળે, મહામંત્ર નવકાર.'—૨૪

સિપાઈની આ આરઝુઓ કામયાબ ન નીવડી. વિરાટે ઉપરથી સિપાઈને સમજાવવા માંડ્યું કે તમે મને ગિરફતાર કરીને લઈ જશો, એમાં તમને શું ફાયદો છે! મારા તનબદન તરફ જુઓ. હજી હું બાળ છું! હજી હું અણવિકસિત ગુલાબ છું! તમે મને પકડી જશો, તો મેં સેવેલાં રંગીન સોણલાં વિખેરાઈ જશે! મારાં અરમાનોની આલમ નેસ્ત-નાબૂદ બની જશે! ન જોઈએ મારે એ સાર્વભૌમત્વ!!! મારે જોઈએ ફક્ત આઝાદી! મહામૂલો આદિનાથ ને પ્રાણ-પ્યારો મહામંત્ર શ્રી નમસ્કાર!!!

વિરાટ આટલું બોલીને થંભી ગયો; પણ એના શબ્દોમાં ખુમારી હતી, નહિ કે આઝાદીની ભીખ માંગતી કાકલુદી?

સિપાઈ વિરાટની ખુમારી જોઈને સ્તબ્ધ બની ગયો, એ વિચારવા લાગ્યો કે શું નાના બાળમાં પણ આવી ખુમારી, આવી જવાંમર્દી, આવું જોમ ને આવો જુસ્સો હોઈ શકે ખરો? શું આવા બાળને ગિરફતાર કરીને સરદાર સમક્ષ ખડો કરવામાં મહાપાતક નથી? તો પછી શીદને મારે એ મહાપાતક વહોરીને મારી માનવતા પર અગન-પિછોડી ઓઢાડવી! જવા દો, નથી ગિરફતાર કરવો એ બાળને! સરદારને કહી દઈશ કે, આજુબાજુની ધરતીના કણ-કણમાં વિરાટને ખોજવા કાજે ઘૂમી આવ્યો, પણ ન મળ્યો એ વિરાટનો ઓછાયો!

સિપાઈએ ધારીને જોયું તો વિરાટના મુખ પર કોઈ મંત્રજાપ ચાલી રહ્યો હતો. એણે કહ્યું : તું તારા તય કરેલાં રાહે આગે બઢ, વિરાટ! હું પલ્લીમાં પાછો જાઉં છું ને કહી દઈશ કે—'ન મળ્યો વિરાટ! સિપાઈ પાછો વળ્યો.'

વિરાટના ઉરના ઉદધિમાં ઉમંગની ઊર્મિઓ ઉછળવા માંડી! એના મુખમાંથી એક આભ ચીરતી વાણી બહાર પડી કે-**ત્યારે વિશ્વભરનું કોઈ પણ તત્ત્વ કોઈ પણ કાળે સીતમ ગુજારી શકતું નથી, જ્યારે મહામંત્ર રક્ષક બને છે!**

વિરાટની મંઝિલ હવે દૂર ન હતી! એ થોડું ચાલ્યો, ત્યાં તો 'સોનગઢ'નાં સિગ્નલો એને દેખાયાં! સોનાગઢના પ્લેટફૉર્મ પર જ્યારે વિરાટે કદમ બિછાવ્યાં, ત્યારે પાલીતાણા જનારી ટ્રેન એની રાહ જોતી ઊભી હતી!

વિરાટે એ ટ્રેનમાં પોતાનું આસન બિછાવ્યું, ત્યારે એનાં અંતરતમના ખૂણે-ખૂણાને ખૂંદીને વાયુમંડળમાં રેલાતો એક અંતરનાદ મહામંત્રના અફાટ સામર્થ્યને ગાતો ગાતો અનંતમાં વિલીન થતો હતો.

'ત્યારે ગમે તેવી અંધાર-ઘેરી ખીણમાં પછડાયેલા મહામંત્રના સાધકને પગથારે લાધે છે અને એ ગુમરાહ સાધક પોતાની મંઝિલને મેળવે છે, જ્યારે મહામંત્ર રક્ષક બને છે!



'પરમ પ્રભુતા આતમ પામે, જપતાં શ્રી નવકાર; દીનતા લઘુતા ટળે જીવનની, વામે સર્વ વિકાર.'—૨૫

શ્રદ્ધા અને મંત્રની તાકાત

શ્રદ્ધા તો અજબ-ગજબની તાકાત ધરાવતી એક ચમત્કારી ચીજ છે! આવી શ્રદ્ધાનો જેની પાસે સહારો નથી હોતો, એવા ઈન્સાનની સામે ભગવાન પણ ખુદ ખડા હોય, તો એના માટે એ પથ્થરના પૂતળા જેવા જ સાબિત થાય છે અને શ્રદ્ધાનો જેને સહારો હોય છે, એવા શ્રદ્ધાળુને પ્રભુની પ્રતિમા દર્શન દે, તોય એ દર્શનમાંથી સાક્ષાત પ્રભુને પામ્યાની ધન્યતા એ અનુભવી શકતો હોય છે. આ તાકાત શ્રદ્ધાની છે.

આવી અતુલ-બળી શ્રદ્ધાની તાકાત, અને મંત્રાધિરાજ શ્રી નમસ્કારની બેજોડ તાકાત, સંગમ સાધીને કેવી ચમત્કૃત સર્જે છે; એને હૂબહૂ વર્ણવતી આ એક સત્ય-ઘટના છે. આ ઘટનાના નાયકને આપણે 'જિનદાસ'ના નામે ઓળખીશું. કારણ કે સાચા નામને જાહેર કરવાની એને કીર્તિ-કામના નથી. ગુપ્તતાની ગુફામાં રહેવામાં રાજીપો અનુભવતો અલગારી એ આદમી છે.

જિનદાસને મહામંત્ર નમસ્કાર વારસામાં મળ્યો હતો. આ મંત્રના ઊંડા રહસ્યની એને કોઈ ઝાઝી ગતાગમ નહોતી, જેથી મહામંત્ર પર દિલના ઊંડાણમાંથી, જ્ઞાન ગર્ભિત શ્રદ્ધાનો અભિષેક કરવાનું સદ્‌ભાગ્ય એને ક્યાંથી સાંપડે? છતાં સામાન્ય-શ્રદ્ધાના જળ-છાંટણા કરવાનું આછું-પાતળું એનું ભાગ્ય તો જરૂર જાગૃત હતું, જેથી એ દરરોજ મહામંત્ર પરની પોતાની આસ્થાને આધારે નિયમિત જાપ કરવાનું વ્રત અતિશુદ્ધપણે જાળવી શકતો. આ જાપની પળોમાં, ઘણી વાર એના હૈયામાંથી એવી ભાવનાના તરંગો ઊઠતા કે, આ મંત્રનો કોઈ પ્રભાવ-પરચો મને જોવા મળે તો કેવું સારું? આ ભાવના સંભાવનામાં પલટાય એ માટેની એની પ્રતીક્ષાની ઘણી-ઘણી પળો, દિવસો-મહિનાઓ અને વર્ષોમાં પલટાઈ ગઈ. પણ ભાવનાના એ તરંગોમાં, સંભાવનાની કોઈ રંગરેખા એ ન જ જોઈ શક્યો!

જીવનમાં અજબ-ઘડી કોઈ આવી જતી હોય છે, જ્યારે માણસે ધાર્યું હોય છે કંઈ અને બની જતું હોય છે બીજું જ કંઈ! કેટલીક વાર અકસ્માત, આશીર્વાદમાં પલટાઈ જતો હોય છે, તો ક્યારેક આશીર્વાદ, અકસ્માત તરફ ભીષણ-વળાંક લઈ લેતો હોય છે. જિનદાસના જીવનમાં એક વાર આવી જ એક અજબ ઘડી આવી!

જિનદાસનો એક અજૈન મિત્ર શક્તિનો ઉપાસક હતો અને શક્તિ ઉપાસક એક ભુવા જોડે એને ઠીક ઠીક પરિચય હતો. એ મિત્રે એક દહાડો જિનદાસને કહ્યું : જિનદાસ! આ દુનિયા તો અજબ-ગજબની વિચિત્રતાઓનો એક મેળો છે, શ્રદ્ધાની આંખ ખુલ્લી રાખીને જોઈએ, તો આ મેળાને માણવાની મજા અનુભવી શકાય! ઈચ્છા થતી હોય, તો શક્તિની ઉપાસનાનો પરચો જોવા આવવાનું મારું આમંત્રણ છે. એક ભુવો આવો પરચો પ્રત્યક્ષ બતાવી શકે છે. ગંગા ઘર આંગણે જ આવેલી છે!

જિનદાસનું કુતૂહલ આ વાત સાંભળીને પોતાના મનને કાબૂમાં ન રાખી શક્યું. એને થયું કે, ભલે હું જૈન રહ્યો, પણ જોવા જવામાં શો વાંધો છે? **મને વિશ્વાસ છે કે, મારા મનમાં ચાલતો મહામંત્ર-નવકારનો અજપાજપ મારી શ્રદ્ધાને જરાય ડગાવી નહિ શકે!**

મિત્રના આમંત્રણને સ્વીકારતા જિનદાસે કહ્યું : તારા આમંત્રણનો સહર્ષ સ્વીકાર કરતા, ભાવતું હતું ને વૈદ્યે કહ્યા જેવો આનંદ અનુભવું છું. ચાલો, આ રીતે ય પરચો જોવા મળતો હોય, તો શા માટે તકને વધાવી ન લેવી?

બંને મિત્રો શક્તિ માતાના મંદિરે પહોંચ્યા. જિન-મંદિરના શાંત-પ્રશાંત વાતાવરણથી ટેવાયેલા

'શૂન્ય શિખર પર આસન વાળે, જપતાંશ્રી નવકાર; અવધૂત યોગી થઈને આતમ, કરે પાપ પરિહાર.'—૨૬

જિનદાસને શક્તિ મંદિરનું વાતાવરણ ખૂબ જ વિચિત્ર લાગવા માંડ્યું. માતાનું બિરુદ ધરાવતી 'શક્તિદેવી'ની પ્રતિમા પર માતૃત્વનો મહિમા ગાતું કોઈ જ પ્રતીક દેખાતું નહોતું. શક્તિ-માતાનો એ દેહ નખથી શીખ સુધી એવા-એવા ચિહ્નોથી લદાયેલો હતો કે, એકવાર તો બહાદુર પણ એને જોઈને ડરી જાય! અધૂરામાં પૂરું ભુવાનો દેદાર એવો તે ભીષણ-ભયંકર હતો કે-જેની કલ્પનાથીય, કાળજું કમકમાટી અનુભવે!

શક્તિના ઉપાસક-મિત્રે ભુવાને જિનદાસનો પરિચય કરાવતાં કહ્યું કે, આ મારા એક જૈન મિત્ર છે. શક્તિ-માતાનો પરચો નજરોનજર જોવાની ખૂબ જ ઇચ્છા છે. એથી હું આપને વિનવું છે કે, આપ શક્તિમાતાને આ મિત્રના શરીરમાં પ્રવેશ કરાવીને એને પરચો બતાવો.'

ભુવાએ 'હકાર' સૂચક માથું હલાવીને કહ્યું : શક્તિ-માતા તો હાજરાહજૂર દેવી છે. એનો પરચો બતાવવો, એ મારે માટે કોઈ અઘરી વાત નથી! હું મારો પ્રયોગ શરૂ કરું છું. જેને પરચો અનુભવવો હોય, એ આ કુંડાળામાં આસન જમાવીને બેસી જાય!

ભુવાની આજ્ઞા મુજબ જિનદાસ કુંડાળામાં બેસી ગયો. ચોતરફનું ભયભર્યું વાતાવરણ એના માટે નવું-નવું હતું. એથી અભયનો આશરો પામવા એણે મનોમન મહામંત્રનો જાપ શરૂ કરી દઈ બધું નાટક નિહાળવાનો નિશ્ચય કર્યો. પળ બે પળમાં વાતાવરણે વધુ ભયપ્રદ વળાંક લીધો. ડાકલાં વાગી રહ્યાં. દાતણની ચીરીઓ ચોતરફ ફેંકાવા માંડી. જળછાંટણાથી આજુબાજુની જમીન ભીનીભીની બની ગઈ. થોડી વધુ પળો વીતી, અને ભુવાના શરીરમાં કોઈનો પ્રવેશ થયાની એંધાણીઓ કળાવા માંડી.

જોર-જોરથી ઘુણતા ભુવાએ વિધિનો બીજો તબક્કો શરૂ કર્યો. એ ઊભો થયો, પોતાના કુંડાળામાંથી બહાર આવીને, એ જિનદાસ તરફ ગયો. શક્તિમાતાને જિનદાસના શરીરમાં પ્રવેશ કરાવવાનો પ્રયોગ હવે શરૂ થયો. ભુવો જિનદાસને એક પ્રદક્ષિણા ફર્યો. પ્રદક્ષિણા પૂરી થતાં જ હતાશાથી હણાયેલો ભુવો પગ પછાડીને પોતાની બેઠક પર બેસી પડ્યો. એને એવો આભાસ થવા માંડ્યો કે, શક્તિમાતા જિનદાસના શરીરમાં પ્રવેશવા અસમર્થ છે. પણ એ કંઈ એમ હતાશ થાય એમ ન હતો. ફરીથી એ ઊભો થયો. હિંમતભેર એણે જિનદાસના કુંડાળાને ફરતી બીજી પ્રદક્ષિણા લીધી, પરંતુ પરિણામ એવું જ આવ્યું. પગ પછાડીને એને પોતાને આસને બેસી જવાની કોઈ અદશ્ય-શક્તિએ જાણે ફરજ પાડી.

બે વાર હતાશ થયેલો ભુવો, હવે આ વાતને પોતાની પ્રતિષ્ઠાનો અને નાકનો પ્રશ્ન ગણીને, ગમે તે ભોગે શક્તિમાતાને જિનદાસના શરીરમાં પ્રવેશાવી દેવાના ઝનૂન સાથે પુનઃ ઊભો થયો. ક્રોધાવેશ સાથે એણે ત્રીજી પ્રદક્ષિણા પૂરી કરી, પણ એનું સ્વપ્ન સિદ્ધ ન જ થયું! વા-વંટોળના વેગથી જેમ તરણું પાછું ધકેલાય, એમ ભુવો પાછળ ધકેલાઈ ગયો અને ભગ્નાશ-હતાશ હૈયે પોતાની બેઠક પર એ પછડાઈ પડ્યો. એના તન-મન પર છવાઈ ગયેલી નિરાશા અને લાચારીની લાગણી જોઈને, શક્તિના પેલા ઉપાસકે ભુવાના શરીરમાં પ્રવેશેલા માતાજીને વિનવતાં કહ્યું કે—

'માતાજી! આપનું આહ્વાન એટલા માટે જ કરવામાં આવ્યું છે કે, આ જૈનમિત્ર જિનદાસ આપના પરચાનો પ્રત્યક્ષ સાક્ષી બની શકે, એથી હું આપને આશા-ભર્યા અંતરે ઝુકી-ઝુકીને ફરી વિનવું છું કે, આપ પોતે આ જિનદાસના શરીરમાં પ્રવેશીને, એને પરચો આપવાની કૃપા કરો!'

ભુવાના માધ્યમે આ વિનવણીનો જવાબ વાળતાં શક્તિમાતાએ કહ્યું : આ જૈન-ભાઈના દેહમાં પ્રવેશ કરવા હું લાચાર છું. એની આસપાસ, એના ઇષ્ટદેવના જપથી રચાયેલા ગેબી તેજસ્વી-વર્તુળો, એના શરીરમાં પ્રવેશતા મને રોકે છે, અને હું પાછી પડું છું.

કિનારે આવી પહોંચેલી નાવને ઉગારી લેવાની આરઝુ સાથે ફરી વિનવણી થઈ : આપ આમ હતાશ

'એકાગ્રતાના અગ્નિ મહીં, કરો ઇંદ્રિયવાસના હોમ; પછી જપો નવકારને તો, પ્રકટે સમતા સોમ.' — ૨૭

થાવ, એ કેમ ચાલે! ગમે તે રીતે આપ પરચો બતાવો, એવી મારી અંતરની કામના છે. ઉપાયમાં કમીના હોય, તો સૂચવો. અમે બધું કરવા તૈયાર છીએ.

ભુવાના માધ્યમે પુનઃ પ્રત્યુત્તર સાંપડ્યો : હા એક ઉપાય છે. આ જૈનભાઈ પોતાના ઈષ્ટદેવનો જપ કરવાનું છોડી દે, એઓ પોતાના ઈષ્ટ-મંત્રના આજીવન-ત્યાગનો મને કોલ આપે; તો મારો અવરોધ દૂર થાય અને હું એના શરીરમાં પ્રવેશ પામી શકું. આ સિવાય મારો પરચો પામવાનો કોઈ જ ઉપાય નથી. હું ભલે ગમે તેટલી શક્તિશાળી ગણાતી હોઉં! પણ આ ભાઈ દ્વારા થતા ઈષ્ટ-મંત્રથી જાગતા તેજવર્તુળો મારી આંખને આંજીને આંધળી બનાવી દે છે. એ વર્તુળો વીંધીને આગળ વધવા હું લાચાર બની જાઉં છું. માટે મારી આ શરત માન્ય હોય, તો જ હું પરચો બતાવવા સમર્થ છું. બોલો, માન્ય છે મારી આ શરત?

આ સવાલ-જવાબે જિનદાસના હૈયામાં કોઈ જુદી જ જાતનું નિર્ણાયક-મનોમંથન પેદા કરી દીધું. એ વિચારે ચડ્યો : ઓહ! પરચો તો મારા ઘરમાં જ મારી પ્રતીક્ષા કરતો ખડો છે અને એની શોધ માટે હું આમ-તેમ ફાંફાં મારી રહ્યો છું! **મારો નવકાર કેટલો બધો બળવાન છે કે, એના જપમાંથી નીકળતી જ્યોતિ, શક્તિમાતાનેય હાર અપાવી શકે છે.** નવકાર તરફ હું કોઈ એવી નક્કર નિષ્ઠા ધરાવતો નથી, મેં એવો કોઈ ભેખ લઈને, નવકારને જ મારો મુદ્રાલેખ નથી બનાવ્યો! વારસામાં મળેલા નવકારની રોજ હું માત્ર એક માળા જ ફેરવું છું. મારી શ્રદ્ધાની સીમા ફક્ત આટલી જ છે! છતાં જો આવી નામની શ્રદ્ધા પણ આ જાતનો પરચો આપી શકે છે, તો નવકાર પ્રત્યેની મારી શ્રદ્ધા-નિષ્ઠાને જો હું સમજણપૂર્વકની બનાવવા મંડી પડું, તો મારો બેડો આ ભવસાગરથી પાર ન થઈ જાય શું?

પરચો પામવો હતો કોઈ શક્તિનો અને પરચો હાથ લાગી ગયો બીજી જ કોઈ શક્તિનો! જિનદાસે મનોમન પાકો નિર્ણય લઈને, પોતાના મિત્રને કહ્યું : મારે જે પરચો પામવો હતો, એ મળી ગયો છે. આ પ્રસંગે ખૂબ જ સચોટ રીતે એ સાબિત કરી આપ્યું છે કે, શક્તિમાતાનેય હાર સ્વીકારવી પડે, એવી પ્રચંડ-તાકાત મારા નવકારમંત્રમાં છે. હવે આવો-આટલો પરચો મળ્યો પછી પણ જો હું નવકારની નિષ્ઠાને છેહ દઉં, તો મારા જેવો મૂર્ખ-શિરોમણિ બીજો કોણ કહેવાય?

શક્તિને વિસર્જિત કરી દેવાઈ. સહુના મોં પર જુદી-જુદી જાતના આશ્ચર્યના તરંગો-રંગો અંકિત થયા હતા. ભુવાના દિલમાં આશ્ચર્ય સમાતું ન હતું. પોતાના પરાજયનો પાયો ગોતવા એણે જિનદાસને એટલું જ પૂછ્યું કે-તમારા ઈષ્ટ-મંત્રનો પાઠ જાણવાનો મારો અધિકાર ખરો?

જિનદાસનો આનંદ અને અહોભાવ છલકાઈ ઊઠ્યો. એણે ટૂંકાક્ષરી જવાબમાં માત્ર એટલું જ કહ્યું કે :

''નમો અરિહંતાણં!''

(– 'મુક્તિદૂત'ના આધારે)

'મહાસુખ નિધાન છે, પરમેષ્ઠિ ભગવાન; ખામી વગર ખિદમત કરો, તો રીઝે કરુણાનિધાન.'– ૨૮

વૈર વિસર્જક, મૈત્રી સર્જક, શ્રી નવકાર

કાંતિલાલભાઈ પારેખ ('કિરણભાઈ')

અલસભા કોર્ટ, પમે માળે, મરીન ડ્રાઈવ, મુંબઈ. ફોન : ૨૯૮૮૯૭

અત્રે રજૂ કરાતી રોમાંચક, બોધપ્રદ ઘટના. સાતેક વર્ષ પહેલાં એક માસિકમાં વાંચવામાં આવી હતી. સં. ૨૦૪૧માં વડાલામાં ચાતુર્માસ દરમ્યાન વ્યાખ્યાનમાં આ ઘટના રજૂ કરાઈ ત્યારે એક શ્રાવક પાસેથી જાણવા મળ્યું કે આ ઘટનામાં સંકળાયેલા તત્ત્વચિંતક ભાઈ તે બીજા કોઈ નહિ પણ વર્ષોથી ગોડીજી(પાયધુની)માં દર શનિવારે જેમનો આધ્યાત્મિક વાર્તાલાપ ગોઠવાય છે, તે શ્રી કિરણભાઈ પોતે જ છે. ત્યાર પછી કિરણભાઈ પાસે રૂબરૂમાં આ ઘટનાનું આલેખન કરી આપવા જણાવ્યું પરંતુ કેટલાક કારણોસર તેમણે તેમ કરવા માટે થોડી અનિચ્છા દર્શાવી, છતાં આ ઘટના અનેક આત્માઓ માટે ખૂબ જ પ્રેરણાદાયક હોઈ તેનો સારાંશ અત્રે યથામતિ રજૂ કરવામાં આવે છે. તેમાં છદ્મસ્થ દશા વશાત્ કોઈ પણ ક્ષતિ રહી ગઈ હોય તો હાર્દિક મિચ્છામિ દુક્કડં.

શંખેશ્વર તીર્થમાં નમસ્કાર મહામંત્રના પરમ આરાધક, અધ્યાત્મયોગી, અજાતશત્રુ પ. પૂ. પંન્યાસ પ્રવર શ્રી ભદ્રંકરવિજયજી મ. સા. આદિ પૂજ્યોની શુભ નિશ્રામાં નવકાર મહામંત્રના આરાધક આત્માઓનું એક ત્રિદિવસીય સંમેલન ગોઠવવામાં આવ્યું હતું. તેમાં ત્રીજા દિવસે રાત્રે નવકાર વિષે પ્રશ્નોત્તરી ગોઠવવામાં આવી હતી. વિવિધ જિજ્ઞાસુઓ દ્વારા પૂછાયેલા પ્રશ્નોના *મારે પ્રત્યુત્તરો! આપવાના હતા.*

રાત્રે લગભગ ૧૧ વાગ્યે પ્રશ્નોત્તરી કાર્યક્રમ પૂર્ણ થતાં સભાનું વિસર્જન થયું. બધા જ શ્રોતાઓ સ્વસ્થાને ચલ્યા ગયા પરંતુ એક ભાઈ ત્યાં જ બેઠા હતા. સભાના વ્યવસ્થાપકે તેમને પૂછ્યું : તમારે હજી કંઈ પૂછવું છે?'—આ સાંભળતાં જ પેલા ભાઈ કંઈક આવેશમાં આવીને કહેવા લાગ્યા. 'મારે કાંઈ જ પૂછવું નથી, પરંતુ ફક્ત એટલું જ કહેવું છે કે મહેરબાની કરીને તમે સહુ આવા ધતીંગ બંધ કરો. તમે લોકોએ ત્રણ દિવસમાં નવકાર મંત્રના મહિમા વિષે જે ભાષણો ઠોક્યાં છે તે બધું હંબક છે, નવકાર મંત્રમાં હાલના જમાનામાં આવો કોઈ જ પ્રભાવ નથી, આ વાત હું મારા જાત અનુભવના આધારે છાતી ઠોકીને કહું છું!...' અણધાર્યા આવા શબ્દો સાંભળીને વ્યવસ્થાપક ભાઈ તો ડઘાઈ જ ગયા. છેવટે તેઓ એ ભાઈને મારી પાસે લઈ આવ્યા અને બધી હકીકત જણાવી.

મને પણ આ કેસનું સંશોધન કરવાની જિજ્ઞાસા ઉત્પન્ન થઈ. મેં એ ભાઈને પ્રેમપૂર્વક પૂછ્યું : 'તમે મને જણાવી શકશો કે તમે અત્યાર સુધીમાં કઈ કઈ રીતે નવકારની આરાધના કરી અને કેટલા નવકાર ગણ્યા?'' પ્રત્યુત્તરમાં પેલા ભાઈએ પોતાના હાથ દેખાડતાં મને કહ્યું, 'આ જુઓ, ૩૬ વર્ષથી નવકાર ગણતાં ગણતાં મારાં આંગળીના ટેરવાં ઘસાવા લાગ્યાં! પ્રાચીન હસ્તલિખિત પ્રતો વગેરેમાં દર્શાવેલ તથા મહાત્માઓ પાસેથી સાંભળેલ એવી કોઈ પ્રક્રિયા બાકી નથી કે જે મેં ૩૬ વર્ષની સાધના દરમ્યાન અજમાવી ન હોય! અરે, શિયાળામાં કડકડતી ઠંડીમાં ઠંડા પાણીમાં ઊભા રહીને તથા ઉનાળામાં ચારે બાજુ અગ્નિના તાપ વચ્ચે રહીને પણ મેં નવકાર જાપના પ્રયોગો

'અનુભવ મિત્ર સમ ગણો, મહામંત્ર નવકાર; કૃપા થાય જો તેહની, તો બેડો થાયે પાર.'—૨૯

કર્યા છે. પરંતુ પરિણામ શૂન્ય જ આવ્યું છે. ન તો મને કોઈ ચમત્કાર અનુભવાયો છે કે ન તો માનસિક શાંતિનો પણ અનુભવ થયો...! એટલે જ કંટાળીને, ૩૬ વર્ષ પૂર્વે માતા પાસેથી જે શંખેશ્વર દાદાની સમક્ષ નવકારમંત્ર હું શીખ્યો હતો તે આજે દાદાને પાછો આપવા માટે જ હું અહીં આવ્યો છું. માટે મહેરબાની કરીને નવકારમંત્રના મહિમા વિષે હવે વધારે કાંઈ પણ ઉપદેશ આપશો નહિ...!'

આ સાંભળીને ક્ષણ વાર તો હું પણ ચકિત થઈ ગયો. મહામંત્ર પ્રભાવ વિષે મને પૂરેપૂરી શ્રદ્ધા હતી તો બીજી બાજુ ૩૬ વર્ષની સાધના છતાં પરિણામ શૂન્યતાનું દૃષ્ટાંત પણ મારી સામે પડકારરૂપ હતું.

મેં મનોમન ગુરુદેવનું શરણું લઈ નવકારનું સ્મરણ કર્યું અને બીજી જ ક્ષણે મારા મનમાં એક વિચાર ઝબકી ગયો કે, 'આ ભાઈએ બાહ્ય વિધિઓ તો ઘણી કરી છે પણ અભ્યંતર વિધિમાં ક્યાંક કચાશ હોવી જોઈએ. તે વિના આવું બને જ નહિ.'

એ કચાશ (નબળી કડી) શોધી કાઢવા માટે મેં તેમના વ્યવહારિક જીવન વિષે થોડી પૂછપરછ કરી. તેમાં એમના નાનાભાઈની વાત નીકળતાં જ તેઓ એકદમ આવેશમાં આવી ગયા અને કહેવા લાગ્યા કે, 'એ હરામખોરનું નામ પણ મારા મોઢે બોલાવશો નહિ. નાની ઉંમરમાં અમારા માતા-પિતા ગુજરી જતાં મેં મોટાભાઈ તરીકે મારું કર્તવ્ય સમજીને તેનું પાલન-પોષણ કર્યું. ભણાવી-ગણાવી ધંધે ચડાવી લગ્ન કરાવી આપ્યાં. પરંતુ લગ્ન પછી પોતાની પત્નીની ઉશ્કેરણીથી પ્રેરાઈને તેણે મારી પાસેથી વધુ મિલકત પડાવવા માટે કોર્ટમાં કેસ માંડ્યો છે. એ નાલાયકે બધા ઉપકારોને ભૂલી જઈને મારી ઉપર અપકાર કર્યો છે. એટલે હવે તો હું ય એને છોડીશ નહિ. મેં પણ એની સામે કેસ માંડ્યો છે. મારું ગમે તે થાય પણ એક વાર તો એને બરાબર બોધપાઠ આપીશ કે કેટલી વીસીએ સો થાય છે...' ઇત્યાદિ આવેશમાં ઘણું બોલી ગયા પછી એ ભાઈનો આક્રોશ કંઈક શાંત થયો ત્યારે મેં તેમને કહ્યું કે, 'હવે આપણે મૂળ વાત ઉપર પાછા આવીએ. જુઓ તમે ભલે ૩૬ વર્ષમાં ઘણી ય વિધિઓ કરી છે. પરંતુ હવે હું બતાવું તે વિધિપૂર્વક માત્ર ૬ જ મહિના તમે નવકારની આરાધના કરો અને તેનું પરિણામ જો ન દેખાય તો પછી તમે નવકાર દાદાને સોંપી દેજો. તેથી સાથે હું પણ નવકાર છોડી દઈશ...!!!'

(જો કે પાછળથી આ વાત મેં પૂ. ગુરુદેવશ્રી ભદ્રંકરવિજયજી મ. સા. પાસે રજૂ કરી ત્યારે તેમણે મને ઠપકો આપતાં કહ્યું કે, 'આપણાથી નવકાર છોડી દેવાની વાત ન કરાય. પેલા ભાઈનો કોઈ નિકાચિત કર્મોદય હોય અને તેને ફાયદો ન દેખાય તો શું તું પણ નવકાર છોડી દેત!' આમ કહી તેમણે મને પ્રાયશ્ચિત્ત પણ આપ્યું. પરંતુ શ્રી નવકાર મહામંત્ર પ્રત્યેની અનન્ય શ્રદ્ધાથી જ મારાથી આ પ્રમાણે બોલી જવાયું હતું. મને પૂર્ણ ખાતરી હતી કે **બાહ્ય તથા અભ્યંતર વિધિ બરાબર જાળવીને નવકારની આરાધના કરવામાં આવે તો તેનું પરિણામ અચૂક દેખાય!...**)

પેલા ભાઈએ કહ્યું, 'મને લાગે છે કે નવકાર આરાધનાની પ્રસિદ્ધ-અપસિદ્ધ બધી જ વિધિઓ મેં અજમાવી લીધી છે. એટલે તમે જે વિધિ બતાવશો તે પણ મેં કરી જ લીધી હશે. માટે નાહક આગ્રહ ન કરો. કાંઈ વળવાનું નથી!''

મેં કહ્યું, 'મને ખાતરી છે કે હું બતાવવા માંગું છું એ વિધિ તમે નહિ જ કરી હોય. અને એ વિધિ જો તમે કરશો તો તમને નવકારની આરાધનાનું પરિણામ અચૂક મળશે જ. પરંતુ છ મહિના સુધી નિયમિત રીતે એ વિધિ કરવાનું તમે મને વચન આપો તો જ એ વિધિ હું તમને બતાવી શકું.'

મારી આવી ખાતરીપૂર્વકની વાત સાંભળી પેલા ભાઈએ વિચાર્યું કે ૩૬ વર્ષ નવકાર ગણ્યા તો ચાલો છ મહિના હજી પણ ગણી લઉં. અને તેમણે કહ્યું કે, 'ભલે તમે કહેશો તે પ્રમાણે છ મહિના હું હજી પણ નવકારની આરાધના કરવા તૈયાર છું.'

'સુગુણવંત થાવા તમે, સદા ગણો નવકાર; દુર્ગુણ ગણ ભાગી જતાં, જરા ન લાગે વાર.'—૩૦

મેં કહ્યું, 'આમ તો એ વિધિ સરળ છે છતાં પણ મને શંકા છે કે વિધિ સાંભળ્યા પછી કદાચ તમે એ વિધિ કરવા તૈયાર નહિ થાઓ...'

પેલા ભાઈએ કહ્યું કે, 'હું ખાતરી આપું છું કે તમે એ વિધિ બતાવશો તે પ્રમાણે છ મહિના સુધી હું જરૂર કરીશ જ!...'

... અને છેવટે મેં વિધિ બતાવતાં કહ્યું : 'જુઓ વિધિ બે પ્રકારની હોય છે, એક બાહ્ય વિધિ, બીજી આભ્યંતર વિધિ. ચોક્કસ દિશા, સ્થાન, આસન, માળા, મુદ્રા, ધૂપ, દીપ વગેરે બાહ્ય વિધિમાં આવે, જ્યારે સર્વ જીવરાશિ પ્રત્યે મૈત્રી-પ્રમોદ-કરુણા-માધ્યસ્થ આદિ ભાવના-ઓથી ભાવિત અંતઃકરણ વગેરે આભ્યંતર વિધિમાં ગણાય. તમે અત્યાર સુધીમાં બાહ્ય વિધિઓ તો અનેક પ્રકારની અજમાવી છે પણ તેની સાથે જે આભ્યંતર વિધિનો સુમેળ સધાવો જોઈએ. તેમાં કચાશ રહી ગઈ હોવાથી તમારી સાધના નિષ્ફળતામાં પરિણમી છે. નવકાર મહામંત્રમાં જે પંચપરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર કરીએ છીએ તેમને જગતનાં જીવમાત્ર સાથે મૈત્રીભાવ હોય છે. એટલે **જ્યાં સુધી આપણું ચિત્ત પણ સમસ્ત જીવરાશિ સાથે મૈત્રીભાવથી અધિવાસિત ન બને. એકાદ પણ જીવ સાથે દુશ્મનાવટનો ભાવ કે વેરનો બદલો લેવાની વૃત્તિ કામ કરતી હોય ત્યાં સુધી પંચ પરમેષ્ઠી ભગવંતોની કૃપાને ઝીલવાની પાત્રતા આપણામાં આવી શકતી નથી. પાત્રતા વિના સાધનામાં સફળતા શી રીતે મળે?** માટે મારી તમને સર્વ પ્રથમ ભલામણ છે કે તમે તમારા નાનાભાઈ સાથે હાર્દિક ક્ષમાપના કરી લ્યો.'

આટલું સાંભળતાં જ પેલા ભાઈ પુનઃ કાંઈક આવેશમાં આવીને કહેવા લાગ્યા, 'નહિ, નહિ, એ કદાપિ નહિ બની શકે. વાંક એનો અને હું શા માટે ખમાવું? હું ખમાવવા જાઉં તો તો એનું જોર ખૂબ વધી જાય. અમે તો અચાનક રસ્તામાં સામસામે ભેગા થઈ જઈએ તો પણ અમારી આંખો કતરાય અને જુદી શેરીમાં ફંટાઈ જઈએ. ત્યાં ખમાવવાનું શી રીતે શક્ય બની શકે? વળી કદાચ તમારા કહેવાથી હું ખમાવવા જાઉં તો પણ એ તો ખમાવવાનો નથી જ, બલકે ન સાંભળી શકાય તેવા શબ્દો જ સંભળાવવાનો છે. માટે મહેરબાની કરીને આ બાબતનો આગ્રહ તમે ન રાખો તો સારું...'

મેં કહ્યું, 'જુઓ, મેં તમને પહેલેથી જ કહ્યું હતું કે હું બતાવીશ તે વિધિ સરળ હોવા છતાં તમે કદાચ નહિ કરી શકો. છતાં તમે ખાતરી આપી ત્યારે જ મેં આ મહત્ત્વની વાત તમને જણાવી છે. હવે જો તમને આમ કરવામાં નાનાભાઈ તરફથી ક્ષમા મળવાની શક્યતા ન જ જણાતી હોય તો એક બીજી વિધિ તમને બતાવું છું તે તમને અચૂક કરવી જોઈએ. એમાં તમારે નાનાભાઈ પાસે જઈને ખમાવવાની વાત નહિ આવે. પરંતુ એ વિધિ પ્રમાણે કરવાનું વચન આપો તો જ હું તમને વિધિ બતાવું. પેલા ભાઈ સંમત થયા ત્યારે મેં કહ્યું, 'ભલે તમે નાનાભાઈ પાસે જઈને ક્ષમા ન માંગી શકો તો પણ હૃદયમાં તેના પ્રત્યે બદલો લેવાની તીવ્ર વાસના છે. તેનું શક્ય તેટલું વિસર્જન કરીને, દરરોજ સવારે જાપ કરતી વખતે પ્રભુજીના ફોટાની બંને બાજુએ તમારા ભાઈ અને ભાભીના ફોટાને રાખીને એવી પ્રાર્થના કરો કે—**'હું જે જાપ કરું છું તેનું જે ફળ હોય તે મારા ભાઈ-ભાભીને મળો!...'** બસ, આ પ્રાર્થના કરીને તમારે શક્ય તેટલી એકાગ્રતાપૂર્વક ૧ બાંધી માળાનો જાપ નિયમિત રીતે ૬ મહિના સુધી કરવો. અને દર ૧૫ દિવસે મને અચૂક પત્ર લખીને તમને જે કાંઈ પણ અનુભવ થાય તે મને જણાવવા.''

પેલા ભાઈ વચનબદ્ધ હોવાથી, થોડી આનાકાની પછી છેવટે આમ કરવા તૈયાર થયા. એકબીજાનું સરનામું લઈ અમે બંને છૂટા પડ્યા!!

...૧૫ દિવસ પછી પેલા ભાઈનો પત્ર આવ્યો. તેમાં લખ્યું હતું કે ''તમોએ બતાવેલી વિધિ પ્રમાણે જ રોજ નિયમિત જાપ કરું છું પણ હજી ખાસ કાંઈ જ અનુભવ થયો નથી.''

'આર્તધ્યાન આવે નહીં, ટળે રૌદ્રનો સંગ; મહામંત્ર જપતાં થકાં, શુકલ ધ્યાન સુરંગ.'—૩૧

મેં પ્રત્યુત્તર લખ્યો. ''વાંધો નહિ, ફળ માટે અધીરા બન્યા વિના વિધિવત્ જાપ ચાલુ રાખો.''

ફરી વીસેક દિવસ બાદ તેમનો પત્ર મળ્યો, જેમાં લખ્યું હતું, ''થોડા દિવસથી મને વિચાર સ્ફુર્યા કરે છે કે, 'હે જીવ, તારા નાના ભાઈ ઉપર શા માટે ગુસ્સો કરે છે. એનો કાંઈ વાંક નથી. લગ્ન થયા પહેલાં તો એ ખૂબ આદરપૂર્વક વર્તતો હતો. લગ્ન બાદ પત્નીની ઉશ્કેરણીથી જ તેનું વર્તન બદલાયું છે. માટે ભાભીનો વાંક ગણાય પરંતુ ભાઈ તો નિર્દોષ છે માટે એના પ્રત્યે દ્વેષ રાખવો ઉચિત નથી...''

મેં લખ્યું, ''સારી વાત છે. પ્રાર્થના અને જાપ ચાલુ રાખજો...''

પંદરેક દિવસ બાદ ફરી તેમના પત્રમાં લખ્યું હતું કે, ''હવે મને એમ થાય છે કે ભાભી ઉપર પણ દ્વેષ રાખવા જેવો નથી. દરેક જીવ કર્મને આધીન છે. વળી હે જીવ! તેં પૂર્વ ભવોમાં એમના પ્રત્યે વિપરીત વર્તન કર્યું હશે માટે આજે એમને તારા પ્રત્યે આવું વર્તન કરવાનું મન થાય છે. એટલે હકીકતમાં વાંક તારો જ છે. બીજા કોઈનો જ નહિ. માટે કોઈના ઉપર પણ દ્વેષ રાખવા જેવો નથી...''

મેં લખ્યું, ''ખૂબ આનંદની વાત છે, તમારી નવકાર સાધના હવે સમ્યક્ થઈ રહી છે. આ જ રીતે પ્રાર્થના-જાપ ચાલુ રાખજો.''

ફરી કેટલાક દિવસો બાદ એટલે કે મેં દર્શાવેલી વિધિ પ્રમાણે પ્રાર્થના-જાપ શરૂ કર્યાને લગભગ ચારેક મહિના થયા, ત્યારે પેલા ભાઈનો ૨૨ પાના ભરેલો વિસ્તૃત પત્ર મારી ઉપર આવ્યો...! જેનો ટૂંકો સારાંશ નીચે મુજબ છે :

'ખરેખર તમારો આભાર માનવા માટે મને કોઈ જ શબ્દો જડતા નથી. તમોએ દર્શાવેલ વિધિ પ્રમાણે નવકારની સાધના કરતાં આજે સગા ભાઈઓ વચ્ચે વર્ષોથી ઊભી થયેલી દીવાલ સંપૂર્ણ રીતે દૂર થઈ ગઈ છે, મારા આનંદનો આજે પાર નથી. વાત એમ બની છે કે થોડા દિવસ અગાઉ મને નવકારના પ્રભાવે અંતઃસ્ફુરણા જાગી કે હે જીવ! જો ખરેખર તને એમ સમજાય છે કે ભાઈ-ભાભીનો કાંઈ જ વાંક નથી. તારા જ કર્મોનો વાંક છે તો પછી ભાઈ-ભાભી સાથે અબોલા તથા કોર્ટકચેરિયા શા માટે જોઈએ? નાહક દુનિયાને તમાશો જોવા મળે, સમય અને સંપત્તિની બરબાદી થાય તથા ભવોભવ વેરની પરંપરા ચાલે, એ શું ઈચ્છવા યોગ્ય છે? માટે હે જીવ! ગમે તે થાય પણ તું સામે ચાલીને તારા નાના ભાઈ-ભાભીને ખમાવી લે. તારા હૃદયના શુદ્ધ પશ્ચાતાપની જરૂર એમના પર અસર થશે જ અને પંચ પરમેષ્ઠી ભગવંતોની કૃપાના અચિંત્ય પ્રભાવે સહુ સારાં વાનાં થશે...' અને મારી આ ભાવના મેં મારી ધર્મપત્નીને જણાવતાં પ્રત્યુત્તર મળ્યો કે, 'મને પણ છેલ્લા કેટલાક દિવસથી આવા જ વિચારો આવતા હતા. પરંતુ તમને આવી વાત ગમશે કે કેમ એમ શંકા થતી હતી. તેથી તમને જણાવી શકી નથી. પરંતુ આજે તમારા મુખેથી આવી વાત સાંભળીને મને ખૂબ જ આનંદ થયો છે.'

આમ નવકારના પ્રભાવે અમારા બંનેની વિચારણા એકસરખી થયેલી જોઈ મેં કહ્યું, 'ચાલો ત્યારે તૈયાર થઈએ ઘરમનાં કામમાં ઢીલ કેવી...? અને અમે બંને નાના ભાઈ ભાભીના ઘરે જઈને તેમને ખમાવવા માટે અમારા ઘરમાંથી બહાર પગ મૂકવાની તૈયારી કરતા હતા ત્યાં જ શેરીમાં રમવા ગયેલો અમારો બાબો દોડતો દોડતો આવીને કહેવા લાગ્યો, 'પિતાજી, પિતાજી! મારા કાકા-કાકી આપણા ઘરે આવી રહ્યા છે!'

મેં કહ્યું, 'બને નહિ, તારી સમજફેર થતી હશે, એ તારા કાકા-કાકી નહિ, બીજા કોઈ હશે...! અથવા કાકા-કાકી હશે તો તેઓ બીજે ક્યાંક જઈ રહ્યા હશે. આપણા ઘરે તેઓ આવે નહિ...!'

બાબાએ કહ્યું, 'એ બીજા કોઈ નહિ પણ કાકા-કાકી જ છે, એટલું જ નહિ પરંતુ તેમણે પોતે જ મને કહ્યું છે કે તારા માતા-પિતાને જઈને ખબર આપ કે અમે તમારા ઘરે આવી રહ્યા છીએ!...'

આ વાતચીત ચાલતી હતી ત્યાં જ મારા નાના ભાઈ-ભાભી ખરેખર અમારા ઘર તરફ જ આવી

'પર પરિણતિ પીડે નહીં, ટળે પાપ સમુદાય; મહામંત્ર જપતાં થકાં, નિજગુણ ઝાંખી થાય.'—૩૨

રહેલા જોવાયા. ક્ષણ વાર તો હું સ્તબ્ધ થઈ ગયો અને વિચારવા લાગ્યો કે, 'આ હું શું જોઈ રહ્યો છું! ખરેખર, આ સ્વપ્ન છે કે સત્ય!' મેં મારી જાતને ચૂંટી ખણી અને આ વાત સ્વપ્ન નહિ પણ સત્ય હોવાની ખાતરી કરી લીધી અને નાના ભાઈને ભેટવા માટે પગ ઉપાડ્યા...ત્યાં તો નાનો ભાઈ જ મારા પગમાં પડીને ધ્રુસકે ધ્રુસકે રડતાં કહેવા લાગ્યો, 'મોટા ભાઈ, મારો અપરાધ માફ કરો! આપના અગણિત ઉપકારોને ભૂલી જઈને, સ્વાર્થાંધ બનીને પિતાતુલ્ય એવા આપની ઉપર મેં કોર્ટમાં કેસ માંડ્યા! અરરર! ધિક્કાર હો મને!... ઇત્યાદિ બોલતાં બોલતાં તેના ગળે ડૂમો ભરાઈ ગયો. ભાભીની આંખમાંથી પણ પશ્ચાત્તાપનાં આંસુઓનો શ્રાવણ ભાદરવો વરસી રહ્યો હતો. તેઓ પણ કહી રહ્યા હતા કે ખરેખર વાંક તો મારો જ છે. મારી ઉશ્કેરણીથી જ આપના નાના ભાઈએ આપની સામે કેસ માંડેલ છે. ખરેખર, પાપિણી એવી મેં સગા બે ભાઈઓ વચ્ચે ફૂટ પડાવી છે. ધિક્કાર હો મને!...'

મેં બંનેને બોલતાં અટકાવીને કહ્યું, 'તમારો વાંક નથી. વાંક મારો જ છે. 'છોરુ કછોરુ થાય પણ માવતર કમાવતર ન થાય' એ કહેવતને ભૂલી જઈને વડીલ એવા મેં ય તમારી સામે કેસ માંડ્યો છે. વડીલ તરીકેની મારી ફરજ અદા કરવામાં હું ય ભૂલ્યો છું. બહારથી અનેક પ્રકારની ધર્મ આરાધનાઓ કરવા છતાં અંદરથી હું પણ કષાયોની ગુલામીને છોડી શક્યો નથી. પણ આજે કોઈ ધન્ય પળે પંચ પરમેષ્ઠી ભગવંતોની અચિંત્ય કૃપાથી અમને બંનેને અમારી ભૂલનું ભાન થયું છે અને અમે તમને ખમાવવા માટે આવવાની તૈયારી કરતા હતા, ત્યાં જ અણધાર્યા તમે બંને અહીં આવી પહોંચ્યા. ખેર, 'જાગ્યા ત્યાંથી સવાર અને ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણીએ' એ ઉક્તિ મુજબ ગઈ ગુજરી ભૂલી જઈને હળીમળીને રહેવાની શરૂઆત કરીએ' કહ્યું છે ને કે, 'સુબહકા ભૂલા અગર શામકો ઘર વાપિસ લૌટતા હૈ તો વહ ભૂલા નહીં કહા જાતા!' હવે આજનું ભોજન આપણે સાથે મળીને અહીં જ કરીએ... અને બંને દેરાણી-જેઠાણી સગી બેનની માફક હળીમળીને કંસાર બનાવવા લાગી. અમે બધાએ પ્રેમપૂર્વક એકબીજાને ખવડાવીને ખાધું.

ત્યાર બાદ નાના ભાઈએ કહ્યું, 'મોટા ભાઈ! આપે મારા પર અનેક ઉપકારો કર્યા છે, તેમ હજી પણ એક ઉપકાર કરવાનો છે.'

મેં કહ્યું, 'મેં કશો ઉપકાર નથી કર્યો, માત્ર મારી ફરજ અદા કરવા પ્રયત્ન કર્યો છે અને હવે પછી પણ મારા જેવું કાંઈ પણ કાર્ય હોય તો વિના સંકોચે મને જરૂર જણાવજે.'

નાના ભાઈએ કહ્યું, 'આપ જાણો છો કે મારો પુત્ર હવે ઉંમરલાયક થયો છે. ઘણી કોશિષ કરવા છતાં પણ તેના માટે કોઈ કન્યા આપવા રાજી નથી માટે હવે આ કાર્ય આપે જ કરી આપવાનું છે.'

મેં કહ્યું, 'ભલે, હું પ્રયત્ન કરીશ' અને જણાવતાં આનંદ થાય છે કે અમારા બંને વચ્ચે પુનઃ સંપ થયાની વાત જોતજોતામાં ચોમેર પ્રસરતાં દશેક દિવસમાં જ સામેથી યોગ્ય કન્યાનું માંગું આવ્યું અને મેં તેનો સ્વીકાર કર્યો. બંનેના વેવિશાળ થવાની તૈયારી છે!...

ખરેખર તમે મને ન મળ્યા હોત તો અચિંત્ય ચિંતામણી નવકાર મહામંત્ર પરની શ્રદ્ધાને હું ખોઈ બેસત અને કોણ જાણે વેરની અગન જ્વાળામાં હોમાઈને મારો આત્મા કઈ દુર્ગતિનો અધિકારી બની જાત!... ખરેખર તમે મારા પરમ ઉપકારી ગુરુ છો!... મારે માટે તો સાક્ષાત્ ભગવાન છો!...

મેં જવાબમાં લખ્યું કે, ''આ બધો પ્રભાવ તમે ૩૬ વર્ષોથી દ્રવ્યથી પણ જે નવકાર જાપ કર્યો તેનો છે. તેના પ્રભાવે જ તમને સંમેલનના સમયે જ શંખેશ્વરજીમાં આવવાની ભાવના થઈ. હું તો નિમિત્તમાત્ર છું. બાકી ખરો પ્રભાવ તો પંચપરમેષ્ઠી ભગવંતોની અચિંત્ય કૃપાનો જ છે. માટે હવે યાવજ્જીવ શિવમસ્તુ સર્વજગતઃની પ્રાર્થનાપૂર્વક ઉત્તરોત્તર ચડતા પરિણામે નવકારની સાધના ચાલુ

'સ્વસ્વરૂપે રહેવા તણી, જેને લાગી હોય લગન; તેવા મુમુક્ષુ માણસે નિત્ય કરવું નવકાર ભજન.'—૩૩

રાખજો. એનાથી તમારો સર્વાંગીણ વિકાસ થશે...''

સહુ જીવો આ સત્ય ઘટનામાંથી પ્રેરણા પામીને, વેરનું વિસર્જન તથા જીવમૈત્રીનું સર્જન કરનારા નવકાર મહામંત્રની સમ્યક્ પ્રકારે સાધના કરીને દેવદુર્લભ માનવ ભવને સફળ બનાવો એ જ મંગલ કામના!

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

વનસ્પતિ પર નવકારનો પ્રયોગ!!!

પૂ. પંન્યાસ શ્રી હેમરત્નવિજયજી મ. સા.

ફોરેનમાં હમણાં હમણાં એવાં સંશોધન થયાં છે કે શબ્દ દ્વારા રોગ મીટાવી શકાશે, કપડાં ધોઈ શકાશે, પથ્થરો તોડી શકાશે, તાળાં ઉઘાડી શકાશે, પ્રસૂતિ કરાવી શકાશે, હીરાને કાપી શકાશે. શબ્દ દ્વારા માણસનું ખૂન પણ કરી શકાશે!...

મંત્રાધિરાજ શ્રી નવકારમાં ગોઠવાયેલા અક્ષરોના ઉચ્ચારણ દ્વારા એક જબ્બર આંદોલન પેદા થાય છે. વિશિષ્ટ સંયોગવાળા આ શબ્દો ન ધારેલી અસર પેદા કરી શકે છે.

જેવી રીતે એસ્પ્રો, એનાસીન કે સ્ટોપેક જેવી ગોળીઓ લેતાંની સાથે તુરત અસર બતાડે છે, તે રીતે નવકારમંત્ર પણ તેની તુરત અસર બતાવી શકે છે, જો તેને પૂર્ણ વિધિપૂર્વક ગણવામાં આવે તો!

નાગપુર પાસે ખાકરી ગામમાં એક ખેતરના બે ક્યારાઓમાં પ્રયોગ કરવામાં આવ્યો. એક સાથે બે ક્યારાઓને ખેડ્યા. એક સમાન ખાતર બેયમાં નાખવામાં આવ્યું, એકસરખું બીજારોપણ બેયમાં કરાયું, એક જ કૂવાનું પાણી બેય ક્યારાઓને સીંચવામાં આવ્યું, ફરક માત્ર એટલો હતો કે પ્રથમ ક્યારામાં સીંચાતા પાણીને નવકારમંત્રથી મંત્રીને પછી સીંચવામાં આવતું જ્યારે બીજા ક્યારાને એમને એમ જ સીધે સીધું પાણી આપવામાં આવતું. સમય થતાં 'અંકુર ફૂટ્યા, છોડવા ઊગ્યા. ફૂલ બેઠાં અને ફળ બેસવા લાગ્યાં. પરિપક્વ સ્થિતિ સર્જાતાં લણણી કરવામાં આવી. ઉતરેલ ફળોનું વજન કરવામાં આવ્યું. **નવકાર મંત્રથી પ્રભાવિત પાણીને પીનારા ક્યારાએ કુલ ૪૦ કિલો કાકડીની ફસલ આપી. જ્યારે બીજા ક્યારાએ માત્ર ૧૬ કિલો કાકડીની ફસલ આપી...**

આવા જ પ્રયોગો મુંબઈ થાણા બંદર પર આવેલા આશ્રમોમાં પણ થયા હતા. અને નવકારમંત્રના દિવ્ય ચમત્કારોનો અનુભવ ત્યાં રહેલા માણસોએ કર્યો હતો!

જ્યારે મન-વચન-કાયાના ત્રણેય યોગો દ્વારા નવકાર મંત્ર ગણવામાં આવશે ત્યારે આપણા ઔદારિક-તૈજસ-કાર્મણ આ ત્રણેય શરીર ઉપર તેની અસર પહોંચી જશે. જો કાર્મણ શરીર પર નવકાર મંત્રનો વીજળી કરંટ લાગી જાય તો આપણો બેડો પાર છે. ('પ્રેરણા પત્ર' માંથી સાભાર)

*

'ચાર કષાય ટાળી કરી, તન મન શુદ્ધ કરનાર; ઉપશમ રસનો કંદ છે, મહામંત્ર નવકાર.'—૩૪

પઠાણના ભૂત પર નવકારનો પ્રભાવ

પૂ. ગણિવર્ય શ્રી મહોદયસાગરજી મ. સા.

સં. ૨૦૪૨ની આ વાત છે. ચાતુર્માસથી થોડા દિવસ પૂર્વે અમે મુંબઈના એક પરામાં ગયા હતા. ત્યાં લગભગ ૪૫ વર્ષની ઉંમરના એક કચ્છી જૈન ભાઈ વીસેક વર્ષોથી ઈર્ષ્યા પીડિત અમુક વ્યક્તિઓએ કરાવેલ મેલી વિદ્યાના પ્રયોગના લીધે ખૂબ જ હેરાન થઈ રહ્યા હતા. એ ભાઈ અમારા પૂર્વ પરિચિત હતા. તેઓ સ્વભાવે ખૂબ જ નિખાલસ છે. તેમના કહેવા મુજબ ૨૦ વર્ષો પૂર્વે તેઓ પોતે પણ મેલી વિદ્યાના પ્રયોગ કે ભૂત-પ્રેતના વળગાડ વગેરે વિષયમાં માનતા ન હતા. પણ આજે જ્યારે તેઓ પોતે જ વીસેક વર્ષોથી મેલી વિદ્યાના પ્રયોગનો ભોગ બનીને પરેશાન થઈ રહ્યા છે. ત્યારે હવે તેઓ પણ આ બાબતને માનતા થયા છે.

તેમના શરીરમાં કોઈ અરબસ્તાની પઠાણનો આત્મા પ્રવેશીને તેમને ખૂબ જ કષ્ટ આપે છે. અનેક પ્રકારનાં તોફાન કરાવે છે. જ્યારે પણ તેઓ કોઈ પ્રસિદ્ધ તાંત્રિકો પાસે એ વળગાડને દૂર કરાવવા જાય ત્યારે તરત જ તેમના શરીરમાં અચાનક કોઈ ભયંકર વેદના ઉત્પન્ન કરાવીને પ્રાયઃ કરીને તેમને જવા જ ન દે. ડૉક્ટરોએ તેઓ સંપૂર્ણ નિરોગી હોવાનું જાહેર કર્યું છે કોઈ માંત્રિક તેમના ઘરે જઈને વળગાડ દૂર કરવા પ્રયત્ન કરે તો તેને જ અચાનક ઝાડા-ઊલટી વગેરે થઈ આવે અને બીજી વાર તેમના ઘરે આવવાની હિંમત પણ ન કરી શકે!...

અનેક ખ્યાતનામ મંત્રવાદીઓ પણ તેમના આ વળગાડને દૂર કરવામાં નિષ્ફળ નિવડ્યા છે. જ્યારે પણ વળગાડને દૂર કરવા માટે કોઈ પ્રયોગ કરવામાં આવે કે તરત પેલો અરબસ્તાની પઠાણ અત્યંત ભયંકર ગર્જનાઓ સાથે અરબસ્તાની ભાષામાં તેમને મારી નાંખવાની ધમકીઓ આપવા માંડે અને આખરે એ મંત્રવાદીને નિષ્ફળતા જ સાંપડે છે.

આ ભાઈને પોતાની કુળદેવી ઉપર પણ આસ્થા છે. ઘરમાં કુળદેવીની છબી સમક્ષ ધૂપ-દીપ રોજ કરે છે એટલે ક્યારેક કુળદેવી પણ તેમના શરીરમાં પ્રવેશીને તેમની રક્ષા કરે છે. પરંતુ કુળદેવી સાત્ત્વિક પ્રકૃતિનાં છે. પેલો પઠાણ અત્યંત આસુરી પ્રકૃતિવાળો છે. એટલે તેને સંપૂર્ણ દૂર કરી શકતા નથી. તેમ આ ભાઈનો જાન લેવા પણ દેતા નથી.

એક વખત આ ભાઈ અમારી પાસે આવ્યા હતા અને પોતાની પરિસ્થિતિ દર્શાવી ત્યારે તેમને ઘરમાં રોજ એક આયંબિલ કરવાનું તથા નવકાર અને 'ઉવસગ્ગહરં'નો જાપ કરવા ભલામણ કરી હતી. પણ તેમણે કહ્યું કે જ્યારે પણ હું આવા સાત્ત્વિક ઉપાય કરવા પ્રયત્નો કરું છું ત્યારે કાંતો થોડી વારમાં ઘેન ચડવા માંડે છે અને કલાકો સુધી કે ક્યારેક ૪-૫ દિવસ સુધી ઘેનમાં જ રહેવું પડે છે અને ક્યારેક તો છાતીમાં અચાનક એવું દબાણ થાય કે મારે એ જાપ પડતો જ મૂકવો પડે છે!

એક દિવસ યોગાનુયોગ તેમના ઘરે ગોચરી નિમિત્તે જવાનું થયું અને એ ભાઈના તથા તેમના ધર્મપત્નીના કહેવાથી માંગલિક સંભળાવવાની શરૂઆત કરી. નવકાર બોલીને જ્યાં વજ્રપંજર સ્તોત્ર બોલવાની શરૂઆત કરી કે અચાનક ભયંકર ગર્જના સાથે પેલા ભાઈ એકદમ ઉછળી પડ્યા અને ગુસ્સાના આવેશમાં બિહામણી આકૃતિ કરીને અરબસ્તાની ભાષામાં ધમકીઓ આપવા માંડ્યા. અવારનવાર આવું બનતું હોવાથી તેમનાં ધર્મપત્ની તથા બે બાળકો અરબસ્તાની ભાષાના થોડા

'રાધાવેધની રીતથી, જે જપે નવકાર; સહજ વેધ રસ તે લહે, જે જપે નવકાર.'—ઉપ

શબ્દોનો ભાવાર્થ, હાવભાવ વગેરે ઉપરથી સમજી શકે છે. તેથી તેમણે મને કહ્યું કે આ તમને એમ કહેવા માગે છે કે તમે તમારા ધર્મના મંત્રો બોલવાનું બંધ કરો નહિતર તમને મારી નાખીશ...ઇત્યાદિ.

આ સાંભળીને મેં પેલા પઠાણ પ્રત્યે મૈત્રીભાવના ચિંતવીને મનમાં જ નવકાર મહામંત્રનું સ્મરણ ચાલુ રાખ્યું...અને થોડી જ વારમાં પેલો પઠાણ ચાલ્યો ગયો અને તેની જગ્યાએ જે વ્યક્તિઓએ આ મેલી વિદ્યાનો પ્રયોગ કર્યો હતો. એ બે વ્યક્તિઓ પેલા ભાઈના શરીરમાં પ્રવેશીને રડતાં રડતાં કરુણ સ્વરે કહેવા લાગી કે, ''મહારાજ, સાહેબ અમને બચાવો! અમે ખૂબ જ દુઃખી છીએ! અમારો ઉદ્ધાર કરો!''... ઇત્યાદિ.

મેં તેમને કહ્યું, ''તમે શા માટે બીજા જીવોને દુઃખી કરવા માટે આવા પ્રયોગ અજમાવો છો? આવા પ્રયોગ કરવાનું છોડી દો અને બીજાને સુખ આપો તો તમે પણ સુખી થશો.''

તેમણે કહ્યું, ''અમે બધું સમજીએ છીએ પણ શું કરીએ? લાચાર છીએ. જેમ કોઈ દારૂડિયો દારૂના નુકસાનનો ખ્યાલ હોવા છતાં તેને છોડી શકતો નથી તેમ અમે પણ આ વ્યસનને છોડી શકતા નથી.''

તેમને પોતાનો પરિચય આપવા જણાવ્યું પણ તેમણે કહ્યું : ''અમારા જેવા પાપીઓનો પરિચય મેળવીને શું કરશો? એ વાત રહેવા દો..''

પછી તેમને પ્રાસંગિક થોડી હિતશિક્ષા આપી અને થોડી વારમાં એ વ્યક્તિઓ પણ જતી રહી, ત્યારે સ્વસ્થ બનેલા એ ભાઈની સમક્ષ મોટી શાંતિ વગેરે માંગલિક સંભળાવ્યું અને તેમને ઉપાશ્રયે આવવા જણાવ્યું.

થોડા સમય બાદ એ ભાઈ પોતાનાં ધર્મપત્ની સહિત ઉપાશ્રયમાં આવ્યા. અમોએ આચાર્ય ભગવંતને વધી હકીકતથી વાકેફ કર્યા હતા. તેઓશ્રીએ વાસક્ષેપ મસ્તક ઉપર નાંખતાં જ ફરી પેલો અરબસ્તાની પઠાણ જાગ્રત થયો અને અત્યંત ગુસ્સામાં પોતાની ભાષામાં મૂઠ્ઠી ઉગામીને ધમકીઓ આપવા લાગ્યો.

અમે પૂજ્યશ્રીને કહ્યું, ''આપ રહેવા દો, અમને નવકારનો પ્રયોગ અજમાવવાની અનુમતિ આપો.'' પૂજ્યશ્રીએ કહ્યું, 'ભલે.'

થોડી વાર બાદ પેલા ભાઈ જ્યારે મૂળ સ્વરૂપમાં આવી ગયા ત્યારે અમે તેમને ઉપાશ્રયના એક રૂમમાં લઈ ગયા. અમારામાંથી એક મુનિવર તેમની સામે બેઠા. બાકીના તેમની બાજુમાં ઊભા રહ્યા. વજ્રપંજર સ્તોત્ર દ્વારા આત્મરક્ષા કરીને મુનિવરે નવકાર સંભળાવતાં જ તરત પેલો પઠાણ છંછેડાયો અને ફરી પહેલાં કરતાં પણ વધુ ઉગ્ર રીતે ધમકીઓ આપવા લાગ્યો. એટલે તરત અમે બધા મુનિવરોએ પણ તાલબદ્ધ રીતે મોટે અવાજે નવકાર મહામંત્રનું રટણ શરૂ કર્યું. પઠાણના ગુસ્સાનો પાર ન રહ્યો. જાતજાતની ભયંકર મુદ્રાઓ દ્વારા મુનિવરને ડરાવવા અનેક પ્રયત્નો કરવા લાગ્યો. અત્યંત મજબૂત મુઠ્ઠી ઉગામીને એકદમ જોરથી મુનિવરના મોઢા સુધી લઈ આવતો! જાણે કે હમણાં જ મુનિવરની બત્રીશી તોડી નાંખશે કે તેમને મારી નાંખશે! ઢીલા-પોચા હૃદયની વ્યક્તિનું કદાચ હૃદય જ બેસી જાય એવી ભયંકર ગર્જનાઓ, ફૂત્કારો, ચીસો તથા ચેષ્ટાઓ કરવા લાગ્યો છતાં પણ મહામંત્રના પીઠબળથી જરા પણ ગભરાયા વિના મુનિવર પણ મોટે સ્વરે તાલબદ્ધ નવકારનું રટણ કરતા જ રહ્યા. લગભગ **વીસેક મિનિટ સુધી પઠાણે અનેક પ્રકારનાં તોફાનો કર્યાં પણ નવકારના અદશ્ય અભેદ્ય કવચને લીધે મુનિવરને જરા પણ સ્પર્શ કરી ન શક્યો!** તેથી હિંમતમાં આવી જઈને મુનિવરે તેના વાળ પકડી લીધા. ત્યારે તેનું મોઢું એકદમ દયામણું થઈ ગયું અને છેવટે, ''હવે મારો નમાઝ પઢવાનો સમય થઈ ગયો હોવાથી હું જાઉં છું.'' એવા પ્રકારના શબ્દો અરબસ્તાની ભાષામાં ઉચ્ચારીને તે જતો રહ્યો.

ત્યાર બાદ એક કાશ્મીરી ઓલિયો કે જે પહેલાં એ ભાઈને હેરાન કરતો હતો, પણ પાછળથી તેને

'ખેદ પ્રવૃત્તિ વિષે નહીં, મનચંચળતા જાય; જાપ જપતાં નવકારનો, સહજ સમાધિ થાય.'—૩૬

પશ્ચાતાપ થતાં હવે તેને યથાશક્ય સહાય કરતો હતો, તે પેલા ભાઈના શરીરમાં આવ્યો. તેની ભાષામાં કોઈ કોઈ હિન્દી ભાષાનાં શબ્દો આવતા હતા, જેથી અમે તેનો ભાવાર્થ કાંઈક સમજી શકતા હતા. અમે તેની સંમતિ મેળવીને હિન્દી ભાષામાં કેટલાક પ્રશ્નો પૂછ્યા, જેના તેણે પોતાની ભાષામાં સંતોષકારક જવાબો આપ્યા. વીસેક મિનિટ બાદ તે પણ જતો રહ્યો અને પેલા ભાઈ પોતાના અસલી સ્વરૂપમાં આવી ગયા.

નવકારના શબ્દોના રટણમાં આટલી તાકાત રહેલી છે, તો વિધિપૂર્વક નવકાર સાધનામાં કેટલી તાકાત હોઈ શકે? ઇત્યાદિ વિચાર કરતાં અમારું અંતર નવકારને અહોભાવપૂર્વક નમસ્કાર કરી રહ્યું હતું!...

"જીવનસાથી નવકારને નહિ જ છોડું!"

પ. પૂ. અચલગચ્છાધિપતિશ્રીનાં આજ્ઞાવર્તિની સા. શ્રી વસંતપ્રભાશ્રીજીનાં શિષ્યા શ્રી ચારુધર્માશ્રીજી

અમારા પરમોપકારી ગુરુદેવ પૂ. સા. શ્રી વસંતપ્રભાશ્રીજી મ. ને નવકાર મહામંત્રની સાધના કરતાં અનેક વિશિષ્ટ અનુભવો થયા છે. તેમાંથી ત્રણ અનુભવો અહીં રજૂ કરું છું. જે વાંચીને એકાદ પણ આત્મા નવકાર મહામંત્રની આરાધનામાં જોડાશે તો હું મારો પ્રયાસ સાર્થક થયો માનીશ.

દૈવી ઉપસર્ગમાં અડગતા

વર્ષો પૂર્વે જ્યારે પૂ. ગુરુદેવશ્રીએ નવકાર મહામંત્રનો વિધિવત્ નિયમિત જાપ શરૂ કર્યો ત્યારે થોડા દિવસો બાદ તેમને જાતજાતના ઉપદ્રવો થવા લાગ્યા. ક્યારેક આંતરિક તો ક્યારેક બાહ્ય ઉપદ્રવો લાગલાગટ ત્રણ વર્ષ સુધી ચાલ્યા. ક્યારેક તો એક-બે મહિના સુધી જાપ કરતાં બિલકુલ ભાવ ન આવે, કંટાળો આવવા માંડે. છતાં પણ દૃઢ નિશ્ચય કરી ગુરુદેવે જાપ ચાલુ જ રાખ્યો. નક્કી કરેલો જાપ પૂર્ણ ન થાય ત્યાં સુધી મોંમાં પાણી પણ ન નાંખવાનો તેમનો સંકલ્પ હતો!...

ત્રણ વર્ષ બાદ એક વખત તેઓ કચ્છ-માંડવીમાં હતા. ત્યારે ૩ દિવસ સુધી રાતના સમયે જાણે બ્રહ્માંડ ફાટી જાય એવા ભયંકર અવાજો તેમને સંભળાવા લાગ્યા. ચોથી રાત્રે સૂવાની જગ્યા બદલાવી નાખી. તો પણ પહેલાં કરતાં વધારે ભયંકર અવાજો સંભળાવા લાગ્યા. અને થોડીવાર બાદ કોઈક તેમની છાતી પર ચડીને બેસી ગયો અને ધમકાવીને કહેવા લાગ્યો, "તારો નવકાર છોડે છે કે નહિ!"

પૂ. ગુરુદેવશ્રીએ નીડરતાપૂર્વક કહ્યું : 'મરી જઈશ તો પણ મારા જીવનસાથી નવકારને નહિ જ છોડું... ભવોભવનો એ મારો સાથી છે, માટે એનો ત્યાગ તો કોઈ પણ સંયોગમાં નહિ જ કરું!!!...'

લગભગ વીસેક મિનિટ સુધી આવી રકઝક ચાલી. પણ પૂ. ગુરુદેવશ્રીની મક્કમતા જોઈ છેવટે બધું જ શાંત થઈ ગયું અને કોઈક દિવ્યપુરુષ પ્રગટ થયો. તેણે કહ્યું : 'મેં આપને ઘણા જ હેરાન કર્યા છે. કૃપા કરીને આપ મને ક્ષમા આપો.'

તેમણે કહ્યું : 'મારા તરફથી ક્ષમા જ છે પણ તું આવી રીતે બીજા કોઈને હેરાન ન કરીશ અને જૈન ધર્મનો સ્વીકાર કરજે.'

'તથાસ્તુ' કહીને તે અંતર્ધાન થઈ ગયો!!!...

"સમવસરણનાં દર્શન થયાં!"

એક વખત પૂ. ગુરુદેવશ્રી, પોતાના વડીલ સાધ્વીજીઓ સાથે શંખેશ્વર તીર્થે ગયા હતા. કુલ

૪ ઠાણા હતા. પૂ. ગુરુદેવશ્રીને શંખેશ્વરમાં અઠ્ઠમ કરવાની ખૂબ ભાવના હતી પણ સંયોગવશાત્ વડીલો તરફથી અઠ્ઠમ માટે અનુમતિ મળી શકે તેમ ન હતી. પૂજ્યશ્રી જ્યારે રાધનપુર પહોંચ્યા ત્યારે અઠ્ઠમની ભાવના સાથે રાત્રે નવકાર મહામંત્રનું સ્મરણ કરતાં કરતાં નિદ્રાધીન થયા, અને તેમણે સ્વપ્ન જોયું : 'એક મોટા હોલમાં ઘણા સાધ્વીજીઓ બિરાજમાન હતા. ત્યાં અચાનક એક મોટો નાગ આવ્યો કે જે ખૂબ જ ચમકદાર કાંતિયુક્ત હતો. પૂ. ગુરુદેવશ્રીએ અન્ય સાધ્વીજીઓને પૂછ્યું, 'આવા મોટા નાગને જોઈને તમને ભય નથી લાગતો!' ત્યારે વયોવૃદ્ધ વડીલ સાધ્વીજીઓએ કહ્યું કે, 'આ તો ધરણેન્દ્રદેવ છે, એટલે અમને ભય નથી લાગતો.'

ત્યાં તો એક નાનકડો બાળક રડતો રડતો ત્યાં આવ્યો. પૂ. ગુરુદેવશ્રી તેને ઊપાડવા જાય છે, ત્યાં કોઈક એમને કહે છે, 'જો તમે આ બાળકને ઉપાડશો તો આ નાગદેવ તમને ડંખ મારશે.'

પૂજ્યશ્રીએ કહ્યું : 'ભલે ડંખ મારે પણ હું તો આ બાળકને રડતો જોઈ શકતી નથી' એમ કહી એ બાળકને ઉપાડ્યો અને **તેને નવકાર મહામંત્ર સંભળાવ્યો. ત્યારે તે બાળક ખૂબ જ રાજી થઈ ગયો અને પેલા નાગદેવને કહ્યું, 'બાપા, બાપા, મને જે જોઈતું હતું તે મળી ગયું. તમે આમને કાંઈક વરદાન આપો!'**

ત્યારે નાગરાજે પૂ. ગુરુદેવશ્રીને કહ્યું, 'માંગો, માંગો, તમને જે જોઈએ તે આપું.'

પૂજ્યશ્રીએ કહ્યું, 'મને બીજું કાંઈ જ નથી જોઈતું પણ હું શંખેશ્વર જાઉં છું. ત્યાં મારી અઠ્ઠમ કરવાની ભાવના છે. તે નિર્વિઘ્નતાએ પૂર્ણ થાય એટલું જ ઈચ્છું છું!'

'તથાસ્તુ' કહીને નાગરાજ અદશ્ય થઈ ગયા.

પછી પૂજ્યશ્રી શંખેશ્વર પહોંચ્યા. વડીલોની અનુમતિ મેળવી અઠ્ઠમ તપ કર્યો. ત્રીજા ઉપવાસે રાત્રે સૂતી વખતે થોડી ચિંતા થઈ કે સવારના સમયસર નહિ ઉઠાશે તો રોજના સંકલ્પ પ્રમાણે જાપ કેમ થઈ શકશે?' જાપ પૂર્ણ કર્યા વિના મુખમાં પાણી પણ નહિ નાખવાનો સંકલ્પ હતો.

એ જ ચિંતામાં સૂઈ ગયા અને રાત્રે ૧૨ વાગે નિદ્રા દૂર થતાં બેસી ગયા અને નવકાર મહામંત્રનો જાપ કરવા લાગ્યા.

૧૦-૧૨ નવકાર ગણ્યા ત્યાં તો શ્રી ભીડભંજન પાર્શ્વનાથ ભગવાન એમની સામે આવીને બેસી ગયા ને નવા-નવા રૂપ કરવા લાગ્યા.

પૂ. ગુરુદેવશ્રી કહેવા લાગ્યા : 'તમે તો વીતરાગ ભગવાન છો. તો પછી નવાં-નવાં રૂપ લઈને મને કેમ રમાડો છો?'

તો પણ એ દશ્ય ચાલુ રહ્યું. ત્યારે પૂ. ગુરુદેવશ્રીએ કહ્યું, 'તમે મને શ્રી સીમંધરસ્વામી ભગવાનનાં દર્શન કરાવો.'

અને, ખરેખર ત્યાં પૂજ્યશ્રીને અદ્‌ભુત સમવસરણનાં દર્શન થયાં. તેમાં બિરાજમાન થયેલા શ્રી સીમંધરસ્વામી ભગવાન અમૃતથી પણ સુમધુર વાણીમાં, "પ્રમાદ ત્યાગ" વિષેની દેશના આપી રહ્યા હતા!... ભગવંતના શબ્દો પણ પૂ. ગુરુદેવશ્રીએ સ્પષ્ટ સાંભળ્યા. પૂજ્યશ્રીના આનંદનો પાર ન રહ્યો. થોડી વાર બાદ ઘંટનાદ સંભળાયો, અને સમવસરણ અદશ્ય થઈ ગયું. તેની જગ્યાએ ફરી પેલા ભીડભંજન દાદા ત્યાં આવી ગયા અને કેટલીક વાર બાદ તે પણ અદશ્ય થયા ત્યારે ઘડિયાળમાં બેના ડંકા થયા આમ બે કલાક સુધી પૂજ્યશ્રીએ કોઈ અલૌકિક દુનિયાનો આનંદ અનુભવ્યો. પછી પણ સવાર સુધી નવકાર જાપમાં જ લીન રહ્યા. સૂતા નહિ!... ને સવારે દેરાસરમાં દર્શન કરવા ગયા ત્યારે ત્યાં પણ રાત્રે દેખાયા હતા તેવા જ સ્વરૂપમાં શ્રી ભીડભંજન પાર્શ્વનાથ ભગવાનનાં દર્શન થયાં અને અપૂર્વ આનંદની અનુભૂતિ થઈ.

"દેહભાન ભૂલાઈ ગયું!"

એક વખત કચ્છ-માંડવીમાં પૂ. ગુરુદેવશ્રીએ ખીરના ૨૦ એકાસણા તથા મૌન સહિત ૧ લાખ નવકાર જાપનો સંકલ્પ કર્યો હતો. રોજ ૫૦ બાંધી

'તેજ હણાયું આંખનું, વળી હરાયું મુખનું નૂર; તો નવકાર મંત્રના જાપથી, વાધે તેજ ભરપુર.'—૩૮

માળાને જાપ થતો. ત્યારે એક દિવસ પૂજ્યશ્રી જાપમાં એવા ખોવાઈ ગયા હતા કે તેમના શરીર ઉપર પુષ્કળ કીડીઓ ચડી ગઈ અને કપડાંમાં છિદ્ર પડી ગયાં. કીડી એવા ચટકા ભરવા લાગી તો પણ ઘણી વાર સુધી પૂજ્યશ્રીને ખબર પણ ન પડી. આમ નવકાર મહામંત્રના જાપ દ્વારા પૂજ્યશ્રીએ દેહાધ્યાસ ઉપર ઠીક ઠીક વિજય મેળવ્યો છે. આવા તો બીજા ઘણા અનુભવો છે પણ પૂજ્યશ્રી બને ત્યાં સુધી કોઈને પણ જણાવતા નથી. છતાં કોઈને પણ આ અનુભવો વાંચીને નવકાર પ્રત્યે અટલ શ્રદ્ધા જાગે અને તેની આરાધના દ્વારા આત્મકલ્યાણ સાધી શકે એવા શુભ આશયથી અહીં ૩ પ્રસંગો રજૂ કર્યા છે.

"નમસ્કાર ત્યાં ચમત્કાર"

વિધિકાર શ્રી નરેન્દ્રભાઈ રામજી નંદુ
રામરતન ત્રિપાઠી ચાલ, એસ. વી. રોડ,
જોગેશ્વરી (વેસ્ટ), મુંબઈ. ફોન : ૬૨૧ ૩૮૮

સંવત ૨૦૩૦નું વર્ષ. કચ્છ વાંઢમાં પૂજ્ય સા. શ્રી વસંતપ્રભાશ્રીજી મ. સા. નો પરિચય થતાં રોજ એક બાધી નવકારવાળી ગણવાની બાધા લીધી. નવકારની એ માળા ગણવામાં શરૂઆતમાં તો ફક્ત વેઠ જ ઉતારતો. મારા પુણ્યયોગે કહો કે એ નવકારના પ્રભાવે કહો પણ ધાર્મિક શિબિરોમાં ભાગ લેવાનું પુણ્ય જાગ્યું. પૂજ્યપાદ ગુરુ ભગવંતોની વાણીના પ્રતાપે હૃદયમાં જૈન શાસન પ્રત્યે બહુમાન પેદા થયું. જીવનનાં પરિવર્તનની શુભ શરૂઆત થઈ.

એક વખત પૂ. મુનિરાજશ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબે શિબિરમાં નવકારમંત્રના પ્રભાવનું એક દૃષ્ટાંત કહ્યું. એમાં એક અન્ય ધર્મીભાઈ કોઈ જૈનભાઈને પોતાનો ધર્મ મહાન છે અને કેવો ચમત્કારિક છે તે બતાવવા એક ભુવા પાસે લઈ જાય છે. આ બાજુ પેલા જૈનભાઈ ભુવાને જોતાં જ શ્રદ્ધા વગર ફક્ત નવકાર ગણે છે. ભુવા પાસે આવ્યા હતા ચમત્કાર જોવા પરંતુ પોતાના જીવનમાં ચમત્કાર સર્જાઈ ગયો. ભુવો ધુણતો જાય છે પરંતુ એની શક્તિ કામ નથી આવતી. ભુવો આ જૈનભાઈના શરીરમાં કોઈ મેલી વિદ્યાનો પ્રવેશ કરાવવા માગે છે. આખરે ભુવો હારે છે અને જૈનભાઈને કહે છે કે તું જે નવકાર ગણે છે, તેના પ્રભાવે મારી શક્તિ કામ નથી કરી શકતી. આ જૈનભાઈના જીવનમાં 'ટર્નીંગ પોઈન્ટ' આવી ગયો. વગર શ્રદ્ધાએ ગણેલા નવકાર પણ જો આવો ચમત્કાર બતાવી શકતા હોય તો બહુમાનપૂર્વક અને શ્રદ્ધાપૂર્વક એનો જાપ કરવામાં આવે તો શું ચમત્કાર ન કરી બતાવે એ સવાલ છે.

બાવાજીનું વશીકરણ નિષ્ફળ નીવડ્યું

ઉપરોક્ત દૃષ્ટાંત પૂ. ગુરુ ભગવંતે સંભળાવેલ એને અઠવાડિયું વીતી ગયું અને મારા જીવનમાં આવો જ એક પ્રસંગ બની ગયો. સંવત ૨૦૩૫ની સાલ હતી. હું બપોરના સમયે મારી દુકાનમાં બેઠો હતો. મારી સાથે બીજા ત્રણ જણા બેઠા હતા. એવામાં એક અઘોરી બાવાને મેં દુકાન તરફ આવતો જોયો. લગભગ સાડા છ ફૂટની ઊંચાઈ, ભરાવદાર ચહેરો, લાલઘુમ મોટી આંખો, વિશાળ કપાળ, પડછંદ કાયા, એક હાથમાં ત્રિશુળ અને બીજા હાથમાં કમંડળ, ગળામાં રુદ્રાક્ષની માળા. એને જોતાં જ ગભરાઈ જઈએ, એવો ભયંકર લાગતો હતો. બાવો જેવો આવીને ઊભો રહ્યો કે તરત જ ઉપરોક્ત દૃષ્ટાંત જે શિબિરમાં સાંભળ્યું હતું તે મને યાદ આવી ગયું. મે મનમાં નવકાર

ગણવાની શરૂઆત કરી દીધી. મારી બાજુમાં બેઠેલા ભાઈઓ પણ થોડાક અસ્વસ્થ થઈ ગયા. બાવો એકીટસે મારી સામે જોયા કરે છે, કોઈક વશીકરણના પ્રયોગની જેમ જ! કાંઈ બોલતો નથી. પાંચેક મિનિટ પસાર થઈ ગઈ. બાવો ત્રાટક કરતો હતો. મને હવે ગભરામણ થવા લાગી. મેં પણ ખૂબ જ શ્રદ્ધાપૂર્વક નવકારનો જાપ ચાલુ રાખ્યો. થોડીક ક્ષણો બાદ બાવાજીએ મૌન તોડ્યું અને મને ઉદ્દેશીને કહ્યું, ''બચ્ચા, તુમ કુછ વિદ્યા જાનતે હો? મેં જવાબ આપ્યો કે 'હમારે પાસ આપકે જૈસી વિદ્યા કહાંસે હો સકતી હૈ?' એણે કહ્યું. **'તુમ ઝૂઠ બોલતે હો, તુમ અભી જો મંત્રજપ કરતે હો, ઉસસે મેરી વશીકરણ વિદ્યા નિષ્ફલ હો રહી હૈ!'** પછી પ્રશ્ન કર્યો, ''તુમ્હારી શાદી હો ગઈ?'' હવે મારામાં હિંમત આવી હતી. મેં વળતો પ્રશ્ન કર્યો. ''આપ અપની વિદ્યાસે બતાઓ. એણે કહ્યું, ''શાદી હુઈ નહીં હૈ મગર ૧૫ દિનમેં નક્કી હો જાયેગી!'' મારે એ વર્ષમાં લગ્ન કરવાં જ ન હતાં અને લગ્નની કોઈ વાત ચાલતી પણ ન હતી. મને લાગ્યું કે બાવો ખોટું બોલે છે.

પછી બાવાએ મને ૧૦૦ થી લઈ ૧૧૦ ની વચ્ચે કોઈ પણ રકમ ધારવાનું કહ્યું. મેં મનમાં ૧૦૫ ધારી લીધા. બીજી જ ક્ષણે એણે કાગળ ઉપર '૧૦૫' લખી દીધા. આ જોઈ હું તાજુબ થઈ ગયો. બાવો જતાં જતાં કહેતો ગયો. તારો મંત્ર જોરદાર છે, મારા આટલા વરસોની સાધના અને શક્તિ આજે પોતાનો પરચો બતાવી શક્યા નથી. બાવો 'છ મહિના બાદ આવીશ' એમ કહી ચાલ્યો ગયો, તે આજ સુધી આવ્યો નથી. ત્યારબાદ ૧૫ દિવસમાં મારા સગપણ અને એક મહિનાની અંદર લગ્ન થઈ ગયાં!

આ દિવસથી નવકાર મંત્ર ઉપર મારી શ્રદ્ધા ખૂબ જ વધી ગઈ.

ત્યાર પછી તો નવકાર મંત્રના પ્રભાવે નાના-મોટા અનેક પ્રસંગોએ નવકાર પ્રત્યેની શ્રદ્ધા ઉત્તરોત્તર વધતી જ રહી છે. તેમાંના બે-ત્રણ પ્રસંગોનો અહીં ઉલ્લેખ કરું છું.

નવકારે જીવન બક્ષ્યું

આયંબિલની ઓળીના દિવસો ચાલુ હતા. મેં પણ ઓળી કરવાનો નિર્ણય કર્યો. આયંબિલનો ત્રીજો દિવસ અને એ જ દિવસે એક ટ્રકનો સોદો થયો અને બપોરના એક વાગ્યા પહેલાં ટ્રકનું મુહૂર્ત કરવાનો ટાઈમ. આ બાજુ એક વાગ્યાથી બે વાગ્યા સુધી જોગેશ્વરી(ઈસ્ટ)માં શ્રીપાળરાજાનો રાસ હું વાંચતો. ટ્રક લેવા મલાડ ગયો. ત્યાં દોઢ વાગી ગયો. મારે રાસ વાંચવા સમયસર પહોંચવું હતું. મેં મલાડથી જોગેશ્વરી આવવા રીક્ષા કરી. ગોરેગામ સમ્રાટ ટોકીઝ આગળ રોડ ડિવાઈડર સાથે રીક્ષા અથડાઈ અને ગુલાટ ખાઈ ઊંધી વળી ગઈ.

હું અને રીક્ષાચાલક બેઉ નીચે દબાઈ ગયા. લગભગ ૪૦૦ માણસોનું ટોળું ત્યાં જમા થઈ ગયું. અમને બેઉને ખેંચીને જેમ તેમ બહાર કાઢ્યા. મને માથામાં મૂઢ માર લાગ્યો હતો પરંતુ રીક્ષાવાળાનો એક હાથ અને એક પગ કપાઈ ગયા. પુષ્કળ લોહી વહેતું હતું. રીક્ષાની પાછળ એક ટ્રકવાળો હતો એણે મને કહ્યું. 'શેઠ! તમારું નશીબ જોરદાર છે. મારી અચાનક બ્રેક લાગી નહિ તો રીક્ષા અને તમારા બંનેનો ભુક્કો બોલાઈ જાત. રીક્ષાચાલકની હાલત ગંભીર હતી. એને હૉસ્પિટલમાં લઈ ગયા અને હું જોગેશ્વરી પાછો આવ્યો. બે દિવસ તકલીફ હતી પણ પછી સારું થઈ ગયું. રીક્ષામાં મારા નવકાર ચાલુ હતા. આયંબિલના તપ અને નવકારના જાપે નવું જીવન બક્ષ્યું.

એક વખત અમે ત્રીસેક જણા ટિટવાલા ગયા હતા. ત્યાંથી પાછા વળતા બધા જણા ત્રણ ટાંગામાં ગોઠવાઈ ગયા. આ બાજુ રસ્તો સાંકડો અને એક નાળું આવતું હતું. ત્યાં લગભગ ૨૫ ફૂટની ઊંચાઈ હતી. સામેથી એક રીક્ષા આવી રહી હતી. રીક્ષાના હોર્નના કારણે ઘોડા ભડક્યા, રસ્તાની બાજુએ વળ્યા અને અમે ટાંગા સહિત ઉપરથી નીચે ૨૫ ફૂટ ઊંડી ખાઈમાં પડ્યા!

'દુષ્કર માયા ત્યાગ છે, તે પણ સુકર થાય; જાપ જપતાં નવકારનો, માયા થાય વિદાય.'–૪૦

પણ... **મારી રોજિંદી ટેવ મુજબ ઘરથી બહાર નીકળ્યા પછી હાલતાં-ચાલતાં કે કોઈ પણ વાહનમાં બેઠો હોઉં ત્યારે નવકાર મહામંત્રનું રટણ ચાલુ જ હોય તેમ આજે પણ નવકાર સ્મરણ ચાલુ જ હતું.**

પરિણામે... જ્યાં બચવાની પણ શક્યતા ન હતી, ત્યાં કોઈને ખાસ કશું વાગ્યું નહિ... પડ્યા બાદ, પાંચ મિનિટમાં હું ભાનમાં આવી ગયો. હું ટાંગામાં આગળ જ બેઠો હતો.

ત્યારે મને પેલી પંક્તિ યાદ આવી ગઈ–

'જેના હૈયે શ્રી નવકાર, તેને કરશે શું સંસાર?'

મેલી વિદ્યા નિષ્ફળ થઈ

એક વખત નવપદજીની ઓળી દરમ્યાન હું જોગેશ્વરીમાં સંઘના લોકોના આગ્રહથી શ્રીપાળ રાસ વાંચતો હતો. તે દરમ્યાન એક દિવસ એક આધેડ વયનાં બેન મારી પાસે આવ્યા અને આંખોમાં અશ્રુ સાથે હાથ જોડીને તેઓ મારી પાસે માફી માંગવા લાગ્યા.

હું તો અચાનક આ દશ્ય જોઈને આશ્ચર્યમાં પડી ગયો. કારણ કે એ બેનને હું ઓળખતો ન હતો. તેમ તેમની સાથે મારે કાંઈ અણબનાવ થયો ન હતો. એટલે મોટી ઉંમરના એ બેનને મારી સમક્ષ હાથ જોડીને માફી માંગતાં જોઈ મને પણ ક્ષોભ થયો અને મેં તેમને માફી માંગવાનું કારણ પૂછ્યું. ત્યારે તેમણે નિખાલસતાપૂર્વક કહ્યું કે, 'તારી આવી વક્તૃત્વશક્તિ જોઈને મને ઈર્ષ્યા જાગી. પરિણામે મેં તને હેરાન કરવા માટે તારી ઉપર મેલી વિદ્યાનો પ્રયોગ કર્યો હતો પણ **નવકાર મંત્રના પ્રભાવે તારું પૌઠબળ મજબૂત હોવાથી એ મેલી વિદ્યાની તારા ઉપર કાંઈ જ અસર ન થઈ. પરંતુ એ પ્રયોગથી હું જ પીડાઈ રહી છું. હવે તો તું મને માફી આપે તો જ આમાંથી હું મુક્ત થઈ શકું!'**

મેં તરત જ એ બેનને કહ્યું કે, મારા તરફથી હું તમને માફી આપું છું. મને તમારા પ્રત્યે જરા પણ અભાવ નથી.' આ સાંભળી તે બેને ગદ્‌ગદ હૈયે ફરીથી મારી માફી માંગી આનંદપૂર્વક ત્યાંથી વિદાય લીધી. પછી તો લગભગ દર વર્ષે તેઓ મારી સાથે સાંવત્સરિક ક્ષમાપના અચૂક કરે જ છે.

આ બનાવ પછી તો નવકાર પ્રત્યેની મારી શ્રદ્ધા ખૂબ ખૂબ વધી ગઈ. અને **શ્રી દેવ-ગુરુની અસીમ કૃપાથી મેં અત્યાર સુધીમાં ૩ વાર એકાસણાં તથા બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા સાથે ૧-૧ લાખ નવકાર જાપના અનુષ્ઠાન કર્યા છે.**

પહેલાં કોઈ નાનકડી સભામાં બોલવાનો પ્રસંગ આવે તો પગ ધ્રુજતા હતા અને બોલી શકાતું નહોતું, આજે શ્રી નવકારના પ્રભાવે એવો આત્મવિશ્વાસ આવી ગયો છે કે હજારોની મેદનીને સંબોધતાં જરા પણ ખચકાટ થતો નથી.

વિવિધ પૂજનો ભણાવવાના પ્રસંગોમાં પણ દરેક ઠેકાણે ખૂબ સુંદર અસર થાય છે.

અનેક વાર સગા સંબંધીઓના અંતિમ સમયે તેમના મસ્તક પર હાથ ફેરવતાં નવકાર ગણવાથી તેમની અસહ્ય વેદના તરત શાંત થઈ ગઈ ને તેમને ખૂબ જ સમાધિપૂર્વક પંડિત મૃત્યુની પ્રાપ્તિ થઈ હોય તેવા અનુભવો પણ થાય છે.

ખરેખર શાસ્ત્રોમાં નવકાર મહામંત્રનો જે મહિમા દર્શાવવામાં આવ્યો છે, તેમાં જરા પણ અતિશયોક્તિ નથી. શ્રદ્ધાપૂર્વક મહામંત્રનું સ્મરણ કરવાથી આજે પણ તેનો મહિમા અનુભવી શકાય છે, એમ ઉપરોક્ત પ્રકારનાં અનુભવોથી હું ખાતરીપૂર્વક કહી શકું છું.

'બ્રહ્માસ્ત્ર સમાન જાણજો, મહામંત્ર નવકાર; વિકટ વેળાએ આપતો, સાધક સહાય અપાર.'–૪૧

નવકાર મંત્રે ઉગાર્યા

એમ. એસ. પાટડિયા

[રાજકોટથી પ્રસિદ્ધ થતા ''પરમાર્થ'' માસિકના ઈ. સ. ૧૯૮૬ના જુલાઈ માસના અંકમાંથી સાભાર ઉદ્ધૃત. □ સં.]

શંખલપુર ગામ. આ ગામની દક્ષિણે ૫ કિલોમીટર દૂર વર્ષો પહેલાંની ગુફાઓ. આ ગુફાઓ અસંખ્ય કારીગરોએ એવી રીતે પથ્થરમાંથી કોતરી હશે કે જાણે એક અજાયબી જેવું લાગતું. ગુફાઓમાં નાના નાના પથ્થરના રથો, સૂર્યરથ, નટરાજ, શંકરનું તાંડવનૃત્ય, તમામ ઋષિઓ, ૨૪ તીર્થંકરો તેમજ અન્ય કલાકૃતિઓ કંડારાયેલી હતી. આ બધી મૂર્તિઓ પહાડમાં જ કોતરાયેલી. એક જગ્યાએ સભામંડપ. આ સભામંડપને બત્રીસ થાંભલાઓ. ગમે તે જગ્યાએથી ઊભા રહીને ગણી શકાય પણ ખરી વાસ્તવીકતા એ હતી કે કોઈ પણ થાંભલી એકબીજીને નડતરરૂપ નહોતી. ગુફાની રચના એવી હતી કે જે રસ્તેથી પ્રવાસીઓ જાય તે જ રસ્તેથી પાછા ફરવા પડતું. પ્રવેશદ્વાર એવું હતું કે સામાન્ય રીતે પ્રવાસીઓ જવાની હિંમત ન કરે. કારણ કે આ ગુફાના મુખ્યદ્વાર ઉપર હજારો મણની એક મહાકાય પથ્થરની શિલા આધાર વિના લટકતી રહેલી. હજારો મુસાફરોએ આ ગુફાની મુલાકાત લીધેલી. ગામથી દૂર હોવાથી તેમજ આ જ ગામની સરહદમાં હોવાથી ગ્રામજનોને આ બાબતમાં બિલકુલ રસ નહીં. તેઓને મન આ સામાન્ય વસ્તુ હતી.

સરોડી ગામમાં હેમચંદભાઈ વણીકનું કુટુંબ રહે. આ કુટુંબ ખૂબ જ સુખી. તેમને સંતાનમાં પાંચ પુત્રી તથા એક પુત્ર પીયૂષ હતો. પીયૂષ દસમા ધોરણમાં અભ્યાસ કરતો. ખૂબ જ ધાર્મિક વૃત્તિવાળો. નાનપણથી દેરાસર જવાની કાયમી ટેક. એક પણ દિવસ એવો ન હોય કે પીયૂષની દેરાસરમાં હાજરી ન હોય. તબિયત બીમાર હોય તો ઘોડાગાડી કરીને પણ હેમચંદભાઈ સાથે દેરાસર જાય. **સવારે તથા સાંજે નમો અરિહંતાણમું, નમો સિદ્ધાણમું, એમ નવકારમંત્રની પચાસ માળાઓ કર્યા પછી જ રાત્રે સુવાની ટેવ હતી. પોતે એમ માનતો કે આજે જગતમાં માનવોનું વિશ્વચક્ર ચાલે છે. તેમાં દૈવીકૃપા છે અને ક્ષણે ક્ષણમાં મહાવીર સ્વામી સાથે જ છે. ઘણી વખત સ્વપ્નમાં પીયૂષ તેજપુંજના દર્શન કરતો. તેથી તે માનતો કે આત્માનું ઉચ્ચ કોટી સાથે જોડાણ થયેલું છે. પણ આ વાત કુટુંબના કોઈ સભ્યને જણાવતો નહીં.**

આ જ ગામની હાઈસ્કૂલના ઘનશ્યામભાઈ દવે આચાર્ય. તેઓ સારા સ્વભાવના. બાળકોને સંસ્કારના શિક્ષણની સાથેસાથે રમતગમતના દરેક સાધનો હાઈસ્કૂલમાં વસાવેલા. વ્યાયામના સમયે વિદ્યાર્થીઓને રમતગમત પોતે રમાડતા, એક દિવસ આચાર્ય સાહેબે ઉચ્ચતમ ધોરણના વિદ્યાર્થીઓને કહ્યું કે, તમારે પ્રવાસમાં આવવું હોય તો દરેક વિદ્યાર્થીએ વાલીની સંમતિની સહીવાળું સંમતિપત્ર તથા પંદર રૂપિયા લેતા આવવાનું. વધારાનો ખર્ચ શાળામાંથી કરવામાં આવશે. તેમજ જમવા માટે દરેક વિદ્યાર્થીએ ટીફીનની વ્યવસ્થા પોતે કરવાની રહેશે. સાંજના મોડી રાત્રે બસમાં પરત આવવાનું છે એમ કહીને દરેક વિદ્યાર્થીને હાઈસ્કૂલનો પત્ર આપ્યો. વિદ્યાર્થીઓ ખૂબ ખૂબ રાજી થયા. મુકેશ મોનીટરે કહ્યું : સાહેબ પ્રવાસ ક્યારે થવાનો છે? તેથી આચાર્યસાહેબે જણાવ્યું કે, આજથી પાંચમા દિવસે

'ગ્રહો ચરણ પરમેષ્ઠિનાં, આપે સિદ્ધિ અપાર, જન્મ-મરણ ફેરા ટળે આપે સિદ્ધિ સાર.'—૪૨

પ્રવાસ થશે. સવારમાં છ વાગ્યે દરેક વિદ્યાર્થીએ ટીફીન સાથે આવવાનું રહેશે. જે વિદ્યાર્થીની વાલીની સંમતિ નહીં હોય તેને બસમાં પ્રવેશ મળી શકશે નહીં.

સાંજના સ્કૂલેથી છૂટીને પીયૂષે સંમતિપત્ર પોતાની માતા,સમક્ષ રજૂ કર્યો. માતા ચારુલતાએ કહ્યું કે તારા પિતાજી પેઢીએ છે તે આવે ત્યારે સમજાવજે. અને તેમની સહી લઈ લેજે. અંતે તો નિર્ણય તારા પિતાજીએ કરવાનો છે.

રાત્રે પિતાજી હેમચંદભાઈ પેઢીએથી આવ્યા. જમ્યા પછી પુત્ર પીયૂષે વાત કરી કે બાપુજી મારે આપણા સાહેબ સાથે પ્રવાસમાં જવું છે, તેથી આ પત્રમાં સહી કરી આપો અને મને પંદર રૂપિયા આપો. હું કાલે સાહેબને આ બંને આપી દઈશ.

આ વાત સાંભળતાં હેમચંદભાઈએ કહ્યું કે પીયૂષ તું હજુ મારી દૃષ્ટિએ નાનો છે. તારે પાંચ બહેનો છે અને તું મને લાડકો છે. તને બહાર મોકલવાનો મારો જીવ બિલકુલ ચાલતો નથી. તું કહે તો હું તને કહે ત્યાં ફરવા માટે લઈ જાઉં પણ તું પ્રવાસની વાત છોડી દે.

પણ બાપુજી, હવે તમે ચપટીમાં જીવ રાખો મા. જેનું હું રાત્રી અને દિવસ સ્મરણ કરું છું, મારા શ્વાસોશ્વાસમાં મહાવીર સ્વામી છે, મારા દરેક રૂંવાડામાં મહાવીર સ્વામીના નામનો નાદ નીકળે છે. તે ખુદ જ મારી સાથે છે, તો પછી તમારી ચિંતા રાખવાનું કારણ શું? હું મારી માળા સાથે લઈ જઈશ સવારે બસમાં પચીસ માળા ફેરવી લઈશ અને સાંજે મોડું થશે તો બસમાં સાંજની પચીસ માળા ફેરવી લઈશ. બાકી હું બહાર નીકળું ત્યારથી તમારે માનવું કે હું અને મહાવીર સ્વામી સાથે છીએ. સમગ્ર બ્રહ્માંડ ધ્રુજી ઊઠે તો પણ તમે તમારા હૈયાને મજબૂત રાખજો. મને મહાવીર સ્વામી ઉપર પૂરો ભરોસો છે. કોઈનાથી વાંકો વાળ થઈ શકે તેમ નથી. આ પ્રમાણે જણાવતાં પિતાજીએ પત્રમાં તરત સહી કરી દીધી અને પંદર રૂપિયા હાથમાં આપ્યા ને કહ્યું કે, પીયૂષ, તું હવે ખરેખર ધર્મની આરપાર ઊતરી ગયો છે. તું ખુશીથી પ્રવાસમાં જા. અહીંયાંની કોઈ ચિંતા રાખીશ નહીં. ત્યાં તો પીયૂષ સંમતિપત્ર તથા પંદર રૂપિયા લઈને નવકાર મંત્રની માળા કરવા બેસી ગયો.

અગિયાર વાગ્યે હાઈસ્કૂલમાં બધા વિદ્યાર્થીઓની જોડે પીયૂષે પણ સંમતિપત્ર અને પંદર રૂપિયા ઘનશ્યામ સાહેબને આપ્યા. એકંદરે એકસો વિદ્યાર્થીઓનાં સંમતિપત્રો તથા રકમ એકત્ર થઈ. બે બસનું રીઝર્વેશન કરાવ્યું. ત્રણ દિવસ બાદ શાળાના બે શિક્ષકો તથા આચાર્ય સાહેબની સાથે સો વિદ્યાર્થીઓ સહિત શંખલપુરની ગુફાના પ્રવાસે ૭ વાગે ઉપડ્યા.

રસ્તામાં વાસુકી મંદિર તથા વર્ષો પહેલાં પોતાના જીવોનું બલિદાન આપેલા બસો મોટા મોટા પાળીયાઓ જોયા. વિગત તપાસતાં જાણવા મળ્યું કે આ જગ્યાએ બે લગ્નની જાન તથા બહાર-વટીયાઓ સાથે ધીંગાણું થયેલું, તેના આ પાળીયા છે. બરાબર દસ વાગે શંખલપુર ગામ પાસેથી બસ પસાર થઈ. ગામથી ગુફા ૫ કિલોમીટર દૂર હતી તેમજ ગામના પાદરમાંથી રસ્તો જતો હતો તેથી ગામજનો નિહાળી શકે કે બસમાં પેસેન્જરો છે કે પ્રવાસીઓ. ગામ પાસેથી ખાડા ટેકરા પથ્થર ઢાળ પસાર કરતી બસ અગિયાર વાગે ગુફાથી અર્ધો કિલોમીટર દૂર ઊભી રહી. શિક્ષકો તથા વિદ્યાર્થીઓએ હવે પગપાળા પ્રવાસ શરૂ કર્યો. વિદ્યાર્થીઓમાં કુતૂહલ હતું કે કઈ કઈ મૂર્તિઓ હશે? કેવી હશે? પથ્થરના પહાડમાંથી કેવી રીતે કોતરકામ થયું હશે? કેટલાં વર્ષો પહેલાંની ગુફાઓ હશે? વગેરે વાતો કરતા કરતા બરાબર બાર વાગે ગુફાનાં દ્વાર પાસે એકસો ત્રણ પ્રવાસીઓનું ટોળું ઊભું રહ્યું.

ભોંયરામાંથી આરપાર નીકળી શકાય છે કે કેમ? તે કોઈ જાણતું નહોતું. પણ તેની રચના કોઈ એવા ઈલમી કારીગરોએ એવી કરી હતી કે સૂર્યના પ્રકાશના શેરડા ઠેકઠેકાણે જોવા મળતા. આચાર્યસાહેબ સાથે વિદ્યાર્થીઓ ગુફામાં દાખલ

'દૂર કરે પાતક બધાં, કરે સંકટમાં સંહાય; કલ્પવૃક્ષ કામધેનુ સમો, નવકાર મંત્ર છે ભાઈ.'—૪૩

થયા. પ્રથમ ગણપતિની મૂર્તિ હતી. શરીર ચાર અને મોઢું એક, ગમે તે દિશામાંથી જુઓ તો મોઢું સામે જ લાગે. આગળ વધતાં તમામ તીર્થંકરોની મૂર્તિઓ, મહાવીર સ્વામી, વિષ્ણુ, ગંધર્વો, વગેરેની મૂર્તિઓ જોઈ, આગળ પસાર થતાં ભગવાન શંકરની તાંડવ નૃત્યની મૂર્તિનાં દર્શન કર્યાં. એક વિદ્યાર્થીએ પ્રશ્ન કર્યો કે સાહેબ, આ મૂર્તિ નાચ કરતી કેમ દેખાય છે?

ત્યારે આચાર્યસાહેબે જણાવ્યું કે, જ્યારે જ્યારે પૃથ્વીનો પ્રલયકાળ આવે છે, ત્યારે ત્યારે આવી કામગીરી ભગવાન શિવજીને સોંપવામાં આવે છે અને પૃથ્વી ડોલવા લાગે છે. આ વાત થઈ ત્યાં તો કડાડાટ કરતા ભયંકર, ધરતી ધ્રુજવાના અવાજો થયા અને આખી ગુફા શિક્ષકો તથા વિદ્યાર્થીઓ સાથે એક બાજુથી બીજી તરફ ડોલવા લાગી. આચાર્યસાહેબે કહ્યું કે વિદ્યાર્થીઓ નજીક આવતા રહો, આ તો ખરેખર ભયંકર રીતે ધરતી ધ્રુજે છે. ધરતીકંપ થયો છે. કોઈ ગભરાશો નહીં. વિદ્યાર્થીઓમાં ગભરાટ-રાડારાડો અને નાસભાગ શરૂ થઈ.

આચાર્યસાહેબે કહ્યું કે ડરો નહીં, હિંમત રાખો, ગુફાની બહાર પણ ધરતીકંપ છે. ગભરાવાની કોઈ જરૂર નથી. પ્રભુનું સ્મરણ કરો. પીયૂષે તો માળા કાઢીને નવકારમંત્રના જાપ જોરથી બોલવા શરૂ કર્યા ને કહ્યું, પ્રભુ મહાવીર તમે મારી સાથે છો. આ સમયે શંકરના તાંડવ નૃત્યની મૂર્તિ પાસે બધા એકત્રિત થઈને એકબીજાને વળગી પડ્યા. કોઈ ઉતાવળો વિદ્યાર્થી દોડીને જવાની મહેનત કરતો પણ તેને પાછો બોલાવી લેવામાં આવ્યો. ધરતીકંપના ત્રણ આંચકા પછી ધરતીએ સ્થિરતા પકડી લીધી. આ ધરતીકંપ સાર્વત્રિક હતો પણ એવું બન્યું કે ગુફાના દ્વાર પાસે ઉપર લટકતી હજારો મણની શિલા જેમ પેટીને ઢાંકણ વાસવામાં આવે તે પ્રમાણે ગુફાનાં દ્વારમાં આડી પડી ગઈ. જવા આવવાનો માર્ગ બંધ થયો. ફક્ત અર્ધો ઇંચની સળંગ તીરાડ ઉપરના ભાગમાં ગુફા અને શિલા વચ્ચે રહી ગઈ. જેનાથી સૂર્યના પ્રકાશની સળંગ પટી ગુફામાં પડતી રહી અને હવા પણ મળતી રહી. શિક્ષકો તથા વિદ્યાર્થીઓ ગુફાનાં દ્વાર સુધી આવ્યા અને જોયું કે દ્વાર બંધ થઈ ગયાં છે. બધાએ વિચાર કર્યો કે આટલા સંખ્યાબળથી આ શિલાને હટાવી શકાશે નહિ તેમજ કોતરી શકાશે નહિ. તેથી સૌ વિદ્યાર્થીઓને આશ્વાસન આપીને પ્રભુના સ્મરણો કરવાનું કહ્યું. આ તો કુદરતી કોપ છે. **પીયૂષે નાનું એવું સ્થળ ગોતીને એક આસને બેસીને નવકાર મંત્રના જાપ શરૂ કર્યા ને વિચાર્યું કે મહાવીર સ્વામી રસ્તો દેખાડે તો ભલે નહીંતર ખોળીયું પડી જાય તો તેની મારે કોઈ ચિંતા નથી. મહાવીર સ્વામી મારી સાથે છે.**

શંખલપુરની ગુફા અર્ધો કિલોમીટર દૂર હોવાથી ત્યાં રાખેલી બસના કંડક્ટર તથા ડ્રાઇવરે મોડી રાત્રી સુધી રાહ જોઈ. પ્રત્યક્ષ ગુફા સુધી તપાસ કરી પણ કોઈ ભોંયરા જેવું નહીં જણાતાં તેઓ બસ લઈને અરોડી ગામમાં પાછા આવ્યા.

સાર્વત્રિક ધરતીકંપ હોવાથી અરોડી ગામમાં પ્રવાસની બસની પાછા ફરવાની રાહ સૌ કોઈ જોતા હતા પણ વહેલી સવારે બસ ખાલી પરત આવતાં આખા ગામમાં હાહાકાર થઈ ગયો. ગામના સૌ વિદ્યાર્થીઓમાંથી પચીસ તો બાજુના ગામડાઓના હતા. શિક્ષકો તથા વિદ્યાર્થીઓ પરત ન આવતાં શોધખોળ માટે ડ્રાઇવરો તથા કંડક્ટરોને મળ્યા ને વિગત જાણી લીધી. પીયૂષના પિતા સુખી હતા, તેથી તેઓ અન્ય માણસોના સહકારથી શંખલપુરની ગુફાઓ સુધી ઘૂમી આવ્યા પણ કોઈ જગ્યાએ ગુફાઓ માલૂમ પડી નહીં. ઠેકઠેકાણે મોટી આડી ઊભી શિલાઓ જોઈ તેઓએ માન્યું કે કદાચ બીજા સ્થળે ગયા હશે ને ધરતીકંપમાં અટવાઈ ગયા હશે. રાત્રે અરોડી ગામના તમામ માણસો પરત આવ્યા. ખુદ શંખલપુરના માણસો પણ ગુફા શોધવા ગયા પણ કુદરતી રીતે શિલા એવી રીતે ઢંકાઈ ગઈ હતી, કે ખરેખર ગુફા ક્યાં છે તે નક્કી કરી શક્યા નહીં.

'અકથનીય મહિમા કહ્યો, નવકાર મંત્રનો ભાઈ; વાણી વર્ણવી નવ શકે, અનુભવથી સમજાય.' – ૪૪

ગુફામાં પૂરાયેલા શિક્ષકો તથા વિદ્યાર્થીઓની બે દિવસ થતા પાણી તથા ખોરાક વગર શક્તિ ક્ષીણ થઈ ગઈ હતી. તેથી શાંતિથી બેઠા બેઠા ઈષ્ટદેવના જાપ કરતા હતા. **ફક્ત પીયૂષ હિંમત રાખીને એક આસને બેસીને નવકારમંત્રના જાપની માળા કરતો હતો. જેમ જેમ જાપ કરતો જાય તેમ તેમ કુદરતી શક્તિ શરીરમાં વધતી જતી હતી. સ્ફૂર્તિ પણ વધારે જણાતી જતી** ને સર્વેને કહેતો કે મિત્રો તથા સાહેબો, તમો સર્વે વિશ્વાસ રાખજો. આપણને ઉગારનારો મળી જ રહેશે. ખરેખર રીતે જોતાં શિલા હટાવી શકાય તેવી સ્થિતિ નથી તેમ સૌ કોઈ જાણતા હતા. આ પ્રસંગ બન્યાને દસ દિવસ પસાર થઈ ગયા. બધે શોધખોળો થઈ છતાં અરોડી ગામના ગ્રામજનોના પ્રયત્નો નિષ્ફળ ગયા.

અગિયારમા દિવસે મધ્યરાત્રીએ પીયૂષ નવકારમંત્રના જાપ કરતો હતો. ત્યાં પ્રત્યક્ષ તેજપુંજનો તેજસ્વી ગોળો તેની સામે જોયો. તેને પણ નવાઈ થઈ. આ પ્રકાશિત ગોળો ગોળ ગોળ ફરતો નાનો થતો જાય અને નજીકમાં આવતો જાય. હજુ આ બાબતે વિચાર કરે તે પહેલાં નાનું એવું એક પ્રકાશિત બિંદુ તેના મોઢા દ્વારા પેટમાં જતું રહ્યું, તે તેણે પ્રત્યક્ષ જોયું. આ પ્રસંગ બન્યા પછી તેને ઊંઘ આવી ગઈ ને સ્વપ્ન આવ્યું કે પીયૂષ, તું મુંઝાઈશ નહિ. તારા તપના પ્રતાપથી તને ઉગારનારા કાલે સવારે આવી પહોંચશે. તું સમજ, તારા લાંબા પુણ્યના બળથી બીજા જીવો પણ ઉગરી જશે. ત્યાં તો તે ઊંઘમાંથી અચાનક જાગ્યો, ત્યારે પરોઢીયું થયું હશે એમ લાગ્યું.

આ તેજપુંજની અસર તે જ સમયે રાધનપુર શહેરની કૉલેજના પ્રિન્સીપાલ સાહેબ, શ્રી જે.જે. શાહ સાહેબને થઈ. તેઓ ઉંમરમાં બીજા પ્રિન્સીપાલ સાહેબ કરતાં નાના હતા. તેઓ પણ તમામ પ્રકારની રમતગમતના શોખીન, માયાળુ, તેમજ વાત કરે તો મોઢામાંથી અમીવર્ષા થતી હોય તેવા લાગે. ધર્મના સંસ્કાર તેમને વારસાગત મળેલા. આ પ્રકારના સ્વભાવવાળા હોવાથી તેઓને તે જ સમયે પ્રથમ ઊગતો સૂર્ય ખૂબ જ ફરતો દેખાયો અને થોડી વારે તેજપુંજ થયો. જે તેમણે સ્વપ્નમાં જોયું તથા કોઈ દિવ્ય પુરુષે એક જ અવાજથી કહ્યું કે જયંતિ શાહ, તું જાગ અને જાણી લે કે તારા જ એકસો ત્રણ બાળકો આજથી અગિયાર દિવસ પહેલાં ધરતીકંપમાં શંખલપુર ગામથી ૫ કિમી દૂર ગુફામાં જીવંત છે. તેઓ અરોડી ગામના છે. ગુફાનું દ્વાર ધરતીકંપથી એક શિલા દ્વારા બંધ થયેલ છે. ત્યાં આવી અનેક શિલાઓ છે જેથી તે ગુફા ક્યાં છે તે પ્રશ્ન તને મૂંઝવશે. પણ હું તને સાબિતી આપું છું કે ત્યાં જતાં જમણી બાજુના રસ્તા ઉપર મોટી શિલા હજારો મણની આવશે અને તે શિલાનું તું નિરીક્ષણ કરીશ તો તેના ઉપર ત્રુટક ત્રુટક કુદરતી રીતે કોતરેલા શબ્દો મ...હા...વી...૨ જણાશે. તે શિલા ઉપર આખી આડી સળંગ અર્ધો ઇંચની તિરાડ છે. તેના સહારે આ જીવો બચી ગયા છે. ત્યાં તારી કૉલેજના વિદ્યાર્થીઓ લોખંડના ત્રિકમ, કોશ, ઘણ, દોરડાઓ વગેરે લઈ જઈને તિરાડ પાસેથી તોડવાનું શરૂ કરજો. કારણ કે ત્યાં પથ્થર ખવાઈ ગયો છે. જેથી બે ત્રણ કલાકમાં મોટું બાકોરું થશે તેના દ્વારા રસી નાખીને દરેકને બહાર ખેંચી લેજો. સંદેશો સાંભળ્યોને! 'જય જિનેન્દ્ર' કહી ફટાક દઈને સ્વપ્ન બંધ થયું. ઘડિયાળમાં જોયું તો પોણા પાંચ થયા હતા.

પ્રિન્સીપાલ સાહેબે તુરત જ ફ્વાટર નજીક હોવાથી કૉલેજ ગયા અને પટાવાળા તથા ગાર્ડને જગાડીને દસ વિદ્યાર્થીઓને નામ મુજબ અત્યારે જ બોલાવી લાવવા જણાવ્યું. અર્ધો કલાકમાં વિદ્યાર્થીઓ તથા ગામના દસ આગેવાનો આવ્યા. દસે દસે વિદ્યાર્થીઓને બીજા વિદ્યાર્થીઓને બોલાવવા મોકલ્યા તથા ખોદકામના સાધનો મંગાવ્યાં.

પાંચ માલવાહક ખટારા કૉલેજની ગાડી તથા દસ આગેવાનો તેમજ એ વિદ્યાર્થીઓ સાથે અરોડી ગામ જવા માટે સવારના સાત વાગે ઉપડ્યા. એક

'વિશ્વાસ રાખી નવકારનો, જપજો શ્વાસોશ્વાસ; શાશ્વત સુખને આપશે, કરી કર્મનો નાશ.'—૪૫

કલાકમાં તો અરોડી પહોંચી ગયા. પ્રવાસની વિગત મેળવતાં જાણવા મળ્યું કે બે શિક્ષકો, આચાર્યશ્રી તથા સો વિદ્યાર્થી શંખલપુરની ગુફાઓ જોવા ગયેલા. જે હજુ સુધી પાછા આવેલા નથી. તેમણે પોતાને આવેલ સ્વપ્નની વિગત કહી. તુરત જ અરોડી ગામમાંથી હેમચંદભાઈનું સમગ્ર કુટુંબ તથા આ ગામના સો માણસો વધારાની જરૂરી સાધનસામગ્રી સાથે શંખલપુરના રસ્તે પ્રિન્સીપાલ સાહેબની ટુકડી સાથે ગયા.

બરાબર અગિયાર વાગે આખો કાફલો શંખલપુરની ગુફા નજીક પહોંચી ગયો. પ્રિન્સીપાલ સાહેબે બારીકાઈથી પ્રથમ નિરીક્ષણ કરતાં ગુફાના દ્વારનો રસ્તો રોકીને પડેલી શિલા ઉપર તરત શબ્દો વાંચવા લાગ્યા. 'મ...હા...વી...૨'! 'ગ્રામજનો તથા વિદ્યાર્થીઓ આપણે આ શિલા ઉપર ચડવાનું છે. ત્યાં ઉપર સળંગ તિરાડ હશે. ત્યાંથી તોડવાનું શરૂ કરજો. બહારના તથા અંદરના જીવોને વાગે નહીં તેનું સંપૂર્ણ ધ્યાન રાખજો.' સર્વ સમુદાયે મહાવીરનો જય જયકાર કરીને સળંગ ઘણના ઘા, લોખંડની કોસ વડે પથ્થર તોડવાનું શરૂ કર્યું. એક કલાકની મહેનતને અંતે સળંગ પટીમાં અર્ધો ફૂટની શિલા તોડી ત્યાં તો નવકાર મંત્રના જાપ સંભળાયા. શોરબકોર, અવાજ, બચાવો, બચાવોની બુમો સાંભળી. આ અંગેની જાણ પ્રિન્સીપાલ સાહેબને કરી. પ્રિન્સીપાલ સાહેબ ખુદ શિલા ઉપર ગયા ને મોટેથી અવાજ કર્યો. ત્યાં તો ચેતનહીન છોકરાઓ ધીમે ધીમે નજીક આવ્યા શિક્ષકો પણ નજીક આવ્યા ને રાડો પાડી કે અમોને તાત્કાલિક પાણી આપો. તરસથી અમે પીડાઈએ છીએ.

'અરે ભાઈઓ! તમે હવે એક કલાક ધીરજ રાખો. તમને બચાવવા છેક અરોડી તથા રાધનપુરથી માણસો આવ્યા છે!' પીયૂષના કુટુંબે જાણ્યું કે છોકરાઓ જીવે છે. તેથી પ્રાણમાં નવો સંચાર તેમના કુટુંબને થયો. અંદરના છોકરાઓ ગુફામાં દૂર જતાં ગુફા તોડવાનું શરૂ કર્યું. એક કલાકમાં બે ફૂટનું સળંગ ગાબડું પડ્યું. ને તોડવાનું બંધ કર્યું. નીચે વીસ ફૂટની અનેક રસીઓ નાખીને વિદ્યાર્થીઓને એક પછી એક બહાર કાઢ્યા. છેવટે આચાર્ય સાહેબ બહાર આવ્યા. બહાર થોડું થોડું પાણી આપવામાં આવ્યું ને પ્રેમથી સગાભાઈની જેમ બધા ભેટી પડ્યા.

બધા માણસો ટ્રકોમાં અરોડી ગામ તરફ ગયા. બે કલાકમાં અરોડી પહોંચ્યા. આખું ગામ હિલોળે ચડ્યું. ને સર્વત્ર આનંદ આનંદ થયો. તેજના લીસોટા જેવા પ્રિન્સીપાલ સાહેબે, તેમના વિદ્યાર્થીઓ તથા આગેવાનો સાથે રાધનપુરનો રસ્તો કાપવો શરૂ કર્યો.

અરોડી, રાધનપુર તથા બાજુના ગામોમાં આ વિદ્યાર્થીઓને કુદરતી કેવો સહારો મળ્યો, કોણે માર્ગદર્શન આપ્યું તેની દિવસોના દિવસો સુધી ચર્ચાઓ થવા લાગી. પીયૂષ અને પ્રિન્સીપાલ સાહેબ જે. જે. શાહને તેજપુંજના દર્શન દેનાર પોતે મ...હા...વી...૨ હતા. તેમણે જગત સમક્ષ સંદેશ આપ્યો કે નવકાર મંત્રની શક્તિ કેટલી પ્રબળ છે તથા પોતે કરેલું ધાર્મિક કાર્ય કોઈ દિવસ નિષ્ફળ જતું નથી. ફક્ત વિશ્વાસ અને સમયની જરૂર હોય છે. સર્વત્ર મહાવીર સ્વામીનો જયજયકાર બોલાયો.



'સર્વશક્તિમાન જાણજો, મહામંત્ર નવકાર; આતમને જાગૃત કરી, મિથ્યાતમ હરનાર.'—૪૬

"તિર્યંચનો તારણહાર નવકાર"

દ્રૌપદીબેન એમ. શાહ (મણુંદવાલા)
બંગલા નં. B-I-B, ફર્સ્ટ ગેટ પાસે, સેન્ટ્રલ સ્કૂલ સામે, ઓડનસ એસ્ટેટ,
અંબરનાથ પીન–૪૨૧ ૫૦૧. ફોન : ૨૨૬૨

સંવત ૨૦૨૮માં જબલપુરમાં બનેલી આ ઘટના છે.

બપોરે ૧૧ વાગે મારા ઘરના કંપાઉન્ડમાં એક અજાણી ગાય બીમાર થઈને પડી. મેં એને ઘાસ પાણી આપ્યું. પણ મને એની સ્થિતિ સારી ન લાગી. તેથી તેની નજીક જઈ તેના કાનમાં નવકારમંત્ર સંભળાવવા શરૂ કર્યા. સાંભળતાં એને કંઈક શાંતિ મળતી હોય એમ લાગ્યું. મને જોઈને તેની આંખમાંથી આંસુ સરવા લાગ્યાં. તેથી **આખો દિવસ જતા-આવતા લાગણીપૂર્વક એને નવકારમંત્ર સંભળાવતી રહી. સાંજે ફરી એની પાસે બેસી નવકારમંત્ર ચાલુ કર્યો અને ગાય પણ જાણે પૂર્ણ શ્રદ્ધાપૂર્વક એકીટસે મારી સામું જોઈને પીડામાં પણ પ્રેમથી સાંભળતી રહી. મેં તેને સાગારિક અણસણ કરાવી સિદ્ધગિરિનું શરણ આપ્યું તથા તેની યાત્રા કરવાની પ્રેરણા કરી રહી. અંતે નવકારમંત્ર સાંભળતાં એનું પ્રાણપંખેરું ઊડી ગયું.** પ્રિય સ્વજનની માફક મેં તેને ખાડામાં દફનાવી માટી તથા ૫ કિલો મીઠું તેના પર નાખ્યું.

છ મહિના પછી મારા પતિ અચાનક બીમાર પડ્યા. રાત્રે હું સૂતી હતી. તો મને એકદમ દિવ્ય પ્રકાશ દેખાયો. પહેલાં હું થોડી ડરી ગઈ. પણ નવકારનું સ્મરણ કરતાં થોડી મક્કમતા આવી. મેં હિંમત કરી પૂછ્યું, 'તમે કોણ છો? આ પ્રકાશ શાને છે? મને સમજાતું નથી. ત્યાં જ એ પ્રકાશ પુંજમાંથી એક દિવ્ય આકૃતિ પ્રગટ થઈ અને કહ્યું, 'મને ન ઓળખી? હું તને મદદ કરવા આવી છું.' એમ કહી ગાયનું રૂપ લીધું. અને કહ્યું કે **તેં મને નવકારમંત્ર સંભળાવ્યો, તેના પ્રભાવે હું દેવી થઈ છું...!** મેં કંઈ પણ માંગણી ન કરી. છતાં દેવીએ કહ્યું. તારા પતિને કાલે સવારે ૯ વાગે ઊંઘવા દેજે. સાજા થઈ જશે. એમ જ બન્યું. સવારના ૯થી સાંજના ૫ સુધી ઊંઘતા જ રહ્યા. તબિયત સારી થઈ ગઈ. પતિને પણ શ્રદ્ધા બેઠી.

સં. ૨૦૪૧માં પોષ મહિનામાં પુનઃ દેવીએ સ્વપ્નમાં કહ્યું. તમારા સંતાનને મહાકષ્ટ આવવાનું છે. સંભાળજો. મારા બંને પુત્રોને બે દિવસ ઘરમાં રોકી રાખ્યા. કૉલેજ પણ ન જવા દીધા. બે દિવસમાં સમાચાર આવ્યા કે મારી અમદાવાદ રહેતી પુત્રી આશા છાપરા પરથી પડી ગઈ છે. સીરીયસ છે. સૌ અમદાવાદ ગયા. સંકટ જાણી દેવીને યાદ કર્યા. બચાવવા વિનંતી કરી પણ તેમણે કહ્યું કે તેનું આયુષ્ય ટૂંકું હોવાથી બચાવવાની મારી શક્તિ નથી. તમારી પુત્રી બુધવારે સવારે ૯ વાગે મૃત્યુ પામશે. અંતિમ ઘડી નજીક જાણી આશાને અંતિમ આરાધના કરાવવામાં સગા-વહાલાંનો ઘણો જ વિરોધ, કડવા વચનો સાંભળવા પડ્યા. પણ આત્માની ગતિનો પ્રશ્ન હતો. ત્યારે એ વિરોધને કેમ ગણકારાય? અને સાચ્ચે જ આશાએ સવારે ૯ ને ૫ મિનિટે નવકાર શ્રવણ કરતાં કરતાં દેહત્યાગ કર્યો.

તેનાં ચક્ષુદાન કરવાની સંમતિ તેની પાસેથી મેળવી લીધી હતી અને તે મુજબ ચક્ષુદાન કર્યું!...

આ રીતે અકાળે પુત્રીનું અવસાન થવાથી મન શોકમગ્ન રહ્યા કરતું હતું. ત્યારે એક રાત્રે ફરી **દેવીએ સ્વપ્નમાં કહ્યું, 'ચિંતા ન કરો. નવકાર**

'ઉચ્ચારણ નવકારનું, જે ઘર નિશદિન હોય; ત્રિવિધ તાપ તેના ટળે, સુખસંપત નિત હોય.'–૪૭

મંત્રના પ્રભાવે તમારી પુત્રીની સદ્‌ગતિ થઈ છે.' મેં મારી પુત્રીનાં દર્શન કરાવવાની ઇચ્છા વ્યક્ત કરી અને તે દેવીએ એક દિવસ મારી પુત્રી કે જે પણ નવકાર શ્રવણનાં પ્રભાવે દેવી થઈ છે, તેનાં મને દર્શન કરાવ્યાં. એટલું જ નહિ પણ તેના ચક્ષુ જે વ્યક્તિને આપવામાં આવ્યા હતા. તેનાં પણ દર્શન કરાવ્યા. તેથી મને ખૂબ સંતોષ થયો.

તે દેવીએ પોતાની પાસેથી ધન વગેરે કાંઈ પણ માંગવા માટે અનેક વખત મને આગ્રહ કર્યો છે. પણ મેં હજી સુધી તેની પાસેથી તેવું કાંઈ પણ માંગ્યું **ખરેખર આ ઘટનાથી નવકાર પ્રત્યેની મારી શ્રદ્ધા એકદમ દઢ બની ગઈ છે. સહુ કોઈ શ્રદ્ધાપૂર્વક નવકારમંત્રની આરાધના કરી પોતાનું આત્મકલ્યાણ સાધો એ જ શુભ ભાવના.**

ઉપરોક્ત ઘટના ટૂંકમાં પાર્શ્વચંદ્રગચ્છીય સા. શ્રી ૐકારશ્રીજી પાસેથી સાંભળી હતી. તથા દ્રૌપદીબેનનું એડ્રેસ પણ તેમની પાસેથી મળ્યું. તે મુજબ અમોએ અંબરનાથ જઈ તેમના મુખેથી જ આ ઘટના સવિસ્તાર સાંભળી તથા સં. ૨૦૪૩ના ડોમ્બીવલી ચાતુર્માસમાં રવિવારીય પ્રવચનમાળા દરમ્યાન અમારી સૂચનાથી દ્રૌપદીબેને વિશાળ સભા સમક્ષ પોતાના અનુભવની આ ઘટના રજૂ કરી હતી, જે સાંભળીને અનેક આત્માઓનાં હૈયામાં નવકાર મહામંત્ર પ્રત્યે ભારે અહોભાવ ઉત્પન્ન થયો હતો. દ્રૌપદીબેનના વક્તવ્યનો સારાંશ અત્રે રજૂ કરવામાં આવ્યો છે શાસ્ત્રોમાં નાગ, સમળી, ઉંદર, વાનર, બળદ વગેરે અનેક તિર્યંચો પણ અંત સમયે નવકાર શ્રવણથી દેવગતિ આદિ સદ્‌ગતિને પામ્યાની વાતો સાંભળવા મળે છે, તેની યથાર્થતા ઉપરોક્ત અર્વાચીન ઘટના વાંચવાથી અચૂક સમજાશે.

— સંપાદક

'યમદૂત ખાલી હાથે પાછા ફર્યા!'

(સત્ય ઘટના પર આધારિત ગીત)

રચયિતા : શ્રી કાંતિલાલ ખીમચંદ શાહ
નાની બજાર, ધ્રાંગધ્રા, પીન–૩૬૩ ૩૧૦

(દુહા)

નમન કરું અરિહંતને, બીજા સિદ્ધ ભગવાન;
આચાર્યને પાઠક પ્રવર, સાધુગણ ગુણવાન. ૧

એ પાંચેને વંદતા, સર્વ પાપ હણાય;
મંગલ છે એ સર્વમાં, પ્રથમ મંગલ ગણાય. ૨

અડસઠ અક્ષર એહમાં, મંત્ર ભલો નવકાર;
મુજ ગૃહમાં એ સમરતાં, હુઓ જય જયકાર. ૩

પ્રસંગ બન્યો છે એકદા, ચમત્કારી જ ગણાય;
વિગતે તેને વર્ણવું, ઉત્તમને સુખદાય. ૪

ચમત્કાર મોટો થયો, ચકિત થયા સહુ લોક;
નજરે જોવા આવતા, મુજ ઘર થોકે થોક. ૫

ઢાલ પહેલી

(માલણ પહેલી સામી મળી રે લાલ – એ દેશી)

ધ્રાંગધ્રા શહેર સોહામણું રે લાલ,
જિનમંદિર ત્યાં પાંચ સુખકારી રે;
ભાવથી તેહને વંદતાં રે લાલ,
આવે નવ ઉની આંચ મનોહારી રે.
નવકાર મંત્રને વંદીએ રે લાલ. એ ટેક

જેનું ચિત્ત ચૌટે રમે, વાંકો નહીં ઘરબાર; તે પણ જપે નવકારને, તો ચિત્તડું આવે દ્વાર.'–૪૮

મોટા મંદિરે વાંદીયા રે લાલ,
અજિતનાથ ભગવાન સુખકારી રે,
નાના મંદિરે પૂજીયા રે લાલ,
સંભવનાથ ભગવાન મનોહારી રે નવકાર.

કોંઢવાળાને દેહરે રે લાલ,
વંદિયા વીર જિણંદ સુખકારી રે,
બાબુભાઈના દેહરે રે લાલ,
પૂજ્યા વિમલ જિણંદ મનોહારી રે નવકાર.

જૈન બોર્ડિંગમાં વાંદીયા રે લાલ,
સંભવનાથ ભગવાન સુખકારી રે,
એ પાંચે જિન વંદતાં રે લાલ,
ભવિ બન્યો ગુણવાન પ્રિયકારી રે નવકાર.

નાની બજારમાં આવીયું રે લાલ,
નાનકડું મકાન સુખકારી રે,
મુજ પત્ની માંદી પડી રે લાલ,
ખોયા ભાનને સાન દુઃખકારી રે નવકાર.

મો. મુ. સેન્ટરમાં દાખલ કરી રે લાલ,
ગ્લુકોઝ બાટલા અપાયા હિતકારી રે,
ઓકસીજન પર રાખતાં રે લાલ,
ઇંજેક્શન દેવાય દુઃખકારી રે નવકાર.

'ટ્રીટમેન્ટ' એવી ભાળતાં રે લાલ,
કાંઈનું કાંઈ થઈ જાય તે વારી રે,
દુશ્મનને પણ ન હજો રે લાલ,
આ દુઃખ એવું બોલાય નરનારી રે નવકાર.

કષ્ટ સાધ્ય એ દર્દ છે રે લાલ,
શ્વાસ ભયંકર થાય નિત્યકારી રે,
કોને ખબર ક્યારે બંધ પડે રે લાલ,
જીવનની ઘડીયો ગણાય દુઃખકારી રે નવકાર.

ત્રણે પુત્ર હાજર હતા રે લાલ,
સેવા કરે દિન રાત નિત્યકારી રે,
ફેર પડે નહિ દર્દમાં રે લાલ,
લાંબી થાય કાળી રાત દુઃખકારી રે નવકાર.

વિધવા પુત્રી સેવા કરે રે લાલ,
મારી બા સાજા ક્યારે થાય સુખકારી રે,
આધાર તેહનો ઘણો રે લાલ,
જશે તો મારું શું થાય? દુઃખકારી રે નવકાર.

ખડે પગે સેવા કરે રે લાલ,
પુત્રવધુ ગુણવાન તે વારી રે,
મારાને તેના ભાઈ આવીયારે લાલ,
દરદીને નથી કાંઈ ભાન દુઃખકારી રે નવકાર.

ચોથે દિવસે ડાક્ટર કહે રે લાલ,
અમે ખંખેર્યા હાથ દુઃખકારી રે,
સારું થવાની આશા નથી રે લાલ,
સાંભળો કાંતિભાઈ વાત દુઃખકારી રે નવકાર.

ચૈત્ર શુક્લ દિન ચોથનો રે લાલ,
ઓગણીસ માર્ચ મંગળવાર દુઃખકારી રે,
રાત્રે દોઢ વાગ્યે બોલીયા રે લાલ,
ઘરે લઈ જાવ તત્કાલ પ્રિયકારી રે નવકાર.

અંતિમ ઘડી હવે બેનની રે લાલ,
જલ્દી ઘેર લઈ જાવ દુઃખકારી રે,
જીવન તેનું ટકાવવા રે લાલ,
અર્ધું ઇંજેક્શન અપાય તો વારી રે નવકાર.

શરીર બધું ઠંડું પડ્યું રે લાલ,
ઠંડા પડ્યા પગ હાથ દુઃખકારી રે,
મુખેથી ફીણ ચાલ્યા ગયા રે લાલ,
ખોટા પડ્યા કાન નાક દુઃખકારી રે નવકાર.

સગા સંબંધી જોઈ રહ્યા રે લાલ,
આંખે આંસુના પૂર દુઃખકારી રે,
બેન બનેવી ને ભાણીયાં રે લાલ,
દુઃખી થાય ભરપૂર દુઃખકારી રે નવકાર.

એમ્બ્યુલન્સ તિહાં લાવીયા રે લાલ,
ઈસ્પીતાલ તત્કાલ દુઃખકારી રે,
ઉપાડીને સુવાડીયા રે લાલ,
લાવ્યા ગૃહ તત્કાલ દુઃખકારી રે નવકાર.

કાળી અંધારી રાતડી રે લાલ,
રાતના ત્રણને ચાલીસ દુઃખકારી રે,
એવે સમે તિંહા શું બન્યું રે લાલ,
સાંભળ વિસવા વીસ મનોહારી રે નવકાર.

ગેબી અવાજ તિહા સાંભળ્યો રે લાલ,
બીજાને નવ સંભળાય તે વારી રે,

'જિન શાસનનો સાર જે, ચૌદ પૂર્વનો પણ સાર; શ્રી નવકાર હિયે વસે, તેને શું કરે સંસાર.'—૪૯

'કાન્તિ' શબ્દ કાને પડ્યો રે લાલ,
સુણીને આશ્ચર્ય થાય તે વારી રે નવકાર.
ઉપર કોઈ હતું નહિ રે લાલ,
બધા હતા દર્દીની પાસ તે વારી રે,
છતાં અવાજ કોણ આપતું રે લાલ,
અવાજ છે ખાસ પ્રિયકારી રે નવકાર.
ચારે બાજુ જોઈ વળ્યો રે લાલ,
મને કોઈ નવ દેખાય તે વારી રે,
હાંફળો ફાંફળો ફરી રહ્યો રે લાલ,
ભાન ત્યાં તો ચાલી જાય તો વારી રે નવકાર.
સામે ઊભા ગુરુ માહરા રે લાલ,
હંસ સાગર મહારાજ સુખકારી રે,
હસતાં હસતાં બોલીયા રે લાલ,
સાંભળ કાન્તિ આજ સુખકારી રે નવકાર.
મૂંઝવણ તારી મટી જશે લાલ,
ભાવે સમરોને નવકાર સુખકારી રે,
હવે કોઈ દેખું નહિ રે લાલ,
ચાલી ગયો અંધકાર દુઃખકારી રે નવકાર.
આણા કરી પરિવારને લાલ,
સમરો બધા નવકાર સુખકારી રે,
બા તમારી બેઠી થશે રે લાલ,
થશે અદ્‌ભુત ચમત્કાર સુખકારી રે નવકાર.
ચાર કલાકે સાંભળ્યો રે લાલ,
'મનસુખ' એવો અવાજ સુખકારી રે,
કાકી એના તો બોલીયા રે લાલ,
ભાભુનો છે અવાજ સુખકારી રે નવકાર.
ઠંડી શરીરની ઉડાડવા રે લાલ,
બામ ઘસ્યો તત્કાલ તે વારી રે,
ઉપાશ્રયથી સાધ્વી આવીયા રે લાલ,
માંગલિક બોલ્યા તત્કાલ પ્રિયકારી રે નવકાર.
સુનંદાશ્રીજી મોકલે રે લાલ,
'મરઘા'ને ધર્મલાભ સુખકારી રે,
બે કલાકે બેઠા થશે રે લાલ,
એવા છે આશીર્વાદ સુખકારી રે નવકાર.
નવ વાગ્યે બેઠા થયા રે લાલ,
થોડી પીધી રાબ ગુણકારી રે,
ચોથે દિવસે અન્ન ભાળિયું રે લાલ,
પેટમાં પડી થોડી રાબ સુખકારી રે નવકાર.
હળવે હળવે બોલીયા રે લાલ,
સંભળાવો નવકાર પ્રિયકારી રે,
રોગ મને તો કાંઈ નથી રે લાલ,
સાચો સાથી નવકાર સુખકારી રે નવકાર.
આઠ દિવસથી ગણી નથી રે લાલ,
નવકારવાળી એક સુખકારી રે,
ચાર લાખ અધૂરા હજી રહ્યા રે લાલ,
પૂરા કરવાની મારી ટેક સુખકારી રે નવકાર.
દવાખાને હું પહોંચીયો રે લાલ,
સાંભળો મેવાડાભાઈ પ્રિયકારી રે,
'મરઘા' હવે સાજી થઈ રે લાલ,
રોગ નથી તેને કાંઈ આવારી રે નવકાર.
નર્સ ડૉક્ટર હવે ચકિત થયા રે લાલ,
અદ્‌ભુત છે સમાચાર સુખકારી રે,
આશા અમને હતી નહિ રે લાલ,
કોણે કર્યો ચમત્કાર મનોહારી રે નવકાર.
નવકારની વાત સાંભળી રે લાલ,
વાહ વાહ બોલી જવાય તે વારી રે,
ઘરમાં આનંદ વ્યાપ્યો રે લાલ,
બાળકને મીઠાઈ વહેંચાય મનોહારી રે નવકાર.
આડોશી પાડોશી ભેગા થયા રે લાલ,
સૌ આવે મરઘાની પાસ સુખકારી રે,
પ્રત્યક્ષ પારખુ જોઈને રે લાલ,
કરે મંત્ર પર વિશ્વાસ સુખકારી રે નવકાર.
સગા સ્નેહી સૌ આવીયા રે લાલ,
સાંભળ્યો મહા ચમત્કાર સુખકારી રે,
ત્રણ જગતમાં તે વડો રે લાલ,
મહામંત્ર નવકાર પ્રિયકારી રે નવકાર.
પેપરવાળા આવીયા રે લાલ,
છાપવા છે સમાચાર સુખકારી રે,
તમારા ઘરે બન્યારે રે લાલ,
કેવી રીતે ચમત્કાર પ્રિયકારી રે નવકાર.

'એક જ અક્ષર એક ચિત્ત, સમર્યા સંપત્તિ થાય; સંચિત સાગર સાતનો, પાતિક દૂર પલાય.'—૫૦

અઠવાડીકમાં આવીયા રે લાલ, જેણે જેણે છાપા વાંચીયા રે લાલ,
''લાઇટે'' લીધા ખાસ સુખકારી રે, વળી જેને મળ્યા સમાચાર સુખકારી રે,
'જનસત્તા' 'ગુજરાત'માં રે લાલ, અભિનંદનની વર્ષા થઈ રે લાલ,
'જયહિંદ'માં પણ ખાસ સુખકારી રે નવકાર. નવકારનો જયજયકાર મનોહારી રે નવકાર.

હવે તું નવકારનો ક્રોડપતિ થા!

શ્રી હસમુખભાઈ સી. શાહ

ઈ, સીમલા હાઉસ ૨૦૩-એ, ૨જે માળે ઓફ નેપીઅનસી રોડ,
મુંબઈ-૩૬. ફોન : ૮૧૨૧૩૪૮

હું પૂ. પં. ભદ્રંકરવિજયજી મ. સા.ના સંસારી ભત્રીજા શ્રી ચીમનલાલ ભોગીલાલનો દીકરો છું. સંવત ૧૯૬૫માં સાહેબજી જામખંભાળીઆના બાજુના ગામમાં ચોમાસું હતા. ત્યારે પર્યુષણ કરવા હું ત્યાં ગયો હતો. તે વખતે સાહેબે મને બેસાડીને પૂછ્યું, 'હસમુખ, આટલી દોડધામ કરે છે, કંઈ કમાય છે કે કેમ?' મેં કહ્યું, 'સાહેબ, સવારથી રાત સુધી નોકરી કરું છું. મુશ્કેલીથી ૨૫૦ રૂ. માંડ કમાઉં છું. સાહેબ, કંઈ વધારે કમાઉં તેવો ઉપાય બતાવો. **સાહેબે ઉત્તર આપ્યો, 'જ્યાં સુધી તારા પૂર્વનાં પાપોનો ક્ષય નહિ થાય ત્યાં સુધી કંઈ મળશે નહિ. અને પાપક્ષય માટે તો નવકારમંત્ર એટમબૉમ્બ સમાન છે. તેનાથી એકી સાથે મોટા પાયામાં પાપોનો નાશ થશે, કે જેટલાં તું નવા પાપો બાંધી નહિ શકે. એટલે તારું પુણ્યનું બૅલેન્સ વધવા માંડશે. અને બધી જ ચીજો તારી આજુબાજુ ઘુમવા માંડશે.'** તેમની વાત મને જચી ગઈ. મેં કહ્યું, 'સાહેબ આજથી હું શ્રી નવકારમંત્રને શરણે આવું છું. મને આશીર્વાદ આપો. અને તેમણે મને રોજ એક બાંધી નવકારવાળી ગણવાનું સૂચવી નવકારમંત્રનું દાન કર્યું. એક એક પદ બોલાવતા ગયા, તેમ હું બોલતો ગયો. નવકાર પૂરો થયા પછી વાસક્ષેપ નાંખીને આશીર્વાદ આપ્યા. અને કહ્યું, તું છ મહીના નિયમિત ગણજે. તું જરૂર ઉપર આવી જઈશ. 'કેટલો ઉપર આવીશ તે તું કઈ રીતે નવકાર ગણી શકે છે તેનાં ઉપર આધારિત રહેશે.'

મેં તેમના આશીર્વાદથી તે જ દિવસથી એક બાંધી માળા ગણવા માંડી. આમ તો હું મુંબઈના રૂ તથા શેરબજારનાં દલાલને ત્યાં માસિક રૂ. ૨૦૦ થી ૨૫૦ ના પગારથી કામ કરતો હતો, જ્યાં સવારથી રાતના નવ સુધી કામ કરવું પડતું.

જાપ શરૂ કર્યાના ત્રણેક મહિના પછી મારા એક મામાસસરા, જે વર્ષોથી જાપાન રહે છે, તેમનો અચાનક પત્ર આવ્યો કે અહીં એક ઘરના માણસની જરૂર છે. તમે જાપાન આવો તો વર્ષે પચાસ હજારનો પગાર ખાવા પીવા સાથે આપીશ. તમારે મારી સાથે જ રહેવાનું થશે. એટલે તમને લગભગ વર્ષે ૩૦-૪૦ હજાર બચશે. **ત્રણ જ મહિનામાં નવકાર મંત્રનો પ્રભાવ દેખાયો,** સાહેબજી પાસે જઈને વિગત જણાવી પૂછ્યું. જાઉં કે કેમ? તેમણે કહ્યું, 'જહાં સુખં' પણ **ત્યાં જઈને નવકાર મંત્રને ભૂલતો નહિ.** તા. ૪-૨-૬૬ના રોજ પહેલીવાર પરદેશગમન કર્યું. ત્યાં સમય વધારે મળતો હોવાથી ૧૦ નવકારવાળી ગણવાનું શરૂ કર્યું. જ્યારે શરૂઆત કરી ત્યારે એક માળ ગણતાં ૨૦ મિનિટ લાગતી. ધીરે ધીરે એકાગ્રતા વધતાં ઝડપ વધી અને ૭ મિનિટમાં એક માળા થવા લાગી. પછી રોજ ૨૫ નવકારવાળી ગણવાનું શરૂ કર્યું. પહેલા

નવલાખ જાપ પૂરા થયા ત્યારે વાર્ષિક પગાર બે લાખ ઉપર પહોંચ્યો. ત્યાં ૧૩ વર્ષ સુધી કામ કર્યા પછી જ્યારે તેમનું કામ છોડ્યું ત્યારે મારે વાર્ષિક આવક ત્રણ લાખ રૂ. સુધી પહોંચી. ૧૯૭૭ની સાલમાં નોકરી છોડી મુંબઈ આવ્યો. સાહેબજીને મળ્યો. જાપની પ્રગતિ જણાવી. તેઓ ખુશ થયા. કહે, આખા ઘરમાં તને નવકાર ફળ્યો છે. હવેની ઝડપે એક નવકારવાળી ગણતાં ફક્ત ૧½ મિનિટ લાગતી હતી. જાપ ડબલ કર્યો. એટલે કે રોજ ૫૦ બાંધી નવકારવાળી ગણવા લાગ્યો. તેથી દર છ મહિને નવલખિ નવકાર જાપ પૂરો થવા લાગ્યો. **સાહેબે કહ્યું, 'હવે તું શ્રી નવકારનો કરોડપતિ થા.** મેં તેમની આજ્ઞા માથે ચઢાવી. સાહેબજીની કૃપાથી મારી ગાડી પાટે ચઢી ગઈ છે. **આજે મારો ૧૪મો નવલખો ચાલુ છે. એટલે સાહેબજીની કૃપાથી નવકારનો કરોડપતિ થયો છું.** અને ભવોભવ કોડો નવકાર ગણી શકું એવી શક્તિ માંગતો રહું છું.

નવકાર મંત્રના જાપના પ્રભાવે નીચે મુજબના અનુભવો થયા છે.

(૧) મનમાં કોઈ પણ જાતની ઈચ્છા થાય તો તુરત પાર પડે છે. સવારે કંઈ પણ ખાવાપીવાનું મન થયું હોય તો સાંજ સુધી મળી જાય છે.

(૨) કામ કરવામાં જે અગાઉ મારે સવારથી રાત્રિ સુધી રખડવું પડતું હતું, તે કામ હવે મહિનામાં એકાદ દિવસ કરવાથી થઈ જાય છે, માનસિક શાંતિ રહી છે, એકાદ કામમાં ૧૦/૨૦ હજાર રૂપિયા મળી જાય છે.

(૩) પૈસા ખૂટવા આવે ત્યારે મનમાં થાય કે, હવે ઘરખર્ચમાં ખલાસ થવા આવ્યા છે...તો ક્યાંથી પણ એકાદ ધંધો એવો થઈ જાય કે મારી જરૂરિયાત કરતાં વધારે મળી જાય છે.

(૪) સ્વાભાવિક રીતે હું કોઈને પણ કંઈ કહું તો તે લગભગ સાચું પડે છે. એટલે બોલવા માટે બહુ સંભાળવું પડે છે.

(૫) અઠવાડિયે, દસ દિવસે સાહેબજી સ્વપ્નમાં આવીને આશીર્વાદ આપે છે.

જાપ કરવા સવારે ઊઠીને તરત બેસું છું. પાંચ હજાર નવકાર ગણ્યા પછી દાતણ કરું છું. સવારે જાપમાં જે એકાગ્રતા આવે છે. એટલી રાત્રે નથી આવતી ૧૧/૧૧ા કલાકમાં જાપ પૂરો કરું છું.

નવકારમંત્રનો જાપ ચાલુ કરું ત્યારે હંમેશા મને એક બગાસું આવે છે જાણે શક્તિનો શરીરમાં પ્રવેશ ન થયો હોય! બસ પછી જાપની ઝડપ એકદમ વધી જાય છે. અને જાપ પૂરો થાય ત્યારે પાછું બગાસું આવે છે. એટલે આવેલ કોઈ પણ શક્તિ શરીરમાંથી જતી હોય તેમ અનુભવ થાય છે.

ઘણી વાર બે આંખોની વચ્ચે આજ્ઞાચક્ર ફરતું હોય તેમ લાગે છે.

આ મારા અનુભવો છે. દરેક માણસે સુખી થવું હોય તો એક માળાનો જાપ તો અવશ્ય કરવો જ જોઈએ એમ મારો અનુભવ કહે છે.

'નિશ્ચલ કરીને કાયાને, ધ્યાન ધરે નવકાર; અનિષ્ટ સૌ અળગાં થઈ, ઈષ્ટ પદ પામે સાર.'—૫૨

પં. અભયસાગરજી મ.ના અજબ અનુભવો

પૂ. ગણિવર્ય શ્રી મહાયશસાગરજી મ.

C/o બી. કે. પારેખ

૫, પાર્શ્વદર્શન, જૂના નાગરદાસ કૉસ રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ-૬૯.

આગમ વિશારદ, સુવિશુદ્ધ સંયમી, પૂજ્યપાદ પંન્યાસ પ્રવર શ્રી અભયસાગરજી મ. વર્તમાનકાળના નવકાર મહામંત્રના ઉત્તમ કોટિના સાધકો પૈકી એક હતા. તેઓ દરરોજ રાત્રે ૧૧॥ થી ૧॥ સુધી નવકાર મહામંત્રની સાધના કરતા હતા. પરિણામે તેઓશ્રીને ઘણા વિશિષ્ટ આંતરિક અનુભવો થતા. કેટલીક વાર ભવિષ્યમાં બનનાર ઘટનાનો પણ તેઓશ્રીને અગાઉથી ખ્યાલ આવી જતો. અહીં તેમના જીવનના થોડા પ્રસંગો રજૂ કરું છું, જે વાચક વૃંદને મહામંત્ર પ્રત્યે અતૂટ શ્રદ્ધા જગાડનાર બનશે.

એક વખત તેઓશ્રી પોતાના પિતા ગુરુદેવ ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ. આદિ મુનિવૃંદ સાથે કપડવંજથી બાલાસિનોર થઈને (પંચમહાલ જિલ્લામાં) જતા હતા. ત્યારે બાલાસિનોરમાં રાત્રે **નવકારની સાધના દરમ્યાન તેઓશ્રીને આંતરસૂચન મળી ગયું કે 'ગોધરા સળગી ઊઠશે માટે આગળનો વિહાર મુલતવી રાખો...'** તેમણે આ વાત પોતાના ગુરુદેવને કહી અને તેઓ ટીંબા ગામમાં રોકાઈ ગયા. ત્યાં જ તેમને સમાચાર મળ્યા કે 'કોમી હુલ્લડના કારણે ગોધરામાં ચોમેર ભયંકર આગની આતશબાજી ખેલાઈ રહી છે!' ખરેખર, મહામંત્ર, માતા પોતાના બાળકનું રક્ષણ કરે તેથી પણ અધિક કાળજીપૂર્વક સાધકનું સર્વ રીતે રક્ષણ કરે છે. જરૂર છે શ્રદ્ધાપૂર્વક તેને સમર્પિત થવાની! ...જરૂર છે નિયમિત રીતે અનન્ય શરણભાવે એ માતાની ગોદમાં આળોટવાની!...

* * *

સં. ૨૦૨૭માં ઊંઝા સંઘના આગ્રહથી તેઓશ્રીનું ચાતુર્માસ ઊંઝામાં નક્કી થયું હતું. ચાતુર્માસ પ્રવેશ માટે અમદાવાદથી વિહાર કર્યો. પણ રસ્તામાં જેઠ વદ ૩૦ ના રીક્ષા સાથે તેમનો અકસ્માત થયો. પગમાં ફેક્ચર થઈ ગયું. છતાં આત્મબળથી ૧૫ કિમી પગે ચાલીને વૈદ્યરાજ પાસે પહોંચ્યા. તેમણે ૧૮ દિવસનું પ્લાસ્ટર બાંધી આપ્યું. અને વિહાર ન કરવા ભારપૂર્વક જણાવ્યું. **પરંતુ તેઓશ્રી રાત્રે નવકાર મહામંત્રની સાધનામાં સ્થિર થયા અને અજબનો ચમત્કાર સર્જાઈ ગયો. પાટો-ખપાટિયા બધું જ અદશ્ય થઈ ગયું. તે સાથે દર્દ પણ ગાયબ થઈ ગયું.** જાણે કશું જ બન્યું ન હોય તેમ બીજે જ દિવસે તેઓશ્રીએ ઊંઝા તરફ વિહાર કર્યો અને સમયસર ચાતુર્માસ પ્રવેશ પણ થઈ ગયો!...

* * *

સામાન્યતઃ બીજા કે છેવટે ત્રીજા 'હાર્ટ એટેક' પછી કોઈ પણ દર્દી જીવંત રહી શકે જ નહિ એમ ડૉક્ટરોનું માનવું છે. પરંતુ **તેઓશ્રીએ મહામંત્રની સાધના દ્વારા ચાર-ચાર હાર્ટ એટેક આવવા છતાં પણ મૃત્યુની સામે ટક્કર ઝીલીને ડૉક્ટરોને પણ આશ્ચર્યમાં ગરકાવ કરી દીધા હતા!** ...૪થા હાર્ટ એટેક પૂર્વે તેઓશ્રીએ નવકાર સાધના દ્વારા મળેલી અગમચેતી મુજબ શિષ્યવૃંદને કહી દીધું કે 'મને ૭૨ કલાક સુધી જગાડવાની બિલકુલ કોશિષ કરશો નહિ. કોઈ પણ પ્રકારની દવા કે ઈંજેક્શન આપશો નહિ. એટલું જ નહિ પણ મારા શરીરને અડશો પણ નહિ... અને તેઓ જાણે કે બેશુદ્ધ થઈ ગયા! (કે નવકાર મૈયાની ગોદમાં આળોટી) ગયા!) અને બરાબર ૭૨ કલાકે તેઓ સ્વયં ભાનમાં આવી ગયા ત્યારે તેઓ સંપૂર્ણપણે સ્વસ્થ. હતા!... ડૉક્ટરો પણ આ જોઈ મોંમાં આંગળા નાખી ગયા!

'નવકાર મંત્ર અમૃતતણાં, થયાં છાંટણાં જ્યાંય; પાતક ટળે છે તેહનાં, પામે શીતળ છાંય.'—૫૩

* * *

એક વખત રાણકપુરના જિનમંદિરમાં પ્રભુદર્શન કરતાં તેઓશ્રીને એકાએક આખા જંબુદ્વીપનાં દર્શન થયાં અને આંતરસૂચના મળી તે મુજબ તેઓશ્રીના માર્ગદર્શન મુજબ પાલિતાણામાં તળેટી પાસે આગમમંદિરની પાછળ વિશાળ જંબુદ્વીપનું નિર્માણ થયું છે. જૈન આગમોના કથન મુજબ પૃથ્વી સૂર્યની કે પોતાની ધરીની આસપાસ ફરતી નથી, પરંતુ સૂર્ય-ચંદ્ર જંબુદ્વીપના કેન્દ્રમાં રહેલ મેરુ પર્વતની આસપાસ ફરે છે, તેનાથી ઋતુઓનું પરિવર્તન, દિવસ-રાત આદિ ગણિતબદ્ધ રીતે થયા કરે છે. આ બાબત પ્રૅક્ટીકલ રીતે સાબિત કરીને વિજ્ઞાનવાદમાં અંજાયેલી નવી પેઢીને ધર્મ પ્રત્યેની અશ્રદ્ધાથી ઉગારી લેવા માટે તેઓશ્રીએ નવકાર દ્વારા મળેલી આંતરસૂચના મુજબ જંબુદ્વીપ યોજનાનું નિર્માણ કરાવ્યું છે. ત્યાં ભવ્ય જિનમંદિર પણ શાસ્ત્રાનુસારી વિધિપૂર્વક બંધાયું છે.

સં. ૨૦૪૧માં ઉપરોક્ત જિનમંદિરની પ્રતિષ્ઠા ફા. સુ. ૬ નક્કી થયેલ. પરંતુ પ્રતિષ્ઠાના ત્રણ દિવસ અગાઉ તેમના પગ પર વજનદાર પેટી પડતાં પગમાં ફ્રૅક્ચર થઈ ગયું. પગમાં ખૂબ સોજા થઈ ગયા. ભાવનગરનાં ડૉક્ટરે તેમને ટ્રીટમેન્ટ માટે ભાવનગર આવવાનો આગ્રહ કર્યો. **૬ સાધુઓ પાટ પર બેસાડીને દવાખાનામાં લઈ ગયા. પરંતુ મહામંત્રની સાધનાના બળે તેઓશ્રી ત્રીજે જ દિવસે પગે ચાલીને પ્રતિષ્ઠા પ્રસંગે પહોંચી ગયા અને પ્રતિષ્ઠા કરાવી.** ફા. સુ. ૭નાં પગે ચાલીને આદપર ગામે ગયા. ત્યાંથી ગિરિરાજ પર ચડી યાત્રા કરી. ફા. સુ. ૮નાં આગમમંદિર પાછા આવી ગયા!!!

આ રીતે પં. શ્રી અભયસાગરજી મ. ના અવનવા અનુભવોની પ્રસાદી રજૂ કર્યા પછી હવે મારા બે અનુભવો અહીં જણાવું છું.

સં. ૨૦૨૧ની સાલમાં અમે રાજસ્થાનમાં નાકોડાજી તીર્થની યાત્રાએ જઈ રહ્યા હતા. પણ રસ્તો ભૂલી ગયા. સંજોગવશાત્ અન્ય સાધુઓથી પણ છૂટા પડી જવાયું. ચારે બાજુ રેતીનું રણ હતું. ઉપર આકાશ અને નીચે ધરતી હતી! પક્ષી કે ઝાડનું પણ નામનિશાન નહિ.

છેવટે એક ટેકરા પર બેસી આંખો મીંચી ભાવપૂર્વક નવકાર તથા ઉવસગ્ગહરંનો વારાફરતી જાપ કર્યો. થોડી વાર બાદ આંખો ખોલીને જોયું તો લગભગ ૫ માઈલ દૂર એક મુસાફર સાંઢણી પર બેસીને જતો દેખાયો. મેં દાંડા સાથે કપડું બાંધીને ઊંચું કર્યું. તે જોઈને માત્ર દશેક મિનિટમાં જ તે ૬ ફૂટ ઊંચો પઠાણી બાંધવાનો મુસાફર ત્યાં આવી પહોંચ્યો અને રસ્તો બતાવ્યો. ક્ષણ વાર પછી મેં પાછળ જોયું તો તે અદશ્ય થઈ ગયો હતો...

* * *

ઈ. સ. ૧૯૫૮માં હું ૧૬ વર્ષની ઉંમરનો ગૃહસ્થ અવસ્થામાં હતો. ત્યારે મેટ્રિકની પરીક્ષામાં ૪ ફૂલસ્કેપનું અંગ્રેજી પેપર જોઈ હું એકદમ મુંઝાઈ ગયો આમે ય મારું અંગ્રેજી ખૂબ કાચું હતું. છેવટે મેં આખો બંધ કરી અને નવકાર તથા ઉવસગ્ગહરં વારાફરતી ગણવા લાગ્યો. આમ પણ વડિલોની પ્રેરણાથી રોજ ૧ માળા તો અચૂક ગણતો જ હતો... અને ત્યાં ચમત્કાર સર્જાયો! **જાપ કરતાં કરતાં બંધ આંખે ફિલ્મની જેમ પ્રશ્નોના જવાબ દેખાવા લાગ્યા** અને તેથી ઉત્સાહમાં આવીને મને જેટલા ઉત્તરો યાદ રહ્યા તે જવાબ લખ્યા અને ૫૦ ટકા માર્કસ પ્રાપ્ત કર્યા...!

પં. શ્રી અભયસાગરજી મ. ના અનુભવો પૈકી નં. ૩ તથા ૪ની ઘટનાઓ અમોએ પાલિતાણામાં શ્રીમુખે પણ પ્રસંગોપાત સાંભળી હતી. ફરી ગયા વર્ષે મુંબઈ મલાડમાં પૂ. ગણિવર્યશ્રી મહાયશસાગરજી મ. પાસેથી આ બધી ઘટનાઓ સાંભળી. તેનો સારાંશ અત્રે ટૂંકમાં રજૂ કરવામાં આવ્યો છે.

— સંપાદક

'એક વાર અંતરભાવથી ભાવે જો નવકાર; શાશ્વત શ્રીને આપતો, એહી જ આગળ સાર.'—૫૪

નવકાર મંત્રનો અજબ પ્રભાવ

શતાવધાની પ. પૂ. આ. ભ. શ્રી વિજય કીર્તિચંદ્રસૂરીશ્વરજી મ. સા.

અત્રે રજૂ થયેલ ૬ અજૈન પ્રસંગો સહિત કુલ ૭ પ્રસંગો ઉપરોક્ત પૂ. આચાર્ય ભગવંત દ્વારા લિખિત/સંપાદિત 'સંસ્કારની સીડી', 'પ્રસંગ પરિમલ', 'તેજસ્વી રત્નો' તથા 'ધર્મતત્ત્વપ્રકાશ'માંથી સાભાર ઉદ્ધત કરવામાં આવ્યા છે. — સંપાદક

યૂ. પી. પ્રાંતમાં આવેલા ઝાંસી શહેરનો આ તાજો બનાવ છે, જેને હજી એક દશકો પણ પૂરો વીત્યો નથી. એક મુસલમાન જૈન સાધુના સંસર્ગમાં આવ્યો. **જૈન સાધુના ત્યાગની અને તેમની અસરકારક વાણીની તેના હૃદય પર કોઈ અજબ અસર પડી. તેણે માંસ-મદિરાનો ત્યાગ કર્યો. એટલું જ નહિ પણ ત્યાગી ગુરુ પાસેથી નવકારમંત્ર શીખી લીધો. પવિત્ર અને નિર્મળ બની હંમેશાં તે તેનો જપ કરવા લાગ્યો. ધીરેધીરે નવકાર મંત્ર ઉપરની તેની આસ્થા-શ્રદ્ધા અત્યંત મજબૂત બની.**

આવા પવિત્ર આચાર વિચારથી એ મુસલમાન પોતાની કોમથી જુદો પડવા લાગ્યો. બીજા મુસલમાનોને એ કેમ ગમે? તેમણે આ મુસલમાનને ઘણું-ઘણું સમજાવ્યો કે છોડ આ બધું ધતીંગ, પણ પેલો શ્રદ્ધાળુ મુસલમાન અડગ રહ્યો. પોતાના વિચારમાંથી જરા પણ ચસક્યો નહિ.

આથી મુસલમાનો ઝનૂને ચડ્યા અને તેમાંના એક મુસલમાને તેને જાનથી મારી નાંખવાનો નિર્ણય કર્યો, તે માટે આડા-અવળા અનેક વિચારો કર્યા પછી તેણે એક ઉપાય અજમાવ્યો. તે એક ઝેરી સર્પને ઉપાડી લાવ્યો અને જ્યાં આ શ્રદ્ધાળુ મુસલમાન હમેશાં સૂઈ રહેતો હતો, ત્યાં તેની પથારી નીચે એ સર્પ એવી રીતે મૂક્યો કે દોડીને ચાલ્યો ન જાય. આ વખતે શ્રદ્ધાળુ મુસલમાન હાજર ન હતો. પરંતુ *રાતના ત્યાં આવ્યો અને સૂવાની તૈયારી કરી* હંમેશ મુજબ નવકારમંત્રનું સ્મરણ કરવા લાગ્યો, ત્યાં તેને આપોઆપ એવો ભાસ થયો કે, મારી પથારીમાં સર્પ છે, એટલે તરત જ તે ઊઠ્યો અને પથારી ઊંચી કરીને જોયું તો સાપ ગભરાઈ રહ્યો હતો. તે જ ક્ષણે સર્પ ત્યાંથી નાસી છૂટ્યો.

આ શ્રદ્ધાળુ મુસલમાને ગુરુદેવના મુખેથી નવકારમંત્રનો અજબ મહિમા સાંભળ્યો જ હતો અને આ બનાવ બન્યો. તેથી તેના હૈયામાં અનેરી શ્રદ્ધા પ્રગટી.

આ તરફ પેલો સર્પ ત્યાંથી વિહ્વળ બની જે મુસલમાન આ સાપને મૂકી ગયો હતો, તેના જ ઘેર સીધો ગયો અને તેની એક છોકરી સૂતી હતી તેને કરડ્યો. છોકરીએ ચીસ પાડી, તેથી ત્યાં શોરબકોર મચ્યો અને ચોમેરથી માણસો દોડી આવ્યા. છોકરીનો બાપ-પેલો મુસલમાન પણ તેટલામાં ત્યાં આવી પહોંચ્યો.

એને એ ખબર ન હતી કે, મારી પુત્રીને સર્પ કરડ્યો છે! એના હૃદયમાં આજે અપાર ખુશી હતી, કે પેલા ભગતડા મુસલમાનનું આજ ઠીક નિકંદન કાઢ્યું.

પણ બનાવ એ બન્યો કે, શ્રદ્ધાળુ મુસલમાન તો નવકારમંત્રના પ્રભાવે આબેહૂબ બચી ગયો, એને કશીયે હરકત ન આવી અને એ તો નિશ્ચિત થઈ સૂઈ ગયો.

પેલો દુષ્ટ મુસલમાન પોતાની પુત્રી પાસે આવ્યો ત્યારે એને ખબર પડી કે, મારી પુત્રીને સર્પ *કરડ્યો છે, જેથી તેના હોશ ઊડી ગયા, ઘણાય* ઉપચારો કર્યા. મંત્રવાદીઓને તેડાવ્યા પણ સર્પનું ઝેર ન જ ઊતર્યું. આશા નિરાશામાં મળી ગઈ.

'નમનભાવ રાખી કરી જાપ જપે નવકાર; વમન કરે ભવરોગનું, તાપ શમન કરનાર.'—૫૫

મુસલમાન મૂંઝાણો અને 'હાય મારી પુત્રી મરી જશે! કોઈએ તેનું ઝેર ન ઉતાર્યું, શું થશે?' એ ચિંતામાં તે સાનભાન ગુમાવી બેઠો.

થોડી વાર પછી એને પોતાને ભાન થયું કે, ખરે જ, મેં બીજાને મારી નાંખવાનો પ્રયત્ન કર્યો હતો તેનું એ પરિણામ આવ્યું કે, આજે મારે પોતાને રડવાનો વખત આવ્યો, 'ખાડો ખોદે તે પડે.' એ કહેવત સાચી પડી, પણ હવે થાય શું?

તેવામાં એને વિચાર આવ્યો કે હવે તે શ્રદ્ધાળુ મુસલમાનની પાસે જઉં અને તેનાં ચરણોમાં ઝૂકી પડી મારા અપરાધની ક્ષમા માગું. જરૂર એ જ મારી પુત્રીના પ્રાણ બચાવી શકશે. અને વિના વિલંબે તે પેલા શ્રદ્ધાળુ મુસલમાન પાસે દોડી ગયો. તે ઘોર નિદ્રામાં નિશ્ચિત સૂતો હતો. તેને આ ભાઈએ ઉઠાડ્યો 'કેમ આવવું થયું?' શ્રદ્ધાળુ મુસલમાન બોલ્યો.

'ભાઈ સાહેબ! હું આપના ચરણમાં પડું છું. મને મારા ગુનાની માફી બક્ષો. હું અપરાધી છું.'

પેલો શ્રદ્ધાળુ મુસલમાન વિચારમાં પડી ગયો કે, 'આ શેની માફી માંગે છે? શું બોલી રહ્યો છે? કાંઈ સમજાતું નથી.'

'કેમ ભાઈ! શેની માફી માંગો છો? તમે કંઈ મારો ગુનો કર્યો નથી. આમ કેમ અસંગત બોલો છો?' શ્રદ્ધાળુ મુસલમાને કહ્યું. શ્રદ્ધાળુ મુસલમાનને એ ખબર ન હતી કે, આ કારસ્તાન ભાઈ સાહેબનું જ હતું.

તે દુષ્ટ મુસલમાને જ સાચી હકીકત સંભળાવી, ત્યારે આ શ્રદ્ધાળુ મુસલમાનને ખબર પડી કે, મારી પથારી નીચે સાપ મૂકી જનાર આ જ ભાઈ હતા. માફી માંગ્યા પછી તૂટ્યા ફૂટ્યા શબ્દોમાં પેલો દુષ્ટ મુસલમાન બોલ્યો, 'બચાવો! બચાવો! મારી...પુત્રીના પ્રાણ બચાવો.'

'કેમ શું થયું?' શ્રદ્ધાળુ મુસલમાન બોલ્યો.

'મારી પુત્રીને સર્પ કરડ્યો છે અને એ બેહોશ બની ગઈ છે. સઘળાય ઉપાય અજમાવ્યા પણ બધા નિષ્ફળ ગયા છે.' પેલાએ જવાબ આપ્યો.

શ્રદ્ધાળુ મુસલમાન બોલ્યો કે 'હું કંઈ થોડો જ મંત્રવાદી છું?'

પેલાએ કહ્યું : 'ભલે આપ મંત્રવાદી ન હો, પણ મને વિશ્વાસ છે કે, આપ જ બચાવી શકશો.'

'તો ઠીક ચાલો, બીજાના પ્રાણ મારાથી બચતા હોય તો હું તૈયાર જ છું.'

કેટલી ભલાઈની ભાવના! પોતાના પ્રાણ લેવા તૈયાર થનારનું—પોતાનું બૂરું કરનારનું પણ કલ્યાણ થાય એવી આ શ્રદ્ધાળુ મુસલમાનની ભાવના હતી. એ તરત જ ઊઠ્યો અને પેલા મુસલમાન સાથે ચાલી નીકળ્યો.

છોકરીના હોસકોશ ઊડી ગયા હતા. મંત્રવાદીઓએ હાથ ખંખેરી નાખ્યા હતા. બચાવનો કોઈ ઉપાય ન હતો. અવા વિકટ પ્રસંગમાં આ શ્રદ્ધાળુ મુસલમાને નવકારમંત્ર ભણીને તેના પર પાણી છાંટ્યું, ત્યાં અજબ ચમત્કાર ખડો થયો. ઝેર ઊતરી ગયું. અને જાણે નવો જન્મ લેતી હોય તેમ શય્યામાંથી તેની પુત્રી બેઠી થઈ. સૌ કોઈ હર્ષઘેલા બન્યા અને આ શ્રદ્ધાળુ મુસલમાન ઉપર ફીદા-ફીદા થઈ ગયા. સૌના મુખેથી સહજ બોલી જવાયું કે, કેવી પરોપકારી પરાયણતા! કેવી અજબ મંત્રશક્તિ! ધન્ય છે! ધન્ય છે!'

એક અપરાધી ઉપર પણ રહેમ નજર રાખવી એ કાંઈ નાની સૂની વાત ન હતી. આવા આત્માઓ જગતમાં બહુ વિરલા હોય છે.

નવકારમંત્ર અનાદિનો છે, એનો પ્રભાવ અજબ છે. શાસ્ત્રોમાં સ્થળે-સ્થળે એના પ્રભાવને દર્શાવતાં અનેક દૃષ્ટાંતો આલેખાયેલાં છે. પણ ગણનારમાં શ્રદ્ધા હોવી જોઈએ. ઉપલકભાવથી ગણીએ, ચિત્ત ચગડોળે ચડેલું હોય, હૃદય બૂરી ભાવનાના કચરાથી ભરેલું હોય, ત્યાં ફળની આશા કેમ રખાય? મલિન વાસનાઓ જ્યાં વાસ કરતી હોય, ત્યાં આવો પ્રભાવિક મંત્ર ફળે નહિ એ સ્વાભાવિક છે.

આજે માણસમાં શ્રદ્ધા નથી, વિશ્વાસ નથી, ગણતાંની સાથે ફળની માગણી કરે છે! બસ,

---

'પાપરાશિ ભેગી કરી, પામ્યા દુઃખ અપાર; એહ દુઃખને ટાળવા, નિત્ય સ્મરો નવકાર.'—૫૬

દુન્યવી પૌદ્‌ગલિક સુખની આશાએ જ તે નવકારમંત્ર ગણવા તૈયાર થાય છે, ત્યારે તેનું ફળ પણ તેવું જ મળે છે.

નવકારમંત્ર ગણવાની આપણને ફુરસદ નથી મળતી, જ્યારે અન્ય મંત્ર ગણવા માટે આપણે બે ચાર કલાક કાઢીએ છીએ. કદી ગુરુમહારાજ પૂછે કે, કેમ ભાઈ નવકારમંત્ર ગણો છો ને? ત્યારે આપણે જવાબ આપીએ છીએ કે 'સાહેબ! ઘણાય ગણ્યા પણ કંઈ તત્ત્વ દેખાતું નથી.'

આવી લુખ્ખી તો આપણી ભાવના છે. તેના ઉપર પ્રેમ, શ્રદ્ધા ને વિશ્વાસપૂર્વક ચૌદ પૂર્વના સારરૂપ નવકારમંત્રના જાપમાં લયલીન બનો. તે વખતે દુનિયાને સાવ ભૂલી જાવ.

શાસ્ત્રકાર કહે છે કે :—

नवकार इक अक्खर, पावं फेडेई सत्त अयराणं।
पन्नासं च पयेणं, पणसय सागर सतग्गेणं॥

નવકારમંત્રના એકેક અક્ષરને ગણવાથી ગણનારનાં સાત સાગરોપમનાં પાપો દૂર થાય છે. નવકારમંત્રના એક પદનો જાપ કરવાથી ૫૦ સાગરોપમના અને સમગ્ર એટલે સંપૂર્ણ નવપદોનું ધ્યાન ધરવાથી ૫૦૦ સાગરોપમનાં પાપો વિનાશ પામે છે, એક ચિત્તે વિધિસહિત ભાવથી નવલાખ નવકારમંત્ર ગણવામાં આવે તો ગણનાર જાનવર કે, નરકગતિમાં જતો નથી.

નવકારમંત્ર જેવો દુનિયામાં બીજો કોઈ મંત્ર નથી આવા અપૂર્વ નવકારમંત્રને છોડીને ક્યો આત્મા બીજા મંત્રતંત્રમાં ઉદ્યુક્ત બને!

માટે હે મહાનુભાવો! પરમ મંગળકારી, આધિ-વ્યાધિ ને ઉપાધિને ટાળનાર, સુખ સમૃદ્ધિને અર્પનાર, સમગ્ર દુઃખનો વિનાશ કરનાર, ચૌદ પૂર્વના સારરૂપ, અનાદિસિદ્ધ એવા નવકારમંત્રનું ખૂબ-ખૂબ સ્મરણ કરો. પ્રતિદિન તેનો જાપ કરો, એકાંતમાં બેસી તેનો વિચાર કરો અને અંતે મુક્તિરમાને વરો.

માનવ જેથી દેવ બને છે...!

સાળા અને બનેવીનો બનેલો આ તાજો પ્રસંગ છે. વિક્રમ સંવત ૧૯૯૭-૯૮ની આ સાચી હકીકત છે.

મારવાડમાં શિવગંજ એ જૈનોની મોટી વસ્તીવાળું એક શહેર છે. ત્યાંના એક શ્રીમંત ગૃહસ્થ બીમાર પડ્યા. બીમારી વધી. આ શેઠના બનેવી મદ્રાસ રહેતા હતા. બનેવીને થયું કે સાળાની તબીયત સખત નરમ છે, આખરી અવસ્થા છે, મારે જવું જોઈએ પણ સાંસારિક અનેક ઉપાધિઓના કારણે ત્યાં જઈ ન શકાયું અને સાળાના પ્રાણ છૂટી ગયા. સાળાના મરણ પછી એક વખત બનેવી રાત્રે શય્યામાં સૂઈ રહ્યા હતા, ત્યારે સ્વપ્નમાં પોતાના સાળા આવ્યા, વાતચીતો કરવા લાગ્યા અને સાળાએ જણાવ્યું કે, 'હું અત્યારે વ્યંતર દેવલોકથી તમારી સાથે વાતચીત કરી રહ્યો છું.'

બનેવીએ પૂછ્યું, 'તમે વ્યંતરગતિમાં ક્યાંથી! આશ્ચર્યની વાત છે કે, તમે વ્યંતરલોકમાં પહોંચી ગયા!'

ત્યારે પૂર્વના સાળા એવા એ વ્યંતરદેવે જવાબ આપ્યો, 'ભાઈ! તમારી વાત તદ્દન સાચી છે. મારું જીવન એવું સુંદર ને આદર્શ ન હતું કે, જેથી હું વ્યંતરલોકમાં ઉત્પન્ન થાઉં!' પણ હું પથારીવશ હતો, જીવનની આશા ન હતી ત્યારે સૌ સંબંધીઓએ ગુરુમહારાજને વિનંતી કરી. ગુરુમહારાજે મને અંતિમ આરાધના કરાવી, ખૂબ-ખૂબ નવકારમંત્ર સંભળાવ્યા અને અમુક પ્રતિજ્ઞાઓ પણ આપી અને મારા જીવનમાં થયેલી ક્ષતિઓની નિંદા-ગર્હા કરવા સૂચવ્યું. બસ, **એ ગુરુદેવે મને નવકારમંત્ર સંભળાવ્યા, એના ધ્યાનમાં મારા પ્રાણ નીકળ્યા. એના પ્રભાવે હું નીચ ગતિમાં જનાર આજ વ્યંતર દેવલોકમાં ઉત્પન્ન થયો છું.'**

આટલી વાત થયા પછી બનેવી ઊઠ્યા અને રાતની વાત ધારી રાખી. અત્યારે એ મદ્રાસમાં હતા. મદ્રાસથી એમણે તરત જ શિવગંજ પત્ર

'લક્ષ બાંધી જિનવરતણું, અક્ષર પદ થઈ સ્થિર; મંત્ર જપે નવકારનો, પામે સુખ તે ધીર.'—૫૭

લખ્યો કે, જ્યારે મારા સાળા ગુજરી ગયા, તે વખતે કોઈ ગુરુમહારાજ ત્યાં પધાર્યા હતા? અને તેમનું નામ શું હતું? તે વિગતવાર મને જલદી જણાવો.'

તરત જ પત્રનો પ્રત્યુત્તર આવ્યો કે, તમારા સાળાને અંતિમ આરાધના કરાવવા માટે ગુરુમહારાજ પધાર્યા હતા. તેમનું પૂનિત નામ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ હતું. તેઓ તે જ દિવસે ખીમેલથી વિહાર કરી ગુજરાત તરફ સપરિવાર પધારી રહ્યા હતા અને એક દિવસને માટે તેમણે અત્રે સ્થિરતા કરી હતી, તેમણે અહીં તમારા સાળાને અંતિમ આરાધના કરાવી હતી અને નવકારમંત્ર સંભળાવ્યા હતા.

પત્ર વાંચતાં જ આ બનેવીના મનમાં વસ્તુસ્થિતિ તદ્દન સાચી છે, એમ સમજાઈ ગયું. અહો! નવકારમંત્રનો કેવો અજબ પ્રભાવ છે! ખરેખર! એવો ઉમદા મહામંત્ર મળ્યા પછી પણ આપણે-પ્રમાદી બનીએ છીએ, શ્રદ્ધા ને વિશ્વાસ રાખતા નથી. બસ તે જ દિવસથી આ બનેવીના હૃદયમાં ભારે પરિવર્તન થઈ ગયું, આ ભાઈ-એ કંઈ નાના સૂના માણસ નથી. એક સારા ગવેષક છે. વક્તા છે, વિદ્વાન છે, શ્રીમંત છે અને સારી લાગવગ ધરાવનારા પ્રતિષ્ઠિત વ્યક્તિ છે, તેમણે પોતે જ આ હકીકત મને કહી સંભળાવી હતી, જેને મેં અત્રે અક્ષરદેહ આપ્યો છે.

નવકારમંત્રનો પ્રભાવ દર્શાવનારાં ભૂતકાળમાં અનેક દૃષ્ટાંતો આપણે સંભળ્યાં છે, વર્તમાન-કાળમાં પણ ચમત્કાર ઉપજાવે તેવા કિસ્સાઓ અને તેવી હકીકતો બહાર પડતી જ રહે છે.

નવકારમંત્રના પ્રભાવનું અને તેના મહિમાનું વર્ણન કરવા બેસીએ તો પુસ્તકોનાં પુસ્તકો લખાઈ જાય, છતાં એનો મહિમા ગાયો ગવાય નહિ. નવકારમંત્રનો મહિમા ગાવો એ આપણી શક્તિ બહારની વાત છે. આપણે નિયમિત પ્રાતઃ કાળે પવિત્ર બની શુદ્ધ મનથી નવકારમંત્રનું ધ્યાન ધરવું જોઈએ. જેથી આપણો દિવસ મંગળમય નિવડે, જન્મ-જન્મનાં પાપો દૂર થાય અને આત્મા પવિત્ર બને.

આ તો અમારાં છોકરાં ય જાણે છે!

આ એક સાચી ઘટના છે. વાતને પૂરી બે-ત્રણ વીસી પણ થઈ નથી. ગુજરાતમાં ત્યાગી સાધુ-મુનિરાજોનું આવાગમન અતિ સુલભ છે.

એક પ્રસિદ્ધ ત્યાગી ગુરુદેવના વ્યાખ્યાનમાં નિયમિત એક મુસલમાન હાજરી આપતો હતો. વ્યાખ્યાન શૈલિની અજબ છટા, રોચક શૈલી અને પ્રભાવપૂર્વકના પ્રવચને મુસલમાનના હૃદયમાં ઊંડી છાપ પાડી. ત્યારે એ મુસલમાન ગુરુદેવનો પૂર્ણ ભક્ત બન્યો. ગુરુદેવે તેને નવકારમંત્ર શીખવ્યો, અને એ મંત્રનો અજબ મહિમા પણ સાથે વર્ણવી બતાવ્યો અને કહ્યું કે-તેના પ્રભાવે માણસ ધાર્યું કાર્ય કરી શકે છે, વિઘ્નો ને વિપદાઓ દૂરે ટળે છે અને સઘળી કામનાઓ ફળે છે માટે હંમેશા નવકારમંત્રનું ધ્યાન કરવું, ખૂબ જાપ કરવો.

મુસલમાનને જૈન સાધુ ઉપર અથાગ પ્રીતિ હતી, તેમનો પડ્યો બોલ એ ઝીલી લેતો હતો. નિયમિત એ મુસલમાન નવકારમંત્ર ગણે છે, તેની શ્રદ્ધા અટલ છે. એ સમજે છે ને માને છે કે, 'હું નવકારમંત્રના બળે ધાર્યું કાર્ય કરી શકું છું.

એક વખત એક શ્રીમંત જૈન ગૃહસ્થ પોતાના બાળબચ્ચાં, સ્ત્રી, પુત્ર-પરિવાર સાથે ગાડામાં બેસી બીજે ગામ જઈ રહ્યા હતા. આ મુસલમાન પણ તે જ રસ્તે જઈ રહ્યો હતો. શેઠે પાણી સાથે લીધું હતું પણ થોડું હોવાથી ખૂટી ગયું. બાળ-બચ્ચાં રોકકળ કરવા માંડ્યાં : બાપા પાણી! બાપા પાણી! પણ આ ભયાનક જંગલમાં બાપા પાણી લાવે ક્યાંથી?

પિતાએ ચારે તરફ નજર ફેંકી, પણ કૂવો, વાવ, તળાવ કે વાવડી પણ નજરમાં ન આવી. આ તરફ છોકરાઓ ચીસ પાડે છે પિતાને વિચાર થઈ પડ્યો : શું કરવું? આવા ઘોર જંગલમાં પાણી ક્યાંથી

'જેના મન વિષે રહે, નવકારમંત્ર રણકાર; ભેંકાર ભાગે ભવતણો, પામે સુખ શ્રીકાર.'—૫૮

લાવવું?' પેલા મુસલમાને જાણ્યું કે શેઠને પાણી જોઈએ છે. એમનાં છોકરાં રોકકળ કરી રહ્યાં છે.

તરત જ તેણે શેઠને કહ્યું : 'શેઠજી! જરા થોભો, હું પાણી લાવી આપું છું.'

શેઠે કહ્યું : 'ભાઈ! અમે ઘણી તપાસ કરી. આટલામાં પાણી છે જ નહિ, તો તમે ક્યાંથી લાવવાના હતા? જવા દો. જલદી આગળ જઈએ અને ઘર ભેગા થઈએ.

'શેઠજી! જુઓ તો ખરા, હમણાં પાણી લાવી આપું છું. જરા ધીરજ રાખો, વિશ્વાસ રાખો.' મુસલમાને કહ્યું.

શેઠે કહ્યું : 'ઠીક ભાઈ! લાવી આપ પાણી, તારી મહેરબાની!'

મુસલમાને ચાર-પાંચ ડગલાં દૂર જઈ જમીન પવિત્ર કરી એક રૂમાલ પાથર્યો અને કંઈક ગણગણવા માંડ્યું.

શેઠ વિચારે છે : 'આ વળી શું કરે છે! એમ તે કંઈ પાણી મળી જવાનું છે?'

શેઠની ધીરજ ખૂટી, અને તે તો બોલી ઊઠ્યા : 'ભાઈ સાહેબ! રહેવા દો, અમે જઈએ છીએ.' એમ પાણી નહિ આવે.

પણ પેલો મુસલમાન તો પોતાના ધ્યાનમાં મસ્ત હતો. થોડી જ ક્ષણમાં ત્યાં મીઠા પાણીનો કુંડ જોવામાં આવ્યો. એ મીઠા પાણીના કુંડમાંથી મુસલમાને લોટો ભરી સૌને પાણી પાયું. શેઠની ખુશીનો પાર ન રહ્યો. શેઠ સમજ્યા કે આ તો પરમાત્મા જેવો છે. છોકરાં ય રાજી થયાં અને શેઠ પણ ગાજી ઊઠ્યા : 'વાહ રે મુસલમાન!'

શેઠે મુસલમાનને કહ્યું : 'મને એ તો બતાવ કે, તું રૂમાલ પાથરીને શું ગણ-ગણ કરતો હતો?' મુસલમાને જણાવ્યું : 'શેઠ સાહેબ! ગુરુમહારાજે મને એક મંત્ર બતાવ્યો હતો અને તેમણે જણાવ્યું હતું કે, આ મંત્રના પ્રભાવથી તારી સઘળી ઇચ્છા પૂરી થશે, વિઘ્નો ને વિપદાઓ દૂર ટળશે. મને ગુરુજીના વચન ઉપર પૂર્ણ શ્રદ્ધા હતી, જેથી મેં એ મંત્રનું ધ્યાન કર્યું. તેના પ્રભાવે તરત જ પાણીનો કુંડ તૈયાર થયો.'

'પણ એ મંત્ર ક્યો એ તો બતાવ!' શેઠજી બોલ્યા.

'શેઠજી! આપને એ મંત્રનું શું કામ છે? આપનું કામ થઈ ગયું છે.' મુસલમાને જણાવ્યું.

શેઠ કહે છે કે, તે અમારે ખરા વખતે કામ આવે. જો આ વખતે તું ન હોત તો પાણી વગર છોકરાં મરી જાત, માટે અમને એ મંત્ર બતાવ, અમે પણ એવા કપરા પ્રસંગમાં તેનો ઉપયોગ કરી અમારી ઇચ્છા પૂર્ણ કરી શકીએ.'

શેઠે ખૂબ આગ્રહ કર્યો ત્યારે મુસલમાન બોલ્યો : 'શેઠજી! સાંભળો. નમો અરિહંતાણં... નમો સિદ્ધાણં' વગેરે નવકારમંત્રના નવપદ એ શુદ્ધ રીતે બોલી ગયો.

શેઠ કહે છે : 'આ તારો મંત્ર?'

મુસલમાન કહે : 'જી સરકાર!'

'અહો! આ તો અમારા ઘરનાં છૈયાં-છોકરાં અને ઘરનાં બધાં માણસો જાણે છે. જા જા હવે, અમે તો રોજ ગણીએ છીએ છતાં કંઈ જ થતું નથી, આ પાણીનો કુંડ તો કુદરતી થઈ ગયો છે, એમાં કંઈ મંત્રનો પ્રભાવ નથી.' શેઠ બોલ્યા.

'એમ? તમે આ મંત્ર રોજ ગણો છો? તમે આ મંત્ર જાણો છો? એમાં કંઈ નથી?' મુસલમાને પ્રશ્ન કર્યો.

જોયું! શેઠજી પોતે અશ્રદ્ધાળુ હતા. નવકારમંત્રના ઉપરનો વિશ્વાસ ખોઈ બેઠા હતા. આ મુસલમાનને દૃઢ શ્રદ્ધા હતી, પૂર્ણ વિશ્વાસ હતો. તેમ શેઠજીના સંસર્ગથી વિશ્વાસ ખોઈ બેઠો.

મુસલમાને ફરી પાણીનો કુંડ થઈ જાય એ ઇચ્છાથી નવકારમંત્રનું ધ્યાન ધર્યું, ઘણાય ગણ્યા, પણ કુંડ કે પાણીનું નામનિશાન ન થયું. મુસલમાન સમજ્યો, શેઠજીની વાત સાચી છે, આ મંત્રમાં કંઈ નથી.

આજે આવા કંઈક આત્માઓ બીચારા અનેકોની શ્રદ્ધાને ઝૂંટવી રહ્યા છે. પોતે અશ્રદ્ધાળુ હોય છે અને બીજાને પણ અશ્રદ્ધાળુ બનાવે છે. પછી પેલો

'જેનું જગમાં કો' નહીં, તેનો શ્રી નવકાર, જાપ જપી ખાતરી કરો, સંતોનો પડકાર.'—૫૯

મુસલમાન ગુરુમહારાજને મળે છે અને સાચી હકીકત પૂછે છે.

ત્યારે ગુરુમહારાજે સત્ય હકીકત કહી સંભળાવી. શેઠની વાત સાંભળી ગુરુમહારાજને ખેદ થયો. આવા માણસો પોતાને વિશ્વાસ નહિ એટલે બીજાને પણ વિશ્વાસથી ચલિત કરે છે. ખરેખર જૈનધર્મ આજે વાણિયાના હાથમાં આવ્યો છે. પ્રથમ ક્ષત્રિયોના હાથમાં હતો. સ્વપ્નાનાં વર્ણનમાં આવે છે કે, ઉકરડામાં કલ્પવૃક્ષ ઊગ્યું, તે સાચી વાત છે.

પેલો મુસલમાન ગુરુદેવના વચન સાંભળી પુનઃ દઢ શ્રદ્ધાળુ બન્યો અને પહેલાંની જેમ નિયમિત નવકારમંત્ર ગણવા લાગ્યો.

દુનિયાના સઘળા ય વ્યવહારોમાં વિશ્વાસ રાખવો પડે છે, વિશ્વાસ વગર વ્યવહાર પણ ચાલતો નથી. ધર્મ ઉપર જો વિશ્વાસ રાખવામાં ન આવે તો એ ધર્મકરણી ફળે ક્યાંથી? ફળ મીઠાં ચાખવાં છે, વાતો મોટી કરવી છે, અને શ્રદ્ધામાં ગોળ-મટોળ ભમરડા જેવું મીંડું, તે કેમ ચાલે?

માટે શ્રદ્ધા મજબૂત બનાવો. **આપણી શ્રદ્ધા અસ્થિમજ્જા હોવી જોઈએ. રગે-રગમાં, નસેનસમાં દેવ, ગુરુ અને ધર્મ પ્રતિ આપણો વિશ્વાસ હોવો જોઈએ. એવી દઢ શ્રદ્ધા અને વિશ્વાસથી કરેલી ધર્મક્રિયાનું ફળ અવશ્ય મળે છે.**

પારસીભાઈનો પ્રેરક પત્ર

શ્રીમદ્ પૂ. આ દેવશ્રી લક્ષ્મણસૂરીશ્વરજી મ. સા. તથા શતાવધાની પૂ. આ. શ્રીવિજય કિર્તીચન્દ્રસૂરીશ્વરજીને ભાઈ સોરાબદારાશાનાં પ્રણામ હોજોજી. આપે મને જે પ્રેમથી તમારું 'પ્રસંગ પરીમલ' પુસ્તક ભાઈજી ઠાકોરભાઈ શાહ સાથે મોકલાવ્યું, તે માટે હું તમારો ઘણો આભારી છું. કે, એક અદના માનસને ભી તમોએ ઘણા જ પ્રેમ સાથે યાદ કરી મારી સાથે વાતચીત થઈ હતી તે અને તેનો બોધ, તમોએ મને સમજાવીયો હતો, તેનો બોલે બોલ તમોએ 'એક પારસીભાઈ' એ માથે તમારી ચોપડીમાં છપાવીયું છે. હું તમોને મારા થોડા અનુભવ તમારા આપેલ મંત્ર 'નમો અરિહંતાણં' માટે લખું છું. જે હું અમથું નથી લખતો પણ ખરા દિલથી લખું છું. જે ગમે તે લોક એને સાદો મંત્ર સમજે કે અવધૂત મંત્ર સમજે. પણ મારા માટે તો એક આશીર્વાદ છે. એ મંત્ર મેં તમો પાસ લીધો હતો, તે વખતે તમોશ્રીજીએ એક ચોપડી આપી હતી. તે મેં વાંચી હતી પણ તેમાંનો ઉપલો મંત્ર જ મેં મોઢે કરી લીધો હતો. તે પર હું રોજ થોડો જપ કરતો આવીઓ છું. તેની અસર મારી પૂર્ણ શ્રદ્ધાને લીધે કહો કે આપ સાહેબની દુઆથી કહો, મને તો એમાં દરેક રીતે ફતેહ મળી છે. ને આશા છે જે જીંદગીભર ભી મળશે.

૧. મને વીંછી ઉતારવાનો ઘણો જ શોખ છે. જે કાંઈ બી રીતે કે, અબઘડીએ આવે ત્યારે **હું એ મંત્ર બોલી ૩ વખત હાથ ઉપરથી નીચે ઝાટકી કાઢું છું. એમ ત્રણ વખત કરતાં ગમે તેવો કાતિલ વીંછી નીચે કરડેલી જગ્યા પર આવી જાય છે.** પછી વીંછી કરડનાર વ્યક્તિને હાથની કોણીથી લઈને હાથ તથા પગનાં ઘૂંટણથી લઈને પગ એ રીતે હાથ-પગ ધોવા કહું છું. હાથ-પગ ધોઈ લીધા પછી દૂધ-ચા-પાણી-સાકર ખાવા કહું છું એ માણસ/વ્યક્તિ જગ્યા પર દેખાય (જતા દેખાય) ત્યારે હું હોઠ ડુબાડીઆ વગર દીલમાં મંત્ર ભણીયા કરું છું. તેથી લોકોને બહુ જ જલદી આરામ થઈ જાય છે.

૨. અડધું માથું દુઃખતું હોય, (ગમે તેટલા દિવસ જૂનું હોય) તો ચોક્કસ નસ દબાવી એ મંત્ર ચાલુ કરું છું, જે ત્રણ-ચાર દિવસમાં યા કોઈ વખતે ૧-૧ દિવસમાં આરામ થઈ પાછું પાંચ વરસ વેર (સુધી) દુઃખતું નથી.

બોલો શ્રીજી (સાહેબજી)! કે એવા મંત્ર ઉપર ને ઈશ્વર શ્રદ્ધા કેમ ન રહે? આશીર્વાદ તો તમો શ્રીજીને જ પુગે ખરુંની!

૩. માથાશૂલ હોય તો ૭ દિવસ કરું છું.

૪. તાપ-તાવ હોય તો ૩ દિવસ કરું છું.

૫. નજર ભી લાફો લઈ તુરત ઉતારું છું. પણ મંગળ ને શનીવાર એ ઘણાં જોશવાળા દિવસ

'સંપત્તિમાં પણ સુમતિ, સદા સમરે નવકાર; રહે વિપત્તિ વેગળી, ક્લેશ ન આવે દ્વાર.'—૬૦

પૂરવાર થાય છે.

શ્રીજી! હું એક પાઈ તો શું પણ કોઈ પણ માનસનાં કે મારા પોતીકા માનસનાં હાતનું પ્રેમથી ભી આપેલું તે વખતે ખાતો જ કે પીતો ભી નથી. કોઈ પણ દિવસ કોઈ ભી જમવા બોલાવે તો સાફ ના કહું છું. ગુસ્સો આવે તો માફી ચાહું છું પણ હું તે પર કંઈ ભી સ્વાર્થ રાખ્યા વગર અચલ શ્રદ્ધા સાથ (મંત્ર) મનન કરું છું. બોલો તો સાહેબ આ વાતમાં તમે જાનો છો? **મેં એ મંત્ર-જાપ કરી મારા કઠીન દિવસો ભી સંતોષ સાથ ધીરજથી પસાર કીધા છે.** તે હાલનાં મારા ચાલુ ધંધામાં જે બી લોકો મારા ઉપર ગાંડુઘેલું બોલે છે, તો હું તેવાને કંઈ ભી જવાબ નહીં આપતાં તે લોકોને આશીર્વાદ આપું છું કે એ લોક સારું બોલે, નહિ તો પછી હું તેમ નહિ કરું તો મેં કીધેલી મહેનત પાણીમાં મળી જાય ને હું જેવો તેવો જ નાદાન રહું, કમ અક્કલ રહું ને અજ્ઞાન કહેવાઉં. **હું તો મારું ચારિત્ર જેમ સારું બને તેની જ કોશિષ કરું છું.**

જો કે મારાથી પાપો તો હજારો થતા હશે તેથી હું પાપી તો કહેવાઉં જ. કારણ મારા વિચાર સારા ને નઠારા તો રહેતા જ હશે.

શ્રીજી! કાગજ પૂરો કરું છું. તસ્દી માફ કરજો. ફરી એક વાર તમારા આશેશ (આશિષ) એક જાતવાન ગરીબ પર ઉતારશોજી. જે મને અનદીઠ રહેવા છતાં જ્ઞાનબોદ મળતો રહે.

લી. આપનો,

૯-૧-૭૦ દરબાશા

તા.ક. મેં એ મંત્ર પર સિદ્ધિ મેળવી છે પણ ટકીને રહે એટલે બસ.

('ધર્મતત્ત્વપ્રકાશ'માંથી)

નરેન્દ્રને નવકાર ફળ્યો

નરેન્દ્ર માણેકલાલ મોતીવાલા

આમ તો હું ખંભાતનો વતની છું. હાલ સાંતાક્રુઝ (મુંબઈ) રહું છું. જ્ઞાતિએ વિશા નાગર વણિક (જૈનેતર) છું. પણ મારા પાડોશી અમદાવાદનાં જૈનો છે. તેમની પ્રેરણાથી તે વખતે સાંતાક્રુઝમાં બિરાજમાન જૈન મુનિશ્રી કીર્તિવિજયજી મ. નો સમાગમ થયો. તેમણે મને થોડાં ઉપયોગી પુસ્તકો આપ્યાં. સાથે સાથે નવકારમંત્ર ગણવાની પ્રેરણા આપી. હું દરરોજ સવારે-સાંજ ૧૦૮ નવકાર ગણવા લાગ્યો.

લગભગ નવકાર ગણતાં મને બે વર્ષ થવા આવ્યાં. તે પહેલાં મને કુટુંબ નિર્વાહની ચિંતા હતી. રાતના ઘણી વખત ઊંઘ નહોતી આવતી. સામાન્ય વાતોનાં પ્રસંગોમાં પણ ક્રોધ ચઢતો. નવકારમંત્ર ગણવાનું શરૂ કર્યા પછી સૌથી મોટો ફાયદો થયો. તે આજે હું એક મિલમાં સારો પગારદાર છું. ઊંઘ તો નિયમિત આવે છે પણ સમતા પણ સારી રહે છે.

હમણાં અમારી મિલમાં એક પ્રસંગ બન્યો. મિલમાલિકે મને કહ્યું કે આપણી પાસે હવે સારી જાતનાં ઝડપી મશીનો આવ્યાં છે, જેથી કામ વધુ થશે એટલે ૧૫ માણસોને આપણે રજા આપવાની છે. એ ૧૫ માણસોને મેં કામે આવવાની ના પાડી. એમાંનાં કેટલાંક તો મને એવી ગાળો દીધી ને ન કહેવાનાં વેણ કહ્યાં. પણ મેં એમના પર જરા પણ ગુસ્સો ન કર્યો, કારણ કે મને પણ એમને રજા આપવા બદલ બહુ જ દુઃખ થયું કે એમનાં બૈરાછોકરાં શું ખાશે? થોડી વાર પછી જ મારી સામે રોષ પ્રગટ કરનારા આવીને મારી માફી માંગવા લાગ્યાં. હું પ્રસંગે નવકારમંત્ર ગણતો જ હતો. મારો પગાર ૫૦૦ રૂ. માંથી વધીને આજે ૧૮૦૦ રૂ. થયો છે.

("પ્રસંગ પરિમલ"માંથી)

ધનજીભાઈ ધન્ય બન્યા!

૧૫ દિવસ પહેલાંની જ તાજી વાત છે. **સાણંદનાં** મ્યુ. પ્રેસીડેન્ટ શ્રી ધનજીભાઈ પટેલ મોટર દ્વારા રાજકોટ ગયા હતા. ત્યાંથી ચોટિલા થઈ પાછા ફરતાં સાણંદ નજીક પહોંચ્યાં ત્યાં અચાનક મોટર બંધ પડી ગઈ. ધનજીભાઈ મોટરમાં જ બેઠા હતા. બેઠાં બેઠાં સ્હેજ ઊંઘ આવી ગઈ. પાછળથી એક માલથી ભરેલી ટ્રક પૂર જોશથી આવતી હતી.

'સમુદ્ર સમ સંસાર આ, નાવ સમ નવકાર; સહારો લે શ્રદ્ધા થકી, તે પહોંચે કિનાર.'—૬૧

ધનજીભાઈનાં સાથીએ હાથ ઊંચો કરી ટ્રકવાળાને ધીરેથી હાંકવા ઇશારો કર્યો પણ ટ્રકવાળાએ તો પૂરજોશથી હાંકે રાખ્યું. અને ટ્રક ધનજીભાઈની ગાડી સાથે અથડાઈ અને ધનજીભાઈની ગાડી એક મોટા ખાડામાં પડી ગઈ.

સામે એક મોટું ઝાડ હતું. જો ગાડી એ ઝાડની સાથે અથડાઈ હોત તો ગાડીના ચૂરેચૂરા થઈ જાત. પણ આશ્ચર્યની વાત તો એ હતી કે, ગાડી ખાડામાં પડવા છતાં કોઈને કશી ઈજા ન થઈ અને સૌ આબાદ બચી ગયા. બચવાનું કારણ તો સૌને એક જ મળ્યું કે **આ બનાવ વખતે ધનજીભાઈ 'અરિહંત'... 'અરિહંત' જપતા હતા!...**

શ્રી ધનજીભાઈ પટેલ જૈનેતર હોવા છતાં ત્રણેક વર્ષ પૂર્વે **પૂ. ગુરુદેવ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મ. સા.**નાં સમાગમમાં આવ્યા. પછી તેઓશ્રીનાં વ્યાખ્યાનોની તેમના ઉપર જબ્બર અસર થવા પામી અને ત્યારથી તેઓ નિયમિત નવકારમંત્ર ગણવા લાગ્યા. પોતાના મિત્રો શુભેચ્છકોને પણ વખતોવખત દર્શનાર્થે લાવી વ્યાખ્યાન સંભળાવે છે. **તેમનાં મિત્રમંડળમાં ઘાંચી, મોચી, પટેલ, બ્રાહ્મણ એમ વિવિધ જ્ઞાતિના ભાઈઓનો સમાવેશ થાય છે. સૌ ભાઈઓએ પૂ. મ. શ્રીનાં ઉપદેશથી માંસ-મદીરાનો ત્યાગ કર્યો છે. અને સૌ નિયમિત નવકારમંત્રનું સ્મરણ કરે છે.**

(''તેજસ્વી રત્નો''માંથી)

સાપ પણ સાનુકૂળ બન્યો!

સતારા પાસે આવેલા **પુસેસાવળી** ગામનાં વતની **વૈદ્યરાજ શ્રી રામચંદ્ર બાપુરાવ સૂર્યવંશી,** મરાઠા (ક્ષત્રિય) જ્ઞાતિનાં છે પણ તેઓ જૈન ધર્મ ઉપર અપૂર્વ આસ્થા ધરાવે છે. ઈસવીસન ૧૯૭૬માં મુંબઈમાં શ્રેષ્ઠી સાકળચંદ ભગાજીનાં સંપર્કમાં આવતાં નવકારમંત્ર ગણતા થયા, અજોડ આસ્થાથી નવકારમંત્ર સ્મરણ કરતાં તેમનાં જીવનમાં અનેક વાર ચમત્કારિક ઘટનાઓ બનવા પામી છે.

એક વખત તેઓ સાઇકલ પર બેસી રસ્તો પાર કરતા હતા. સાઇકલમાં ઘંટી નહોતી. રસ્તા પર જ એક મોટો સાપ પડ્યો હતો. નજીક જતાં જ સાઇકલની સામે જ ડોક ઊંચી કરી સાપ સ્થિર થયો. વૈદરાજ પહેલાં તો જરા ગભરાયા પણ તરત જ નવકારમંત્ર યાદ આવતાં નવકારમંત્ર ગણવા લાગ્યા. અચાનક ઘંટાનાદ સંભળાયો. અને સાપ તે જ ક્ષણે ત્યાંથી પલાયન થઈ ગયો.

બીજા એક પ્રસંગે તેઓ એક ગામ જતા હતા ત્યારે, રસ્તામાં એક કૂતરું રડતું હતું... અને તે રડતું કૂતરું તેમની પાછળ પડ્યું. વૈદરાજ સમજી ગયા કે કૂતરાનું આ રુદન અશુભ મિલન છે. પણ તેમને ડર નહોતો. કારણ કે તેમનું ભયરક્ષક બળ નવકાર તેમની સાથે હતો. તે આગળ વધવા લાગ્યું. થોડે દૂર જતાં કૂતરાએ વૈદરાજને ત્રણ પ્રદક્ષિણા આપી... પછીની ક્ષણેકમાં જ મેઈલ ટ્રેનથી પણ વધુ ઝડપે એક ભોરીંગ તેમની સામે ધસી આવ્યો. પણ નવાઈની વાત એ બની કે વૈદરાજનાં સર્કલમાં, એટલે કે કૂતરાએ પ્રદક્ષિણા આપી હતી એ જગ્યામાં સર્પ પ્રવેશી શક્યો નહિં, ત્યાં જ થંભી ગયો. વૈદરાજ તો હંમેશના સાથી એવા નવકારના ધ્યાનમાં ત્યાં ને ત્યાં જ તલ્લીન થઈ ગયા. સાપ ગાયબ!

ત્રીજો પ્રસંગ પણ અત્યંત ચમત્કારિક છે. એક વખત વૈદરાજ પોતાના મિત્ર બાબુરાવ અને બીજા કોઈ એક ભાઈ સાથે ટ્રકમાં બેસી સતારાથી કરાડ જઈ રહ્યા હતા. રસ્તામાં એક મોટા પત્થર સાથે ટ્રક અથડાતાં જ ટ્રકનો આગળનો ભાગ તૂટી ગયો. પણ ત્રણેમાંથી કોઈને જરા પણ ઈજા થઈ નહોતી. તેનું મુખ્ય કારણ આ બનાવ બનતાં જ વૈદ્યરાજ નવકારમંત્રના સ્મરણમાં એકાગ્ર બની ગયા હતા.

વૈદ્યરાજને કોલ્હાપુરનાં મિ. શાહનાં સંપર્કમાં આવતાં વિ. સં. ૨૦૧૫માં કોટમાં શતાવધાની પંન્યાસજી મ. શ્રી. કીર્તિવિજયજી ગણિવરનાં પ્રવચનને શ્રવણ કરવાનો સુયોગ સાંપડ્યો. તે વખતે ચાલી રહેલા 'અમરકુમાર અને

'આ ભવાટવી સંસારનો, વોળાવો નવકાર; જો સાથે રાખો તેહને, તો કોઈ નહીં લૂંટનાર.'—૬૨

નવકારમંત્રનો પ્રભાવ' પરથી તેઓ પ્રભાવિત થઈને ધર્મમાં સ્થિર થયા. નવકારની શ્રદ્ધા ઊંડી ને મજબૂત બની ત્યારથી તેમણે ત્રિકાળ નવકારમંત્ર ગણવાની શરૂઆત કરી. **રોજ ૧ હજાર નવકાર શ્રી જિનમંદિરમાં બેસીને જ તેઓ સ્થિરતાથી ગણે છે. તેમણે નવપદજીના આંબિલની ૯ ઓળી પણ પૂર્ણ કરી છે....**

('પ્રસંગ પરિમલ'માંથી)

નવજીવન આપનાર નવકાર

અનુભવ–વિનોદ એલ. શાહ * લેખક "વિજયભદ્ર"

દશ વર્ષ પહેલાંની વાત છે. ગરમીની સીઝનમાં મારી દુકાનમાં રોજની જેમ આજે પણ મારો પંજાબી મિત્ર આવ્યો હતો. એ આર્થિક રીતે મૂંઝાયેલો, જીવનથી કંટાળેલો, સંબંધીથી તરછોડાયેલો, દુઃખથી દઝાયેલો કરુણાપાત્ર હતો.

જો કે બુદ્ધિથી હોશિયાર હતો. કલ્પના શક્તિમાં પ્રવિણ હતો. મશીનરીના કામમાં ફીટિંગ ને એડજસ્ટમેનમાં કુશળ કારીગર હતો.

પરંતુ રૂપ અને રૂપિયા પાછળ એ ભાન ભૂલી જતો. પૈસા મળ્યા એટલે આડે રસ્તે પૂરા કરવા, રૂપેરી લલના મળે એટલે વિષય-વિકારનો શિકારી થતો. આવું હતું એનું જીવન. આવી હતી તેની જીવવાની પદ્ધતિ.

એક દિવસની વાત. મારા ટેબલ ઉપર "સચિત્ર નવકાર" હિન્દી પુસ્તક પડ્યું હતું. તેની છપાઈએ... તેના આકર્ષક ચિત્રોએ... તેના સરળ વિવેચને ચળકતા-ચમકતા કાગળોએ મિત્રને લલચાવ્યો. મિત્રે પુસ્તક હાથમાં લીધું. જે ધર્મના નામથી દૂર-સુદૂર રહેવા ઈચ્છતા, તે જ મિત્રે શાંતિથી, વિચારપૂર્વક પુસ્તકનું વાંચન શરૂ કર્યું.

પુસ્તકના અક્ષરે અક્ષર વાંચ્યા. તેમાં લખેલ હતું. "ભવ ભવનાં દુઃખ કાપે" "પરમાતમ પદ આપે" આ શબ્દોને વાંચતાં, એના ઉપરનું વિવેચન વાંચતા એનો સૂતેલો આત્મા જાગી ઊઠ્યો. નાચી ઊઠ્યો.

સુષુપ્ત ચૈતન્ય થનગની ઊઠ્યું. 'મહાપ્રભાવિક મંત્રે જો અમર ને 'અમર' બનાવ્યો, સર્પની 'ફૂલમાળા' થઈ, રંક-ભિખારી ને 'રાજા' કર્યો, તો શું મારો ઉદ્ધાર નહીં થાય?

જે મંત્ર સર્વ કાળે... સર્વ ક્ષેત્રે... પ્રભાવક તરીકે પ્રસિદ્ધિ પામેલ હોય તે મંત્ર નિશ્ચિત મારા માટે ઉત્તમ ઔષધ છે. સુખી થવાનો ઉપાય છે.

પંજાબીએ મને પૂછ્યું... મને પુસ્તક આપશો? આ મંત્ર હું ગણી શકું? આથી મારું દુઃખ દૂર થશે? મેં કહ્યું... મિત્ર! તે માટે મારા ગુરુદેવની આજ્ઞા લેવી પડશે.

પરંતુ...આગળ હું કાંઈ ન બોલ્યો. મારા મૌનથી મિત્રને આશ્ચર્ય થયું. મિત્રે પૂછ્યું. વિનોદભાઈ! કેમ અટક્યા? મેં કહ્યું...મિત્ર તારા ઉપર મને દયા આવે છે. મંત્ર-લેતાં કાંઈક આપવું પડશે કાંઈક છોડવું પડશે. કાંઈક કરવું પડશે. તો તું શું કરીશ? તારું જીવન દૂષિત છે. એ દૂષણ ત્યજવા પડશે.

મનને પવિત્ર કર્યા વિના મંત્ર સધાય નહીં. જીવન સુધરે નહીં. તારો ઉદ્ધાર આ જગતમાં થાય નહીં. બોલ, આ બધું તારાથી થશે? મિત્રે કહ્યું- વિનોદભાઈ! બધું હું છોડીશ.

તમે કહેશો, તેમ કરીશ. જીવાડશો, તેમ જીવીશ. આમે ભૂખ્યો મરું છું, બેકાર ફરું છું. ધર્મના શરણે જવાથી ભૂખે મરીશ તો પણ મારું કલ્યાણ થશે. મારો ઉદ્ધાર થશે.

'વિભાવ દશા જે આત્મની, આપે દુઃખ અપાર; સંકલેશોના સમયમાં, મંત્ર સ્મરો નવકાર.'–૬૩

બીજા દિવસે સુવર્ણ પ્રભાત ઊગ્યું. હું અને મારો મિત્ર ઉપાશ્રયે ગયા. પૂ. મુનિરાજશ્રી જિતેન્દ્ર વિજયજી મહારાજે મિત્રને મંત્ર આપ્યો. મિત્રને શીખ આપી. અને મિત્રે પણ અયોગ્ય જીવન ત્યજ્યું. અસભ્ય વિચાર ત્યજ્યા. નિંદનીય પ્રવૃત્તિ છોડી.

હવે મિત્ર મારો સ્નેહી થયો. ત્રિકાળ મંત્રારાધના કરે છે. માત્ર આઠ દિવસમાં આશ્ચર્યકારી ત્રણ પ્રસંગો તેણે અનુભવ્યા. તે આવા હતા.

પ્રથમ જે પુત્ર પરિવાર તેને બોલાવતો નહીં. તેની સામે જોતો નહીં તે પરિવાર સુખ દુઃખના ખબર પૂછવા લાગ્યો. પેટ ભરીને પ્રેમથી જમવાનું આપવા લાગ્યો.

બીજો નધણીયાતા ઢોરની જેમ આખો દિવસ ભટકતો હતો. દુકાને દુકાને ઠોકરો ખાતો હતો. બેકાર, બેલગામ જીવન જીવતો હતો. હવે, તેને સારું કામ મળ્યું. સારું નામ થયું. બુદ્ધિને વાપરતાં બે પૈસા બચાવતો થયો.

ત્રીજો ઘરના બારણે ગાય-ભેંસ બાંધેલી હતી. વાછરડીનો જ્યારે જ્યારે જન્મ થવાનો હોય ત્યારે સર્પ-નાગરાજ દર્શન આપતા. દૂધ પી ચાલ્યા જતાં પણ આજે અચાનક નાગરાજની પધરામણી થઈ. જવા માટે ઘણા ઉપાય કર્યા પણ એ ગયા નહીં. દૂધ પીવા આપ્યું પણ પીધું નહીં. પકડવા માટે પ્રયત્ન કર્યો પણ પકડાયા નહીં.

હવે? શું કરવું? બધા મૂંઝાયા ત્યાં જ મિત્રને મંત્ર-નું સ્મરણ થયું. બધા પરિવારને વિનંતી કરી શાંત બેસી જાઓ દૂધનો વાટકો લાવો. હું મંત્ર ભણું છું. પ્રાર્થના-વિનંતી કરું છં. બધા શાંત બેઠા. મિત્રે શાંત ચિત્તે નિર્મળ હૃદયે પવિત્ર મને નવકાર મંત્રનું ધ્યાન ધર્યું... આશ્ચર્યની વાત... નાગરાજ તરત જ શાંતિથી ચાલ્યા ગયા. પણ... થોડી વારમાં જ પોતાના પરિવાર સાથે ચારની સંખ્યામાં પધાર્યા. તે વખતે પણ મિત્રે, પૂર્વની જેમ મહાપ્રભાવિક મંત્રનું એકાગ્ર ચિત્તે ધ્યાન કર્યું અને નાગરાજ ચાલ્યા ગયા.

વાત તો ઘણી લાંબી છે. પણ...

નવકારના કારણે પંજાબી ધર્મના માર્ગે વળ્યો. નવકારના સ્મરણથી એ પવિત્ર-શુદ્ધ થયો. નવકાર ઉપરની શ્રદ્ધાથી પંજાબીને નવ્યજીવન જીવવાનો સાચો રાહ મળ્યો. એ જ પ્રભાવક નવકાર તમોને અમોનો સૌને તારશે. તેમાં શંકા નથી.

જંગલમાં મંગલ

એક અદ્‌ભુત ચમત્કારિક ઘટના

રસિકલાલ સી. પારેખ
તંત્રી ''જૈન ક્રાંતિ'' પાક્ષિક ૩૧/૩૬, કરણપરા, રાજકોટ-૩૬૦ ૦૦૧.

'નમસ્કાર ત્યાં ચમત્કાર' અંગેનો પરિપત્ર મળેલો... ત્યાં સુધી મારા અંગત જીવનમાં, જો કે હું ધાર્મિક પત્રનો સંપાદક હોવા છતાં, એક પણ એવી ઘટના બનેલી નહી. તેમજ અમુક માણસોની કપોળ કલ્પીત વાતો, મારા માન્યામાં ન આવે તેવી વાતો મળેલી. પરંતુ દૃઢધર્મી શ્રાવક હોવા છતાં સંજોગોવશાત્ ચમત્કાર ઉપર શ્રદ્ધા બેસતી નહીં. કારણ કે કર્મવાદમાં જ માનું છું.

જોગાનુજોગ આપનો પરિપત્ર મળ્યા બાદ મારા કુટુંબ સાથે વર્ષાકાળના દિવસોમાં ગીરના જંગલમાં જવાનું બન્યું. ત્યારે નમસ્કાર મંત્રના ચમત્કારનો

'નવ પદની ભજના થકી, પામે નવનીત સાર; અવનવા ભવ આવે નહીં, મૃત્યુ ન આવે પાસ.'—૬૪

પ્રસંગ બન્યો તે લખી જણાવું છું.

અમો રાજકોટના સ્થા. કુટુંબના સભ્ય છીએ. મારી એક નાની બહેન ઈન્દિરા જેતપુર પરણાવેલી છે. અને હાલ રાજકોટ રહે છે. તેઓના કુળદેવી કનકાઈ માતાજી છે. બહેન કોઈ બાધા લઈને બેઠી કે મારે મારા માતાજીનાં દર્શન કરવા કનકાઈ માતાજી તાત્કાલિક જવું છે. બનેવી પરદેશ ધંધાર્થે વસવાટ કરે છે. તેથી કોઈ પણ સંજોગોમાં મને સાથ આપવા આગ્રહ કર્યો.

કનકાઈ માતાજીનું સ્થાનક જૂનાગઢ જિલ્લામાં મધ્યગીરમાં અડાબીડ જંગલ વચ્ચે સતાધારથી ઊંડે ૨૪ કી.મી.ને અંતરે આવેલ છે.

ગીરનું જંગલ ગુજરાત સરકારે અભ્યારણ્ય તરીકે જાહેર કરેલ હોવાથી તે હદની અંદર આવેલ નેસડામાં વસતા માલધારીને પણ બીજે ખસેડેલ છે. અને ચારે બાજુથી હદ બાંધી ચેક પોસ્ટ ઊભી કરેલ છે. તેમની પરવાનગી વગર જંગલમાં જવાની સખત મનાઈ છે.

તપાસ કરતાં જાણવા મળેલ કે ચોમાસાની સીઝનમાં ગીરમાં જવાના દરેક રસ્તા બંધ હોય છે. કેડીના માર્ગ ઉપર છ/છ ફૂટ ઘાસ ઊગી નીકળે છે, તેમજ રસ્તામાં આવતા અનેક નાના મોટા ઝરણાઓ કોતરો વચ્ચે બે કાંઠે હોય છે. તેથી ગીરના ચેકપોસ્ટ એટલે પ્રવેશ દ્વારથી જવા દેવામાં આવતા નથી.

પરંતુ આકરી બાધા લઈને બેઠેલ નાની બહેન ઈન્દુને સમજાવવી ઘણી જ મુશ્કેલ કાર્ય હતું છતાં હિંમત કરીને એક એમ્બેસેડર ગાડીમાં હું, મારા ધર્મ પત્ની મારી પુત્રી, બન્ને નાની પરિણીત બહેનો, બે નાના ભાણેજ તથા એક નાની ભાણેજ, મોટા બનેવી શ્રી કનુભાઈ શેઠ (એડવોકેટ) તથા ડ્રાઈવર સહીત નાના મોટા દશ સભ્યોએ રાજકોટથી વહેલી સવારે ૫-૩૦ વાગ્યે ગીર તરફથી પ્રયાણ કર્યું.

સામાન્ય રીતે રાજકોટથી કનકાઈનેસ ૧૬૭ કી.મી. થાય, તેથી માનેલ કે ત્રણ કલાકમાં નિર્ધારિત સ્થળે પહોંચી જઈશું. અને જૂનાગઢ સમયસર પહોંચી ચા પાણીને ન્યાય આપ્યા બાદ મેંદરડા થઈને સાસણ તરફ આગળ વધ્યા. સાસણ પહોંચ્યા બાદ વનરક્ષક અધિકારીએ સલાહ આપી કે ચોમાસાને લીધે બધા રસ્તા બંધ છે અને આ સીઝનમાં કનકાઈના જંગલમાં જવું ઉચિત નથી. કારણ કે ભયંકર જંગલમાં ધોળે દિવસે વનના રાજા જંગલમાં મસ્તીમાં પડ્યા હોય તેમજ રસ્તો પણ તમને મળશે નહિ. તેમને અમોએ અમારા બહેનની ટેકની વાત કરી. ત્યારે તેમણે કહ્યું કે કદાચ સતાધારને રસ્તે જવાશે માટે તે રસ્તે પ્રયત્ન કરો. અમો ૨૭ કી.મી. મેંદરડા પાછા ફર્યા. ત્યાંથી બીલખા વીસાવદર ને માર્ગે સતાધાર પહોંચ્યા. સતાધારથી જંગલમાં જવા માટેનો રસ્તો ભૂલ્યા અને દશેક કિ.મી. જઈ પાછા સતાધાર આવ્યા અને ફરી પૂછપરછ બાદ સતાધારથી દક્ષિણ દિશા તરફ જંગલમાં દાખલ થયા અને યોગ્ય માર્ગ તરફ આગળ વધ્યા. ગીચ ઝાડીમાં ફરી રસ્તો ભૂલ્યા. બલકે રસ્તો જ મળે નહિ. ભયંકર અને ઘટાટોપ જંગલમાં અભ્યારણ્યને શરણે કોઈ માનવ વસ્તી મળે નહીં રસ્તો તદ્દન ખરાબ. જે માર્ગે જઈ રહ્યા હતા, તે કેડીયા માર્ગ ઉપર ચાર-ચાર ફૂટ ઘાસ ઊગી નીકળેલું. ગાડી પાછી વળી શકે તેવી સ્થિતિ નહીં. ધીમેધીમે કીડી વેગે મોટર આગળ જઈ રહી હતી, તેમ તેમ જંગલની ભયાનકતા ઓર વધતી જતી હતી. ચારેક કિલોમીટર આગળ વધ્યા બાદ ડ્રાઈવર, મારા બનેવી કનુભાઈ શેઠ તથા મારી પણ હિંમત તૂટતી જતી હતી. ઘટાટોપ ઝાડ, પવનની લેરખીઓને કારણે પાંદડાઓનો ખળખળાટ, પશુ-પંખીનો કલરવ, નીરવ, શાંતિ-બપોરના એક વાગવાનો સમય અને નાછુટકે ગાડી ઊભી રાખવી પડી. બીક હતી ક્યાંક કોઈ, પણ દિશા તરફથી જંગલી પ્રાણી કે વનનો રાજા આવી પડે તો...શું સ્થિતિ?' મોટર બગડે તો?... વાતાવરણમાં નરી શૂન્યતા તથા ગંભીરતા આવતી જતી હતી. કુટુંબના દરેક નાના મોટા સભ્યોના મુખ ઉપર

'વિકલ્પોના સમયમાં, મંત્ર સ્મરો નવકાર; સૌ ક્લેશો દૂર થશે, ચિત્ત શાન્તિ કરનાર.'—૬૫

ગ્લાનિ તથા બીકના ઓથાર વર્તાઈ રહ્યાં હતાં. દરેકના કપાળ ઉપરની રેખાઓ ઉપસી આવેલ... આવાં ઠંડકભર્યા વાતાવરણ વચ્ચે પણ પસીનાના બિંદુઓ સ્પષ્ટ નજરે તરતા હતા. કોઈને કોઈની સાથે વાત કરવામાં પણ અણગમો દેખાતો હતો.

ડ્રાઈવર તથા કનુભાઈ શેઠ હેઠા ઊતર્યા કે કદાચ કોઈ માણસ મળે તો પૂછીએ કે કનકાઈનો રસ્તો ક્યો? હું પણ હેઠો ઊતર્યો પરંતુ સ્ત્રી વર્ગને એકલા મૂકીને મને પણ રસ્તો શોધવા જવું ઉચિત ન લાગ્યું. તેથી મોટરના કાચ બંધ કરી હું બહાર ઊભો રહ્યો. અને કુટુંબના દરેક સ્ત્રી સભ્યો તથા બાળકોને કહ્યું કે **હવે ફક્ત આશરો છે આપણા નવકારમંત્રનો. દરેક નાના મોટા નવકારમહામંત્ર ચાલુ કરી દયો. અને તેના પુણ્ય પ્રતાપે કંઈક રસ્તો નીકળી જશે. અને સૌએ એકધારા મહામંત્રના જાપ ચાલુ કરી દીધા. અરે પાંચ વર્ષનો અમીશ (ભાણેજ) આંખ બંધ કરીને ઝડપી ગતિએ નવકારમંત્ર બોલવા લાગ્યો.** એ જ વખતે થોડે દૂર એક છીંડામાંથી એક ખેડૂત જેવા વૃદ્ધ મારા બનેવીને મળ્યા અને બોલ્યા કે જમણી બાજુએ ધીમેધીમે આગળ વધો. અર્ધો કી.મી. બાદ જંગલ ખાતાનું ચેક પોસ્ટ આવશે અને ત્યાંથી દશ ગાઉ જતાં માતાજીનું મંદિર આવશે..

સૌને થોડી શાન્તિ થઈ. અને નવકારમંત્રના જાપ સાથે ગાડી ધીમેધીમે આગળ ચાલી. અને થોડે દૂર જંગલ ખાતાનું ચેક પોસ્ટ આવ્યું **ત્યારે સૌના મોઢા ઉપર હર્ષની રેખા આવી અને લાગ્યું કે નવકાર મહામંત્રનો પ્રભાવ કેટલો છે!**

વાત અહીંથી અટકતી નથી. જંગલના બીટ ગાર્ડ સાથે પૂછપરછ ચાલુ હતી. એ જ વખતે જંગલના અધિકારી શ્રી સિંહા સાહેબ જીપમાં ત્યાં આવ્યા. અમારી પૂછપરછ બાદ તેમણે સલાહ આપી કે વર્તમાનમાં કનકાઈ જવું ઉચિત નથી. રસ્તો બહુ જ ખરાબ છે. છેલ્લા ત્રણેક માસથી અમો પણ અંદર જતા નથી અને જ્યારે તમારી સાથે સ્ત્રીવર્ગ છે ત્યારે ખોટું જોખમ લેવું યોગ્ય નથી. કારણકે કદાચ ધીમેધીમે આગળ ચાલો. પરંતુ ખાડા, ટેકરા અને કોતરોને લીધે મોટર બગડે તો...? તો તમારી સ્થિતિ તદ્દન કફોડી થઈ જશે. અને મારી સલાહ છે કે તમો અહીંથી જ પાછા ફરી જાવ. પરંતુ **મનોમન નિશ્ચય કરી લીધો કે નવકાર મહામંત્રને પ્રતાપે અહીં સુધી પહોંચ્યા છીએ તો એ જ નવકારમંત્રના પ્રતાપે નિર્વિઘ્ને નિશ્ચિત સ્થળે પહોંચી જઈશું.**

હિંમતથી આગળ વધ્યા. ખાડા, ટેકરા; અડાબીડ જંગલ, બે કાંઠે વહેતા કોતરોમાંથી પસાર થતાં ઝરણા પસાર કરી, નવકારમંત્રના ચાલુ જાપ સાથે ૨૪ કિલોમીટર ૨॥ કલાકે કાપીને કનકાઈના ઘોર જંગલ વચ્ચે માતાજીની મંદિરની ધજાના દર્શન થયા ત્યારે કુટુંબના સભ્યો અને બાળકોના મુખ ઉપર આનંદની લેરખી આવી ગઈ અને ખૂબ જ ગેલમાં આવી ગયા. અને સૌને ખાતરી થઈ ગઈ કે આ નવકાર મહામંત્ર એ એક અદ્‌ભુત ચમત્કારીક મહામંત્ર છે.

'આધાર જગમાં કો' નહીં, તેનો આધાર નવકાર; અવધારે જે દિલ મહીં, તેનો કરે ઉદ્ધાર.'—૬૬

ઘોડીની ગુલામી ગઈ!

'નિશ્ચે શ્રી નવકાર નિત્યે જપતાં જય જયકાર' શ્રી 'મુનીન્દ્ર'

૮૦-૮૫ વર્ષ પહેલાંની વાત છે. કચ્છમાં અંજાર પાસે આંબરડી ગામે પૂ. દાદાશ્રી જીતવિજયજી મ. નું આગમન થયું. થોડાક દિવસોના રોકાણ દરમ્યાન પૂજ્યશ્રીના વ્યાખ્યાનો ચાલ્યા. એક વખતે પૂજ્યશ્રીએ સભામાં જોયું તો એક ઝોરા કુટુંબના ભાઈની ગેરહાજરી હતી, જેઓ દરરોજ વ્યાખ્યાનમાં અચૂક આવે. બીજે દિવસે આવ્યા ત્યારે ગેરહાજરીનું કારણ પૂછતાં શ્રી ઝોરાએ જણાવ્યું 'સાહેબ શું કરું? લાચાર છું. પગની તકલીફના કારણે ઘોડી વિના ચાલી શકાતું નથી. ગઈ કાલે તે તૂટી ગઈ હતી. સુથારને સમારવા આપેલી તેથી આવી શક્યો નહિ. ક્ષમા કરજો ગુરુદેવ!'

'તારા જેવાને વળી ઘોડીની ગુલામી?'

'ગુલામીને ઈચ્છે કોણ? પણ પરવશતાએ બધું જ કરવું પડે. આપ આ ગુલામીથી છોડાવશો?'

'તારે છૂટવું હશે તો છોડાવીશ. પણ હું કહું તે માનવું પડશે. બોલ માનીશ?

'જરૂર...જરૂર...ગુરુદેવ! આપનું નહિ માનું તો કોનું માનીશ? ફરમાવો આજ્ઞા.'

'તો ગણ અત્યારે જ પાંચ બાંધી નવકારવાળી અને જો નમસ્કારનો ચમત્કાર.'

પેલા ભાઈએ તો ત્યાં ઊભે-ઊભે જ ઘોડી સાથે નવકારવાળી ગણવાનું શરૂ કરી દીધું ચાર નવકારવાળી પૂરી થઈ પાંચમી અર્ધી થતાં ચમત્કાર સર્જાયો. ઘોડી જમીન પર પડી ગઈ...અને શ્રી ઝોરાના પગની બધી જ તકલીફ ગાયબ થઈ ગઈ. પાંચમી નવકારવાળી પૂરી ગણીને ચાલવાની શરૂઆત કરી તો તેમને પોતાને પણ આશ્ચર્ય થયું. આ શું? એક સામાન્ય માણસની જેમ પોતે ચાલી રહ્યો હતો...એના આશ્ચર્યની અવધિ ન રહી. આખા ગામમાં આ વાત ફેલાઈ. બધા જ શ્રી નમસ્કાર મહામંત્રનો તથા પૂ ગુરુદેવના આશીર્વાદનો પ્રત્યક્ષ ચમત્કાર જોઈ આશ્ચર્યમાં ગરકાવ બની ગયા. **પેલા ભાઈ ત્યારથી જિંદગીના અંત સુધી દરરોજ કમસે કમ પાંચ બાંધી નવકારવાળી તો અવશ્ય ગણતા રહ્યા.**

આ વાત આંબરડીના લોકો તથા વાગડવાલા ભાઈઓ સારી રીતે જાણે છે.

ધરતીકંપમાં નિષ્કંપતા આપે શ્રી નવકાર

વિ. સ. ૨૦૧૨ની સાલે અષાઢ સુ. ૧૪ના દિવસે કચ્છ-ભચાઉ નગરે **પૂ. આ. શ્રી વિજય કનકસૂરીશ્વરજી મ. સા.**ની નિશ્રામાં શ્રાવકો ચોમાસી પ્રતિક્રમણ કરી રહ્યા હતા. પ્રતિક્રમણ પૂરું થાય પછી શ્રાવકો સામાયિક પારી રહ્યા હતા. ત્યારે અચાનક જ ધન...ધન... ધરતી ધ્રુજવા લાગી. આખો ઉપાશ્રય હાલવા લાગ્યો...જાણે ટ્રેન જોઈ લો.

અરે...આ તો ધરતીકંપ...ભાગો ભાગો ના અવાજો સાથે સામાયિક પાર્યા વિના જ કેટલાક તો ભાગવા લાગ્યા. અને તેઓ ભાગે તે સહજ હતું. કારણ ઉપાશ્રય નવો જ બનેલો હતો. છત પર સેંકડો મણ પત્થર પડેલા હતા.

આવા વિષમ સમયે અત્યંત સ્વસ્થતાપૂર્વક પૂ. સૂરિજીએ કહ્યું : 'સૌ શાન્તિથી અહીં જ બેસી જાવ. મનમાં નવકાર ગણો. કશું જ નહિ થાય.'

બધા બેસી ગયા. નવકાર ગણવા લાગ્યા. ધરતીનું કંપન બંધ થયું. આહ! કેટલા બધા આશ્ચર્યની વાત હતી કે ઉપાશ્રય પડવાનું તો દૂર રહ્યું...પણ છત પરનો એક પત્થર પણ નીચે પડ્યો નહોતો. એટલું જ નહિ પરંતુ કિલ્લાની અંદર રહેલ ગામનું એક પણ મકાન પડ્યું નહોતું.

'ગણનાર નવકારના, દુઃખી કદી નવ હોય; સત્ય વચન એ માનજો, અનુભવ કરીને જોય.'—૬૭

જ્યારે ભચાઉથી થોડે દૂર રહેલા અંજાર-ધમડકા આદિમાં પુષ્કળ જાન માલની હાનિ થઈ હતી...આ વાત સૌ સારી પેઠે જાણે છે.'

આનંદના ઓઘ ઉમટ્યા

વિ. સ. ૨૦૩૨ માગશર મડીને રાતા મહાવીર (રાજ.)માં ઉપધાન ચાલી રહ્યું હતું. અધ્યાત્મનિષ્ઠ પૂજ્ય પંન્યાસજી શ્રી ભદ્રંકર વિજયજી મ., અધ્યાત્મયોગી પૂજ્ય આ. શ્રી વિ. કલાપૂર્ણસૂરીશ્વરજી મ., પૂજ્ય મુનિ શ્રી પ્રદ્યોતન વિ. (હાલ સૂરિજી) આદિ મુનિ મંડળની શુભ નિશ્રામાં સુંદર આરાધના ચાલી રહી હતી.

ત્યારે **પૂજ્ય મુનિશ્રી પ્રીતિવિજયજી મ.** એ નવકારના જાપ પૂર્વક ૬૨મી ઓળીના અંતે ઉપવાસની તપશ્ચર્યા કરેલી.

તીર્થનું સ્થાન અતિ રમણીય છે ચારે બાજુ ડુંગરની હારમાળામાં રહેલું રાતા મહાવીર તીર્થ જોતાં જ મનને હરી લે છે. સાધના માટે સુંદર સ્થાન છે. માણસોના અવાજથી આ તીર્થ સેંકડો ગાઉ દૂર છે.

પૂ. પ્રીતિ વિ. મ. ઉપવાસ દરમ્યાન આખો દિવસ ભગવાન પાસે જાપમાં જ સંલગ્ન રહેતા. આવું તીર્થ અને આવા સાધક મહાપુરુષોની નિશ્રાથી જાપમાં વધુ ને વધુ સ્થિરતા આવતી જતી હતી.

૧૧ મા ઉપવાસે રાતના સમયે એમને કંઈક અવર્ણનીય આનંદનો અનુભવ થયો. એકાએક મોટા અવાજે નવકાર ગણવા મંડી પડ્યા. બધા સાધુઓ જાગી ગયા. પંન્યાસજી અને સૂરિજી પણ જાગી ગયા. પૂછ્યું. 'આ શું કરો છો? નવકાર મનમાં ગણો...મોટેથી કેમ ગણો છો?'

'તમારી વાત સાચી હશે...પણ અંદરથી નવકારનો 'ધ્વનિ', આનંદ એટલો બધો ઊમટી રહ્યો છે કે હું રહી શકતો નથી. આનંદથી હું બેવડો વળી જાઉં છું. કોઈ શબ્દ જ નથી એ આનંદને વર્ણવવા. અત્યંત આનંદના આવેશથી નવકાર હું બોલતો નથી, મારાથી બોલાઈ જાય છે! આમ કહીને પાછા સરળ સ્વભાવી મુનિશ્રી 'નમો અરિહંતાણ નમો સિદ્ધાણં નમો આયરિઆણં...' આમ નવકાર બોલતા જ રહ્યા. બીજે દિવસે બપોર સુધી નવકારનો ઉચ્ચારપૂર્વક જાપ ચાલુ રહ્યો. ખુલાસો કરતાં પૂજ્ય પંન્યાસજી મ. એ જણાવ્યું કે 'સરળ અને એકાગ્રચિત્તે સતત નવકાર ગણવાથી આવા પ્રકારની અનેક અનુભૂતિઓ થાય છે. કોઈ ને પ્રકાશનો પુંજ દેખાય છે. કોઈને આનંદના ઓઘ પ્રગટે છે. અન્તર્ગ્રન્થિનો ભેદ થતાં ભવચક્રમાં કદી નહિ અનુભવેલા આનંદની અનુભૂતિ થતાં સાધક આનંદથી નાચવા લાગે એમાં પણ નવાઈ નથી.'

આજે પૂજ્ય મુનિશ્રી પ્રીતિ વિજયજી પંન્યાસપદારૂઢ છે. સરળ સ્વભાવી ભદ્રપરિણામી અને તપસ્વી તરીકે વાગડ સમુદાયમાં જાણીતા છે. આજે પણ એ પ્રસંગની સ્મૃતિ કરતાં તેઓ પુલકિત થઈ ઊઠે છે.

પૂરનાં પાણી ઓસરી ગયાં

વિ. સં. ૨૦૩૫માં વાગડવાલા સાધ્વીજી શ્રી ચન્દ્રાનના શ્રીજીનાં શિષ્યાઓ મોરબીમાં ચાતુર્માસ સ્થિત હતાં. મચ્છુના પૂરની ભયંકર હોનારતમાં આ સાધ્વીજીઓ પણ સપડાઈ ગયેલાં.

પૂરનાં પાણી સેકંડે સેકંડે ઊંચે આવતાં હતાં. એટલે સાધ્વીજીઓ તરત જ ઉપરના માળે ચાલ્યાં ગયાં. પણ આ રાક્ષસી પૂર થોડી વારમાં ત્યાં સુધી પણ આવી પહોંચ્યા. કુશળ સાધ્વીજીઓ પાટ પર બેઠાં ત્યાં પણ પાણી આવતાં બીજો પાટ ગોઠવ્યો. પાણીથી તે પણ ડોલવા લાગ્યો. ત્યારે તેને દોરડાથી ભીંત સાથે બાંધ્યો. ઉપર ત્રણે સાધ્વીજીઓ બેસી ગયાં. અઠમના પચ્ચક્ખાણ અને સાગારિક અનશન પૂર્વક નવકારનો જાપ ચાલુ કર્યો. જ્યાં સુધી પૂરની આપત્તિ રહી ત્યાં સુધી જાપ ચાલુ રહ્યો. ધીરે ધીરે પૂરનાં પાણી ઓસરવા લાગ્યાં અને સાધ્વીજીઓ નવકારના પ્રભાવે આબાદ ઊગરી ગયાં.

'જગશરણું નવકાર છે, અન્ય શરણ નહીં કોઈ; શરણ ગ્રહે નવકારનું, ફરી જન્મ નવ હોય.'—૬૮

બેહોશીમાં પણ શ્રી નવકાર જાપ

આ જ મોરબી-મચ્છુ-હોનારતની એક બીજી પણ ઘટના છે. ઑક્ટ્રોય નાકામાં ખોખા પર એક ભાઈ બેઠા હતા અને અચાનક જ ધસમસતું પૂર આવ્યું. તે ભાઈ લાકડાની કેબીન પર તરત જ ચડી ગયા. પણ જ્યાં મોટામસ મકાનો પણ તણાઈ જતા હોય ત્યાં આ બિચારી કેબીનનું શું ગજું? પાણીના પ્રવાહથી કેબીન ડોલવા લાગી અને પેલા ભાઈએ **અંતરથી નવકારને પોકાર્યો : 'ઓ નવકાર! મેં તારો સદા જાપ કર્યો-તારી અનન્ય ભાવે આરાધના કરી છે. શું તું અત્યારે મારી મદદે નહિ આવે? ઓ શંખેશ્વર દાદા! બચાવો બચાવો!'** આ પ્રમાણે પોકારપૂર્વક પ્રાર્થના કરીને તે ભાઈ નવકારના જાપમાં ખોવાઈ ગયા. પણ આ રાક્ષસી-પૂરે તો જાણે કાંઈ ન ગણકાર્યું– પ્રવાહના સપાટામાં કેબીન સાથે એ ભાઈને લઈને ચાલતું થયું. નવકારમાં જ એકાકાર થયેલા પેલા ભાઈના શરીરમાં પાણી ભરાયું. એ બેહોશ થઈ ગયા.

અગિયાર દિવસ પછી એ ભાઈ બેહોશીમાંથી મુક્ત થયા ત્યારે પણ વેઢા પર આંગળીઓ ફરતી હતી અને મનમાં નવકાર ચાલુ હતો. પણ ચારે બાજુ નજર કરતાં જોયું કે પોતે મોરબીમાં નહોતા. મચ્છુના પ્રવાહમાં તણાઈને ઠેઠ કચ્છના નાના રણમાં પહોંચી ગયા હતા અને પાસેના માળીઆ ગામના માણસોએ તેમને બચાવી લીધા હતા.

જ્યાં ક્ષણ વારમાં હજારો માણસો પ્રાણમુક્ત થઈ ગયા હતા, ત્યાં ૧૧ દિવસ પછી પણ બચી જવું એ કાંઈ નાનીસૂની ઘટના ન ગણાય!...

મહાપ્રતાપી શ્રી નવકાર

પ. પૂ. આ. ભ. શ્રી વિજય અરિહંતસિદ્ધસૂરીશ્વરજી મ. સા.

શ્રી નમસ્કાર મહામંત્રનો પ્રભાવ વર્ણનાતીત છે. અટલ શ્રદ્ધાથી તેનું સ્મરણ કરવામાં આવે તો આ હળાહળ કલિયુગમાં પણ તે મનોવાંછિત પૂરવાર થાય છે. મારા જીવનમાં પણ આવા પ્રસંગો અનેકવાર બન્યા છે અને પ્રત્યેક પ્રસંગે મારી શ્રદ્ધાને વધારવાનું જ કાર્ય કર્યું છે. બધા પ્રસંગો યાદ કરી લખી ન શકું. છતાં કેટલાક મહત્ત્વના પ્રસંગો આ રીતે અનુભવેલ છે.

'તનના રોગોને હણનાર શ્રી નવકાર'

ગૃહસ્થપણામાં બાલ્યવયમાં મહેસાણા શ્રીમદ્ યશોવિજયજી જૈન પાઠશાળામાં અધ્યયન માટે રોકાયો હતો. તે દરમ્યાન માંદગી આવી. ડૉક્ટરોના ઉપચારો ચાલુ કર્યા, ખોરાક બંધ થયો. ડૉક્ટરોએ ક્ષય રોગ(ટી.બી.)નું નિદાન કર્યું. ફુટ અને દૂધ ઉપર જીવન ટકાવી રાખવાનું હતું. સગાંવહાલાં ચિંતામાં પડ્યાં. ડૉક્ટરોએ તો તેમને ખાનગીમાં કહી દીધું કે, 'કેસ ખલાસ છે.' સુધરવાની આશા નથી. કર્ણોપકર્ણ સમાચાર મારી પાસે આવ્યા.

ક્ષણભર આંચકો લાગ્યો, 'શું હું મરી જઈશ? ના, મારે આ રીતે મરવું નથી.' તો કરવું શું? ડૉક્ટરો તો નિરૂપાય હતા, પણ તે જ વખતે શ્રી નવકાર હૈયે ચડ્યો. શ્રી નવકારની શરણાગતિ સ્વીકારી. જીવન શ્રી નવકારને ચરણે ધરી દીધું. દવા વગેરે છોડી દીધાં. રાત અને દિવસ શ્રી નવકારનો જાપ ચાલુ કર્યો. સાથે અનાથીમુનિની જેમ સંકલ્પ કર્યો કે જો આમાંથી બચી જાઉં તો જલદી ચારિત્ર લઉં!

અને ખરેખર શ્રી નવકારે ચમત્કાર કર્યો. રોગ ક્યાંય ભાગી ગયો. ડૉક્ટરો આશ્ચર્ય પામ્યા. શ્રી નવકારે મને નવું જીવન આપ્યું. અને કરેલા

'જનની સમ છે પ્રેમવંત, મહામંત્ર નવકાર; ભલું કરે જગ લાલનું, અહિત નહીં કરનાર.'–૬૯

સંકલ્પ મુજબ મેં ચારિત્ર લીધું, જેને આજે ૪૬ વર્ષ થવા આવ્યા છે!

"દૈવી આપત્તિ હરનાર શ્રી નવકાર"

(૧) એક વાર વિહાર કરતાં અમારા સાધુ સ્થંડિલભૂમિએ ગયા. કોણ જાણે શું થયું? કોઈ કબ્રસ્તાનમાં યા અન્ય તેવા સ્થળે પગ પડી ગયો અથવા બીજું ગમે તે થયું. પરંતુ રાતના બાર વાગ્યા અને તે સાધુ રુદન કરવા લાગ્યા.

તેમને ઘણું બોલાવવા-કારણ જાણવા પ્રયત્ન કર્યો પણ કંઈ જવાબ મળ્યો નહિ. છેલ્લે શ્રી આદીશ્વર પ્રભુનું નામ બોલાવવા પ્રયત્ન કર્યો. ત્યારે 'યા અલ્લા' એવું બોલવા લાગ્યા, અને પછી તો એક કલાક સુધી ઇંગ્લિશ ભાષામાં ભાષણ જ આપ્યા કર્યું.

મને લાગ્યું કે આ કોઈ દૈવી ઉપદ્રવ છે. તેથી તે સાધુને પકડીને મેં તેમની આગળ શ્રી નમસ્કાર મહામંત્રનો જાપ શરૂ કર્યો. ધીમે ધીમે જેમ જાપનું બળ વધ્યું. તેમ તેમ તે દૈવી પ્રકોપ ઓછો થવા લાગ્યો. વધુ શ્રદ્ધા અને વધતી ધીરજથી જાપ ચાલુ રાખ્યો કે કલાકમાં તો તે વ્યંતરદેવ તે સાધુના શરીરને છોડી ભાગી ગયો.

સાધુ તો ઇંગ્લિશ ભણેલા જ નહિ. પરંતુ તેમની અંદર રહેલ વ્યંતરે જ આ બધા ચાળા કરેલ પણ શ્રી નમસ્કાર મહામંત્રના અટલ વિશ્વાસપૂર્ણ જાપના પ્રતાપે તે વ્યંતર એવો અદશ્ય થઈ ગયો કે ત્યાર પછી તે સાધુને ક્યારેય આવો ઉપદ્રવ થયો નથી.

વિષમ વિષહર શ્રી નવકાર

એક વાર વિહાર કરતાં એક ગામમાં સ્થિરતા કરવાનું થયું. લોકોને વિશ્વાસ કે જૈન સાધુઓ જાણકાર હોય છે. તેથી અવાર-નવાર જૈનેતરો પણ ઉપાશ્રયે આવી જતા.

તે દિવસોમાં એવું બન્યું કે ઘાસ લેવા જતાં કોઈ બેનને સર્પે દંશ દીધો. પ્રથમ તો સામાન્ય ઉપચારો કર્યા. પણ ઝેર ધીમે ધીમે શરીરમાં પસરવા લાગ્યું.

ગામ નાનું હતું. વિશિષ્ટ વાહન-વ્યવહારની સગવડ વિનાનું હતું. જેથી કોઈ વિશિષ્ટ ડૉક્ટર આદિ પાસે લઈ જવાની અનુકૂળતા પણ ન હતી.

ગામ લોકો અમારી પાસે આવ્યા, 'મહારાજ! ગમે તે કરો પણ બેનનું ઝેર ઉતારો.'

કોણ જાણે કોણે પ્રેરણા કરી. પણ મેં શ્રી નવકારનો એક ચિત્તે જાપ શરૂ કર્યો.

મહામંત્રનો પ્રભાવ કોઈ અજબનો હોય છે. જે તેના શરણે જાય છે તેને તે કદી નિરાશ કરતો નથી. માત્ર જરૂર હોય છે થોડી ધીરજની.

વિશ્વાસની સાથે ધૈર્યબલ મળે છે ત્યારે કાર્ય અવશ્ય સિદ્ધ થાય છે.

અહિ પણ તેમજ થયું. શરીરમાં પ્રસરેલા વિષનો વેગ ઓછો થવા માંડ્યો. ધીમેધીમે વિષની તાકાત સંપૂર્ણ નષ્ટ થઈ. મારો જાપ જ્યારે મેં પૂર્ણ કર્યો ત્યારે તે બહેન જાણે કંઈ જ ન બન્યું હોય તેમ હાથ જોડી શ્રી નવકારને અભિનંદી રહ્યા.

ઉપસર્ગ—રક્ષક શ્રી નવકાર

તે વખતે અમે માલવ પ્રદેશમાં વિહરી રહ્યા હતા. આ પ્રદેશના લોકો ધર્મ-સ્વરૂપથી અજાણ, તેથી ક્યારેક અણસમજમાં સાધુને ઉપદ્રવ કરી બેસે.

વિહાર કરતાં ધારાનગરીમાં આવવાનું થયું. પ્રાચીન તીર્થભૂમિ હોઈ શાન્તિથી જિનમંદિરોનાં દર્શન કર્યાં.

યથાયોગ્ય સમયે સ્થંડિલભૂમિએ જવાનું થયું ત્યારે અજ્ઞાની લોકોએ પ્રથમ અપશબ્દોથી ઉપદ્રવની શરૂઆત કરી. લોકોનું ટોળું મોટું થવા લાગ્યું. મેં ભય પામી અભય આપનાર શ્રી નવકાર મહામંત્રનું સ્મરણ ચાલુ કર્યું.

લોકોનો ઉપદ્રવ ચાલુ હતો, મારો જાપ ચાલુ હતો. તેઓએ પત્થરો ફેંકવાનું શરૂ કર્યું. હું શાંતિથી મારા સ્થાન તરફ જવા લાગ્યો.

પત્થરો વધવા માંડ્યા. પત્થર વાગવાથી હાથમાંની તરપણીના ટુકડા થયા. પણ શ્રી નમસ્કાર

મહામંત્રના જાપના પ્રતાપે એક પણ પત્થર મારા શરીરે સ્પર્શ્યો નહીં.

આ રીતે માનવસર્જિત ઉપસર્ગ-આપત્તિઓ પણ શ્રી નવકારના પ્રભાવે કંઈ હેરાન કરી શકતી નથી.

આ બધા બનાવોથી મારા હૈયામાં શ્રી નવકાર પ્રત્યે અટલ વિશ્વાસ પેદા થયો છે. કેવલ શ્રી નવકારના જાપથી કેટલાયના ભૂત-પ્રેત વ્યંતરાદિના ઉપદ્રવો દૂર થયાના બનાવો મારા જીવનમાં બન્યા છે. સામાન્ય આપત્તિઓ તો ક્યાંય ભાગી જાય છે. આવો મહાપ્રતાપી શ્રી નવકાર છે. શરત છે માત્ર એને સમર્પિત થવાની. આજ સુધી નવકારે કોઈને છેહ દીધો નથી અને જે એને પૂર્ણ સમર્પિત થાય છે એને કદી છેહ દેશે પણ નહિ.

શ્રી નમસ્કાર મહામંત્રનો પ્રભાવ

પૂ. પં. શ્રી અભયસાગરજી મ. સા.

અહીં રજૂ થયેલા ૪ અર્વાચીન દૃષ્ટાંતો નવકાર મહામંત્રના ઉત્તમ આરાધક **પૂ. પં. શ્રી અભયસાગરજી મ. સા.** દ્વારા સંપાદિત ''મહામંત્રનાં અજવાળાં'' પુસ્તકમાંથી સાભાર ઉદ્ધૃત કરવામાં આવ્યા છે.

— **સંપાદક**

[આરાધક પુણ્યાત્માઓએ એકનિષ્ઠાથી કરેલ શ્રી નમસ્કાર મહામંત્રના જાપ આદિના બળે જીવનમાં જે અવનવી ઘટના અનુભવી, તે વિવિધ ઘટનાઓ અત્રે સંક્ષેપમાં કથા સ્વરૂપે રજૂ કરવામાં આવે છે.]

નાનું સરખું ગામ, એનો સાંકડો માર્ગ.

લોકવર્ણના નામથી ઓળખાતી એક કોમના એક મહાત્માની ગામમાં પધરામણી થઈ હતી. ઉકા ભગત નામથી ઓળખાતા એ મહાત્માના દર્શન કરવા, આજુબાજુમાં ગામોમાંથી, એમના અનુયાયીઓ મોટી સંખ્યામાં એકઠા થયા હતા.

રસ્તો રોકીને એ બધા બેઠા હતા. ઉકા ભગતને પગે પડવાની સ્પર્ધા ચાલી રહી હતી.

શ્રીકાંતને સ્ટેશન તરફ જવાની ઉતાવળ હતી, વખતસર સ્ટેશને પહોંચીને, શહેર તરફ જવાની ગાડી એમને પકડવાની હતી.

રસ્તો રોકીને બેઠેલા તથા ઊભા રહેલા ટોળાને વીંધીને એમને જવાનું હતું. બે હાથ જોડીને, પોતાને માર્ગ આપવાની વિનંતી એ ટોળાને તેઓ કરી રહ્યા હતા. પણ માર્ગ મળતો નહોતો.

એમાં, ઉકા ભગવતનો અવાજ સંભળાયો—

'શ્રીકાંતભાઈને જવા દો, એમને મારગ આપો. એમને સ્મશાનમાં પહોંચતાં મોડું થશે.'

ભગતની આજ્ઞા થઈ એટલે ટોળાએ માર્ગ તો આપ્યો, પણ, શ્રીકાંતના પગ ત્યાં જ થંભી ગયા!

'સ્મશાનમાં?' એમણે ભગતને પૂછ્યું.

જવાબમાં ભગત કંઈ બોલ્યા નહિ. ફક્ત થોડુંક હસ્યા.

'ભગત, હું તો મારા મિત્ર દિવ્યકાંતના લગ્નમાં જઈ રહ્યો છું, સ્મશાનમાં નહિ.' શ્રીકાંતે કહ્યું.

'કેવાં લગન ને કેવી વાત! જાઓ, ઝટ જાઓ; નકર ગાડી ઉપડી જશે ને તમે મોડા પડશો.' ઉકા ભગત આટલું જ બોલ્યા. તેમણે શ્રીકાંતને સ્ટેશન તરફ જવાનો ઈશારો કર્યો.

ગાડી ઉપડી જાય, તે પહેલાં સ્ટેશને પહોંચી જવાની ઉતાવળ હતી, એટલે, શ્રીકાંતે ત્યાંથી પગ ઉપાડ્યા.

વખતસર સ્ટેશન પહોંચ્યા, ટિકિટ લઈને ગાડીમાં બેઠા ને ગાડી ઉપડી પણ શ્રીકાંતના મનમાં ઉકા ભગતની સ્મશાનવાળી વાત એવી ભરાઈ ગઈ, કે લગ્નમાં ભાગ લેવા જવાનો જે આનંદ

'ભવ સમુદ્રમાં જીવને ધ્રુવ સમો નવકાર; શિવપુરીએ પહોંચવા, માર્ગદર્શક બનનાર.'—૭૧

હતો, તે લુપ્ત થઈ ગયો. દિલમાં એક ઘ્રાસકો પેસી ગયો.

ઉકા ભગતની ભવિષ્યવાણી શ્રીકાંતના અંતરને સતાવી રહી. ગાડી તો એની હંમેશની ગતિથી ચાલી રહી હતી. પણ તેમને લાગ્યું કે ડ્રાઇવર આજે ગાડીને બહુ ધીમી ગતિથી ચલાવી રહ્યો છે!

આખરે શહેર આવ્યું. ગાડી કરીને શ્રીકાંતે, દિવ્યકાંતના ઘર તરફ દોટ મૂકી.

ત્યાં પહોંચતા જ, લગ્નનાં ગીતને બદલે મૃત્યુના મરશિયા તેમને સાંભળવા મળ્યા! લગ્ના દિવસે જ, ફક્ત બે જ કલાકની અણધારી માંદગીમાં દિવ્યકાંતનો આત્મા દિવ્યધામ તરફ ચાલ્યો ગયો હતો.

ડૉક્ટરો તો દસ ભેગા થયા હતા. પણ દિવ્યકાંતની બીમારીનો તાગ એ લોકો કાઢી શકે, તે પહેલાં જ દિવ્યકાંતનું પ્રાણપંખેરું ઊડી ગયું હતું.

પેલા ઉકા ભગતની ભવિષ્યવાણી સાચી પડી હતી. લગ્નમાં મહાલવાને બદલે, શ્રીકાંતને સ્મશાનમાં જવું પડ્યું.

મિત્રના મૃત્યુ પછી પોતાના ગામે પાછો આવ્યો, તે દરમિયાન, શ્રીકાંતના મનમાં એક જ વિચાર ઘોળાયા કર્યો.

આ ઉકા ભગત પાસે એવી તે કઈ વિદ્યા છે, જેના પરિણામે તેઓ આવી સત્ય ભવિષ્યવાણી ઉચ્ચારી શક્યા?

'આ વિદ્યા તો અતિ અદ્‌ભુત છે. એવી શક્તિ જો પ્રાપ્ત કરી શકાય, તો જિંદગી સફળ થઈ જાય!' આવી ઇચ્છા શ્રીકાંતના મનનો કબજો લઈને બેસી ગઈ.

તપાસ કરતાં શ્રીકાંતને એટલું જાણવા મળ્યું, કે ઉકા ભગત મેલડી માતાના ઉપાસક હતા અને વાર-તહેવાર તથા ટાંણેકટાણે તેમના મોઢામાંથી સરતી ભવિષ્યવાણી સાચી પડતી હતી.

ભવિષ્ય-કથન કહી શકવાની શક્તિ મેળવવાની પ્રબળ ઉત્કંઠા શ્રીકાંતમાં જાગી ગઈ. ઉકા ભગત પાસેથી, આ વિદ્યા, ગમે તેમ કરીને, પ્રાપ્ત કરવી, એવો એમણે નિશ્ચય કર્યો.

ભગતનું સરનામું મેળવીને શ્રીકાંત, ઉકા ભગતના ગામ તરફ જવા નીકળી પડ્યા. ત્યાં પહોંચીને, જે વાસમાં ઉકા ભગત રહેતા હતા, ત્યાં તેઓ પહોંચી ગયા, 'ભગતનું ખોરડું કયું એવું કોઈને પૂછે તે પહેલાં જ, બાજુમાં આવેલી ઝૂંપડીના બંધ બારણાની પાછળથી એક અવાજ આવ્યો :

'આવો આવો, શ્રીકાંતભાઈ, આવો. તમે આવ્યા ખરા!'

શ્રીકાંતના આશ્ચર્યની અવધિ ના રહી. આ માણસ શું સર્વજ્ઞ છે? ઝૂંપડીમાં બેઠો બેઠો બંધ બારણાની પાછળથી નામ લઈને બોલાવે છે!

ભગતનાં વહુએ ઝૂંપડીનું બારણું ખોલ્યું. શ્રીકાંત અંદર ગયા.

'કાઢી નાંખો, શ્રીકાંતભાઈ, એ વિચારને તમારા મનમાંથી કાઢી નાંખો, તમારા જેવાનું એમાં કામ નથી.' ઉકા ભગત ગંભીરતાથી બોલ્યા.

'ભગત, મારે એ વિદ્યા મેળવવી છે.' શ્રીકાંત બોલ્યા.

'મને ખબર છે. એ વના તમે આંહિ દોડ્યા ન આવો! પણ એમાં તમારે પડવા જેવું નથી, તમારું એ કામ નહિ, જેવા આવ્યા છો, એવા પાછા જાઓ. જે કરતા હો તે કર્યા કરો.'

ભગત ના પાડતા ગયા, તેમ તેમ શ્રીકાંત મક્કમ બનતા ગયા.

'મારે તો એ વિદ્યા મેળવવી જ છે. પાછો જવા માટે આવ્યો નથી. "કાર્યં સાધયામિ વાં દેહં પાતયામિ." મટી જાઉં એ હા, પણ હવે તો એ વિદ્યા મેળવ્યે જ છૂટકો.' શ્રીકાંત તો જીદ પકડીને ત્યાં બેસી જ ગયા.

'પણ શ્રીકાંતભાઈ, એમાં ભારે મોટી હિંમતની જરૂર પડશે. દિલમાં જરા ફડકો પેઠો, કે બીક લાગી, તો પછી જીવનું જોખમ છે.' ભગતે કહ્યું.

'હિંમતનો અભાવ નથી. બીક તો હું રાખતો જ નથી. વીતરાગ પ્રભુનું શરણું છે. તમે તમારે મન

'મિથ્યાત્વ રૂપી વિષનો, નાશ કરે નવકાર; સમ્યક્ દૃષ્ટિ આવતાં, રહે ન વિષ લગાર.'—૭૨

રસ્તો બતાવો.' શ્રીકાંતે જવાબ આપ્યો.

શ્રીકાંતના મોઢા સામે થોડી વાર ઉકા ભગત જોઈ રહ્યા. પછી બોલ્યા :

'ભાઈ, આ તો મેલી વિદ્યા. અમે રહ્યા મિથ્યાત્વી લોક! અમને બધું પાલવે, તમારાથી નહિ ખમાય.'

'મેલી હોય કે ઘેલી, મારે એ વિદ્યા મેળવવી જ છે.' મક્કમપણે શ્રીકાંતે ફરીથી જવાબ આપ્યો.

ઉકા ભગત થોડુંક હસ્યા, પછી બોલ્યા :

'ઠીક ત્યારે, હું લખાવું એ બધી ચીજ વસ્તુઓ બજારમાંથી લઈ લેજો, મંતર તો નાનો અમથો છે. અમાસની રાતે, બરાબર બાર વાગે, અહીંના સમશાનમાં પહોંચી જજો, હું બતાવું એ રીતે બધી વ્યવસ્થા કરીને, પછી મંતર ભણવા માંડજો. ભડકામણ ને બીવરામણ ઝાઝી થશે. બીને નાસવા માંડશો તો તમારું મડદું જ ત્યાં પડશે. નહિ નાસો, મક્કમ રહેશો, તો એક કલાક પછી. 'માગ, માગ, માગે તે આપું' એવો અવાજ તમે સાંભળશો. પણ એ અવાજ સાંભળો કે તરત જ માગશો નહિ, એને કહેજો કે રૂબરૂ હાજર થાય નહિ, દર્શન ના આપે, ત્યાં સુધી માગીશ નહિ. ઉજળાં ધોળાં લુગડાંમાં, માણસના આકારે, એ હાજર થશે. એંધાણી એ, કે તઈ ત્યાં દેવતા પ્રગટાવ્યો હશે, એના અજવાળા-માં એનો પડછાયો પડશે નહિ. બસ, પગ ધરતીથી દોઢ વેંત ઊંચા હોય ને પડછાયો ના પડતો હોય, તો સમજી લેજો, કે એ પોતે હાજરાહજૂર છે, પછી માગી લેજો.'

શ્રીકાંતે ખીસ્સામાંથી ડાયરી અને ફાઉન્ટન પેન કાઢ્યાં. અને બોલ્યા : 'લખાવો. ચીજ વસ્તુનાં નામ લખાવો.'

'પણ શ્રીકાંતભાઈ મારું માનો; એમાં જીવનું જોખમ છે. વળી તમારા જેવા ઉજળિયાત વરણનું આ કામ પણ નહિ. જાવા દ્યો, વાત પડતી મૂકો.' ભગતે ફરીથી શ્રીકાંતને વિનંતી કરી. પણ ભવિષ્યકથન કરવાની શક્તિમાં શ્રીકાંતનું દિલ એવું તો ચોંટી ગયું હતું, મધમાં માખી ચોંટે તેમ! એમણે પોતાની જીદ ના છોડી.

ભગતે પછી, તેમને ખરીદી લાવવાની વસ્તુઓનું લીસ્ટ કરાવ્યું. એની વિધિ સમજાવી. પછી શ્રીકાંતના કાન પાસે પોતાનું મોઢું લાવીને એક મંત્ર એમણે શ્રીકાંતના કાનમાં સંભળાવ્યો.

'આ તો બધું બહુ સહેલું કામ છે.' શ્રીકાંત હર્ષથી બોલી ઊઠ્યા. જવાબમાં ભગત ફરીથી હસ્યા.

અમાવાસ્યાની અંધારી રાત્રે શ્રીકાંત સ્મશાનમાં પહોંચી ગયા. ભગત પાસેથી મળેલી સૂચના અનુસારની બધી ચીજો તેઓ સાથે લાવ્યા હતા. લાકડાંનો ઢગલો કરી, તેમાં અગ્નિ પેટાવ્યો અને તેમાં ઘી હોમતાં મંત્રોચ્ચાર એમણે શરૂ કર્યો.

દસ જ મિનિટમાં, ભયંકર ચિચિયારીઓ સંભળાવા લાગી. ચિત્રવિચિત્ર અવાજો આવવા લાગ્યા. જે કૂંડાળું વાળીને શ્રીકાંત બેઠા હતા, તેની બહાર હાડકાંનો વરસાદ પડવા લાગ્યો. ચારે બાજુ રુધિરની છોળો ઊડવા લાગી. ડાકીનીઓ ને શાકીનીઓના હોંકારા, પડકારાને ડાકલા વાગવા લાગ્યા.

કાચો પોચો હોય, તો હૃદય જ બંધ પડી જાય, એવી ભયાનક પરિસ્થિતિ ઊભી થઈ ગઈ.

પણ શ્રીકાંત કાચા દિલનો માણસ નહોતો, વજ્રહૃદયી અને દૃઢનિશ્ચયી એ માણસની નજર, પ્રાપ્ત થનારી સિદ્ધિ ઉપર હતી, એણે એ બધા તોફાનની કશી પરવા કરી નહિ. જરા પણ ગભરાયા વિના એણે મંત્રોચ્ચાર અને ઘીનો હોમ ચાલુ જ રાખ્યો.

અડધા કલાકમાં તો તોફાને માઝા મૂકી દીધી, એક તરફથી વિકરાળ પાડાઓ ધસી આવતા દેખાયા. બીજી તરફથી સંખ્યા બંધ સર્પના ફૂંફાડા સંભળાવવા લાગ્યા. સિંહની ગર્જનાઓ સંભળાવવા લાગી. પ્રકૃતિએ તાંડવ મચાવ્યું હોય, એવા મૃત્યુનાદોની પરંપરા શ્રીકાંતના કર્ણપટલને ભેદવા લાગી, પણ એ ડર્યો નહિ, ડગ્યો નહિ.

'કાર્યં સાધયામિ વા દેહં પાતયામિ' એવો સંકલ્પ કરીને આવેલા એ બહાદુર માણસે, જરા પણ

'થઈ ઘીરા સંકટ માંહી, જપે મંત્ર નવકાર; સૌ સંકટ દૂરે કરી, ઇચ્છીત સુખ દેનાર.'—૭૩

થડક્યા વિના, મંત્રોચ્ચારની ક્રિયા. પૂર્ણ સ્વસ્થ અને એકાગ્ર રહીને ચાલુ જ રાખી.

પંદર મિનિટ પસાર થઈ, હાડકાંઓનો ઢગલો અદશ્ય થવા લાગ્યો. રુધિરથી છંટાયેલી ભૂમિનો મૂળ રંગ પાછો પ્રગટ થયો. હાકોટા બંધ થયા, ડરામણું વાતાવરણ બદલાયું. એને બદલે હવામાંથી અત્તરની ખુશબો આવવા લાગી. દૂર દૂરથી, ઘંટ વાગતો હોય તેવો અવાજ આવવા લાગ્યો, સંગીતનાં સંખ્યાબંધ વાજિંત્રો ચારે તરફ વાગવા લાગ્યાં.

બરાબર એક કલાકની મુદત પૂરી થતાં જ, ઉકા ભગતે કહ્યું હતું તેમ, પાછળની દિશામાંથી, આકાશમાંથી આવતો હોય તેવો, મધુર પણ પ્રતાપી અવાજ આવ્યો.

'માગ, માગ, માગે તે આપું.'

'મારી સામે હાજર થા.' શ્રીકાંતે હવે સિંહની જેમ ગર્જના કરી.

'હાજર થવાનું શું કામ છે? જોઈએ તે માગી લો.' જવાબ આવ્યો.

'પ્રત્યક્ષ થા. હાજરાહજૂર મારી સામે આવીને ઊભો રહે, તું હાજર નહિ થાય, ત્યાં સુધી હું માંગવાનો નથી.' શ્રીકાંતે કહ્યું.

'તમે બળી મરશો, મારું રૂપ બિહામણું છે.'

'પરવા નહિ.'

'દાઝી જશો, મારા અંગમાંથી આગ ઝરે છે.'

'ફિકર નહિ.'

'રૂબરૂ જોવાનો આગ્રહ છોડી દો. એમાં તમારું અહિત થશે.'

'આવવું હોય તો આવ, ના આવવું હોય તો તારી મરજી.' આટલું બોલીને શ્રીકાંતે મંત્રોચ્ચાર પુનઃ ચાલુ કર્યો.

'બંધ કરો, મંત્રોચ્ચાર બંધ કરો.' ઉપરથી અવાજ આવ્યો.

'તો પછી રૂબરૂ હાજર થા.' શ્રીકાંતે આજ્ઞા કરી.

'મારે આવવું હોય, તો પણ મારાથી આવી શકાય તેમ નથી.' જવાબ મળ્યો.

'કેમ?'

'તમારી આસપાસ તેજનું જે કૂંડાળું દેખાય છે, એને પહેલાં સંકેલી લો. જવાબ મળ્યો.

શ્રીકાંતે વિસ્મિત બનીને જોયું, તો કોઈ અદ્‌ભુત પ્રકાશનું કૂંડાળું એની આસપાસ ગોળ ચક્કર ફરી રહ્યું હતું. આ પ્રકાશના કૂંડાળાની વાત ઉકા ભગતે શ્રીકાંતને કહી નહોતી થોડોક વિચાર કરીને શ્રીકાંતે જવાબ આપ્યો :

'આ પ્રકાશનું કૂંડાળું, તે પણ તારી જ માયા છે, સમેટી લે.'

'એ મારી માયા નથી.'

'તો પછી એ શું છે?' શ્રીકાંતે પૂછ્યું.

'તમે નવકાર મંત્રના આરાધક છો?' સામો પ્રશ્ન પૂછાયો.

'હા. પણ તેથી શું?'

'એ મહા-પ્રભાવક મંત્ર છે. એનું આ તેજ છે. એ મારાથી ઝીલાશે નહિ. એને સમેટી લ્યો, તો હાજર થાઉં.' અંતરિક્ષમાંથી જવાબ મળ્યો.

'એ કૂંડાળું મેં સર્જાવ્યું નથી, એને સમેટી લેવાનો ઉપાય શો?'

'જિંદગીભર નવકાર મંત્રને યાદ નહિ કરવાની પ્રતિજ્ઞા લઈ લો...એ મંત્રના આરાધક સામે ઊભા રહેવાની મારામાં શક્તિ નથી. તમે પ્રતિજ્ઞા ઉચ્ચારો, એટલે તુરત જ તેજનું આ કૂંડાળું અદશ્ય થઈ જશે, એ અદશ્ય થશે, પછી હું હાજર થઈ શકીશ, હાજર થઈને તમારી મનોકામનાને હું પૂર્ણ કરીશ પ્રતિજ્ઞા લઈ લ્યો નવકાર મંત્રની આરાધના, રટણ, સ્મરણ કે ઉચ્ચારણ હવે પછી જિંદગીમાં તમે નહિ કરો, એવી પ્રતિજ્ઞા, ખુદ નવકાર મંત્રના સોગન ખાઈને લઈ લ્યો.'

અંતરિક્ષમાંથી આવતા આ અવાજને શ્રીકાંત સાંભળી રહ્યો. નવકારમંત્રનું ઉચ્ચારણ નહિ કરવાની પ્રતિજ્ઞા લેવાનું, પેલો 'મેલો દેવ' એને કહી રહ્યો હતો. એવી પ્રતિજ્ઞા લેવામાં આવે તો જ તેમનું કૂંડાળું અદશ્ય થાય. તો જ પેલો ત્યાં હાજર થઈ શકે.

'જેના મનમાંહી સદા ક્રિડા કરે નવકાર; વિવિધ દુઃખ તેનાં ટળે, પામે સુખ અપાર.'—૭૪

શ્રીકાંત વિચારે ચડી ગયો, 'નવકાર મંત્રનો આ પ્રભાવ?' મનોમન તે બોલી રહ્યો. એનો વિચાર-પ્રવાહ ચાલુ થઈ ગયો.

પાછો ફરીથી અવાજ આવ્યો.

'તમારે સિદ્ધિ જોઈએ છે? નવકાર મંત્રનું રટણ છોડી દેવાની પ્રતિજ્ઞા નહિ લો, ત્યાં સુધી મારાથી પ્રત્યક્ષ થઈ શકાશે નહિ. પ્રત્યક્ષ થયા સિવાય એ સિદ્ધિ હું તમને આપી નહિ શકું.'

શ્રીકાંતે જવાબ ના આપ્યો.

'જલદી કરો, પ્રતિજ્ઞા લઈ લ્યો. અદ્‌ભુત સિદ્ધિ પ્રાપ્ત કરવાનો આ અપૂર્વ અવસર જતો ના કરશો.'

શ્રીકાંત ચૂપ જ રહ્યો, એનું દિલ ગદ્‌ગદ્‌ થઈ ગયું, 'અહો, નવકાર મંત્રનો આવો, અપૂર્વ ચમત્કાર છે? અદ્‌ભુત સિદ્ધિ આપવાની શક્તિ ધરાવતો આ દેવ પણ, એના પ્રભાવ સામે, લાચાર બની ગયો છે!' શ્રીકાંતના મનમાં વિચારધારા ચાલી.

'હું કેવો મૂર્ખ? મહામૂર્ખ! નમસ્કાર મહામંત્રનું રટણ હું બચપણથી જ કરતો આવ્યો છું છતાં, એના મહાપ્રભાવથી હું અજ્ઞાન જ રહ્યો! ને આવી એક તુચ્છ લૌકિક શક્તિ મેળવવા, મેં આવો ભીષણ પુરુષાર્થ આદર્યો!' શ્રીકાંતનું અંતર રડી ઊઠ્યું.

'પ્રતિજ્ઞા લો, પ્રતિજ્ઞા લો, જલદી કરો. હાથમાં આવેલા અવસરને જતો ના કરશો, જિંદગીભર પસ્તાશો.' ઉપરથી ફરી વાર અવાજ આવ્યો.

શ્રીકાંતનું મૌન છૂટ્યું નહિ. 'પ્રતિજ્ઞા લઉં, તો તો જન્મોજનમનો પસ્તાવો જ મારા ભાગ્યમાં આવે.' એ વિચારી રહ્યો.

'વિચાર ના કરો, આવી તક ફરી વાર નહિ સાંપડે.' પુનઃ અવાજ આવ્યો.

પણ શ્રીકાંતનું લક્ષ્ય તો હવે શ્રી નવકારમંત્રમાં જ સ્થિર થઈ ગયું.

'આવો મહાપ્રભાવક મંત્ર, જેનાથી આ દેવ પણ ડરે, આવા મહામંત્રનો ત્યાગ કરીને મારે શું મેળવવાનું?'

'જન્મજન્માંતરની તપશ્ચર્યા ઉપર પાણી ફેરવવાનું! ભવોભવની પુણ્યાઈનો હાથે કરીને જ અગ્નિ સંસ્કાર કરવાનો!' શ્રીકાંતના અંતરના ઊંડાણમાંથી આ જવાબ આવ્યો.

'ના, ના, બોર લેવા માટે કલ્લું કાઢી આપવાની આ વાત છે. એ નહિ બને, કદી પણ નહિ બને. આવી એક કરોડ સિદ્ધિઓ મળતી હોય, તો પણ નવકારમંત્રનો ત્યાગ કરવાની મૂર્ખતા, મારાથી થાય જ નહિ.' શ્રીકાંતના અંતઃકરણમાં આ નિશ્ચય થઈ ગયો.

'ત્યારે હું જાઉં?' પેલા મેલા દેવે પૂછ્યું.

એને હવે કશો જવાબ આપવાની જરૂર શ્રીકાંતને જણાઈ નહિ. એ ચૂપ રહ્યો. નવકારમંત્રના જાપ એણે ત્યાં જ, સ્મશાનમાં ચાલુ કરી દીધા.

'સ્વામી મને આજ્ઞા આપો, જવાની અનુજ્ઞા આપો. આપની આજ્ઞા નહિ મળે, ત્યાં સુધી હવે મારાથી ચસી શકાશે નહિ. કૃપા કરો, મારા પર દયા કરો. 'ચાલ્યો જા' એટલા બે શબ્દો બોલો.' પેલો દેવ હવે કાકલુદી કરી રહ્યો હતો.

'ચાલ્યો જા.' શ્રીકાંતે આજ્ઞા કરી.

રાતભર શ્રીકાંત ત્યાં બેસી રહ્યો. નમસ્કાર મહામંત્રના જાપ, ત્યાં બેઠાં બેઠાં, તે કરતો જ રહ્યો એના આત્માને સમાધિભાવ ત્યાં સાંપડી ગયો.

સૂર્યનારાયણનાં કિરણોએ શ્રીકાંતના શરીરને સ્પર્શ કર્યો ત્યારે એણે પોતાનાં નેત્રો ખોલ્યાં.

ચારે તરફ પુષ્પો વેરાયેલાં હતાં. એના ગળાની આસપાસ પુષ્પની માળા વિંટળાયેલી હતી.

પ્રસન્નવદને ત્યાંથી ઊઠીને એણે ગામ તરફ ચાલવા માંડ્યું, ત્યારે ગગનમાંથી આવતો દિવ્ય નાદ, વાતાવરણને પણ પ્રફુલ્લ બનાવી રહ્યો હતો.

શ્રી નવકારમંત્રની શ્રદ્ધાનો ચમત્કાર

જેના હૃદયમાં શ્રદ્ધાનો દીપક ઝળહળી રહ્યો છે, તેઓને આંધી કે તુફાનમાં પણ આંચ આવતી નથી. સંસાર-સાગરને તરવા માટે, અફટ જીવનપથ

'નિકંદન કાઢે કષાયનું, મહામંત્ર નવકાર; નિષ્કષાયી આત્મા કરી, દેખાડે શિવદ્વાર.'—૭૫

પર મંઝીલે પહોંચવા માટે હૃદયમાં જો નવકારમંત્રરૂપી દીપક ઝળહળી રહ્યો હશે, શ્રદ્ધાની જ્યોત ઝગમગતી હશે તો લાખો મુસીબતોમાં પણ રસ્તો મળી રહેશે. અથાગ અને ઊંડી શ્રદ્ધાએ કેટલાય જીવનને મોક્ષના માર્ગ બતાવ્યા હશે! ઈતિહાસનાં પૃષ્ઠો અવલોકતાં જણાશે કે કેટલાય દુઃખિયારાના દુઃખો ક્ષણભરમાં ભૂંસાઈ ગયા છે, કેટલાયના જીવન આબાદીના રસ્તે આવી ગયાં છે, શ્રીપાળ, ચંદરાજા વગેરે કેટલાય દાખલાઓ મળી રહેશે. આ સર્વેએ ભવસાગરના સુકાની તરીકે નવકારમંત્રનો સહારો લીધો હતો.

આ તો થઈ કેવળ ભૂતકાળની વાતો! પરંતુ આજના પંચમયુગમાં, અણુયુગમાં પણ નવકારમંત્રનો પ્રભાવ હજુ પણ એટલો જ વિસ્તરી રહ્યો છે. કાળની અનેક થપ્પડો ખાવા છતાં તેના પ્રભાવમાં તેની અમોઘ શક્તિમાં તસુભરનો પણ ફેર પડ્યો નથી, એ કાંઈ મહામંત્રનો ઓછો પ્રભાવ છે? કાળની થપ્પડો ખાવા છતાં, અનેક યુગોના એંધાણ પછી પણ નમસ્કાર મહામંત્ર– મહામંત્ર જ રહ્યો છે.

આજના સમયનો જ એક દાખલો, આ વાત સિદ્ધ કરી આપશે. નાનપણથી જ મને નવકાર પ્રત્યે શ્રદ્ધા હતી. ઈ. સ. ૧૯૬૨ના વર્ષની વાત છે. ડિસેંબરની શરૂઆતમાં કોઈ રોગનાં ચિહ્નો મને ઘેરતા જણાયા. શરૂઆતમાં તો તે પ્રત્યે બેદરકાર રહી. પરંતુ લગભગ પંદરમીની આસપાસ એક સ્ત્રી-ડૉક્ટરને મળતાં તેમણે જણાવ્યું, કે શરીરમાં કૅન્સરે ઘણ કર્યું છે. અને તુરત જ અમદાવાદ જવાની ભલામણ કરી. લગભગ અઠવાડિયા પછી અમદાવાદ પ્રયાણ કર્યું. આ સમય દરમ્યાન-નિરંતર નવકારમંત્રનો જાપ ચાલુ જ હતો. અહર્નિશ તેનું રટણ જ કરતી. સંજોગો કહેવા હોય તો સંજોગો કે નમસ્કારમંત્રના પ્રભાવે અમદાવાદના વાડીભાઈ સારાભાઈના સ્પેશિયલ રૂમમાં સગવડતા મળી ગઈ, ખ્યાતિ પામેલાં સ્ત્રી ડૉક્ટર (ડૉક્ટર મીસ પંડ્યા)ની સારવાર મળી. આ બધું સમયાનુસાર જ મળ્યું. તે પ્રભાવ નવકાર-મંત્રનો જ ને! બીજા શબ્દોમાં કહું તો શ્રદ્ધા મને અહીં દોરી લાવી. મારા જીવનનું સુકાન આકસ્મિક રીતે જ એક કુશળ સુકાનીના હાથમાં ગયું.

હૉસ્પિટલમાં આવ્યા પછી પણ નિરંતર મેં મંત્રનો જાપ ચાલુ જ રાખ્યો. દવાઓ તથા ડૉક્ટરો કરતાં વિશેષ અનેકગણી શ્રદ્ધા હતી નવકારમંત્રમાં. શ્રદ્ધાના અતૂટ-તાંતણે જ હું મારા રોગની ખબર જલદી મેળવી શકી, એમ મારું અંતર માને છે. કોબાલ્ટના શેક આપવાના શરૂ થયા, સારવાર વધતી ગઈ તેમ તેમ મને વધુ ને વધુ શ્રદ્ધા થતી ગઈ. ચોવીસે કલાક સ્મરણ-માળા ચાલુ જ રહેવા લાગી, અને આખરે કુદરત ઉપર શ્રદ્ધાનો વિજય થયો. **ફક્ત દોઢેક મહિનામાં જ જીવલેણ કૅન્સર જેવો રોગે ઘર છોડ્યું. અલબત્ત! દવાઓ, ડૉક્ટરનો સાથ હતો જ પરંતુ એ સર્વનો સાથ મેળવી આપનાર મહામૂલો નવકારમંત્ર જ હતો. નમસ્કાર-મહામંત્રરૂપી લોહચુંબકના આકર્ષણે ભૌતિક સાધનો ખેંચાઈ આવ્યા, એમ કહેવું વધુ યોગ્ય છે.**

અંતમાં મને ફરીથી ખાતરી થઈ ગઈ કે, ઊંડે ઊંડે હૃદયમાંથી કરેલી પ્રાર્થના કદી અફળ જતી નથી-કદાપિ નહીં. અલબત્ત! જો એ પ્રાર્થનામાં શ્રદ્ધા તરવરતી હોય તો.

જો આ લેખ એકાદ આત્માને પણ જરા પણ હલાવી જશે કે કોઈ હૃદયમાં નમસ્કાર મહામંત્ર પ્રત્યે શ્રદ્ધા પ્રેરશે તો આ લેખિની સફળ થઈ છે એમ માનીશ.

શ્રી નમસ્કાર મહામંત્રનો પ્રતાપ

ગુજરાતના એક ગામડામાં એક શ્રાવક રહે છે. તેઓ ખૂબ જ ધર્મચુસ્ત ને નવકારમાં શ્રદ્ધા ધરાવે છે. તેમના જીવનમાં બનેલી આ સત્ય ઘટનાઓ છે.

એક વખત રાતે ૧૧॥-૧૨ ના વખતે તેઓ રાતે સૂતા હતા. તેમના ઘરની પાડોશમાં ઘાસ ભરેલું હતું, તેમાં ઓચિંતી આગ લાગી. આગના

ભડકાઓ આગળ વધે તે પહેલા નજીકના મહોલ્લામાં તકરાર ચાલતી હોઈ માણસો જાગતા હતા. તેઓ આ ભડકા જોતાં જ તુરત દોડ્યા. અને નજીકમાં આવેલો પંપ ચાલુ કરી પાણી નાખતાં આગ ઓલવાઈ ગઈ. અને જરા પણ નુકસાન ન થયું. જો આ આગ આગળ વધત તો આખો મહોલ્લો બાળી નાખત. **આ ભાઈએ જાગીને જ્યાં આ ભડકા ને કોલાહલ જોયો કે તુરત જ નીચે આવ્યા હતા ને મનમાં નવકારનો જાપ ચાલુ જ રાખ્યો હતો.**

એક વખત આ ભાઈની દિકરી મેટ્રિક પછી શિક્ષિકા તાલીમ કેન્દ્રમાં ભણતી હતી. ત્યાં તેને ટાઈફૉઈડ તાવ આવતાં ખૂબ જ અશક્તિ ને નબળાઈ આવી. પરીક્ષાને ફક્ત ૧૫ દિવસ જ બાકી હતા. બહેનને ઘેર ચાલ્યા આવવાની ભાવના થતાં તે માટે પોતાના પિતાજીને કાગળ લખ્યો. પિતાએ વળતો જવાબ લખ્યો કે, **'તને જેટલું યાદ રહે તેટલું વાંચજે ને દરરોજ નવકારનું સ્મરણ કરજે ને જરા પણ ગભરાઈશ નહિ. છેવટે પરીક્ષામાં પેપર લખતાં નવકાર ગણી જે યાદ રહે તે લખી નાખજે.'** પિતાનો કાગળ આવતાં પુત્રીએ હિંમત રાખી તે પ્રમાણે અમલ કર્યો. નવકારના પ્રભાવે પાસ થવાની આશા ન હતી. તેને બદલે ૬૦ ટકા માર્ક્સ મળ્યા. તે પછી નોકરી માટે અરજી કરતાં તુરત જ ગામમાં સારી નોકરી મળી ગઈ. આમ નવકારમંત્રનો પ્રભાવ અજબ છે. તો વાંચકો પણ દઢ શ્રદ્ધા રાખી તેને જીવનમાં ઉતારે.

શ્રી નમસ્કાર મહામંત્રનું તેજ

સંધ્યાનો સમય હતો. સૂર્ય ધીમે ધીમે ક્ષિતિજમાં અદશ્ય થતો હતો. પશુ-પક્ષી પોતાનાં સ્થાન ભણી કદમ માંડી રહ્યાં હતાં. દહેરાસરની ટોચ ઉપર મોરલો બેઠો હતો. જાણે જગતને મહાન સંદેશો આપતો ન હોય!

'રે જીવો જગતના જીવનમાં તમે શા માટે ખોવાયા છો? શું તમને વીતરાગ દેવના દર્શન કરવાની અભિલાષા જાગતી નથી? હું કેવો પ્રભુનાં દરબારમાં બેઠો છું! કેટલી શાંતિ, કેટલી પ્રફુલ્લતા!

પણ રે, જાણે મોરલાની મુંગી વાતનો જવાબ મળતો હોય તેમ દહેરાસરની અંદર ઘંટારવ થયો. જગમલ શેઠ પોતાની હંમેશની ટેવ મુજબ પ્રભુ દર્શનાર્થે પધાર્યા હતા.

પ્રભુ દર્શન કરી તેઓ આજ સવારે જ પધારેલા મહારાજ સાહેબને વંદન કરવા ચાલ્યા.

'પ્રભુ આપે અહીં પધારી અમને પાવન કર્યા.' મહારાજ સાહેબને વંદી જગમલ શેઠ બોલ્યા.

'કહો, ગામમાં ધર્મ ઉપર લાગણી કેવી છે?'

'લાગણી તો પ્રભુ હવે રહી જ ક્યાં છે? લોકોને જાણે ધર્મ ઉપરથી શ્રદ્ધા ઊઠતી જ જાય છે. પણ આપ જો ઉપદેશ આપો તો લોકોનાં માનસ પલટાય ખરા!'

'ભલે, હું આવતી કાલે વ્યાખ્યાન આપીશ.' મુનિરાજે ગંભીર ભાવે કહ્યું.

બીજે દિવસે સવારે ભાવિકોની ભીડ જામી. ઘણા લાંબા સમયે સાધુ મહારાજના મુખેથી ધર્મોપદેશ સાંભળવા મળશે એથી સૌના મુખ ઉપર આનંદ હતો.

અને મુનિરાજે સૌને મંત્રમુગ્ધ કર્યા. દેવ દર્શન ન કરતા શ્રાવકોએ કાયમ પ્રભુ દર્શન આવવાનો નિશ્ચય કર્યો.

'જેવી રીતે નાવથી સાગર તરાય છે એવી રીતે નવકાર મહામંત્રથી ભવસાગર તરાય છે. જૈન શાસનમાં મનુષ્યને ભવસાગર તરવા માટે મહામંત્રરૂપી નાવ છે. ગમે તેવા કઠિન સમયે નવકાર મહામંત્ર સમરવાથી ગમે તેવાં વિઘ્નો નાશ પામે છે. વસ્તુ એટલી જ કે તેનું સ્મરણ સાચા દિલથી થવું જોઈએ.' મુનિરાજે સૌને મહામંત્રનો પાઠ શીખવ્યો.

પરંતુ એમ આ મંત્ર ઉપર શ્રદ્ધા બેસે ક્યાંથી? શ્રોતાઓએ ખાલી આશ્ચર્ય વ્યક્ત કર્યું. તેમને આ મંત્ર ઉપર આટલો બધો વિશ્વાસ આવતો ન હતો.

'નાશ કરી સૌ પાપનો, મહા મંગળ દેનાર; શુદ્ધ શ્રદ્ધાથી માનજો, એ મહામંત્ર નવકાર.'—૭૭

'હે જિન! અચિંત્ય મહિમાવાળું આપનું સ્તવન તો દૂર રહો પરંતુ આપનું નામસ્મરણ પણ ત્રણે જગતનું આ સંસારથી રક્ષણ કરે છે.' મુનિરાજે પોતાનું વક્તવ્ય આગળ ચલાવ્યું.

ત્યાં તો પ્રભુ, પ્રભુ, એમ બોલતો એક માણસ આવ્યો ને મુનિરાજના ચરણોમાં ઢળી પડ્યો.

તેની આંખો રાતી હતી. તેનાં કપડાં ગારાવાળાં હતાં. તેના પગમાંથી લોહી નીકળતું હતું. તે અતિ થાકેલો દેખાતો હતો. શ્રોતાજનો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. આ તે શું?

મુનિરાજ આગંતુક તરફ ધારી ધારીને જોઈ રહ્યા. તેમણે આ માણસને ક્યાંક જોયો હોય તેવું લાગતું હતું.

'ગુરુદેવ! હું ખંભાતના શેઠ સોદાગર જગમલ શાહનો પુત્ર છું.'

'કોણ શેઠ જગમલ શાહ?'

'હા ગુરુદેવ, હું જગમલ શાહનો પુત્ર છું. ધર્મ ઉપર મને શ્રદ્ધા નહીં, મારા પિતાજીને મારા આ નાસ્તિકપણાથી ખૂબ જ દુઃખ થતું. મને ઘણું સમજાવતા, ત્યારે હું કહેતો કે પિતાજી, આપ મને કાંઈક ચમત્કાર બતાવો તો હું માનું.'

'મારા પિતા ગંભીર ભાવે ઉત્તર આપતા કે બેટા, 'અંતરની સ્વચ્છતા અને દુનિયાથી અલિપ્ત મન રાખી પ્રભુને સમરવાથી તે અવશ્ય પ્રાપ્ત થાય છે.'

'હું તેમની વાતને હસી કાઢતો, પિતાજી ખૂબ જ દુઃખી થતાં.

'એકવાર હું અને મારા નાસ્તિક મિત્રો આપ જ્યારે ખંભાતમાં બિરાજમાન હતા અને વ્યાખ્યાન આપતા હતા, ત્યારે આવી ચડ્યા. તે વખતે આપ નવકાર મહામંત્ર સંબંધી વાત કરી રહ્યા હતા. આપે કહ્યું હતું :

'નમસ્કાર એ પુણ્યરૂપી શરીરને ઉત્પન્ન કરનાર માતા છે. જીવરૂપી હંસને વિશ્રાંતિનું સ્થાન નમસ્કાર છે.'

શ્રી નવકાર મંત્રનો જાપ કરવાથી આત્માને શુભ કર્મનો આશ્રવ થાય છે, અશુભ કર્મનો સંવર થાય છે. પૂર્વકર્મની નિર્જરા થાય છે, લોક સ્વરૂપનું જ્ઞાન થાય છે, સુલભ બોધિપણું મળે છે; અને સર્વજ્ઞ કથિત ધર્મની ભવોભવ પ્રાપ્તિ કરાવનાર પુણ્યાનુબંધિ પુણ્યકર્મ ઉપાર્જન થાય છે.

સાધકે એ પણ નક્કી કરી રાખવું કે મારા ઉદ્દેશની સફળતા આ જાપના પ્રભાવે જ થવાની છે.

'હું આપની વાતો સાંભળી ખૂબ જ હસ્યો અને જાવા બંદરે વેપાર અર્થે ઊપડી ગયો. આ વાત તો વિસરાઈ ગઈ.

'જાવાથી મેં ઘણો માલ હિંદ માટે ભર્યો. અમારી સફર કોઈ પણ વિઘ્ન વગર ચાલી રહી હતી. ખંભાત બંદર આંખના પલકારા જેટલું દૂર રહ્યું અને અમારા વહાણોને તોફાન નડ્યું. કિનારે આવેલી નૈયા જાણે મધ દરિયે ચાલી. અમને ખ્યાલ પણ ન હતો કે અચાનક આવું બનશે. અમારાં વહાણો માઈલો સુધી દરિયામાં ધકેલાઈ ગયા. તોતીંગ મોજાઓ અમારાં મજબૂત વહાણો ઉપર પ્રહાર કરવા લાગ્યા. ઘણાંય તોફાન જોયાં હતાં, પણ આવું નો'તું જોયું.'

'અને...અને ક્ષણવારમાં અમારાં વહાણો ભાંગીને ભૂકો થઈ ગયાં. અમારા નાખવા અને ખલાસીઓના હાથ કુદરત સામે લાચાર બન્યા. સાગરરાજના પ્રચંડ ઘુઘવાટે અમને બહેરા બનાવી દીધા અને અમારા ખલાસી અને નાખવા ક્યાંય અદશ્ય બની ગયા.

પણ...પણ...રે મારી કોઈ પૂર્વભવની પુણ્યાઈ હશે તે વહાણના એક પાટિયાને હું વળગી રહ્યો. જીવનની કોઈ આશા ન હતી. પ્યારા સાથીદારો અલોપ બન્યા હતા. વહાણોમાંનો લખલૂંટ માલ પણ સાગરરાજ ગળી ગયા. અરે, જીવથી પણ વહાલા વહાણો ભાંગીને ભૂકો થઈ ગયા. રહ્યો માત્ર હું અને... ..અને તે વખતે મને આપના એ મહામંત્રનું સ્મરણ થઈ આવ્યું. **હું જિંદગીમાં પહેલી વાર નાસ્તિકમાંથી**

'અશ્રદ્ધાવંત પણ જો ભજે, મહામંત્ર નવકાર; અંધશ્રદ્ધા તેની ટળે, પામે શ્રદ્ધા સાર.'—૭૮

આસ્તિક બન્યો. મેં એ મહામંત્રનું સ્મરણ કર્યું અને અને... પડછંદ મોજાંઓની થપાટોથી હું બેભાન બની ગયો.

જ્યારે હું ભાનમાં આવ્યો ત્યારે કિનારા ઉપર પડ્યો હતો. મને વિશ્વાસ ન આવ્યો કે હું જીવંત છું. મેં મારા ગાલો ઉપર ચૂંટી ભરી ત્યારે મને લાગ્યું કે હું જીવંત છું. તુરત મેં મહામંત્રનું ફરી સ્મરણ કર્યું. અને ત્યાંથી ચાલવા માંડ્યો. ચાલતાં ચાલતાં આ ગામમાં આવી પહોંચ્યો. અહીં આવતાં સમાચાર મલ્યા કે આપ અહીં બિરાજમાન છો અને તુરત જ હું આપના ચરણોમાં આળોટવા દોડ્યો.'

અને ફરી તે મુનિરાજના ચરણોમાં નમી પડ્યો.

સૌ મુગ્ધ બની ગયા.

મુનિરાજે કહ્યું, જોયુંને આ મહામંત્રનું તેજ!

અને સૌના દિલમાં સાચી શ્રદ્ધા બેઠી. સૌએ જિનશાસનનો જયઘોષ ગજાવ્યો.

કમળીનું કારમું કષ્ટ ટળ્યું!

અ. સૌ. પાનબાઈ રાયશી હરશી ગાલા (ઉનડોઠવાલા)

અરિહંત એ-૪, ગોખલે રોડ, મુલુંડ (પૂર્વ), મું. ૮૧. ફોન : ૫૬૦૨૨૮૦

સં. ૨૦૨૬માં મારા પેટમાં તીવ્ર શૂળની વેદના ઊપડી. આમ તો બાર મહિના અગાઉ ભૂખ લાગતી નહિ. ડૉક્ટરને બતાવતાં તેમણે કહ્યું કે લીવરમાં સોજા છે. દશ ઇંજેક્શનનો કોર્સ લેવો પડશે. પણ ગામડા ગામમાં રહેતા હોવાથી ચાર ગાઉ દૂર ડૉક્ટર પાસે ઈન્જેક્શન લેવા જવું પડે. બસ વગેરેનું સાધન આવવા જવા માટે હતું નહિ ને ઘરે ડૉક્ટર આવે તે પરવડે તેમ નહોતું. એ કારણે ઉપેક્ષા કરી. ને ઓછી ભૂખના કારણે ઉપવાસ આદિ તપસ્યા સારી રીતે થઈ શકતી. જેથી વીસ સ્થાનકના ઉપવાસ આદિ કરતી. એનાથી ઠીક લાગતું.

પણ પછી એક દિવસ શરીર આખું પકડાઈ ગયું. ને પેટમાં ધીમો દુઃખાવો શરૂ થતાં થોડા દિવસ પછી તીવ્ર વેદના ઊપડી. માંડવી વગેરે મોટા ગામમાં ડૉક્ટરોને બતાવતાં તેમણે કહ્યું કે ઑપરેશન થશે. ને તે પણ મુંબઈ અગર અમદાવાદ જાઓ. અહિ અમારું કામ નથી. હવે ખૂબ જ મુશ્કેલી ઊભી થઈ. મારા પતિદેવ દેશાવરમાં નોકરી કરતા હતા. જેથી તાર કરીને તેઓને બોલાવ્યા. તેઓને આવતાં લગભગ દશેક દિવસો નીકળી ગયા. પણ એટલા દિવસોમાં ખૂબ જ તીવ્ર શૂળની વેદના ચાલુ રહી. મારા મનમાં વિચાર આવ્યો કે મુંબઈ જઈને ઑપરેશન થશે. ને કદાચ મરી જઈશ તો હૉસ્પિટલમાં મને નવકાર સંભળાવનાર પણ કોઈ નહિ મળે. માંડવી પાસેના કચ્છ-કોડાય ગામમાં મારા **પરમોપકારી, યોગનિષ્ઠા ગુરુણી સા. શ્રી ગુણોદયશ્રીજી મ.સા.નું** ચોમાસું હતું. અષાઢ મહિનાના દિવસો હતા. વરસાદ અનરાધાર વરસતો હતો. માંડવી હૉસ્પીટલમાંથી પાછું ગામડામાં જવું ને ત્યાંથી ફરી મુંબઈ માટે જવાનું ખૂબ જ મુશ્કેલ હોવાથી મેં મારા નાના દીકરાઓને કહ્યું કે, 'મને અહીંથી ગુરુણીજી પાસે લઈ ચાલો. તમારા બાપુજી આવે ત્યાં સુધી મારે ત્યાં જ રહેવું છે. ને અંતિમ સમયની બધી વિધિ કરી લઉં. કારણ કે હવે આ માંદગીમાંથી ઉગરવાની આશા લાગતી નથી.' એ વિચારે અમો કચ્છ કોડાય ગામે પૂ. ગુરુણીશ્રીજી પાસે ચાલ્યા. **પૂ. ગુરુણીશ્રીને વિનંતી કરી કે મારી વેદનાની શાંતિ નિમિત્તે શ્રી સંઘને કહીને નવકાર મંત્રનો સવા લાખનો જાપ કરાવો. મારી એ** વિનંતીને ધ્યાનમાં લઈને એક દિવસ આખો શ્રી

સંઘ નવકારનાં જાપમાં બેસી ગયો! મારી વેદના કોઈથી સહી શકાતી નહોતી. આમ લગભગ આઠેક દિવસ પસાર થઈ ગયા. વેદના તીવ્ર હતી તે મંદ પડી. ને એ અરસામાં મારા પતિદેવ ત્યાં આવી ગયા. ને અમો મુંબઈ જવા રવાના થયા.

પણ હવે બન્યું એવું કે નવકાર મંત્રના પ્રભાવથી જ રસ્તામાં મારા પતિદેવને એક માણસ મળી ગયો. ને વાતચીત કરતાં તેણે કહ્યું કે મુંબઈ જઈને ઑપરેશન ન કરાવશો પણ રસ્તામાં માંડવી-ભુજ રોડ ઉપર દહીંસરા ગામ આવે છે. ત્યાં એક વૈદ્ય રહે છે. તે પેટનાં દરદ માટે ખૂબ જ અકસીર ઇલાજ કરે છે. વગેરે વગેરે ખૂબ જ ભારપૂર્વક કહ્યું. જેથી અમો મુંબઈ જતાં જતાં રસ્તામાં દહીંસરા ગામમાં વૈદ્યને બતાવતા જઈએ. એમ વિચારીને ટેક્સીવાલાને કહ્યું કે, 'થોડી વાર થોભીને પણ અમોને દહીંસરા લઈ જા.' ત્યાં વૈદ્ય પાસે જઈને બતાવ્યું. વૈદ્યે કહ્યું કે, 'કમળી થઈ ગઈ છે. ને હવે ફૂટવાની તૈયારી છે. માંડ એક બે દિવસ નીકળે ને જો અંદર કમળી ફૂટી ગઈ તો ખેલ ખલાસ!' વૈદ્યને પૂછતાં તેણે કહ્યું કે 'હા મારી પાસે ઉપાય છે. પણ ડામનો! ડૉક્ટરીનો આખરી ઉપાય ઑપરેશન તેમ વૈદ્યકનો છેલ્લો ઉપાય ડામ એટલે ટાઢા દેવરાવવા! ....અમો ખૂબ જ વિચારમાં પડ્યા. વૈદ્યને ભારપૂર્વક પૂછતાં તેણે કહ્યું કે, 'હા મારા ઉપચારોથી આ બાઈને હું અવશ્ય બચાવી લઈશ ને તે વિષે તમો કહો તો કાગળ ઉપર લેખીત ખાતરી આપીને સહી કરી દઉં. સાથેનાં સંબંધીઓએ (પતિદેવ વગેરે) મને પૂછ્યું. મેં કહ્યું કે ભલે વૈદ્ય ઉપચાર કરે. **મારે મુંબઈ નથી જાવું. ઘરે જઈને મરીશ તો નવકાર તો મળશે!** મુંબઈમાં પછી પરાધીન થઈ જઈએ. એ રીતે અમો ટાઢા દેવરાવીને મુંબઈ ન જતાં ઘરે પાછા ગયા. ઘેર વરસાદનાં કારણે ઘણી જ મુશ્કેલીથી પહોંચ્યા. કાદવમાં ગાડાનાં પૈડા ખૂંચી જાય ને પૈડા ઉપર પાણી ફરી વળે. ગામડામાં કાચા રસ્તા હોવાથી બસ કે ટેક્ષી ત્યાં જઈ ન શકે. એવી રીતે મુશ્કેલીથી ઘરે જઈને વૈદ્યનાં કહ્યા પ્રમાણે ઉપચારો કરવાથી પેટના ભાગમાં જે ગાંઠ હતી તે ઉપર તરી આવી.

નાની કેરીના આકારની કઠણ પથરા જેવી ગાંઠ બહાર ઉપસી આવી. ત્યાર બાદ વૈદ્યનાં કહ્યા પ્રમાણે ઉપચાર કરવાથી ગાંઠ બહાર ફૂટી. નળમાંથી પાણીની ધાર છૂટે એવી રીતે ગાંઠમાંથી રોગ તથા કાળા લોહીનો ઘોધ વછૂટ્યો. દર્દ લગભગ પેટના જમણા પડખાથી થઈને પાછળ કરોડરજ્જુ સુધી કઠણ પથ્થર જેવું બંધાઈ ગયું હતું તે બધું જ ધીરે ધીરે તેમનાં ઉપચારોથી ફૂટીને રોગ તથા કાળી લોહી મિશ્રીત લગભગ ચાર પાંચ કીલો ઉપરાંત કચરો બહાર નીકળી ગયો. ને આમ હું **મોતમાંથી નવકાર મહામંત્રના પ્રભાવથી બચી ગઈ.** એ જ અરસામાં અમારા ઓળખીતા પાસેનાં ગામનાં બે માણસો પચીસ ને પાંત્રીસ વર્ષની ઉમરનાં મુંબઈમાં આવી જાતનાં દરદથી પીડાઈને મરણ પામ્યા. આ બધું જોઈને મુંબઈમાં રહેતા અમારા સંબંધીઓએ અતિશય ભારપૂર્વક પત્રો લખ્યા કે તમો મુંબઈ આવી જાઓને આવા ઊંટ વૈદ્યોનાં ભરોસે કચ્છમાં કેમ બેઠા છો? વગેરે કારણોથી તેમનાં મનના સમાધાન માટે તથા દરદનાં નિદાન માટે અમો મુંબઈ ગયા. જો કે દરદનો નિકાલ તો થઈ ગયો હતો. પણ અશક્તિ બહુ જ થઈ ગઈ હતી, જેથી વિમાન દ્વારા મને મુંબઈ લઈ ગયા. ત્યાં નિદાન થયું. પૂરું તપાસ્યું પણ કોઈ જાતનાં જંતુ ન હતા ને ચાલુ ગુમડો છે એમ ડૉક્ટરોએ કહ્યું! શક્તિના ઉપચારો કરીને અમો પાછા દેશમાં આવી ગયા.

અમો મુંબઈ હરકીશન હૉસ્પિટલમાં હતા. એ જ અરસામાં અમારા પાસેનાં ગામ કચ્છ ભોજાયનાં એક બાઈને એ જ હૉસ્પિટલમાં લાવવામાં આવી. મારા જેવી જ તેમનાં દર્દની હકીકત હતી. પણ ડૉક્ટરોએ તપાસીને લોહીનું કૅન્સર કહીને રજા આપી દીધી. હૉસ્પિટલમાં રાખી પણ નહિ. ને દેશમાં સાત મહિના તીવ્ર વેદના ભોગવીને અંતે મરણને શરણ થઈ.

'વાતો કર્યે કંઈ નવ વળે, જપો સદા નવકાર; ખાધા વિના કદી કોઈની, ભૂખ નહીં મટનાર.'—૮૦

આવી રીતે મને નવકારમંત્રના પ્રભાવથી, કમળી પાકી જવાની ભયંકર બીમારીમાંથી જે જે યોગ્ય ઉપચારો જોઈએ તે મળતા ગયા ને હું બચી ગઈ.

તેવી રીતે એકબીજો પણ અનુભવ મને થયો. અગાઉ જણાવ્યા મુજબ અમો કચ્છમાં સાવ નાના ગામડામાં રહેતા હોવાથી દરેક ચીજ વસ્તુ લેવા તથા ચક્કી નહિ હોવાથી અનાજ દળાવવા પણ પાસેનાં ગામડામાં જવું પડે. આસપાસનાં ગામોમાં કોઈ વખત એકલા પણ આવજા કરવાનું બનતું. એકેક ગાઉ ઉપર ફરતા ગામડા હોવાથી ચીજ વસ્તુ લેવા માટે એકલા જતાં પણ બીક લાગતી નહિ. તેથી હું એક દિવસ બપોરના મધ્યાહ્ન સમયે પાસેનાં ગામડામાં જતી હતી. કારણ કે વળતાં સામાન સાથે હોવાથી બસનો સહારો લેવો હતો જેથી બપોરના એક વાગે જતાં રસ્તામાં એક મોટો પાણીનો વોંકળો-ચાર છ માણસ જેટલો ઊંડો પાણી વગરનો દ્રહ આવતો હતો. ઓચિંતા મારી નજર દ્રહની પેલી પાર પડી. ત્યાં સામી બાજુથી કૂતરા જેવું કોઈક પ્રાણી ઉતાવળી ચાલથી ચાલતું આવતું હતું. પહેલા તો મને થયું કે કૂતરું હશે. પણ પછીથી ઓચિંતો ખ્યાલ આવ્યો કે હમણાં લોકો કહે છે કે આ સીમમાં એક ભગાડ નામનું હિંસક પ્રાણી ફરે છે ને ઘેટાં બકરાંને હેરાન કરે છે વગેરે વાત યાદ આવી. ને હું ભય પામીને મનમાં નવકારમંત્રનું સ્મરણ કરતી ઊભી રહી ગઈ. બાર નવકાર ગણીને **મનમાં સંકલ્પ કર્યો કે જો હિંસક જાનવર હોય તો આ રસ્તો મૂકીને દૂર ચાલ્યું જાય. ને નવકાર ગણીને હાકોટો માર્યો કે તરત જ સામેથી આવતું પ્રાણી પાછું વળીને દક્ષિણ દિશામાં કિનારા તરફ ચાલ્યું ગયું.** હું પૂર્વમાં જતી હતી, એ સામો આવતો હતો. જો અમો બંને સામસામે બેખબર ચાલ્યા જઈએ તો વોંકળામાં અમારો ભેટો થાય. ત્યાં કોઈનો અવાજ પણ ન સંભળાય એવી પરિસ્થિતિ ગંભીર હતી. **પણ રસ્તામાં એકલા ક્યાંય જવાનું થાય તો નવકારમંત્રને રક્ષક તરીકે રાખીને નવકાર ગણતી ગણતી ચાલતી જાઉં. એવી આદત થઈ ગઈ છે.** જેથી આ હિંસક પ્રાણી ઉપર ઓચિંતી નજર પડી ગઈ. એ સામે કાંઠે હતું ને હું આ કાંઠે હતી. જેથી નવકાર મંત્રના પ્રભાવે મારી રક્ષા થઈ ગઈ. એવી રીતનાં બીજા પણ બે ત્રણ જાતનાં અનુભવો છે. ખરેખર *અચિંત્ય મહિમાવાળો નવકારમંત્રનો* પ્રભાવ આવા કળિકાલમાં પણ અનુભવમાં આવે છે તે અદ્‌ભુત છે!

મંત્ર નાનો મહિમા મોટો

અનિલ કેશવજી દેઢિયા

૧૪/શીલ નિકેતન, ૨જે માળે, એચ. ઓફ. સોસાયટી રોડ,
ઈન્ડિયન ઓવરસીઝ બૅંકની ગલી,
જોગેશ્વરી (પૂર્વ), મુંબઈ-૬૦. (ફોન : ૬૩૪૩૫૬૯)

મારો અનુભવ જણાવવા ને નવકાર મહામંત્રની મહિમા વર્ણવવા તેમજ તેનો પ્રત્યક્ષ પ્રભાવ કેવો છે તે કહેવા આ કલમને કાગળ ઉપર કંડારવા પ્રયત્ન કરું છું. જૈન ધર્મમાં નવકાર મંત્રનું સ્થાન ઊંચું છે. જે માનવ નવકાર મૈયાની ગોદમાં ચાલ્યો જાય છે તેનું એ અવશ્યમેવ રક્ષણ કરે જ છે. એમાં શંકાને ક્યાંય સ્થાન નથી. બાકી શ્રદ્ધાનું તેલ પૂરવું જરૂરી જણાય છે.

'દ્વાદશાંગીના સારરૂપ, મહામંત્ર નવકાર; તેની ભજના કોઈ દિ', અફળ નહીં જનાર.'—૮૧

બે વરસ પહેલાં મારા વડિલબંધુ (તરુણભાઈ) તીર્થરત્નસાગરજી મ. સા. એ કેશરીયાજી તીર્થે દીક્ષા ગ્રહણ કરી. તે વખતે મેં એક બાધા પારાની નવકારવાળી ગણવાની પ્રતિજ્ઞા લીધેલી, તે નિયમિત ગણતો રહ્યો ને હૈયામાં અનેરો ઉત્સાહ વધવા લાગ્યો.

એક દિવસ હું મુંબઈ માલસામાન ખરીદવા ગયો ને અચાનક એક ગુંડાઓની ટોળકીએ મને ઘેરી લીધો. મેં નવકારનું સ્મરણ શરૂ કરી દીધું. મારી સાથે મારો નોકર માલ લઈને સાથે ચાલતો હતો. એ ટોળકીને હું તરત જ ઓળખી ગયો, પણ છૂટવું ભારે હતું. ચારે બાજુ વેપારીઓને જોયા પણ કોઈ વહારે દોડી આવે તેમ ન હતું. કારણ કે ગુંડાઓની સામે કોણ ઝંપલાવે? પરંતુ મારા તો શ્વાસોશ્વાસમાં એ મહામંત્રનું સ્મરણ ગુંજતું જ રહ્યું. સાક્ષાત્ એ મંત્રે હૃદય કમલમાં પ્રવેશી મારું રક્ષણ કર્યું. એ ગુંડાઓએ મારા પગમાં આંટીઓ નાખી દેવા અથાગ પ્રયત્નો કર્યા. નોકર આગળ નીકળ્યો કે એનો સામાન પાડી નાખ્યો છતાંય હું મૌન રહ્યો. થોડા આગળ વધ્યા ત્યાં એ લોકોએ કહ્યું, 'હમારે સાથ ચલો' હું અને નોકર ગયા તો અંધારા યુક્ત એક બિલ્ડિંગમાં લઈ ગયા. ગુંડાઓએ ધારદાર ચમકતું ચપ્પુ બહાર કાઢ્યું, જે જોઈ ભલભલાના મોતીયા મરી જાય. એવા સમયે મૃત્યુના મુખમાંથી બચાવનાર ને ખુમારી અર્પનાર એ મહામંત્ર જ હતો. તેમણે ધમકાવીને કહ્યું કે, 'જે હોય તે આપી દે'. મેં કીધું કે આ સામાન ને થોડા પૈસા છે. જોઈએ તો લઈ લો. પણ ખરેખર તે સમયે એવો ચમત્કાર સર્જાયો કે ગુંડાઓની બુદ્ધિ બુઠ્ઠી બની ગઈ. કંઈ જ સૂઝ્યું નહિ. ત્યારે મારી પાસે બેગમાં પાંચેક હજાર રૂ. તથા શરીર પર ચેન, વીંટી અને ઘડિયાળ હતા. તેઓએ કહ્યું ભાગ અહીંથી...જલદી ભાગ અને હું નોકર સાથે ત્યાંથી ચાલતો થયો. અચિંત ચિંતામણી સમા આ મહામંત્રના પ્રભાવે હું આબાદ બચી ગયો. પણ હવે જ્યારે આ દશ્ય મારી નજર સમક્ષ આવે છે ત્યારે આંખો અશ્રુભીની બની જાય છે. અને હૃદયમાંથી રણકાર રણકી ઊઠે છે કે તે સમયે મારો રક્ષક...બેલી...આધાર, જે ગણું તે નવકાર જ હતો. ત્યારથી મારા મનમાં નવકાર પ્રત્યે અનન્ય શ્રદ્ધા પેદા થઈ. ઘેર આવી વડિલો પાસે વાત રજૂ કરતાં અરસપરસ સહુ આંખોમાંથી વહેતાં જળબિંદુઓને રોકી ન શક્યા. અને નવકાર મંત્રના પ્રભાવે સૌ આશ્ચર્યચકિત થયા. સૌ એકી અવાજે બોલી ઊઠ્યા કે મંત્ર નાનો છે પણ મહિમા મોટો છે.

'શુભ કાર્યમાં આવતાં, વિઘ્નોનો વારણહાર; તે માટે સજ્જન જપો, મહામંત્ર નવકાર.'–૮૨

નવકારે શિયળ બચાવ્યું

પૂ. મુનિશ્રી અપૂર્વરત્નસાગરજી મ. તથા
પૂ. મુનિશ્રી મુક્તિરત્નસાગરજી મ.

(અત્રે રજૂ થયેલ ૬ દૃષ્ટાંતો ''નવકારમંત્રના ચમત્કારો''માંથી સાભાર ઉદ્ધૃત કરવામાં આવ્યા છે. ❐ સં.)

મુંબઈથી અમીર કુટુંબના એક બેન પોતાના કોઈક સંબંધીને ત્યાં રાજકોટ આવેલાં. રાજકોટમાં પ્રસંગ પત્યા પછી તેઓ એક બે દિવસમાં જવાની તૈયારી કરતાં હતાં. ત્યાં તો મુંબઈથી અચાનક કોલ આવ્યો કે તમો તરત આવી જાવ, ગાડી મોકલી છે.

સાંજના મોટર લેવા માટે આવી ગઈ પણ સાથે બીજી કોઈ વ્યક્તિ નહિ. એકલો ડ્રાઈવર જ મોટર લઈને આવ્યો હતો. પેલાં બેને પૂછ્યું; કેમ કોઈ આવ્યા નહિ? ડ્રાઈવરે કહ્યું કે કોઈ આવી શકે તેમ નથી. એટલે શેઠે મને એકલાને મોકલ્યો છે. અને આપને અત્યારે જ આવવું પડશે. સવાર પહેલાં તો મુંબઈ પહોંચવું છે.

પેલા બેન થોડાંક અચકાયાં; પણ ડ્રાઈવર ઘરનો વિશ્વાસુ અને વફાદાર હતો એટલે તેવી કોઈ મનમાં બીક નહોતી. છતાં યુવાનવય અને અદ્‌ભુત રૂપ આ બેયની સામે રાજકોટથી મુંબઈ સુધીની મુસાફરી રાત્રિના સમયમાં અને તે પણ એકલા યુવાન ડ્રાઈવરની સાથે, તે જરા લોકાપવાદનું કારણ બને જ. એટલે પોતાની એક બહેનપણીને સાથે લઈ લીધી. અને આમ બંને બહેનોને મોટરમાં પાછલી સીટ ઉપર બેસાડી ફાટક બંધ કરીને ડ્રાઈવરે ગાડી મુંબઈ ભણી હંકારી.

રાજકોટથી ઘણું આગળ નીકળી ગયા. પછી રાત્રિમાં એક ગામથી થોડીક દૂર હતા અને એ બેય બહેનોને લઘુ શંકા ટાળવાની ક્યારની ઈચ્છા હોવાથી ડ્રાઈવરને ગાડી રોકવાનું કહ્યું. ડ્રાઈવરે કહ્યું, 'શેઠાણી બા! થોડીક જ દૂર ઉપર ગામ આવે છે. ત્યાં જઈને શંકા પતાવજો. પણ પેલા બેન રોકી શકે તેમ નહોતા. એટલે ગાડી ઊભી રાખી.

બંને બહેનો ગાડીમાંથી નીચે ઊતર્યાં. સામેની સાઈડે લઘુશંકા પતાવી અને પાછા આવી પોતાની ગાડીમાં બેસવાની તૈયારી કરે છે ત્યાં તો અચાનક 'ઊભા રહો'ની બૂમ સાંભળતાં બધાં જ ચોંકી પડ્યા.

અને જુએ છે તો હાથમાં બંદૂક લઈ ૪ થી ૫ લૂંટારા જેવા લાગતા માણસોએ બંને બહેનોને ઘેરી લીધી હતી. દૃષ્ટપુષ્ટ શરીર, લાંબી લાંબી મૂંછો, મોટી મોટી આંખો અને ભરાવદાર ચહેરો... માથે સાફો પહેરેલો અને જાણે કોઈ ડાકુઓની ટોળકીના જ આ માણસો હોય તેવા લાગતા હતા.

બેય બહેનોના ગભરાટનો પાર ન રહ્યો. શું કરવું તે જ સમજાયું નહિ. અને પેલો ડ્રાઈવર પણ ઊભો ઊભો ધ્રુજવા માંડ્યો. પેલા શ્રીમંત બહેન કહે છે કે ભાઈ તારે શું જોઈએ છે? લ્યો, આ મારા સર્વ દાગીના તમોને આપી દઉં છું. એમ કહીને પોતાના શરીર ઉપર શોભી રહેલા કિંમતી દાગીના પેલા બેન ઉતારવા લાગ્યાં, પણ પેલો બંદૂકધારી તો કહે છે કે, 'નહીં, આ નહીં જોઈએ, તમે આ બાજુ ચાલો'. એમ કરી સામેની સાઈડ બતાવી કે આમ ચાલો! એટલે તો જાણે કિંકર્તવ્ય વિમુઢ બની ગયા. કારણ કે 'આ બાજુ ચાલો' એટલે શું? આ તો શિયળનું આવી બન્યું. હવે શું કરવું? આમાંથી બચવું શી રીતે? એવી વિચારણા કરવા લાગ્યાં.

પેલો લૂંટારો પણ ધનની લૂંટ રોજ કરતો હશે. પણ આજે તો આ રૂપ જોઈ તેને જાણે રૂપની લૂંટ

'જે ઘરમાં નવકારનો, સદા રહે સ્થિર વાસ; વિષમ ગ્રહ તેના બધા, બની જાય લાચાર.'—૮૩

કરવાનું મન થયું. એટલે તેણે તો બસ એ જ આગ્રહ રાખ્યો કે, 'આ બાજુ મારી સાથે ચાલો.'

ત્યારે પેલાં બહેનને અચાનક જ નવકાર મહામંત્ર યાદ આવ્યો. અને બસ, મનમાં ને મનમાં એનું જ રટણ કરવા લાગ્યાં. અને કહી દીધું નવકારમંત્રના અધિષ્ઠાયક દેવોને કે આજે મારા શિયળનું રક્ષણ કરવું આપના હાથમાં જ છે! હે પ્રભુ! મને બચાવો. ખૂબ ભાવપૂર્વક જ્યારે નવકારનો જાપ થાય છે, ત્યારે ત્યાં જ ચમત્કાર સર્જાય છે. પેલા ભોગભૂખ્યા વરુની કામવાસના અચાનક ઉતરી ગઈ તેને મનમાં થવા લાગ્યું કે હું આ શું કરી રહ્યો છું? અને તરત પૂછે છે કે તમે ક્યાંથી આવો છો? રાજકોટથી. ક્યાં જઈ રહ્યા છો? મુંબઈ.

જાવ બેન જાવ. તમારું રૂપ અને એકાંત જોઈ હું પાશવતામાં પડવા જઈ રહ્યો હતો. પણ હવે મારા અંતરઆત્માએ જ મને ધિક્કારવા માંડ્યો છે. તમે ખુશીથી જઈ શકો છો. અને મારા અપરાધને ક્ષમા કરશો. એમ કહી સૌ બંદૂકધારીઓ તરફ પેલા સરદારે ઇશારો કર્યો અને બધા ચાલવા માંડ્યાં.

બેય બેનો પણ ગાડીમાં બેસી ડ્રાઇવરને જલદી ગાડી હંકારવાનું કહ્યું. તેઓના જીવમાં જીવ આવ્યો હતો.

સાથે રહેલા બેનને તો આ એકદમ આવો ફેરફાર કેમ થઈ ગયો? કઈ રીતે થયું? તે જ આશ્ચર્ય લાગ્યું! પણ નવકાર જ્યાં હોય છે, ત્યાં આવા તો કેટલાય આશ્ચર્યો સર્જાય છે, તે વાત પેલા બેનને કોણ સમજાવે?

નવકારે માલ બચાવ્યો

એક જૈન ગૃહસ્થભાઈનું દૃષ્ટાંત ક્યારેક વાંચવામાં આવેલું.

તેઓની આર્થિક પરિસ્થિતિ તો સાવ સામાન્ય પણ નવકાર મહામંત્ર ઉપર તેમની શ્રદ્ધા અસામાન્ય! જ્યારે ત્યારે નવરા પડે કે મનમાં નવકારમંત્રનો જાપ ચાલુ જ હોય! એમ જ કહોને કે કદી નવરા જ ન પડે, કાં'તો કામ કાં'તો જાપ!

એટલામાં તેઓના કોઈક સંબંધી તેમને મુંબઈ લઈ ગયા અને પોતાની ઝવેરાતની પેઢી ઉપર બેસાડી દલાલી કરવાનું કામ સોંપ્યું. આ ભાઈને ધીમે ધીમે આ ધંધામાં સારી ફાવટ આવી. આર્થિક પરિસ્થિતિ સુધરતાં એક નાનકડું મકાન ભાડે રાખી ત્યાં જ પોતાના કુટુંબીજનો સાથે રહેવા લાગ્યા.

એક વખત આ નવકાર પ્રેમી પોતાના શેઠને ત્યાંથી લગભગ પંદર સોળ હજારની કિંમતનું વિવિધ હીરાનું એક પડીકું લઈ કોઈક ગ્રાહકને બતાવવા ગયા હશે. તેમાં પાછા વળતાં વિચાર્યું કે હવે ઘરે જઈ ભોજન કરી, થોડોક આરામ કરી પછી દુકાન જઈશ.

અને એ પ્રમાણે જ કર્યું. બે કલાક બાદ પાછા દુકાને જતા એમને પડીકું સાંભર્યું. બધા ખીસ્સા તપાસ્યા પણ પેલું પડીકું ન મળ્યું. ફરી ફરી તપાસ્યું, પણ પડીકું હોય તો મળે ને! એ તો ક્યારનું ય આ ભાઈના અજાણતામાં સરકીને રસ્તા પર કોઈની રાહ જોતું પડ્યું હતું.

હવે પેલા ભાઈ મૂંઝાયા! પણ નવકાર મહામંત્ર ઉપર શ્રદ્ધા હોવાને કારણે જે માર્ગેથી ઘરે આવ્યા હતા તે જ માર્ગે ફરી પડીકાને શોધવા માટે ચાલવા લાગ્યા. મનમાં નવકારમંત્રનું રટણ અને મુંબઈની સડક ઉપર હીરાના પડીકાને ખૂંદવા નીકળી પડેલી નજર!

મોહમયી મુંબઈ નગરી ને ટ્રાફિકનો પાર નહિ, જ્યાં પાંચની નોટ પણ પડી જાય તો પાંચ મિનિટ પછી યે મળવી મુશ્કેલ તો પંદર સોળ હજારના હિરા અને બે કલાક પછી કઈ રીતે મળી શકે?

પણ આ ભાઈને તો એવી શ્રદ્ધા કે નવકાર ગણતો ગણતો જાઉં તો જરૂર પડીકું ક્યાંકથી મળી જશે! અને બન્યું પણ એમ જ. **ચમત્કાર સર્જાયો!**

થોડેક દૂર ચાલતાં એક કાપડની દુકાન પાસેથી પસાર થતાં કોઈકની બૂમ સાંભળી. 'ઊભા રહો! તમારૂં હીરાનું પડીકું આ રહ્યું, અહીંયા.' પેલા ભાઈની નજર તે તરફ ફરી. જોયું તો ધૂળમાં

'જે ઘરમાં સદા રહે, નવકારનો રણકાર; ભૂત-પ્રેત નહીં ડાકણ ન આવે દ્વાર.'—૮૪

દટાયેલું પેલું પડીકું! દોડીને, ઉઠાવીને, ખોલીને જોયું તો એ જ, હીરા બધા સલામત!

તેમના આનંદનો પાર ન રહ્યો. પડીકું બંધ કરી ખિસ્સામાં મૂકતાં જ એમને પ્રથમ વિચાર આવ્યો, લાવ, જેમણે મને પડીકું બતાવ્યું તેમનો આભાર માનું, તેમને કંઈક ઈનામ આપું!

પણ આશ્ચર્ય! ચારે બાજુ નજર ઘુમાવી પણ પેલા ભાઈ ન દેખાયા...

ક્યાંથી દેખાય! એ આ દુનિયાનો ઔદારિક શરીરી માનવી ન જ હોય! એ હશે વૈક્રિય શરીરી કોઈક દેવ, જે નવકારના અધિષ્ઠાતા હોય અને તેના ભક્તને મદદ કરવા અહીં આવ્યા હોય! અહીંનો માનવી પડીકું બતાવે જ ક્યાંથી અને બતાવે તો એકદમ જતો પણ ન રહે!

ત્યારે માનવું જ પડે કે આ ચમત્કાર નવકાર મહામંત્ર જ સર્જી શકે.

જાદુ ઉપર જાદુ

જામનગરના ચાતુર્માસ પછી અમો મહેસાણા ભણવા માટે ગયા હતા ત્યાં અમારો અભ્યાસ સારો ચાલતો હતો. તે દરમ્યાન ત્યાં સંઘની પાઠશાળામાં બાળકોને ધાર્મિક શિક્ષણ આપનાર શ્રીયુત **લાલચંદભાઈ**નો પરિચય થયો. તેઓની સાથે નવકાર વિષે ચર્ચા ચાલતાં તેઓએ નવકારના ચમત્કારનો પોતાનો સ્વઅનુભવ સંભળાવ્યો. જે તેમના જ શબ્દોમાં અત્રે રજૂ કરું છું.

તેઓએ કહ્યું કે; 'સાહેબ! નાનપણથી જ મને નવકારમંત્ર ઉપર ભારે શ્રદ્ધા. એક વખત અમારા ગામની અંદર કોઈ મદારી આવ્યો, જે નાના મોટા જાદુના ખેલ લોકોને દેખાડતો હતો. એના હાથ સફાઈના ખેલ અને જાદુઈ કરિશ્માથી ગામના લોકો અંજાઈ ગયા. આખાય ગામમાં તેની ચર્ચા થવા માંડી. લોકોનાં ટોળે ટોળાં તેના જાદુના ખેલ જોવા જવા લાગ્યા. હું પણ એ ટોળામાં શામિલ થયો. ગામના ચૌટા વચ્ચે તેનો ખેલ શરૂ થવાની તૈયારીમાં હતો. ગામના લોકો ગોળ ઘેરાવને બનાવી ઊભા થઈ ગયા. હું ય વચ્ચે જગ્યા કરી ગોઠવાઈ ગયો.

ડુગડુગી વાગી ને તે જાદુગરના જાદુઈ કરિશ્મા શરૂ થયા. એમાં એક ખેલ એવો આવ્યો કે પેલો જાદુગર એક ખાલી વાસણ ઊભેલા લોકોમાંથી એકને બોલાવી તેના હાથમાં પકડાવે છે. દર્શકોમાંથી આવેલ ભાઈ પણ ખૂબ ઉત્સાહથી તે ખાલી વાસણ હાથમાં લઈ લે છે. પછી પેલો જાદુગર એવો કાંઈક મંત્ર ભણે છે, કે દર્શકના હાથમાં રહેલ ઠંડું અને ખાલી વાસણ એની મેળે ગરમ થવા માંડે છે. એટલે જે ભાઈએ વાસણને પકડ્યું હોય છે, તે તેને છોડીને ચાલ્યો જાય છે. કારણ કે તેના હાથ દાઝવા માંડે છે.

આ જોઈ મને પણ કુતૂહલ જાગ્યું અને એ ટોળાંને ચીરી હું પણ પેલા મદારીની આગળ પહોંચી ગયો. મેં કહ્યું કે, લાવો મને આપો. આ વાસણ હું પકડી શકીશ. પેલો કહે કે નહીં પકડી શકશો. હમણાં જ છોડીને ભાગી જશો. મેં કહ્યું કે તમો આપો તો ખરા! બધા લોકો મારી સામું જોવા લાગ્યા. મેં પેલું ખાલી વાસણ હાથમાં લીધું અને મદારીની સામે ઊભો રહ્યો. પેલો મનમાં મંત્ર ભણવા લાગ્યો.

આ બાજુ મને પણ થયું કે, આ તો કુતૂહલ વૃત્તિથી હું અહીં આવી ગયો. અને આ મદારી વાસણને ગરમ કરી દેશે. તો મારે પછી શું કરવું? બધાંની સમક્ષ ભોંઠા પડશે. એટલે તે સમયે મને નવકાર યાદ આવી ગયો. અને મારામાં રહેલી સંપૂર્ણ શ્રદ્ધાને એકઠી કરી હું એ વાસણ હાથમાં રાખી શુદ્ધ ભાવથી મનમાં નવકારનો જાપ કરવા લાગ્યો.

અને ચમત્કાર થયો!

દરેકના હાથમાં જતાં થોડીક જ વારમાં ઠંડું રહેલું જે વાસણ એકદમ ગરમ થવા લાગતું હતું, તે મારા હાથમાં ઘણો સમય થઈ ગયો; પણ એ વાસણ એમને એમ જ રહ્યું. મને પેલો મદારી પૂછે છે કે—**क्यूं गरम हुआ?** મેં કહ્યું; **नहीं बिल्कुल ठंडा है!** પણ પેલાને આશ્ચર્ય થયું કે આમ કેમ? શું વાત છે? ક્યાં ખામી છે? આમ વિચારી ફરી ફરી તેની

ક્રિયા કરે છે. પણ નવકાર મહામંત્રના પ્રભાવે મને કાંઈ થઈ શક્યું નહિ અને મેં તો પૂર્વવત્ તે વાસણને હાથમાં ઝાલી રાખ્યું હતું.

હવે; પેલા મદારીથી રહેવાયું નહીં. હજારો લોકોની વચ્ચે તેનો ખેલ ખોટો પડવા લાગ્યો. તેથી તેને ક્રોધ ચઢી ગયો અને ગરમ થઈને કહેવા લાગ્યો કે **क्या तुम भी कोई मंत्र पढ रहे हो? क्या तुम भी कोई जादू जानते हो?** મેં કહ્યું કે, **मैं तो कुछ भी जादू नहीं जानता, न कोई मंत्र तंत्र पास में हैं।**

અને પછી તો તેનું કાંઈ ચાલ્યું નહીં. લોકો હસતાં હસતાં ચાલ્યા ગયા. પેલા મદારીએ મને ખૂબ પૂછ્યું કે ભાઈ સાચું કહો, તમે કાંઈક જાણો છો? નહીંતર આવું બને જ નહીં. મેં મારા જીવનમાં ઘણીય વાર આ જાદુ બતાવ્યો છે. પણ આ રીતે ક્યારેય બન્યું નથી.

ત્યારે, મેં તેને નવકાર મંત્રની વાત કરી. અને કહ્યું કે હું તો બીજું કશું જાણતો નથી પણ આ અમારો પરમ ચમત્કારી નવકાર મહામંત્ર ગણતો હતો.

મહેસાણામાં પં. શ્રી લાલચંદભાઈએ આ ઉપરની હકીકત દ્વારા પોતાનો સ્વાનુભવ સંભળાવ્યો. પણ, **મને તો થયું કે પેલા મદારીને કોણ સમજાવે કે આ નવકાર તો જાદુ ઉપર જાદુ કરનારો છે. ખરેખર! જાદુગરોના જાદુના ખેલ ખોટા પાડનારો આ નવકારમંત્ર જ હોઈ શકે. નવકાર મહામંત્ર એ તો દિવ્ય જાદુગર છે.**

"Navkar is devine Magician."

"अजब करिश्मा नवकार का."

પુણિયા શ્રાવકની ઝાંખી આ કલિકાળમાં કરાવનારા અને સંતોષપૂર્વક જીવનારા એક શ્રાવકભાઈ!

થોડાંક વરસો પૂર્વે જ જેમના જીવનમાં નવકારનો આ ચમત્કાર સર્જાયો હતો.

એ ભાઈને દરરોજ એક બાંધી નવકારવાળી ગણવાનો નિયમ! રાતના સૂતાં પહેલાં ૧૦૮ નવકાર ગણવા જ. નહીંતર એમને ઊંઘ નહિ આવે.

એક વખત આ ભાઈને બાજુના ગામમાં જવાનું થયું. પગપાળા પ્રવાસ કરીને પહોંચી ગયા તે ગામમાં! અને કાર્ય પતાવી સાંજના ઘરે પાછા ફરવા લાગ્યા.

પણ રસ્તામાં જ રાત પડી ગઈ. ઘર હજૂ દૂર અને અંધકાર ઘોર હતો. એટલે રસ્તામાં જ એક વૃક્ષની નીચે રાત્રી પસાર કરવાનો વિચાર આવ્યો અને આજુબાજુની જગ્યા થોડીક સાફસૂફ કરી ત્યાં જ સૂવાની તૈયારી કરવા લાગ્યા.

ત્યાં તો રાબેતા મુજબ નવકારવાળી ગણવાની હતી. પણ આજે નવકારવાળી તો ઘરે જ રહી ગઈ. હવે કરવું શું? એટલે ૧૦૮ નવકારમંત્ર ગણવાની વિધિ બરોબર થાય, તે દૃષ્ટિથી આસપાસ પડેલા કાંકરા પત્થરોમાંથી થોડાક સારા અને નાના ગોલ કાંકરાઓ ભેગા કર્યા. પછી તેઓને ગણી, ૧૦૮ રાખી બાકીના બધા ફેંકી દીધા.

હવે આ નમસ્કાર–આરાધક ભાઈએ પોતાનો જાપ શરૂ કર્યો; કાંકરાના ઢગલામાંથી એક કાંકરો ઉઠાવે, તેના ઉપર એક નવકાર ગણે અને બાજુમાં મૂકી દે...આમ, એક પછી એક બધા કાંકરા ઉપર નવકાર ગણી બીજી બાજુ ઢગલો કરતાં તેમના ૧૦૮ નવકારનો જાપ પૂર્ણ થયો.

જાપ તો પૂર્ણ થયો! પણ હવે તેમને વિચાર આવ્યો કે આ પત્થરાઓને શું હું ફેંકી દઉં? અરે! આ તો હવે પરમેષ્ઠિ મંત્રના જાપથી મંત્રિત બની ગયા છે. એટલે ફેંકી ન દેવાય. એ બધા પથરાઓને તો સાથે લઈ જાઉં. ઘરે રાખીશું. કારણ કે અહીં તો કો'કના પગમાં આવશે તો આશાતના થશે.

એમ વિચારી પેલા ભાઈએ તો તે ૧૦૮ કાંકરા પોતાના ધોતિયાંના એક છેડે બાંધી લીધા અને રાત્રિ નિર્ગમન કરી સવારે પોતાના ઘરે પહોંચતા જ પત્નિએ નહાવા માટે પાણી વગેરે મૂક્યું. અને ભાઈ નહાવા ગયા. કપડાં બદલતા ધોતિયામાંથી કાંકરાઓ કાઢવાનું ભૂલી ગયા.

આ બાજુ તેમનાં પત્નીએ આ કપડાં જોયાં. અને ગાંઠમાં કાંઈક બાંધેલું જોઈ તે ખોલી.

'જહાં નવકારનું ધામ છે, ત્યાં ન આવે કામ; રહે વાસના વેગળી, મન પામે વિશ્રામ.'–૮૬

ત્યાં તો ચમત્કાર!

પેલાં બેન જોઈને જ છક્ક થઈ ગયા. કારણ કે કાંકરાની જગ્યાએ તેમાં તો ઝગમગતા ચળકાટ કરતાં અતિ કિંમતી રત્નો દેખાતાં હતાં. બેનને થયું કે આ શું? મારા પતિ પાસે આવા કિંમતી રત્નો ક્યાંથી આવ્યાં? કઈ રીતે લાવ્યા? શું તેઓ આજે ધર્મ ચૂક્યા કે?

આમ અનેક પ્રશ્નોની હારમાળા એક સાથે તેમના મગજમાં રમવા માંડી. એટલામાં જ ત્યાં તેમનાં પતિ આવી પહોંચ્યા. અને આવી રીતે વિચારમગ્ન બનેલ પત્નીને તે જોઈ પૂછ્યું :

ભદ્રે! શું વાત છે! શેનો વિચાર કરો છો? અને આ હાથની મુઠ્ઠીમાં શું છે?

એમ કહી જોવા માટે મુઠ્ઠી ખોલવા ગયા ત્યારે મુઠ્ઠી ખુલ્લી કરતાં પેલાં બેન કહે છે :

નાથ! શું રત્નોને જોઈ આપ પણ ધર્મ ચૂક્યા છો? ક્યારેય આપે આવું ન કર્યું આજે કેમ?

એ ભાઈને આ સાંભળી આંચકો લાગ્યો અને સાથે ધોતિયાં ને છેડે જાતે રાતના બાંધેલા પત્થરો (કાકરા) તે રત્નરૂપે જોઈને આશ્ચર્ય થયું!

પણ પછી નવકારમંત્રનો જ પ્રભાવ છે, એમ જાણી પત્નીને કહ્યું કે– ભદ્રે! મેં અત્યાર સુધી પરદ્રવ્યને લોષ્ઠવત્ સમજ્યું છે. તો આજે આમ કેમ કરી શકું? પણ, આ તો નવકારમંત્રની લીલા છે. એમ કહી બધી વાત વિસ્તારથી કહી સંભળાવી.

પત્નીને આ સાંભળી ખૂબ જ આનંદ થઈ ગયો. સાથે નવકારમંત્ર ઉપરની શ્રદ્ધા પણ વધી.

નમસ્કાર મહામંત્રના આરાધક આ ભાઈ તો કાંકરા સાથે લઈને પણ ન્યાલ થઈ ગયા.

'આવો! આ નવકારનો ચમત્કાર!'

"અકસ્માતમાંથી ઉગાર્યા"

અમદાવાદ શહેરમાં આવેલ ખાનપુર સંઘના બે આગેવાન ભાઈઓ. એક ભૂરમલજી વાલાજી અને બીજા શાહ હસમુખલાલ મફતલાલ!

ભૂરમલજી આ સંઘના પ્રમુખ! તેઓને અને તેમના ધર્મપત્ની પતાસાબેન-બંનેને વરસીતપ ચાલે. ભૂરમલજીની ભાવના એવી કે આ વખતે વરસીતપનું પારણું હસ્તિનાપુર જઈને કરવું. તેઓએ હસમુખભાઈને વાત કરી અને સાથે જણાવ્યું કે આપણે ત્યાંથી શ્રી સમ્મેત શિખરજીની પણ યાત્રા કરી લઈશું. હસમુખભાઈને સમ્મેતશિખરજી જવાની ભાવના હતી માટે તૈયાર થઈ ગયા.

એક નાની મેટાડોર કરી બંને ભાઈઓએ પોતાના ફેમીલી સાથે યાત્રાની બધી તૈયારી કરી શુભ દિવસે અમદાવાદથી પ્રયાણ કર્યું, સં. ૨૦૪૦ના વૈશાખ સુદ-૩ (અખાત્રીજ)ના દિવસે શ્રી ભૂરમલજી તથા શ્રી પતાસાબેનને વરસીતપનું પારણું હસ્તિનાપુરમાં સુખરૂપે થયું. પારણાં પછી આજુબાજુના તીર્થોના દર્શન કરતાં આ બેય કુટુંબીજનો શ્રી સમ્મેતશિખરજી મહાતીર્થમાં પહોંચી ગયા.

શિખરજી પહોંચ્યા બાદ ત્યાં થોડુંક રોકાણ કરી ખૂબ ભાવથી યાત્રાઓ કરી. હવે અમદાવાદ પાછા ફરવાનું હતું. ભોમિયાજી દેવના અંતિમ દર્શન કરી બધા આગળ જવા શિખરજીની ધર્મશાળા છોડી પોતાનો સામાન વગેરે મેટાડોરમાં ગોઠવી દીધો. અને સૌ પોતપોતાની સીટ ઉપર બેસી ગયા. મોટર સ્ટાર્ટ થઈ અને થોડીક જ વારમાં પાકી સડક ઉપર આ બે કુટુંબીજનોને લઈ તે મેટાડોર દોડવા લાગી.

શિખરજીથી નીકળી તેઓ 'બારઈ' પહોંચે છે અને ત્યાં ગાડી ઊભી રખાવી. કારણ કે નવકારશીનો ટાઈમ થઈ ગયો હતો. પરંતુ નવકારશી કરવાની કોઈની ભાવના ન હોવાથી આગળ પહોંચી ત્યાં નવકારશી પતાવીશું, એમ વિચારી ગાડીમાં ફરી બધા બેસી ગયા અને ગાડી પાછી ચાલુ થઈ.

જો કે શિખરજી પછી રસ્તો બરાબર નહોતો. એમાંય 'બારઈ'નો રસ્તો ખૂબ જ સાંકડો છે. અને તેમાં બન્ને બાજુ થોડી થોડી વારે ખાડાઓ આવે, એટલે સામેથી આવતા વાહનોને પસાર કરવામાં, બંને વાહનચાલકોએ ખૂબ જ ખ્યાલ રાખવો પડે.

હવે 'બારઈ'થી લગભગ દોઢ થી બે કિ.મી. દૂર નીકળ્યા હશે કે સામેથી એક ખટારો આવતો દેખાયો. મેટાડોરમાં હસમુખભાઈ ડ્રાઇવરની પાસેની સીટ પર બેઠેલા હતા. બાકી બધા પાછળ બેઠા હતા. એટલે હસમુખભાઈએ આ સામેથી આવતા ખટારાને, જે 'સ્પીડ'માં આવી રહ્યો હતો, જોયો અને આજુબાજુ થોડી થોડી વારે આવતાં ખાડાઓની તરફ દૃષ્ટિ કરીને એક ઊંડી વિચારણામાં પડી ગયા. કારણ કે ખટારો પાછો 'રોંગ સાઇડ'માં ચાલી રહ્યો હતો.

પોતાની મોટરથી લગભગ ૧૦૦-૧૫૦ ફૂટ દૂર બંને ગાડીનું અંતર હતું. સાંકડા રસ્તામાં રોંગ સાઇડ ઉપર અને ફૂલ સ્પીડમાં આવતા ખટારાને જોઈ હસમુખભાઈને થઈ ગયું કે આ ખટારો નક્કી આજે આપણો જાન લેશે અને તેઓ તરત જ આંખ બંધ કરી નવકારમંત્રનું સ્મરણ કરવા લાગ્યા કારણ કે હવે તે સિવાય બીજો માર્ગ કોઈનેય જડતો જ નહોતો.

નવકાર મહામંત્રના ધ્યાનમાં એકતાન બની ગયેલા હસમુખભાઈ હજી તેવી જ રીતે ધ્યાન મગ્ન હતા અને ખટારો પસાર થઈ ગયો સાથે (Accident) અકસ્માત પણ થયો જ.

પણ, **ભારે ચમત્કાર થયો.**

હસમુખભાઈને ધ્યાનમાં ધક્કો લાગ્યો અને આંખ ખોલી જુએ છે તો પેલો ખટારો તેમની મેટાડોરને જોરદાર આંચકો લગાવી આગળ વધી ગયો હતો, અને તેના પરિણામે મેટાડોર પાસેના ટેકરા ઉપર ચઢી ગઈ. કાચ ફૂટી ગયા હતા. બધાંયનું મોત નીપજે એવો આ અકસ્માત હતો.

છતાંય નવકારનું જ્યાં સ્મરણ-રટણ અને ધ્યાન હોય ત્યાં પૂછવું જ શું?

થોડી થોડી જગ્યામાં જ્યાં સાઇડમાં ભયંકર ઊંડા ખાડા આવતા હતા ત્યાં જો આ ખટારાની સાથેની અથડામણ થઈ હોત તો?

પણ અકસ્માત ખાડાની જગ્યાએ ન થતાં એવા બે ખાડાઓની વચ્ચે ખાડા વગરની પણ ટેકરી બાજુમાં છે એવી જગ્યાએ થયો. **આ એક ચમત્કાર!**

અને પછી પણ બીજી કોઈ હોનારત ન સર્જાતા અંદર બેઠેલા બધાંને કોઈને હાથમાં, કોઈને પગમાં કે કોઈને કેડમાં જ ફક્ત થોડી ઈજા થઈ અને જાનથી બચી ગયા, **એ બીજો ચમત્કાર!**

તેમાં હસમુખભાઈ ડ્રાઇવરની સાથે જ આગળ બેઠેલા હતા. સામેનો કાચ ફૂટ્યો હતો. જેની કેટલીય કરચો ઊડી હતી. જે ડ્રાઇવરને વાગી નહોતી કે ન બીજી ઈજા તેઓને થઈ. બધાંને થોડુંક થોડુંક વાગ્યું. જ્યારે તેઓને કશુંય ન થયું. **આ ત્રીજો ચમત્કાર!**

પછી તો ધીમે ધીમે બધાને બહાર કાઢવામાં આવ્યાં. હસમુખભાઈ સિવાય બધાંયને વાગ્યું હતું. આ બાજુ મેટાડોરને પણ ઘણું નુકશાન થયું હતું એટલે તે તો હવે, ચાલી શકે તેમ હતી જ નહીં. ત્યાં જ એક યાત્રિક બસ સામેથી આવતી દેખાઈ અને તેમાં બધાંને બેસાડી 'બારાઈ' પહોંચાડી ત્યાંની હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા.

અમદાવાદ સમાચાર મોકલાવતા સંઘમાં પણ બધાંને આઘાત લાગ્યો. શ્રી સંઘમાં તેમને નિમીત્તે સામૂહિક આયંબિલ થયા. અને જેમાં ૫૦૦ જેટલા ભાઈ બહેનોએ આયંબિલ કર્યા હતા.

બે ત્રણ દિવસ બારાઈ ગામમાં રોકાણ કરી બધાના પાટા-પિંડી બરાબર કરાવી બધાં જ સારાં થયાં ને પોતપોતાના કામ ધંધામાં પાછા લાગી ગયા.

પણ, નવકાર મહામંત્રની જે અજબ ગજબની સહાય એવા સમયે થઈ, તેના પ્રભાવે સૌ નવો જન્મ પામ્યા. તેની સ્મૃતિ તો બધાંયને માટે અવિસ્મૃત બની ગઈ.

"અમેરિકામાં અજાયબી"

આવો જ એક ચમત્કાર ચારેક વરસ પૂર્વે અમેરિકા દેશમાં થયેલ તેની હકીકત એક ભાઈ પાસેથી સાંભળવા મળી હતી.

'ઉત્તમ સમર્પણ ભાવથી, ગદ્‌ગદ્ જેનું ચિત્ત; તે ભાવે નવકારને, જપતાં આતમ-હિત.'—૮૮

હિન્દુસ્તાનના હિરાચંદભાઈ એક અચ્છા શ્રાવક! તેઓ ઘણા વરસોથી અમેરિકામાં વસવાટ કરે છે. તેમને પણ અશાતાવેદનીયના જોરે એવો જ કોઈ જીવલેણ રોગ ઉપડ્યો. ઘણો જ ઈલાજ કરાવ્યો પણ કોઈ સારું પરિણામ ન આવ્યું. અને રોગ દિવસે દિવસે વધતો જ ગયો.

છેવટે ઑપરેશન કરાવવાની ફરજ પડી. ઑપરેશન ખૂબ જ જોખમી હતું. ડૉક્ટરોએ કહી દીધેલું કે, આ ભાઈની બચવાની કોઈ શક્યતા લાગતી નથી.

છતાંય બચાવવાના પ્રયાસ તેઓના પૂરેપૂરા હોય જ. પણ આવા દરેક ઑપરેશનો વખતે દર્દી પાસેથી પહેલાં Cemation Form (ગુલાબી ફૉર્મ) પર તેની સહી લઈ લેવામાં આવે છે કે જેથી કદાચ ન બચી શકે તો તેમાં ડૉક્ટરોની કોઈ જવાબદારી ના રહે.

આમ, ઑપરેશન પૂર્વની આ વિધિ પતાવી પેલા ભાઈને ઑપરેશન ટેબલ પર લેવામાં આવ્યા. અને રૂમ બંધ કરી ઑપરેશનની શરૂઆત કરી. બહાર બેઠેલા તેમના સૌ સગા-સંબંધીઓ, પત્ની-દીકરાઓ વગેરે ઉદાસીન બની અંતરમાં ભગવાનને પ્રાર્થના કરી રહ્યા. કારણ કે, આ જીવન-મરણનો પ્રશ્ન હતો.

પણ ઑપરેશન કરાવનાર પેલા ભાઈ નવકાર મહામંત્રના આરાધક હતા. તેમને નવકારમંત્ર ઉપર ભારે શ્રદ્ધા હતી. એટલે ઑપરેશન થિયેટરમાં દાખલ થતાંની સાથે જ તેમણે તો **'જે થવાનું હશે તે થશે.'** એમ માની નવકાર મહામંત્રનો જાપ અવિરતપણે શરૂ કરી દીધો. ઑપરેશન રૂમનાં દ્વાર બંધ થતાંની સાથે જ તેમણે બંને આંખો પણ બંધ કરી :

"अब सौंप दिया इस जीवन को भगवान तुम्हारे हाथों में"ના ભાવ સાથે નવકારમંત્રના જાપમાં ઊતરી ગયા. એવા સંકલ્પ સાથે કે ઑપરેશન પૂર્ણ થયા પછી જ આંખ ખોલવી.

અને ભારે આશ્ચર્ય થયું! ચાર કલાક સતત આ ઑપરેશન ચાલ્યું. બહાર બેઠેલા ઘરના લોકોના જીવ ઊંચા નીચા થઈ રહ્યા હતા કે શું થશે? હે **ભગવાન! અમારી રક્ષા કરજે! અમારી સાથે રહેજે!**

કેવી આ દુનિયા! જ્યાં જન્મ મરણનો સવાલ ઉપસ્થિત થાય કે તરત જ **"ભગવાન અમારી સાથે રહેજે."**ની પ્રાર્થના કરતી હોય છે. પણ...ભગવાનને આવી પ્રાર્થના કરવા કરતાં આપણે જ ભગવાનની સાથે રહીએ તો? તેમની આજ્ઞા પ્રમાણેનું જીવન ગાળીએ તો? તો આવી પ્રાર્થના જ ન કરવી પડે ને?

ખરે! અહીં તો નવકાર મહામંત્રે તેની ફરજ પૂરેપૂરી બજાવી. મોતને મળવા જઈ રહેલ આ ભાઈને રોક્યા. ઑપરેશન Success થયું, ડૉક્ટરે બહાર આવી ઘરના લોકોને 'Congratulation' આપ્યા. બધાને આનંદ આનંદ થઈ ગયો.

પણ ચમત્કાર...?

આ કોઈ ચમત્કાર નહોતો કારણ કે એનાથી ય વિશેષ ચમત્કાર તો ઑપરેશન પછી થયેલ.

આ ભાઈને હવે બાકીની ટ્રીટમેન્ટ માટે લગભગ ૮-૧૦ દિવસ સુધી હૉસ્પિટલમાં જ રાખવાના હતા. એટલે તેઓ તો બસ, નવકારના જાપના જ તેમના સમયને પૂર્ણ કરવા લાગ્યા. સારવાર ચાલતી હતી અને એક સફેદ સૂતરની માળા હાથમાં લઈ હીરાચંદભાઈની નવકારમંત્રની આરાધના પણ ચાલતી.

આનો પ્રભાવ આ મોટી હૉસ્પિટલમાં એવો પડ્યો કે રોજરોજ જેટલાં ઑપરેશન થાય તે બધાના સગા-સંબંધીઓ હિરાચંદભાઈ પાસે આવે અને તેમના માટે નવકાર ગણવાનું કહે; કે-ભાઈ! અમારે માટે પણ ભગવાનને આવી પ્રાર્થના કરશો.

'We trust in God.' ''We trust in your Navkar.'' અમને તમારા નવકારમાં શ્રદ્ધા છે. વિશ્વાસ છે. તમો ગણશો તો જરૂર અમારી વ્યક્તિ પણ આ ઑપરેશનમાંથી બચી જશે.

'ભવરૂપ આ અટવીમાંહી, માર્ગદર્શક અરિહંત; શરણું ગ્રહે જે તેહનું, ભૂલા નવ ભટકંત.'—૮૯

હીરાચંદભાઈને આવા સમયે અમેરિકન ગોરા લોકોની આવી શ્રદ્ધા જોઈને જ આશ્ચર્ય થઈ ગયું. અને તેઓ બધાંને માટે નવકાર ગણવા લાગ્યા. કોઈ પણ ભાઈ-બહેનનું ઑપરેશન શરૂ થાય અને તેના માટે આ ભાઈ તરત હાથમાં માળા લઈને નવકારમંત્ર ગણવા બેસી જ જાય.

અને આ ક્રમ તેઓ જેટલા દિવસ તે હૉસ્પિટલમાં પોતાની સારવાર માટે રહ્યા તેટલા દિવસ સુધી Regular (નિયમિત) ચાલ્યો.

ને ચમત્કાર...?

આજ થયો કે જેટલા દિવસ આ ભાઈ તે હૉસ્પિટલમાં રહ્યા, તેટલા દિવસમાં જેટલા ઑપરેશન થયાં તે બધાં ઑપરેશન Success થયા. તેમ સેંકડો દર્દીઓ આ હૉસ્પિટલમાં સારવાર લેતાં હતાં, તેમાંથી કોઈનું પણ મોત આટલા દિવસ દરમ્યાન ન થયું, જ્યાં એકાદનું તો રોજ મોત થતું જ હતું.

નવકારમંત્રનો આ કાંઈ જેવો તેવો ચમત્કાર હતો? બધા જ ડૉક્ટરો, નર્સો, કંપાઉન્ડરો, કર્મચારીઓ અને દર્દીઓને માટે એક આશ્ચર્ય બન્યું હતું.

ત્યારે નવકારમંત્ર તો એવી ઘણી મુસીબતોમાં આપણને મદદ કરે છે. આપણી પડખે રહે છે. પણ, સવાલ એ છે કે આપણે નવકારની પડખે કેટલા ઊભા રહીએ છે? તેની સાથે આપણી દોસ્તી કેવી જામી છે?

જાદુગર કે. લાલના અનુભવો

વિશ્વના શ્રેષ્ઠ જાદુગર કે. લાલ, પૂ. ગણિવર્યશ્રી કીર્તિસેન વિજયજી મ. ને ઉપાશ્રયના સ્થાનમાં વંદનાર્થે આવેલા...! બન્ને વચ્ચે એક કલાક વાર્તાલાપ થયો! જે જનતાની ધર્મશ્રદ્ધા-આત્મશ્રદ્ધા, અહિંસકવૃત્તિને વધારનાર હોવાથી અહીં ટૂંક સાર આપેલ છે!

સૌમ્યસ્વભાવી જાદુગર જમીન પર બેઠા...પૂ. ગુરુદેવશ્રીએ... 'ધર્મલાભપૂર્વક' આશીર્વાદ આપ્યા...! આ સમયે સંઘના પ્રમુખ શ્રી રમણીકલાલભાઈ વડેચા, લીઓ ક્લબના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ શાહ તેમજ અન્ય અગ્રગણ્ય મહાનુભાવો... હાજર હતા...!

પૂ. ગુરુદેશ્રીએ પૂછ્યું : 'તમારા જીવનમાં કઈ એવી સાધના... વિદ્યા...કે જાદુ...છે કે તમે જાદુ કરી લોકોનું મનોરંજન કરો છો...?

સસ્મિત કે લાલે કહ્યું : સાહેબ! આમાં કોઈ સાધના...વિદ્યા કે જાદુ નથી. માત્ર પરમાત્મા સાથે અનુસંધાન... ઉપરવાળાનો સંકેત...! ઝડપી પ્રક્રિયા...! લોકોનો ભ્રમ...અને માનસિક સંકલ્પ કામ કરે છે...!

પૂ. ગુરુદેવ : ઉપરવાળા સાથે અનુસંધાનમાં શું કરો છો...? કે, લાલ : **'પ્રથમ ભાવપૂર્ણ હૃદયે ત્રણ નમસ્કાર મહામંત્ર ગણું છું.' તેમજ મારા સ્ટાફના પ્રત્યેક માણસો પોતપોતાના ઈષ્ટદેવનું સ્મરણ કરે છે...! ધૂપ દીપ કર્યા પછી જ અમારો શો શરૂ થાય છે...!**

બચપણમાં ૧૧ વરસનો હતો ત્યારથી જ મને 'નવકારમંત્ર' ઉપર શ્રદ્ધા, પ્રેમ, વિશ્વાસ છે. એટલે કોઈ પણ ક્રિયા, પ્રક્રિયા ઈષ્ટદેવના સ્મરણપૂર્વક જ કરું છું. જેથી અંદરથી સંકેતો મળ્યા જ કરે છે...!

ઘણાં ઘણાં મરણાંત કષ્ટમાં પણ મને નવકારના સ્મરણપૂર્વક સંકેતો મળ્યા જ કરે છે અને નિર્વિઘ્ન કાર્ય પાર પડે છે.

'નવકાર મંત્રના જાપનો, દીપક બાળે જેહ; પાપ અંધાર દૂરે કરી, પૂર્ણ પ્રકાશે તેહ.'—૯૦

મોરારજીનાં ધર્મપત્ની શ્રીમતી લક્ષ્મીબેને કહ્યું કે શું કહો છો? આજે રાતે સપનામાં મેં કરમશી મામાને ગિરિરાજ ઉપર આદેશ્વરદાદાની પૂજા કરતાં જોયા.

આ કુદરતી સંકેતોથી અમારા પરિવારની શ્રદ્ધા વધી. એ માર્ગ જ જીવનમાં અપનાવવા જેવો છે એમ લાગ્યા કરે છે!

નવકારમંત્રના પ્રભાવે સહુને મૃત્યુ સમયે આવી મંગલમય સમાધિ પ્રાપ્ત થાઓ એ જ પ્રાર્થના.

મહામંત્રનો મહિમા

પ્રો. કે. ડી. પરમાર
શ્રાવક પોળ, દેરાસર શેરી,
મુ. પો. જંબુસર, જિ. ભરૂચ. પીન : ૩૯૨ ૧૫૯

સંવત ૨૦૩૫ અને ૧૯૮૦ ભાદરવા સુદ ચૌદશ, અનંત ચૌદશના સુરતથી જંબૂસર એક પ્રોફેસર મિત્ર સાથે પાછા ફરતા હતા. રેલવે ગાડીમાં બેસીને સુરતથી ભરૂચ આવવાની ભાવના હતી. ત્યાં સ્ટેશન માર્ગે જતાં, ટ્રાફિક જામ થઈ જતાં, એક એસ.ટી. બસ ઊભી રહી. તેમાં બેસી જવાની તક મળી. સૌથી પાછળ બેઠા. બેઠા પછી ઊભા થયા. સહુથી આગળ ડ્રાઈવરની પાછળના ભાગ પર ખાલી જગા હોવાના કારણ ત્યાં જઈને અમો બંને બેઠા. કાંઈ ચેન પડે નહિ.

નવકાર મનમાં રમતો હતો. ત્યાં અંદરથી અવાજ આવ્યો. "ઉતરી જા, પાછળ જે બસ આવે છે, તેમાં બેસી જા." મન માન્યું નહિ. ફરીથી પાછો અવાજ આવ્યો, "પાછળના ભાગમાં જતો રહે." ચાલતી બસે સાથેના ભાઈને ઊભા કરી પાછા બસની પાછલી સીટ ઉપર જઈને બેઠા. બસની અંદરના પ્રવાસીઓને આશ્ચર્ય થયું. બસ હાઈવે પર પૂરજોશમાં જવા લાગી.

અંદરથી તો એક અવાજ વારંવાર આવતો હતો. ''ઉતરી જા, પાછળ આવતી બસમાં બેસી જા.'' પરંતુ બનનાર વસ્તુ બને છે. તેને કોણ મિથ્યા કરી શક્યું છે? સમયનું ભાન ન રહ્યું. નવકારનું સ્મરણ હૈયે હતું. હાઈ-વે પર ગાડીઓની આવ-જા વધી. અમારી બસ આગળ નીકળી ગઈ. પાછળ આવતી બસ, પાછળ પડી ગઈ.

ત્યાં એકાએક આભ ફાટે, વીજ તૂટે તેવો ભયંકર કડાકા જેવો અવાજ કાનના પડદાને ચીરી ગયો. જોયું તો ઉછળીને હું બસના તળિયા પર પડ્યો હતો. બસમાં કારમું આક્રંદ-ભૂમરાણ સંભળાતાં હતાં. બસનો સળિયો છાતીના ભાગમાં વાગવાથી, ઢીંચણ પર અથડાવાથી હૃદય તથા સાથળના ભાગને ખૂબ જ ઈજા પહોંચી હતી. શ્વાસ અદ્ધર થઈ ગયા હતા. પ્રાણ આંખમાં ડોકાઈ રહ્યો હતો. અસહ્ય વેદના વચ્ચે ચેતન ચમકતું હતું.

એસ.ટી. બસ અને સામેથી આવતી ટ્રક, ટકરાતાં જીવલેણ અકસ્માત સજાર્યો હતો. રસ્તા પર રક્ત વહી રહ્યું હતું. કાચના કણ માર્ગ પર પથરાઈ પડ્યા હતા. ટ્રક બસના તૂટેલા ભાગો ઉછળીને વેરણ છેરણ પડ્યા હતા. આવતો જતો વાહન વ્યવહાર થંભી ગયો હતો. બેભાન બનેલા, તથા ઈજા પામેલાઓનું રુદન વાતાવરણને હચમચાવી મૂકતું હતું.

મારી સાથેના પ્રોફેસર મિત્રને ઈજા પહોંચી હતી પણ કોણ જાણે કેમ એ બચી ગયા. મને બસમાંથી ઉતારી જમીન પર સૂવાડ્યો. અને છાતી

'પાંચે પદને ભાવથી, કરે વંદના જેહ; અપૂર્ણપણું તેનું ટળે, પૂર્ણ પદ પામે તેહ.'—૯૩

પર હાથ ફેરવતાં કહેવા લાગ્યા, 'તમને કંઈ થવાનું નથી. ઠાકોરજીનું સ્મરણ કરો. ભગવાન સારૂં કરશે. મટી જશે. સ્મરણ કરો.

વેદના એટલી બધી તીવ્ર હતી કે હમણાં પ્રાણ ખંખેરું ઊડી જશે. એમ લાગતું હતું. મેં તેમને કહ્યું, 'આ શરીર પડી જાય તો એને ઘર ભેગું કરજો.'

ભાઈએ હિંમત આપી 'તમને મટી જશે. ચિંતા ન કરો. ચિંતા ન કરો. પ્રભુનું સ્મરણ કરો.'

વાતાવરણમાં વેદનાની ચીસો સંભળાતી હતી. ચારેકોર ગમગીની પ્રસરી રહી હતી. વિષાદનાં વાદળ ઘેરાતાં હતાં. ન સહાય, ન વેઠાય, ન ઉઠાય, ન બેસાય, ન સૂઈ રહેવાય, ન કહેવાય તેવી કારમી વેદના શરીર પર પોતાનું સામ્રાજ્ય જમાવીને બેઠી હતી. **મોત સામે દેખાતું હતું પણ નવકારનું સ્મરણ એને પડકારતું. 'કાંઈ જ થવાનું નથી.'** ગભરાવાની જરૂર નથી. અંદરથી કોઈ આશ્વાસન આપતું હતું. તે સમયે એકાએક એક કાર ત્યાંથી પસાર થતી હતી. એ બનેલો આ બનાવ જોવા, જ્યાં હું પડ્યો હતો, ત્યાં આવીને ઊભી રહી. સાથેના મિત્રે બધી વાત કરી. અને મને તેમની કારમાં બેસાડીને પાસેની કોઈ હૉસ્પિટલમાં લઈ જવા વિનંતી કરી. તેમણે વિનંતી સ્વીકારી. કારમાં ત્રણ ભાઈઓ હતા. સુરતથી ઝઘડિયા જાત્રા કરવા જતા હતા. તેમણે મને ખૂબ પ્રોત્સાહન આપ્યું. માર્ગ કાપતાં, નવકાર, શાંતિ, બૃહત શાંતિ સંભળાવી. પરમ ઉપકારી પરમ પૂજ્ય ગુરુદેવનું સ્મરણ થયું. હૃદયથી તેમનાં દર્શન કર્યાં. ન બોલાય તેવી હાલતમાં પણ નવકારમંત્ર બોલવા માંડ્યો. વેદના વિસારે પડી. દુઃખ દૂર થયું. ત્યાં અંકલેશ્વર આવ્યું. દવાખાના નજીક છોડી, કાર ઝઘડિયાના રસ્તે દોડી ગઈ.

અંકલેશ્વરના ડૉક્ટરે ખૂબ જ હિંમત આપી. યોગ્ય દવા કરી. શરીર પર મૂઢ માર પડેલો. કેટલાક ભાગમાં કારની ચોટ લાગેલી. દેવગુરુ-કૃપાએ સાથેના ભાઈ અંકલેશ્વરથી રાતે ભરૂચ લઈ આવ્યા. અને મોડી રાતે ભરૂચથી જંબૂસર આવ્યા. ઘેર મૂકી ગયા.

કુટુંબમાં કોઈને પણ આ વાતનો અણસાર ન આવે તેમ રહેવા પ્રયત્ન કર્યો, જાણે કંઈ જ ન બન્યું હોય તેમ સૂઈ રહેવા મથ્યો, પણ દુઃખ જાગતું હતું. શરીર ચાડી ખાતું હતું. માંડ સવાર પડી. જંબૂસરના ડૉક્ટરની સારવાર લીધી.

આ સમાચાર મુંબઈ મળતાં, પરમ સ્નેહી, સેવાભાવી, સાધર્મિક પ્રેમી ઉપકારી શેઠશ્રી ખીમજીભાઈ (બાબુભાઈ) છેડા (કાંડાગરાવાળા) જંબૂસર દોડી આવ્યા. મુંબઈ આવવા જણાવ્યું. થોડા દિવસો બાદ મુંબઈ ગયા અને ખીમજીભાઈની કાળજીભરી માવજત નીચે, બૉમ્બે હૉસ્પિટલના ડૉક્ટરોની પ્રેમભરી સારવાર મળી, દવા મળી, નવું જીવન મળ્યું.

આવો છે આ મંત્રાધિરાજ નમસ્કાર મહામંત્રનો પ્રભાવ! અદ્‌ભુત અને અનુપમ! તેની અચિંત્ય શક્તિ સક્રિય બનીને, બધું બનવા પાછળ, આ જીવનું રક્ષણ કરતી હતી.

મહાન પુણ્યોદયે મળેલા આ મહામંત્રને હૈયામાં વણી લઈ, આપણે મળેલું માનવજીવન સફળ કરવું જોઈએ. પ્રત્યેક શ્વાસે સંભારવો જોઈએ. આ મંત્રનો મહિમા અપરંપાર છે.

પરદેશમાં રહેતા એક ભાઈને હૃદય રોગનો હુમલો થયો. તેથી ઇંગ્લૅન્ડની એક હૉસ્પિટલમાં તેમને દાખલ કર્યા. ઑપરેશન-થિયેટરમાં તેમને લઈ જવામાં આવ્યા. હૃદય બંધ પડી ગયું હતું.

ડૉક્ટરે તપાસ કરી, જણાવ્યું, ''He is dead.'' (તેઓ મૃત્યુ પામ્યા છે.) તેમના શરીર પર કપડું ઢાંકી દીધું. સગાંઓને જાણ કરી. અને તે શરીરને સોંપવા માટે તૈયારી થઈ રહી. સ્ટ્રેચર પર દેહને મૂકીને ઑપરેશન થિયેટર બહાર લાવ્યા. **ત્યાં ઢાંકેલા કપડામાંથી અવાજ આવ્યો, "નમો અરિહંતાણં!"** ડૉક્ટર તથા સગાં-સંબંધીઓને ભારે આશ્ચર્ય થયું. કપડું દૂર કર્યું. પેલા ભાઈએ આંખ ખોલી. બધાને જોતાં બોલી ઊઠ્યા, ''નમો અરિહંતાણં.'' બેઠા થઈ સહુને જણાવ્યું. ''આટલા સમય સુધી હું પૂજ્ય ગુરુ મહારાજ પાસે

'અકથનીય મહિમા કહ્યો, નવકારમંત્રનો ભાઈ; વાણી વર્ણવી નવ શકે, અનુભવથી સમજાઈ.'—૯૪

હતો. તેમણે મને નવકાર ગણવા કહ્યું. હું નવકાર ગણતો હતો. મેં કહ્યું, મને જવા દો, મોડું થયું છે, બધા મારી રાહ જોતા હશે.' પણ ગુરુ મહારાજે મને રાખેલો. છતાં રજા લઈને હું પાછો આવી ગયો છું.''

આ સાંભળતાં જ સહુ નમી પડ્યા. આજે પણ એ ભાઈ સાજાસમા છે. મળે ત્યારે કહે છે કે ''હવે હું બે બાબતમાં ખૂબ જ મક્કમ થઈ ગયો છું. મોત ગમે ત્યારે આવે, મરવાનો ભય નથી. અને પૂજ્ય ગુરુદેવની કૃપાથી નવકાર મારો પ્રાણ બની ગયો છે. શ્વાસે શ્વાસે તેનું સ્મરણ કર્યા કરું છું.''

આવા તો કેટકેટલા દાખલા જગતમાં જોવા જાણવા મળશે. શાસ્ત્ર લખે છે કે...

''જેના હૈયે શ્રી નવકાર, તેને કરશે શું સંસાર?''

આ સંસારમાં કષાયરૂપી તાપથી પીડાતા, કર્મરૂપી મેલથી ખરડાયેલા, તૃષ્ણારૂપી તૃષાથી તૃષાતુર બનેલા જીવને સાચો વિસામો આપનાર નમસ્કાર મહામંત્ર જ છે. જ્ઞાની ભગવંતો કહે છે કે, **આ અસાર સંસારમાં જો કોઈ સારભૂત વસ્તુ હોય તો તે એક જ નવકારમંત્ર છે.**

શ્રી નવકાર એ જૈન શાસનનો સાર છે. ચૌદ પૂર્વનો સમ્યગ્ ઉદ્ધાર છે. સર્વ શ્રેયોમાં પ્રથમ શ્રેય છે. સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે.

ઘોર ઉપસર્ગોનો પણ તે નાશ કરે છે. દુઃખને હરે છે. મનોવાંછિત પૂરે છે ભવ સમુદ્રને શોષવે છે. આ લોક અને પરલોકનાં સુખનું તે મૂળ છે.

સર્વ પાપોનો નાશ કરનાર, સંસારનો વિલય કરનાર, કર્મને નિર્મૂળ કરનાર, કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરાવનાર, સકલ સંઘને સુખ દેનાર, કલ્યાણની પરંપરાને પમાડનાર, અનંત સંપદાને અપાવનાર જન્મ મરણની જંજાળમાંથી જીવોને છોડાવનાર **આ મહામંત્રનો મહિમા વાણીમાં મૂકી શકાય તેમ નથી. શબ્દો પણ તેને સમજાવવા માટે ઓછા પડે તેમ છે.**

એવો તરણ તારણહાર, પરમપદ પ્રાપ્ત કરાવનાર, શિવસુખ દેનાર, સિદ્ધપદ પર સ્થાપનાર અચિંત્ય સામર્થ્યયુક્ત નવકારને આ હૃદયના અનંત અનંત નમસ્કાર...!

ઉપરોક્ત ઘટનાના આલેખક પ્રો. કે. ડી. પરમારે જન્મથી અજૈન હોવા છતાં નવકાર મહામંત્રના અજોડ આરાધક સ્વ. પૂ.પં. શ્રી ભદ્રંકરવિજયજી મ. સા. ના સત્સંગથી જૈન ધર્મ પામી સાધના દ્વારા અત્યંત અનુમોદનીય આત્મવિકાસ સાધ્યો છે. વડાલા નાલાસોપારા તથા ડોંબીવલીમાં અમારી નિશ્રામાં તેમણે સભા સમક્ષ નવકાર મહામંત્ર તથા જિનભક્તિ વિષે ખૂબ જ મનનીય વક્તવ્ય રજૂ કર્યું હતું.

—સંપાદક



ભૂતનો ભય ભાગી ગયો!

પં. શ્રી વારિષેણવિજયજી મ. સા. (હાલ આચાર્ય)

અમદાવાદમાં મૂળ ઈડરના વતની એવા શ્રી **શશીકાન્તભાઈ** રૂમ ભાડે લેવા માટે ફરતા હતા. ઘણી તપાસ કરતાં રૂમ તો મળી. પણ રૂમના માલિક માજીએ કહ્યું કે, ત્રણ માળ તો અપાય તેમ નથી. પણ ચોથા માળે એક રૂમ ખાલી છે. પણ એ રૂમમાં કોઈ ભાડૂત સાત દિવસથી વધુ રહી શકતું નથી. તો તમે વિચાર કરીને પછી આવજો. શશીકાન્તભાઈએ તે રૂમ રાખી લીધી ને રોજ નવકારમંત્રનો જાપ પૂર્ણ શ્રદ્ધાથી કરવા લાગ્યા. બાર વર્ષ ત્યાં રહ્યા પણ એમને કોઈ જ ઉપદ્રવનો અનુભવ ન થયો. તેમજ ધર્મને નવકારની શ્રદ્ધા વધુ દૃઢીભૂત થઈ છે. આજે તે ભાઈ ઈડરમાં ખૂબ જ સુંદર આરાધના કરી રહ્યા છે.

"વરસાદનું વિઘ્ન ટળ્યું"

અહમદનગર(મહારાષ્ટ્ર)માં ક્રોડ નવકારમંત્રના આરાધક પૂ. આ. દેવ શ્રી યશોદેવસૂરિજી મ.નું ચાતુર્માસ હતું. ત્યારે એક શાસનપ્રભાવક ભવ્ય વરઘોડો નીકળવાનો હતો. પણ તે જ દિવસે ઘણો વરસાદ પડ્યો. બધી તૈયારી હોવાથી વરઘોડો બંધ ન રહેવો જોઈએ એમ વિચારી આચાર્યશ્રીએ ફક્ત પોતાનો હાથ ઊંચો કરીને કહ્યું : 'વરસાદ! બંધ થઈ જા.' તુરત વરસાદ બંધ થઈ ગયો! અને વરઘોડો સારી રીતે પૂર્ણ થયા પછી પાછો વરસાદ ચાલુ થયો.

"મુસલમાન નવકાર ગણે છે"

શંખેશ્વર પાસે કુવદર નામે નાનું ગામ છે. ત્યાં એક મુસલમાન ડોસો રહે છે. ગામમાં શિખરબદ્ધ જિનાલય છે. આ ડોસો રોજ દર્શન કરવા આવે છે. અને લગભગ આખો દિવસ 'ચત્તારિમંગલ' આદિ ૪ શરણં અને નવકારમંત્રનો જાપ કર્યા કરે છે. તે કહે છે કે કોઈ પણ કામ અટકતું હોય તો હું પૂર્ણ કરાવી શકું છું. ઘણા સાધુ-સાધ્વીજીના પરિચયમાં આવે છે. તેના જાત ભાઈઓએ તેને ઘણું સમજાવ્યું કે તું જૈન મંદિરમાં કેમ જાય છે? પણ તે કહે છે તે જ સાચું છે. માટે હું તો ત્યાં જઈશ. તેણે માંસાહાર આદિનો ત્યાગ કર્યો છે. ભવિષ્યની કોઈ કોઈ વાતો પણ અગાઉથી કહે છે.

'અકસ્માતમાંથી ઊગરી ગયા'

બારામતી (મહારાષ્ટ્ર) નજીક સેટફળ નામનું નાનકડું ગામ છે. તેમાં જૈનોનાં બે ઘર છે. એક દિવસ એક ભાઈને ત્યાંથી સોલાપુર વેપાર માટે જવાનું થયું. પાછા આવતાં ટ્રકમાં બેઠાબેઠા તે ભાઈ નવકાર ગણવા લાગ્યા. ટ્રકમાં આઠ ભાઈઓ હતા. ટ્રક બેએક કિલોમીટર ગઈને એક ઝાડ સાથે અથડાઈ. બધાને ઈજા થઈ. કેટલાકને હૉસ્પિટલમાં લઈ જવા પડ્યા. પણ આ ભાઈ નવકારમંત્ર ગણતા રોડ ઉપર આરામથી ઊભા હતા. કાંઈ જ ઈજા નહોતી થઈ.

ભૂતનો ભય દૂર થયો

થોડાં વર્ષો પૂર્વે **પૂ. આ. શ્રી ધર્મસૂરિજી મ. સા. (કાશીવાળા)**ની ઈચ્છા કે, કાશી(બનારસ)માં જૈનતત્ત્વનાં અભ્યાસ માટે એક સ્કૂલ બોર્ડિંગ ખૂલે. નાની જગ્યામાં સ્કૂલ શરૂ કરી. વિદ્યાર્થીઓ વધતાં મોટી જગ્યાની જરૂર પડી. અંગ્રેજોની ખાલી કોઠી મળી ગઈ. પણ લોકોએ કહ્યું. એ મકાનમાં ભૂતનો વાસ છે. કોઈને રહેવા નથી દેતું. બાળકો પણ ગભરાયા. પણ આચાર્ય મ. સા. કહેતા. તમે આરામથી રહેજો. હું ચોવીસે કલાક જાગતો રહીશ. પણ દરેક છોકરાએ ૧૦૮ નવકારમંત્રનો જાપ અને રોજ એક આયંબિલ

ઉચ્ચારણ નવકારનું જો અંતરથી હોય; ભવચક્ર તેનું ટળે, જન્મ-મરણ નહીં જોય.'—૯૬

કરવાનું. પ્રવેશનાં દિવસથી શરૂઆત થઈ. મહિનો થઈ ગયો પણ કોઈને કંઈ જ તકલીફ ન નડી. અંગ્રેજો ભાડું લેવા આવ્યા. તો આચાર્યશ્રી કહે, 'અમે ભાડું નહિ આપીએ. જોઈએ તો મકાન ખાલી કરી આપીએ.' અંગ્રેજો કહે, 'શું ભૂત જતું રહ્યું?' **આચાર્યશ્રી કહે, 'ભૂત તો મને રોજ દેખાય છે. પણ અમારા દરેકના નવકારમંત્રના જાપ અને આયંબિલના તપથી કોઈને કંઈ કરી શકતું નથી!'** અંગ્રેજો ચૂપ થઈ ગયા. વિદ્યાલય ખાલી કરાવવાની વાત ન કરી.

"આગ ઠરી ગઈ"

૨૦૧૯માં કલકત્તામાં હુલ્લડમાં જૈનોનો ડેલો સળગાવવા હુલ્લડખોરો આવ્યા. બધા જૈનો જાનનાં જોખમે નવકારના ધ્યાનમાં બેસી ગયા. પેલા લોકો પેટ્રોલ નાંખે છતાં સળગે જ નહિ. બે કલાક મહેનત કરી છતાં સળગ્યું નહિ ને ત્યાં સુધીમાં પોલીસ આવી ને બધા હુલ્લડખોરોને પકડી ગઈ. જૈનો બચી ગયા.

"કૅન્સર કૅન્સલ થયું"

અમે ઈડર(ગુજરાત)માં ૧૯૮૫નાં ચાર્તુમાસમાં સાંભળેલો કિસ્સો છે. **વડાલીનાં નિવાસી પોપટલાલ કાલીદાસ** છે. જેમને ચાર વર્ષ પૂર્વે કૅન્સરનો રોગ થયો હતો. ટાટા હૉસ્પિટલમાં બતાવતાં જાણવા મળ્યું કે તેઓ હવે વધુ જીવી નહિ શકે. ત્યાં તેમની પત્નીએ સૂચવ્યું કે, હવે જવાનું જ છે.. ખવાતું નથી. તો સિદ્ધચક્ર અને નવકારમંત્રનાં ધ્યાનમાં બેસો અને આજથી જ નક્કી કરીએ કે સારું થઈ જાય તો દર સાલ આસો ચૈત્ર માસની આયંબિલ ઓળી ઈડરમાં પારણા સાથે કરાવવાની અને એક પૂજન ભણાવવાનું. ૧ મહિનામાં સારું થઈ ગયું. ડૉક્ટરને બતાવ્યું. ડૉ. પણ આશ્ચર્યમાં પડી ગયા. આજે પણ તેઓ આયંબિલ નથી કરી શકતા પણ ઉપરની આરાધનાઓ ચાલુ જ છે.

'સવા લાખ નવકારથી સારું થયું'

વડોદરામાં હીરાલાલભાઈનો છોકરો, જેની ઉંમર બે વર્ષની જ છે, કોઈ બીમારીને કારણે તેની ગંભીર પરિસ્થિતિ થઈ ગઈ હતી. ડૉક્ટરોએ હાથ ખંખેરી દીધા. એટલે તે ભાઈ તે બાળકને લઈ ગાયત્રીમંત્રવાળા પાસે લઈ ગયા. તે સાધકની શક્તિથી ઘણાની બીમારી મટી જતી. પેલાએ બાળકને સામે બેસાડી પ્રયોગ ચાલુ કર્યો. પણ બાળકના અંગમાં કોઈ શક્તિ આવતી જ નહોતી. સાધકના કાનમાં અવાજ આવ્યો. બાળક જૈન છે. તેને ૧ લાખ નવકારમંત્ર અને પાલિતાણાની જાત્રા કરાવો. એક મહિનામાં સારું થઈ જશે. બાળક ખરેખર સારો થઈ ગયો. અને આજે પણ હયાત છે.

'ડાકુ ડરી ગયા!'

બૅંગ્લોર (કર્ણાટક) થી એક ભાઈ સોનાનાં બિસ્કિટના વેપાર માટે બિસ્કિટ લઈ મુંબઈ આવતા હતા. બેગ ઉપર શંકા પડવાથી બે ગુંડા પાછળ પડ્યા. તે ભાઈએ જે ટિકિટ લીધી તેની બાજુની સીટ ઉપર જ ગુંડાઓએ અડ્ડો જમાવ્યો. ઘણા દાવ ખેલવા લાગ્યા. બેગવાળા ભાઈ વધુ ગભરાયા અને મનમાં નવકારમંત્ર ગણવા લાગ્યા. પેલા લોકો કંઈ ફાવ્યા નહિ. મુંબઈ દાદર ઉતર્યા. ત્યાંથી ઝવેરી બજારમાં જવા માટે ટૅક્સી કરી. પેલા ગુંડાઓ પણ તે જ ટૅક્સીવાળાને વધુ પૈસાની લાલચ આપી તે જ ટૅક્સીમાં બેઠા. ટૅક્સી પૂર જોશમાં જવા લાગી. પેલા ભાઈ, માલ તો જશે પણ જાન પણ જશે, એમ વિચારી **બીજું બધું ભૂલી ભાવ ને શ્રદ્ધાપૂર્વક નવકાર ગણવા લાગ્યા.** આખરે ટૅક્સી પૂર જોશમાં રીવર્સ લેતી સીધી ઝવેરી બજારમાં જે દુકાને તે ભાઈને જવાનું હતું ત્યાં નજીક આવી અને ડ્રાઈવર બોલ્યો પેટ્રોલ ખલાસ! પેલા ભાઈ તો બેગ લઈ ઉતરીને સીધા દુકાનમાં પહોંચી ગયા. ડ્રાઈવર ગુંડાઓ પાસે પૈસા માગતો હતો. પણ ગુંડાઓએ પેલા ભાઈને દુકાનમાંથી બોલાવી માફી માંગી અને ટૅક્સીનું ભાડું માગ્યું ભાઈ સમજ્યા, આપણે બચ્યા એ જ ઘણું છે. સમજી ગુંડાઓને ફરી આવું ન કરવાની પ્રતિજ્ઞા સાથે ભાડું આપી રવાના કર્યા.

'રસનાએ રસથી જપો, મહામંત્ર નવકાર; સેતુ છે ભવસાગરે, મહામંત્ર નવકાર.'—૯૭

'કાર કમાલ બચી'

બૅંગ્લોરથી સાઉથ ઑફ ઇન્ડિયા ફ્લોરમીલવાળા પૂ.આ. શ્રી ભદ્રંકરસૂરિજી મ. સા.ને વંદન માટે મૈસુર જતા હતા. રસ્તામાં ગાડીમાં બેઠા બેઠા નવકારમંત્ર ગણતા હતા. અચાનક કર્મ સંયોગે ગાડી ઉલ્ટી થઈ ગઈ. છતાં પણ તેમાંથી કોઈને કંઈ પણ ઈજા થઈ નહિ!

જુલમખોરો ઝૂકી ગયા

શ્રી હસમુખભાઈ કપાસી : સાયન–મુંબઈ

પ. પૂ. બંધુત્રિપુટીના ઉપદેશથી સાયન સંઘના ઉપક્રમે જૂનાગઢ પોરબંદરમાં અતિવૃષ્ટિના કારણે નિરાધાર બનેલા ગામડાઓનાં લોકોને સહાય આપવા જવાનું નક્કી કર્યું. સાયન-માટુંગાના દસ ભાઈઓ પૂ. વજુકાકાની આગેવાની નીચે તા. ૩-૭-૮૩નાં રાજકોટ તરફ ગયા. જરૂરી વસ્તુઓની યાદી તૈયાર કરી. સ્થાનિક તથા સેવાભાવી સંસ્થાઓનાં આગેવાનોની મદદથી દરેક કુટુંબને આ સામાન પહોંચાડ્યો. જૂનાગઢમાં ત્રણ દિવસ વિતરણ કરી ચોથે દિવસે પોરબંદર પહોંચ્યા. પોરબંદર માટે સાંભળ્યું હતું કે ત્યાં ગુંડાગીરીનું પ્રમાણ ઘણું જ છે. એટલે થોડી સાવધાની જરૂરી હતી. પોરબંદર સાંજે ચાર વાગે હોટલમાં પહોંચ્યા. હોટલનો માલિક જૈન હોવાથી તેણે ચોવિહાર માટેની વ્યવસ્થા કરી. ત્યાં અમારે જાણીતા સેવાભાવી શ્રી કુમારપાળ વી. શાહને મળવાનું હતું. પરંતુ તેઓ ૩ દિવસ માટે આજુબાજુનાં ગામડાઓમાં ગયા હતા. તેથી અમે સ્થાનિક આગેવાનોને મળી નુકસાન વગેરેનો ચિતાવર મેળવતા હતા. સાથે સત્સંગ પણ ચાલુ હતો.

લગભગ રાત્રે ૯ વાગે અમે રૂમમાં બેઠા હતા. ત્યાં બહાર કોલાહલ થતો હોય એમ લાગ્યું. તેથી અમે રૂમનું બારણું બંધ કર્યું. ત્યાં બે યુવાનો બંદૂક-તલવાર સાથે રૂમ પાસેથી બૂમાબૂમ કરતા પસાર થયા. અમારી પાસે રાહત માટેનો સામાન તથા રૂ. ૩૫ હજાર રોકડા હતા. તેથી થોડો ગભરાટ થયો. પણ અમારી સાથેના **ભાઈ શ્રી દેવરાજ ગાલા અને શ્રી રમેશ ગાલાએ એક ચિત્ત થઈ નવકારમંત્રની ધૂન ચાલુ કરી,** થોડી વારે તે યુવાનો દરવાજા પાસે આવ્યા ને દરવાજાને ધક્કો માર્યો. અંદરથી કડી તૂટી ગઈ પણ બારણું ખુલ્યું નહિ. બાકી રહેલાં બધાં જ ભાઈઓ ધૂનમાં જોડાઈ ગયા.

બાજુની રૂમમાં ધક્કો મારતાં બારણું ખુલી ગયું. ત્યાંથી જે મળ્યું તે લઈ ટોળી હોટલમાં જ એક ખૂણે બેસી ગઈ. **નવકારમંત્રની ધૂન અવિરતપણે અપૂર્વ શ્રદ્ધા સાથે ચાલુ હતા. અગિયારેક વાગે તપાસ કરતાં તેઓ હજી હોટલમાં જ છે, એવા સમાચાર મળ્યા. આખરે ૧૨-૩૦/૧-૦૦ વાગે તેમને નવકાર પાસે ઝૂકવું પડ્યું. તેઓ હોટલ છોડી ચાલ્યા ગયા...!**

લગભગ ત્રણેક વાગે ધૂન પૂરી કરી ત્યારે શ્રી દેવરાજ ગાલાએ કહ્યું કે આ ટોળી તો આપણા માટે ઘણી ઉપકારી હતી કે જેના કારણે આપણે જાગૃતિ ને શ્રદ્ધાપૂર્વક નવકારને સ્મર્યો. પછી સવાર સુધી ધાર્મિક ચર્ચાઓ સાથે ઘણો જ ઉપયોગી સત્સંગ થયો, જે અમારા જેવા માટે જીવનનું 'ટર્નિંગ પોઇન્ટ' સાબિત થયો.

નવકાર મહામંત્રના અચિંત્ય પ્રભાવનો આ અમારો પ્રત્યક્ષ અનુભવ અનેક આત્માઓને માટે ધર્મશ્રદ્ધા વર્ધક બની રહો એ જ પરમ કૃપાળુ પરમાત્માને અંતરની પ્રાર્થના છે.

'સદા સ્મરે નવકારને, આણી મન ઉલ્લાસ; વિમલ સરવર સમાન છે, મહામંત્ર નવકાર.'–૯૮

ગેબી માર ગાયબ થઈ ગયો!'

પૂ. આ. શ્રી ઈન્દ્રદિન્નસૂરિજી મ. સા.

વડોદરા જિલ્લામાં બોડેલી તીર્થ આજુબાજુ ૫૦૦ ગામોમાં અહિંસાનો પ્રચાર થયો છે. એમાં વડોદરા તથા પંચમહાલ, આ બંને જિલ્લાઓમાં ૫૦ માઈલના એરિયામાં પરમાર-ક્ષત્રિયો જૈન ધર્મનું પાલન કરતા થયા છે. નવકાર મહામંત્રનું સ્મરણ કરતા થયા છે. આ ક્ષેત્રમાં અમે ૧૨ વર્ષ વિચર્યા. પરિણામે અનેક લોકોએ વ્યસન ત્યાગ કર્યા છે.

આમાં એક ગામ ડુમા(પંચમહાલ)માં હજાર ઘરની વસ્તી છે. જેમાં દામાભાઈ ભાલસીંગ કરીને એક પરિવાર વસે છે. તેમના સાત છોકરા છે. અને ઘરમાં સાત ઓરડા છે. તેમાં એક ભાઈના ઓરડામાં ભાઈને ગેબી માર પડે પણ કોણ મારે છે તે દેખાય નહિ. ઘણા વખત સુધી આ બનાવ ચાલુ રહ્યો. શાંતિ માટે ભૂવાઓ પાસે દોરા, ધાગા.' કામણ, ટુમણ, બધું કરાવી ચૂક્યા હતા પરંતુ કોઈ પણ રીતે શાંતિ થઈ નહીં. આ અરસામાં અમે એમના ગામમાં ગયા. તે વખતે હું મુનિ અવસ્થામાં જ હતો. આચાર્ય પદવી થઈ ન હતી. ઘરમાં શાંતિ થાય તે માટે અમારી નિશ્રામાં પંચકલ્યાણક પાર્શ્વનાથ ભગવાનની પૂજા રાખવામાં આવી. પોતાનાં સગાંવહાલાંઓને આજુબાજુના ગામોમાંથી આમંત્રણ આપીને બોલાવ્યા. ભજનમંડળીઓ બોલાવી. પંડિત બેચરભાઈને બોલાવ્યા...ઠાઠથી પૂજા ભણાવવામાં આવી. આવેલા મહેમાનો તથા ગામના લોકોને જમાડ્યા. પછી બધા વિદાય થયા. અમે હજુ વિહાર કર્યો ન હતો એટલે દામાભાઈનો પરિવાર ભેગો થઈ અમારી પાસે આવ્યો. દામાભાઈ, ગણપતભાઈ, મોહનભાઈ આદિએ જે ઓરડામાં ગેબી માર પડતો અને તે પણ એક જ ભાઈને વગેરે વિગત મારી આગળ રજૂ કરી. મેં તેમને નવકાર મહામંત્રનો પ્રભાવ બતાવતાં કહ્યું, 'શુદ્ધ નવકાર આવડતો હોય તો મારી આગળ બોલી જાઓ.' ગણપતભાઈ બોલી ગયા. તેમને ઉદ્દેશીને મેં કહ્યું; **'તમે સ્નાન કરીને શુદ્ધ થઈને શુદ્ધ કપડાં પહેરીને જે ઓરડામાં ગેબી માર પડે છે, તેમાં ધૂપ, દીપ સાથે નવકાર મંત્રનો જાપ કરો. શાંતિ થઈ જશે' આ પ્રમાણે કરવાથી એક જ મહિનામાં શાંતિ થઈ ગઈ!** ઘરનાં બધાં સભ્યો આવીને મને મળ્યા અને વાત કરી કે આપનો મોટો ઉપકાર થયો. ઘરમાં શાંતિ થઈ!'

અત્યારે આ પરિવારના બધા જ પરમાર ક્ષત્રિયો જૈન ધર્મનું શુદ્ધ પાલન કરી રહ્યા છે. ખેતીવાડી બાગબગીચા કરીને સુખી જીવન જીવી રહ્યા છે. એમના પરિવારમાંથી એકે આચાર્ય શ્રી ચંદ્રોદયસૂરીશ્વરજી પાસેથી દીક્ષા લીધી છે. અને તે શિષ્ય આચાર્ય મહારાજ પાસે રહીને **અનંતચંદ્રવિજય મહારાજ** નામ ધારણ કરી ખૂબ જ સારો અભ્યાસ તથા મુનિજીવન પાળીને સંયમની સાધના પણ સારી કરી રહ્યા છે.

'પિયુ પિયુ કરી ચાતક જપે, મહા મેઘને જેમ; તેમ જપતાં નવકારને, પામો કુશળ ક્ષેમ.'—૯૯

'નવકાર અને હું!'

સા. શ્રી પદ્મયશાશ્રીજી

સૌરાષ્ટ્રમાં શ્રી પાદલિપ્તપુર—પાલીતાણા... બીજી બાજુ ગરવો ગઢ ગિરનાર. એ ગિરનારની ગોદમાં અમારું કાઠીનું ગામ જેતપુર. બાલ્યકાળમાં માવડીની અંગુલી પકડી જૈન પાઠશાળામાં જવાનું... જ્ઞાનદાન આપનાર બેને 'નવકાર' શીખવાડેલ. જૈન શાળામાં નાની નાની કથા-વાર્તાની ચોપડી રાખતા. અમરકુમારની કથા વાંચી! અમરકુમારને નવકારમંત્ર કેવો ફળીભૂત થયો તે વાત મનમાં અંકિત થઈ. ક્રમશઃ પંચપ્રતિક્રમણ પૂરા કર્યા. સ્મરણો પણ કંઠસ્થ કર્યા!

દરરોજ નવકાર ગણવાનું ચાલુ કર્યું! નવકાર પ્રત્યે અહોભાવ જાગ્યો. પછી તો આરાધના, જાપ, સ્મરણ શરૂ કરેલ. એક વાર શ્રી શંખેશ્વરતીર્થમાં ૨૭ દિવસ અખંડ નવકારની જાપની આરાધનાનો પ્રસંગ હતો. હું ત્યાં ગયેલ. જાપમાં જોડાવાની ઉત્કંઠા હતી. ત્યાં પહોંચ્યા બાદ સમાચાર જાણ્યા. 'સ્ત્રીઓ' માટે જાપ અલગ ઉપાશ્રયમાં રાખેલ છે.

એટલે એ રીતે અખંડ મૌનપણે ૨૭ દિવસ એકાસણાના તપ સાથે સાધના કરેલ. **પૂ.પં. શ્રી ભદ્રંકરવિજયજી મ.સા.' પૂ.પં. અભયસાગરજી મ.સા., પૂ. જંબુવિજયજી મ.સા.** આદિની નિશ્રામાં નવકારમંત્ર ઉપર વ્યાખ્યાન તથા વાર્તાલાપ રાખેલ. **કિરણભાઈ, રિખવદાસભાઈ** વગેરે પણ હતા. 'નવકાર'મંત્ર પર વિશદ છણાવટ થતી. સાધના પૂરી થઈ. પરંતુ જે આનંદ પ્રાપ્ત થયો તેનું વર્ણન થઈ શકે તેમ નથી!

પછી તો પૂ. આચાર્ય ભગવંતો, પદસ્થમુનિઓના સહવાસમાં વધુ ને વધુ આગળ મંત્રમાં ડૂબકી મારતાં ઘણું જ મળ્યું છે. અનેક ગ્રંથોનું વાચન કર્યું. મનને એવી પ્રતીતિ થઈ કે **મન શુદ્ધ કરવાની કળા નવકારમંત્ર જ છે.** આપણે જન્મ્યા ત્યારથી જ ઊંડાણમાં ઊતરતાં શીખ્યા જ નથી. જેમ જેમ એકાગ્રતા આવે છે તેમ તેમ નવકારમંત્ર ઉપર ભાવ જાગે છે!

મારા જીવનને નવકાર મંત્રે કેટલીય વાર બચાવેલ છે. અનેક આપત્તિ, વિઘ્નોમાં નવકારમંત્રના સ્મરણથી ઉગરી ગયેલ છું. સાધુ જીવનમાં વિહાર-આક્રમણ-વિપત્તિમાં નવકારમંત્રના પ્રભાવે જરૂર ક્ષેમ કુશળ રહેલ. આ રીતે જીવનમાં નવકાર મંત્રને પામી, જાણી તેની અદ્‌ભુત આરાધના-સાધના-જાપ સ્મરણ કરેલ છે!

જીવલેણ અસાધ્ય દર્દની અઢી દાયકાથી વેદના જોરદાર ચાલુ છે. જેમાં પેષ્ટિક અલ્સર અને આંતરડાનાં ચાર ઑપરેશન થયાં છે. છેલ્લાં ઑપરેશન સમયે સારું ગભરાયા. કારણ? ઑપરેશન ડેન્જરસ Dangerous હતું. મને સ્ટ્રેચરમાં નાખેલ. થોડું ભાન હતું. મારા હાથના આંગળા ઉપરના વેઢા ઉપર આંગળી ફરતી હતી. મારી સાથેના સાધ્વીજી કહે : 'શાતામાં છો?' મેં તરત હાથ બતાવ્યો. **ઑપરેશન સફળ થયું. એક માસ દવાખાનામાં રહેવાનું હતું. દરમ્યાન આખો દહાડો જાપ ચાલુ હોય.** અસહ્ય વેદના, ઉનાળાનો સમય. સાત દિવસ સુધી પાણીનું ટીપું નહિ. આવા સંજોગોમાં ''નવકારમંત્ર અને ઉવસ્સગહરં સ્તોત્ર' બીજી બાજુ લોગસ્સ સૂત્રની નવકારવાળી અને મહાપુરુષોના ચરિત્ર, મહાસતીઓના ચરિત્રોનું ચિંતન-આ ત્રિવેણી સંગમ હતો. સ્વાધ્યાય અને મૌન પણ સાથોસાથ! દવાખાનેથી ઉપાશ્રયે આવ્યા. શારીરિક આરામ સાથે વાચન, ચિંતન-

---

'પાપ-તાપ સૌ ઉપશમે વળી થાય દુઃખનો નાશ; સુખના સાગર ઊછળે, જપતાં શ્રી નવકાર.'—૧૦૦

જાપની હારમાળા ચાલુ હતી. પ્રત્યેક બાબતમાં શ્રદ્ધાથી– એકાગ્રતાથી નવકારમંત્ર જીવનમાં વણાઈ ગયો છે. આ રીતે નવકારમંત્ર ઉપર સચોટ આસ્થા બેસી ગઈ!

ચાતુર્માસમાં નવકારની આરાધના-જાપ ખાસ રાખું. જૈન શાળામાં નવકાર. તેનો અર્થ અને પ્રભાવ એ ઉપર નિબંધ, હરિફાઈ વગેરે હોય. તેમ જ પુણ્ય પ્રકાશનું સ્તવન કંઠસ્થ કરવાનું! તેની ૭મી ઢાળ, ગાથા ૪ થી ૭ સુધીની પંક્તિઓમાં નવકાર મંત્રના પ્રભાવને વર્ણવતી બુલંદ ઘોષણા છે. વારંવાર તેનું ચિંતન, આમ નવકારમંત્ર પ્રાપ્ત થયો. **નવકારમાં ભાવ અને પ્રભાવ બન્ને વસ્તુઓ ભરેલી છે!**

વિહારમાં રસ્તાની વચ્ચે (એક દાંડાથી વધુ લંબાઈ હશે) ઝેરી નાગરાજ ફણાવિકુર્ણી સ્થિર હતા. અમો ગભરાયા. એકદમ દોડી સામે પત્થરના મોટા ઓટલા ઉપર ચડી ગયા. ફફડાટ! હવે શું કરવું? માત્ર અમો બે જ સાધ્વીજી હતા. નાગરાજે તો અડ્ડો જમાવ્યો. અમે પણ ત્યાંથી ચસકી શકીએ તેમ નહોતા નવકારમંત્ર અને ઉવસગ્ગહરં એક કલાક સુધી ગણ્યે જ રાખ્યું. નાગરાજ બાજુના ખેતરમાં ગયા. અમે પણ ગામ ભણી ચાલ્યા. ભય અને સંકટ દૂર થયા!

આવા ચમત્કારિક પ્રસંગોથી કોનું હૈયું નાચી ન ઊઠે! પછી તો હાલતાં ચાલતાં સૂતા બેસતા કોઈ પણ કાર્યમાં 'નવકાર' સાથી હોય જ. કોઈ પણ પૂજન હોય તો આઠ દિવસ મારું હૈયું નાચ્યા જ કરે. પૂજન વિધિમાં આવતાં મંત્રો શ્લોકોથી મારું દિલ ઘણું જ દ્રવી જાય એટલું જ નહિ. હજારોની સંખ્યા, ચતુર્વિધ સંઘની હાજરી હોય છતાંય મારું અંતર ભીનું બને. મારાં નયનોમાંથી હર્ષાશ્રુનો શ્રોત વહી જાય. કોઈ અગમ્ય-અગોચર અવર્ણનીય ભાવમાં ડૂબી જવાય. એમાં જ્યારે સિદ્ધચક્ર પૂજનમાં આ શ્લોક ચાલુ થાય. **'श्री सिद्धचक्रं तदहं नमामि'** ત્યારે અચૂક રડી પડાય. કેવળ નમઃ શબ્દ કેટલો ભાવવાચક...કેવા ભાવો નીતરે છે! વળી નમસ્કાર પરમેષ્ટિ ભગવંતો-ગુરુજન-વડીલો આદિને કરવામાં આવે છે. જેથી વિનયાદિ ગુણો પ્રગટે છે. અને જીવનમાં લઘુતા આવે છે. નમે તે સહુને ગમે! આપણે ખમાવીએ છીએ તેમાં પણ એ જ ભાવ છે. એટલે 'નમામિ અને ખમામિ' આ શબ્દો આપણા જીવનમાં અર્ક છે. પ્રાણીમાત્રને **નમો ખમો!**

નમો શબ્દમાં ભારોભાર કરુણા આત્મીયતા-નમ્રતા મૈત્ર્યાદિભાવો ભર્યા છે. નવકારમય થવાય તો સહજ ઉત્તમોત્તમ ગુણો પ્રગટે. નવકારમંત્રની શક્તિ કોઈ અદમ્ય છે. એની તાકાત જોમ-અનેરી છે. એનું સામર્થ્ય પણ અનોખું છે!

અનેકાનેકનો તારણહાર એક શ્રી નવકારમંત્ર છે. જેણે એનું શરણ લીધું તેનો બેડો પાર! અચિંત્ય નવકાર મંત્રની આરાધના દ્વારા તન-મનની શુદ્ધિ થાય છે. સાધના દ્વારા પરમપદ પ્રાપ્ત થાય છે. જીવન જીવવાની કળા નવકાર મંત્ર છે!

મારા જીવનમાં એક નવકાર મારો સાથી છે. નવકાર એટલે 'સર્વસ્વ' છે. 'નવકાર અને હું' આમ નવકાર સાથે મારો સંબંધ ઘનિષ્ઠ છે. આપણે સહુ શ્રી નવકારમંત્રની આરાધના સાધના કરી પરમપદની પ્રાપ્તિ કરીએ એ મંગલ ભાવના!

'અષ્ટ કર્મની રેખ પર, મારે મેખ નવકાર; મોક્ષ રેખ પાકી કરી આપે સુખ શ્રીકાર.'–૧૦૧

નવકાર મારો બેલી છે

શ્રીમતિ પુષ્પાવતી સી. શાહ
લેડી કીકાભાઈ પ્રેમચંદ
જૈન પાઠશાળા મુખ્ય અધ્યાપિકા, ૧૪૨૮, શુક્રવાર પેઠ, વસંત નિવાસ, પૂના-૨.

બાલ્યવયમાં માતાએ નવકાર શીખવાડ્યો. કંઠસ્થ કર્યા બાદ તેના તરફ અહોભાવ જાગ્યો. ૨૧ વર્ષની ઉંમરે સ્કૂલ અને જૈન શાળામાં શિક્ષિકા તરીકે જોડાવાનો પ્રસંગ ઉપસ્થિત થયો.

શાળામાં લેખિત અને મૌખિક પરીક્ષાઓ આપવાની હતી. દરમ્યાન અભ્યાસક્રમમાં અર્થ-ભાવાર્થ પ્રશ્નોત્તરી વગેરે આવતું. પ્રાર્થનાના પ્રારંભમાં શ્રી નવકાર મંત્રની ધૂન બોલાવાય. પછી પાઠનું અધ્યયન શરૂ થાય. ધીમે ધીમે અર્થની સમજૂતી ચાલે, જેમાં નવકારમંત્ર અને તેનો પ્રભાવ વર્ણવામાં આવ્યો. અમારા વીર-વનિતા મંડળમાં અમરકુમારનો પ્રસંગ રાખેલ, તે નજરે નીહાળતાં સંસારમાં માત્ર નવકાર મંત્રનું શરણ જ સાચું છે. આવું સચોટ લાગતાં નવકારમંત્રનો નિત્ય જાપ ચાલુ કર્યો!

ગામમાં પૂજ્ય આચાર્ય ભગવંતો, પદસ્થમુનિઓ સાધ્વીજી મહારાજો પધારતા. ચાતુર્માસ પણ રહેતા. આમ નવકારમંત્રની આરાધનામાં આગળ વધ્યા. નવકારમંત્રની એકાસણા તપથી નવ દિવસની આરાધના કરી. વળી બીજી વાર સં. ૨૦૩૯માં અડસઠ અક્ષરના અડસઠ ઉપવાસથી આરાધના કરી. આ આરાધના કરતાં તન-મનની શુદ્ધિ થઈ. પછી કોઈ પણ કાર્યની શરૂઆત કરતાં શ્રી નવકારમંત્રનું રટન ચાલુ કર્યું! **આ નવકારમંત્ર જીવનમાં એવો વણાઈ ગયો છે કે મન એમાં જ પરોવાયેલું રહે છે!**

એક વાર અમારા મંડળ તરફથી મહારાષ્ટ્રથી તીર્થભૂમિની યાત્રા માટે નીકળેલા. અચાનક બસ અટકી પડી. બેનોની સંખ્યા વધુ હતી. વ્યવસ્થા કરનાર પુરુષ વર્ગમાં પાંચ જ ભાઈઓ. સહુ ગભરાયા. વળી રાત્રિનો સમય...શું કરવું? મૂંઝાણા. તરત જ નવકારમંત્રનો જાપ શરૂ કર્યો. ચારેક કલાકના સમય બાદ સામા ગામથી બસ આવી. બન્ને બસના ડ્રાઈવરોએ મહેનત કરવા માંડી. અમારી બહેનોનો જાપ અખંડ ચાલુ! બસ વ્યવસ્થિત થઈ. અમો સહુ ભારે આનંદમાં આવી ગયા. એ દિવસનો યાત્રા પ્રવાસ પૂરો કરી હેમ-ખેમ પોતપોતાને ઘેર આવી પહોંચ્યા. **જાપ અને આરાધનાથી મંત્રના પ્રભાવે આપત્તિમાંથી મુક્ત થયા. દિન-પ્રતિદિન શ્રદ્ધા આસ્થા વધતી ગઈ. દૃઢતા વધી. મંત્ર રગે રગમાં વણાઈ ગયો.**

એકવાર અસાધ્ય દર્દે હુમલો કર્યો. નિષ્ણાત ડૉક્ટરોની સલાહ મુજબ હૉસ્પિટલમાં જવું પડ્યું. ઑપરેશન કરવું પડે તેમ હતું. ઑપરેશન કરાવવાનો દિવસ આવ્યો. સહુના હૃદયમાં ફફડાટ હતો. સૌ ગંભીર બની ગયા. ઑપરેશન થિયેટરમાં દાખલ થઈ. મારાં મનમાં જરાયે ગમગીની નહિ. ચિંતા નહિ! બસ શ્રી નવકારનું રટન! ઑપરેશન સફળ થયું. આઠેક દિવસથી ઘરે લાવ્યા. બોલવાનું બંધ હતું. માત્ર પ્રવાહી આપતા. આવા પ્રસંગે અખંડ જાપ અને સ્મરણ ગણવાનું નિત્ય હતું. મંત્રના બળે જ સારું થયું. આ વાત બરાબર ગળે ઉતરી ગઈ!

કોઈ પૂછે ત્યારે છાતી ઠોકી જવાબ આપું છું કે મને કશું જ નથી. શ્રી નવકારનું શરણ જ મારા દર્દમાં સહાયરૂપ છે. અત્યારે પણ ખૂબ મઝાથી આરાધના-સાધના-જાપ કરું છું!

'છૂટવું હોય જો મરણથી, તો શરણ ગ્રહો નવકાર; પકડો ચરણ પરમેષ્ઠીના, તો થાશો ભવપાર.'—૧૦૨

જ્યાં જ્યાં તીર્થયાત્રામાં ગયા ત્યાં ત્યાં પણ અનેક ચમત્કારો સર્જાયા છે. એમાં શ્રી નવકારમંત્ર, સ્મરણો અને સ્તોત્રોના સ્મરણથી રટનથી અકસ્માત, આપત્તિ, આક્રમણ, વિઘ્નો, દુઃખ-દર્દોથી બચી ગયા છીએ. 'નવકાર મારો બેલી છે' આ પંક્તિ અમારા સહુના હૃદયમાં ગુંજતી રહી છે. એટલું જ નહિ, અમો આબાદ 'ક્ષેમકુશળ' અમારા વતનમાં આવી જઈએ. ધાર્મિક કાર્યોમાં પૂજા ભાવના કોઈ પણ પ્રસંગમાં શ્રી નવકારમંત્ર મંગલ રૂપે પ્રારંભમાં જ શરૂ કરીએ.

આવા પરમ મંગલકારી નવકારમંત્રના પ્રભાવથી. ધ્યાનથી, જાપથી શાશ્વત સુખ, શાંતિ પ્રાપ્ત કરીએ. પરમપદે પહોંચીએ. એ જ મંગલ ભાવના!

"ચોરાયેલી આંગી પાછી મળી"

પૂ. આ. વિજય ભદ્રસૂરીશ્વરજી મ. સા.ના શિષ્ય
પૂ. મુનિશ્રી જિનચંદ્રવિજયજી મ.

સંવત ૨૦૨૨માં અમારા ગામ ઝીંઝુવાડામાં પૂ. મહાભદ્રવિજયજી મ. સા. તથા મહાસેનવિજયજી મ. સા. આદિ મુનિ ભગવંતોનું ચોમાસું હતું.

પૂજ્ય મહાન તપસ્વી મુનિરાજશ્રી મહાભદ્રવિજયજી મ. સા. વ્યાખ્યાનમાં સુંદર શૈલીથી ઉપદેશ આપતા હતા અને નવકારમંત્રનો પ્રભાવ અને આત્મોન્નતિ માટે નવકારમંત્ર જ અમૂલ્ય ઔષધ છે વગેરે દાખલા દૃષ્ટાંતો દ્વારા ઉપદેશ આપતા હતા. અને **પૂજ્ય મહાસેન વિજયજી મ.સા. 'નમો અરિહંતાણં' પદની નવકારવાળીના જાપ દ્વારા કરોડપતિ બનાવવા પ્રયત્ન કરતા હતા અને ઓછામાં ઓછી દસ નવકારવાળી રોજ ગણવાથી ત્રીસ વરસમાં કરોડપતિ (મંત્ર જાપના) થઈ જવાય એમ કહેતા.**

આથી મેં તે જાપ શરૂ કર્યો, તે અગાઉ પણ દરરોજની એક બાંધી નવકારવાળી તો ચાલુ હતી જ.

મારે દીક્ષા લેવાની ભાવના કેટલાય વખતથી હતી પણ પત્ની અને પુત્ર સાથે લેવાય તો વધુ સારું તેવી ભાવનામાં હતો.

મારા પૂર્વે મારા પિતાશ્રી તથા લઘુ બાંધવે સં. ૧૯૯૦માં દીક્ષા લીધી હતી. તેમાં પિતાશ્રી ખૂબ જ આત્મહિત ચિંતક હતા. સંસારમાં રહીને પણ સાધુપણા જેવું ઉત્તમ જીવન જીવતા હતા. તેમણે સાડા છ વર્ષના દીક્ષા પર્યાયમાં પચાસ વરસની ઉંમરે દીક્ષા લીધેલ હોવા છતાં ૩૧-૪૫-૬૦-૭૦ ઉપવાસની ઉગ્ર તપસ્યા કરેલી. વચમાં જ્ઞાન પ્રાપ્તિ પણ ચાલુ હતી. આવા ઉત્તમ પિતાનો વારસો મળવાથી સં. ૧૯૬૬માં સીત્તેર ઉપવાસ વખતે અમે સમી ગયેલા અને અમારા ઘરના જેટલા ગયા હતા, તેમણે બધા મળીને સીત્તેર ઉપવાસ કરવા વિચાર્યું. આ ઉત્તમ વિચારથી મેં અઠ્ઠાઈ કરેલી. આ પૂર્વે છઠ્ઠ, અઠ્ઠમ પણ નહિ કરેલ અને અઠ્ઠાઈ બહુ સારી થઈ હતી. તેથી જ તપ જપમાં વૃદ્ધિ થઈ.

પિતાજી શ્રી વિલાસવિજયજી મ.સા.ના આશીર્વાદથી અમારા ઘરમાં અમે ચાર ભાઈઓ, બે પત્નીઓ અને છોકરાઓ પણ માસખમણ સુધીની તપસ્યાઓ કરી શક્યા છીએ.

લઘુ બાંધવ ૐકાર વિજયજી મ., ગુરુવિનય ભક્તિમાં ઓત પ્રોત હોઈ જ્ઞાનમાં ખૂબ જ આગળ

'નવકાર મંત્રરૂપ છાંયડી ભવ આતપ હરનાર; થાક હરે થાક્યાતણો, વળી શાંતિ દેનાર.'—૧૦૩

વધી ગયા. તત્ત્વજ્ઞાની આમે વિચક્ષણ હોઈ આચાર્ય પદને યોગ્ય થયા અને સં. ૨૦૧૦માં આચાર્ય પદ પ્રાપ્ત કરેલ, જેઓ આજે પ્રખર વક્તા અને શાસન પ્રભાવક છે.

મારા મોટા દીકરાને ૧૦ વરસની ઉંમરે દીક્ષાની ભાવના થઈ અને તે ભાવના સમજપૂર્વકની છે તેમ જાણ્યા પછી શિખરજીની યાત્રા કરાવી અને ખૂબ જ ઠાઠપૂર્વક ઘર આંગણે મહોત્સવપૂર્વક દીક્ષા અપાવી. તે આજે યશોવિજયજી મ. તરીકે જ્ઞાનધ્યાનમાં ખૂબ જ આગળ વધેલા છે.

આ પ્રમાણે મારા કુટુંબમાં અને સગામાં ઘણા દીક્ષીતો થયેલા. માતુશ્રીના પિતા, માતા, માસીના દીકરા, ભાણી તથા ત્રણ ફૂઈ કુટુંબ સાથે દીક્ષિત થયેલ. આજે ન્યાય શાસ્ત્ર વિશારદ અને આગમોના ઉદ્ધારક તરીકેનું કાર્ય કરી રહેલ પૂ. જંબુવિજયજી મ.સા. હાલમાં શાસન ઉન્નતિનું કાર્ય કરી રહેલાં છે. અને તેમની પાસે પરદેશીઓ અભ્યાસ માટે આવે છે. આ સાલ ચોમાસું સમીમાં છે.

આવા અનેક આલંબન હોઈ મારી દીક્ષાની ઈચ્છા પ્રબળ બની અને સં. ૨૦૨૨માં નવાણું યાત્રા કરવા કુટુંબ સાથે ગયેલા. પત્નીની બાલ્યાવસ્થાથી દીક્ષાની ભાવના હોવા છતાં માતાપિતાની ઢીલાસથી ઉત્સાહ ઓસરી ગયેલા. પણ લગ્ન પછી પણ દહીં બંધ હતું. અમારા ઘરના વાતાવરણથી આરાધનામાં સુંદર વેગ મળ્યો તેથી જ મોટા પુત્ર જસવંતની દીક્ષા અપાવવા ઘરના બધા સંમત થયા હતા.

તે વખતે મારી પણ દીક્ષાની ઈચ્છા હોવા છતાં નાનો પુત્ર મહેન્દ્ર પાંચ વરસનો હોઈ થોડો વખત ખમી ખાવાની જરૂરત હોઈ ગૃહસ્થજીવનમાં બની શકે તેટલી સુંદર આરાધના કરતો હતો.

પુત્ર મહેન્દ્રને પણ નવાણું યાત્રા વખતે વિધિ પૂર્વક અને ભક્તિ પૂર્વક સર્વ આરાધનાથી વૈરાગ્ય વૃદ્ધિ થયેલ અને દીક્ષાની ભાવના થયેલ. મેટ્રિકનો અભ્યાસ છોડી ધાર્મિક અભ્યાસ માટે પાટણ રોકાયેલ અને પાંચપ્રતિક્રમણ-પ્રકરણ-ભાષ્ય-વગેરે અભ્યાસ કરેલ. રોજ પ્રતિક્રમણ ઉકાળેલું પાણી-વી. ચાલુ કરેલ.

સંવત ૨૦૨૩માં મારી દીક્ષાનું નક્કી થયું અને તે વખતે મહેન્દ્ર તથા તેના બાની તીવ્ર ઈચ્છા ન થવાથી તેમને મુકીને મેં મારી દીક્ષાનું મુહૂર્ત જોવડાવેલ. તે વખતે મારી એક ભત્રીજીની પણ ઈચ્છા હતી.

અમે બન્ને સમાજના રિવાજ પ્રમાણે વાયણે જમતા હતા અને છેલ્લા મહિનાની અંદરના દિવસો આવતાં મહેન્દ્ર તથા તેની બા દીક્ષા માટે અમારી સાથે જ તૈયાર થયેલ. સાથે એક ભત્રીજી, જે તે સાલ જ શિખરજીની યાત્રા કરીને આવેલ, તેની પણ અમારી સાથે જ દીક્ષાની ઈચ્છા થતાં અમારી પાંચની દીક્ષા સં. ૨૦૨૩ના મહા સુદ ૧૦ નક્કી થયેલ.

એક જ ઘરની પાંચ દીક્ષા હોઈ ગામમાં ખૂબ જ ઉત્સાહ હતો. કંકોત્રીઓ ગામોગામ મોકલાઈ ગઈ. સાથે સાથે ગામવાળાઓએ પોત પોતાના સગાવહાલા ઉપર પત્રો લખ્યા કે આવો અનુપમ પ્રસંગ ફરી ફરી જોવા નહિ મળે અને અમને કહેતા હતા કે ગમે તેટલા મહેમાનો આવે તેમની વ્યવસ્થા અમે સંભાળી લઈશું અને ગમે તે કામ માટે બધા ખડા પગે તૈયાર હતા.

મહા સુદી ત્રીજથી મહોત્સવ શરૂ થયો. દરરોજ પૂજા, આંગી, ભાવના હતી. ગવૈયા ખૂબ ભક્તિ જમાવતા હતા.

મહા સુદી ૮ના દિવસે પૂજારી વસરામભાઈએ મને પૂછ્યું કે આજ કેટલી આંગી કરું. મેં કહ્યું કે નીચે મૂળ નાયક ભગવાન તથા બન્ને મોટા ભગવાનની કરજો. તેણે તે પ્રમાણે કરેલ.

મ.સુ. ૯નાં વરઘોડો તથા રાત્રે માનપત્ર હતું. તેથી પૂજારીએ પૂછ્યું કે આજ કેટલી આંગી રચું? મેં કહ્યું, 'નીચે ત્રણ ભગવાન અને ઉપર પણ મૂળનાયક ભગવાનને રચજો.' બાકીના બધા ભગવાનને વરખ રોજ છપાતો હતો. તે પ્રમાણે

'ત્રણ સંધ્યાએ ગણજો સદા મહામંત્ર નવકાર; ઊંકાર મંત્ર સાથે ગણો, મહામંત્ર નવકાર.'—૧૦૪

બધે અંગ રચના કરીને પૂજારીએ નીચે બોર્ડમાં લખ્યું કે ઉપર આંગી છે માટે દર્શનાર્થે પધારશો.

અમે બધા વરઘોડા બાદ નવકારસીના કામકાજમાં હતા તે તકનો લાભ લઈને બે માણસો આંગી મુગટ સહીત લઈને નાસી ગયેલા.

પછી એક ભાઈ ઉપર દર્શનાર્થે ગયેલ અને આંગી ન દેખાતાં નીચે આવીને પૂજારીને કહ્યું કે, 'તમે લખો છો કે ઉપર આંગી છે. પણ આંગી ક્યાં રચી છે?'

પૂજારી કહે, મેં રચી છે પછી આમ કેમ બને?' ઉપર જઈને જોયું તો આંગી મુગટ ન મલે! તરત નીચે આવી જાહેરાત કરી કે–'આંગી ચોરાઈ છે.

મને ખબર પડતાં દુઃખ થયું કે મારા કહેવાથી જ ઉપર આંગી રચાઈ અને ગઈ તો જવાબદારી મારી છે એમ સમજી ખૂબ જ ભાવપૂર્વક નવકાર મહામંત્રનું સ્મરણ કર્યું. પછી ગામના અને મારી દીક્ષાના પ્રસંગને અનુલક્ષીને મેં વિચાર કર્યો કે આ ગામની કોઈ પણ વ્યક્તિ આવું કામ કરે જ નહિ.

કેમ કે મારું જીવન એ પ્રકારનું હતું. બધા સાથેનો પ્રેમ એવો હતો કે મારી દીક્ષાના સમાચારથી બધાને દુઃખ થતું હતું કે હવે કેમ થશે. આમે મને કહેતા કે, 'તમે તો વગર દીક્ષાએ દીક્ષા જેવું જ જીવન જીવો છો. શા માટે દીક્ષા લો છો? અમારું શું થશે?'

ત્યારે મેં કહેલ, 'જો હું દીક્ષા બાદ પ્રમાદી બનું તો કહેજો કે ઘરે રહીને પણ ત્રણચાર કલાક આરાધના કરતા હતા તે છોડીને કેમ પ્રમાદી બન્યા?

હવે આંગીના સમાચાર ગામમાં ફેલાઈ ગયા, ફોજદારને વાત જણાવી અને કહ્યું, 'આ ગામનો કોઈ હશે નહિ પણ બહારથી કોઈ આવ્યા કે ગયાની તપાસ થાય તો વધુ સારું. ફોજદાર પણ સમજી ગયેલ. તરત મોટર મંગાવી અને ફોજદાર તથા ત્રણ ચાર જણા બીજા બેઠા અને મોટા સ્ટેશનોએ સમાચાર આપવા નીકળ્યા.

આ વખતે ટેલિફોન વ. વ્યવસ્થા ન હતી. આશ્ચર્યની વાત છે કે જે બે જણા આંગી ચોરીને ગયેલા તે હસાડા ચાર રસ્તા ઉપર કોઈ ખટારા દ્વારા પહોંચી ગયેલા અને તાત્કાલિક બીજા કોઈ ગામ નાસી છૂટવું હતું.

ફોજદારની મોટરને કોઈ બીજી મોટર માની આ બન્ને માણસો હાથ ઊંચો કરી મોટર રોકવા સૂચના કરી. અને ફોજદારે આવા અજાણ્યા માણસને જોતાં જ મોટર ઊભી રખાવી. મોટરમાં ફોજદારને દેખતાં જ એક ચોર નાઠો પણ બીજો નાસે તે પહેલાં જ ફોજદારે તેને પકડ્યો અને થેલીમાં જોયું તો આંગી મુગટ અકબંધ હતા. તરત જ ચોર તથા આંગીને લઈને આવ્યા.

અમે પ્રતિક્રમણ કરીને આવ્યા ત્યાં સમાચાર મળ્યા કે આંગી મળી ગઈ છે! આ ચમત્કાર જોઈ બધા આશ્ચર્યમુગ્ધ બન્યા!

ખરેખર આ નવકારમંત્રનો જ પ્રભાવ હતો. જો આંગી ન આવી હોત તો દીક્ષાના ઉમંગમાં ફેર પડત, પણ ચમત્કારથી આંગી આવી હોઈ ઉત્સાહમાં અનેરો વધારો થયો.

આ ચમત્કારી ઘટના વચ્ચે અમારી દીક્ષા ખૂબ જ આનંદ અને ઉત્સાહી વાતાવરણમાં થઈ.

નવકાર મહામંત્રની વિશુદ્ધ આરાધના દ્વારા સહુ કોઈ આત્મશ્રેય સાધે એ જ મંગલ પ્રાર્થના.

'મન-વાણી કાયાને સાધે, મહામંત્ર નવકાર; આરાધે અંતરમાં જિનને, જીતે આ સંસાર.'–૧૦૫

એ પથદર્શક કોણ હશે?

સા. શ્રી નેમશ્રીજી
મુક્તિમંદિર જૈન ઉપાશ્રય વાણિયાવાડ, વેજલપુર, ભરૂચ.

છ વર્ષની કુમળી વયે માતુશ્રી વેજબાઈ સાથે દીક્ષા લીધી. કચ્છ ડુમરાના વતની કિન્તુ લલાટે ચારિત્રધર્મનું સૌભાગ્ય સાંપડ્યું. ૭૪ વર્ષના સંયમ પર્યાયમાં વર્તમાને ૮૦ વર્ષની વૃદ્ધ વય છે. છતાંય પાંચે ઇંદ્રિયની પટુતા, શરીર સંપત્તિનો અપૂર્વ વૈભવ ૨૫ વર્ષનાં યુવાનને પણ શરમાવે છે, તે **સઘળો પ્રભાવ જો કોઈનોય હોય તો પ્રગટ પ્રભાવી પંચમંગલ મહાશ્રુતસ્કંધનો જ છે!**

નવકારમંત્રના પ્રબળ પ્રભાવે મનમાં જે જે ભાવના ઘટાવું છું, તે તે સર્વ જાણે અનાયાસે જ પૂર્ણ થઈ જાય છે. છ વર્ષ સુધીનું બાલમાનસ...સંસારની ભૌતિકતાનો જ્યાં સ્પર્શ જ નથી થયો, એવા અત્યાર સુધીના સંયમીજીવનમાં ક્યારેય રત્નત્રયીની આરાધનામાં સ્ખલના આવી નથી! **સર્વ ભાવોની સિદ્ધિનું સાધન છે કેવલ મંત્રાધિરાજ...! ભવકટ્ટી જડીબુટ્ટી જો કોઈ પણ હોય તો ફક્ત નમસ્કારમંત્ર...! સંસારઅટવીને નિર્ભયપણે પાર ઉતરવાની કેડી એટલે નવકારમંત્ર...!**

૭૪ વર્ષનાં સંયમી જીવનમાં ગ્રામાનુગ્રામ વિહાર કરતાં કેટકેટલાંય તીર્થોની જાત્રા કરી. જીવનને સમ્યગ્દર્શનથી નિર્મળ બનાવ્યું છે. એકદા પરમતારક તીર્થંકર ભગવંતોના કલ્યાણકની ભૂમિ બિહાર પ્રાન્તમાં વિહાર કરી રહ્યા હતા. તે સમયે આજની જેમ રોડ રસ્તા નહીં, જેથી રણ જંગલોમાંથી પસાર થવું પડતું. ભયંકર એવા જંગલમાં જઈ ચડ્યા. ચારે બાજુથી શ્વાપદો દોડધામ કરતાં જાણે બેંડવાજાથી સામૈયું ન કરતા હોય તેમ ભાસતું હતું. માનવદેહનાં પદ ચિહ્નોનું તો નામનિશાન દૃષ્ટિપટ પર આવતું ન હતું. દૂરસુદૂર નજર કરતાં કરતાં તો જાણે આંખો બહાર આવી ન ગઈ હોય તેમ જણાતું હતું, પંથડો ભૂલ્યા...વનની વનરાજીઓએ પણ જાણે રૂસણા ન લીધા હોય તેમ કાઉસ્સગ ધ્યાને સ્થિર થઈ ગઈ. પવનદેવ તો અદશ્ય થયા હતા. આવા ઘોર વનમાં સ્ત્રીનું ગજુ કેટલું? આખર નારી તો અબળા જ છે ને...? હૃદયમનાં ધબકારા વધી ગયા. સહવર્તી શ્રમણીવૃન્દ આકુળ વ્યાકુળ બની ગયું. બધા જ હારે તો કોણ કોને હિંમત આપે? છેવટે મેં સર્વને સાંત્વન આપ્યું ભેટ પાતરા ઉતારી દૃષ્ટિપડિલેહણ કરીને સહુ શ્રમણીઓ ભૂમિ પર બેઠા. **એકાગ્રચિત્તે મંત્રાધિરાજ મહામંત્ર નવકારના ધ્યાનમાં લયલીન બની ગયા. અરિહંત...સિદ્ધ... પંચપરમેષ્ઠીનું શરણું, ભવજલધિ તારક તરણું પકડી લીધું. નવકારને સર્વસ્વ બનાવી દીધો.**

હજુ તો ૫-૧૦ અને ૧૫ મિનિટ થઈ ન થઈ એટલામાં તો કોઈ એક માનવદેહને નજીક આવતો નીહાળ્યો, પાસે આવીને તરત જ સીધા માર્ગે ચડાવી અદશ્ય થઈ ગયો...ક્યાં ગયો? તેની કશી જ ખબર પડી નહીં. સ્વપ્નવત્ સહુ કાર્ય બની ગયું. કોણ હશે? ક્યાંથી આવ્યો, ઘોર અટવીમાં આવવું... અદશ્ય થવું...આ બધા વિચારો જ્યારે કરું છું, ત્યો મસ્તક ઝૂકી પડે છે, મહામંત્ર નવકારના શરણે...!!

નમસ્કારમંત્રના અજપાજાપથી જીવન આગળ ધપી રહ્યું છે. એકદા શંખેશ્વર જતાં રસ્તો ભૂલ્યા, ત્યાં એક ઘોડેસવાર આવીને પંથ બતાવી અદશ્ય થઈ ગયો. આવા આવા અનેકવિધ ચમત્કારોથી મહામંત્ર નવકાર અને જૈન શાસન પ્રતિની અપૂર્વ શ્રદ્ધા વધુ દઢ બને છે. વૈરાગ્ય ભાવની વૃદ્ધિ થાય છે.

'શૂન્ય શિખર પર આસન વાળી, જપતાં શ્રી નવકાર; અવધુત યોગી થઈને આતમ, કરે કર્મ પરિહાર.'—૧૦૬

'...અને જીભમાં અમી પાછું આવી ગયું!'

સા. શ્રી મીનાકુમારીજી

લીંબડી સંપ્રદાય

સંવત ૨૦૨૯ની સાલમાં વાંકાનેર વર્ષાવાસ પૂર્ણ કરી સંવત ૨૦૩૦માં વિહાર કરી શીતકાલે મોરબી આવ્યા. ત્યાં અચાનક મારી તબિયત બગડતા (શરદી, તાવ) ડૉક્ટરની સારવાર લીધી. ડૉક્ટર અતિશય તેજ અસરવાળી દવાઓ આપી રોગને ઝડપથી કાબૂમાં લેવા માગતા હતા. પણ કર્મઉદય જોરદાર હતો. અતિશય તેજ અસરવાળી દવાઓથી રીએક્શન આવ્યું. રાતનાં એકાએક જીભ સૂકાઈ ગઈ ને અંદર ખેંચાવા લાગી. મેં જીભને દાંત વચ્ચે પકડી રાખી પણ જીભ જાડી થતી ગઈ. મનમાં નવકારનું સ્મરણ કર્યું. દાંતની પકડ ઢીલી કરી તો ફરી પાછી એ જ ખેંચ. રાતનો સમય. પાણી તો પીવાય નહિ. છેવટે મારા સહવર્તી સાધ્વીજીઓને ઉઠાડી મારી પીડાની વાત કરી. બધા જ ગભરાયા. લકવો તો નહિ થાય ને? ઉપાશ્રયમાં એક ગૃહસ્થીબેન સૂતા હતા. તેમણે ડૉ. ને બોલાવવા વિનંતી કરી. પણ રાતનાં ડૉ. આવે તોય શું? પણ પેલા બેન માન્યા નહિ. ડૉ.ને બોલાવી આવ્યા. ડૉ. જૈન જ હતા. તેમણે જોયું ને કહ્યું લકવા તો નથી જ, પણ શું છે તે સમજાતું નથી. દવા તો સવારે જ લેવાની હતી. ડૉ. ચાલ્યા ગયા. જેમ તેમ રાત પસાર કરી. સૂર્યોદય પછી ઉપચારો કર્યા. દિવસે જરા ઠીક લાગ્યું. સૂર્યાસ્ત થયો. ચોવિહાર પ્રત્યાખ્યાન થયા. સાયં-પ્રતિક્રમણ થયું ને પાછી એ જ તકલીફ. મોઢામાં થૂંક જ નહિ ને જીભ ખેંચાવા લાગી. બધાને ચિંતા થઈ. હવે શું કરશું? પોષ મહિનાની ઠંડી ને લાંબી રાત. બધા મારી આસપાસ બેસી ગયા. મેં કહ્યું, **'ચિંતા ન કરો. નવકારની ધુન મચાવો.'** હું પણ એક ધ્યાનથી **નવકારમહામંત્રની આરાધનામાં જોડાઈ ગઈ.** સંથારો ને સ્વાત્માલોચના કરી લીધી. અને પાછું મન નવકાર મહામંત્રમાં જોડી દીધું. હવે કદાચ જીવ જાય તો પણ હું ચિંતા-રહિત હતી. મોત ભુલાવી ન જાય એ માટે હું સાવધાન હતી. ધૂન ચાલુ જ હતી. અને એકાએક રાતે ૧૧ વાગે મોંમાં અમી આવ્યું અને નવાઈ લાગી! **મેં બધાને કહ્યું 'નવકાર મહામંત્રના પ્રભાવે મારા મોંમાં અમી આવ્યું છે. હવે તમે ચિંતા ન કરો!!'**

પણ આ રીતે રોજ થવા લાગ્યું. રોજની તકલીફ ને રોજ નવકાર મંત્રનો જાપ!' મારી ગુરુ બહેનો તથા સંસારી બહેનો જાપ આરાધના કરે. પરિસ્થિતિ ચિંતાજનક હતી. છેવટે મોરબીનાં તમામ ડૉ. તથા વૈદની પણ સારવાર લેવાઈ પણ તકલીફ દૂર થઈ નહિ. સંઘે રાજકોટથી ડૉ. બોલાવવા કહ્યું પણ મેં કહ્યું, ના હવે ડૉ. ને બોલાવવા જ નથી. **તમારી બહુ અભિલાષા હોય તો નવકારના નવલાખ જાપ જપાવો. ૬૫/૭૦ બહેનો જાપમાં જોડાયા. રોજ સતત ચાર કલાક જાપ થતો. નવ દિવસમાં જાપ થયો. અને મને સારું થતું ગયું. આજે બિલકુલ સારું છે.**

જય હો અમીદાતા મહામંત્ર નવકારનો!

'હજાર વ્યાધિ ઉપરે, નવકાર ઔષધ એક; પ્રેમેથી પીતા રહે, ને કરે રોગનો છેદ.'—૧૦૭

"નવકારથી મંત્રિત રજોહરણનો ચમત્કાર"

બાબુલાલ એ. શેઠ

થાણા જિલ્લામાં વસઈ(માણેકપુર)માં વિજળી પુરવઠો અવારનવાર ખોરવાઈ જાય છે, ઈ. સ. ૧૯૮૦માં ડૉ. દેસાઈનાં ભાણેજ એક ઑપરેશન અધૂરું હોતાં 'પાવરહાઉસમાં લાઈટ ક્યારે આવશે.' એમ પૂછવા ગયા. પોલીસે તેમનાં ઉપર લાઠી ને બંદૂકમાં જીવલેણ પ્રહાર કરી મરણને શરણ કર્યા. પોલીસનાં અત્યાચારથી મરણ થયું હોવા છતાં સ્મશાનયાત્રા શાંત રહી પણ પોલીસે જ યુવાનોને છેડ્યા ને ગામમાં દંગો થયો. તોફાની ટોળું ને પોલીસ ધર્મસ્થાનક આગળ સામસામે આવી ગયા. ધર્મસ્થાનકને મંદિર ગણીને પોલીસોએ તેના પર પથ્થરમારો કર્યો. શોરબકોરને ધડાધડથી ધર્મસ્થાનમાં બિરાજતા **પૂ. મુનિશ્રી જગદીશમુનિ નીચે આવ્યા પોલીસે તો મુનિશ્રી ઉપર પણ લાઠીમાર કર્યો. મ. સાહેબે પંચપરમેષ્ઠીની આરાધના કરી રજોહરણ પોલીસ પર ફેંક્યો. અને પોલીસો ભાગ્યા.** પણ મ. સા. પર લાઠીમાર થવાની વાતથી બહાર હુલ્લડ વધ્યું સંઘમાં કાર્યકરો તથા ગામના આગેવાનો વગેરે તુરત મહારાજ સા. પાસે પહોંચી ગયા. પણ તેમને નિજાનંદમાં મસ્ત જોઈને દિગ્મૂઢ થઈ ગયા. સૌ આગેવાનો મળીને પોલીસચોકીએ ગયા. પોલીસ તથા વસઈના નેતા તારાબાઈ વતિ પૂ. મ. સા. ની માફી માંગી.

આ સમાચાર જન્મભૂમિ પ્રવાસી તથા નવશક્તિ વ. અખબારોમાં તા. ૧૩-૧૦-'૮૪ના રોજ પ્રસિદ્ધિ થયા હતા.

અભયદાતા શ્રી નવકાર

તા. ૧૮-૯-૧૯૮૩ બકરી ઈદનો દિવસ. ઘાટકોપર સાંઘાણી એસ્ટેટ ઉપાશ્રયની બાજુમાં રસ્તા પર નવકારમંત્રનું સ્મરણ કરતા પ્રાતઃ સ્મરણીય પૂ. જયમાણેક પ્રાણ તપસ્વીજી મહારાજના સુશિષ્ય નીડર, સ્પષ્ટ તથા સત્ય વક્તા **પૂ. જગદીશ મુનિ** બકરીઓના ઝુંડ પાસે આવીને ઊભા રહ્યા, ત્યાં આગળ જાહેરમાં થનારી નિર્દોષ બકરીઓની કતલ રોકવા તથા નિર્દોષ જીવોને બચાવવાના ધ્યેય સાથે અડગ નિશ્ચય પણ તેમની કતલ નહીં કરવા સમજાવી રહેલ હતા. ત્યાં એક. અલમસ્ત કદાવર રૂષ્ટ પુષ્ટ માણસ હાથમાં છરી સાથે ધસી આવ્યો. પૂ. મહારાજશ્રી અડગ ઊભા રહ્યા. લેશ માત્ર ખચકાટ વિના તે માણસને સમજાવવા પ્રયત્ન કર્યો, વિનંતી કરી પણ તેણે જરા પણ મચક આપી નહીં. ત્યારે મહારાજ સાહેબે ફરીથી વિનંતી કરી કે 'આમ ખુલ્લી કતલ કરવી એ કાયદેસરનો ગુનો છે. હિન્દુઓની સામે આમ ખુલ્લી કતલ ન કરાય. સાધુ સંતોનું માનશો નહીં તો પરિણામ સારું નહીં આવે.'

કસાઈ ગુસ્સામાં આવી ગયો અને પુ. મ. સા. ઉપર છ ઇંચ લાંબો તથા બે ઇંચ પહોળો છરો ફેંક્યો. બચાવ ખાતર મ. સાહેબે આડો રજોહરણ ધર્યો. મ. સાહેબ જાન બચાવવા તૈયાર ન હતા. ત્યાંથી જરા પણ ડગ્યા વિના નવકારમંત્રનું સ્મરણ કરતા રજોહરણ છરાની આડે ધર્યો. છરો પડી ગયો. મહારાજ સાહેબે બદલાની ભાવનાના આવેશમાં આવેલ **કસાઈને માથે રજોહરણ ફેરવ્યો અને તે અલમસ્ત ધરતી પર ઢળી ગયો.** પોણાબે કલાક સુધી શાન ભાન વગર બેહોશ પડ્યો રહ્યો. મહારાજ સાહેબ પાસે કોઈ હથીયાર કે સાધન ન હતા કે જેનાથી તે ઈજા પામે અને હોશ ગુમાવી બેસે. ફક્ત નવકારમંત્રનો જાપ, શુદ્ધ ચારિત્ર,

---

'અવર શરણ શાને ગ્રહો છોડીને અરિહંત; કુસકા ખાંડયે નવ મળે, તાંદુલ જે ગુણવંત.'—૧૦૮

સત્ય આચરણ, મુક જીવો પ્રત્યેની 'અનુકંપા' આ તેમનું બળ હતું. નવકારમંત્રનો જાપ કરતા કરતા ઉપાશ્રયમાં કર્યા. મામલો વધારે તંગ બને અથવા આજુબાજુમાં રહેનારાને હેરાનગતી ન થાય તે માટે શ્રાવકે પોલીસમાં ખબર આપી લોકોની સલામતી માટે પોલીસ રક્ષણ માંગ્યું. પરંતુ પોલીસે કોઈ દાદ ન આપી.

પેલો પહેલવાન જેવો માણસ કે જેણે પૂ. મહારાજ સાહેબ પર છરાનો ઘા કર્યો હતો તે રજોહરણ અડતાં બેભાન થઈ જતાં ત્યાં ઊભેલી બીજી પબ્લિક રફુચક્કર થઈ ગઈ. તેઓને નકામા લફરામાં પડવું પડશે એવી દહેશત લાગી.

ત્યાં આગળ બીજા મૌલવી આવ્યા. નજરે આ બનાવ ન જોનાર મૌલવી ધમધમી ઊઠ્યા. પોલીસ બોલાવી. પૂ. મહારાજ સાહેબ ઉપર આક્ષેપ કર્યો કે, 'આ મહારાજે અમારા માણસને માર મારીને બેભાન કરી દીધો છે. તેથી શેના વડે માર મારેલ છે તેની તપાસ કરવા પોલીસ ઉપાશ્રયે આવી. પૂ. મહારાજ સાહેબે એનું હથીયાર બતાવ્યું. રજોહરણ જોઈ પોલીસ આશ્ચર્ય વ્યક્ત કરી હસવા લાગી. બધા· મૌલવીએ રજોહરણ હાથમાં લઈ જોયો. બરાબર તપાસ કરી. બધા ઠંડા પડી ગયા. પોલીસે તથા બધા મૌલવીએ મહારાજની માફી માંગી. તુરત પૂ. મહારાજ સાહેબ બેભાન પડેલ તે પહેલવાન પાસે આવી ફરીથી નવકારમંત્રનું સ્મરણ કરીને ચત્તારી મંગલનું માંગલિક સંભળાવતાં પેલો પહેલવાન શુદ્ધિમાં આવતાં પૂ. મહારાજ સાહેબ શ્રી જગદીશ મુનિશ્રીના પગમાં પડી ગયો. બકરીનું ટુંડ છોડી મૂક્યું. એક પણ બકરી કપાણી નહીં. સલામતી માટે પોલીસ આખો દિવસ બેઠી. કોઈ અઘટિત બનાવ ન બન્યો. મોટી સંખ્યામાં બકરીઓને સૌરાષ્ટ્રમાં પાંજરાપોળમાં રવાના કરી **૪૫૦ બકરાના જીવોના અભયદાતા થયા.**

આ બધું ચમત્કાર બતાવવા માટે ન હતું. જાનના જોખમે પૂ. જગદીશ મુનિશ્રીએ કરેલું આ કાર્ય અહિંસા પરમો ધર્મનો ચરિતાર્થ કરવા માટે હતું. તેમાં નવકારમંત્રનો પ્રભાવ હતો. શાશન દેવની સહાય હતી અને પૂ. જયમાણેક પ્રાણ તપસ્વીજી જેવા ગુરુની નીડર, સત્યવક્તા, શાસનની શાન વધારનાર પૂ. જગદીશ મુનિશ્રી ને આશિષનું તે ફળ છે.

"માળા સોનેરી થઈ, સુગંધથી મહેંકી ઊઠી"

સા. શ્રી સુનંદાબાઈ મહાસતીજી

થોડાં વર્ષો પહેલાં જ્યારે નવગ્રહ ભેગા થવાની વાત હતી, ત્યારે અફવાઓનું બજાર ધમધોકાર ચાલી રહ્યું હતું. ઠેકઠેકાણે ભયને ટાળવા અનેક ધાર્મિક અનુષ્ઠાનો થવા માંડ્યા. સ્થાનકમાં અખંડ જાપમાં મેં પણ મારું નામ લખાવ્યું. વહેલી સવારે સહુથી પહેલી શરૂઆત મારે કરવાની હતી. બેચાર દિવસ તો પિતાજી સાથે આવ્યા. પણ પ્રતિક્રમણ કરવા એટલાં વહેલાં બીજા કોઈ આવે નહિ એટલે એમને કલાકેક બેસી રહેવું પડે. આ માતુશ્રીને ન ગમ્યું ને એક સાંજે એમણે કહ્યું, 'કાલથી તારે જાપ કરવો હોય તો એકલી જતી રહેજે. કોઈ મૂકવા નહિ આવે.' માતાજીનાં કડક શબ્દોથી હું રડી. છતાં શાંત થઈ નવકાર ગણતાં સૂઈ ગઈ. બીજે દિવસે રોજ પ્રમાણે ઊઠી તૈયાર થઈ નવકાર

ગણતાં ચાલતી થઈ. ભય તો સાથે જ હતો. જ્યાં સ્થાનકમાં દરવાજાને હાથ લગાડ્યો, ત્યાં એક જોરદાર ત્રાડ પડી. ભયથી કાંપતી મેં સીધી દોટ મૂકી. સ્થાનકમાં બિરાજી રહેલા મહાસતીજી પ્રેમકુંવરબાઈ સ્વામી તથા કંચનબાઈ સ્વામીએ મને પકડી લીધી. પ્રેમથી મારો વાંસો પસવારતાં નવકારમંત્ર સંભળાવવા લાગ્યા. થોડી વારે હું સ્વસ્થ થઈ. તેમણે હકીકત પૂછી. મેં કહ્યું, 'આપે કંઈ પણ સાંભળ્યું નહિ?' તેમણે કહ્યું, 'ના અમે તો તારી ફક્ત ચીસ જ સાંભળી.' મેં કહ્યું, 'મને ડરાવવા કોઈ પાછળ પડ્યું હતું.' તેમણે કહ્યું, 'સારું, બેટા! હવે ડર ન રાખજે. નવકારમંત્ર પાસે કોઈનું ગજુ નથી. ચાલ હવે જાપમાં બેસી જા.' પંદરેક મિનિટે ભય શમ્યો. **જાપમાં સ્થિરતા આવી ત્યાં તો માળાનાં મણકા સોનાનાં બનતા ગયા. છેલ્લે કુમતુ પણ સોનેરી થયું. ને માળા સુગંધથી મહેંકી ઊઠી!** કલાક પછી બીજી બેને આવીને માળા હાથમાંથી લીધી ત્યારે ભયનું નામનિશાન નહોતું. હૃદયે અપૂર્વ શાન્તિ હતી.

ફરી બીજો દિવસ આવ્યો ઘરમાંથી નીકળીને ભય લાગ્યો. નવકારમંત્ર યાદ આવ્યો. શેરીની બહાર પગ મૂક્યો ને એક કૂતરો સાથે થયો. મારાથી સહસા બોલાઈ જવાયું, 'ભાઈ, તું ચાલ્યો જા! બીજી શેરીનાં કૂતરા તને હેરાન કરશે.' એણે તો મૂક ભાષામાં પૂંછડી પટપટાવી રક્ષક તરીકે સાથે રહ્યો સ્થાનક આવતા મેં કહ્યું 'ભાઈ! હવે જા' પાછું વળી જોયું તો કોઈ ન હતું. ૨૧ દિવસ નિરંતર આ બન્યું. જાપ અખંડ રહ્યો તેમ સુગંધ પણ અખંડ રહી. તેના જ પ્રભાવે મને સંયમની ભાવના જાગી.

અન્યાયી લેખનો અંત આવ્યો!

વર્ષો પહેલાં ભુજપુરમાં કોઈ પણ સંપ્રદાયમાં ક્યાંય પણ ચોમાસું ન થાય એવો તાંબાનાં પત્ર પર લેખ હતો. ૧૯૭૭ માં આઠ કોટિ મોટી પક્ષનાં જેતબાઈ સ્વામીનાં મનમાં આ વાત આવી ને તેમણે આ અન્યાયી લેખ મિટાવવા હામ ભીડી. અષાઢી પૂનમના શ્રાવક-શ્રાવિકાઓની અંગત સહાયથી ભુજપુર ચોમાસા માટે પ્રવેશ કર્યો. વિરોધીઓએ નક્કી કર્યું, કોઈ પણ સંજોગોમાં સાધ્વીજીને ગામમાં રહેવા દેવા નહિ. ગામ બહાર કાઢવા. ભુજ-અંજાર મુન્દ્રાથી સરકારી અધિકારીઓને બોલાવી ધમકીઓ આપી. વાતાવરણ ઉગ્ર બનતું જતું હતું પણ **મહાસતીજી તો અત્યંત સ્વસ્થતાથી નવકારનાં જાપમાં લીન હતા.** છેવટે મહાસતીજીએ જ રસ્તો કાઢ્યો. તેમણે કહ્યું, 'સાધુ પખ્ખી પ્રતિક્રમણ કરી લે પછી ચાતુર્માસમાં ગામ છોડી જવાય નહિ. એવો સાધુનો આચાર છે. માટે જો અમને ગામમાં ન રહેવા દેવા હોય તો અમે ચાર છીએ. અમને દરેકને સાડા ત્રણ હાથની જમીન આપો. અમારા દેહ વોસિરાવી દઈશું. આ રીતે મરીને જઈ શકાય, જીવતા નહિ. તો હવે આપને જે યોગ્ય હોય તે કરો.'

સત્યનો જય થયો. આદેશ મળ્યો. 'સુખે બિરાજો સતીજી' પણ દ્વેષી આત્માઓએ પોતાનું કામ ચાલુ રાખ્યું. ઉપાશ્રયની બહાર અનાજના દાણા વેરી જાય. લીલો ઘાસચારો નાખી જાય. જેથી મહાસતીઓ બહાર ન જઈ શકે. પણ એવા ભાવીકોએ પૂરી સેવા બજાવી. તેઓ અનાજના દાણા પક્ષીઓને નાંખી આવતાં ને ઘાસચારો જાનવરોને. છેવટે હેરાન કરવાવાળાઓએ થાકીને સાંવત્સરિક ક્ષમાપના કરી વાસ્તવમાં સત્યનો જય થયો. અન્યાયી લેખનો અંત આવ્યો. પરિણામ સ્વરૂપે દર વર્ષે ભુજપુરમાં સરસ ચોમાસા થાય છે **ને અનેક તપસ્વી સંયમી આત્માઓ પાક્યા છે.**

સાપનું ઝેર ઊતરી ગયું

તા. ૨૨-૭-૭૯નાં 'સંદેશ' દૈનિક પત્રમાં 'અગોચર મનની અજાયબી' વિભાગમાં પ્રસિદ્ધ થયેલ ઉપરોક્ત લેખનું કટિંગ શ્રી મણિલાલ વી. મહેતા (કાંદીવલી-મુંબઈ) એ મોકલાવેલ જે અત્રે સાભાર રજૂ કરવામાં આવેલ છે.

ઘણાં વર્ષો પહેલાંની વાત છે. ત્યારે જયરામભાઈ એક નાનકડા ગામની શાળામાં શિક્ષક હતા. પોતાના વતનથી ચારેક માઈલને અંતરે જ આવેલા એ ગામની શાળા એમને અનુકૂળ એ રીતે આવેલી કે વતનના ઘરમાં જ રહીને તેઓ નોકરીને સ્થળે આવ-જા કરી શકે. બે રસોડાંને બદલે એક જ થાય, અને એ લાભ ગણતરીમાં લેવા જેવો પણ હતો.

બાપદાદાઓની સમૃદ્ધ પરંપરામાં એકાએક પલટો આવેલો એટલે જયરામભાઈને આવું ગણિત માંડવું પડ્યું હતું, બાકી તો જો પાછી રિદ્ધિ અકબંધ રહી હોત કે પોતાના નાનાભાઈઓના ભણતરનો ભાર માથે ના હોત તો આ અલગારી માણસને એવા આંકડા માંડવામાં મુદ્દલે ય રસ ક્યાં હતો!

જયરામભાઈ જ્યાં નોકરી કરતા હતા એ શાળામાં એમના ગામનાં છોકરા-છોકરીઓ પણ અભ્યાસ માટે જતાં હતાં, એટલે જતાં ને આવતાં એમની સાથે મોટી વાનરસેના ઘરી ને ઘરી રહેતી. બોરડીના કંપના બોર ખાતા ખાતા કે ઝાડ પર હુપાહુપ કરતાં સામે દાંતિયાં કરતાં કરતાં આ ટોળું જાણે જયરામભાઈની સરદારી હેઠળ શાળાએ આવ-જા કરતું હતું. આ ટોળામાં પાંચમાં ધોરણનાં ટાબરિયા યે હોયને ત્યારે જે છેલ્લું હતું તે અગિયારમા ધોરણના મૂછનો દોરો ફૂટ્યો ન હોય અને અર્ધી ચડ્ડીના ગણવેષથી શરમાતા-સંકોચાતા કાઠુ કાઢેલા છોકરાઓએ હોય. જયરામભાઈને પણ આ હુપાહુપ કરતા છોકરાઓની ટોળી વચ્ચે મઝા આવતી, એમને જાણે પોતાનું બાળપણ એવું ને એવું જરા પણ મૂરઝાયા વિનાનું લીલુંછમ રહેતું લાગતું હતું.

જતાં ને આવતાં જયરામભાઈ છોકરાઓને હસી મજાકમાં, વ્યવહારના શાણપણની, ચૈડિયાંની શિખામણોની વાતો કરતા. કોઈ વાર સંસ્કૃત શ્લોકોની રમઝટ બોલતી, કોઈ વાર અંતકડી રમાતી.

હસતાં રમતાં બાળકોની વચ્ચે ગંભીર પ્રકૃતિના જયરામભાઈ હળવાકુલ બની રહેતા. એમની બહુમાનતા, એમની સરળ વાણી દ્વારા રહેતી. ભારતીય સંસ્કૃતિ, ભારતીય જીવનની પરંપરા, ઈશ્વર પરની શ્રદ્ધા, પ્રાર્થના, સ્તુતિ, મંત્રપાઠ એમ અનેકાનેક ગંભીર વિષયોની સાથે ચિત્ર-વિચિત્ર ઉખાણાં, રમૂજના ટુચકા, ગણિતના કોયડા પણ ચર્ચાતા રહેતા. હરતોફરતો એક વર્ગ હોય એમ શાળાએથી જતાં-આવતાં આ બધી બાબતોનું જ્ઞાન એ ટાબરિયાંને અણજાણપણે જ સાંપડ્યા કરતું હતું. આજે તો ક્વચિત જ જડે એવી ઊંડી આત્મીયતા શિક્ષક અને વિદ્યાર્થીઓના એ ટોળાં વચ્ચે બંધાયેલી હતી.

જયરામભાઈ પોતાના વિષયના તો નિષ્ણાત હતા જ, પણ ધર્મ પ્રત્યેના અનુપમ અનુરાગને કારણે એમણે ધર્મચિંતનની વિધ-વિધ શાખા-પ્રશાખાઓનું વાચન કર્યું હતું. મંત્ર-તંત્ર અને યોગ આરાધનાનો પણ એમાં સમાવેશ થતો. એટલું જ નહીં, હિંદુ સંતો, જૈન સાધુઓ અને મુસલમાન ઓલિયા-ફકીરો માટે એમને એકસરખો આદર હતો. આ બધી બાબતોના સંસ્કારો બાળકો ઉપર પણ સતત શ્રવણથી દૃઢમૂલ થયે જતા હતા.

આવા જ એક દિવસની આ વાત છે. બાળકોનું મોટું ટોળું જયરામભાઈની જોડે જોડે ગેલ કરતું સવારે દસેકના સુમારે વગડા વચ્ચેથી પસાર થઈ રહ્યું હતું. ત્યાં સામેથી ખભે ખાટલો ઊંચકીને આવતા આઠ-દસ માણસોનું ટોળું એમને સામું મળ્યું, કુતૂહલથી છોકરાઓ કોરાણે ખસી ઊંચી ડોકે ઊભા રહી ગયા.

કોઈ માણસને સાપ કરડી ગયો હતો. અને ઝેર ચઢી ગયા પછી એ બેહોશ થઈ ગયો હતો. એનું ઝેર ઉતરાવવા એનાં સગાંસંબંધીઓ કોઈ જાણીતા ગારુડીને ત્યાં એને ખાટલામાં નાંખીને લઈ જતા હતા.

એક વાચાળ છોકરાએ જયરામ ભાઈને ઓચિંતો પ્રશ્ન કર્યો, 'કાકા, ગારુડી ઝેર શી રીતે ઉતારતો હશે?' છોકરાઓ જયરામભાઈને કાકા કહેતા હતા. બીજા એક મોટા છોકરાએ પોતાનું જ્ઞાન દર્શાવવા કાકા કંઈ બોલે એ પહેલાં જ જવાબ વાળ્યો, 'મંતર મારીને.' બધાં છોકરાઓના કાન સતેજ થઈ ગયા, કાકા શું કહે છે? પણ કાકા કંઈ બોલ્યા જ નહિ. એમના મૌનનું જાણે સાટું વાળવું હોય તેમ પેલા પ્રશ્ન પૂછનાર છોકરાએ કહ્યું, કાકા મંતર તો તમને ય આવડે છે. તમે સાપનું ઝેર ઉતારી દો ને! સૂમસામ ઊભેલા છોકરાઓના ટોળામાંથી શોરબકોરનો મોટો ઘોઘ ફાટી નીકળ્યો. બધા કહે, કાકા તમે જ ઝેર ઉતારો ના તમે જ ઉતારો.

આટલી બૂમાબૂમથી ખાટલો ઉપાડીને જતા પેલા લોકો થંભી ગયા, એક બે છોકરા દોડીને એમને પાછા બોલાવી લાવ્યા. છોકરાઓએ હવે હઠ પકડી હતી, કાકાએ હવે કશુંક તો કરવું જ પડે તેમ હતું, એ સિવાય છોકરાઓ એમનો છેડો છોડે તેમ નહોતું.

ગાડાવાટમાંથી ખસી, પાસેના ખેતરમાં ખાટલો લઈ લેવાની જયરામભાઈએ સૂચના આપી. છોકરાઓનું ટોળું પણ છીંડામાંથી થઈ ખેતરમાં પ્રવેશ્યું, અને વચ્ચે મૂકેલા ખાટલાથી થોડેક દૂર બધા કૂંડાળે વળી ઊભા રહી ગયા.

જયરામભાઈએ કદી આવો પ્રયોગ કર્યો નહોતો, કે ઝેર ઉતારવાના ગારુડીના મંત્રો પણ તેઓ જાણતા નહોતા, પણ એમને નવકારમંત્ર પર ગજબની શ્રદ્ધા હતી. એમણે ઈષ્ટદેવનું સ્મરણ કરી નવકાર ભણવાનું શરૂ કરી દીધું. બધાં જોનારાનાં શ્વાસ જાણે થંભી ગયા હતા. બધા જાણે નિશ્ચેતન પૂતળાં હોય એમ સ્થિર ઊભા હતા. સમય જાણે થંભી ગયો હતો, પવન પડી ગયો હતો, પંખીઓ પણ જાણે કૂંજન ભૂલી શિસ્તબદ્ધ રીતે સૂમસામ ઊભેલા આ માનવટોળાને સહકાર આપી રહ્યાં. જયરામભાઈના હોઠ હાલતા હતા, પણ મંત્રોચ્ચાર મનમાં થતા હતા.

સ્તબ્ધ અને ચિત્રવત્ બની ગયેલી આ સૃષ્ટિમાં થોડી વારે કંઈક સંચાર થયો. ખાટલામાં માથે મોઢે પછેડી ઓઢાડીને સુવાડેલો પેલો જણ થોડુંક હાલ્યો. પછી થોડી વાર પડખું ફર્યો, અને ત્યાર બાદ અચાનક ઊભો થઈ ઓકવા લાગ્યો. કેટલી બધી વાર સુધી એ ઊલટી કરતો રહ્યો. થોડી વારે એની ચકળવકળ થતી કીકીઓ સ્થિર થઈ ગઈ. એ પછેડીથી મોં લૂછી ખાટલામાંથી ઊભો થયો. એનું ઝેર ઊતરી ગયું હતું.

આજે પણ જયરામભાઈને તો આ બધું શી રીતે બન્યું એની એટલી જ નવાઈ લાગે છે. પણ એ વખતે જે ટાબરિયાં હતાં અને હવે મોટા પુખ્ત યુવાનનો બન્યા છે, તેઓ કદીક જયરામભાઈને મળે ત્યારે આ પ્રસંગ યાદ કર્યા વિના રહેતા નથી, ને ત્યારે એમની આંખોમાં ચમકતી આદરની લાગણી જયરામભાઈને ગદ્‌ગદ કરી મૂકે છે. અને નવકારમંત્રમાંની એમની શ્રદ્ધા વધુ ને વધુ દૃઢ બને છે.

"ચિંતા ચૂરણહાર નવકાર"

શ્રી રંજનબેન આણંદજી ગડા
ગામ-કચ્છ ખારુઆવાલા, ડોંબીવલી (પૂર્વ) જિ. થાણા

અચલગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં શિખરજીથી સિદ્ધાચલજી મહાતીર્થના છ'રીપાલક સંઘમાં તા. ૧૧-૩-૮૫ ફાગણ વદ પાંચમ સોમવારના નિત્યનિયમ પ્રમાણે સવારે આબુજી પહાડ ચડવાનું શરૂ કર્યું. ઉપર આબુ દેલવાડાં, અચલગઢ દર્શન કરી આવ્યા. આબુથી નવા યાત્રિકો પણ આ પદયાત્રામાં જોડાવાના હતા. જેમાં મારા બાપુજી તથા નાની બેબી સોનલ (૫ વર્ષ) આવેલા. ઉપર બધા મળ્યા ત્યારે તો આનંદ થયો. પરંતુ બીજા દિવસે તો. ૧૨-૩-૮૫ના પાછો તળેટીએ મુકામ હોવાથી વહેલી નીચે ઉતરી જવાનું હતું.

દિવસની નિત્ય આરાધના પૂર્ણ થયા બાદ સાંજે પ્રતિક્રમણ બાદ નવકારમંત્ર ગણી સૂવાની તૈયારી કરી. પરંતુ મનમાં એક વાત એવી સતાવી રહી હતી કે ન કોઈને કહેવાય ન સહેવાય. કારણ બાપુજીની નજર ખૂબ જ ઓછી પડે અને સાથે નાની બેબી હતી. મને એટલી ફિકર થતી હતી કે આટલી વહેલી પરોઢે હું બાપુજીનો હાથ પકડીશ કે બેબીને તેડીને જઈશ? કશી ગમ પડતી ન હતી. ચિંતામાં આખી રાત્રિ ઊંઘ ન આવી. **આખી રાત્રિ નવકારમંત્રનું ધ્યાન ધર્યું. મારી ચિન્તા પરમેષ્ઠી ભગવંતોને સોંપી દીધી. મનમાં નક્કી કર્યું કે નવકાર મારી રક્ષા કરશે.**

અને ખરેખર નમસ્કાર મહામંત્રથી એક ઘટના સર્જાઈ. ઊઠીને પ્રતિક્રમણ કર્યું. ત્યાં જ માઈકમાં જાહેર ખબર સાંભળી કે, 'કોઈએ વહેલા વિહાર કરવાનો નથી. પૂ. મુનિ શ્રી તીર્થરત્ન સાગરજીની વડી દીક્ષા આબુ તીર્થમાં થશે. ત્યારબાદ સહુએ પ્રયાણ કરવાનું રહેશે.' તે સાંભળી મારા દિલમાં કેટલી શાંતિ... કેટલો આનંદ થયો હશે તે કલ્પવું મુશ્કેલ છે. પરંતુ આ બધો પ્રભાવ મહામંત્રનો જ.

વડી દીક્ષા પૂર્ણ થયા બાદ પહાડ ઉતરવાનું શરૂ કર્યું. ૫ વર્ષની બેબી આટલું ચાલી તો ન શકે પરંતુ એક અખૂટ ખજાનાનો અનુભવ થતાં મનમાં જરા પણ બીક ન હતી. બસ નવકારમંત્રનું સ્મરણ કરતી બેબીને તેડીને આખો પહાડ ઊતરી ગઈ. તેમાં બિલકુલ થાક લાગ્યો નહિ. ઉલટાનું હૈયું કોઈ અનેરી પ્રસન્નતા અનુભવી રહ્યું હતું.

ત્યાર બાદ જીરાવલ્લી પહોંચ્યાં. ત્યાં નવા યાત્રિકોને બિલ્લાબેડિંગ મળ્યા. ત્યારે સંઘના વાઈસ કન્વીનર શ્રી કિરણભાઈ એ એકદમ કહી દીધું કે આટલી નાની બેબી સંઘમાં ન ચાલે. એને પહેલાં ઘરે મૂકી આવો. સોનલ નાની હતી. છતાં એ ઘરેથી નીકળી ત્યારથી જ એને દાદાના દર્શન કરવાની ઝંખના જાગેલી. એ અમને કહેતી, 'મમ્મી હું તમારી જોડે ચાલીશ.' પાલીતાણા દાદાના દર્શન કરવાની એની તાલાવેલી વધતી જતી હતી. દરરોજ ભગવાનના દર્શન કરતાં પ્રાર્થના કરતી, કાલીઘેલી ભાષામાં કહેતી કે, 'હે ભગવાન! મને દાદાના દર્શન કરાવજો. અરે...સાંજે આચાર્ય સાહેબને વંદન કરવા જતી તો ત્યાં પણ કહેતી કે, **'મહારાજ સાહેબ મને એવા આશીર્વાદ આપો કે હું દાદાના દર્શન કરી શકું.' મેં બેબીને કહ્યું કે તું નવકારનું રટણ કરતી રહેજે. તો જરૂર દાદાનાં દર્શન થશે.**

એના બાળમાનસમાં વાત એવી બેસી ગયેલી કે ઘણી વાર રાતના ઊંઘમાં પણ એના હોઠ ફફડતા તો, 'હે દાદા—નમો અરિહંતાણ...' શબ્દો નીકળતા! આવી રીતે શંખેશ્વર તીર્થ પહોંચી

આવ્યું. શંખેશ્વર તીર્થ આવતાં જ કિરણભાઈએ કહ્યું કે આજે બેબીને મોકલી દેશો. મેં કહ્યું ભલે, પરન્તુ મનમાં તો ચિંતા થતી હતી. આ બાજુ સોનલ કહે, 'જો મને ઘરે મૂકી આવશો. તો હું તમને જવા નહિ દઉં.' પછી તો અમે દાદાના દર્શન કરવા ગયા. ત્યાં પૂજા કરી અને બસ દાદાના ધ્યાનમાં બેસી ગયા. થોડા સમય બાદ મેં આંખો ખોલી તો મારા આશ્ચર્ય વચ્ચે ત્યાં મારી ફોઈએ જણાવ્યું કે, 'અમે તો પાલીતાણા દર્શન કરવા જવાનાં હતાં. ત્યાં રસ્તામાં કુઆએ કહ્યું કે, 'ચાલો શંખેશ્વર જતાં આવીએ. સંઘનાં પણ દર્શન થશે.' અને રસ્તામાં વિચાર બદલતાં અમે શંખેશ્વર આવ્યા. હવે કાલે પાલીતાણા જઈશું. ત્યાં દાદાને ભેટી પછી કચ્છમાં જઈશું. આવો ચમત્કાર જોઈ મારા આનંદનો પાર ન રહ્યો. બેબીને ફોઈ સાથે પાલીતાણા મોકલી દીધી. ત્યાં દાદાના દર્શન કર્યા પછી ઘરે પણ પહોંચી ગઈ. ખરેખર નમસ્કાર છે ત્યાં ચમત્કાર અચૂક સર્જાય છે.

જો એ સ્મરણ અવિરત પણે ચાલુ જ રહે તો ખરેખર આત્માનો ઉદ્ધાર થયા વિના રહે જ નહિ.

'અનિષ્ટોને અટકાવનાર મહામંત્ર નવકાર'

વૈદ્યરાજ કાંતિલાલ દેવચંદ શાહ

મુ. પો. ઝીંઝુવાડા, વાયા વીરમગામ.

વિ. સં. ૧૯૮૩-૮૪માં અનુયોગાચાર્ય પૂ. શ્રી ખાંતિવિજયજી મ.સા.નું ઝીંઝુવાડામાં ચાતુર્માસ થતાં દસ વર્ષની વયે તેમનો સમાગમ થયો. બાલ્યવયમાં માતાપિતા ગુજરી જતાં પિતાજીનાં મોટા ભાઈ વૈદ્ય પાનાચંદભાઈજીની છાયામાં તેમનાં સર્વ ધર્મસંસ્કાર સાથે નવકાર મંત્ર પ્રત્યે અપૂર્વ શ્રદ્ધા પણ ભેટ મળી.

પૂ. સુવિહિત મુનિવરોનાં અવારનવાર ચાતુર્માસ તથા આચાર્યો તેમજ તેમનાં પરિવારનું અવારનવાર આવાગમન થવાને કારણે નવકાર મંત્ર ઉપરનાં મનનીય પ્રવચનો નવકાર મંત્રની સમૂહ આરાધના તેમજ અત્યુત્તમ સાહિત્યનાં વાંચન, શ્રવણ અને મનનથી શ્રી નવકારમંત્ર પ્રત્યે અવિચલ પ્રેમ જાગ્યો. **જેમ જેમ નવકારમંત્રનાં જાપનું પ્રમાણ વધવા માંડ્યું, તેમ તેમ નવકારમંત્રનું અદશ્ય બળ પ્રગટવા લાગ્યું. જેને કારણે જીવનમાં પ્રત્યેક પળ જાણે કે નવકારમંત્રની સાથે જ વીતતી.**

નીચે મુજબના નાના-મોટા અનેક પરચાઓએ નવકાર પ્રત્યેની મારી શ્રદ્ધામાં વૃદ્ધિ કરી.

બાલ્યવયમાં મિત્રની સાથે કપડાં ધોવા ગયો હતો. કપડાં ધોઈ રહ્યા પછી તળાવમાં નહાવા પડ્યા. ન્હાવાની મસ્તીમાં ઊંડા પાણીનો ખ્યાલ ન રહ્યો. ડૂબવા લાગ્યા. જો મદદ ન આવત તો ચોક્કસ ડૂબી જાત પણ કોઈક અજાણી વ્યક્તિએ બંને જણાના બંને હાથ ઝાલી બહાર કાઢ્યા. અમે સ્ફુર્તિમાં આવીએ તે પહેલાં તે વ્યક્તિ ચાલી ગઈ...!

卐 卐 卐

સંવત ૧૯૯૫નાં પોષ સુદી ૯ની પ્રભાતે નવકારમંત્રનો, ચમત્કારી યોગ જોયો. પરોપકારી પાનાચંદભાઈજી કે જેમની આખી જિંદગી પરોપકારમાં જ પસાર થઈ હતી, તેમના નાના ભાઈ દેવચંદભાઈનાં પત્ની અર્થાત્ મારાં માતૃશ્રી ને પ્રભાતે છાણાનાં મોઢવામાંથી છાણા લેતાં જમણા હાથની ત્રીજી આંગળીએ ભયંકર કાળા નાગે ડંશ દીધો. તેઓ બેશુદ્ધ થઈને ઢળી પડ્યા. ભાઈજીએ **જરા પણ ગભરાયા વગર નવકારમંત્રનું સ્મરણ કરીને જીવનાં જોખમે પોતાનાં મુખથી એ ડંશનું ઝેર**

ચૂસવા માંડ્યું. ડંશ ચુસતા જાય અને મીઠાનાં પાણીનાં તથા તલનાં તેલનાં કોગળા કરતા જાય. ભેગા થયેલા સૌ આ જોઈ આશ્ચર્યમુગ્ધ બન્યા. લાગલગાટ ત્રણ કલાક સુધી ઝેર ચૂસ્યું અને શરીરમાંથી ઝેર અલિપ્ત થઈ ગયું. માતૃશ્રી શુદ્ધિમાં આવી ગયા. મૃત્યુનો ભય હઠી ગયો અને ચારેકોરથી ધન્યવાદની વૃષ્ટિ થઈ.

卐 卐 卐

ભાઈજીની આખર અવસ્થામાં સંવત ૧૯૯૫નાં પોષ સુદિ નોમનાં એમની તબિયત ખૂબ બગડી. પાણીનો શોષ પડવા લાગ્યો. ઘરમાં સૌને કહ્યું. મારી પાછળ રડશો નહિ. સૌએ અનુમતિ આપી. રાતે ખાંસી અને કફનો ઉપદ્રવ ઘણો જ રહેતો. પણ તેઓ સમતાભાવે રહેતા. નોમની રાત્રે ગળામાં કફ ભરાઈ ગયો. નીકળી શક્યો નહિ. બે ચમચી પાણી પીવાથી કફનો ઉપદ્રવ કંઈક શાંત થયો. પ્રભાતે ચાર વાગે બેઠા થઈ ગયા. ધીમેધીમે બધા સાંભળી શકે તેમ નવકારમંત્ર બોલવા લાગ્યા. નવકાર બોલી રહ્યા અને પથારીમાં ઢળી પડ્યા! શરીર છોડી એ દિવ્ય આત્મા... ઊર્ધ્વગામી બન્યો. આ ચમત્કાર જોઈ નવકારમંત્ર પ્રત્યે એટલો પ્રેમ પ્રગટ્યો કે જેનું વર્ણન થઈ શકે નહીં.

卐 卐 卐

એક સમયે વણઝારાની પોઠ આવી હતી. તેમાં આવેલા ઘઉં જોતો હતો, ત્યાં એક સિપાઈએ આવીને કહ્યું, 'તમને ફોજદાર બોલાવે છે.' સિપાઈ સાદા વેષમાં હતો. મેં કહ્યું, 'હમણાં હું કામમાં છું. તો કલાક પછી આવીશ.' પછી તો વાત જ ભુલાઈ ગઈ. પંદર-વીશ દિવસ પછી બજાણા મેજિસ્ટ્રેટ કોર્ટ તરફથી સમન્સ આવ્યો કે, તમે પોલીસનાં કહ્યાં છતાં પંચમાં ગયા નથી. તો તમારા પર પોલીસ કેસ થયો છે. તમારે લખેલ તારીખે કોર્ટમાં હાજર થવું. રજમાંથી ગજ થયું. મુદતે સમયસર બાદ નવકાર ગણી કોર્ટનાં બારણામાં પ્રવેશ કર્યો. જુબાની શરૂ થઈ. નામ, ગામ, અટક વ. લખ્યું. પછી પૂછ્યું. ધંધો શું? મેં કહ્યું, મેડીકલ પ્રૅક્ટિશનર અને સાહેબે હાથમાંથી પેન મુકી અને પૂછ્યું, 'તમે ગુનો કબુલ કરો છો?' મેં કહ્યું, 'સાહેબ, મેં કાંઈ ગુનો કર્યો જ નથી.' પછી દસ બાર લીટી જેટલું લખાણ કરી મને કહ્યું, 'તમને નિર્દોષ જાહેર કરવામાં આવે છે. પોલીસ પ્રોસીક્યુટરને કહ્યું કે, 'આમનો ધંધો રજીસ્ટર્ડ વૈદ્ય તરીકેનો છે. એ દર્દીને તપાસતાં હોય, દર્દીને ઘરે જવાની ઉતાવળમાં હોય, તો એ પંચમાં કેવી રીતે આવી શકે? એટલું જ નહિ પણ તમે ધારાસર નોટીસ પણ નથી આપી.' આમ મને નિર્દોષ જાહેર કર્યો.

આવા તો નાના-મોટા અનેક પરચાઓએ મારા હૃદયમાં શ્રી નવકાર મહામંત્ર પ્રત્યેની શ્રદ્ધાને ખૂબ જ સુદૃઢ બનાવી છે. પરિણામે આજે સં. ૨૦૪૧ની ચાલુ સુધીમાં ૭૧ વર્ષની વયમાં ૮૧ લાખ નવકાર જાપ પૂર્ણ થયેલ છે. ૧ કોડ જાપ પૂર્ણ કરવાની ભાવના શાસનદેવ પૂર્ણ કરો એ જ અભ્યર્થના છે.

"ગળાની ગાંઠ ગાયબ થઈ!"

મુનિશ્રી અમીચંદજી મહારાજ
'બોટાદ સંપ્રદાય'

ચૂડા(સૌરાષ્ટ્ર)નાં અ. સૌ. સમજુબેન ખીમજીભાઈ પટેલને ગળે અજ્ઞાત ગાંઠ નીકળી હતી. ગળામાં પાણી પણ ઊતરે નહીં. તે જમાનામાં વિલાયતી દવા કે ઇંજેકશનોનો ગ્રામ્ય પ્રજામાં બહુ પ્રચાર નહોતો. તેમજ વિલાયતી દવા/ઇંજેકશન લેવાય નહિ. તેવી માન્યતા છતાં પરિવારનાં આગ્રહથી ૫૦/૬૦ રૂ.ની દવા/ઇંજેક્શન લેવડાવવા તૈયાર કર્યા. ત્યાં અમે વિહાર કરતાં ચૂડા પહોંચ્યા. સમજુબહેન તેના પરિવાર સાથે વંદનાર્થે આવ્યા. ઔપચારિક વાર્તાલાપ અને ધર્મધ્યાનનો ઉપદેશ આપ્યો. સાથેના બહેન ચંદનબેને સમજુબેનની વેદનાની વાત કરી. મારાથી સહજ કહેવાઈ ગયું. **'આપણે પટેલો, ખડતલ શરીરવાળાને વિલાયતી દવા/ઇંજેક્શન લેવાય? દયા ધર્મ કરી મહામંત્ર નવકારનું સ્મરણ કર્યો.'** આ સાંભળી બહેને મનમાં ગાંઠ વાળી. અનેક સમજાવટ છતાં દવા લીધી નહીં. **શ્રદ્ધાપૂર્વક નવકારનું સ્મરણ કરતાં રહ્યાં. અજબ ચમત્કાર થયો.** તે જ રાત્રે ગળામાં આરામ થઈ ગયો. જ્યાં પાણી પણ નહોતું જતું ત્યાં સવારે દૂધ લીધું. સાંજે ખીચડી દૂધ અને બીજે દિવસે જાડા બાજરીના રોટલા પણ!!!

"જલોદર જબ્બે થયું!"

બધુકોટનાં એક રાજપુત બહેનને જલોદર થઈ ગયો હતો. વૈદ્યોનાં અનેક ઉપચારો છતાં ફરક નહોતો પડતો. અમે વિહાર કરીને ત્યાં ગયા ત્યારે બહેને પોતાની પીડાની વાત કરી. અને પીડાતા મરવા કરતાં ભગવાનની ભક્તિ કરતા મરવું એવી ભાવના વ્યક્ત કરી. તેમની શ્રદ્ધા ને ભાવના જોઈ નવકારમંત્રનો પાઠ કરાવ્યો. તેમની ઇચ્છા મુજબ એકાંતરા ઉપવાસની પ્રેરણા કરી. અચિત્ત પાણી વગેરેની સમજ આપી. ત્રણેક માસ એકાંતરા ઉપવાસ, નવકાર જાપ તથા ભક્તામર સ્તોત્રની ૪૧ મી ગાથા ઉદ્‌ભૂત...ની આખી માળા ગણ્યા બાદ દર્દ ગયું. પીડા ગઈ. નવકાર પર શ્રદ્ધા દઢ થઈ.

"કૂતરાએ પ્રતિક્રમણ (પીછેહઠ) કર્યું!"

કચ્છપ્રદેશમાં અંજારથી ૧ કિ. મી. દૂર વિહાર કરતાં સાથેનાં સાધુએ પાછળ રહી ગયા હતા. એક મોટો વાઘ જેવો કૂતરો સામે આવ્યો. બે પગે છાતી પર ઊભો થઈ મોઢે બટકું ભરવાની તૈયારીમાં હતો. મૌન હોવાથી લાકડીથી દૂર રાખવા નિર્દોષ પ્રયાસ કર્યો પણ નિષ્ફળ. મોટેથી નવકાર બોલવા લાગ્યો. કૂતો ઘેરો છોડી નહિ. જલદીથી ભાગીને રોડની એક બાજુ બેસી નિર્ભય મને નવકાર ગણવા લાગ્યો અને આશ્ચર્ય સાથે આક્રમણ કરવાનું છોડી પાછળ પગે ધુળ ઉડાડતો તે જતો રહ્યો.

"પીરની નડતર દૂર થઈ"

પાળિયાદનાં એક યુવાનને મુસલમાન પીરની જગ્યાથી નડતર થઈ. ઘરે આવી ઉર્દુ ભાષામાં અસંબદ્ધ વાર્તાલાપ કરવા લાગ્યો. તીર્થંકર ભગવાન દેવીનો પાઠ કરતાં તે પીર શરીરમાં પ્રવેશી બોલવા લાગ્યો. 'મૈં ઉનકો નહિ છોડૂંગા, મેરી જગહકો ઇસને નાપાક કર દી. મૈં ઇસકી જાન લૂંગા.' મહામંત્ર નવકારનો જાપ કરી મેં પ્રતિકાર કર્યો, ''ફિરસ્તોંકો તો બચ્ચોંકી ભૂલ માફ કરની ચાહિએ. વગેરે વગેરે છેવટે તેણે કહ્યું, કે આપ કહો છો એટલે હું ચાલ્યો જાઉં છું. ત્યાર બાદ તે યુવાન સ્વસ્થ થઈને આજે મુંબઈમાં સુખપૂર્વક જીવન ગાળે છે. તેના કહેવા મુજબ **પીરે** જતાં જતાં

કહ્યું કે તમારા ગુરુ અને ધર્મ પર શ્રદ્ધા રાખજો. જૈનગુરુ તમારી રક્ષા કરનાર છે. હવે હું તમને હેરાન નહિ કરું.

"નાગ નાસી ગયો"

બોટાદનાં ધર્મપ્રેમી રસિકભાઈ ગોંડાલાલ વોરા (રેલવે ક્લાર્ક) રેલવેનાં માલની હેરફેર કરાવતા નોંધ કરતાં વેગનમાં ઊભા હતા. મજૂરો નીચે ઊભા હતા. એવામાં વેગનનાં કોઈ ખૂણામાંથી નીકળેલા ભયંકર નાગે રસિકભાઈના પગ પર ઠીંચણ સુધી ભરડો લીધો. નોટ-પેન્સિલ હાથમાં રહી ગયા. રસિકભાઈ સ્વસ્થતાથી નવકારમંત્રનું સ્મરણ કરવા લાગ્યા. મજૂરો રાડો પાડવા લાગ્યા. બાકી રહેલ મજૂરો વેગનમાંથી કૂદકો મારી નીચે ઊતરી ગયા પણ વોરાસાહેબ તો ધ્યાનસ્થ યોગીની જેમ ઊભા રહી નવકારમંત્રનું સ્મરણ કરતા જ રહ્યા. નાગ પગેથી નીચે ઊતરી વેગનની બહાર નીકળી ગયો. રસિકભાઈ હજી એમ જ માને છે કે નાગ પગે વળગેલો જ છે. હકીકતમાં નાગે લીધેલા ભરડાની અસર હતી. મજૂરો અને અન્ય દર્શકોએ નજીક આવી સાવધાન કરી આંખો ખોલવા કહ્યું ત્યારે શ્રદ્ધાપૂર્વક આંખો ખોલી કહેવા લાગ્યા : આ બધો નવકારમંત્રનો પ્રતાપ!

"જંગલમાં મંગલ થયું"

આ પ્રસંગ પણ રસિકભાઈના જીવનનો જ છે. તેઓશ્રીને ગાર્ડ તરીકેની બઢતી મળતાં એક વાર ગુડ્ઝ લઈ જઈ રહ્યા હતા. ડબ્બામાં કાંઈ ખામી થતાં એન્જિનને છૂટું કરી એન્જિન તથા ડ્રાઈવર આગલા સ્ટેશને રવાના થયા. ગુડ્ઝ ટ્રેઈનમાં ઘણો માલ, અંધારી રાત, જંગલ પ્રદેશમાં હાથમાં લાલબત્તી લઈ ક્લાકો સુધી નવકારનો જાપ કરતાં એકલા રહ્યા હતા. અમુક કલાકો પછી એન્જિન આગલા સ્ટેશનના માસ્તર અને રેલવેનાં કર્મચારીઓને લઈને પાછું આવ્યું. માલગાડીને વ્યવસ્થિત કરી યથાસ્થાને નિર્વિઘ્નતાએ પહોંચી ગયા.

જીવનદાતા શ્રી નવકાર

કરમશી માણેકજી શાહ

૨૦૮, ગિરિરાજ એપાર્ટમેન્ટસ ગિરિરાજ થીએટર પાછળ, નવસારી. (જી. વલસાડ)

ચૌદ પૂર્વના સારરૂપ નવકાર મહામંત્રની નિયમિત આરાધના કરનારને તો અનેક લાભ થાય જ પણ છેવટે આપત્તિ સમયે પણ મહામંત્રના શરણે જનાર આત્મા એ આપત્તિમાંથી હેમખેમ પાર ઉતરી જાય છે, તે અંગે અહીં મારા જીવનનો એક અનુભવ રજૂ કરું છું.

મારી એક બેબી નામે શીતલ ઉ. વ. ૮ તથા એક બાબો ઉદયન ઉ. વ. ૩૫ બંને સ્કૂલમાં ભણે છે. સ્કૂલમાં ભણતા હોઈ આજુબાજુના નાના બાળકોના માથામાંથી જૂ એકબીજા બાળકો પર આવી જાય છે. મારી પત્નીને જમણા હાથનો લકવા હોઈ બાળકોના વાળ ઓળવાની તકલીફ રહે છે. ગઈ સાલ શનિવાર તા. ૭-૭-૮૪ના રોજ બજારમાંથી જૂ નિવારવાની દવા ખરીદી અને રાતે દસ વાગ્યે સૂતી વખતે બંને બાળકોને દવા લગાવી અમે સૂઈ ગયા. પંખો ઉપર ચાલુ હતો, રૂમના દરવાજા-બારી બંધ હતા, મારી બાજુમાં મારો બાબો સૂતો હતો. સવારના ચાર કલાકે ઓચિંતો ઊઠીને ગભરાટમાં "કરંટ લાગે છે" એમ લવારા કરવા લાગ્યો. મેં લાઈટ ચાલુ કરી જોયું કે કોઈ વાયર તૂટેલ નથી, ઉંદર કે કોઈ જીવ-જંતુએ વાયર તોડેલ

નથી. વળી પાંચ વાગે પાછો બૂમો મારી ત્યારે મોંઢામાંથી ફીણ નીકળતા હતા.

તે વખતે મારી બેબીને પણ મોઢામાંથી ફીણ નીકળવા લાગ્યા. બંને બાળકો બેભાન થઈ ગયા. મેં તરત જ બંને બાળકોને સીવીલ હૉસ્પીટલમાં દાખલ કર્યાં. ડૉકટરો ગભરાઈ ગયા હતા. **મેં નવકારમંત્ર બોલવાનું શરૂ કર્યું.** બાબો નાનો હોવાથી તેને દવાની વધુ અસર હતી ઈલેકટ્રિક મોટર જેમ કૂવામાંથી પાણી ખેંચે તેમ નાકમાં ઝીણી પ્લાસ્ટિકની નળી દાખલ કરી. ફેફસામાંથી ઝેરી દવા નાની મોટરની મદદથી ખેંચાવા માંડી અને ઝેર ઓછું કરવામાં આવ્યું. ઑક્સિજન વાયુના બાટલા બંને માટે ચાલુ કર્યા. બંનેના ઝેરી દવાવાળા વાળ કાપી નાખ્યા. તા. ૮-૭-૮૪ના રવિવાર હોઈ, સવારના મેડીકલ દુકાનો મોડેથી ખુલે, દવા માટે રીક્ષામાં બેસી ફાંફાં મારવાં પડ્યાં. **સતત નવકાર મંત્ર ચાલુ રાખેલ.** મેં દઢ મનોબળ રાખી દવાઓ આમતેમથી ભેગી કરાવી સવારના દશ વાગ્યા સુધી ૬૫ ઇંજેક્શન અને ૮-૯ તારીખના કુલ્લે ૧૨૦ ઇંજેક્શન ઝેરી દવાના મારણ રૂપે વપરાયા. સાંજના ચાર વાગ્યા સુધી ઑક્સિજન વાયુ પર બંને બાળકો હતા. એ દરમ્યાન પડોશીઓને ખબર પડી. તેઓ સૌ કોઈ તેમજ નાના બાળકો તેમના મિત્રોને મળવા દોડી આવ્યા. ડૉકટરો તથા હૉસ્પિટલ સ્ટાફને સારવારમાં મુશ્કેલી વધવા માંડી તેમણે વિનંતીઓ કરી. સીવીલ હૉસ્પિટલ અમારા મહોલ્લાની સામે જ છે એટલે લાગણીથી પ્રેરાઈને ટોળાં ઉમટવા લાગ્યા. વળી મુંબઈ ખાતે ટ્રંક કોલ જોડી પડોશીઓએ સગાં સબંધીઓને જાણ કરી દીધી અને ત્યાં પણ બધાના જીવ ઉચક હતા સાંજના ચાર વાગ્યા સુધી બંનેના જીવન ભયમાં હતા. બંને બાળકો બેભાન હતા. સવારના નવ વાગ્યે પોલીસ આવી તપાસ કરી ગઈ. મારી જુબાની લીધી. 'તમે વધુ ભણેલા લોકો બંને બાળકોના જીવન જોડે ચેડાં કર્યા છે.' એમ કહ્યું, વાળનાં સેમ્પલ લઈ ગયા. દવાની બાટલી તો નાખી દીધેલી એટલે મળી નહિ. **મેં ઉવસગ્ગહરં મંત્ર ૨૭ વાર ગણીને નવકાર મંત્ર રટવાનું ચાલુ જ રાખ્યું. મુંબઈથી સગાંવહાલાં દોડી આવ્યાં. તેમણે પણ નવકાર મંત્રનો ઉપયોગ રાખ્યો.**

રાત્રે બંને બાળકો કંઈક ભાનમાં આવતાં બકવાસ ચાલુ કર્યો. પોલીસને તો તેમાં જ રસ હોય. મેં મારા ઓળખીતા એક વકીલનો સંપર્ક સાધી પોલીસને સમજાવ્યા કે અમને બે જ બાળકો છે. બંનેને ગેરસમજથી ભૂલથી ઝેરી દવા વાળમાં નંખાયેલ હોવાથી આ બનાવ બનવા પામ્યો છે. આની પાછળ કોઈ ખોટો ઈરાદો નહોતો. **આખી રાતના ઉજાગરા સાથે નવકાર મંત્રનું રટણ ચાલુ હતું.** બીજે દિવસે પત્ની, પડોશીઓ તથા સ્નેહીઓના સંપર્ક બાદ પોલીસે વિગતવાર અહેવાલ તૈયાર કર્યો. બંને બાળકોના જીવન સવારના ફૂલ ખીલે તેમ મહોરી ઊઠેલા.

ઉવસગ્ગહરં/નવકારમંત્રના બળે-બંને બાળકોની જીવાદોરી અમુક ક્ષણોમાં પૂરી થઈ જાય તેમ હોવા છતાં દરેક વસ્તુ જરૂરિયાત સમયે મુશ્કેલીઓનો સામનો કરી મેળવવામાં સફળતા મળી. મારા જીવનનો આ એક સચોટ દાખલો ઉવસગ્ગહરં તથા નવકારમંત્રમાં ઊંડી શ્રદ્ધા રાખનારને જરૂર ફળદાયી નિવડશે.

"સાગર શાંત થયો!"

શ્રી પદમશીભાઈ ખીમજી છેડા
૧૪, નવયુગ સોસાયટી, રોડ-૪, વીલેપારલા જુહુસ્કીમ,
મુંબઈ-૫૬. ફોન : ૫૭૦૫૭૬

અત્યારે મારી ઉંમર ૫૮ વરસની છે. હું જ્યારે નાનો નિશાળીયો હતો અને કચ્છ ગોધરામાં દરબારી સ્કૂલમાં ભણતો હતો. તે વખતે વાહન વ્યવહાર બહુ ઓછા હતા. કચ્છ અબડાસાનાં તીર્થો જેવા કે સુથરી, કોઠારા, નળીયા વગેરે ઠેકાણે જાત્રાએ દર્શનાર્થે જવું હોય તો ગાડાઓથી જવાતું અને રાતો પસાર કરવી પડતી હતી. તે વખતે પાલીતાણા યાત્રાએ જવા માટે કોઈ સરળ વાહનવ્યવહારનો માર્ગ ન હતો. લગભગ પીસ્તાલીસેક વરસ પહેલાંની ઘટનાનો હું ઉલ્લેખ કરી રહ્યો છું. એક વખત હું મારા મોટા ભાઈ ભાભી સાથે પાલીતાણા જવા નીકળ્યો હતો. ગોધરાથી માંડવી બળદગાડીમાં બેસીને આવ્યા. અને માંડવી બંદરથી ઓખા જવા માટે વ્હાણમાં/બોટમાં બેઠા. લગભગ અમો પચીસેક જણા હોઈશું એવો મારો અંદાજ છે. તે વખતે પાલીતાણા જવા માટે ઓખા, જામનગર, રાજકોટ થઈને જવાતું. સામાન્ય રીતે માંડવીથી ઓખા જવા માટે વહાણમાં તે વખતે આશરે ચારેક કલાકનો રસ્તો હોવો જોઈએ. અમો વહેલી સવારે નીકળ્યા હતા. જ્યારે મધ્ય સમુદ્રમાં આવ્યા ત્યારે વા-વંટોળથી દરિયામાં તોફાન જામ્યું અને અમારું વહાણ હાલક ડોલક થવા લાગ્યું. જેમ જેમ ઓખાની ગાડી નજીક પહોંચતા ગયા તેમ તેમ તોફાન વધતું ચાલ્યું અને મોજાં દશથી પંદર ફૂટ જેટલા ઉપર ઉછળવા લાગ્યા. સાગરનું તાંડવ જોઈને અમારો જીવ અધ્ધર થઈ ગયો. જાણે આ મોજાની સાથે કે બીજા મોજામાં દરિયાની અંદર ગરકાવ થઈ જઈશું એમ લાગ્યું. અમો બધા એટલા બધા ભયભીત અને ચિંતાતુર થઈ ગયા હતા કે ન પૂછો વાત. ત્યારે દૈવયોગે 'નમસ્કાર મહામંત્ર' યાદ આવી ગયો અને મહાન તીર્થાધિરાજ શત્રુંજયનાં દાદા આદીશ્વર ભગવાન યાદ આવ્યા. જેમનાં દર્શને અમે જઈ રહ્યા હતા. **અમો બધાએ એ મંત્રની મોટે સાદે ધૂન મચાવી. સાગરનું તાંડવ નૃત્ય તો ચાલી રહ્યું હતું અને એની સાથે અમારું મંત્રનું સંગીત ભળ્યું. જાણે સાગરને પણ એમાં મજા પડી!...ધીરેધીરે એનું નૃત્ય શાંત થવા મંડ્યું.** વા વંટોળ શમી ગયો અને કલાકેક પછી અમોએ કાંઈક રાહત અનુભવી. દરિયો શાંત થતો ચાલ્યો. ખલાસીઓ પણ પોતાનાથી બનતું બધું કરી છૂટ્યા. સઢની દિશાઓ બદલાવતા ગયા અને ઓખા બંદરની દીવાદાંડી દેખાઈ. અમો કિનારાની નજદીક પહોંચ્યા. અમારી ધૂન ચાલુ રહી અને આખરે અમારી જીત થઈ અને **સાગરનું તાંડવ 'નમસ્કાર મહામંત્ર'ના પ્રભાવ સામે ઝુકી ગયું. શાંત પડી ગયું.** અમો લગભગ સંધ્યાકાળે સહીસલામત કિનારે પહોંચ્યા. પછી ત્યાંથી જામનગર, રાજકોટ થઈ પાલીતાણા જાત્રાએ ગયા અને સિદ્ધાચલ તીર્થાધિનાયક દાદા આદીશ્વરને ભેટ્યા.

બોલો નવકાર મહામંત્રકી જય!

ચકલી જીવાડનાર નવકાર

જીતેન્દ્ર નાનજી છેડા (રાયણવાલા) ઘાટકોપર

રવિવારની નિરાંતની સવાર હતી. ઘરનાં સૌ બેઠાં હતાં. બાલ્કનીમાંથી આવતો ચકલીઓનો કલરવ સમયને ઉત્સાહ બક્ષતો હતો. એવામાં એક ચકલીએ દીવાનખાનામાં પ્રવેશ કર્યો, અને ઊડતાં-ઊડતાં પંખા સાથે અથડાઈ ક્ષણાર્ધમાં કોઈ કંઈ વિચારીએ તે પહેલાં ચાલુ પંખાથી ઘવાઈને નીચે પડી. ધ્યાનથી જોતાં ખબર પડી કે તેની આંખ અને માથા વચ્ચેનો ભાગ માંસનાં લોચા રૂપે બહાર લટકતો હતો. તેનો શ્વાસ રૂંધાઈ રહ્યો હતો. મૃત્યુ સાથેનાં એ જીવના કરુણ સંઘર્ષના અમે સૌ સાક્ષી બની રહ્યા. જલ્દીથી રૂની ગાદી બનાવીને ચકલીને તેના પર મૂકી તેનો ઘા સાફ કરી, ઈશ્વર તેને જીવન તેમજ શાંતિ બક્ષે એ ભાવસહિતની પ્રાર્થના કરી. સૌએ નવકારમંત્રનો જાપ શરૂ કર્યો.

ત્રણેક નવકાર બોલતાં ચકલીમાં સળવળાટ શરૂ થયો. અમારા ઉત્સાહની વૃદ્ધિ સાથે જાપમાં વધુ ઉત્સાહ આવ્યો. થોડી ક્ષણોમાં ચકલી ધીરે ધીરે ચાલીને સોફા નીચે બેસી ગઈ. થોડા દાણા તેની પાસે મૂકી નવકારનો જાપ ચાલુ જ રાખ્યો. લગભગ પોણા કલાક પછી તે પાંખો ફફડાવતી ઊડી ગઈ.

થોડા દિવસ પછી એક ચકલી બારી પર બેસીને ચીં ચીં કરી રહી હતી અને જાણે અમારો આભાર માનતી હોય તેમ અપલક નેત્રે અમારી સામે જોઈ રહી હતી. ધ્યાનથી જોતાં લાગ્યું કે તે જ ચકલી છે. એનો આનંદ જોઈને અમારો પ્રયત્ન સફળ થયાનો સંતોષ અનુભવ્યો ત્યારે તેનો કલરવ અધિક મીઠો લાગ્યો.

મહામંત્રનો અનેરો પ્રભાવ

પ. પૂ. અચલગચ્છાધિપતિના આજ્ઞાવર્તિની
સા. શ્રી જ્યોતિપ્રભાશ્રીજી મ.

ભાવનગરનાં એક ભાઈ, જેની રગેરગમાં નવકાર વણાયેલો છે, તે એક વખત ઉઘરાણી લેવા ગામડે ગયા હતા. સાંજ સુધી ઘરે પહોંચી જવું એવો એમનો સિદ્ધાંત. ન પહોંચે તો ભાઈઓ રાહ જોયા કરે. ભાઈઓની એવી લાગણી! એક દિવસ ઉઘરાણી લઈને ગાડી પર આવ્યા ત્યારે ગાડી નીકળી ગઈ. મનમાં થયું કેગમે તેમ કરી રાત સુધી ઘરે પહોંચી જઈશ, રૂ. ૧૨૦૦૦ સાથે હતા. ચાલીને જવા માટે તૈયારી કરી તો એક શંકાસ્પદ માણસ પાછળ પાછળ આવવા લાગ્યો. પણ તેમનાં તો મુખમાં ને મનમાં નવકારમંત્ર હતો એટલે પાછળથી આવતા માણસનો એમને ખ્યાલ નહોતો. **ત્યાં જાણે અંતરમાંથી અવાજ આવ્યો, 'તારી સાથે માણસ ચાલે છે તે સારો નથી.' તરત ચેતી ગયા. નવકારનું રટણ તો ચાલુ જ હતું.** પણ પગમાં કોણ જાણે એવી ઝડપ આવી ગઈ કે અજવાળુ હતું ને ભાવનગર ભેગા થઈ ગયા. પેલો માણસ વિચારતો જ રહ્યો, ઉજ્જડ સ્થાન આવશે, અંધારું થશે... પણ એવી કોઈ તક એને મળે શકી નહિ!

અમારા એક સાધ્વીજી મ. ને નવકાર મહામંત્ર તથા આ. ભ, શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. નાં વાસક્ષેપથી વ્યંતરિક ઉપદ્રવ શાંત થઈ ગયો હતો. પેટમાં રહેલી મેલી વ્યંતરિક વસ્તુઓ ઊલટી થઈને બહાર આવીને સાધ્વીજી મ. સ્વસ્થ થઈ ગયા હતા!

એક વખત છ ગાઉની પ્રદક્ષિણા ફરીને નીચે આવ્યા ત્યારે રસ્તામાં પાછળથી એક ગાડું આવ્યું, બળદનો પગ લાગ્યો ને સાધ્વીજી મ. પડી ગયા. ગાડું ઉપરથી ચાલ્યું ગયું. દાંડો તૂટી ગયો પણ નવકારમંત્રને ગિરિરાજના પ્રભાવે સાધ્વીજીને જરા પણ ઈજા ન થઈ.

'નમસ્કાર સમો મન્ત્ર, ન ભૂતો ન ભવિષ્યતિ'

શ્રીયુત દેવજીભાઈ દામજી ખોના
નેમ વિહાર એ/૧૧-૧૨, ૧૧૬૦ મુરાર રોડ, મુલુંડ (વેસ્ટ) મું. ૮૦. ફોન : ૫૬૧૦૬૯૮

પૂર્વના કોઈ મહાન પુણ્યોદયે સંસ્કારી, ધર્મપ્રેમી જૈન કુટુંબમાં જન્મ મળ્યો હોવાથી વડીલોની પ્રેરણાથી રોજ રાત્રે સૂતી વખતે ૩ નવકાર તથા યાત્રા, પ્રવાસ કે અન્ય માંગલિક પ્રસંગોમાં ૩ નવકાર ગણીને પ્રારંભ કરવાના સંસ્કાર નાનપણથી જ વણાઈ ગયા છે. પાંચમા ધોરણમાં અભ્યાસ કરતી વખતે શિક્ષકે દરેક જૈન વિદ્યાર્થીને રોજ સવારે ૭ નવકાર તથા જૈનેતર વિદ્યાર્થીને ઈષ્ટદેવનું સ્મરણ કરવાનો નિયમ આપેલ, તેનું આજે ૬૨ વર્ષ થયા નિયમિત પાલન થાય છે! સ્કૂલ-કૉલેજની પરીક્ષાઓમાં પણ ૩ નવકાર ગણીને પછી જ ઉત્તર લખવાનો પ્રારંભ કરતો અને ખૂબ સારા માર્ક મેળવતો. પરિણામે નવકાર પ્રત્યેની શ્રદ્ધા ઉત્તરોત્તર વધતી જ રહી છે. વીસેક વર્ષો પૂર્વે મને એક સુંદર સ્વપ્ન આવેલ તે પૂ. આ શ્રી વિજયલક્ષ્મણસૂરિજીને જણાવતાં તેમણે મને રોજ ૧ નવકારવાળી ગણવાની પ્રેરણા કરેલ, જે રોજ ગણાય છે. સં. ૨૦૨૪માં પૂ. મુનિશ્રી તત્ત્વાનંદવિજયજી મ.સા.ની પ્રેરણાથી નવલાખ, નવકાર જાપ શરૂ કર્યો અને અનુક્રમે પૂર્ણ કર્યો. આ રીતે નવકાર મહામંત્રની આરાધનાથી જીવનમાં અનેક ફાયદા અનુભવ્યા છે. તેમાંથી બે પ્રસંગ વાચક વર્ગની શ્રદ્ધા વૃદ્ધિને અર્થે અહીં ટૂંકમાં રજૂ કરું છું.

૬૨/૬૩ વર્ષો પહેલાં પૂ. માતાપિતા તથા નાના ભાંડુઓ સાથે સિદ્ધાચલજીની યાત્રા કર્યા બાદ વરતેજથી ટાંગા દ્વારા શ્રી નવખંડા પાર્શ્વનાથનાં દર્શને અમે ઘોઘા ગયા. સેવા-પૂજા કર્યા પછી પાછા વળતાં રસ્તામાં કમોસમનો વરસાદ થયો. ટાંગો નાળાનાં પુલ ઉપર આવ્યો ત્યારે ઘોડો ઓચિંતો ઊભો રહ્યો. વરસાદ સાથે પવનનું તોફાન પણ એટલું જ જોરદાર હતું કે અમને સૌને ભય લાગ્યો કે ટાંગો હમણાં જ ઉથલીને નાળામાં પડશે અને અમે પાણીનાં પ્રવાહમાં તણાઈ જઈશું. અમે સૌએ સાથે મળીને શંખેશ્વરદાદા તથા નવકારમંત્રની ધૂન લગાવી. કહેતાં ખૂબ જ હર્ષ થાય છે કે થોડી જ વારમાં વરસાદ અને તોફાન શાંત થયા અને અમે સહિસલામત સ્વસ્થાને પહોંચી ગયા!

卐 卐 卐

મારી મોટી પુત્રીને કોચીન પરણાવી છે. દશેક વરસ પહેલાં એક દિવસ બપોર પછી ફરતાં ફરતાં હું દરિયાકિનારે ગયો. ત્યાં કેટલાક માછીમારો મોટી જાળો નાંખીને માછલી પકડતાં મેં જોયા. માછલીઓ જાળમાં ન આવે તે માટે મેં મનમાં નવકારમંત્ર ગણવા શરૂ કર્યા. **અડધો કલાક ત્યાં ઊભા રહીને નવકારમંત્રનું રટણ ચાલુ રાખ્યું. માછીમારોનાં ખૂબ પ્રયત્નો છતાં એટલા સમયમાં એમની જાળમાં એક પણ માછલું ન આવ્યું!** ખરેખર નવકાર મહામંત્ર જેવો મહાપ્રભાવશાળી મંત્ર બીજો કોઈ છે નહિ અને થશે પણ નહિ!

卐 卐 卐

"ભવ જલ પાર ઉતારે!"

શ્રી ખુશાલચંદભાઈ ખેતશી દેશલપુરવાલા
રસુલ બિલ્ડિંગ, ૨જે માળે, રૂમ નં. ૩૮, કે.કે. માર્ગ,
સાત રસ્તા, મુંબઈ-૧૧. ફોન : ૮૯૨૦૫૭

આજથી આશરે ૨૦ વર્ષ પહેલાંનો પ્રસંગ છે. હું અને મારો નાનો ભાઈ અમારા કાકા સાથે વજેશ્વરી ફરવા ગયેલા. સવારનાં સમયે અમે પકડાપકડી રમવા લાગ્યા. અચાનક મારા નાના ભાઈએ બૂમાબૂમ કરી, ''બચાવો બચાવો. હું પાણીમાં ડૂબી રહ્યો છું.'' હું જ્યારે એની પાસે ગયો ત્યારે એણે કહ્યું કે 'આ તો હું મસ્તી કરું છું. મેં એને ટકોર કરી, 'ક્યારેય પાણીની મસ્તી નહીં કરવી કદાચ એવું સાચે જ બનશે ત્યારે ભરવાડની જેમ ''વાઘ આવ્યો ધાજો રે ધાજો.'' જેવી હાલત થશે.' બસ થોડી વાર થઈ અને અચાનક સાચે જ એ પાણી વમળમાં ડુબવા લાગ્યો તો હું પણ રેતીમાં ખૂંપી ગયો. શું કરવું? સમજણ પડતી નહોતી. અચાનક અમારા જીવનમાં માબાપે સીંચેલા ધર્મસંસ્કાર યાદ આવ્યા. **મારી માતા દરરોજ અમને સૂતાં પહેલાં અમારકુમારની સજઝાય કહેતા. અને નમસ્કાર મહામંત્રની સમજણ આપતા.**

ભાઈને લાગ્યું કે હવે હું જઈ રહ્યો છું. એણે નમસ્કાર મહામંત્રનું સ્મરણ કર્યું. નાકમાં પાણી ઘૂસી ગયેલ. છેલ્લા શ્વાસ જેવી ઘડી હતી. અને અચાનક અમારી બૂમરાડોથી કુંડની પાળી પર કપડાં ધોતાં એક જૈનેતર ભાઈની નજર પડી એટલે ક્ષણનો પણ વિલંબ કર્યા વગર એણે નદીમાં ઝંપલાવ્યું અને નીચેથી મારા ભાઈને ઊંચકી લીધો. મહામહેનતે એને કિનારે લઈ આવ્યો. ઊંધો સૂવડાવી મસાજ કરી એના મોંમાંથી પાણી કઢાવ્યું. ડૉક્ટરને બોલાવ્યો. એને નવો જન્મ મળ્યો! અને આમ, અમો સૌએ નવકારનો પ્રત્યક્ષ પ્રભાવ અનુભવ્યો.

ખરેખર, જે નવકારમાં ભવજલમાંથી પાર ઉતારવાની અચિંત્ય તાકાત રહેલી છે તેના સ્મરણમાત્રથી નદીના જલમાંથી પાર ઉતરાય એમાં જરા પણ અસંભવિત નથી જ!



"અંધેરેમેં એક પ્રકાશ"

સા. શ્રી અમૃતશ્રીજી (પાર્શ્વચંદ્રગચ્છ)

વિક્રમ સંવત ૨૨ કે ૨૩ ની આસપાસમાં જ્યારે મહારાષ્ટ્રમાં કોયનામાં ધરતીકંપ થયો ત્યારે ત્યાં એક કચ્છી કુટુંબ પોતાનાં ઘરમાં ફસાઈ ગયું. રાતનો ત્રણ કે સાડા ત્રણ વાગ્યાનો સમય હતો. પોતાના ઘરના માળમાંથી ધૂળ સૂતેલા બાળકો તથા તેમના ઉપર પડવા લાગી. બાળકો તો મોટેથી બૂમબરાડા પાડવા લાગ્યા અને પોતે ભાઈ તથા તેમના પત્ની ગભરાઈને વિચારવા લાગ્યા કે બારણું ખોલીને બહાર નીકળી જઈએ. પણ અંધારામાં બારણું ક્યાં છે તેની સમજ પડે નહિ. અને વિચારતા હતા કે 'મકાન પડશે ને અમે અત્યારે જ ખતમ થઈ જશું. કાંઈ ઉપાય ન હતો. તેટલી વારમાં ભાઈને સૂજ્યું કે તમો સૌ શાંતિપૂર્વક મન લગાડીને નવકારમંત્ર ગણો. જરા વારમાં અભરાઈ ઉપર બૅટરી પડી હતી ને તેની સ્વીચ ઉપર કુદરતી એક પત્થર પડતાં જ તે સ્વીચ દબાતાં લાઈટ થઈ ને તરત જ બંધ પડી ગઈ. પેલા ભાઈ તરત જ છોકરાઓ તથા પોતાની પત્નીને લઈને બારણું ખોલીને સહીસલામત બહાર નીકળી ગયા. આ છે નવકારમંત્રનો પ્રભાવ! અમોએ આ વાત એ કચ્છી કુટુંબના સંબંધી કચ્છ રતાડીયાના (હાલે ચેમ્બૂર રહેતા) શંભુભાઈના ધર્મપત્ની પાનબાઈ પાસેથી સાંભળેલ, તે અહીં દર્શાવેલ છે.

ખરેખર જે મહામંત્ર અનાદિકાલીન અજ્ઞાન તથા મહામિથ્યાત્વના ઘોર અંધકારનો નાશ કરી કેવલજ્ઞાન તથા ક્ષાયિક સમ્યગ્દર્શનનો દિવ્ય પ્રકાશ આત્મામાં પ્રગટાવી શકે છે, તેના માટે ઉપરોક્ત પ્રકાશની ઘટનામાં શું અસંભવિત છે? જરૂર છે માત્ર અનન્ય શરણભાવે તેનું સ્મરણ કરવાની!

'નવકાર મારો બેલી છે.'

દમયંતીબેન પ્રેમચંદ કાપડીયા, વાંદરા-મુંબઈ.

હું મારા પિયરમાં લોટ બાંધતી હતી ત્યારે હાથની હીરાની વીંટી કાઢીને લોટ ન ભરાય માટે પગની આંગળીમાં નાંખી. અચાનક ફોનની ઘંટડી રણકતાં, ફોન લીધો. ફોન બાજુવાળાનો હોવાથી એમને બોલાવવા ગઈ તે સમય દરમ્યાન વીંટી બાબત હું બેધ્યાન હતી. બપોરે એકદમ ખ્યાલ આવ્યો. વીંટી ક્યાં? બધા રૂમોમાંથી ઝાડુઝપટાં પતી ગયાં હતાં. મને ધ્રાસકો પડ્યો. કારણ કે વીંટી સાસરિયાની હતી. સાસરે જઈને શો જવાબ આપવો? બસ નવકાર યાદ આવ્યો ને નવકાર ગણવા બેસી ગઈ. પાટલા પર બેસીને જમીન પર હાથ ટેકવ્યો ને મારા આશ્ચર્ય વચ્ચે વીંટી મારા હાથ નીચે જ હતી.

એક વખત માતા પિતા સાથે કેશરીયાજી શંખેશ્વર યાત્રાએ ગયેલી. પિતાજીના કહેવાથી નવકારનો જાપ હંમેશા ચાલુ રાખતી. રસ્તામાં સામેથી આવતી બસમાંની કેટલીક વ્યક્તિઓએ ગાડીને રોકીને જણાવ્યું કે આગળ ભાલાધારી બહારવટીયાઓ છે. આગળ જતા નહિ. પણ જ્યાં હતાં એ પણ ભયંકર જંગલનો વિસ્તાર હતો. ને રાતના નવેકનો સમય હતો. એટલે ન છૂટકે આગળ વધતાં મળેલી ચેતવણી મુજબ જ બંને બાજુ બબ્બે ભાલાધારીને રસ્તા પર મોટા પથ્થરોનો ખડકલો જોવા મળ્યો. છતાં નવકારમંત્રની ઓથે કુશળ ડ્રાઈવર સાઈડમાંથી બસ ચીલઝડપે હંકારી ગયો. અને સહુ આબાદ બચી ગયા.

ઈ.સ. ૧૯૮૪ની સાલમાં સંભવજિન મહિલા મંડળના ઉપક્રમે ઈંદોર, નાગપુર મક્ષીજી આદિ સ્થળોએ યાત્રા પ્રવાસે ગયા. તા. ૩૧/૧૦નાં વડા પ્રધાન શ્રીમતી ગાંધીની હત્યાથી ભયંકર તોફાનો થયાં ને અમે પણ તોફાનોમાં અટવાઈ ગયાં. મોત કે જીવલેણ સંકટમાં માણસ પાગલ બનીને પ્રભુને સ્મરે છે. એ પાગલ પ્રભુભક્તિની અંતરની આરતથી એ આગનાં ભીષણ તાંડવ નૃત્યો ને ખૂન ખરાબામાંથી અમે જરા પણ નુકસાન વગર સહીસલામત મુંબઈ પહોંચી શક્યા. ત્યાં જે જોયું ને અનુભવ્યું એ યાદ કરતાં આજે પણ રૂંવાડાં ખડાં થઈ જાય છે. ઊગરવું ખરેખર અશક્ય હતું. પણ **અંતરની આરજુપૂર્વક નવકાર મહામંત્રના રટણના પ્રતાપે જ અમે સહુ હેમખેમ બચી શક્યા.**

'ગાંડપણ જતું રહ્યું'

પૂ. રાજેન્દ્ર મુનિ મહારાજ સાહેબ,
વતી, હેમંતકુમાર પ્રવિણચંદ્ર પટેલ, પીજ, તા. નડિયાદ.

બોડેલીથી વિહાર કરતાં કરતાં પૂ. રાજેન્દ્રમુનિ આદિ ઠાણા ત્રણ રાજપારડી પધાર્યા. જે મકાનમાં ઉતારો હતો. એ મકાનનો માલીક મૃત્યુ પામ્યો હતો અને તેમનો છોકરો ગાંડો થઈ ગયો હતો. એમનાં પત્નીએ પૂ. મ. સા. ને વાત કરી એટલે મ. સાહેબ નવકારમંત્રનું સ્મરણ કરવાનું કહ્યું. ફક્ત વીસ જ દિવસમાં ગાંડપણ જતું રહ્યું. અને દુકાનમાં બેસવા લાગ્યા.

મહારાજશ્રી વિહાર કરતાં પાલનપુર પધાર્યા. ત્યાં **મુસ્લીમભાઈ શ્રી અલ્લારખા ઉસ્મીન વોરાને મ. શ્રી એ નવકારમંત્ર આપ્યો. તેના પ્રભાવે ઘરમાં રહેતો સર્પ જતો રહ્યો.** પછી એક રાત્રે સ્વપ્નમાં દેવીએ ઘરમાં રહેલું ગુપ્ત ધન બતાવ્યું. વોરાભાઈએ તે જગ્યામાંથી ધન કાઢી (ચાંદીનાં પાંચસો સિક્કા) તે સિક્કા તે મ. શ્રી પાસે લઈ આવ્યો. અને મ. શ્રી ને તેનો સ્વીકાર કરવા જણાવ્યું એટલે મ. શ્રી એ કહ્યું કે ધનનો અમારાથી સ્પર્શ પણ ન થાય. અમારે આજીવન ધનનો ત્યાગ હોય છે. પછી મ. શ્રીએ કહ્યું કે તને યોગ્ય લાગે તેમ આ લક્ષ્મીનો તું સદ્‌ઉપયોગ કર. એટલે તેમણે અડધી રકમ જીવદયા માટે ઉપાશ્રયમાં આપી દીધી અને પછી તેઓ હંમેશા નવકારમંત્રનું સ્મરણ કરવા લાગ્યા તથા જિંદગીભર માટે માંસાહાર, દારૂ, પરસ્ત્રી, વેશ્યાગમન, શિકાર અને કંદમૂળનો ત્યાગ કર્યો છે.

'લાકડું જરા પણ ખસ્યું નહિ!'

પૂ. મુનિશ્રી પ્રધાનવિજયજી મ. – ધોરાજી

સંસારીપણામાં ધોરાજીનાં રહીશ શ્રી મણિલાલ ઝીણાભાઈ વોરા અને હું જેસલમેરની યાત્રાએ ગયેલ. બીજા એક મારવાડી ગૃહસ્થ પણ અમારી સાથે ખટારામાં હતા. તેમની સાથે બેસવાની બાબતમાં મણિલાલભાઈને તકરાર થઈ. રાતના ૧૨ વાગ્યે ખટારો ઊભો રાખીને તે મારવાડી મણિભાઈને પોલીસચોકીએ લઈ ગયા. હું પણ સાથે ગયો. પોલીસે મણિભાઈને માર મારીને લોહીલુહાણ કર્યા. પછી પણ ફરીથી સો ફૂટ લાંબું લાકડું ગોઠવીને ફરીથી મારવાની શરૂઆત કરતા હતા. તે વખતે મેં તે લાકડાંના છેડાને અડીને મનમાં નવકારમંત્રનું સ્મરણ શરૂ કર્યું. **પોલીસોએ તે લાકડાને હલાવવા દસ બાર પ્રયાસ કર્યા, પણ નમસ્કાર મહામંત્રના પ્રભાવે તે લાકડું જરા પણ ખસ્યું નહિ.** આખરે તેઓ થાક્યા. તેમણે મારી તથા મણિભાઈની માફી માગી.

વળગાડ દૂર થયું!

સં. ૨૦૦૫ના સમી ગામમાં ચાતુર્માસ દરમ્યાન અમારા સમુદાયમાં શુભંકરવિજયજી નામે સાધુ મહારાજને ભૂતનો વળગાડ હતો. જ્યારે ભૂત તેમના શરીરમાં પ્રવેશ કરે ત્યારે તેમનામાં ઘણી શક્તિ આવતી. દશેક માણસો ભેગા થઈને તેમને અલાયદી ઓરડીમાં પૂરી દેતા. આ વળગાડને કાઢવા માટે પાટણથી એક ગોરજી મહારાજને બોલાવેલા. ગોરજીએ કહ્યું કે ભૂત જોરદાર છે. પાંચસો રૂપિયા લઈશ. પણ મારાથી આસો માસનાં નવરાત્રિનાં તહેવારોમાં આવી શકાશે. આથી અમે તેમનો ઉપચાર અજમાવવાનું બંધ રાખ્યું. મારા ગુરુ મ. શ્રી વિનયચંદ્રજીને તે ભૂતે એક વખત પાટુ મારેલું. તે દશ્ય મારાથી જોઈ શકાયું નહિ. મેં ગુરુ મ.ની આજ્ઞા માગી. મનમાં શ્રી નવકારમંત્રનું સ્મરણ કર્યું. અને શુભંકરવિજયજીની ઓરડીમાં ગયો અને તેમને ઠીક ઠીક માર માર્યો. **શ્રી નમસ્કાર મહામંત્રના પ્રભાવે તે ભૂત તે જ વખતે મુનિશ્રીના શરીરમાંથી બહાર ચાલ્યું ગયું.** મુનિશ્રીની તબિયત સ્વસ્થ થઈ ગઈ.

"એનો મહિમા અપરંપાર"

હમીરમલ કે. શાહ (સાદડીવાલા)
૧૮૭, એ/૧, મુંબાદેવી રોડ, મુંબઈ-૨. ફોન : ૩૩૨૩૩૩

નાનપણથી એટલે લગભગ ૬૨ વર્ષથી જાગૃત અવસ્થામાં, ગમે તે સ્થિતિમાં, મૌનરૂપે (જીભ ચલાવ્યા વગર) નવકારમંત્રનો જાપ કરું છું.

નાનપણમાં ગરીબીનો પાર નહિ. ધનના અભાવે સાદડીથી કેસરીયાજી પગે જાત્રા કરી. ૧૪ વર્ષની ઉંમરમાં નોકરી માટે મુંબઈ આવ્યો. આમતેમ બે વર્ષ ભટક્યો. છેલ્લે ૧૯૩૯ થી ૧૯૬૦ સુધી એક જ સ્થળે નોકરી કરી. સને ૧૯૫૦માં નાના ભાઈ ફતેહચંદ (અત્યારે આચાર્ય શ્રી ઈંકારસુરિજી) એ દીક્ષા લીધી. ૧૯૬૦ પછી પરિસ્થિતિ સંપૂર્ણપણે બદલાઈ ગઈ. ૧૯૭૨માં ધર્મપ્રભાવે ૭૫૦ માણસોનો સંઘ લઈ મુંબઈથી પાલીતાણા ગયા. શંખેશ્વરમાં "હમીર-સિદ્ધિ ભવન", થાણા દેરાસરમાં પાણીની પરબ, અજમેર દાદાવાડીમાં જિનદત્તસુરિ ધર્મશાળામાં બ્લોક, ભેલુપુર પાર્શ્વનાથમાં શ્રીસંઘને રહેવાનો બ્લોક, પાલીતાણામાં રાજેન્દ્રભવન દેરાસરમાં નામો, રૂમ વગેરે નવકાર મહામંત્રનો પ્રત્યક્ષ પ્રભાવ છે.

જિંદગીમાં બે વખતે ઝેર અને એક વખત ખૂનથી બચ્યો છું. ખરેખર, શ્રી નવકાર મહામંત્રનો અપરંપાર પ્રભાવ શબ્દોથી સંપૂર્ણ વર્ણવવો શક્ય જ નથી.

*

'નવકાર પાસે...મોત નાસે'

જયંતિલાલ હીમજીભાઈ ગાંધી
તેજપ્રકાશ એ, બ્લોક નં. ૮, દત્તપાડા, રોડ, રેલવે ફાટક પાસે. બોરીવલી (વેસ્ટ), મુંબઈ.

મને એક નવકારમંત્રના પ્રભાવનો જબરદસ્ત પરિચય થયો હતો. તેનું નીચે મુજબ વર્ણન કરું છું.

હું ૧૯૭૦માં 'એક્પો સેવન્ટી' જોવા માટે ત્રિવેદી સાહેબની સેટ ટૂરમાં ગયો હતો. તેમાં હોંગકોંગ, મલેશિયા, પીનાંગ, કુઆલાલાંપુર, જ્યાં આ બધી જગ્યાએ અમો વિમાનમાં ગયા હતા, ત્યાં દરેક જગ્યાએ વિમાનમાં બેસતાં પહેલાં નવકારમંત્ર ગણીને બેસતાં. અમોને કાંઈ પણ તકલીફ પડી નહીં. પણ છેવટના પ્રવાસ સિંગાપુરથી કુઆલાલાંપુર થઈ મદ્રાસ આવવાનું હતું. તે વખતે ઘરે જવું હતું ને છોકરાઓ તે દિવસે જ યાદ આવેલ એટલે જલદી નવકારમંત્ર ગણ્યા વગર વિમાનમાં બેસી ગયા. વિમાન ઊપડ્યું. કલાક દોઢ કલાક અવકાશમાં પસાર થયા પણ રેંજર લાઈટ બંધ ન થતા બધાના જીવ તાળવે ચઢી ગયા. અને ત્યાર પછી ઘડીકમાં વિમાન માળ જેટલું ઉપર જાય તો ઘડીકમાં ૧૦ માળ જેટલું નીચે આવે. મોત નજર સામે આવી ગયું હતું. બધાએ રોકકળ શરૂ કરેલ. મારાં ધર્મપત્નીની ગભરામણ અને રાડારાડ ચાલુ હતાં. તેવા ટાઈમે કુદરતી મને નવકારમંત્રનું સ્મરણ કરવા અંતઃસ્ફુરણા થયેલ અને આ પ્રેરણા મેં અમારા સાથીદારોને કહી અને બધા શ્રદ્ધાથી નવકારમંત્રનું સ્મરણ કરવા લાગ્યા. ત્યાર પછી થોડા ટાઈમમાં જાહેરાત થઈ, 'વિમાન પાછું ફરે છે' વિમાની મથકે પાછું આવતાં કોઈ કારણસર ઊતરી શકતું ન હતું. બધાના જીવ હાથમાં હતા. ખૂબ જ પ્રયત્ન પછી વિમાન સહી સલામત નીચે ઊતર્યું અને બધાના જીવ નીચે બેઠા. પણ તે ટાઈમે નવકારમંત્ર ગણાતા હતા. એવા નવકાર મંત્ર ખૂબ જ શાંતિ રાખીએ તો પણ ગણાતા નથી. લીનતા આવતી નથી. ભય જોતાં જીવ બહારની દુનિયા ભૂલીને અંદરમાં આવી જાય છે. તે મને તે દિવસે અનુભવ થયો.

'સમરો દિવસ ને રાત'

શા. ભવાનજીભાઈ મુરજી ભોજાણી
ખાર, મુંબઈ.

સંવત ૧૯૮૭ લગભગની આ વાત છે. મારી ઉંમર ૧૭-૧૮ વરસની હતી. ત્યારે હું લાલબાગમાં હતો. ત્યારે પોખરાજ નામે એક રાજસ્થાની ભાઈ શરાફનો ધંધો કરતા અને ત્યારે પઠાણી લોકોમાં ગુંડાગીરી ઘણી. એ લોકો ચોરી લૂંટફાટ કરવામાં પાવરધા હતા. એક રાતે પોખરાજભાઈની દુકાનમાં ચોરી કરવાની આશાએ તેઓ આવ્યા. પણ ભૂલમાં બાજુમાં ચક્કી હતી. ત્યાં ચક્કી તોડી અંદર ઘૂસ્યા અને પછી પોખરાજભાઈની દુકાનની ભીંત ફોડવાનું શરૂ કર્યું, જેના અવાજથી પોખરાજભાઈ જાગી ગયા. તેમનું રહેવાનું દુકાનમાં જ હતું. તેમણે પોતાની પત્નીને ઉઠાડી અને જ્યાંથી અવાજ આવતો હતો તે ભીંત પાસે પોતાની લોખંડની પેટી ગોઠવીને પોતે પાછળના દરવાજેથી બહાર નીકળી ગયા અને દોડતાં દોડતાં જ્યાં ચાર રસ્તા મળતા હતા ત્યાં ઊભા રહી અને કોઈ મળે. તો મદદની રાહ જોવા લાગ્યા. પણ લગભગ બે વાગ્યાના ટાઈમે કોઈ જ નજરે ચડ્યું નહિ. ઘણાં ફાંફાં માર્યાં. વળી પત્નીની પણ ચિંતા હતી. પણ છેલ્લે નવકાર મંત્ર ગણવા સિવાય બીજો કોઈ રસ્તો સૂઝ્યા નહિ. અને જ્યાં ઊભા હતા ત્યાં એક લોખંડનો છ ફૂટનો કાચની બારીવાળો થાંભલો ધ્યાનમાં આવ્યો. કાચ ફોડીને હેન્ડલને ફેરવવાથી ફાયર બ્રીગેડવાળા આવી પહોંચ્યા. તેને દુકાન પાસે લઈ જતાં તેઓએ પઠાણોને પકડી લીધા. અમે ચાર છ જણા દુકાનથી થોડે દૂર આગળની ફૂટપાથ ઉપર સૂતા હતા અને બંબાના અવાજથી જાગી ગયા. આ દાખલો અમારી નજરે સામે બનેલો છે. ત્યારે પોખરાજભાઈના મુખમાં એક જ ઉદ્‌ગાર હતો કે – 'ખરેખર નવકાર મહામંત્રે જ મને બચાવ્યો છે.'

વિઘ્ન વિનાશક શ્રી નવકાર

સુસાધ્વી શ્રી ચંદ્રપ્રભાશ્રીજી
કચ્છી ભવન, પાલિતાણા (સૌરાષ્ટ્ર).

સંવત ૨૦૩૦ના વર્ષે ચાતુર્માસ માટે અમે બે ઠાણા જામનગર તરફ પ્રયાણ કરતા હતા. વૈશાખ વદ ૦)) ના દિવસે કોટડાપીઠા ગામે મુકામ હતો. લૂ ઝરતી ગરમીના દિવસો-સાંજના સમયે સખત બફારો, ક્યાંય ચેન પડે નહિ. એટલે પખ્ખી પ્રતિક્રમણ કરવા ઉપાશ્રયની પાછળની ઓસરીમાં બેઠા. ચૈત્યવંદન, અષ્ટોત્તરીની શરૂઆત થતાં જ ધીમો પવન શરૂ થયો ને આકાશ વાદળથી ઘેરાવા લાગ્યું, પખ્ખીસૂત્રની શરૂઆતમાં પવને વંટોળનું સ્વરૂપ લીધું. બારી બારણાં ધડાધડ અવાજ કરવાં લાગ્યાં. સહેજ ઉતાવળ કરી. પોણા આઠે પ્રતિક્રમણ પૂરું થવાની તૈયારી હતી. નવમું સ્મરણ ચાલતું હતું ને વરસાદ શરૂ થયો. પ્રતિક્રમણ પૂર્ણ કરી ઉપાશ્રયની અંદર આવ્યા તો પાટ એકે નહિ. સામાન ઉપાધિ કબાટ ઉપર મૂકી બારીઓ બંધ કરવા લાગ્યા. પવનનાં ઝપાટાંથી બારીઓ બંધ થાય નહિ. વીજળી લબકારા કરતી શરીર ઉપરથી ફરી જાય. વરસાદ બારીમાંથી અંદર આવે. ઘનઘોર અંધારું કંઈ સૂઝે નહિ. વીજળીના ઝબકારે જરીક કંઈ દેખાય ન દેખાયને વંટોળ વર્ષા કહે મારું કામ. તેમાં ઉપાશ્રયના વિલાયતી નળિયાની એક બાજુની બબ્બે લાઈનોમાં નળિયા જ નહિ. તેમાંથી મેઘરાજાની સંપૂર્ણ મહેર થઈ ને ઉપાશ્રય પાણીથી ભરાવા લાગ્યો કોઈ ઉપાય ન રહ્યો. બહાર અવરજવર નહિ. બાજુમાં દરજીની દુકાન હતી. તે પણ નિષ્ક્રિયતાથી બેસી રહેલો. જો મારા શિષ્યા સા. શ્રી વિજયપૂર્ણાશ્રીજીને કહ્યું કે—'બધી લપ મૂકીને ચાલો નવકારમાતાને યાદ કરવા બેસી જઈએ.' બે આસન નજીક નજીક પાથરી પરમેષ્ઠિ મંત્ર ગણી નવકારના જાપમાં લીન થયા. પ્રાયઃ દોઢ કલાક જાપમાં લીન રહ્યા. જો કે વીજના ઝબકારે વાદળાના ગડગડાટે અને પવનના સુસવાટે થથરી જવાતું. છતાં આસન પરથી ખસ્યા નહિ. તો નવકારમાતાએ પોતાના બાળકોને સંભાળી લીધા. ચાર કબાટ અને અમારાં બે આસન મૂકીને ઉપાશ્રય જળબંબાકાર થઈ ગયેલો ૧૦ વાગે સૃષ્ટિનું તાંડવ શમ્યું: ત્યાં ભક્તિ કરતાં લુહાણાભાઈ ફાનસ લઈને આવ્યા. દરવાજો ખોલાવ્યો, ને ચારે બાજુ જોયું તો આશ્ચર્યોદ્‌ગાર નીકળી ગયા કે આટલા પાણીમાં આસનની જગ્યા કોરી કેમ? કોઈ અજબ શક્તિએ અમારું પૂરેપૂરું રક્ષણ કર્યું. બીજે દિવસે આટકોટ પ્રતિ વિહાર કરતાં રસ્તાનાં વૃક્ષો પર બેઠેલા પક્ષીઓનો કચ્ચરઘાણ નીકળેલો જોયો. દેહમાંથી કંપારી પસાર થઈ ગઈ. જો નવકારને શરણે ન ગયા હોત તો આપણી પણ આવી સ્થિતિ થવામાં વાર નહોતી. ત્યારથી અનેરી શ્રદ્ધાભક્તિથી નવકાર ગણાય છે.

એ ચાતુર્માસ જામનગર કરી સં. ૨૦૩૧માં જૂનાગઢ તરફ આવતા ઉપલેટા ગામમાં પ્લોટનાં દેરાસરે ઉતર્યા. શ્રાવકોએ કહ્યું, 'રાત રહેવી હોય તો કોઈના બંગલે રહેજો.' પણ અમે કાંઈ ખાસ ધ્યાન આપ્યું નહિ. એક જ લાઈનમાં દેરાસરની રૂમ હતી. તે પછી દેરાસર ઉપાશ્રયના વાસણ સામાનની રૂમ વચ્ચે દરવાજો ને ઉપાશ્રય ક્રમશઃ હતા. રાત્રે ૯॥ વાગે સંથારો કરી સૂતા ને ૧૧॥ વાગે અવાજ આવવા શરૂ થયા. પહેલાં તો એમ થયું કે બિલાડી અંદર આવી ગઈ હશે? ઉપાશ્રય લાંબો હતો એક બાજુ જઈએ તો બીજી બાજુ અવાજ સંભળાય. પછી તો અવાજ વધવા લાગ્યા. અગાસીમાં ધડાધડ થાય. બાજુમાં વાસણ

પછડાવાનાં અવાજ આવે હાકોરા થાય. શું કરવું? ગભરાટ ને મૂંઝવણ વચ્ચે બાજુમાં રહેતા સ્થાનકવાસી ભાઈઓને બૂમો પાડી તો જાણે અમારો અવાજ બહાર જાય જ નહિ. અંતે છેવટના ઉપાય તરીકે સંથારામાં જ સાગારી અણસણ કરી નવકારના શરણે ગયા. બરાબર સાડા ત્રણ વાગે એકદમ શાંતિ થઈ ગઈ વિઘ્ન ટળ્યું માનીને આવશ્યક ક્રિયા કરી જાગતા જ રહ્યા. સવારે મોટી મારડ તરફ જતાં પૂજારી સાથે હતો તેમને કહ્યું કે, 'રાતે આવું બન્યું.' તો એણે કહ્યું, 'મહારાજશ્રી! અહીં આવું થાય છે. જો જાણીતા હોય તો મહારાજસાહેબો કોઈના બંગલે સૂવા ચાલ્યા જાય. પણ અજાણ્યાને અમે કહીએ નહિ. જો કહીએ તો ઉપાશ્રયમાં કોઈ રહે નહિ. અમે રોજ કોના બંગલે મુકીએ'. અમે કહ્યું, 'ભાઈ! અજાણ્યાને તો તમારે ચેતવી દેવા જોઈએ. આવા છાતીના પાટિયા બેસી જાય એવા ઉપદ્રવમાં જો નવકાર શરણું ન થાય તો માણસ છળી મરે'. બીજી વાર આવી રીતે પ્રગટ પ્રભાવી મહામંત્રે અમને ઉગાર્યા.

સંવત ૨૦૩૪ની સાલે કચ્છ કોટડી-મહાદેવપુરીમાં ચાતુર્માસ કરી ત્યાંથી વિહાર કરતાં જાલોર ગયા. ત્યાં રાતામહાવીરજીથી જેસલમેર સંઘમાં જોડાયા નાકોડાજી પછી ચોથા મુકામે મહાસુદમાં કુદરતે પોતાની કલા દેખાડવા માંડી, સાડા ત્રણસો સાધ્વીજી મહારાજો, એક હજાર યાત્રિકો, પૂ. આ. શ્રી કલાપૂર્ણસૂરિજી મ. સાહેબની નિશ્રા-બાડમેરથી ૩૦ કિ.મી. દૂર બરાબર રેગિસ્તાન ને તેમાં ભયંકર વંટોળીઆ-વરસાદ-વીજડી; તંબુ રહે નહિ; ખુલ્લા આકાશમાં વરસતા વરસાદે આધારવિના શેં રહેવાય? સંઘનિશ્રાદાતા પૂજ્યપાદ આ.શ્રી કલાપૂર્ણસૂરિજી મ. સાહેબનો આદેશ થયો નવકારની ધૂન મચાવો? સામુદાયિક ધૂન મચાવતાં વરસાદ શાંત થયો રાત પસાર કરીને સવારના વિહાર કરી સાધુ-સાધ્વીજી મહારાજો બાડમેર પહોંચ્યા. એવી રીતે ચાર વખત સંઘમાં ઉપદ્રવ થયો ને નવકારમંત્રની નાવડી દ્વારા પાર પામ્યા.

આ રીતે અનેક વખત નમસ્કાર મહામંત્રના અજવાળાં જીવનમાં પથરાયાં છે. અનન્ય શ્રદ્ધા સદ્‌ભાવસહ જાપ વગેરે થાય છે.

જીવન રક્ષક-વિઘ્ન વિનાશક શ્રી નવકાર

શાંતિલાલ દલીચંદ વસા "સુશાંત"

૩૧/૩૬ કરણપરા, રાજકોટ–૩૬૦ ૦૦૧.

ધર્મશ્રદ્ધાથી વાસિત જૈન પરિવારમાં જન્મ થવાથી નાનપણથી જ મને શ્રી નવકાર મહામંત્ર ઉપર સારી શ્રદ્ધા હતી. પણ મારી એ શ્રદ્ધા નીચેના પ્રસંગો પછી ઉત્તરોત્તર મજબૂત બનતી ગઈ છે. ભલે કદાચ વાંચનારને એ સામાન્ય લાગે કે યોગાનુયોગ ઘટના જેવું લાગે પણ મારે મન તો એનું મહત્ત્વ ઘણું જ છે. આ રહ્યા તે સંક્ષિપ્ત ચાર પ્રસંગો.

(૧) તા. ૧-૯-૧૯૬૦ના રોજ મારી તબીયત ખૂબ જ નાદુરસ્ત થઈ ગઈ. ૨૦ દિવસથી તદ્દન પથારીવશ હતો. તેમાં પણ એક રાત્રે ૮ વાગ્યે ૭૫ ટકા દૃષ્ટિ ચાલી ગઈ. શરીરનાં રૂંવાડાં ખડાં થઈ ગયાં. ચાલવાની શક્તિ તદ્દન ખલાસ થઈ ગઈ હતી. જાણે ઘડી–બે ઘડીનો મહેમાન હોઉં તેવું લાગવા માંડ્યું. તેથી મૃત્યુમાં સમાધિ અને પરલોકમાં સદ્‌ગતિ મળે એવી ભાવનાથી મેં શ્રી

પંચપરમેષ્ઠી ભગવંતોનું શરણું સ્વીકારી નવકાર મહામંત્રનો સતત જાપ શરૂ કર્યો. ધીરે ધીરે તેમાં એવી તન્મયતા આવતી ગઈ કે બધી જ પીડા ગાયબ થઈ ગઈ, અને સવારે ૭॥ વાગ્યે ઊઠ્યો ત્યારે ખૂબ જ સ્ફૂર્તિ-શક્તિ-શાંતિનો અનુભવ થયો. જાણે યમરાજનાં દ્વાર ખખડાવીને નવકારના બળે હું પાછો આવી ગયો.

(૨) ફરી ઑક્ટોબર ૧૯૬૨માં મુંબઈ-વાંદરામાં મારા બેનના ઘરે બીમાર પડ્યો. મરડાનો ભોગ બન્યો. ઝાડામાં પુષ્કળ લોહી ચાલ્યું ગયું. બોલવા-ચાલવાની શક્તિ નહિવત્ રહી. તે રાત્રે પણ જાણે બે ઘડીનો મહેમાન હોઉં તેવું લાગ્યું. ત્યારે પણ ઉપર મુજબની ભાવના શ્રી નવકાર માતાની ગોદમાં પોઢી ગયો. અને જાણે ચમત્કાર થયો હોય તેમ વગર દવાએ પણ આરામ અનુભવાયો. સવારે ઊઠ્યો ત્યારે ખૂબ સ્ફૂર્તિ જણાઈ. ટૂંક સમયમાં સ્વસ્થ થઈ ગયો.

(૩) આમ બબ્બે વાર જીવતદાન મેળવ્યા પછી તો શ્રીનવકાર મહામંત્ર પ્રત્યે મારી આસ્થા ખૂબ જ વધી ગઈ. પરિણામ સૂતાં—ઊઠતાં, હાલતાં-ચાલતાં, સુખમાં કે દુઃખમાં હંમેશાં તેનું જ સ્મરણ કર્યા કરતો હતો.

તેવામાં તા. ૧-૪-૧૯૭૩ નાં એક ઘટના બની. તે વખતે હું અને મારા મોટા ભાઈ મનસુખલાલ દલીચંદ વસા એડન પાસે જીબુટી (રાતા સમુદ્રનું બંદર)માં એક કંપનીમાં કામ કરતા હતા. તે દિવસે રવિવાર હોવાથી અમે વર્કશોપમાં હતા. સવારના ૧૦ ક. ૧૦ મિ. નો સમય હતો. અને અચાનક ધરતીકંપ શરૂ થયો. હીંચકાની માફક મોટી ઈમારતો પણ હાલક ડોલક થવા લાગી. માણસો દોડી દોડીને રસ્તા પર જવા લાગ્યા. મેં તરત જ મોટા અવાજે નવકાર મહામંત્રનો ઉચ્ચાર શરૂ કરી દીધો. ૧૫ સેકંડ પછી ધરતીકંપ શાંત થયો.

તે જ દિવસે ફરી પાછો બીજી વાર ૧૦-૩૦ વાગે ધરતી કંપનો આંચકો આવ્યો. અમો ત્રીજા માળે ફ્લેટમાં હતા. ત્યારે મસાલાની બધી બરણીઓ પડીને ફૂટી ગઈ. બંદરમાં ગોદી ઉપર રેલવેના પાટા વાંકાચૂંકા થઈ ગયા. ક્યાંક તો ખાડા પડી ગયા. ડામરના રસ્તાના બે ભાગ થઈ ગયા. સ્ટીમરોને પણ સમુદ્રમાં આંચકા લાગ્યા. ડક્કા ઉપર ત્રણ ત્રણ માથોડાના ખાડા પડી ગયા. તે વખતે પણ જોરશોરથી નવકાર ગણ્યા હતા. પરિણામે અમને કશી જ ઈજા ન થઈ.

ત્યારબાદ તે જ રાત્રે ૯-૧૫ વાગ્યે ભયાનક અવાજ સાથે ત્રીજો ધરતીકંપ થયો. લાઈટો બંધ થઈ ગઈ. ભયંકર અંધારપટ છવાઈ ગયું. તે વખતે પણ ભાવથી શ્રીનવકાર મહામંત્રના સ્મરણ અને શરણથી બચી જવાયું. ગામ આખું બચી ગયું. જાનહાનિ ન થઈ. પરંતુ ઘણા મકાનોમાં મોટી તીરાડો પડી ગઈ. ત્યારપછી સરકારે બે વર્ષમાં જોખમી મકાનો પડાવી નાખ્યા.

(૪) તા. ૧૧-૫-૧૯૮૬ના રાતના ૯-૩૦ વાગ્યે રાજકોટમાં ત્રિકોણ બાગ પાસે એક બસ મને હડફેટમાં લઈ લીધો.

હાલતાં ચાલતાં નમસ્કાર મહામંત્ર હવે હૈયે વસી ગયો હતો. એના પ્રભાવે બસનું આગલું પૈડું અને મારા ગળા વચ્ચે ફક્ત દોઢ વેતનું છેટું રહ્યું. જો બ્રેક સજ્જડ મારી ન હોત તો અત્યારે હું હયાત ન હોત. પછી તો ઑપરેશન થયું. ત્રણ સ્ક્રૂ લાગ્યા. ચાર મહિના પથારીમાં હતો. પરંતુ શ્રી દેવ-ગુરુ પસાયે ત્યારબાદ શ્રી શત્રુંજય ગિરિરાજની ત્રણ વાર યાત્રા, ગિરનારજી મહાતીર્થની ત્રણ વાર યાત્રા કરી તથા છ'રી પાળતા સંઘમાં પણ જઈ આવ્યા.

આમ હવે તો મોક્ષની જ અભિલાષાથી નવકાર મહામંત્રનો જાપ સહજપણે ચાલુ જ રહે છે.

સહુ જીવો નવકાર મહામંત્રનું શરણ સ્વીકારી સર્વ દુઃખો-પાપોથી શીઘ્ર મુક્તિને પામો એ જ મંગલ ભાવના.

આંતરિક અનુભવના ઓડકાર

સંગ્રાહક : સંપાદક

પ. પૂ. પંન્યાસ પ્રવરશ્રી અભયસાગરજી મ. સા.એ અધ્યાત્મયોગી પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી મ. સા. પર માર્ચ ૧૯૭૭માં લખેલ પત્ર...

—આપશ્રીની પસાયે આ સેવકાણુ નક્કર રીતે આત્મસાધનની દિશામાં પગલાં ભરી રહ્યો છે. એ આપની અનહદ મંગળકૃપાનો આભારી છું.

—પંચ પરમેષ્ઠીઓના શરણે વૃત્તિઓનું શમન વિશિષ્ટ રીતે થવા પામેલ છે.

—મોહમાયા કે વિકારો શ્રી નવકારના તેજ આગળ ઊભા નથી રહી શકતા, એનો પ્રત્યક્ષ અનુભવ થઈ રહ્યો છે.

—આંતરિક આત્મશાંતિના પગથાર પર દૃઢતાથી ટકી રહેવાનું બળ આપની વરદ કૃપાથી આ તુચ્છ સેવક-પામર જીવને પણ પ્રાપ્ત થઈ રહ્યું છે.

—ચિંતન મનનના અનેક અદ્‌ભુત સત્યો સાક્ષાત અનુભવી જીવનને ધન્ય-કૃતાર્થ અનુભવી રહ્યો છું. સ્વ-કલ્યાણની નિષ્ઠાએ પર કલ્યાણ સ્વતઃ થવા પામે છે.

—કરવાની વૃત્તિઓ હવે શમી ગઈ છે. પરમેષ્ઠીઓની આજ્ઞા એ જીવનનો મહામંત્ર બની રહ્યો છે.

—કંઈ ઈચ્છવા જેવું હવે નથી રહ્યું.

—સંસારની ઘટમાળ ઔદયિક ભાવજન્ય હર્ષ-શોક કે રાગ-દ્વેષ ઉપજાવી શકતી નથી.

—સંયમનો અપૂર્વ આનંદ-અનુત્તર વિમાનવાસીઓ પણ રાંક તુલ્ય ભાસે તેવી અજબ મસ્તીની ઝાંખી થવા પામી છે. તે પરમેષ્ઠીઓનો અને આપ જેવા ગુરુ ભગવંતોનો પુણ્ય પ્રતાપ છે.

—નિરાસક્તભાવ-સ્થિતપ્રજ્ઞતા અને વૃત્તિગતધીરતા હવે સુસ્પષ્ટ રીતે જીવનના પ્રત્યેક ચક્રમાં પરોવાઈ જતી અનુભવાય છે. બાહ્ય દૃષ્ટિએ કદાચ મારી આસપાસ અનેક પ્રવૃત્તિઓનાં જાળાં, તાણાવાણાની માફક વળગેલા કે વણાયેલા દેખાય પણ અંદરથી ભેદજ્ઞાનની રેખાની ઉપર-વટ વૃત્તિઓ જવા સાહસ નથી કરતી. પરમેષ્ઠીઓની વરદકૃપા અંતર હુંકાર પૂર્વક પ્રતિક્ષણ અશુભ અધ્યવસાયોની ભૂમિકાથી ભાવોને પલટાવી રહેતી હોય તેવું અનુભવાય છે. આ બધો આપની નિષ્કારણ કરુણાનો પ્રતાપ છે. આશીર્વાદ પાઠવવા કૃપા...

———————

નવકાર મહામંત્રનો પ્રભાવ

સાધ્વીમુખ્ય પૂ.સા. શ્રી હરખશ્રીજી મ.સા.
લીલગગન, તળેટી રોડ, પાલિતાણા (સૌ.)–૩૬૪૨૭૦

(૧)

આ કૉમ્પ્યુટર યુગની અંદર પણ નવકાર મહામંત્રના ચમત્કારો બને છે. અને એ મહામંત્રની ભાવથી જે આરાધના કરે છે. એ મંત્રને જે સમર્પિત થઈ જાય છે, તે આજે પણ ફળીભૂત બને છે.

જ્યારે આપણો ભારત દેશ આઝાદ થયો ત્યારની આ વાત છે. સં. ૨૦૦૪ અને ઈ. સ. ૧૯૪૭ની સાલ હતી, ત્યારે અમે બે ઠાણા હું તથા મારા શિષ્ય સા. શ્રી. રતનશ્રીજી ભચાઉથી ગામ પડાણા (વાગડ) તરફ જઈ રહ્યા હતા, ત્યારે ઘણા ગામવાસીઓએ ના પણ પાડી કે આજે વિહાર કરવામાં જોખમ છે. છતાં અમે વિહાર કરી લગભગ ૧ કિ.મી. ચાલ્યા હોઈશું ત્યાં સામેથી બ્રિટિશ સરકારની મિલિટરી ગાડીઓ લાઈનબંધ આવતી જણાઈ કારણ કે બ્રિટિશ સરકારને ભારત છોડોનો આદેશ મળી ગયો હતો. અમે ખૂબ ભયભીત બન્યા. કારણ કે તેઓ મનફાવે તેમ બોલતા હતા. અને ભારત દેશ છોડતાં છોડતાં પણ હજી લોકોને ત્રાસ આપવાની વૃત્તિ ગઈ નહોતી. અમને એમ સાંભળવા મળ્યું કે બે ત્રણ સ્ત્રીઓને પણ તેઓ ઉપાડી ગયા. ત્યાર બાદ અમે નવકારમંત્રના રટણ અને સ્મરણમાં પરોવાઈ ગયા. સંપૂર્ણપણે નવકારને સમર્પિત બની ગયા, તેટલામાં સામેથી કોઈક અજાણી વ્યક્તિ દૂધની કાવડ લઈને આવતી જણાઈ, એ વ્યક્તિએ અમને સામે આવીને કહ્યું કે ''તમે ગભરાશો નહિ, મારી સાથે ચાલો, હું તમને તદ્દન ટૂંકા રસ્તેથી ગામ તરફ પહોંચાડી દઈશ.''

અમે એ વ્યક્તિ સાથે ચાલવા લાગ્યા, બહુ ઓછા સમયમાં કોઈક અજાણ્યા રસ્તેથી અમને એ ગામ તરફ લઈ ગયા. જ્યારે અમે ગામ નજીક પહોંચ્યા ત્યારે અમે ભયથી મુક્ત બન્યાનો ઊંડો શ્વાસ લીધો પછી એ દૂધની કાવડવાળી વ્યક્તિનો આભાર વ્યક્ત કરવા પાછળ જોયું તો પાછળ ન દૂધની કાવડ જણાઈ કે ન પેલી વ્યક્તિ જણાઈ, અમને આશ્ચર્ય થયું કે પેલી વ્યક્તિ અદશ્ય કેમ બની ગઈ? અમને લાગ્યું કે આ જો પ્રભાવ હોય તો તે **નવકારમંત્રનો** જ પ્રભાવ છે કોઈ દેવતત્ત્વ આવીને અમારી રક્ષા કરી ગયું. આ પ્રસંગ અમારા જીવનમાં પ્રથમવાર જ બન્યો ત્યારથી અમને નવકારમહામંત્રઉપરના શ્રદ્ધામાં વધારે ને વધારે અભિવૃદ્ધિ થઈ.

(૨)

અમો પ્રથમવાર ''લીલગગન'' ઉપાશ્રયે (પાલિતાણા) ચાતુર્માસે પધાર્યા. સં. ૨૦૩૮માં આસો વદ-૮ ને દિવસે વાવાઝોડાની આગાહી તો હતી જ. તે દિવસે ધોધમાર વરસાદ આખો દિવસ ચાલુ રહ્યો. ગામના સર્વે કામકાજ પણ બંધ હતા. ઈલેક્ટ્રિક .વ્યવહાર પણ ખોરવાઈ ગયેલો, ચાતુર્માસાર્થે અમે ત્રણ ઠાણા સા. શ્રી હરખશ્રીજી સા. શ્રી રતનશ્રીજી, સા. શ્રી ચંદ્રોદયશ્રીજી બિરાજમાન હતા.

સાંજે પ્રતિક્રમણ કર્યા બાદ લગભગ ૭ વાગ્યાનો સમય હતો, તેવામાં જોર જોરથી પવન ફુંકાવા લાગ્યો, એક બાજુ વરસાદ બીજી બાજુ વાવાઝોડા સાથે વંટોળીયો, આખા ગામને તારાજ કરી દે તેવો લાગતો હતો. તે વાવાઝોડાને લીધે કેટલાય જૂનાં મકાનો જમીનદોસ્ત થઈ ગયાં. ભેંસોના તબેલાના છાપરાં ઊડી ગયાં, કેટલાંય તોતીંગ વૃક્ષો ધરાશાયી થઈ ગયાં. વરસાદનું પાણી જમા થઈને જેમ નદીમાં પૂર આવે તેમ વહી રહ્યું

હતું તેમાં કેટકેલાય ઝૂંપડાંઓ તારાજ થઈ ગયાં હતાં. માલસામાન તથા કઈક નાનાં પશુ પક્ષીઓ પાણીમાં તણાઈને જઈ રહ્યાં હતાં.

બધી બારીઓ બંધ હોવા છતાં પાણી ક્યાંક ને ક્યાંકથી ઉપાશ્રયની અંદર ઘસી આવ્યું, ઉપાશ્રયની જમીન સંપૂર્ણ પાણીથી ઢંકાઈ ગયેલી. અમને લાગ્યું કે ક્યાંક અમારા ઉપાશ્રયનું મકાન પણ જમીનદોસ્ત થઈ જશે તો અમને કોણ બચાવશે?

ભયમાં પણ ભય ઉપજાવે તેમ ઉપાશ્રયની એક બારી બંધ હોવા છતાં એવી પદ્ધતિસર ઘંટનાદની જેમ વાગી રહી હતી. ઘનઘોર જંગલમાં જેમ વૃક્ષના પાંદડાઓનો સુસવાટ પણ વધારે ભય પમાડે છે. તેમ અંધકારમય રાત્રિ અને તેમાં એક જ બારીનો આવતો સતત અવાજ, ભયથી ત્રાસેલાને એવી તો બીક લાગતી કે શરીરનાં રૂવાડાં ઊભાં થઈ જાય. તે દિવસે વળી ઉપાશ્રયનો ચોકીદાર પણ ગેરહાજર હતો!...

તે બારીનો અવાજ વધતો જ જતો હતો, નવાઈની વાત તો એ હતી કે બીજી આટલી બારીઓ હોવા છતાં એ બારી પાસે જ જાણે કે બહારથી કોઈ અપરિચિત વ્યક્તિ જાણી જોઈને અમને ગભરાવતી ન હોય એવો અવાજ આવતો હતો. ત્યારે અમે સૌ ખૂબ ગભરાયા, અને થયું કે – 'કોણ હશે? એનો શું ઈરાદો હશે? હવે શું થશે? કોણ અમને બચાવશે તેવામાં મેં જોરથી બૂમ પાડી કહ્યું કે કોણ છો તમે? શું જોઈએ છે તમને? ત્યારે સામેથી વળતો કંઈક અવાજ પણ આવ્યો પરંતુ ઘૂંઘવાતા વંટોળીયાને લીધે અમે એ અવાજને પારખી શક્યા નહિ.

તે પહેલા અમે ભક્તામર-ૐ નમો દેવદેવાય તથા માંગલિકની ધૂન કરી રહ્યા હતા ત્યાર બાદ અમને લાગ્યું કે હવે **આ ભયથી મુક્ત કરાવનાર જો કોઈ તરણ-તારણ જહાજ હોય તો તે મંત્રાધિરાજ મહામંત્ર નવકાર જ છે.** તેથી એકરૂમની અંદર એક જ પાટ ઉપર અમે ત્રણ સાધ્વીજીઓ બેસી ગયા અને નવકારમંત્રની ધૂનમાં મન-વચન-કાયાના ત્રિકરણ યોગથી એવા તો લયલીન બની ગયા કે બહારના વાતાવરણ ભય કે અવાજની અમને જરાયે ખબર પડી નહિ. તેમ જ બારીનો અવાજ ઓછો થઈ ગયો ને વાતાવરણ શાંત થતું ગયું. જોત જોતામાં રાત વીતી ઘડિયાળમાં ચાર ટકોરા પડ્યા અમને પ્રતિક્રમણ કરવાની સ્ફૂર્તિ આવી, પછી તો એવી શાંતિ પ્રવર્તી કે જો ટાંચણી જમીન પર પડે તો યે અવાજ સંભળાય. સંવત ૨૦૩૮ની એ રાત્રિનું વાવાઝોડું હજીય અમારા કાનમાં રણકી રહ્યું છે. આમ અમને ભયમુક્ત કરનાર સમતા આપનાર જો કોઈ તત્ત્વ હોય તો તે **મંત્રાધિરાજ મહામંત્ર નવકાર જ છે.** કોઈકે સાચું જ કહ્યું છે કે :

"શ્રદ્ધા મેં અગર જાન હૈ તો ચમત્કાર તુમસે દૂર નહિ"

સહુ આત્માઓ મહામંત્રના રટણથી સદાને માટે દુઃખમુક્ત, રોગમુક્ત, ભયમુક્ત, પાપમુક્ત બનો એ જ મંગલ ભાવના...

શશિકાંતભાઈ કે. મહેતા

'ભદ્રંકર' બિલ્ડીંગ ૩૪, કરણપરા, રાજકોટ–૩૬૦ ૦૦૧.

ફોન : ઘર : ૨૬૧૨૬ ઑફિસ : ૨૨૩૩૧ ફૅક્ટરી : ૨૭૭૫૬

[અત્રે રજૂ થયેલાં પાંચ દૃષ્ટાંતો સંવત ૨૦૪૬માં પોષ-મહા મહિનામાં દોઢ મહિનાની અમારી રાજકોટમાં સ્થિરતા દરમ્યાન નમસ્કાર મહામંત્રના વિશિષ્ટ સાધક શ્રાદ્ધવર્ય શ્રી શશિકાંતભાઈ મહેતા પાસેથી સાંભળવા મળ્યા છે. પાંચેય ઘટનાઓમાં સંકળાયેલ વ્યક્તિઓ તેમનાથી સુપરિચિત છે પરંતુ નામ જાહેર કરવાની તેમની અનિચ્છાથી અત્રે તે વ્યક્તિઓનો નામોલ્લેખ ટાળવામાં આવ્યો છે. શશિકાંતભાઈના શબ્દોમાં જ આપણે એ ઘટનાઓને આસ્વાદીએ અને મહામંત્ર પ્રત્યેની આસ્થા સુદૃઢતર બનાવીએ –સંપાદક]

(૧)

"શીલરક્ષક શ્રી નવકાર"

રાજકોટ નિવાસી એક સુખી ધાર્મિક જૈન પરિવાર લગ્ન પ્રસંગે મુંબઈ ગયેલ. મુંબઈથી રાજકોટ તરફ જીપમાં બેસીને પાછા ફરી રહ્યા હતા. જીપમાં ત્રણ બહેનો અને એક ભાઈ હતા. વાપી પાસે જંગલમાં અચાનક જીપ બગડતાં બહેનો નીચે ઊતર્યા અને લઘુશંકા ટાળવા થોડે દૂર ગયા. ત્યાં તો અચાનક શસ્ત્રધારી લૂટારુઓ ત્યાં આવી પહોંચ્યા અને બંદૂકની અણીએ કીમતી આભૂષણોની બેગ આંચકી લીધી. પરંતુ આટલેથી જ તેમને સંતોષ ન થયો. બહેનોનું રૂપ જોઈને તેમની આંખોમાં વિકાર રૂપી ચોર પેઠો. એટલે તેમણે પેલા ભાઈને જીપમાંથી નીચે ઊતરી જવા કહ્યું. પેલા ભાઈ કિંકર્તવ્યમૂઢ બની ગયા હતા. ત્યાં તો ત્રણે શ્રાવિકાઓએ એકી સાથે પેલા ભાઈને જોરશોરથી નવકાર ગણવાની પ્રેરણા કરી અને એ ભાઈ તથા ત્રણે બહેનો મોટે અવાજે તાલબદ્ધ રીતે નવકાર ગણવા લાગ્યા. આપત્તિના લીધે સહજપણે નાભિના ઊંડાણમાંથી નીકળતા મહામંત્રના ધ્વનિની કોઈ અકલ્પનીય રીતે અસર પેલા લૂટારુઓ ઉપર થઈ અને તેઓ ભયભીત બનીને આભૂષણોની બૅગ પણ ત્યાં જ મુકીને મુઠ્ઠીઓ વાળીને નાશી છૂટ્યા!... અને સહુ મહાન આપત્તિમાંથી મહામંત્રના પ્રભાવે આબાદ રીતે ઊગરી ગયા તેથી સદાને માટે નવકારના અનન્ય ઉપાસક બની ગયા...

(૨)

"મૃત્યુ મરી ગયું રે લોલ"

મુંબઈના એક હાર્ટ સ્પેશ્યાલીસ્ટ ડૉક્ટરના સગા ભાઈએ લંડનમાં હૃદયનું ઑપરેશન કરાવ્યું. પરંતુ ઑપરેશન ફેઈલ ગયું. ડૉક્ટરોએ તેમને ''ક્લીનીકલીડેડ'' –મૃત્યુ પામેલા જાહેર કર્યા. ત્યાંના રીવાજ મુજબ જો ઑપરેશન સફળ થાય તો ડૉક્ટરો દર્દીના કુટુંબીઓને ખુશખબર આપે પરંતુ કેસ નિષ્ફળ થાય તો ડૉક્ટરો પાછલા દરવાજેથી ચાલ્યા જાય. એ મુજબ ડૉક્ટરો કાગળ ઉપર તેમને મૃત્યુ પામેલા જાહેર કરીને પાછલા દરવાજેથી ચાલ્યા ગયા. ૨ કલાક પસાર થઈ ગયા. કુટુંબીઓના શ્વાસ અધ્ધર થઈ ગયા. ભાઈ ડૉક્ટર પણ ગભરાઈ ગયા. કોઈને કાંઈ જવાબ આપી શકતા નથી. ત્યાં તો અચાનક ચમત્કાર સર્જાયો. પેલા દર્દી ભાઈ એકદમ જાગીને બેઠા થઈ ગયા!... બધાને ખૂબ આશ્ચર્ય થયું.

આસપાસ એકઠા થયેલા લોકોને જોઈને તેમણે પૂછ્યું કે–'તમે બધા શા માટે ભેગા થયા છો?'' ત્યારે કોઈએ તેમને વસ્તુસ્થિતિથી વાકેફ કર્યા કે–'તમારું હાર્ટનું ઑપરેશન ફેઈલ જતાં **ડૉક્ટરોએ તમને મૃત્યુ પામેલા જાહેર કર્યા હતા અને તમે સજીવન શી રીતે થઈ શક્યા!"**...

ત્યારે દર્દીએ ખુલાસો કરતાં કહ્યું કે–'હું તો માત્ર ગુરુ મહારાજને મળવા માટે ભારત ગયો હતો!...'

એમના ગુરુ મહારાજ એટલે બીજા કોઈ નહિ પરંતુ કલિકાલમાં નવકાર મહામંત્રના અજોડ સાધક પ્રભાવક, અજાતશત્રુ, અધ્યાત્મયોગી પ.પૂ. પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી મ.સા. કે જેમણે મારા જેવા અનેક આત્માઓ પર અનંત ઉપકાર કર્યો છે, જે કોઈ રીતે પણ શબ્દોમાં વર્ણવવો અશક્ય જ છે!...

આ દર્દીને તેમની પાસેથી નવકાર શી રીતે મળ્યો તે આપણે જોઈએ. મારા વિદેશ પ્રવાસ દરમ્યાન, નવકાર મહામંત્ર વિષેના મારા વાર્તાલાપથી પ્રભાવિત થઈને તે ભાઈ લંડનમાં મારા પરિચયમાં આવ્યા ત્યારે નવકાર મહામંત્રને ગુરુમુખેથી ગ્રહણ કરવા અંગે મેં તેમને પ્રેરણા કરેલ. તેથી એ ભાઈને પૂજ્યપાદ પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી મ.સા. પાસેથી નવકાર ગ્રહણ કરવાની ભાવના થઈ, અને **ખાસ નવકાર લેવા માટે લંડનથી પ્લેન દ્વારા ભારત આવ્યા. ગુરુ મુખેથી નવકાર ગ્રહણ કર્યા પછી જ અન્ન-પાણી લેવાનો અત્યંત અનુમોદનીય સંકલ્પ તેમણે કર્યો!**

સવારે ૬-૦૦ વાગ્યે તેઓ મુંબઈ પહોંચ્યા. બે ઠેકાણે પંન્યાસજી મહારાજની તપાસ કરતાં કરતાં યોગાનુયોગ બપોરે ૧૨-૩૯ વાગ્યે વિજય મુહૂર્તે તેઓ રાજસ્થાનમાં પિંડવાડા ગામમાં બિરાજમાન પૂ.પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી મ.સા. પાસે પહોંચ્યા. તેમની આવી વિશિષ્ટ તત્પરતા અને પાત્રતા જોઈને પંન્યાસજી મહારાજ સાહેબે પણ તરત ૧૨ નવકાર ગણીને ખૂબ જ ભાવપૂર્વક તેમને ત્રણ વખત મોટેથી નવકાર ઝીલાવ્યો અને વાસક્ષેપ દ્વારા આશીર્વાદ આપી નિયમિત નવકાર મહામંત્રનો જાપ કરવાની પ્રેરણા આપી...

ઉપર મુજબ મોતના મુખમાંથી પાછા ફરેલા તે ભાઈ ત્યારપછી ૧૫ દિવસ સુધી હૉસ્પિટલમાં રહ્યા. તે દરમ્યાનમાં ૬૦ જેટલા દર્દીઓનાં ઑપરેશનો થયાં તે બધાં જ સફળ થયાં!... કારણ કે ઉપરોક્ત ઘટનાથી પ્રભાવિત થયેલા બધા દર્દીઓના કુટુંબીઓ ઑપરેશન કરાવતાં પહેલાં દર્દીને તેમની પાસે લઈ આવતા, ત્યારે આ ભાઈ પૂજ્યપાદ પંન્યાસજી મહારાજના ફોટા સામે દર્દીને બેસાડીને ત્રણ નવકાર મોટેથી ગણે. અને ગુરુ મહારાજ પ્રત્યેની અનન્ય આસ્થાને લીધે બધાં જ ઑપરેશનો સફળ થયાં. આ ભાઈ આજે પણ જીવંત છે!... **ખરેખર મહામંત્ર પ્રત્યેની આસ્થાથી કયું કાર્ય સિદ્ધ નથી થતું એ જ એક સવાલ છે!.**

(૩)

ભયનું ઉચ્ચાટન–અભયનું ઉદ્‌ઘાટન કરે શ્રી નવકાર

થોડાં વર્ષ પૂર્વે આફ્રિકામાં ત્રણ દિવસ સુધી ''કૂપ'' – લશ્કરી બળવો થયો હતો. ત્યારે નૈરોબીમાં લશ્કરના લેબાસમાં ત્રણ-ચાર લૂટારુઓ એક ભાઈના ઘરમાં ઘૂસી ગયા. તેમનું ઘર હીલ સ્ટેશનની બાજુમાં અલાયદા બંગલા તરીકે હતું. બંદૂકધારી લૂટારુઓએ ઘરનાં સભ્યો પાસેથી ૨૦ લાંખ રૂ.ની માંગણી કરી!... તેમણે તે વખતે ૬ લાખ રૂ. જેટલો માલ લૂટારુઓને સોંપી દીધો અને બાકીની રકમ બૅંકમાં છે એમ જણાવ્યું. પરંતુ લૂટારુઓને આટલેથી સંતોષ ન થયો. આથી તેમણે તેમના ૨૨ વર્ષના નવયુવાન છોકરાની છાતી પર બંદૂકની અણી રાખીને ધમકી આપતાં કહ્યું કે, 'અમે ૧૦ સુધી આંકડા બોલીશું. ત્યાં સુધીમાં ઘરમાં જ્યાં પણ પૈસા છુપાવ્યા હોય તે અમારી પાસે રજૂ કરી દો, નહિતર આ છોકરાને હમણાં જ વીંધી નાખશું!'...

આ સાંભળતાં જ બધાના જીવ અધ્ધર થઈ ગયા. ખરેખર તેમની પાસે ઘરમાં બીજી રકમ હતી જ નહિ એટલે ક્યાંથી આપી શકે!

આ બાજુ ડાકુઓના સરદારે આંકડા બોલવાની શરૂઆત કરી દીધી. એક...બે...ત્રણ...ચાર... પાંચ... છ...સાત...

આ ઘટના બની તેનાથી થોડા મહિના અગાઉ તેઓ મારા સંપર્કમાં આવેલા. મેં તેમને ઘરમાં પંચધાતુના જિનપ્રતિમાજી બિરાજમાન કરવા માટે

ખાસ ભલામણ કરી હતી. તથા રોજ એ પ્રભુજી સમક્ષ નવકાર મહામંત્ર ગણવાની પણ પ્રેરણા કરી હતી. તે મુજબ તેમણે ઘરમાં પ્રભુજીને પધરાવેલ અને રોજ તેમની સમક્ષ નવકાર ગણતા હતા.

એટલે ઉપરોક્ત કટોકટીના પ્રસંગે ઘરનાં બધાં સભ્યો પ્રભુજી સમક્ષ નાભિના ઊંડાણમાંથી જોરજોરથી નવકાર ગણવા લાગ્યા.

પેલો ડાકુ આઠ...નવ...બોલીને જ્યાં બંદૂકની ચાંપ દબાવવા જાય છે ત્યાં જ એક અકલ્પનીય ઘટના બની ગઈ!...

સાચા લશ્કરના જવાનો ત્યાં આવી પહોંચ્યા અને તે જ ક્ષણે પેલા બધા જ નકલી જવાનો (લુટારુઓ)ને ધડાધડ ગોળીઓથી વીંધી નાખ્યા!... અને ઘરના બધા જ સભ્યો આબાદ રીતે બચી ગયા!...

કહેવાની જરૂર ખરી કે ત્યારથી માંડીને તે ઘરના બધા જ સભ્યો પ્રભુજીના તથા નવકારના અનન્ય ઉપાસક બની ગયા.

ખરેખર, જે અનન્ય શરણભાવે નવકારને શરણે જાય છે તેનો વાળ પણ વાંકો કોણ કરી શકે?...

(૪)

ખજાનાનો રક્ષણહાર – શ્રી નવકાર

...આ પણ નૈરોબીમાં સપરિવાર વસતા અને મારા પરિચયમાં આવેલા બે સગા જૈન ભાઈઓની વાત છે. જેઓ રોજ નવકાર મહામંત્રનું નિયમિત સ્મરણ કરતા હતા.

એક દિવસ સવારના પહોરમાં ૬ વાગ્યે શસ્ત્રધારી ત્રણ ગુંડાઓ તેમના મકાનમાં અચાનક ઘૂસી આવ્યા અને બંદૂકની અણીના જોરે ઘરના બધા કબાટની ચાવીઓ આંચકી લીધી.

ઘરના ૧૨ સભ્યોને એક રૂમમાં પૂરી દીધા. ફક્ત કબાટ ખોલાવવા માટે એક જ ભાઈને ગુંડાઓએ પોતાની સાથે રાખ્યા.

રૂમમાં પૂરાયેલા બધા જ સભ્યો ભાવપૂર્વક નવકાર ગણવા લાગ્યા.

ગુંડાઓએ એક કબાટ ખોલવા પ્રયત્ન કર્યો પરંતુ તે ન ખૂલ્યો. એટલે બીજો એક મુખ્ય કબાટ – જેમાં ૧૦ લાખ રૂ.નાં ઘરેણાં હતાં – તેની ચાવી હોવા છતાં પણ ખોલાવવાનું ભૂલી ગયા!... અને બીજા કબાટોમાંથી ટેપ વગેરે ૨૫ હજાર રૂ. જેટલું પરચૂરણ લઈને ચાલ્યા ગયા! સૂળીની સજા સોયથી પતી જાય તે આનું નામ!...

ખરેખર, આંતર ખજાનાને ખોલવાની માસ્ટર કી સમાન નવકાર મહામંત્ર જેમની પાસે હોય તેમના બાહ્ય ખજાનાની પણ રક્ષા થાય તેમાં નવાઈ શી!...

(૫)

કષ્ટ નિવારક-શ્રીનવકાર

મારા સુપરિચિત એક જૈન શ્રાવકને કસ્ટમ ઑફિસવાળા લઈ ગયા. અને વિશિષ્ટ પ્રકારના ખાસ ચૅમ્બરમાં, ખાસ પ્રકારની યાંત્રિક ખુરસી પર તેમને બેસાડીને, તેમની સમક્ષ વિચિત્ર પ્રકારના ઈલેક્ટ્રિક લાઈટના મશીન વગેરે ગોઠવીને તેમની ઉલટ તપાસ કરવાની શરૂઆત કરતા હતા.

કસ્ટમવાળાઓની ઉલટતપાસ કરવાની આ રીત અત્યંત કષ્ટદાયક ત્રાસજનક હોય છે. કલાકો સુધી ઉલટ તપાસ ચાલે. વિચિત્ર પ્રકારનાં મશીનો દ્વારા વેપારીના મગજની ગુપ્ત વાતો તેના જ મુખેથી બોલાવવા માટે અમાનુષી પ્રયોગો કરવામાં આવે... અનેક અટપટા પ્રશ્નોની ઝડીઓ વરસાવવામાં આવે.

આ ભાઈની પણ આવી જ દુર્દશા થવાની શક્યતા હતી. પરંતુ તેમનાં ધર્મપત્ની પણ એમની સાથે જ ગયાં હતાં. તેઓ અનન્ય શ્રદ્ધાથી નવકાર મહામંત્ર અને ઉવસગ્ગહરં સ્તોત્રનું સ્મરણ કરવા લાગ્યા.

પરિણામે અટપટા પ્રશ્નો પૂછનાર પેલો કસ્ટમ ઑફિસર પણ જે ખાસ પ્રશ્નો પૂછવાના હોય છે તે જ ભૂલી ગયો અને માત્ર સાદા સીધા થોડા પ્રશ્ન પૂછીને માત્ર ૦।। કલાકમાં જ તેમને છોડી દીધા, તે સાથે સ્વયં કબૂલ કરતાં કહ્યું કે – '૧૦ હજાર

માણસોમાંથી કોઈ એકાદ જ માણસ આ રીતે છૂટી શકે તેમ તમે છૂટી ગયા છો' એમ કહીને તેમનો પાસપોર્ટ પણ પાછો આપી દીધો!...

ઉપરોક્ત પાંચેય ઘટનાઓ નવકાર મહામંત્રના અસીમ અનંત પ્રભાવ તરફ અંગુલિ નિર્દેશ કરીને આપણને પણ મહામંત્રના અનન્ય ઉપાસક બનવા માટે ખાસ પ્રેરણા આપી જાય છે.

મને પોતાને પણ અનંતોપકારી, પૂજ્યપાદ, ગુરુદેવ, પ.પૂ. પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી મ.સા.ની અસીમ કૃપા અને પ્રેરણાથી નમસ્કાર માતાની ગોદમાં આળોટવાનું અને તેની આધ્યાત્મિક કૃપાના ભાજન બનવાનું વચનાતીત સદ્‌ભાગ્ય સાંપડ્યું છે તે બદલ હું મારા જન્મને કૃતાર્થ માનું છું.

સહુ જીવો મહામંત્રની સાધના દ્વારા જીવન સાફલ્યને પ્રાપ્ત કરો એ જ મંગલ ભાવના.

ૐ શાંતિઃ

॥ ૐ હ્રીં શ્રી પંચ પરમેષ્ઠિભ્યો નમો નમઃ ॥
॥ નવકારને નમસ્કાર ॥

OPEN BOOK EXAM.– ખુલ્લી કિતાબ પરીક્ષા

પુસ્તકનું નામ : **"જેના હૈયે શ્રી નવકાર, તેને શું કરશે સંસાર?"**
પ્રકાશક : શ્રી કસ્તૂર પ્રકાશન ટ્રસ્ટ ૧૦૨, લક્ષ્મી એપાર્ટમેંટ, પહેલે માળે,
૨૦૬, ડૉ. એની બેસન્ટ રોડ, બુદ્ધ મંદિરની સામે, વરલી નાકા, મુંબઈ–૪૦૦ ૦૧૮
દિવ્યકૃપા : **અચલગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણસાગર સૂરીશ્વરજી મ.સા.**
શુભાશીર્વાદ : **તપસ્વીરત્ન પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.**
સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ.સા.
પરીક્ષક : **મુનિ શ્રી મહોદયસાગરજી (ગુણબાલ)**
આયોજક : **શ્રી માંડવી અચલગચ્છ જૈન સંઘ**
પરીક્ષા દિન : આસો વદિ ૨, શુક્રવાર, તા. ૫-૧૦-૯૦ સવારના ૯ થી ૧૧-૩૦

પરીક્ષાર્થીનું નામ તથા સરનામું :
કુલ માર્ક : ૧૦૮ મેળવેલ માર્ક : .....
સૂચના : ૧૨ નવકાર ગણીને, મૌનપૂર્વક, શુદ્ધ જોડણી તથા સ્વચ્છતાપૂર્વક (છેકછાક કર્યા વિના) સારા અક્ષરોથી, પ્રશ્નપત્રમાં જ જવાબ લખો.

પ્રશ્ન ખાલી જગ્યા પૂરો. (૨૦)

૧. જે એક લાખ નવકારને વિધિપૂર્વક ગણે છે તે ..... નામ કર્મ ઉપાર્જન કરે છે.
૨. ..... એ એકાક્ષરી બીજમંત્રમાં પંચ પરમેષ્ઠી ભગવંતોનો સમાવેશ થાય છે.
૩ થી ૭. પંચ પરમેષ્ઠીઓના પ્રથમ અક્ષરોથી પાંચ તીર્થોનો પણ સંકેત થાય છે તે આ પ્રમાણે અરિહંતના અ થી ..... સિદ્ધના સિ થી ..... આચાર્યના આ થી ..... ઉપાધ્યાયના ઉ થી ..... અને સાધુના સ થી ..... તીર્થ સૂચિત થાય છે.
૮. નવકારવાળી ..... મંત્ર કે ..... વિદ્યાર્થી અભિમંત્રિત હોવી જોઈએ.
૯-૧૦. સવારના જાપ માટે ..... દિશા અને સૂર્યાસ્તથી ૧ કલાક પછી જાપ માટે ..... દિશામાં મુખ રાખીને બેસવું જોઈએ.
૧૧. માનસ જાપમાં હોઠ બંધ રહેવા જોઈએ તેમજ .....ખુલ્લા રહેવા જોઈએ.
૧૨. નવકારવાળી મૂકવા માટે પ્લાસ્ટિક, ઍલ્યુમિનિયમ કે .....ની ડબ્બીનો ઉપયોગ કરવો નહિ.
૧૩ -૧૪. આખાય ચાતુર્માસમાં ચોવીસે કલાક અખંડ નવકાર જાપની શુભ શરૂઆત સં. ..... માં ..... ગામમાં થયેલ.
૧૫. ..... એ નવકારની સાધનાની આધારશિલા છે.
૧૬. કોઈ પણ ક્રિયાનું સંપૂર્ણ ફળ મેળવવું હોય તો તે માટે ..... પૂર્વક આરાધના જરૂરી છે.
૧૭. જાપને એકાગ્રતા જેટલો જ ..... સાથે સંબંધ છે.
૧૮. અગિયારમા દિવસે મધ્યરાત્રિએ ..... નવકાર મંત્રના જાપ કરતો હતો ત્યાં પ્રત્યક્ષ તેજ પુંજનો તેજસ્વી ગોળો તેની સામે જોવાયો.
૧૯. ઔષધિઓમાં પરમ ઔષધિ આસ્થા છે, વૈદ્યોમાં વૈદ્યરાજ વિશ્વાસ છે અને દવાઓમાં રામબાણ દવા ..... છે.
૨૦. જે જાપમાં માત્ર હોઠનો ફફડાટ થાય પણ અવાજ બહાર ન સંભળાય તેને ..... જાપ કહેવામાં આવે છે.

———————

પ્રશ્ન ૨. નીચેના વાક્યોમાં આપેલી ખાલી જગ્યાઓમાં પૂરવા માટે કૌંસમાં આપેલા જવાબોમાંથી જે બંધબેસતો જવાબ જણાય તેની નીચે માત્ર લીટી કરો. (૧૦)

૧. નવકાર મહામંત્રના એક પદનું એકવાર સ્મરણ કરવાથી ..... સાગરોપમ સુધી નરકના દુઃખો આપનાર પાપકર્મ નાશ પામે છે. *(૭, ૫૦, ૫૦૦)*

૨. નવકાર મહામંત્રના પ્રત્યેક અક્ષર ઉપર ..... વિદ્યાઓ રહેલી છે. *(૧૦૮, ૧૦૦૮, ૧ કરોડને આઠ)*

૩. અંત સમયે જેના દશ પ્રાણો નવકાર મહામંત્રનું સ્મરણ કરતાં છૂટે છે તે કદાચ મોક્ષને ન પામે તો પણ અવશ્ય ..... દેવ થાય છે. *(ભવનપતિ, વૈમાનિક, જ્યોતિષી)*

૪. અહો! પંચ નમસ્કાર કેવો ઉદાર છે કે જે પોતે ..... જ સંપદાને ધારણ કરે છે છતાં સત્પુરુષોને અનંત સંપદાઓ આપે છે! *(પાંચ, આઠ, નવ)*

૫. દેવલોકનાં સુખો મેળવવા દુર્લભ નથી. દુર્લભ તો .....થી નમસ્કારની પ્રાપ્તિ થવી એ છે. *(ગુરુ પાસે, દ્રવ્ય, ભાવ)*

૬. માૅલિક શક્તિનો વિકાસ કરી મોક્ષ મેળવવા માટે નવકાર જાપ દરમ્યાન નવકારવાળીના મણકા ..... દ્વારા ફેરવવા જોઈએ. *(અનામિકા, તર્જની, અંગૂઠા)*

૭. જેમ ગારુડી મંત્ર વિષનો નાશ કરે છે તેમ નવકાર મહામંત્ર સમગ્ર ..... રૂપી વિષનો નાશ કરે છે. *(પાપો, દુઃખો, વિઘ્નો)*

૮. બીજને ધરતીમાં વાવવું પડે છે તેમ શ્રી નવકારના પ્રત્યેક અક્ષરને ઊંચા ભાવપૂર્વક મન મારફત .....માં પધરાવવો જોઈએ. *(પ્રાણો, હૃદય, લોહી)*

૯. સંવત ૨૦૪૩માં ડોંબીવલીમાં આખાય ચાતુર્માસમાં ચોવીસે કલાક અખંડ ..... નવકાર જાપ કરાવવામાં આવેલ. *(૯ લાખ, ૧ કરોડ, ૯ કરોડ)*

૧૦. પ્લાસ્ટિકની માળા ગણવી નહિ. કારણ કે પ્લાસ્ટિકને આજના મોહક સ્વરૂપમાં તૈયાર કરવા માટે .....ના આંતરડાનો રસ વગેરે ખૂબ જ અશુભ દ્રવ્યો વપરાય છે. *(બળદ, ઘોડા, ભૂંડ)*

પ્રશ્ન ૩. નીચેનાં વાક્યો કોને ઉદ્દેશીને કોણ બોલે છે તે કૌંસમાં ક્રમશઃ લખો. (૨૦)

૧. જો તેં તારી આ કાયાને અભક્ષ્ય પદાર્થોથી અભડાવી છે તો અભડાયેલ કલંકિત કાયાવાળા તારા કાળા મોં ને જોવા કરતાં હું સહર્ષ મોતને ભેટી લઈશ. (..... ને ..... એ કહ્યું)

૨. ''तुम अभी जो मंत्रजप करते हो, उससे मेरी विद्या निष्फल हो रही है (..... ને ..... એ કહ્યું)

૩. તેં મને નવકારમંત્ર સંભળાવ્યો તેના પ્રભાવે હું દેવી થઈ છું. (..... ને ..... એ કહ્યું)

૪. તમે કોઈ જંતર મંતર માર્યા લાગે છે નહિ તો અમારી... આમ ક્યારેય નિષ્ફળ જાય એ વાતમાં માલ નથી. (..... ને ..... એ કહ્યું)

૫. તમે મને શ્રી સીમંધર સ્વામી ભગવાનનાં દર્શન કરાવો. (..... ને ..... એ કહ્યું)

૬. મારા માટે આ પહેલો જ અનુભવ છે કે આ રીતે કોઈ દર્દી છેક સ્મશાનને ઘાટ જઈને અને યમરાજને હાથતાળી આપીને છટકી ગયો હોય. (..... ને ..... એ કહ્યું)

૭. ડુબતાં ડુબતાં પાટિયું હાથ ચડે તેમ આ મલેચ્છ ધરતી ઉપર મારા આત્માને અવળી દિશાથી પાછો વાળનાર શ્રી નવકાર મને સાથીદાર તરીકે મળી ગયો. (..... ને ..... એ કહ્યું)

૮. હાલતાં ચાલતાં, ઉઠતાં બેસતાં, બસમાં ટ્રેનમાં જ્યાં ટાઈમ મળે ત્યાં 'નમો અરિહંતાણ' કે ''ॐ ह्रीं अर्हं नमः''નો જાપ ચાલુ જ રાખું છું. (..... ને ..... એ કહ્યું)

૯. તમે સ્નાન કરીને શુદ્ધ થઈને શુદ્ધ કપડાં પહેરીને જે ઓરડામાં... પડે છે તેમાં ધૂપદીપ સાથે નવકારમંત્રનો જાપ કરો. શાંતિ થઈ જશે. (..... ને ..... એ કહ્યું)

૧૦. તો ગણ અત્યારે જ પાંચ બાંધી નવકારવાળી અને જો નમસ્કારનો ચમત્કાર. (..... ને ..... એ કહ્યું)

પ્રશ્ન ૪. નીચેનાં વાક્યો કોણ બોલે છે તે કૌંસમાં લખો. (૧૦)

૧. ''...પણ અંદરથી નવકારનો 'ધ્વનિ' આનંદ એટલો બધો ઉમટી રહ્યો છે કે હું રહી શકતો નથી. આનંદથી હું બેવડો વળી જાઉં છું.'' ( )

૨. પૂ. ગુરુણીશ્રીને વિનંતી કરી કે મારી વેદનાની શાંતિ નિમિતે શ્રી સંઘને કહીને નવકારમંત્રનો સવા લાખનો જાપ કરાવો. ( )

૩. એક વખત પરદેશ જતાં મારી પૂજાની પેટી ભૂલાઈ ગઈ. જેથી ખાસ પ્લેન મારફત મંગાવી પૂજા કરી. ( )

૪. ભૂત તો મને રોજ દેખાય છે પણ અમારા દરેકનાં નવકારમંત્રના જાપ અને આયંબિલના તપથી કોઈને કાંઈ કરી શકતું નથી. ( )

૫. ખરેખર તે સમયે એવો ચમત્કાર સર્જાયો કે ગુંડાઓની બુદ્ધિ બુઠ્ઠી બની ગઈ મહામંત્રના પ્રભાવે હું આબાદ બચી ગયો. ( )

૬. આ ટોળી તો આપણા માટે ઘણી ઉપકારી હતી કે જેના કારણે આપણે જાગૃતિ ને શ્રદ્ધાપૂર્વક નવકારને સ્મર્યો. ( )

૭. હું એ મંત્ર બોલી ૩ વખત હાથ ઉપરથી નીચે ઝાટકી કાઢું છું. એમ ત્રણ વખત કરતાં ગમે તેવો કાતિલ વીંછી નીચે કરડેલી જગ્યા પર આવી જાય છે. ( )

૮. સર્વ જીવોને સુખી જોવાની ભાવનાનું પરિણામ એ આવ્યું છે કે આખું જગત આજે મારું મિત્ર બની ગયું છે. ( )

૯. ''પરંતુ હવે હું બતાવું તે વિધિપૂર્વક માત્ર ૬ જ મહિના તમે નવકારની આરાધના કરો અને તેનું પરિણામ જો ન દેખાય તો પછી તમે નવકાર દાદાને સોંપી દેજો તેની સાથે હું પણ નવકાર છોડી દઈશ.'' ( )

૧૦. નાનપણમાં દાદાના ગેડીયાના ડરથી પણ પાઠશાળામાં પરાણે પણ મેળવેલ ધાર્મિક શિક્ષણ મારી વહારે આવ્યું. ( )

પ્રશ્ન ૫. જોડકાં જોડો 'બ' વિભાગમાં આપેલા શબ્દો સાથે 'અ' વિભાગનું જે વાક્ય બંધ બેસતું જણાય તેનો નંબર 'બ' વિભાગમાં આપેલ કૌંસમાં લખો. (૧૦)

'અ'	'બ'
૧. ૨૬॥ વર્ષ જૂનો દમનો અસાધ્ય વ્યાધિ મટી ગયો.	( ) પ.પૂ. શ્રી અભયસાગરજી
૨. નવકારના પ્રભાવે બે ભાઈઓ વચ્ચેના અબોલા દૂર કરાવ્યા.	( ) મરઘાબેન
૩. ૩ વાર એકાશણા તથા બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા સાથે ૧-૧ લાખ નવકાર જાપના અનુષ્ઠાન કર્યા.	( ) હસમુખભાઈ
૪. અમેરિકામાં અજાયબી.	( ) વૈદ્યરાજ શ્રી રામચંદ્રજી
૫. રોજ ૫ હજાર નવકાર ગણ્યા પછી જ દાતણ કરે છે.	( ) આ. શ્રી વિજયવલ્લભસૂરિજી મ.
૬. ૪ થી વખત હાર્ટ એટેકમાં પણ નવકાર બળે જીવંત રહીને ડૉક્ટરોને આશ્ચર્યચકિત કરી દીધા.	( ) હીરાચંદભાઈ
૭. રોજ જિનમંદિરમાં ૧ હજાર નવકાર સ્થિરતાથી ગણે છે.	( ) કિરણભાઈ
૮. નવકાર પ્રભાવે અસાધ્ય બીમારીમાંથી બચી ગયા.	( ) નરેન્દ્રભાઈ નંદુ
૯. શંખેશ્વરમાં ૨૭ દિવસ અખંડ મૌન-એકાશણા સાથે નવકારની સાધના કરી.	( ) સા. શ્રી પદ્મયશાશ્રીજી
૧૦. મુહપત્તિમાંથી નવકાર મહામંત્ર સંભળાવનાર	( ) મોહનભાઈ

પ્રશ્ન ૬. નીચેનાં વાક્યો પુસ્તકના જે પાના ઉપર હોય તેના નંબર લખો. (૫)

૧. દરરોજ એક વખત નવકાર સમજી જતાં ૪।। કલાક લાગવા માંડ્યા. [ ]
૨. આયંબિલનો તપ, મહામંત્ર નમસ્કારનો જપ અને દાદા શંખેશ્વરનો ખપ. [ ]
૩. જાપ કરતાં કરતાં બંધ આંખે ફિલ્મની જેમ પ્રશ્નોના જવાબ દેખાવા લાગ્યા. [ ]
૪. મારો નવકાર કેટલો બધો બળવાન છે કે એના જપમાંથી નીકળતી જ્યોતિ શક્તિ માતાનેય હાર આપી શકે છે. [ ]
૫. લગભગ વીસેક મિનિટ સુધી...એ અનેક પ્રકારનાં તોફાનો કર્યાં પણ નવકારના અસાધ્ય અભેદ્ય કવચને લીધે મુનિવરને જરાપણ સ્પર્શ કરી ન શક્યો. [ ]

પ્રશ્ન ૭. નીચેનાં વાક્યો જે દૃષ્ટાંતમાં હોય તે દૃષ્ટાંતનું શીર્ષક કૌંસમાં લખો. (૫)

૧. નવકારના કારણે પંજાબી ધર્મના માર્ગે વળ્યો. [ ]
૨. ચાર લાખનો સોદો એક લાખમાં પતે એમાં અમને અમારી શ્રદ્ધેયમૂર્તિ તરફનો વિશ્વાસ અને નવકારના અજપાજપનો અદૃશ્ય હાથ જ કારણ લાગ્યો. [ ]
૩. નાથ, શું રત્નોને જોઈ આપ પણ ધર્મ ચૂક્યા છો! ક્યારેય આપે આવું ન કર્યું ને આજે કેમ? [ ]
૪. આ એક ચમત્કાર..., એ બીજો ચમત્કાર..., આ ત્રીજો ચમત્કાર...! [ ]
૫. શ્રી નવકારે મને નવું જીવન આપ્યું અને કરેલા સંકલ્પ મુજબ મેં ચારિત્ર લીધું. જેને આજે ૪૬ વર્ષ થવા આવ્યાં છે. [ ]

પ્રશ્ન ૮. નીચેનાં વાક્યો ખોટાં હોય તો (×) અને સાચાં હોય તો (√) આવી નિશાની કરો. (૫)

૧. દુઃખ એ વીંછીનો ડંખ છે, અને સુખએ સાપનો ડંખ છે. ( )
૨. જામનગરના ગુલાબચંદભાઈને નવકારના પ્રભાવથી કૅન્સરનું અસાધ્ય દર્દ મટી ગયું. ( )
૩. સા. શ્રી ચારુધર્માશ્રીજીને નવકાર જાપના પ્રભાવે શ્રી સીમંધર સ્વામી ભગવાનના સમવસરણના દર્શન થયાં. ( )
૪. નવકારનો સૌથી મોટો ચમત્કાર આજ છે કે નવકાર આવ્યો ત્યાં રોગ ટકી શકતું નથી. ( )
૫. નવકાર મહામંત્ર પ્રવાહથી અનાદિ અનંત છે. ( )

પ્રશ્ન ૯. નીચેના શ્લોકો શુદ્ધ જોડણી પૂર્વક પૂરા કરો. [કોઈ પણ ચાર] (૮)

૧. નવકાર ઈક્ક અક્ખર, પાવં ફેડેઈ સત્ત અયરાણં;
૨. જબહી નામ હિરદે ધરા, ભયા પાપકા નાશ;
૩. નવનીત છે ચૌદપૂર્વનું, મહામંત્ર નવકાર;
૪. અનંત ગુણનો વૃંદ છે, મહામંત્ર નવકાર;
૫. જે ઘરમાં નવકારનો સદા રહે સ્થિર વાસ;

પ્રશ્ન ૧૦. નવકાર મહામંત્રના પહેલા પાંચ પદો અક્ષરોના ઉલટા ક્રમથી શુદ્ધ જોડણી પૂર્વક લખો. (૧૦)

૫
૪
૩
૨
૧

પ્રશ્ન ૧૧. તમે રોજ કઈ પદ્ધતિથી કેટલા નવકાર ગણો છો? (૫)

નવકારના પ્રભાવે તમને જે બાહ્ય કે આભ્યંતર લાભ થયા હોય તે પાંચ-સાત લીટીમાં ટૂંકમાં લખો. નવલાખ નવકાર ગણ્યા છે?

ધન્યવાદ

નવકાર મહામંત્રને સિધ્ધ કરનાર સરપંચ લાલુભા મફાજી વાઘેલા (હિન્દુ ગરાસીયા)

"શ્રધ્ધાળુ શ્રોતા અને અનુભવી સદ્‌ગુરૂનો યોગ કલિકાલમાં પણ અદ્‌ભૂત પરિણામો નીપજાવી શકે છે તે લાલુભાના પ્રત્યક્ષ દ્રષ્ટાંતથી સમજી શકાશે.

સં. ૨૦૩૭માં વૈશાખ મહિનાની કોઈ ધન્ય ઘડીએ **ટ્રેન્ટ ગામ (તા. વિરમગામ, જિ. અમદાવાદ)** ના વતની લાલુભાને વાંકાનેર-ટંકારા ની વચ્ચે આવેલ જડેશ્વર મહાદેવની ધર્મશાળામાં **નવકાર મહામંત્ર આરાધક પ.પૂ.પં. શ્રી મહાયશસાગરજી ગણિવર્ય મ. સા. નો સત્સંગ સાંપડયો.**

વિહાર કરતાં કરતાં પૂજ્યશ્રી, આજુબાજુમાં જૈન સ્થાન ન હોવાથી જડેશ્વર મહાદેવની ધર્મશાળામાં એક દિવસ રોકાયા હતા અને ભવિતવ્યતાવશાત્ ટ્રેન્ટના સરપંચ લાલુભા પણ પોતાના ભાણેજના હૃદયના વાલ્વના સફળ ઓપરેશન બાદ માનતા પૂરી કરવા માટે જડેશ્વર મહાદેવના દર્શન કરવા આવ્યા. ત્યાં ધર્મશાળામાં ઉપરોક્ત જૈન મહાત્માને જોઈને કોઈ અગમ્ય સંકેત મુજબ લાલુભા પોતાના ભાણેજને સંપૂર્ણ રીતે સારું થઈ જાય તેવી ભાવનાથી તેમના આશીર્વાદ લેવા માટે ગયા. 'સવિ જીવ કરું શાસન રસી' ની ભાવનામાં રમતા પૂજ્યશ્રીએ વાત્સલ્ય નીતરતી વાણીથી તેમને વ્યસનત્યાગ માટે પ્રેરણા કરી અને 'કમ્મે સૂરા સો ધમ્મે સૂરા' એ ઉક્તિતને ચરિતાર્થ કરતા શૈવ ધર્માનુયાયી લાલુભાએ તરત હાથમાં પાણી લઈને શંકર તથા સૂર્યનારાયણની સાક્ષીએ, **રોજની ૧૦૦ બીડી પીવાના વર્ષો જૂના વ્યસનને એક જ ધડાકે સદાને માટે તિલાંજલિ આપી દીધી.** તેમની આવી પાત્રતા જોઈને પૂજ્યશ્રીએ પણ યથાયોગ્ય રીતે ઉપબૃંહણા કરી. પરિણામે ચાતુર્માસ દરમ્યાન ખાસ પૂજ્યશ્રીના દર્શન કરવા માટે લાલુભા અમદાવાદ ગયા. પોતાના ભાણેજને સંપૂર્ણ સારું થઈ જતાં લાલુભાની પૂજ્યશ્રી પ્રત્યેની શ્રધ્ધા વૃધ્ધિંગત બનતી ગઈ. તેની ફલશ્રુતિ રૂપે સં. ૨૦૩૮ના પૂજ્યશ્રીના જામનગરમાં ચાર્તુમાસ દરમ્યાન પત્ર દ્વારા પૂજ્યશ્રીના સમાચાર મેળવીને ચાર વખત જામનગર જઈ આવ્યા. પ્રશ્નોત્તરી દ્વાર શૈવધર્મ તથા જૈનધર્મના તત્ત્વોનું રહસ્ય સમજ્યા. પહેલાં મહિનામાં બે વખત અગિયારસના ફળાહાર યુક્ત ઉપવાસ કરનાર લાલુભા હવે ફક્ત અચિત્તપાણીયુક્ત શુધ્ધ ઉપવાસ કરવા લાગ્યા. સાત મહાવ્યસનો, કંદમૂળ તથા રાત્રિભોજનનો કાયમને માટે ત્યાગ કર્યો. **સગાભાઈની દીકરીના લગ્નપ્રસંગે પણ તેમણે રાત્રિભોજન ન જ કર્યું !..** સવારના રોજ નવકારશી અને સાંજે ચઉવ્વિહારના પચ્ચક્ખાણ કરવા લાગ્યા. રોજ એક બાંધી નવકારવાળીનો જાપ શરૂ કર્યો. જૈનધર્મ પ્રત્યે અતૂટ શ્રધ્ધાવાળા બન્યા.

આ ચાતુર્માસમાં ઉપધાન તપની ક્રિયા જોઈને તેમનામાં ક્રિયારૂચિ ઉત્પન્ન થઈ અને **રોજ મૌનપૂર્વક એક સામાયિક કરવાનો પ્રારંભ કર્યો.** તથા દર વર્ષે પર્યુષણમાં પોતાના ઉપકારી ગુરૂદેવશ્રી જ્યાં પણ હોય ત્યાં જઈને તેઓશ્રીની પાવન નિશ્રામાં **એકાંતરા ચાર ઉપવાસ તથા ચાર એકાશણાપૂર્વક ૬૪ પ્રહરી પૌષધ કરવા લાગ્યા. આ ક્રમ છેલ્લા ૧૨ વર્ષથી અતૂટપણે ચાલુ જ છે..!...**

ટ્રેન્ડ ગામમાં એક પણ જૈન ઘર ન હોવા છતાં જૈન ધર્મ પાળતા લાલુભાનો શરૂઆતમાં ગામલોકોએ ઘણો વિરોધ કર્યો ત્યારે લોકવિરોધને શમાવવા માટે વ્યવહારદક્ષતા વાપરીને લાલુભા પોતાના ગુરૂદેવશ્રીના માર્ગદર્શન મુજબ શૈવમંદિરમાં જઈને પણ-

भवबीजाडकुर जनना रागाद्याः क्षयमुपागता यस्य ।
ब्रह्मा वा विष्णु र्वा, हरो जिनो वा नमस्तस्मै ।।

ભાવાર્થ :- સંસારરૂપી બીજમાંથી અંકુર ઉત્પન્ન કરનાર રાગ દ્વેષાદિ દોષો જેમના નાશ પામી ગયા હોય તેવા જે કોઈ પણ દેવ-બ્રહ્મા, વિષ્ણુ, મહેશ કે જિનેશ્વર પ્રભુ હોય તેમને મારા નમસ્કાર થાઓ.)

આ શ્લોક બોલીને બાહ્ય દૃષ્ટિથી શિવલિંગને નમસ્કાર કરતા દેખાતા લાલુભા ભાવથી તો શ્રી જિનેશ્વર પ્રભુને જ નમસ્કાર કરતા હતા !

ગજબનો ગુરૂસમર્પણભાવ ધરાવતા લાલુભો સં. ૨૦૪૫ માં **ગુરૂદેવશ્રી સાથે વર્ષીતપનો પ્રારંભ કર્યો અને પારણું પણ ગુરૂદેવ સાથે જ હસ્તિનાપુર તીર્થમાં કર્યું !**

સં. ૨૦૪૮માં વર્ધમાન આયંબિલ તપનો પાયો નાંખ્યો, તેમજ કષાયજય તપ તથા **ધર્મચક્રતપ પૂર્ણ કર્યા બાદ વીરમગામથી પ્રભુજીને ટ્રેન્ટ ગામમાં પધરાવીને ઠાઠ-માઠથી સ્નાત્ર ભણાવીને આખા ગામને જમાડયું !.. પરંતુ પોતે તપ નિમિત્તે અપાતી પ્રભાવનાનો પણ નમ્રતાપૂર્વક અસ્વીકાર કર્યો.**

સં. ૨૦૪૯માં ફા.સુ ૧૩ના દિવસે શત્રુંજય ગિરિરાજની છ ગાઉની યાત્રા તથા આદિનાથ દાદાની પૂજા કરી. એ જ વર્ષે ચાતુર્માસના અંતમાં ગરવા ગિરિરાજની છત્રછાયામાં, ઉપકારી ગુરૂદેવશ્રીની નિશ્રામાં ઉપધાન તપ કરીને મોક્ષમાળાનું પરિધાન કર્યું ! શ્રાવકના ૧૨ વ્રતમાંથી કેટલાક વ્રતો-નિયમો સ્વીકાર્યા. પરિગ્રહનું પરિમાણ કર્યું. સરકારી જીનમાં વર્ષો સુધી ચોકીદાર તરીકે નોકરી કર્યા બાદ ખેતીવાડી કરતાં ખેતીવાડીમાં પણ જીવદયાનો સવિશેષ લક્ષ રાખવા લાગ્યા.

ખાનદાન કુળમાં જન્મ પામેલ સંતાનોને પણ આજના ટી.વી યુગમાં મા-બાપને પગે લાગતાં શરમ આરે છે ત્યારે **૬૦ વર્ષના લાલુભા આજે પણ દરરોજ પોતાના માતુશ્રીને અચૂક પગે લાગવામાં ગૌરવ અને આનંદ અનુભવે છે.**

વ્યવહાર સમ્યક્ત્વને નિર્મળ બનાવવા માટે તેમણે સમેતશિખર, હસ્તિનાપુર, શત્રુંજય, રાજગૃહી, પાવાપુરી, ચંપાપુરી, વારાણસી આદિ અને તીર્થોની યાત્રા ભાવપૂર્વક કરીને જીવનને ધન્ય બનાવ્યું.

જ્યારે પણ ટ્રેન્ટથી વીરમગામ જવાનું થાય ત્યારે ત્યાં જે પણ જૈન મુનિવર હોય તેમને ભાવપૂર્વક વંદન કરી વ્યાખ્યાન સાંભળે તથા ચાતુર્માસ દરમ્યાન ત્યાં જે પણ સામૂહિક તપશ્ચર્યા ચાલતી હોય તેમાં જોડાય.

ધાર્મિક સૂત્રોમાં ગુરૂવંદનવિધિના સૂત્રો તથા સામાયિક લેવા પાળવાની વિધિના સૂત્રો કંઠસ્થ કર્યા છે.

વ્યાખ્યાનાદિમાં જે પણ સારું સાંભળે તેને તાત્કાલિક અમલમાં મૂકવાની વૃત્તિ ધરાવતા લાલુભાએ સં. ૨૦૪૨માં અંધેરી (મુંબઈ) માં પર્યુષણ દરમ્યાન પોતાના ઉપકારી ગુરૂદેવશ્રીના મુકેથી ક્ષમાપના વિષે પ્રવચન સાંભળ્યું અને તરત પોતાના **પ્રતિસ્પર્ધી ચેરમેનને ત્યાં સામે જઈને ક્ષમાપના કરી-ખમાવ્યા. આ જોઈને ચેરમેન પણ આશ્ચર્યચકિત થઈ ગયા અને સદાને માટે લાલુભાના જીગરીદોસ્ત બની ગયા. નવકાર તેમજ ધર્મનિષ્ઠાના પ્રભાવને લાલુભાના જીવનમાં સર્જાયેલ ચમત્કારિક ઘટનાઓ**

૧) લોહીની ઊલટી બંદ થઈ ગઈ

રોજના નિત્યક્રમ પ્રમાણે લાલુભા મૌનપૂર્વક સામાયિકમાં હતા ત્યારે તેમના ઘરે આવેલ તેમના ભાણેજને અચાનક લોહીની ઊલટી થતાં કુટુંબીજનો ખૂબ ગભરાઈ ગયા અને છોકરાને અમદાવાદ હોસ્પીટલમાં લઈ જવા માટે તૈયાર કરવા લાગ્યા. ગજબની નવકારનિષ્ઠા ધરાવતા લાલુભાએ મૌન હોવાથી ઈશારાથી ગરમ (અચિત્ત) પાણી મંગાવ્યું અને એક બાંધી નવકારવાળીનો જાપ કરીને તે નરકારવાળીને પાણીમાં નાંખી. ત્યારબાદ તેને બહાર કાઢીને ભાણેજને તે પાણી પીવડાવતાં લોહીની ઊલટી બંધ થઈ ગઈ. હોસ્પીટલમાં જવાની જરૂર જ ન રહી !

૨) સર્પનું ઝેર ઉતરી ગયું.

ટ્રેન્ટ ગામના યુવાન કોળીના દીકરાને ખેતરમાં ઝેરી સર્પ કરડવાથી, છોકરો મૃતઃપાય થઈને ઢળી પડયો. તેને ગાડામાં નાખીને મા-બાપ રડતાં રડતાં લાલુભા પાસે આવીને છોકરાને બચાવી લેવા માટે કરગરવા લાગ્યા. દયાળુ લાલુભા ગુરૂદેવને યાદ કરીને ઉપર મુજબ એક બાંધી નવકારવાળીથી

અભિમંત્રિત જલનો ઝેરથી બેભાન બનેલા છોકરાના મુખ ઉપર છંટકાવ કર્યો અને બધાના આશ્ચર્ય વચ્ચે છોકરો તરત આળસ મરડીને ઉભો થઈને ચાલતો થઈ ગયો. ઝેર ઉતરી ગયું. છોકરાના મા-બાપ અહોભાવથી લાલુભાને પૈસા આપવા લાગ્યા. પરંતુ નિઃસ્પૃહી લાલુભાએ એક પણ પૈસો ન લેતાં જીવદયામાં એ રકમને વાપરી નાખવા ભલામણ કરી. પોતે સરપંચ હતા ત્યારે લાલુભાએ ખૂબ જ નીતિપૂર્વક અનેક ગ્રામવાસીઓના ઝઘડા ઘર બેઠે પતાવ્યા હતા. પરંતુ કોઈ પાસેથી એક પણ પૈસો લીધો ન હતો !..

૩) છ મહિનાનું પેટનું અસહ્ય દર્દ ગાયબ થઈ ગયું

ટ્રેન્ટ ગામમાં સાયકલથી ટપાલ પહોંચાડતા બ્રાહ્મણ પોસ્ટમેનને પેટમાં અસહ્ય દર્દ ઉપડયું. છ મહિના સુધી અમદાવાદ જઈ ઘણા ઉપચારો કરાવ્યા છતાં દર્દે મચક ન આપી. આખરે લાલુભા પાસે આવીને વિનંતિ કરતાં ઉપર મુજબ ૧૦૮ નવકારથી અભિમંત્રિત જલ પીવડાવતાં દર્દ સદાને માટે દૂર થઈ ગયું !...

૪) એક વખત લાલુભાને કાળા વીંછીએ હાથમાં ડંખ આપતાં આખા હાથમાં અવર્ણનીય, અસહ્ય ભયંકર પીડા થવા લાગી. આ જોઈને તેમની માતાએ ગારુડી માંત્રિકને બોલાવવાની તૈયારી કરી. પરંતુ લાલુભાએ તેમ કરતાં અટકાવીને એક રૂમમાં બેસી, દરવાજો બંધ કરી એક કલાક સુધી એકાગ્ર ચિત્તે શ્રધ્ધાપૂર્વક નવકાર મહામંત્રનો જાપ કર્યો પરિણામે વીંછીના ડંખની ભયંકર પીડા પણ કલાકમાં સંપૂર્ણ દૂર થઈ જતાં અનેક લોકોને જૈનધર્મ તથા નવકાર મહામંત્ર પર શ્રધ્ધા થઈ.

૫) ધરણેન્દ્ર નાગરાજનાં દર્શન થયાં

એક વખત નિત્યક્રમ પ્રમાણે લાલુભા જીનમાં સામાયિક લઈને શંખેશ્વર પાર્શ્વનાથની છબી પોતાની સમક્ષ પધરાવીને જાપ કરી રહ્યા હતા. સામાયિક પાળવાને દશેક મિનિટની વાર હતી ત્યાં તો અચાનક વિશાળ ધરણેન્દ્ર નાગરાજ ત્યાં આવી પહોંચ્યા અને પાર્શ્વનાથ પ્રભુની છબી પર પોતાની વિશાળ ફણ ધારણ કરીને થોડીવાર સ્થિર રહ્યા. આ દૃશ્ય જોઈને લાલુભા ક્ષણવાર તો સ્તબ્ધ થઈ ગયા. પરંતુ જાપમાં સ્થિર રહ્યા. ત્યાંથી ગભરાઈને ઊઠી ન ગયા. આખરે થોડીવારમાં ફણ સંકોચીને નાગરાજ થોડે દૂર ખૂણાંમાં રાખેલ લોખંડના સામાનમાં અલોપ થઈ ગયા. સામાયિક પાર્યા બાદ લાલુભાએ ત્યાં તપાસ કરી પરંતુ નાગરાજ પછી દેખાયા જ નહિ.

૬) ખારા સમુદ્રમાં મીઠી વીરડી

સં. ૨૦૪૩માં દુષ્કાળ વખતે આજુબાજુના ખેતરમાં બોરીંગ નંખાતાં ખારું પાણી નીકળ્યું. પરંતુ લાલુભાના ખેતરના બોરીંગમાં જ મીઠું પાણી નીકળતા લાલુભાએ બધાને છૂટથી મીઠું પાણી આપીને બધાનો પ્રેમ સંપાદન કર્યો.

૭) જીવદાયોનો ચમત્કાર

એક વખત ટ્રેન્ટ ગામના ખેતરમાં જીરાના પાકમાં બંટી નામનો રોગ વ્યાપક પ્રમાણમાં ફેલાયો હતો. પરંતુ ખેતરમાં કદીપણ જંતુનાશક દવા નહિ છંટાવતા લાલુભાના ખેતરમાં જીરાનો એ રોગ લાગુ ન પડયો. આ જોઈને ગામ લોકોને જૈનધર્મ પ્રત્યે ભારે અહોભાર થયો !...

લાલુભાના એક પુત્ર જ્યેશે નવસારીમાં પૂજ્યપાદ પંન્યાસપ્રવરશ્રી **ચંદ્રશેખરવિજયજી મ.સા.** દ્વારા પ્રેરિત તપોવનમાં ધોરણ ૮ થી ૧૦ સુધી અભ્યાસ કરીને જૈન ધર્મના સુંદર સંસ્કારો મેળવ્યા છે.

સુપ્રસિધ્ધ કથાકાર શ્રી મોરારીબાપુ વિગેરે જૈનેતર સાધુ સંતો પણ લાલુભાના આચાર વિચાર અને ઉચ્ચારને જોઈ-સાંભળીને જૈનધર્મથી ખૂબજ પ્રભાવિત થયા છે.

ખરેખર લાલુભાનું જીવન જૈનકુળમાં જન્મેલા અનેક આત્માઓ માટે પણ ખાસ પ્રેરણાદાયક છે.

લાલુભાને કોટિ કોટિ ધન્યવાદ સાથે તેમને ધર્મમાર્ગે વાળનાર પૂજ્યશ્રીને કોટિ કોટિ વંદન

"મંત્રાધિરાજ મહામંત્ર શ્રી નવકારનું તેજ"

પરમપૂજ્ય શાસન-સમ્રાટ, ભારતદિવાકર, તીર્થપ્રભાવક, અચલગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ! તમને મારા સાદર પ્રણામ.

સવિનય જણાવવાનું કે, મારા જીવનમાં તાજેતરમાં મંત્રાધિરાજ મહામંત્ર શ્રી નવકારનાં પ્રત્યક્ષ દર્શન અર્થાત્ ચત્મકારનાં દર્શન થયા છે, જે હું વિગતવાર જણાવું છું. મારા આ પ્રસંગ દ્વારા જો કોઈ એક વ્યક્તિ પણ મંત્રાધિરાજ મહામંત્ર શ્રી નવકાર ને સહૃદયતાથી અપનાવે, તો એને પણ હું શ્રી નવકાર નો જ ચમત્કાર માનીશ.

"મંત્રાધિરાજ મહામંત્ર શ્રી નવકારનું તેજ"

નામ : બિજલકુમાર અશ્વિનભાઈ શાહ
રહેઠાણ : વિઘ્નેશ્વર ફળિયું, મહુવા.
તા. મહુવા, જિ. સુરત (ગુજરાત)
પીન : ૩૯૨ ૨૫૦

"પૂર્વનાં કોઈ મહાન પુણ્યોદયે મને ધર્મરાજ શ્રી જૈન ધર્મમાં જન્મ મળ્યો. શ્રી નમસ્કાર મહામંત્રનો પ્રભાવ વર્ણનાતીત છે. જો અટલ શ્રદ્ધાથી તેનું સ્મરણ કરવામાં આવે તો આ હળાહળ કલિયુગમાં પણ તે મનોવાંછિત પૂરનાર થાય છે."

"લાખ લાખ છે વિનંતિ મારી,
લો આશ્રય મહામંત્ર નવકારનો."

આજથી ત્રણ વર્ષ પહેલાં મેં ઉચ્ચતર માધ્યમિક બોર્ડની એસ.એસ.સી. ની પરીક્ષા ૭૨ ટકા સાથે પાસ કરી. ત્યાર બાદ મેં એચ.એસ.સી. ની પરીક્ષા આપવાનો નિર્ણય કર્યો પરંતુ પૂર્વના પાપના પ્રતાપે હું પોતાનું મન અભ્યાસમાં રાખી શક્યો નહી. મારું મન હંમેશા બાહ્ય પ્રવૃત્તિમાં રાચતું રહેતું પરિણામે એચ.એસ.સી. (૧૦+૨પદ્ધતિ) ની પરીક્ષામાં અનુર્તીણ જાહેર થયો. મને મારી વાસ્તવિકતાનું ધ્યાન આવી ગયું. આ સમયે મારામાં ધર્મ ફક્ત નામ પૂરતો જ હતો.

હવે, મેં મારું મન ધાર્મિક પ્રવૃત્તિમાં રાખવા માંડયું. ધીરે ધીરે મેં શ્રી નવકાર મંત્ર વિષેના પુસ્તકો વાંચવા માંડયા. આ જ અરસામાં મારા માટે એસ.એસ.સી પછીના સરકારી પોલીટેકનીકમાં ઈન્ટરવ્યુ આવ્યો. આ જ અરસામાં હું રોજ પ્રભુની ભક્તિ કરવા માંડયો. રોજ સવારે વહેલા ઉઠીને ભગવાનની પૂજા કરી એક બાંધી નવકારવાળી ગણવા માંડયો.

આ મંત્રાધિરાજ મહામંત્ર શ્રી નવકાર માં રહેલી મારી અપૂર્વ શ્રધ્ધાથી મને શ્રી નવકાર નો ચમત્કાર ફક્ત બેજ મહિનામાં જોવા મળ્યો. જ્યારે ઈન્ટરવ્યુ હતો, ત્યારે મને ખૂબ જ ઉત્સાહ હતો. પરંતુ મને સરકારી પોલીટેકનીકમાં પ્રવેશ મળી શક્યો નહીં. મેં તો હવે પછી પ્રવેશ માટેની આશા જ છોડી દીધી હતી, પરંતુ મહામંત્ર શ્રી નવકાર પર મને અડગ શ્રધ્ધા હતી.

મંત્રાધિરાજ મહામંત્રનો જોત જોતામાં ચમત્કાર થતાં ફરીથી પાછા પ્રવેશ માટેના ઈન્ટરવ્યુ નીકળ્યા. મારા માટે તો આ અંધારામાં રહેલું એક આશાનું કિરણ હતું, કારણ કે જો મને પ્રવેશ ન મળે તો મારી જિંદગીમાં ભણવાના દ્વાર બંધ હતા.

આ ઈન્ટરવ્યુમાં પણ પ્રવેશ મળે જ એવું ચોક્કસ ન હતું પરંતુ મેં તો મારું જીવન શ્રી નવકારને સમર્પિત કર્યું હતું. ઈન્ટરવ્યુ આપવા માટે અમદાવાદ પહોંચ્યા ત્યાં સુધી મારા મનમાં અને હૈયામાં શ્રી નવકારનું સ્મરણ હતું જ્યારે મને પ્રવેશ મળ્યો ત્યાં સુધી મેં નવકાર નું સ્મરણ ચાલુ રાખ્યું હતું. મને સીવિલ એન્જિનીયરીંગ (મોરબી) માં પ્રવેશ મળી ગયો.

આમ, શ્રી મહામંત્ર નવકારના ચમત્કારનો મને અનુભવ થયો. આપની પાસે ફક્ત એક જ આશા રાખુંછું કે આપ પણ આપના જીવનમાં શ્રી નવકાર મંત્ર અપનાવો.

"જૈનમ્ જયતિ શાસનમ્"

લી. બીજલ શાહ

॥ ૐ અર્હં નમઃ ॥

"વિઘ્નહર્તા - માર્ગદર્શક નવકાર મહામંત્ર"

પૂ. મહાસતીજી ચૈતન્યદેવીજી ઉર્ફે વિશ્વશાંતિ ચાહક

જૈન ઉપાશ્રય, સાધનાગૃહ, ૫/૭ સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર, બસ સ્ટેન્ડ સામે, રાજકોટ-૩૬૦ ૦૦૫.

સંવત ૧૯૮૯ની સાલમાં બની ગયેલ આ બનાવ છે. જેને લગભગ આજે ૬૦ થી વધુ વર્ષ થઇ ગયા.

માટુંગા (મુંબઈ) નિવાસી માનવંતી બહેન કે જેઓ દીક્ષાર્થી હતા. સંસારમાં તેમના પતિ તથા એક નાની બાળા હોવાથી દીક્ષાની આજ્ઞા મળતી ન હતી. કેમકે રાગી અને વૈરાગીને કેવી રીતે બને ?

અઢી વર્ષ વૈરાગ્ય અવસ્થામાં થયા પછી ઘરનો ત્યાગ કરીને (મારવાડ) જોધપુર ગયા. ત્યાં પૂ. જવાહરલાલજી મહારાજશ્રી બિરાજમાન હતા. ચાર દિવસમાં તો ત્યાં બહેનો સાથે એવો પ્રેમ બંધાઈ ગયો કે જાણે તેમના પૂર્વપરિચિત સ્નેહીઓ જ કેમ ન હોય ! ત્યાંની બહેનો કહે - "અહીંયા રહી જાઓ અને અમને ભણાવો" પરંતુ બહેનને અભ્યાસ આગળ કરવાનો વિચાર હતો, અને સાધ્વીઓનો સંગ કરવાનો હતો તેથી ત્યાં ન રોકાતા તેઓ ત્યાંથી અજમેર ગયા. અજમેરમાં સાધ્વીઓ હતા ત્યાં ગયા. તે સાધ્વીઓ કહે કે "અમારી પાસે દીક્ષા લો તો અમે અભ્યાસ કરાવીએ." બહેનને તો ઋષિ સંપ્રદાયમાં રાજકુંવર મહારાજ પાસે દીક્ષા લેવાના ભાવ હતા. તેથી તેઓ અહીં હા કેવી રીતે પાડે ? આ વાત એક-બે સાધ્વીઓની નહિ પણ બધાની એક જ પ્રકારની વાત હતી. ત્યારે સાધુઓ એવી સલાહ આપતા કે - "તમારે જેની પાસે અભ્યાસ કરવો હોય તેને કહી દેવું કે 'તમારી પાસે દીક્ષા' લઇશ અને અભ્યાસ થયા પછી તમારી ઇચ્છા પ્રમાણે કરજો". આની અંદર તો પ્રત્યક્ષ સ્વાર્થ ભાવની જ વાત હતી અને સાધુઓની સલાહમાં અસત્ય અને પ્રપંચ જ હતા. બંને વાત જેણે સાચું જાણ્યું છે અને જે સાચું આચરવા માટે ત્યાગ માર્ગ ગ્રહણ કરવા ઇચ્છે છે તેને કેમ રુચે ? અને રુચે નહિ તો આચરે તો ક્યાંથી જ ? આ કારણે વિશેષ અભ્યાસ થતો નહીં. અજમેરમાં એક કુટુંબ સાથે સારો પ્રેમ સંબંધ બંધાયેલ તેના પુત્રને ધર્મ બંધુ અને માતાને ધર્મમાતા માનેલ હતા. તેમના સંબંધીએ જાલંધર શહેરમાં દીક્ષા લીધેલ ત્યાં બિરાજમાન હતા. તેઓની સલાહથી પંજાબમાં જાલંધર શહેરમાં તેઓએ સગવડ કરી આપી અને ત્યાં ગયા. ત્યાંના સાધ્વીઓએ તથા શ્રાવક-શ્રાવિકાઓએ ખૂબ જ આદર સત્કાર કર્યો કેમ કે બહેનનો અભ્યાસ સારો હતો, વિદ્વાન હતા, તથા સમજણ શક્તિ અતિ તીવ્ર હતી. તેથી જાલંધરની સાધ્વીઓને તો લાલચ અને લોભે ઘેરી લીધા હતા તેથી કહેતા - "દીક્ષા લેવાની હા પાડો". બહેને કહ્યું કે - "શાસ્ત્રમાં તો આજ્ઞા સિવાય દીક્ષા આપવાની મનાઈ છે. તો તમે કવી રીતે દીક્ષા આપશો" ? તેઓ કહે "અમે કોર્ટથી આજ્ઞા મંજૂર કરાવીશું અને દીક્ષા સમયે સ્વજનો આવે પછી તેમનું કંઇ ન ચાલે."

બહેનનું ભણતર ફક્ત ભણતર નહિ પણ સાથે ગણતર પણ હતું. અનુભવ હતો. સાચી સમજ હતી તેથી તેમણે મનમાં વિચાર કર્યો કે, "આપણે કંઇ રાગ દ્વેષ જીતી લીધા નથી. આવી રીતે દીક્ષા લેવાય તો પછી સંયમનું શું ? આવા પ્રપંચી અને સ્વાર્થી લોકો પાસે દીક્ષા લેવાથી સફળતા ક્યાંથી થાય ? તેથી તેણે દીક્ષા લેવાની હા ન જ પાડી.

હવે પછી જોઈ લો સ્વાર્થનો તમાસો, પહેલાં જે માન-પાન તેમને મળતા હતા તે બંધ થઈ ગયા. અને સાધ્વીએ કહે - "જો તમે દીક્ષા અહીંયા ન લો તો તમે અહીંઆ રહી જ નહિં શકો. અહીંથી ચાલ્યા જાવ". બહેનની પાસે ત્યારે પૈસા હતા નહિ અને ઘરમાંથી કંઇ પણ લીધેલ નહિ. ફક્ત તેમની પાસે હાથમાં સોનાની બંગડીઓ અને ગળામાં લોકીટ-ચેન હતો. અને નવકાર મહામંત્રનું શરણું અને ધર્મ

પ્રત્યે અથાગ શ્રધ્ધા હતી. હવે જવું કેવી રીતે તે પ્રશ્ન હતો. તેમણે વિચાર્યું કે તેની પાસે જે બંગડી અને ચેન હતા તે વેંચીને પણ અહીંથી તો જવું પણ અહીં દીક્ષા તો ન લેવી. પછી ત્યાંના સાધ્વીઓ તથા શ્રાવક-શ્રાવિકાઓ કહે જો તમે દીક્ષા અહીંયાં ન લો તો અમે તમને દિલ્હી સુધી પહોંચાડી દઈશું આગળ નહિ. બહેને કહ્યું કે - દિલ્હીમાં સવારમાં ગામમાં પહોંચાય તેવી સગવડ કરો. તો લોકો કહે - દિલ્હીની ગાડી રાતના નવ વાગ્યે જ ત્યાં પહોંચાડે તેવી છે, બીજી નથી જ.

અને પહેલાં જે આદર-માન-હતું તે બધું વિલીન થઈ ગયું અને તે લોકો કહે અમે તમને દિલ્હી શહેર સુધી પહોંચતા કરશું. બહેને મંજુર કર્યું. પરંતુ બહેને કહ્યું કે દિલ્હીમાં સવારે ગામ પહોંચે તેવી સગવડ કરો તો તે લોકો કહે ''દિલ્હીની ગાડી રાતના નવ વાગે જ ત્યાં પહોંચાડે તેવી છે બીજી કોઈ ગાડી નથી જ.'' કદાચ બહેનને ભય પમાડવા માટે આવી રીતે કહ્યું હોય તો સર્વજ્ઞ જાણે ! પરંતુ બહેન તો પોતાના ધ્યેયમાં અડગ જ હતા તેઓ તો જવાને તૈયાર થયા. બહેન પૂછયું કે ''દિલ્હીમાં ઉપાશ્રય કઈ જગ્યાએ છે ? તેનું શું નામ છે ? વગેરે હકીકત કહો. તે લોકોનો સ્વાર્થ સર્યો નહિ તેથી યોગ્ય સલાહ આપી નહિ. ફક્ત એટલું જ કહ્યું - બારાદરી ઉપાશ્રયનું નામ છે. તે કઈ જગ્યાએ છે તેવું કંઈ કહેલ નહિ.

તેમજ તે ઉપાશ્રયમાં તો સાધુ મહારાજ બિરાજતા હતા ત્યાં રાતના શી રીતે જશે ? એવો તેમને કંઈ વિચાર કર્યો જ નહિ. માનવજીવનમાં જ્યારે સ્વાર્થભાવ પ્રવેશે છે ત્યારે તે માનવ ન રહેતાં પિશાચ રૂપ બને છે. આવા માનવને શું સાધુ કહી શકાય ખરા ? જે પરમાર્થમય જીવન જીવે તે જ સાધુ. આ બધો અનુભવ થવાથી એમ સમજાયું કે આ મોહ-માયાનું સામ્રાજ્ય તો બધેજ પ્રસરેલું છે. જાલંધરના સાધ્વીઓને પૂછેલ હતું કે દિલ્હીમાં કોઈ સાધ્વીજી હોય તો તેમનું સરનામું આપો. પરંતુ સ્વાર્થની પૂર્તિ ન હોવાથી તેઓને બહેન પ્રત્યે સારા ભાવ કયાંથી રહે? તેથી સરનામું ન આપ્યું, ફક્ત એટલું જ કહ્યું કે - બારાદરીમાં સાધુ રહે છે. બારાદરી એટલે શું અને તે ક્યા સ્થળે આવેલું છે ? વગેરે કંઇ ખુલાસો કરેલ નહિ.

રાતના આશરે નવેક વાગ્યાના સુમારે દિલ્હી સ્ટેશન પર બહેન પહોંચ્યા અને સ્ટેશન બહાર જઈને ઘોડાગાડી કરીને ઘોડાગાડીવાળાને કહ્યું કે ''બારાદરી લઈ જા''. હવે ત્યાં બારાદરી નામનો એક રસ્તો હતો અને બારાદરી ઉપાશ્રયનું નામ પણ હતું તેથી ગાડીવાળો તો બિચારો બારાદરી નો રસ્તો આવ્યો કે ત્યાં ઉતારી દીધા અને પૈસા લઈને ચાલતો થયો. ત્યાંની ભાષા જુદી, ગુજરાતીમાં તેઓ સમજે નહિ. બહેનને થોડું હિન્દી આવડતું હતું પરંતુ ત્યાંની ભાષા જુદી. ગુજરાતીમાં એઓ સમજે નહિ. તેઓ બારાદરીના રસ્તા પર બધાને પૂછે અને એટલામાં ફર્યા કરે. પણ તેમની ભાષા સમજે નહિ તેથી રસ્તો ક્યાંથી બતાવે ? રાતનો સમય હતો વળી બહેનની જાત. બહેને તો મનોમન અંતરના ભાવથી પ્રભુનું સ્મરણ અને ''નવકાર મહામંત્ર'' નો જાપ શરૂ કરી દીધો. તે વખતે બીજું કોણ સહાય કરે ? ધર્મનું શરણ લઈને મનોમન ''નવકાર મંત્ર'' નું સ્મરણ ભાવ પૂર્વક ગદ્ ગદ કંઠે કરે, અને રસ્તામાં ફરે. આવા સમયે મનની સ્થિતિ કેવી હશે ? તે તો અનુભવ કરનાર જ જાણે. આર્તનાદ મનમાં તલ્લીન થઈને નવકારનું સ્મરણ કરે અને રસ્તામાં ફર્યા કરે અને પૂછે તો કોઈ ભાષા સમજે નહિ. વિકટ પરિસ્થિતિ હતી. ભાગ્યવશ કોઈ માણસ મલે, એવો રસ્તો, રાતનો સમય. એક જ મંત્ર પર શ્રધ્ધા રાખીને જાપ ચાલુ કરી દીધા. હવે તો પ્રભુ તમેજ તારી શકો તેમ છો બીજો કોઈ રસ્તો નથી જ. રાતના હું ક્યાં જઈશ ? દિવસ હોય તો વાંધો નહિ પણ આ તો રાતનો સમય. જાલંધરવાળાએ ભારે મુશ્કેલીમાં મૂકી દીધા પણ હવે શું થાય ?

પ્રભુ ! તારો જ આધાર છે. સર્વ ભાવે તેમને આધીન થઈ તેનું સ્મરણ કરવા લાગ્યા. એમ સમય લગભગ વીતતો ગયો. તેવામાં ફરતાં ફરતાં એક પુરૂષ તેમને મલ્યો. અચાનક તે આવીને કહે - ''બહેન શી વાત છે ?'' બહેને કહ્યું - ''બારાદરી

ઉપાશ્રય જવું છે. રસ્તાની ખબર નથી''. તે ભાઈએ બહેનના હાથમાંથી થેલી લઈ લીધી અને બહેનને ધીરજ આપી અને કહ્યું કે ''ચાલો હું તમને પહોંચતા કરી દઈશ. ગભરાશો નહિ''.

પછી તે ભાઈ બધાને પૂછે પણ પત્તો લાગે નહિ. સરનામું બરાબર આપેલ ન હતો તો પત્તો ક્યાંથી લાગે ? એમ ફરતાં ફરતાં ઘણો સમય પસાર થઈ ગયો રાત્રિના બાર વાગ્યા ત્યારે ઉપાશ્રય મલ્યો. ઉપાશ્રય તો સ્ટેશન પાસે જ હતો પણ બતાવવા વાળાએ સીધો માર્ગ બતાવેલ નહિ. એક તો રાત્રિ અને વળી સાધુનો ઉપાશ્રય. બધા સૂઈ ગયેલ હતા. તેમને ઉઠાડ્યા અને કહ્યું કે ''આ બહેનને દર્શન કરવા છે.'' પછી ત્યાંના માણસે કહ્યું કે હું મહાસતીના ઉપાશ્રયે બહેનને લઈ જઈશ. આમ અજાણ્યો માણસ ઉપાશ્રયના માણસને ભલામણ કરી બહેનને ત્યાં સુપ્રત કરી અલોપ થઈ ગયો. તે ભાઈ કોણ હતા ? ક્યાંથી આવ્યા ? અને કુદરતી રીતે કેવી રીતે ભેટો થયો ? જે ભાઈ મલ્યા તે દેવ હતા કે માનવ તે સવાલ હજુ અણ ઉકેલ્યો જ છે. પરંતુ જે કોઈ પ્રબળ શ્રધ્ધા, આસ્થાપૂર્વક ધર્મનું જાપનું શરણ લે છે તેને આવી અદ્રશ્ય શક્તિ સહાય કરે જ છે. તે નિર્વિવાદ સત્ય છે. આજે પણ કળીયુગમાં ધર્મ તો હાજરા હજુર જ છે. તેનાં પર શ્રધ્ધા રાખનાર માનવની જ જરૂર છે. આજે માણસમાં શ્રધ્ધા નથી. વિશ્વાસ નથી. ગણતાંની સાથે ફળની માંગણી કરે છે ! બસ દુન્યવી પૌદ્‌ગલિક સુખની આશાએ જ તે નવકારમંત્ર ગણવા તૈયાર થાય છે, ત્યારે તેનું ફળ પણ તેવું જ મળે છે. શાસ્ત્રકાર કહે છે કે ''નવકારમંત્રના'' એકક અક્ષરને ગણવાથી ગણનારના સાત સાગરોપમનાં પાપો દૂર થાય છે. એક ચિત્તે વિધિ સહિત ભાવથી નવલાખ નવકાર મંત્ર ગણવામાં આવે તો ગણનાર જાનવર કે નરકગતિમાં જતો નથી. ''નવકારમંત્ર'' જેવો દુનિયામાં બીજો કોઈ મંત્ર નથી. આવા અપૂર્વ ''નવકાર મંત્ર'' ને છોડીને કયો આત્મા બીજા મંત્ર-તંત્રમાં ઉદ્યમી બને ! માટે હે મહાનુભાવો ! પરમ મંગળકારી, આધિ વ્યાધિ ને ઉપાધિને ટાળનાર, સુખ સમૃધ્ધિને અર્પનાર, સમગ્ર દુઃખનો વિનાશ કરનાર, ચૌદ પૂર્વના સારરૂપ અનાદિસિધ્ધ એવા નવકાર મંત્રનું ખૂબ ખૂબ ભાવથી સ્મરણ કરો. પ્રતિદિન તેનો જાપ કરો. એકાંતમાં બેસી તેનો વિચાર કરો અને અંતે મુક્તિ ને વરો એજ કામના.

આ અનુભવી બહેન હાલ દીક્ષા પર્યાયમાં મહાસતીજી ''ચૈતન્યદેવીજી ઉર્ફે વિશ્વશાંતિ ચાહક'' ના નામે રાજકોટમાં બિરાજે છે. આ અનુભવ તેમનો સંસારી પૂર્વ જીવનનો હોઈ લગભગ ૬૦થી વધુ વર્ષ થઈ ગયા છે. હાલમાં તેઓ પોતાનું સમસ્ત દીક્ષાર્થી જીવન આત્મસાધનામાં વિતાવી નિવૃત્તિક્ષેત્રે બિરાજી યોગ સાધનામાં તલ્લીન રહી, બહુધા એકાંતપણે લોકસંસર્ગથી દૂર રહી, આત્માનુભવની ઉચ્ચ કક્ષાએ પહોંચી ''સમ્યગ દર્શનની'' પ્રાપ્તિ કરી વિશ્વનું સાચું સ્વરૂપ સમજી સ્વ-સ્વરૂપનો આનંદ ચાખ્યો છે અને એમાં જ તલ્લીન રહેવા ઇચ્છે છે. સ્વ કલ્યાણ ઉપરાંત પરના કલ્યાણની પણ એટલી જ તાલાવેલી એમના હૈયામાં રહેલી છે એવી ભાવનાથી પ્રેરાઈને જ ''મંત્ર વિજ્ઞાન અને સાધના રહસ્ય'' જીવન સંદેશ આત્મોત્થાન, યોગદર્શન અને યોગ સમાધિ, **નારી શક્તિ** ઉપરાંત **''વિચાર શક્તિનો અદ્‌ભુત પ્રભાવ''** વગેરે પુસ્તકોનું લેખન સંપાદન અને પ્રકાશન કર્યું છે.વિચાર શક્તિનો અદ્‌ભૂત પ્રભાવે નાના પુસ્તકમાં પોતાના વિચારોથી માનવ ઉત્થાન અને પતન કરે છે તેનો ચિતાર સહ નિકૃષ્ટ વિચારોથી અને માનસિક સ્થિતિમાં વિકારો પ્રવેશ કરે તેથી કેવા કેવા ભયંકર રોગો થાય છે, અને પ્રેમ, દયા કરુણા અને નિસ્વાર્થ વિચારોથી રોગમુક્તિ વગેરેનું વર્ણન કરવામાં આવેલ છે. વિશેષ તો એ પુસ્તકો વાંચવાથી અનુભવે સમજાશે. હાથ કંકણ ને આરસીની શી જરૂર ?

લી. મોદી સુભાષચંદ્ર શામળદાસ
૩૩, જૂનો જામનગરનો ઉતારો,
કબીરશેરી, રાજકોટ-૩૬૦ ૦૦૧.

જેના હૈયે શ્રી નવકાર, તેને કેમ ગમે સંસાર ?

પ્રવચનકાર : પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

આમ જો જોવા જઈએ, તો આ સંકલન કોઈ સળંગ પ્રવચનોનું નથી, પણ નમસ્કાર વિષયક અપાયેલાં અલગ અલગ પ્રવચનાંશોનું આ સંકલન છે. પણ **પૂ. મુનિરાજશ્રી મોક્ષરતિ વિજયજી મહારાજે** એવી કુશળતાપૂર્વક આ સંકલન કર્યું છે કે, જાણે કોઈ સળંગ પ્રવચન જ વાંચતા હોઈએ, એવી અનુભૂતિ થયા વિના ન રહે ! મુગ્ધજીવોને પણ મોક્ષાભિલાષી બનાવતી દેશના-લબ્ધિના સ્વામી પૂ. પ્રવચનકારશ્રીએ આમાં નવકાર એટલેશું ? નવકારને ગણનારો કેવો હોય અને નવકાર ને ગણવા (પાછળ) નું એનું ધ્યેય કયું હોવું જોઈએ ? આ વિષય એટલી બધી સહેલાઈથી છતાં સચોટ રીતે વર્ણવ્યો છે કે, આ પ્રવચનાંશો વાચનારનાં દિલદિમાગમાં કોઈ જ પ્રશ્નનો અવકાશ રહેવા પામે નહિ ! આ પ્રવચનાંશો બુકલેટ રૂપે આકર્ષક મુખપૃષ્ઠ/મુદ્રણ સાથેય પ્રગટ થઈ ચૂક્યા છે.

મેળવવાનું સંપર્ક-સરનામું :

હીરેન જયંતિલાલ મહેતા, ૧, રાઠોડ ભુવન, ઝવેર રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.

મૂલ્ય માત્ર રૂપિયા ચાર.

પાપનો વિનાશ જોઈએ કે પાપની સાધના ?

શ્રીનવકાર મંત્ર એટલો બધો મહિમાવન્તો છે કે, એના સ્મરણથી દુઃખ પણ ટળે અને કર્મનો યોગ પણ ટળે. આવું સાંભળ્યા પછી લાયક જીવને એમ ન થાય કે, નવકાર મંત્રનો આટલો બધો મહિમા શા કારણે છે ? એના અક્ષરોમાં અને એના શબ્દોમાં ક્યું સુન્દર તત્ત્વ રહેલું છે ? આ મંત્ર દ્વારા જેમને નમસ્કાર કરાય છે, તે કોણ છે અને કેવા છે ? એમાં જેમને નમસ્કાર કરાય છે, તે એવા તે કેવા સારા છે કે, જેમને નમસ્કાર કરવાના પ્રતાપે સર્વ પાપનો વિનાશ થઈ જાય ? આવા આવા વિચારો નવકાર મંત્રના મહિમાને માનનારાને અને ગાનારાને આવે કે નહિ? જો મારામાં તાકાત આવે તો હું પણ એવો સારો બની જાઉં, એમ થાય કે નહિ ?

આ નમસ્કાર સર્વ પાપનો વિનાશ કરનારો છે, એવું જાણનારો પોતાનું કોઈ પણ પાપ વધે, પોતાની પ્રવૃત્તિ કોઈ પણ પાપમાં આગળ ધપે, એવું ઈચ્છે ખરો ? અને પાપનો જેને સર્વથા ખપ ન હોય, પાપ માત્ર જેને ડંખતું હોય, તેને નવકાર મંત્રના સ્મરણાદિના બળેપાપસ્થાનકની સાધનામાં રાચવાની ઈચ્છા થાય ખરી ?

નવકાર મંત્રના સ્મરણાદિથી કયું સારું ન મળે ? શ્રીજિને કહેલા ધર્માનુષ્ઠાનને આદરપૂર્વક આરાધનારો માત્ર મોક્ષ જ પામે એમ નહિ, પણ સંસારમાં એને જ્યાં સુધી ભ્રમણ કરવું પડે, ત્યાં સુધી એને સંસારમાં પણ સારામાં સારી સ્થિતિ મળ્યા કરે, એમાં અશ્ચર્ય નથી. પણ પાપ માત્રનો વિનાશ ઈચ્છનારને ઈચ્છા તો મોક્ષની જ હોય ને ? આવી ઈચ્છા જેને ન થાય અને જે વચમાં જ અટવાઈ પડે, તેનું શું થાય ? એવાને નવકાર તારે શી રીતે ? એવાઓ તો પોતાને માટે નવકારની પ્રાપ્તિને દુર્લભ ન બનાવી દે તો સારું, એમ કહેવું પડે.

પાપનો વિનાશ પણ શા માટે જોઈએ છે ?

તમને ખબર છે કે, તમારા ઉપર, તમારા આત્મા ઉપર કેટકેટલાં પાપોનો બોજ રહેલો છે ? આત્મા ઉપર રહેલાં સઘળાંય પાપોનો વિનાશ, એ જ તમારું ધ્યેય છે ને ? નવકાર મંત્ર તમે ગણો છો, તે સઘળાંય પાપોના નાશ માટે ગણો છો ને ? પાપનો વિનાશ પણ શા માટે જોઈએ છે ? સંસારસુખનો લાભ અને ભોગ : આ બે તરફ નજર છે કે શ્રીઅરિહન્તે કહેલા ધર્મની પ્રાપ્તિ અને શ્રીઅરિહન્તે કહેલા ધર્મની આરાધના તરફ નજર છે ? આ જન્મમાં શ્રીઅરિહન્તે કહેલો ધર્મ મળી જાય, એ જ ઈચ્છા છે ને ?

'આ જન્મમાં શ્રીઅરિહન્તે કહેલો ધર્મ મળી જાય, તો મારો પરલોક સુંદર બને અને શ્રીઅરિહન્તે કહેલા ધર્મની પ્રાપ્તિથી મારી પરલોકની પરંપરા પણ સારી સર્જાય. એમ કરતાં કરતાં એક ભવ એવો આવી જાય કે, જે ભવમાં મારાં સર્વ પાપ નાશ પામી જાય. એથી હું કર્મના સંયોગથી સર્વથા રહિત બની શકું અને મારું શુદ્ધ સ્વરૂપ પ્રગટી જાય. એટલે હું સિદ્ધિપદનો સ્વામી બની જાઉં !' આવું જ નવકાર ગણનારના મનમાં હોય ને ? નવકારમંત્રના સ્મરણ અને શરણના ફળ તરીકે ઇચ્છે તો એ સર્વ પાપોના નાશને જ ઇચ્છે ને ? એટલે કે શ્રી સિદ્ધિપદને જ એ ઇચ્છે ને ?

મારે તો બસ, ગુણસમ્પન્નતા જોઈએ

જૈનને તો લાગે કે 'આ જગતમાં મારે આત્મગુણોને વિકસિત કરવા માટે, દિલથી પૂજવા લાયક જે કોઇ છે, તે બધા નવકારમાં સ્થાન પામેલા છે. જેમનો સમાવેશ નવકારમાં નથી, તેવાં મારાં માતા-પિતા આદિનો આદર હું કૃતજ્ઞતા અને ઔચિત્યને આશ્રયીને કરું, પણ મારે મારા આત્મકલ્યાણ માટે અથવા જગતના જીવમાત્રે પણ પોતપોતાના આત્મકલ્યાણ માટે ધર્મબુદ્ધિથી સેવવા લાયક જો કોઇ હોય, તો તેજ છે કે, જેમનો સમાવેશ નવકાર મંત્રમાં કરાયો છે. નવકાર મંત્રમાં જેમનો સમાવેશ નથી, તે ધર્મબુદ્ધિથી પૂજ્ય નથી. ધર્મબુદ્ધિથી હૈયાપૂર્વક મારું માથું તેને જ નમે કે, જેમનો સમાવેશ નવકાર મંત્રમાં કરાયો છે. મારે જે કાંઇ ખરેખર સાધવા યોગ્ય છે, તે બધું એ પાંચમા છે. અરિહન્તાદિ પાંચ મારા આદર્શ. એ પાચંમાં જે ગુણસમ્પન્નતા છે, તે મારે જોઇએ છે.'

નવકાર મંત્ર દ્વારા અરિહન્તને, સિદ્ધને અને આચાર્ય - ઉપાધ્યાય - સાધુને નમસ્કાર કરનારો તથા એ પાંચને કરેલો નમસ્કાર સર્વ પાપનો વિનાશ કરનારો બને છે, એવું સમજનારો જૈન, એ પાંચને કેટલો બધો સમર્પિત હોય ? એને જોઇએ સિદ્ધપણું, એ માટે એ અરિહન્તની આજ્ઞાનું પાલન કરવાના લક્ષ્યવાળો હોય, અને અરિહન્તની આજ્ઞાનું પાલન સાધુપણામાં જેવું અને જેટલું થઇ શકે છે, તેવું અને તેટલું ગૃહસ્થપણામાં થઈ શકતું નથી, માટે 'સાધુપણું ક્યારે પમાય' એ એનો મનોરથ હોય. એ સમજે છે કે, સર્વ પાપોના નાશ વિના સિદ્ધપણું મળે નહિ અને પાપના નાશ માટે સેવવા યોગ્ય જો કોઇ પણ હોય, તો તે અરિહંત, સિદ્ધ અને આચાર્ય-ઉપાધ્યાય-સાધુ છે !

નવકાર ગણવાથી નવકાર દુર્લભ બને ?

નવકાર મળ્યો એટેલે દુર્ગતિ ગઇ અને સદ્ગતિ નક્કી, પણ તે કોને માટે ? નવકાર જેને સર્વસ્વ લાગે તેને માટે, ગમે તેને માટે નહીં. એક માત્ર નવકાર મંત્ર જ ભણવા માંડો તો જિંદગી ઓછી પડે. ચૌદ પૂર્વી પણ કહે કે, નવકારમાં જે છે તે પૂરેપૂરું કહી શકાય એવું નથી. જે કાંઇ સારું છે, આત્મહિતકર છે, તે બધું નવકારમાં છે. પણ નવકારમાં શું છે, એ જાણવાની તમને હજુ ઇચ્છા પણ નથી થઇ એમ કહું કે તીવ્ર ઇચ્છા નથી થઇ એમ કહું ? સૌ નવકાર મંત્ર શીખે અને એમાં શું છે તે સમજે, એ માટે પાઠશાળા ખોલી છે ? તમારા ઘરનું એકેએક છોકરું નવકાર મંત્રના રહસ્યને જાણે એવી વ્યવસ્થા કરી છે ? નવકારમાં શું છે, એ જાણવાની તમે મહેનત કરી છે ?

તમે કોઇ પણ યોગ્ય ઠેકાણે પહોંચીને પૂછયું છે ખરું કે, નવકારમાં શું છે કે, જેને લઇને નવકારનું આટલું બધું મહત્ત્વ છે ? નવકારમાં જે છે તે મેળવવા જેવું અને સાચવવા જેવું છે ? કે તમારા ઘરમાં જે છે તે મેળવવા જેવું અને સાચવવા જેવું છે ? બીજા બધા જ કરતા નવકાર કીમતી છે, એ જ મેળવવા લાયક છે અને એ જ સાચવવા લાયક છે, આવું જો લાગે, તો જ જે ભાવે નવકાર ગણાવો જોઇએ, તે ભાવે નવકાર ગણી શકાય. બાકી તો ગતાનુગતિકતાથી કે કે ઊલટા ભાવે જ નવકાર ગણાય. નવકાર જો ઊલટા ભાવે ગણવા માંડયો અને ઊલટા ભાવનો આગ્રહ થઇ ગયો, તો એવો ધક્કો લાગી જાય કે, કદાચ અનન્તકાળ સુધી પણ નવકાર દુર્લભ બની જાય.

કિંમત સમજાવી જોઈએ

નવકાર ગણનારો તો જાણતો હોય કે, આ નવકારથી જે પુણ્ય બંધાય, તેનાથી સાંસારિક સુખની સામગ્રી તો મળે, પણ એ કાં જીવનું લક્ષ્ય ન

હોઇ શકે. સાંસારિક સુખની સામગ્રી મળી એટલે કાંઇ પાપ માત્રનો નાશ થઇ જાય ? 'પાપ નાશ પામે અને પુણ્યથી મને સાંસારિક સુખની સામગ્રી મળે તો ય એ સામગ્રી મને પાપમાં ડૂબાવે નહિ એ મારે જોઇએ છે.' આવા વિચારવાળાને આ નવકાર ફળ્યો એમ કહેવાય.

જેને ચીજની કિંમત નથી હોતી, તેને માટે સારી ચીજ પણ લાભદાયી બનતી નથી. જેના પ્રભાવે સર્વ પાપનો નાશ થઇ શકે, તેના દ્વારા સાંસારિક સુખની સામગ્રી મેળવવાની આશામાં ડૂબી જનારા, સારી ચીજની કિંમત સમજ્યા કહેવાય ?

સારી ચીજથી સામાન્ય લાભ મળે, પણ મળવો જોઇતો લાભ ન મળે, તો તે ફળી કહેવાય ? ઊલટું, સારી ચીજથી મળતા સામાન્ય લાભમાં આપણે ફસાઇ જઇએ અને એવું કરી બેસીએ કે, જેને લઇને ભવાન્તરમાં એ સારી ચીજની પ્રાપ્તિ દુર્લભ બની જાય, તો આપણને જે સારી ચીજ મળી, તે આપણે માટે નિષ્ફળ જ ગઇ, એમ કહેવાય ને ? અથવા તો આપણે તેને નુકસાનકારક બનાવી એમ પણ કહેવાય ને ?

શ્રીનવકાર મંત્રની કિંમત કેટલી ?

નવકાર મંત્રની કિંમત કેટલી ? નવકાર મંત્ર માટે ચક્રવર્તીઓએ ચક્રવર્તીપણું છોડ્યું અને ઇન્દ્રો, ઇન્દ્રપણું છોડી શકતા નથી, પણ જો શક્ય હોત, તો ઇન્દ્રોએ ઇન્દ્રપણું છોડ્યું હોત. જેને સંસારનું સુખ જોઇએ, સંસારના સુખની જ જેને સ્પૃહા છે, તેને ચક્રવર્તીપણા અને ઇન્દ્રપણાથી વધુ શું મેળવવા જેવું છે ? ચક્રવર્તી એટલે છ ખંડના સ્વામી ! ઇન્દ્ર એટલે દેવતાઓના સ્વામી ! એ બધાની ભોગસામગ્રી કેવી અને ઋદ્ધિ-સિદ્ધિ કેવી ? પણ નવકાર મંત્રની જેને મન કિંમત છે, એને મેળવવા જેવું શું લાગે ? નવકાર મંત્ર દ્વારા જેમને હું નમસ્કાર કરું છું, તેમનામાં જે છે તે મારે જોઇએ છે, એમ જ એ કહે ! નવકારમાં પાંચ પરમેષ્ઠિઓને નમસ્કાર છે. અરિહન્ત, સિદ્ધ, આચાર્ય ઉપાધ્યાય અને સાધુ. આ પરમેષ્ઠિઓને નમસ્કાર કરનારને જોઇએ શું ? નવકાર મંત્રમાં સ્થાન પામવા સાધુપણું જોઇએ ! સાધુપણું પામીને સ્વાધ્યાય અને સંયમમાં લીન બનનારા જ, બની શકે તો સાચા ઉપાધ્યાય અને સાચા આચાર્ય બની શકે ! અને અરિહંતપણું પણ સાધુપણા વિના આવે જ નહિ ! સિદ્ધપણું પણ સાધુપણા વિના ન આવે !

નવકાર ગણનારની નજર સાધુપણું પામવા ઉપર જ હોય ને ! એને ચક્રવર્તીપણું કે ઇન્દ્રપણું વગેરે મેળવવા જેવું લાગે ખરું ? નવકારને ભાવથી પામેલો તો કહે કે, મારે ચક્રવર્તીપણું પણ નથી જોઇતું અને ઇન્દ્રપણું પણ નથી જોઇતું. આ બધી દુન્યવી દૃષ્ટિએ ઊંચામાં ઊંચી ગણાતી ચીજો છે, પણ મારે એ ન જોઇએ. મારે તો તે જોઇએ કે, જે મને પરમેષ્ઠિપણું પમાડે ! અન્તે જે મને સિદ્ધપણું પમાડે !

નવકારનો મહિમા આ રીતે સમજાવવાનો !

આજે નવકારના મહિમાની વાતો બહુ ચાલે છે. નવકારના મહિમાની વાતો કરીને, આપણે સૌને નવકારનો મહિમા જ સમજાવવો છે કે નવકારમાં જે છે, તે પણ સમજાવવું છે ? નવકારનો મહિમા જરૂર સમજાવવાનો, પરંતુ નવકારનો મહિમા એવી રીતે સમજાવવાનો કે, જેથી નવકારમાં જે પાંચ છે તે દિલમાં જડાઇ જાય. એવા જડાઇ જાય કે, એ સિવાયનું કાંઇ ગમે નહિ. એ પાંચ પરમેષ્ઠિઓમાં જે છે, એ સિવાયનું કાંઇ મેળવવા જેવું લાગે નહિ ! અરિહંતાદિ પાંચને નમસ્કાર, નવકારમાં છે, તો એ પાંચમાં જે ગુણસમ્પન્નતા છે તે જોઇએ છે કે એમણે જે મૂકી દીધું તે જોઇએ છે ? આજે મોટે ભાગે બીજું બધું આંખે ચઢી ગયું છે. નવકારથી ''આ મળેને તે મળે'' એમ થયું અને એ જ મેળવવાની મહેનત શરૂ થવા પામી. એથી મેળ જામતો નથી.

નવકાર તો તમને મળી ગયો છે, પણ.....

નવકાર મંત્ર જેને મળી જાય અને નવકાર મંત્રનો મહિમા જેને હૈયે વસી જાય, તેને લાગે કે 'હવે હું હળવો બની ગયો. આ મંત્ર મને મળ્યો, એટલે હવે મારો આત્મા કર્મના બોજાથી લદાયેલો રહેવાનો નહિ.' નવકારનું રહસ્ય જેમ જેમ સમજાય, તેમ તેમ

જીવને પોતાના બોજાનો ખ્યાલ આવે અને એ બોજો ઉતારવાનો આ સુંદરમાં સુંદર ઉપાય છે, એમ લાગે. આ વિચારથી પણ એને ઘણો બોજ ઊતરી ગયેલો લાગે. એને હૈયે ટાઢક વળે. એ કહે કે, 'હાશ, અનાદિકાળથી જે સમજાયું નહોતું એ હવે સમજાયું. અનાદિકાળથી જે નહોતું મળ્યું એ હવે મળ્યું. પહેલાં મને નવકાર મળ્યો તો હશે પણ તેને મેં આવી સમજપૂર્વક સ્વીકાર્યો નહિ હોય એટલે એ મને મળ્યો તોય તે ન મળ્યા જેવો થયો. હવે આને એવો આત્મસાત્ કરી લઉં કે, આમાં જે પાંચ છે, તેમાં હું પણ સ્થાન પામી જાઉં અને અન્તે બીજા પરમેષ્ઠિપદે પહોંચી જાઉં !' જૈન કુળમાં જન્મવાથી તમને નવકાર મળી તો ગયો છે, પણ આવા પ્રકારનો ભાવ તમારે હૈયે પેદા થયો કે નહિ ?

નવકાર મંત્રમાં શું છે ? અને શું નથી ?

કોઈ પૂછે કે, 'નવકાર મંત્રમાં શું છે ?' તો કહેવું કે, 'સંસારમાં જે નથી તે બધું સારું નવકારમાં છે. અને નવકારમાં જે છે તે સમજાય, એટલે સંસારનું બીજું બધું ભૂંડું લાગ્યા વિના રહે નહિ ! બીજું બધું ભૂંડું લાગે, એટલે શું થાય ? એનાથી અળગા બનવાની મહેનત થાય !' નવકાર મંત્રમાં જે છે, તે સિવાયનું શું શું છે ? આખો સંસાર ! તો તે તમને વળગેલો છે એમ લાગે છે ? બહુ ભારે લાગી ગયો છે સંસાર ? સંસાર એટલે શું ? વિષય અને કષાય. વિષયથી અને કષાયથી છૂટ્યા એટલે આત્મા ઉપરનો બોજ સર્વથા ઊતરી જતાં વાર કેટલી ?

ઘરમાં આવું બોર્ડ મારો !

તમને કોઈ પૂછે કે, તમારે જો મોક્ષ જોઈએ છે અને મોક્ષ સાધવા માટે સાધુ પણું જોઈએ છે, તો આ બીજું બધું કેમ રાખીને બેઠા છો ? તો દિલથી જવાબ જોઈએ કે, 'ભાઈ, રાખવું પડ્યું છે તેથી રાખી બેઠો છું, બાકી રાખવાની જરાય ઇચ્છા નથી. આ રાખવા છતાં પણ પ્રયાસો તો એ જ કરું છું કે, ક્યારે સાધુ બની શકું ! અને માટે જ આનો ઉપયોગ જેમ બને તેમ દેવની, ગુરુની અને ધર્મની સેવામાં કરું છું ! આ તો દેવની સેવા, ગુરુની સેવા, ધર્મની ઉપાસના, ધર્મીનું વાત્સલ્ય આના વગર કરી શકવાની મારી તેવડ નથી, એટલે આના સંગમાં બેઠો છું, પણ મારો ઉદ્ધાર આના સંગમાં છે, એમ તો હું માનતો જ નથી.' નવકાર મંત્ર ખરી રીતે જેને ગમી ગયો હોય, તે સંસારમાં બેઠો હોય, ભોગમાં બેઠો હોય, ધનના ઠગલામાં બેઠો હોય, તો પણ એના મનમાંનો ભાવ આ હોય !

નવકાર મંત્ર ગણનારનું લક્ષ્ય કયું હોવું જોઈએ, એની આ વાત છે. ફરીથી યાદ કરો કે, આપણને ખરેખર જે જોઈએ છે, તે બધું નવકાર મંત્રમાં છે અને આપણને જે નથી જોઈતું તે બધું સંસારમાં છે. ઘરમાં આવું બોર્ડ મારો, પણ દેખાવ માટે નહિ. હૈયાના ભાવના પ્રતીક રૂપે વારંવાર યાદ આવે એ માટે.

રોજ નવકાર ગણનારાઓને....

તમે બધા તો રોજે રોજ વારંવાર નવકાર મંત્ર ગણનારાઓમાંના છો ને ? રોજ જે નવકાર મંત્રને ગણે અને નવકાર મંત્રને ગણવા દ્વારા રોજ જે અરિહંત આદિ પાંચ પરમેષ્ઠિઓને નમસ્કાર કરે, તેને 'અરિહંત કોણ અને કેવા ? સિદ્ધ કોણ ને શાથી થવાય ? આચાર્ય કેવા હોય, ઉપાધ્યાય કેવા હોય અને સાધુ કેવા હોય ? આ જાણવાની ઇચ્છા જ ન થાય, એ શું બનવાજોગ છે ? રોજ નવકાર ગણનાર ભાગ્યશાળીને 'મારે આ પાંચને શા માટે નમસ્કાર કરવાનો ?' એવો વિચાર કદી પણ ન આવે, એવું બને ખરું ?

સભા : નવકાર ગણવાથી લાભ થાય, એટલું જાણીએ છીએ.

જે એમ જાણે કે, આને ગણવા માત્રથી પણ લાભ થાય છે. તેને તો આનું સ્વરૂપ જાણવાની ઇચ્છા વધારે થવી જોઈએ ને ?'

'શું છે આ નવકારમાં કે, જેથી આનો આટલો બધો મહિમા છે, નવકારથી માત્ર પાંચને જ નમસ્કાર કેમ કરાય છે ? એ પાંચને નમસ્કાર કરવાથી સર્વ પાપોનો વિનાશ શાથી થાય છે ? એ પાંચમાં એવું શું છે કે, જેથી એમને જ નમસ્કાર કરવાનું જ્ઞાનીઓએ

કહ્યું અને એ પાંચને કરેલા નમસ્કારને સર્વ પાપોનો વિનાશ કરનારો કહ્યો ?' આવો વિચાર તો આવવો જોઈએ ને ? આ વિચાર જેને આવે અને અરિહંતાદિને ઓળખવાની મહેનતમાં પડે ને શ્રીઅરિહંતાદિને ઓળખવા માંડે, એટલે અનાદિકાળથી ચીટકીને બેઠેલો સંસાર હાલી ઊઠ્યા વિના રહે નહિ.

નવકારમાં મન આસક્ત બન્યું છે ?

નવકાર મંત્ર જેને હૈયે ખરેખર બેસી જાય છે, તેનામાં સ્વાભાવિક રીતે જ એવી સમજ પ્રગટી જાય છે કે, 'શ્રીનવકારમાં જે છે, તે જ મારે જોઈએ છે. મારે ખરેખર મેળવવા લાયક આ જગતનું બીજું જ કાંઇ જ નથી, પણ નવકારમાં જે છે તે જ મારે વાસ્તવિક રીતે મેળવવા લાયક છે ! આ જગતનું બીજું બધું હું મેળવું છું, રાખું છું, સાચવું-સંભાળું છું, ભોગવું છું, પણ વાસ્તવિક રીતે મારે એ જોઈતું નથી. મારે જોઈએ છે તે જ કે, જે નવકારમાં છે ! અને સિવાયનું બીજું તો મારે મારી કર્મજનિત નબળાઈના કારણે મેળવવું પડે છે, સાચવવું - સંભાળવું પડે છે અને ભોગવવું પડે છે. મારા પાપનો ઉદય એવો છે કે, મારે આ બધું કરવું પડે છે.'

દુન્યવી સુખની સામગ્રી એ રાખતો પણ હોય, ભોગવતો પણ હોય, મેળવતો પણ હોય અને સાચવતો - સંભાળતો પણ હોય, પણ જેને હૈયે નવકાર મંત્રમાં જે છે તે બરાબર સ્થાપિત થઇ ગયું હોય, તે તો માને કે, 'મારે મારા પાપના ઉદયયોગે જ આ કરવું પડે છે. બાકી મારે જે જોઇએ છે તેમાંનું કાંઇ જ આમાં નથી. આનો સંયોગ તો મારે જે પામવું છે, તે પામવામાં મને અંતરાય કરે એવો છે, પણ આ સુખની સામગ્રીમાં હવે હું મારા મનને આસક્ત બનવા દઇશ નહિ ! મારા મનને જો હું આમાં આસક્ત બનવા દઉં તો આ મને વધુ વખત અંતરાય કરી શકે ને ? હવે તો મારું મન આસક્ત બન્યું છે, એક માત્ર સિદ્ધિગતિમાં !'

જેના હૈયે શ્રીનવકાર

નવકાર ગણનારને હૈયે શું હોય ? સાધુપણું અને સિદ્ધપણું ! જેને સાધુપણું અને સિદ્ધપણું ગમે નહિ અને નવકારમાં જે નથી તે જ જેને સારું લાગતું હોય, તે નવકારને ગણતો પણ હોય, તોય તેને હૈયે નવકાર નથી. જેને સાધુપણું અને સિદ્ધપણું ગમે, તેને નવકાર ગમ્યા વિના રહે નહિ અને નવકાર જેને ગમે, તેને એમ પણ થયા જ કરે કે, 'ક્યારે હું સાધુપણાને પામીને અરિહંતપણાને પામું અને અરિહંતપણાને પામીને ક્યારે હું સિદ્ધપણું પામું !'

નવકાર આવું સમજીને ગણો છો ને !

જગતના સારા જીવોને જે જોઇએ, તે બધું નવકારમાં છે. અને જગતના સારા જીવોને દિલથી જે ન જોઇએ, તે બધું સંસારમાં છે ! નવકાર મંત્ર તમે ગણો છો, તે આવું સમજીને ગણો છો ને ? આવું સમજીને જે નવકાર મંત્ર ગણતો હોય, તે દુન્યવી ચીજોનો ભીખારી હોય ? વિષયસુખ માટે તલસતો હોય ? નવકારથી મને દુનિયાનું આ સુખ મળશે ને તે સુખ મળશે, એવી ભાવનામાં રમનારો એ હોય ? નવકારને સમજપૂર્વક ગણનારો તો અરિહંતનો સાચો પૂજક હોય. એને ખપ હોય, રત્નત્રયીનો ! એનું લક્ષ્ય હોય, રત્નત્રયીને પામવાનું ને સેવવાનું !

નવકાર મળ્યો એટલે બધુંમળ્યું !

નવકારથી શું ઇચ્છાય ? નવકાર મળ્યો એટલે બધું મળ્યું એમ જે કહેવાય છે, તેનો અર્થ શો ? જેને નવકાર મળ્યો તે નવકારમાં જે કાંઇ છે તે સાધવા નીકળે. અને નવકારમાં જે છે, તે મળે એટલે બધું મળ્યા વિના રહે નહિ. જેમ તમે કહો છો ને કે, પૈસા મળ્યા એટલે ઘઉં - ચોખા મળી જ ગયા ! ખાવા - પીવાની ને પહેરવા - ઓઢવાની ચીજ મળી જ ગઇ ! પણ જેને પૈસા મળે તે છાતીએ બાંધી રાખે તો ? પૈસાનો ઉપયોગ કરતાં આવડે ને પૈસા વાપરે તો જ બધી ચીજ મળે ને ? તેમ નવકાર મળ્યા પછી તેનો ઉપયોગ કરતાં આવડવું જોઇએ ! નવકારમાં બધું છે, કેમ કે બધું નવકારથી મળે છે, પણ એ શોધતાં ને સાધતાં આવડવું જોઇએ ને સાધુપણાથી એની ખરી શરૂઆત છે. નવકારનો ઉપાસક જ્યાં

સુધી સિદ્ધ ન બને, ત્યાં સુધી સંસારમાં પણ સારી સારી સામગ્રી પામે, એમાં નવાઈ પામવા જેવું છે કાંઇ ? પણ આના ઉપાસકને હૈયે જો સંસારનું સુખ જ પ્રધાનતા ભોગવતું હોય, તો એને માટે, એને નવકાર મળ્યો એટલે એને બધું મળ્યું, એમ કહેવાય ખરું ? સંસારના સુખની એ જાતની ચિંતા તો પરહિતની ચિંતામાં પણ બાધા ઉપજાવે એવી હોય છે.

હવે શું બાકી રહી જાય છે ?

નવકાર મંત્રમાં તો આખાય શાસનનું રહસ્ય ભરેલું છે. એક માત્ર શ્રીનવકાર મંત્રના સ્વરૂપ વિષે જો વિચાર કરવામાં આવે, તોય એમાં સઘળાય સારા વિચારો સમાવેશ પામી જાય એવું છે. એમાં મોક્ષની વાત છે. મોક્ષમાર્ગના સ્વતંત્ર પ્રરૂપકોની વાત પણ એમાં છે અને મોક્ષમાર્ગને અણીશુદ્ધ આરાધીને મોક્ષને પામેલાની વાત પણ એમાં છે. એટલું જ નહિ, પણ અન્ય સર્વ પુરુષાર્થને તજીને એક માત્ર મોક્ષમાર્ગની આરાધનાનો પુરુષાર્થ કરવામાં લાગી ગયેલા આત્માઓની વાત પણ એમાં છે. હવે બાકી શું રહી જાય છે ? આપણે વિચારીએ અને આપણે સમજીએ, એટલું જ બાકી રહે છે ને ? જેમ જેમ આપણે વિચારીએ અને જેમ જેમ આપણે સમજીએ, તેમ તેમ આપણને આપણે આ જીવનને પામીને કેવો પુરૂષાર્થ કરવો જોઇએ, એનો ખ્યાલ આવે એવું છે.

ભક્તિ ઉભરાઇ રહી છે ને ?

તમે બધા નવકાર મંત્રના પરમ ભક્ત છો ને ? નવકાર મંત્ર ઉપર તમારી ભક્તિ ઉભરાઇ રહી છે ને ? જો નવકાર મંત્ર ઉપર સાચી ભક્તિ જાગી હોય, તો તો એમ જ થાય કે 'સંસારમાં જે પામવા લાયક છે, તે હવે હું પામી ગયો ! હવે જો મારામાં આરાધનાની શક્તિ બરાબર આવી જાય, તો મારે અને મોક્ષને બુહુ છેટું નથી ! આ નવકાર મને મળ્યો, એટલે મારો આ જન્મ પણ સુધર્યો, મારો પરલોક પણ સુંદર બનવાનો અને મારી મુક્તિ પણ નજીકના ભવિષ્યમાં અવશ્ય થવાની !''

ભક્તિ ઉભરાયેલી છે, પણ ક્યાં ?

જેઓને નવકાર મંત્રની ખરેખરી કિંમત સમજાઇ નથી, તેમની ભક્તિ નવકાર મંત્ર ઉપર ઉભરાયેલી હોતી નથી, પણ બીજી ત્રીજી ચીજો ઉપર જ તેમની ભક્તિ ઉભરાયેલી હોય છે અને એ ચીજોની પ્રાપ્તિનું સાધન નવકાર મંત્ર છે, એમ માનીને તેઓ નવકાર મંત્ર ઉપર ભક્તિ દેખાડતા હોય છે. બાકી તો નવકાર મંત્ર ઉપર જેને સાચી ભક્તિ જાગે છે, તેને તો સંસારનું બીજું બધું તુચ્છ લાગી જાય છે અને નવકારમાં જે છે તે જ સર્વસ્વ લાગે છે.

સુખમાં અને દુઃખમાં એક જ શરણ !

નવકાર મંત્ર મળ્યો એટલે શું મળ્યું ? નવકાર મંત્ર મળ્યો એટલે ચૌદ પૂર્વનો સાર મળ્યો ! પાંચ પરમેષ્ઠિઓ મળ્યા ! એ પાંચેય પરમેષ્ઠિઓને નમસ્કાર કરવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું ! કોઇ પણ કામ કરતાં જે પાંચ પરમેષ્ઠિને નમસ્કાર કર્યા વિના રહેતો નથી, એના મનમાં એ પાંચની કિંમત કેટલી બધી હોય ? એને તો એમ જ લાગે કે 'સુખમાં ને દુઃખમાં મારે કોઇ શરણ હોય, તો તે આ નવકાર મંત્ર જ છે ! કેમ કે સર્વ શરણભૂતનો સમાવેશ આ નવકાર મંત્રમાં છે !' અને જેને આવું લાગે, તેને અરિહંતને ઓળખવાની તાલાવેલી કેટલી હોય ? આ પાંચને બરાબર ઓળખી શકાયા એવી બુદ્ધિ અને શક્તિ પોતામાં નથી. એમ કદાચ લાગે, તો પણ એ પાંચને ઓળખવાના પુરુષાર્થને એ ન છોડે !

જો જો, ચૌદ પૂર્વનો સાર લજવાય ના !

તમને એ વિચાર ન આવે કે, જે નવકાર મંત્રને ચૌદ પૂર્વનો સાર કહ્યો, તેમાં શું છે ? અને તેનાથી શું સાધવાની ઇચ્છા જોઇએ ? જે ચૌદ પૂર્વના સારને પામેલો જ હોય, તેનું મન દુન્યવી ચીજોની પાછળ ભટકતું હોય ? અને એમાં તે આ ચૌદ પૂર્વના સારને સાધન બનાવવા મથતો હોય ? મથતો હોય તો કહો કે, એને નવકાર મંત્રની કિંમત જ સમજાઇ નથી. જેને ચૌદ પૂર્વનો સાર મળ્યો, તે જો સંસારમાં આવતાં

દુઃખોથી ભાગ્યા કરે અને સંસારનાં સુખોની પાછળ ભમ્યા કરે, તો ચૌદ પૂર્વના સારને એ લજવતો નથી ? ચીજ ઘણી સારી, પણ જેને એ મળી હોય, તેને તેની કિંમત હોવી જોઈએ, નહિતર એ નકામી પણ નીવડે અને નુકસાન કરનારી પણ નીવડે.

મુગ્ધ લોકોની વાત જુદી હોય છે. એમને તો ગુરુ ઉપર શ્રદ્ધા હોય છે. એમની સમજ વિકસેલી હોતી નથી. આને સાંસારિક સુખનું સાધન બનાવવાનો એમને આગ્રહ હોતો નથી. એમની સમજશક્તિ ખીલે અને જો એમને સમજાવવામાં આવે, તો એ જીવોને સંસારની કામના તજી દેતાં વાર નહિ.

વિશ્વમાં આના જેવી બીજી કોઈ ચીજ નથી

નવકાર મંત્ર મળ્યો એટલે સઘળુંય સારું મળી ગયું, એવી શ્રદ્ધા છે ? માનો કે, અર્થજ્ઞાન નથી, પણ એટલી શ્રદ્ધા તો ખરી ને કે, આ મળ્યો એટલે બધું મળ્યું ! હવે મને સંસારની બીજી કોઈ પણ ચીજની અપેક્ષા નથી ! અર્થજ્ઞાનના અભાવમાં પણ જો સાચી શ્રદ્ધા હોય, તો ચીજ ફળે છે. અર્થજ્ઞાનથી શ્રદ્ધા નિર્મળ બને. જેમ જેમ અર્થજ્ઞાન થતું જાય, તેમ તેમ બુદ્ધિ ખીલતી જાય. પણ માનો કે, હજી તમને નવકાર મંત્રનો અર્થ સમજાયો નથી, પણ ઉપર ઉપરથી તમને એમ તો લાગે છે ને કે, આના જેવી બીજી કોઈ ચીજ આ સંસારમાં નથી !

આ જ મને સંસારથી પાર ઉતારશે

નવકાર મંત્ર મળી ગયો છે, એટલે સંસારનું બીજું કાંઇ નથી મળ્યું, તેનો તમારા દિલમાં અફસોસ તો રહ્યો નથી ને ? અને સંસારની બીજી કોઇ ચીજ એવી નથી કે, જે મળ્યાથી નવકાર મળ્યાના આનંદથી અધિક આનંદ થાય. આવું તમારું દિલ ખરું ને ? આ પણ એક શ્રદ્ધાનો પ્રકાર છે. આ મળ્યું છે એટલે બીજું ન મળે તેનો બહુ અફસોસ થાય નહિ અને બીજું ગમે તેટલું મળે, તોય આ મળ્યાનો જે આનંદ છે, તેથી અધિક આનંદ થાય નહિ !

આવી શ્રદ્ધા હોય અને અર્થજ્ઞાન ન પણ હોય, તોય ફાયદો થયા વિના રહે અને અર્થજ્ઞાન હોય પણ આવી શ્રદ્ધા ન હોય , તો ફાયદાની જગ્યાએ ગેરફાયદો થાય એવુંય બને. જેને વીંછી કરડયો હોય, તને જો ઝેર ઉતારનારા મળી જાય છે, તો થઇ જાય છે કે, ચાલો સારું થયું કે આ મળીય ગયો. એ પગ પછાડવાનું કહે તો પગ પછાડે છે અને રાખ ચોળાવવાની હોય તો રાખ ચોળાવે છે. એને દેખીને અડધું દુઃખ ઓછું થઇ જાય છે. એ મેલોઘેલો હોય તોય ગમી જાય છે. એ કેટલું ભણેલો છે. એ જાણવાનીય દરકાર હોતી નથી. કેમકે શ્રદ્ધા છે કે, આનાથી મટશે. તેમ નવકાર મંત્ર ઉપર તમને શ્રદ્ધા છે ને કે, સંસારથી આ પાર ઉતારશે ! તમે જાણવા જોગો પુરુષાર્થ ન પણ કરી શક્યા હો, પણ શ્રદ્ધા હોય તો લાભ થાય. શ્રદ્ધા ખરી કે, આ ચૌદ પૂર્વનો સાર છે ?

નવકાર પર શ્રદ્ધા એટલે શ્રદ્ધા !

મિથ્યાત્વે જગત ઉપર અને જગતના સુખ ઉપર કેવી શ્રદ્ધા કરાવી દીધી છે ? અને એ શ્રદ્ધાને લઇને માણસ શક્ય લાગે તો કયો પુરુષાર્થ કરવામાં કમીના રાખે છે ? જેમાં જેમાં સુખ માન્યું, તેને જાણવાનું મન કેટલું ? જોવાનું મન કેટલું ? મેળવવાનું મન કેટલું ? અને જેઓને પોતાના માન્યા, તેમને પણ એ જણાવવા દેખાડવા વગેરેનું મન કેટલું ? મિથ્યાત્વે પેદા કરેલી એ શ્રદ્ધા જો આ કામ કરે છે, તો જેમને નવકાર મળ્યો છે અને નવકાર ઉપર જેમને ખરેખરી શ્રદ્ધા પેદા થઇ ગઇ છે, તેમને શું શું જાણવાનું, જોવાનું, મેળવવાનું અને સાચવવાનું મન થાય ? નવકાર મંત્રમાં જે કાંઇ છે તેજ જાણવાનું, જોવાનું અને મેળવવાનું મન થાય ને ? અને અસલ મેળવવા જેવી ચીજ બીજી કોઇ નથી, એમ પણ થાય ને ?

આ શ્રદ્ધા છે. શ્રદ્ધા હોય છતાં પૂરી સમજ ન હોય, એ બને. કોઇ પૂછે કે 'તો તમે સમજ્યા શું ?' તો કહેવાય કે 'જે સમજ્યા છીએ તે સમજાવવાની તેવડ નથી, પણ અમે ગુરુથી જાણ્યું અને અમને ગમી ગયું ! અમને એમ થઇ ગયું છે કે, નવકાર મળ્યો એટલે બધું મળી ગયું ! હવે બીજી કોઇ ચીજ ન મળે, તો એથી બહુ અફસોસ થાય તેમ નથી અને બીજી

ગમે તેવી સારી ચીજ મળે, તોય નવકાર મળ્યાનો જે આનંદ છે તેનાથી અધિક આનંદ થાય તેમ નથી. શા કારણે એ આનંદ અધિક છે, એ કદાચ અમે વિગતથી વર્ણવી શકીએ નહિ, તોય અમારા મનમાં આ ઠસી ગયું છે અને એમે જેમ જેમ સમજતા જઈએ છીએ, તેમ તેમ અમારી આ શ્રદ્ધા દઢ બનતી જાય છે.' આવી શ્રદ્ધા હોય તો અરિહંતાદિને નમતાં કેવો આનંદ આવે ? અને હૈયે કેવો ભાવ પ્રગટે ? 'મારે તે જ જોઈએ છે, જે નવકારમાં છે, એ સિવાયનું કાંઇ જ મારે જોઈતું નથી.' એમ થાય ને

નમતાં નમતાં કેવલજ્ઞાન !

નવકાર મંત્ર શ્રેષ્ઠ કેમ છે ? એમાં પંચ પરમેષ્ઠિ બેઠા છે માટે ! પરમેષ્ઠિ કોણ ? યોગ્યતાથી ને પુરુષાર્થથી અરિહંત બન્યા તે ! એના ફળસ્વરૂપ સિદ્ધો પણ બેઠા છે. એની આજ્ઞાના પાલન ખાતર દિ' ને રાત મહેનત કરનારા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ પણ બેઠા છે. આ બધા એમાં બેઠા છે, માટે જ નવકાર મંત્ર મહાન છે ! એ પાંચને કરાતા નમસ્કારમાં એ સામર્થ્ય પણ છે કે, નમતાં નમતાં જો ભાવ વધી જાય, શ્રેણી મંડાઈ જાય, તો નમનારો કેવલજ્ઞાની બની જાય એવુંય બને.

જો આટલુ સમજાઈ જાય તો !

તમારે મન આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ કીમતી કેમ ? એટલા માટે કે, એ મચી રહ્યા છે દિ' ને રાત અ રિહંતની આજ્ઞાના પાલન માટે ! એમને આ સંસારની સાથે જરાય સંબંધ નહિ ને ? કેમ કે એમને મોહની જાળને મૂળમાંથી છેદવી છે અને મોહની જાળને છેદીને જ્યાં અરિહંતાદિ પહોંચ્યા ત્યાં પહોંચવા માટે તે તલપાપડ બન્યા છે ! એટલે એમને દિલનો સંબંધ અરિહંતો સાથે, અરિહંતના શાસન સાથે અને અરિહંતના શાસનની આરાધનાનાં સાધનો સાથે ! આવા અરિહંતાદિ પાંચને જેમાં નમસ્કાર છે, એ નવકાર મંત્ર સર્વશ્રેષ્ઠ ગણાય, કીમતીમાં કીમતી કોટિનો ગણાય, એમાં નવાઇ પામવા જેવું શું છે ? જો આ સમજાય તો નવકાર મંત્ર મળ્યા પછી, નવકાર મંત્રમાં જે છે તે સિવાયનું સંસારનું બીજું કંઇ મેળવવા જેવું લાગે ખરું ?

એટલા માત્રથી જ રાજી ન થઈ જવાય !

'નમો અરિહંતાણં' બોલનારને જિનની મૂર્તિનું દર્શન કરતાં શું થાય ? નમસ્કાર કરતાં શું થાય ? કેટલાક તો વળી ભગવાનની મૂર્તિને ઠેઠ પગે માથું લગાડે છે. જોનારને થાય કે, કેટલી બધી ભક્તિ ઉભરાઈ ગઈ હશે. એને પૂછીએ કે 'તું આટલો બધો નમે છે, તો તારે આવા થવું છે ને ? અને આવા થવાય એ માટે વહેલી તકે સાધુ થવાની તારી ભાવના છે ને ?' તો મોટા ભાગે ના પાડનારા મળશે. કહેશે કે 'હજી વાર છે. હમણાં તો મારે બીજું બીજું જોઈએ છે.' કેમ ? ગુણ જેટલા ગમવા જોઈએ તેટલા ગમ્યા નથી.

બાકી નવકાર તો મહામંત્ર છે. એનાથી મિથ્યાત્વનું ઝેર ઊતરે, વિષયનું ઝેર ઊતરે અને કષાયનું ઝેર પણ ઊતરે. બધાં ઝેર નીકળી જાય અને આત્મા વીતરાગ બની જાય. પણ એનો જેને ખપ નથી ને એમાં બાધા ઉપજાવનારા સંગનો જેને ખપ છે, તેનાં ઝેર ઊતરે શી રીતે ?

હમણાં આ ભાઈએ કહ્યું કે, નવકાર મંત્રનું સ્મરણ કરવાના પ્રતાપે અમુકનો કેન્સરનો રોગ મટી ગયો. અમુકને ક્ષયનો રોગ હતો તે મટી ગયો, અમુકને દમનો રોગ હતો તે મટી ગયો અને અમુકની દરિદ્રતા મટી ગઈ. એટલું તો થયું, પણ પછી શું ? નવકાર મંત્રનો જે મહાપ્રભાવ છે, તે જોતાં આ બધું તો તુચ્છ છે. જેનાથી મિથ્યાત્વાદિ ઝેર જાય, તેનાથી શું ન થાય ? પણ રોગ જાય, દરિદ્રતા જાય, એટલા માત્રથી જ જે રાજી થઇ જાય, તેનું શું થાય ? નવકારમાં જે છે, તે એનાથી ભૂલાઈ જાય, તો એની દશા શી થાય ?

નવકાર સ્મરણના પ્રતાપે હવે હું...

રોગાદિ જાય એટલે બધું સુખ આવી મળ્યું ? નવકારથી બધાં દુઃખનો નાશ થાય, પણ નવકાર ગણનારો જીવ અટકે ક્યાં ? રોગાદિને દૂર કરવા,

એટલું જ એનું લક્ષ્ય ? ઊલટું, આવા અનુભવ પછી તો જીવ 'શ્રીનવકારની પાછળ હવે હું ગાંડા જેવો બની ગયો છું.' એમ કહે. ગાંડા જેવો એટલે શું ? ગાંડા જેવો એટલે - 'હવે હું જ્યાં સુધી નવકારમાં જે છે તે પામું નહિ, ત્યાં સુધી હું જંપીને બેસું નહિ !' કોઇ પૂછે કે, એ સ્થાન આ જન્મમાં મળે એવું હોય તો જોઇએ છે ? તો એ હા કહે, એનાથી શક્ય હોય તો એ સાધુ બન્યા વિના રહે નહિ.

આજે મોટા ભાગે સ્થિતિ જુદી છે. કોઇ કોઇ કહેતા આવે છે કે, નવકાર ગણવાથી અમને સુખ મળ્યું ! હું પૂછું છું કે, ક્યું સુખ મળ્યું ? એ આનંદમાં ગેલ કરતો હોય તેમ કહે કે, 'વેપાર વધી ગયો, આવક વધી ગઇ, બંગલો નહોતો તે બંગલો થયો, મોટર નહોતી તે મોટર આવી, અમુક રોગ નહોતો જતો તે ગયો.' અને કોઇ કોઇ તો એમેય કહે છે કે, 'છોકરો નહોતો તો છોકરો થયો ! સાહેબ બહુ આનંદ છે. શું નવકારનો પ્રભાવ છે !' આવા જીવોની નવકાર ઉપરની શ્રદ્ધા વધી કે નવકાર ઉપરની શ્રદ્ધા દુર્લભ બની ? આવા જીવો મુગ્ધ કોટિના નથી હોતા. બુદ્ધિશાળી હોય છે અને મોક્ષની વાત વારંવાર સાંભળેલી હોય છે. પણ એમનું મન જ પેલી ચીજોમાં ચોટેલું હોય ત્યાં શું થાય ?

નવકાર ગણતાં જે સુખ ઊપજે છે તેનો જેને અનુભવ થાય, તે તો કહે કે 'નવકાર મંત્રના સ્મરણ પ્રતાપે હવે હું ભારે શાંતિ અનુભવું છું. સંસારમાં મને અભૂતપૂર્વ પ્રાપ્તિ થઇ ગઇ, એમ લાગે છે. કોઇ પણ દુન્યવી પદાર્થ મળે કે જાય, તે મને મુઝવી શકતો નથી. દુઃખનો ડર પહેલાં બહુ સતાવતો, હવે પાપનો ડર લાગ્યા કરે છે; એટલે દુઃખ આવે તો તે શાંતિથી સહવાનું મન થાય છે. હવે વિષયરસનું જોર રહ્યું નથી અને કષાય નબળા પડ્યા છે. વારંવાર એમ થયા કરે છે, દુનિયાના બધા સંગોથી વહેલામાં વહેલી તકે છૂટી જાવું છે !'

શરીરનો રોગ ખટકે છે કે ભોગનો રસ ?

નવકારના સ્મરણથી શું થાય ? પાપ માત્રનો વિનાશ થાય. માટે જ એ દુઃખનાશક, સુખપ્રાપક અને મોક્ષસાધક ! મોક્ષ પમાડતાં પહેલાં પણ એ દુઃખનાશક બને અને સુખપ્રાપક બને, એમાં નવાઇ નથી, પણ એટલામાં અટવાઇ જઇને જે કોઇ જીવ સંતોષ પામી જાય, તેને ફરીથી દુઃખી બનતાં વાર કેટલી ? જેમ કે પુણ્યે મનુષ્યપણું તો આપ્યું, પણ એનું ફળ જે સાધુપણું, એને પામ્યા વિના કે એને પામવાના ભાવ વિના મરીએ તો ? દરિદ્રપણા સાથે મરીએ એમાં દુઃખ વધારે કે સાધુપણા વિના મરીએ એમાં દુઃખ વધારે ? પરમ ઉપકારી કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ શું શીખવ્યું છે ? આજ કે 'જિનધર્મવિનિર્મુકતો, મા ભવું ચક્રવર્ત્યપિ'.

જિનનો ધર્મ જો ન મળતો હોય, તો ચક્રવર્તીપણું. પણ ના જોઇએ. જિનધર્મ ન મળતો હોય અને તેની સાથે છ ખંડના રાજ્યનું અધિપતિપણું એટલે કે ચક્રવર્તીપણું મળતું હોય, તો એવું ચક્રવર્તીપણું પણ નથી જોઇતું આ વાત ધ્યાનમાં છે ? તેમ જો રોગ ગયા પછી ભોગમાં ચિત્ત ચોટતું હોય, તો રોગ જાય એવું ઇચ્છવાને બદલે નવકારમાં ચિત્ત ચોટયું રહે એ જ માગવું જોઇએ ને ? પણ એ સમજ જોઇએ ને કે, રોગ જેટલું નુકસાન નથી કરતા, તેટલું નુકસાન ભોગનો રસ કરે છે ? ભોગ મળવા માટે તો પુણ્ય જોઇએ, પણ ભોગનો રસ તો પાપના ઉદયથી જ પ્રગટે ! માટે જ આગળ વધતા કહ્યું કે, સ્યાં ચેટોપિ દરિદ્રોપિ જિનધમા-ધિવાસિતઃ

હું દાસ થાઉં કે દરિદ્રી થાઉં તેની ચિંતા નહિ, જો મને જિનધર્મ મળત હોય તો ! ક્યાં છ ખંડનું એકછત્રી સામ્રાજ્ય અને ક્યાં દાસત્વ ને દારિદ્રય ? એમાં કેટલો તફાવત છે ? સામાન્ય ફેર છે ? ભગવાને કહેલા ધર્મની પ્રાપ્તિ વિના છ ખંડનું એકછત્રી સામ્રાજ્ય મળતું હોય તોય તે નહિ જોઇએ અને ભગવાને કહેલો ધર્મ મેળવવાના બદલામાં જો દાસત્વ ને દારિદ્રય મળતું હોય તોય ભગવાને કહેલો ધર્મ જ જોઇએ ! ભગવાને કહેલો ધર્મ સાથે ન હોય, તો સુખ પણ પરમદુઃખનું કારણ અને ભગવાને કહેલો ધર્મ સાથે હોય તો દુઃખ પણ પરમ સુખનું કારણ ! એ આનો મર્મ છે. આવાને સાધુપણાની ઇચ્છા ન હોય

એ બને ? નવકાર મંત્ર ફળ્યાની વાતો કરનારા આ સમજે છે ખરા ? નવકાર ગણનારને દુન્યવી સુખ જોઇએ છે કે ભગવાને કહેલા ધર્મનો એને ખપ છે ? એ તો કહે કે 'મને વાસ્તવિક રીતે નિસબત સુખ અગર દુઃખ સાથે નથી, પણ ભગવાને કહેલા ધર્મની સાથે છે !' એનું લક્ષ્ય પાંચ પરમેષ્ઠિઓ હોય. 'ક્યારે મને એમાં સ્થાન મળે અને ક્યારે હું સિદ્ધિગતિને પામું.' એ એની ઝંખના હોય. એવો જ જીવ મનુષ્યપણાના ફળને સાધી શકે.

નવકાર ગણે એને સંસાર ગમે ?

આપણે સહુ જે પાંચ પરમેષ્ઠિઓને માનીએ છીએ, જે પાંચ પરમેષ્ઠિઓને આપણે રોજ વારંવાર નમસ્કાર કરીએ છીએ, તેમાંના એક પણ પરમેષ્ઠિના સ્વરૂપમાં વર્ણનમાં મોક્ષમાર્ગની વાત આવતી ન હોય, એવું છે જ નહિ. અરિહંતદેવો મોક્ષમાર્ગને સ્થાપીને મોક્ષને પામેલા; સિદ્ધભગવન્તો મોક્ષમાર્ગની આરાધના કરવા દ્વારા સકલ કર્મોથી રહિત બનીને સિદ્ધિપદને પામેલા; આચાર્ય ભગવંતો મોક્ષમાર્ગના જ પાલક, પ્રચારક તથા સંરક્ષક; ઉપાધ્યાયભગવંતો મોક્ષમાર્ગને સેવનારા તથા મોક્ષમાર્ગના નિરૂપક શાસ્ત્રોના જ્ઞાનનું દાન કરનારા; અને સાધુભગવંતો પણ પોતે એકાંતે મોક્ષમાર્ગને સેવવાની સાથે બીજાઓને મોક્ષમાર્ગની સેવા કરવામાં સહાય કરનારા ! આ પાંચમાંથી એકના પણ સ્વરૂપદર્શનમાં મોક્ષમાર્ગની વાત ન હોય, તો તે ચાલે નહિ.

આવા પાંચ પરમેષ્ઠિઓને નમસ્કાર કરનારા, અને એ પાંચ પરમેષ્ઠિઓને કરેલા નમસ્કારના ફળ તરીકે સર્વ પાપનો વિનાશ થાય છે, એવું માનનારા, તેમજ જે ક્રિયા સર્વ પાપની વિનાશક હોય, તે ક્રિયાને જ સર્વ મંગલોમાં પ્રથમ મંગલ તરીકે માનનારાઓ આત્માના શુદ્ધ સ્વરૂપને અને અશુદ્ધ સ્વરૂપને સમજે કે નહિ ? એઓ એમ કહી શકે ખરા કે 'મને મોક્ષ ગમતો નથી, મને સંસાર ગમે છે ?' એમને સંસાર નથી ગમતો અને મોક્ષ ગમે છે એમને સંસારથી છૂટવું છે અને મોક્ષને મેળવવો છે; એ માટે તો શ્રીનવકારમંત્રને ગણે છે ! આમ છતાંય નવકાર મંત્રને ગણનારો જો એમ કહે કે 'મને મોક્ષ ગમતો નથી અને સંસાર જ મને ગમે છે' તો નવકાર મંત્રને એ જે ગણે છે, તેનો હેતું શો છે ? જ્ઞાની તો બરાબર જાણી શકે કે 'એનો અમુક હેતુ છે' અને આપણે પણ તેની બોલચાલ, રીતભાત આદિથી અનુમાન કરી શકીએ કે ''એ નવકાર મંત્રને ગણે છે ખરો, પણ નવકાર મંત્રને ગણનારનું જે ધ્યેય હોવું જોઇએ, તે ધ્યેયને પામ્યો લાગતો નથી.'

નવકાર મંત્ર ગણનારને જ્યારે આ વાત જાણવા મળે અને લાગે કે, હજી હું આ ધ્યેયના માર્ગે આવ્યો નથી, તો એ જાણીને એને ધ્રૂજારી ન છૂટે ? એને એમ ન થાય કે, નવકાર મંત્ર ગણવા દ્વારા રોજ હું જે પાંચ પરમેષ્ઠિઓને વારંવાર નમસ્કાર કરું છું, તેમાંના એકના પણ વર્ણનમાં મોક્ષ શબ્દને મૂક્યા વિના ચાલે તેમ નથી. અને મને હજી મોક્ષ ગમતો નથી. મને હજી સંસારથી છૂટવાનું મન થતું નથી, એ મારી કઇ દશા છે ?

નમસ્કાર-ચિંતન

○ નવકારને ગણનારો પાપને છોડવાના પ્રયત્નવાળો હોય. જે પાપ એનાથી છૂટે તેમ ને હોય, અને એથી એને પાપ કવું પણ પડતું હોય, પરંતુ તે પાપનો એને રસ ન હોય. સામાન્ય રીતે, પાપ કરવું પડે એ એને ગમે નહિ અને પાપ કર્યા પછી એનો એને પશ્ચાત્તાપ હોય. નવકાર પણ એ પાપથી છૂટી શકાય માટે ગણે. પાપને સારી રીતે કરવા માટે એ નવકારને ગણે નહિ.

○ જેને નવકાર ગમે તેને સંસારનું કશું ન જોઇએ. એને તો થાય કે, મારે એ જ જોઇએ છે, કે જે નવકારમાં છે.

○ જૈન કુળના મહત્ત્વને અને નવકાર મંત્રના તત્ત્વ સમજેલો દુર્ગતિ પામે નહિ. નવકારને પામેલો દુર્ગતિએ જાય, તો સમજવું કે, ઉત્તમમાં ઉત્તમ ચીજ એણે વિપરીત સ્વરૂપે પરિણમાવી. નવકારને પામવા છતાં એ દુર્ગતિએ ગયો, તો તે એથી જ કે, નવકારમાં જે છે તેની તેણે કિંમત આંકી નહિ.

○ નવકારમાં જે કાંઇ ચીજો છે તે સદ્‌ગતિમાં લઇ જનારી છે અને સંસારમાં એ સિવાયની જે ચીજો છે

તે બધી દુર્ગતિમાં લઈ જનારી છે. આપણને સંસારની, સંસારના સુખની ચીજો નથી જોઈતી, એમ જો થાય, તો પછી દુર્ગતિ થાય નહિ.

o નવકારમાં જે છે તેનો જેને ખપ ન હોય અને સંસારમાં જે છે તેનો જ જેને ખપ હોય, તે નવકારનો સાચો ગણનારો કહેવાય ?

o નવકાર મંત્ર જેને બાળપણથી મળે, તેને મરતાં સુધી અરિહંતાદિને ઓળખવાની ઇચ્છા પણ ન થાય ?

o હૈયે નવકાર એટલે શું ? જે નવકારમાં છે તેને પામવાનું મન અને એ સિવાયનું સંસારમાં જે કાંઇ છે, તે બધાથી છૂટવાનું મન !

o નવકાર એટલે ચૌદ પૂર્વનો સાર ! ચૌદ પૂર્વમાં સારભૂત શું ? તો સાધુ પણું, અરિહંતપણું અને સિદ્ધ પણું !

o નવકાર ગણનારને આખો સંસાર કેવો લાગે ? જેનાથી છૂટવાનું મન થયા વિના રહે નહિ એવો ! સંસાર ની સામગ્રીનો ઉપયોગ પણ એ શેમાં કરવા ઇચ્છે છે ? પોતાને જે ખરેખર પામવું છે તે પામવામાં ! બધાં સાધનને એ સાધુ પણાની પ્રાપ્તિનાં અને સિદ્ધપણાની પ્રાપ્તિના સાધન બનાવવા મથે !

o ચૌદ પૂર્વના સારને પામેલો વિરાગી બને કે સંસારના રાગનો રસિયો બને ? ચૌદ પૂર્વના સારને જે સમજપૂર્વક પામ્યો, એને ધનાદિની પ્રાપ્તિનું લક્ષ્ય હોય કે સિદ્ધપણું અને સાધુપણું પામવાનું લક્ષ્ય હોય ?

o નવકાર મંત્ર ઉપર જેને શ્રદ્ધા થઇ જાય, તે શું કહે ? 'મને હવે બીજું કાંઇ જોઇતું નથી.' એમ કહે ને ? અને આવી શ્રદ્ધા જેનામાં પ્રગટે, તેને આ નવકાર મંત્રમાં શું છે, તે જાણવાનું મન થાય ને ? પછી તો એને, અરિહંત અને અરિહંતની આજ્ઞા સિવાયનું કાંઇ જ જોવા જેવું ને જાણવા જેવું લાગે નહિ.

o નવકાર મંત્રથી શું ના મળે ? જગતમાં એવી કઇ ચીજ છે કે, જે નવકાર મંત્ર દ્વારા ન જ મળી શકે ? પણ નવકાર મંત્ર ઉપર જેને શ્રદ્ધા થઇ, તેને જોઇએ શું ? અરિહંતની આજ્ઞાનું પાલન જોઇએ ને ? અરિહંતની આજ્ઞા પાળનારો ગમે તેવી આપત્તિઓ વચ્ચે પણ સુખ અને શાંતિનો અનુભવ કરી શકે છે.

नमस्कार महामंत्र के प्रभाव से...

मुनिश्री नरेन्द्र विजयजी 'नवल'

संस्कृत कोविद् [श्री मोहनखेडा तीर्थ]

विश्व के प्रांगण में श्री नमस्कार महामंत्र को बेजोड़-अजोड मंत्र के रूप में मान्यता मिलती जा रही है। जिसका प्रमुख कारण है नमस्कार का अर्थ विस्तार। तथा साधक पर आया भयंकर संकट से निस्तार हो जाना।

नमस्कार महामंत्र में अध्यात्म का पावन संदेश है तो भौतिक समृद्धि का संकेत भी है। योग, सिद्ध विद्या, विज्ञान, कर्म, धर्म आदि कसोटियों पर भी यह मंत्र कसा गया और इस मंत्र को जाग्रत मंत्र के रूप में माना गया है।

विश्व पूज्य अभिधान राजेन्द्र कोष के निर्माता युग प्रभावक **श्रीमद्विजय राजेन्द्र सूरीश्वरजी म. सा.** ने जीवन में दो बार महा कठीनतम् साधना पद्धति में इस मंत्र को साधकर जन जागृति और धर्म क्रान्ति का शंखनाद किया था। "अर्हम्" पद की अखण्ड साधना में स्वयं के जीवन को तो दिप्त बनाया ही, साथ ही जिन शासन के मार्ग पर हजारों हजार आराधकों को सन्मार्ग प्रदान कर जनकल्याण भी किया। उन्ही की परम्परा में व्याख्यान वाचस्पति **जैनाचार्य श्रीमद्विजय यतीन्द्र सूरीश्वरजी** म. सा. के शिष्य रत्न प्रवचन कार आगम ज्ञाता **मुनिराज श्री देवेन्द्र विजयजी म. सा.** हुए हैं। जिनकी पावन निश्रा में रहने का सौभाग्य निरन्तर मुझे बाल्यकाल से ही मिला है। १२ वर्ष तक अपने उपकारी गुरुदेव के साथ रह कर मैंने जो पाया उसे संक्षेप में प्रस्तुत कर "श्री नमस्कार महामंत्र" के प्रभाव के विषय में सत्य प्रकरण प्रकट कर रहा हूँ :

(१) पूज्य उपकारी गुरुदेव प्रातःकाल ३ बजे से उठकर नियमित रूप से ३ घंटे का ध्यान करते थे। पंच परमेष्ठि मुद्रा करके ध्यान करते समय जो अदृश्य संकेत प्राप्त होता था उसे एक छोटी सी डायरी में नोट कर लेते थे। फिर उसी के अनुसार अनेक कठिन प्रश्नों का समाधान सहज रूप से कर देते थे।

(२) पूज्य उपकारी गुरुदेव कहा करते थे कि श्री नमस्कार महामंत्र आराधना से ही आत्म उद्धार की कुंजी प्राप्त होती है। अनादिकालीन विषय विकार की बिमारी मिटती है। प्रवचन करते समय अन्तर में अपने आप एसे एसे ब्रह्म वाक्य निकलते हैं कि स्वयं को भी बाद में आश्चर्य होता हैं। एक ऐसा प्रयोग भी हैं कि जो मंत्र बोल कर मुँह पर हाथ घुमा दिया जाय तो धारा प्रवाह एक ही विषय पर महिनों बोलने पर भी ज्ञान की अटूट धारा बहती रहती है। चिन्तन शक्ति और स्मृति की शक्ति खुल जाती है।

(३) पूज्य उपकारी गुरूदेव के कर कमलों से प्रतिष्ठा अंजनशलाकाएं, उपधान तपोत्सव, दीक्षा महोत्सव संघमाला और महापूजादि के कार्यक्रम होते थे। सभी कार्य में गुरुदेव को सफलता ही मिलती थी। एक मात्र कारण था "अरिहंते शरण पवज्जामि" का प्रतिदिन क्रियात्मक रूप से ध्यान और चित्ताकाश में नमस्कार मंत्र का भावनात्मक रूप में स्मरण।

(४) पूज्य उपकारी गरुदेव ने अनेक स्थानों के संघ के आपसी विवादों को सुलझा दिया। क्लेश मिटा दिया। प्रेम की गंगा बहा दी। प्रति वर्ष गुरुदेव चातुर्मास के दरम्यान सावन सुदि ७ से पूर्णिमा तक में नमस्कार मंत्र की सामुहिक साधना कराते थे। जिसके प्रभाव से चातुर्मास ऐतिहासिक हो जाता था।

(५) पूज्य उपकारी गुरुदेव ने नमस्कार महामंत्र नामक एक अति सुन्दर पुस्तक का लेखन किया है

जिसमें शास्त्रीय प्रमाण के आधार पर महत्त्वपूर्ण विवेचन किया है। इस पूरी पुस्तक को मात्र ३ दिन की अल्पावधि में लिख दिया था। यह भी महामंत्र का ही प्रभाव जानना चाहिये।

(६) पूज्य उपकारी गुरुदेव के पास जो भी श्रद्धालु अपनी समस्या लाते थे या दुःख निवारण की बात करते थे तो गुरुदेव नमस्कार महामंत्र पर ऐसा प्रयोग बताते थे कि स्वप्न में संकेत होगा या किस अवधि तक में काम होगा आदि मन मनोरथ पूरक बातें बता देते थे और जाप करके खीर का एकासना करने का उपदेश देते थें।

(७) पूज्य उपकारी गुरुदेव रवि पुष्य और गुरु पुष्यमें खड़े खड़े ध्यान करके महामंत्र का प्रयोग भी करते थे। जिससे आसुरी शक्ति के प्रकोप से मुक्त करके अनेकों को जीवन दान भी दिया।

(८) वि. सं. २०३३ में राजेन्द्र सूरि ज्ञान मंदिर में पूज्य उपकारी गुरुदेव चातुर्मास कर रहे थे। भाद्रव वदि के किन्हीं दिनों में भीनमाल निवासी महेता सुमेरमलजी हस्तीमलजी एकाएक गुरु दर्शनार्थ आये तथा वन्दना करने के पश्चात् श्री मेहताजी ने कहा, 'गुरुदेव! सोने की एक कंठी गुम हो गई है। घर पर खुब खोजा, खुब खोजा परन्तु नहीं मिली है। चिन्ता भारी है, क्या करूँ? गुरुदेव ने तत्काल कहा, मेहता, शीघ्र ही अभी ही भीनमाल के लिये रवाना हो जाओ। महामंत्र को स्मरण करके पुनः खोज बीन घर पर ही करो। कार्य सिद्ध हो जावेगा। वास्तव में गुरुदेव के मार्गदर्शन के अनुसार मेहताजी ने ऐसा किया तो सोने की कंठी मिल गई थी।

(९) वि. सं. २०३४ में राजगढ़ चातुर्मास के अन्दर रिंगनोद मध्य प्रदेश निवासी मूलचंदजी लुणावत पूज्य उपकारी गुरुदेव के पास आये तथा वंदना करके कहने लगे, 'महाराज सा. मैं एक अति आर्थिक संकट मैं उलझा हुआ हूँ। कुछ उपाय बताईये। **तब गुरुदेव ने कहा कि मास्टर! नियमित रूप से श्री नमस्कार महामंत्र कम से कम एक महिने तक उठते बैठने सोते जागते चलते फिरते बात करते चोविसों घंटो "अजपाजाप" मानस जाप करो तो कार्य हो जावेगा। श्री मास्टर सा. ने एसा ही किया और उन्हे आर्थिक संकट से मुक्ति मील गई।**

(१०) वि.सं. २०३५ में अहमदाबाद निवासी बाबुभाई मंगलदास शेठ ने एक दिन पूज्य गुरुदेव से कहा कि, साहेब, मने आशीर्वाद आपो। तब उपकारी करूणा निधान ने कहा कि 'तमारी सेवा जरूर फलसे। नवकार मंत्र उपर पर सफेद वर्ण थी आ मंत्र —— गणो।' वास्तव में बाबुभाई का एक अटका हुआ कार्य हो गया था।

(११) अन्धकार में प्रकाश, दुःख में सुख, समस्या में समाधान, मृत्यु में जीवन प्रदान करने की अनेकों घटनाएँ श्री नवकार मंत्र में अद्‌भुत शक्ति स्वतः समाविष्ट हैं। एक अद्‌भुत प्रसंग –

वि. सं. २०३२ जौधपुर, कापरड़ाजी, अजमेर, जयपुर, भरतपुर, आगरा फिरोजाबाद विचरण करते हुए भीलवाड़ा, चितोड़गढ़, निम्बाहेड़ा, नीमच हो कर जेठ वदी ९ मंगलवार दिनांक ३–६–१९७५ को २८ कि.मी. विहार करके पिपलीया चोराहे पर स्थानाभाव के कारण पूज्य उपकारी गुरुदेव और मैं ठाणा २ एक आम्र वृक्ष के नीचे सूर्य अस्त होते ही ठहर गये थे। प्रतिक्रमण आदि क्रिया से निवृत हुए ही थे कि एकाएक गगन मण्डल में मेघ गर्जना होने लगी। बिजली चारों ओर चमकी। देखते ही देखते तो वर्षा मुसलाधार शुरू हो गई। पौन घण्टे में तो घुटने घुटने तक जल आ गया। में तो घबरा गया। पूज्य उपकारी गुरुदेव ने कहा नरेन्द्र! नवकार मंत्र का स्मरण करो। मैं मंत्र का स्मरण करने लगा। वर्षा तो जोरों की थी। हम दोनों इधर उधर अंधेरे मैं पानी से बचने के लिये प्रयत्नशील थे। कदम कदम संभल कर चल रहे थे। एकाएक मन्दसोर डंबर सड़क पर एक ट्रक आया। एकदम लाईट हमारी तरफ फेंका। देखते ही ड्रायवर चिल्लाया अरे कौन हो? ठहरो। एक कदम भी आगे पीछे मत चलो वरना मर जाओगे। एका कहते हुए ड्रायवर ट्रक रोककर भागकर आया और रास्ता बताते हुए हमे ले चला तथा उसने कहा अरे महाराज सा.

सात, आठ कदम चलते इस दिशा में तो मोत का कुआँ था। भयंकर बावड़ी थी। उसमें गिर जाते तो प्राण पंखेरू उड़ जाते। सौ कदम के भीतर ही सड़क पर एक प्याऊ में ड्रायवर ने ठहरा दिया। हम वस्त्र को व्यवस्थित करने में लगे कि ड्रायवर चला गया। तत्पश्चात् हमने खूब आवाज लगाई पर न तो ट्रक दिखाई न ड्रायवर। आज भी वह दिन याद आता है तो शरीर कंपायमान हो जाता है। मेरी तो यही मान्यता है कि श्री नमस्कार महामंत्र के प्रभाव से ही जीवन दान मिला।

मेरा अनुभव :

जीवन के अन्दर अनेक प्रकार के कार्य करते हैं। कहीं कहीं विघ्न आना भी स्वाभाविक है। किन्तु उन विघ्नों को पार करने के लिये चिन्तन करना भी आवश्यक है। चिन्तन के साथ ही नमस्कार मंत्र का जाप एक ऐसी दिव्य शक्ति है कि स्वप्न भी साकार हो जाता है। अनेक कार्यो में आशातीत सफलता मिलती है। नमस्कार मंत्र में विज्ञान छिपा हुआ है। रंग विज्ञान, भेद विज्ञान, कर्म विज्ञान, यंत्र तंत्र विज्ञान, सभी का समावेश नवकार मंत्र में है।

विचारों को गतिशील बनाने में भी नवकार की प्रेरक भूमिका रहती है। अणु और परमाणुओं को शुद्ध करने में नवकार महामंत्र एक सशक्त मंत्र है। मेरे जीवन में भी अनेक प्रसंगों पर नवकार मंत्र ने सहयोग दिया है। ताजी ही घटना इस प्रकार है–

वि. सं. २०४२ आषाढ़ वदी १२ दि. १५-६-८५ शनिवार को सुबह उदयगढ म.प्र. से विहार करके प्रातः काल ९।। बजे राणापुर म.प्र. हम दो मुनि : रविन्द्र विजयजी और मैं पहुँचे। प्रमुख मार्ग से होते हुए जैन धर्मशाला के सामने पहुँचे ही थे कि कुछ भ्रमित मति वाले उपहास के साथ वेर वृत्ति और द्वेष बुद्धि के कारण घातक शस्त्र लेकर मारने दौड़े और अपशब्दों की वर्षा करने लगे। इस आये अचानक विकट संकट से पार उतरने के लिये श्री नवकार मंत्र का शरण लिया। जैसे ही मैनें नवकार मंत्र का मानसिक जाप प्रारंभ किया कि कुछ सभ्य लोग आक्रमणकारी तत्त्वों को खींच कर दूर ले गये तथा हमें इस प्रकार संकट से मुक्ति मिली। इस द्रश्य को देखने वाले करीबन ५००-६०० व्यक्ति थे। सभी ने हमें सहानुभूति दी। सब को हमने शान्त किया तथा अपने गंतव्य की और आगे बढ़ गये।

नवकार का चमत्कार :

नवकार का चमत्कार आज भी विद्यमान है। परम आस्था के साथ हृदय कमल में नवकार का ध्यान करें तो बाह्य संकट तो क्या आंतरिक कर्मों का संकट भी टल सकता है। इत्यलम्। शुभम्

साँप भी शांत हो जाता है।

रोशनलालजी म. सा. के शिष्य, प्रेममुनि म. सा.

मन्नोर जैन स्थानक, जिला – सोनीपत (हरियाणा), पीन १३१ १०१

लगभग विक्रम संवत २०१३ ग्रीष्म ऋतु का महिना था। मैं अपने गुरुदेव से आज्ञा लेकर नई दिल्ली जैन स्थानकसे कार्यवश बाहर जा रहा था। एक रोड़ के किनारे पर एक साइकिलों की मरम्मत करने वाला बैठा था। वह एक लोई के सरियेसे एक साँप को मारने की कोशिश कर रहा था। परन्तु नीचे कच्ची जगह होने से वह साँप आगे निकल जाता था। मेरा ध्यान उस ओर गया। मैंने कहा, 'हे भाई! इस साँप को मत मार।' वह सुनकर कुछ रुक गया और कहने लगा, 'वह साँप तो मारने लायक है, किसीको काट जाएगा तो वह तत्काल मर जाएगा।' मैंने कहा, 'अरे भाई! ठहर! इसे मत मार! वह फिर रुक गया। **मैंने नवकार मंत्र पढ़ा और एक वस्त्र उस साँप पर डालकर पकड़ लिया और उसे आगे ले गया।** वह साइकिल वाला जोरसे बोलकर कहने लगा, 'बाबाजी, इस साँप को छोड़ दो अन्यथा आप मर जाओगे।' मैंने उसकी बात पर अधिक ध्यान न देते हुए उस साँप को एक सूखे हुए नाले में डाल दिया। वह मिट्टी की दराद में घुस गया। इस घटना से मेरी आत्मा को बहुत बल मिला और मैंने अपना इष्ट मन्त्र, नवकार मन्त्र निश्चय किया।

मैं जब गुरुदेव के साथ त्रिनगर दिल्ली के जैन स्थानक में चातुर्मास के लिए स्थित था तब एक दिन प्रातः ही मैं गौचरी जा रहा था, तो कुछ नवयुवक अपने मकान की पुरानी छत की इन्टे तथा मिट्टी ऊखाड़कर सड़क पर ड़ाल रहे थे। उसमें एक छोटा-सा साँप था। उसे देखकर वे सोच रहे थे कि, यह किसी को काट न खाय। दया के विचारसे युक्त होनेसे उनको मारने की भावना नही थी, परन्तु आम रास्ता होनेसे कोई व्यक्ति सांप को मार सकता था। अतः उस साँप की रक्षा करने की भावना मेरे दिल में उत्पन्न हुई और सर्वप्रथम नवकार मन्त्र पढ़ा और उसे जोली में ले लिया और स्थानक के पास पार्क में छोड़ दिया और वह कहीं छूप गया।

एक दिन एक युवक को मैंने कहा कि, 'किसी भी समय घरसे बाहर जाना हो तो सर्व प्रथम तीन बार नवकार महा मन्त्र श्रद्धा सहित पढ़कर फिर जाना।' उस युवक ने रात्रि में आकर बताया कि, 'गुरूजी, मैं प्रातः ९ बजे घरसे बाहर जाते समय ३ बार नवकार मन्त्र पढ़कर मोटर साईकिल पर सवार होकर अपनी ड्यूटिके लिए बैंक में पहूँचा, और वहाँ पर काम करके सायंकाल जब अपने घरकी ओर लौट रहा था, तब मेरा मोटर साइकिल एसी जगह में फंस गया कि साइड़ में पुल की दीवार है और पीछे बस तेजीसे आ गई, और आगे से ट्रक भी आ गया। मैंने अपने मोटर साइकिल को पुलकी दीवार के साथ एकदम अड़ा दिया। अकस्मात होने में जरा भी कसर नहीं थी, फिर भी मैं तथा मोटर साईकिल सुरक्षित रहा। तब से मेरी श्रद्धा नवकार मन्त्र पर अत्याधिक बढ़ गई।'

उस युवक की इस घटना को सुनकर मेरी आत्मा की श्रद्धा नवकार पर अधिक रूपसे स्थिर हो गई। महामंत्र के जापके साथ शुद्ध ब्रह्मचर्य पालन एवं अटल विश्वास होना परम आवश्यक है।

महामन्त्र की महिमा

प्रिय सुशिष्य सन्त रत्न पं. श्री उदयचन्दजी म. सा. 'जैनसिद्धांताचार्य'

दोहा

महामंत्र नवकार की, महिमा अपरम्पार।
जो ध्यावे शुद्धचित्तसे, हो जावे भवपार॥

(तर्ज : श्री पाल नरेश्वर, समरयो परमेष्टि नवपद-प्रेमसे)

नवकार प्रभावे, पावे जीवन, धन सब आनन्द जी॥ टेर॥

जैनधर्म में महा प्रभावी, महामंत्र नवकार।
विद्वानों की दृढ़ आस्था, निष्ठा बनी अपार जी॥१॥

महामंत्र में शक्ति घणी है, नहीं गुणों का पार।
कई समस्या हल हो जावे, पावे सुख अपार जी॥२॥

बम्बई में एक साहुकार थे, रतनचन्द था नाम।
उनका अनुभव तुम्हे सुनाऊँ, सुनो लगाकर ध्यान जी॥३॥

धर्म कर्म में नहीं भरोसा, कहता सब बेकार।
मंत्र जाप में समय गंवाये, वे नर मूढ गँवार जी॥४॥

पत्नी उसकी सरल स्वभावी, सदा जपे नवकार।
पतिदेव को वह समझती, धर्म जगतमें सार जी॥५॥

सून पचास की सुनो वार्ता, बात एक छिड़ जाय।
महामंत्र नवकार जगत में, महत्व रखे कुछ नायजी॥६॥

रतनचंद की बात सुनी तो, चुमी मेरे मन माँय।
समय देखकर चुप रहा मैं तो बोला, कुछ भी नांय जी॥७॥

तीस वर्ष के बाद गया मैं उस ही के घर माँय।
व्यापारी था मोटा वह तो, साहुकार कई आप जी॥८॥

दोहा

सब कामों को छोड़कर जपे सदा नवकार।
हुई आस्था धर्म मैं, नहिं देखे व्यापार॥

(पूर्ववत्)

मैंने सोचा अपने मन में, किम परिवर्तन आय।
रहस्य खोलकर वही बतावे, बीतक सभी सुनाय॥ ९ ॥

सन् अस्सी में हुई बिमारी, गले में केंसर होय।
मैंने बहुत इलाज कराया, कारी लगी न कोय जी॥१०॥

पन्द्रह लाख रूपये व्यय कीने, अमेरिका में जाय।
कुछ महीने आराम मिला फिर, हालत वही हो जाय जी॥११॥

चोबीस फरवरी अस्सी का दिन, अन्तिम मुझे बतलाय।
पानी नहीं गले में उतरे, गला सूजता ही जाय जी॥१२॥

डाक्टर ने कहा बडे पुत्रसे, अब नहि ये बच पाय।
मैंने भी अनुमान लगाया, डाकटर मरण बताय जी॥१३॥

मैंने मुँह से नली निकाली, औषधि दो फिंकवाय।
सबको कमरे बाहर कीना, धर्म ध्यान मन माय जी॥१४॥

दोहा

पूरे श्रध्धा भाव से, जपन लगा नवकार।
औरों का कल्याण हो, सुखी बने संसार॥

(पूर्ववत्)

मंत्र जाप यों करते करते, आधी रात बिताय।
जोरों से उल्टी हुई मुझको, दस्त साथ में आय जी॥१५॥

खून बहुत सा निकला मुख से, मुझे मिला कुछ चैन।
प्रातःकाल दरवाजा खोला, बीत गई जब रजनी॥१६॥

घरवालो ने जीवित देखा, अचरज मन में आय।
नहीं थी उनको मेरी आशा, जीवित नहीं रह पायजी॥१७॥

अपनी पत्नी से मैं बोला, गरम दूध ले आव।
पाव किलो वह दूध ले आई, मैं पी गया उसे उठायजी॥१८॥

मैंने मन में निश्चय कीना, जब तक जीवन शेष।
णमोकार का जाप जपूंगा, इसमें शक्ति विशेषजी॥१९॥

कुछ दिन बाद में दलिया खाया, स्वस्थ हुआ मुझ गात।
डाकटर से मिलने के खातिर, पैदल ही मैं जातजी॥२०॥

जीवित मुझ को देखा उसने, नही हुआ विश्वास।
कहा उन्होने मुझको एसे, नहीं थी तेरी आशजी॥२१॥

औषधि लीनी कौन वैद्य की, मुझ को आप बताय।
अन्य मरीजो को सुख उपजे, एसा उपाय बतायजी॥२२॥

दोहा

महामंत्र नवकार सम, नहिं औषधि जग मांय।
दृढ श्रद्धा इस पर रखे, सब संकट मिट जाय॥

(पूर्ववत्)

चिन्तामणि सम महारत्न है, कल्पवृक्ष सम जान।
मनवांछित फल दाता जग में, तुमो लगा कर ध्यानजी॥२३॥

शक्तिशाली महाप्रभावी, महामंत्र नवकार।
पर इसके संग क्षमा भाव हो, यह इसका आधारजी॥२४॥

सब जीवो पर मैत्री भाव हो एंसा करो विचार।
सबही प्राणी साता पावे यही मंत्र का सारजी॥२५॥
रतनचन्द्र फिर आगे बोले, मैंने क्षमा ली धार।
क्षमा माँग ली घर वालों से, फिर माँगी संसारजी॥२६॥
सबही प्राणी साता पावे, सुखी बने संसार।
अन्तर मन में भाव बने हैं, जपूं सदा नवकारजी॥२७॥
आज हो गया रोग मुक्त मैं, यह अचरज की बात।
णमोकार मैं प्रतिपल जपता, श्वास श्वास के साथ जी॥२८॥
गिरिराज मुनि ने सुनी वार्ता, हमको दी बतलाय।
रतनचन्द का अनुभव सुन्दर हमको सीख दिलाय जी॥२९॥
जैसी हमने सुनी वार्ता, वैसी दी बतलाय।
भूलचूक जो इसमें होवे, ज्ञानी शुद्ध करायजी॥३०॥
भीलवाड़ा के मोती भवनमें, इक चालीज के माँय।
प्रिय शिष्यो ने किया चौमासा, सबको कथा बतायजी॥३१॥

महामन्त्र से मैंने पाया

गुरू श्री प्रताप प्रवर्तक गुरू श्री रमेश मुनिजी के सुशिष्य गौतम मुनि 'प्रथम'

वि. सं. २०३० की बात है कि जब मैं प्रथम जैन श्रमण के निकट में आया। वे उन श्रमण है कवि रत्न श्रद्धेय श्री केवल मुनि जी महाराज। जिनकी कृपा व्रष्टि से मुझे महामन्त्र जैसा मन्त्र सीखने को मिला। साथ ही मुनि प्रवर से अन्य बातें भी मिली। कंठस्थ होने के पश्चात मुनि श्री ने मुझे नित्य स्मरण करने की प्रेरणा भी दी।

मुनि श्री अपना चार्तुमास पूर्ण करके विहार कर चुके। उसी दिन से मेरी आस्था पूर्ण रूपसे नवकार मन्त्र पर बन चूकी थी। **ऐसे तो मैं जाति से जैन नहीं हूँ किन्तु बचपन से ही मेरी जैन धर्म के प्रति अनन्य रुचि व आस्था रही है।** यह मैं अपना सौभाग्य ही मानूँगा। सात आठ माह मुझे किसी भी जैन सन्तों का सांनिध्य नहीं मिला। किन्तु नवकार मन्त्र का जाप वैसे ही चल रहा था जैसे कि श्रद्धेय कवि श्री ने नियम करवाया था।

२०३१ का वर्षावास हमारे नगर जालना में (महाराष्ट्र) पूज्य गुरूदेव श्री प्रतापमलजी महाराज एवं मझधाराभूषण श्रमण संघीय प्रवर्तक गुरुदेव श्री रमेश मुनि जी महाराज आदि ठाणा ११ का वर्षावास था। यह जैन श्रमण से मेरा द्वितीय सम्पर्क था किन्तु सम्पर्क के पश्चात् भी मुझे मुनियों के नाम याद नहीं थे। तब मैंने घर आकर अपनी धर्ममाता श्री सौ. जड़ाव कुंवरबाई गोलेच्छा से पूछा। उन्होंने मुझे गुरूदेव का पूर्ण परिचय बतलाया। तब से मुझ अत्याधिक मुनिराजों से सम्पर्क रहा। फलस्वरूप मेरे अन्तरमान में जैन श्रमण बनने की इच्छा जाग्रत हुई। मैंने यह विचार गुरुदेव की सेवा में रखे। साथ में यह भी कह दिया कि मैं जैन धर्म के विषय में कुछ भी नहीं जानता हूँ। गुरुदेव ने फरमाया–हम तुम्हें पूर्ण रुपेण अध्ययन का संयोग देंगे।

गुरुदेव ने अपना चातुर्मास पूर्ण कर के आंध्र प्रदेश की ओर विहार किया। न तो कभी गुरूदेव ने पत्र दिया, न कोई सूचना। किन्तु दीक्षा की प्रबल इच्छा के कारण मैं बिना किसी के कहे अपने घर से निकल चुका। **न तो मुझे किसी ट्रेन का ज्ञान था, न मुझे गुरूदेव कहाँ विराजते हैं यह ज्ञान था। किन्तु महामंत्र पर पूर्ण आस्था थी। अतः जिस गाड़ी में बैठता वह मुझे गुरुदेव के चरणों में पहुँचा देती। यह सब नवकार मंत्र की देन थी।** इस समय मेरी उम्र लगभग १२-१३ वर्ष के आसपास होगी।

जब परिवार वालों को ज्ञात हुआ कि वह लेने के लिए पहूँच हो जाते, यह क्रम लगभग ७ बार चला। एक समय को बात है कि जब मैं धूप से स्टेशन की ओर चल दिया। चन्द मिनटों में परिजन भी वहीं पहुँच गये। इतने में ट्रेन भी आ गई। मैं बिना टिकट ही ट्रेन में **बैठा हुआ उन्हें देख रहा। मन ही मन नवकार मन्त्र का स्मरण करता रहा। आप आश्चर्य न करें, वे मुझे नहीं देख सके। यह है "महामंत्र नवकार का अद्भुत चमत्कार।"**

'महामंत्र से मैंने पाया संयम जीवन।'

नेत्रज्योति दाता महामंत्र

वि. सं. २०३१ की बात है कि : पूज्य गुरुदेव मेवाड़ भूषण धर्म सुधाकर श्री प्रतापमलजी महाराज अपना यशस्वी चार्तुमास मालव ही की धर्मनिष्ठ नगरी इन्दौर का चार्तुमास पूर्ण करके आप श्री के चरण सरोज महाराष्ट्र की भूमि को पावन करने के लिए गतिशील थे।

इन्दौर से गुरु प्रवर आदि समस्त मुनि मण्डल का विहार बडवाह की ओर हुआ। मुनि मण्डल चन्द दिनों में ही बड़वाह पधार चुका। कुछ दिन विश्राम करके विहार करने का ही विचार था कि अचानक पूज्य गुरुदेव श्री के नेत्रों में तकलीफ हो गई। श्री संघ ने सेवा का पूर्ण लाभ लिया। अच्छे से अच्छे बड़े डाक्टरों ने जी जान से सेवा का लाभ लिया, किन्तु अन्ततोगत्वा निराशा ही हाथ लगी।

दिन प्रतिदिन नेत्रों की ज्योति घटती ही चली जा रही थी। ऐसी स्थिति में पूज्य गुरुदेव श्री जी काफी चिन्तित थे। वह इसी लिए कि नेत्र ज्योति के अभाव में शास्त्रों का पठन-पाठन, स्वाध्याय, मुनिचर्या आदि समस्त कार्य रूक जायेगा। सन्त सतियों की पढ़ाना गुरुदेव अपना प्रथम कर्तव्य मानते थे। लगभग अपने ७२ वर्ष की उम्र तक उसे उन्होंने एक नहीं अपितु सेंकड़ो साधु-साध्वीयों को विद्याध्ययन करवाया। इस प्रकार के अनेक प्रश्न गुरुदेव के मानस में उमर रहे थे। इन्हीं विचारों में पूज्य गुरुदेव खोये हुए थे।

जब से मैं (गौतम मुनि) दीक्षित हुआ तभी से मैंने देखा कि आप श्री की अत्याधिक आस्था मन्त्राधिपति महामंत्र नवकार पर ही थी। डाक्टरों की ओर से स्पष्ट उत्तर मिल चुका था कि अब नेत्र ज्योति ...'

यह सुनते ही हम सभी मुनिराज काफी चिन्तित थे। किन्तु किया क्या जाता? प्रतिक्रमण आदि से निवृत्त होकर मुनि मण्डल गुरुदेव की पावन सेवा में बैटा हुआ था। लगभग रात्रि के ८-०० ही बजे होंगे कि न जाने आज गुरुदेव ने हम सभी को विश्राम के लिए कह दिया। हमने कहा गुरुदेव! अभी तो आठ ही बजे है। गुरुदेव ने फरमाया अब मैं कल ही बात करुँगा। हम सभी मुनि अपने-२ आसन पर विश्राम हेतु चल दिये।

गुरुदेव त्रिकरण, त्रियोग को एक चित्त करके महामंत्र नवकार का स्मरण करते-२ निद्राधीन हो गये। लगभग रात्रि के चार बज चुके थे। गुरुदेव के कानों में निम्न वाक्य सुनाई दिये –

'तूं! क्यों फिक्र करता है, तेरे पास चौदह पूर्व का सार महामंत्र है। उसका अट्ठम तप (तेला तप) करके जाप कर। आनन्द मंगल होगा।' इन शब्दों को सुनकर तत्काल जाग्रत हुए और अपने जाप में जुट गये।

प्रातः समय नवकारसी के वक्त एक मुनि जी (श्रमण संघीय प्रवर्तक गुरुदेव श्री रमेश मुनिजी म. सा.) गोचरी के लिए जा रहे थे। गुरुदेव ने कहा – 'आज मेरे लिए कुछ भी मत लाना'। क्यों गुरुदेव? 'आज मैं उपवास करुँगा' पुनः मुनि श्री ने निवेदन किया; 'आपकी दवाई चालू है। प्रत्युत्तर में गुरुदेव ने फरमाया – 'अब सभी दवा बन्द है। अब नवकार मन्त्रकी ही महौषधि लेकर तेला तप करूँगा।' तीन दिन में गुरुदेव ने सवा लाख जाप सहित तेला तप किया। तप जप के पुन्य प्रताप से पूज्य गुरुदेव की नेत्र ज्योति बढ़ती ही चली गई। यह ज्योति अन्तिम समय २०३७ तक वसी ही बनी रही जैसी कि पहले थी। यह देन है नेत्रज्योति दाता महामन्त्र नवकार की। नवकार महामन्त्र कलिकाल का कल्पतरु ही है हमें अनुभूति चाहिए तो त्याग और आस्था के साथ इसका स्मरण करेंगे।

श्रद्धासे नत होता मस्तक

महाराष्ट्र केसरी पू. सौभाग्यमलजी म. के आज्ञावर्तिनी
महाराष्ट्र सौरभ चाँदकुंवरजी स. म.

मंत्राधिराज नवकारमंत्र की महिमा उस गुलाब पुष्प के सुरभि की भाँति है जो स्वयं ही मानव-मनको सुरभित बना देती हैं। इस नवकार ने सर्प को माला में परिवर्तित कर दिया, सुलीको सिंहासन बनाया, कोढ़ का रोग हटाया। ये सब सुनो सुनाई बातें हो गयी पर श्रद्धासे किया हुआ स्मरण हमें भी अवश्य चमत्कार बता देता है। प्रभु भक्ति में प्रभु नाम में वह शक्ति होती है कि वह सहज ही अभिव्यक्ति के द्वार खोल देती है। चाहिए आस्था तो अवश्य, पा जाएँगे सही रास्ता।

सन १९८२ में हम अपनी शिष्यावृंद सह महाराष्ट्र से मध्य प्रदेश की ओर आ रहे थे। साथ में दो आदमी भी थे। घाटों का रास्ता। बीहड़ जंगल! साथ में छोटी छोटी साध्वीयाँ। मौत का नहीं पर शील-रक्षा का भी तो प्रश्न रहता हैं। एसे समय १-४ जंगली व्यक्ति मिले। वह कहने लगे, 'वाह महाराज! आगे जाओ। मुफत का तैयार खाना मिल जाएगा। जाओ जाओ हम भी आगे आ रहे हैं। अब मैं तो पूरी तरह घबरा गई, भला ये आगे आकर क्या करेंगे? कहीं हानि तो नहीं है इनसे? अब **सबको नवकार मंत्र का जाप करने को कहा।** पहले विश्रामसे जो कुछ आहारादि लाये थे वह आरोगना था, अब रुकना कहाँ? कुछ समझ में नहीं आया। एक स्थान पर नवकार मंत्र की कार डालकर बैठ गए। नवकार स्मरण में ही मन रमा था। घबराई हुई सतियाँ को धीरज बंधाया व प्रभु नाम पर भरोसा रखकर आगे बढ़े। संयोग की बात है। प्रभुने हमारी पुकार सुन ली। उस निर्जन स्थान में एक बस आकर रूकी। कसरावद के दर्शनार्थी भाई उत्तर पड़े। मनमैं धीरज बंधा। और वे दर्शनार्थी अगले विश्राम तक हमारे साथ रहे। निर्बाधापूर्वक हमारी यात्रा सफल हुई। वहाँ जाकर हम कुछ देर बैठे ही थे कि पलासनेर की एक मेटेडॉर आ रूकी। दर्शनार्थी भाई ने विहारकी सुख शांति पूछते हुए कहा, 'रास्ते में आपको कुछ तकलीफ तो नहीं हुई न?' मैंने कहा, आनंद ही आनंद है भाई!' श्रावकजी ने कहा, 'हमें लगा उस शेरने..।' मैंने पूछा कैसा शेर?' श्रावकजीने कहा–हम आ रहे छे ड्रायवरने रफ्तार तेज कर ली नहीं तो! गाडी के पीछे पीछे ही दहाड़ता आ रहा था। वह उन्होंने जो स्थान बताया ठीक वही था जहाँ हम आहारादि के लिए रुके थे पर **देखिए नवकार की महिमा!** आधे घंटे के पूर्व ही हमारे उपर क्या गुजरना था? श्रावकजी के पास मेटेडॉर थी। अतः उन्होंने रक्तार बढ़ा ली पर हम पथिकोंके पास भी नवकार महामन्त्र की कार थी जिसके कारण हमारे संकट टल गए। धन्य है प्रभु–नामकी अपार महिमा को!

'हर लम्हा लबों पर मेरे नवकार का नाम रहे।
'चाँद' चारू चरणोमें तेरे निशदिन मेरा ध्यान रहे॥'

नवकार से संकटपार

महाराष्ट्र सौरभजी म. की सुशिष्या साध्वी सुमन प्रभा 'सुधा'

एक वक्त विहार करते हुए तीन-चार घंटे हो गए। ८-१० किलो मीटर का मार्ग पार कर चुके थे फिर भी किसी गाँव का नामोनिशान तक नहीं था। नहीं वहाँ राहदारी था। भयानक जंगल था, निर्जन स्थान था। पू. गुरुनीजी म. सा. को हार्ट की शिकायत थी। सीनेमें एकदम दर्द उठा। अब साथमे जल भी नहीं था तो दवाई कैसे दे? सभी घबराने लगे। अब क्या करें ऐसे स्थान पर! **हम सबने श्रद्धा पूर्वक नवकार का जाप शुरू किया** और इसी स्थिति में आगे बढ़े कि एक झोंपड़ी नुमा कुटिया झाड़ियों के बीच नजर आई। जानेके लिए छोटासा रास्ता था। अतः हममें से २-३ जनोने जाकर देखना चाहा। जाकर देखा तो वहाँ एक भैंस बंधी है। और किसान के वेष में एक व्यक्ति वहाँ बैठा है। अब हमने उसे हमारी समस्या सुनाई। बिना हिचकिचाहट के उसने भैंस का दूध निकालकर दिया। एक वृक्ष के नीचे पू. गुरुजी मैया को ठहराकर दूध के साथ गोली दी। कुछ विश्राम एवं स्वस्थता के पश्चात उसकी दयालुता की प्रशंसा करते हुए कुछ आगे बढे। सहज ही **पीछे मुककर देखा तो न वहाँ कोई झोंपड़ी थी न आदमी न भैंस।** आश्चर्यान्वित होकर दाँतों तले उंगली दबा ली। हमारी आँखे तो धोखा नहीं दे सकती पर **उस निर्जन स्थान में नवकार ने ही हमारी सहायता की थी!**

"भय भंजक नवकार"

पू गणिवर्य श्री जयन्तविजयजी म. सा.
श्री वर्धमान जैन पेढी सौजतसिटि पाली

(१)

श्री नमस्कार मंत्रका प्रभाव व संस्मरण

वैसे तो परंपरागत एवम् मान्यतावश नमस्कार मंत्र की उपासना जैन जगत में सवं विदित है। परन्तु कभी कभी विशेष प्रसंग में अन्दर की श्रद्धा की अभिव्यक्ति जब होती है तो स्मृति में वे बातें सदा याद बनी रहती है। उन अनुभवों के तीन प्रसंग यहाँ पर अंकित किये जा रहे है।

विहार में हम ठाणा ३ पाली जिले के जैतारण से चंडावल गाँव में स्थिरवास एक स्थानक में थे। यहाँ पर मन्दिर मार्गी समाज के घर नहीं थे। गर्मी का समय था। दरवाजे दो तरफ के खुले थे। रात्रि के प्रायः बारह बजे किसी जहरिले जानवर ने हाथ पर डंक मारा। नींद खुल गई। शरीर में बेचेनी, गर्मी एवम् खून का पानी हो रहा है ऐसा आभास हो रहा था। शायद आज की रात्रि कालशस्त्र बनेगी एसा लगा। मैं अपने संस्तरण से उठकर बाहर बरामदे में गया। वहाँ पर **नवकार मंत्र का एकाग्रचित्त से जाप करने लगा तो कुछ समय बाद बेचेनी एवंम् भय दूर हो गया था।** मन बार बार इसी निर्णय पर पहुँचा कि नवकार मंत्र ने रक्षण किया है। दूसरे दिन वहाँ से विहार कर दिया था। हाथ पर सूजन ८, १० दिन तक रहा।

(२)

पंजाब के विहार में एक भाईने वल्लभसूरिजी म. का प्रसंग इस प्रकार सुनाया कि एक भाई श्रीवल्लभसूरिजी म. के पास आकर कहने लगा, "नवकारमंत्र" की इतनी महिमा बताई जाती है तो मुझे विश्वास बैठे ऐसा कुछ करें।"

श्री वल्लभसूरि म. ने हाथ में से मुहपत्ति उसके हाथ में देते कहा कि इसे कान पर लगा दो।" उस भाई ने कान पर मुहपत्ति रखी तो उसमें से नमस्कार मंत्र के शब्द सुनाई देने लगी। उस भाई ने आश्चर्यान्वित होकर प्रति प्रश्न किया कि मुझे नवकार मंत्र के शब्द कहा से सुनाई दे रहे है? वल्लभसूरि म. ने कहा, "मेरे मन में नवकारमंत्र का जाप चालु है और उन शब्दों का कनेक्शन मुहपत्ति में लग गया है। अतः तुम्हे सुनाई दे रहा है।" आगे कहा कि, "सूक्ष्म जाप एवम् लयबद्ध शब्द स्थूल जगत् को प्रभावित करने में नवकार मंत्र के शब्द प्रर्याप्त हैं।

आवश्यकता है निष्ठा, श्रद्धा एवम् संकल्प की। प्रश्नकर्ता के उपर उसका असर पड़ा और वह व्यक्ति वहाँ से चला गया। यही सुनी बात ने भी मेरे विश्वास को संबल दिया।

(३)

एक बार विहार में अकेला ही था। पेशाब जलन कई दिनों से चालू थी। दवाईयों का भी कोई असर नहीं हो रहा था। परेशानी भी हो रही थी। मारवाड़ के बिजापुर में उपाश्रय में स्थिरवास था। वहाँ के श्रावकों से बीमारी की बात की तो उन्होंने देशी आयुर्वेदिक दवा ला दी। मेरा अब दवाई पर से विश्वास उठता जा रहा था। उस रोज पेशाब की बीमारी चरम सीमा पर थी। श्रावकों से मैंने कहा दिया था कि आजकी रात्रि मेरे लिए शायद अन्तिम होगी। शाम की प्रतिक्रमण भी मुझसे करवाया नहीं जायेगा; क्योंकि कुंडी लेकर बैठना पड़ता था। टिपे टिपे पेशाब करके थोडी सी राहत लेता था। **दिन के चार बजे मन में एक संकल्प किया कि अब तो नवकार मंत्र का जाप चालू करूँ एवम् जो ठीक हो गया तो केसरियाजी यात्रा कर लूँगा।**

जाप चालू किया तो पांच बजे एक अपरिचित भाई आते हैं और परेशानी का कारण पूछते हैं। मैंने सब कुछ उन्हें बता दिया। उन्होनें कहा कि मुझे भी किसी अदृश्य शक्ति से प्रेरित किया गया था, सो मैं आपके पास आया हूँ। मैं कोई डोक्टर तो नहीं हूँ परन्तु आप एक मुट्ठी नमक फाक जांय और घूंट भर पानी से पेट में उतार दें। पित्त आदि दोषों का निदान हो जाये तो आपको शान्ति मिल जायगी। मरता क्या नहीं करता। मैंने शीघ्र नमक लाकर फाका। बड़ी मुश्किल से गले से नीचे उतारा, यद्यपि जीव बहुत घबराया। परन्तु घड़ी आधा से पित्त पड़े और बीमारी गायब हो गई। दवा बताने वाले को प्ररित करने वाले भी नवकार मंत्र के अधिष्ठायक देव ही थे एसा विश्वास स्मृति में दृढ़ हुआ। बीमारी भी नवकार मंत्र के जाप से नष्ट हो गई।

(४)

हम दो मुनि समेत शिखरजी की यात्रा से वापिस लौट रहे थे। बिहार में पटना से सासाराम का रास्ता संकरा था। मोटरों का आना जाना भी बहुत होता था। इसलिये दूसरे मार्ग की तपास की तो दूसरा मार्ग गंगा के ऊपर नावों को पुल पर से पार करके अन्य तरफ से वाराणसी जाता था। सब से बड़ी समस्या रिक्षे की थी। दो आदमी साथ में। एक रिक्षा चलाने वाला और दूसरा जैन था। गंगा पार के आगे एक रोड़ पर ही महात्मा का आश्रम समझकर स्वीकृति लेकर रूके। साथी आदमियों के रसोई का तैयारी की। महात्मा के वेश में वह ठग ही था। फर्लांग दो फर्लांग पर दो तीन गाँव रोड़ से दिखाई दे रहे थे। उस वेशधारी महात्मा ने आस पास गाँवो से १५-२० शठों को लाकर रिक्षा को घेर लिया और लूटना ही चाहते थे। रिक्षा चालकों को भी थप्पड़ मारकर भगा दिया। समझाने की कोशिश भी व्यर्थ थी। पास में विद्यालय था उसे भी बन्ध कर दिया और बच्चों को छुट्टी दे दी। जैसे तैसे गूंदा हुआ आटा बन्द करके सामान रिक्षे में रखकर जयन्तीलाल श्रावक भाई ने रिक्षा रोड़ पर चढ़ा दिया था। उन आदमियों ने सड़क पर पूरी घेराबन्धी कर ली। मोटर भी खड़ी नहीं रहती थी। **मैंने मन में संकल्प किया कि इस परिस्थिति से मुक्त होने पर १२॥ हजार नवकार मंत्र का जाप करूँगा और नवकार मंत्र का जाप मन में चालू किया।** जैसे कहा है 'दुःख में स्मरण सब करे...'' एक व्यक्ति बस सर्विस को खड़ी कर के उसमें से उतरा और बीच में आकर पूछा क्यों खड़े हो? उन व्यक्तियों ने उसे डाकटर कहा। तो मैंने कहा, 'डाकटर साहब, हम जैन साधु पैदल विहार करते हैं। आपके इस विहार भूमि पर पवित्र तीर्थों का यात्रा को आये हैं। यह रिक्षा एवम् सामान का प्रबन्ध समाज ने रास्ते की सुविधा के लिए दिया है। ये भाई हमारी बात समझते नहीं और मिथ्या दोषारोपण कर रहे हैं। डाक्टर ने सत्तावाही आवाज में कहा, 'आप यहाँ से चले जाओ। मैं उन्हे समझा दूँगा।'' मैंने कहा आप साथ चलें। उसने इशारा किया कि चले जाइये।

जयन्तीलाल श्रावक ने आगे से रिक्षा हाथ से पकड़ कर उसी क्षण आगे बढ़ा दिया। हम दोनों मुनियों ने भी रिक्षा के पीछे तीव्र गति से कदम उठाये।

बारह बजे का प्रायः समय था। थके हुए होने पर भी चार मील का विहार कर सुरक्षित स्थान पर एक सनातनी मंदिर में एक जनसघी भाई की मदद से स्थान मिला। पीछे वह डाक्टर भी हमारे पास आया और उसने बताया कि मुझे अन्दर से प्रेरणा मिली तो मैं वहाँ उतरा था और आप बच गये। वरना आपको ये लोग लूटना चाहते थे। स्मृति में नवकार मन्त्र का संकल्प का चमत्कार साक्षात् अनुभूत हुआ था। परिस्थितिवश विश्वास करना एक बात है और हमेशां विश्वास करना दूसरी बात है। तथापि अनुभवों से भी विश्वास मैं विस्तार होता है तो भी लाभप्रद है।

"विष अमृत हो जाय"

श्री रतनलाल सिंधी

बँगाल होजयरी, पो. इस्लामपुर, जि. वेस्ट दिनाजपुर, वे. बँगाल, पीन–७३३ २०२

(१) मैंने दस वर्ष की उम्र में मेरी मातासे नवकारमंत्र पाया। जैसे जैसे मुझे नवकार मंत्र का अर्थज्ञान हुआ वैसे वैसे इसके प्रति श्रद्धा बढती गयी।

मेरे लडके प्रकाशकुमार सिधी की श्री डुंगरगढ में अपने ही घर में एक विषैले सर्प ने काट खाया। उस समय मैं घर में अनुपस्थित था। किसीके द्वारा मुझे बाजार में समाचार मिला। सुनते ही मैं घर की ओर चल पड़ा। घर पहुँचकर देखा कि प्रकाशकुमार भीड़ में घिरा हुआ था। भीड़ को अलग करके मैं उसके पास जा पहूँचा। मेरे पहूँचते ही सभी अलग अलग सुझाव देने लग गये। पर मैंने उनकी बातों पर ध्यान न देते हुए पूर्व दिशा में खडे होकर नमस्कार महामंत्र का उच्चारण किया, एवं अपने मुख को साप के द्वारा काटे गये स्थान पर पहुँचाकर उसे चूसना प्रारम्भ किया। सभी घबरा गये। सभी के मना करने पर भी मैं नमस्कार महामंत्र के बल पर अटल होकर उसे चूसता रहा और निकाले गये खून को एक बर्तन में एकत्रित करता रहा। बाद में उसको नीमका पत्ता दिया, उसे खारा लगा। तब मैंने अपना मुँह धो लिया। फिर ज़हर का कोई प्रभाव नहि रहा।

(२) आजसे करीब तीन वर्ष पूर्व मेरा लड़का प्रवीण जिसकी उम्र ११ वर्ष है, अचानक ही घरसे निकल पड़ा। उसके पास सिर्फ रु. ३० एवं पहने हुए कपडे थे। मनमें सोचा कि राजस्थान जाऊँगा, इसलिए वह तीनसुखिया नामक ट्रेन में बैठ गया। रास्ते में जब टिकिट के बारे में पूछा और उसके पास टिकट न होने के कारण उसे अगले स्टेशन पर उतर जानेको कहा तो वह घबरा गया। दैवयोगसे उसे पास ही बैठे एक फौजी (महेन्द्रपाल सिंह) ने घर का पता पुछा पर District न बताने के कारण वह पत्र भी नहि लिख सका एवं फौजी ने सोचा लड़का कहीं दुष्ट के हाथों पड़ जायगा तो जीवन बेकार हो जायेगा। इन सब बातों को गहराई से सोचकर कहा 'मेरे घर चलोगे?' उसके यूँ कहने पर प्रवीण राजी हो गया।

उस फौजी का घर नगलामदो एवं District एटा है। घर में अपनी औरतसे कहा कि यह लड़का मेरे दोस्त का लड़का है। यह अपने घर ही रहेगा। इस तरह दिन व्यतित होने लगे। दिपावली के दिन उसके घर में माँस पकाया गया यह देखकर प्रविण ने उसके घर खाना न खाने का संकल्प कर लिया–तब उस फौजी की बहन जो निराभिष थी प्रवीण को अपने घर ले गयी। वहाँ पर रहकर भी प्रवीण सुबह नवकार मंत्र का जाप करता था।

यहाँ हमने घर पर भी नमस्कार महामंत्र का २४ घंटे का अखंड जाप, भक्तामर पाठ, द्रव्यों का संयम, कुछ द्रव्यों का १२ महिना पच्चक्खान, स्वाध्याय, सामयिक, १२ महिने तक्का ब्रह्मचर्य आदि विविध प्रकार के त्याग किये। साथ ही जिनशासन अनुरागी धरणेन्द्र पद्मावती का आह्वान ५ दिन अखण्ड रूपसे जाप करके किया और प्रार्थना की कि वह दुश्चरित्रसे बचे, नमस्कारमंत्र का स्मरण करे और उसका दुशग्रह दूर हो। इसके फलस्वरूप उधर प्रवीण को एक दिन रात्री के समय स्वप्न में एक देवी का दृश्यावलोकन हुआ। उस देवी के पास कोई सवारी नहि थी एवं न ही उसके हाथ में शस्त्र थे। वह

देवी तेजस्वी रूपसे सफेद वस्त्रो में खड़ी होकर उसे कह रही थी। डरो नहि, अभी देरी है, धर्म की आराधना करो, कोई कुछ नहि बिगाड़ सकेगा। इधर हमारी धर्माराधना भी चल रही थी। ज्यों ही ४ महीने होने की आये, उस समय किसीके कहने पर लड़के की फोटू व पूरा पता हिन्दुस्तान पेपर में प्रकाशित किया। (इसके पहले भी एक बार प्रकाशित किया था। उसका परिणाम नहि मिला था) संयोगसे उस दिनका अखबार वह फौजी (महेन्द्रपाल सिंह) पढ़ रहा था। अचानक ही फोटू पर नजर पड़ गयी एवं पहचान लिया। और प्रवीण के बारे में विस्तृत कहानी हमें लिखकर भेजी। इस प्रकार जब अंतरायकर्म दूर होते हैं तो शुभका संयोग होता है, फौजी ने प्रवीण को घर ले जाने की संमति दी।

अतः हमारी सच्ची आस्था का फल ही हमें मिला। प्रवीण को भी नमस्कार महामन्त्र के बार में जो प्रेरणा मिली वह मेरे द्वारा तथा मेरे दीक्षित माताजी 'साध्वीजी लिखमवतीजी' के द्वारा ही थी।

"नवजीवनदाता नवकारमन्त्र"

तेजमल जैन (प्रधानाध्यापक)

रा. भा. वि. बामनगाँव (बुन्दी) राज.

माह अप्रैल सन् १९३८ की घटना है। मुझे परीक्षा देने वास्ते कैथून (कोटा) से कोटा कोलेज में जाना था। बसमें बैठा। बस रवाना हुई, द्रुत गतिसे, कि कहीं पीछे की बस आगे जाकर उससे ज्यादा आर्थिक लाभ प्राप्त न कर ले। रायपुर एव घाकडखेड़ी के बीच मेरी बसका अगला टायर फूट (Burst) गया। सन्तुलन बिगड़ा। बस खड्डे में जा गिरी। उल्टी हो गई। पर जब हमको किसी भी प्रकार निकाला गया तो ६०-७० सवारीयो में मैं ही एक एसा सुरक्षित प्राणी बचा था जिसको कहीं भी किसी भी प्रकार की शारीरिक चोट नहि आई। मैं तुरन्त समझ गया। यह नवकारमन्त्र का ही प्रतिफल है कि मैं ही पूर्णतः सुरक्षित रह पाया। मैं अपनी जिहवासे यह तो प्रकट करना नहि चाहता कि मुझे नवकारमन्त्र में कितनी श्रद्धा है। क्योंकि यह कहना तो शायद आत्मश्लाषा ही होगी। पर फिर भी **मैं जब भी यात्रा पर जाता हूँ किसी कार्यका शुभारंभ करता हूँ, सोता हूँ, उठता हूँ, तो नवकारमन्त्रका अवश्य स्मरण कर लेता हूँ, चाहे मनःस्थिति कैसी भी हो।**

अल्पायु एव सक्षिप्त अनुभवों के आधार पर मैं सत्य प्रमाणित कर सकता हुँ कि मुझे राज्यसेवाकाल, गृहजीवन एवं संसारिक कार्यों में जो अभूतपूर्व सफलताएँ मिली है, वह मात्र नवकारमन्त्र की श्रद्धा का ही प्राप्त प्रतिफल है।

नवकार महामन्त्रकी महिमा सचमूच अपार ही है।
सात समुद्रकी मसी करो लेखनी सब वनराय।
धरती सब कागद करो, नवकार गुण लिखा न जाय।

"नासूर नष्ट हुआ"

श्रमण संघीय युवाचार्य **श्री मधुकर मुनिजी म. सा.** को आज्ञानुवर्तिनी **महासतीजी सोहनकुंवरजी** की ओर से **हरिराम प्रजापत** (शिक्षक)

रा. मा. वि. खेजड़लां (जोधपुर)

१. महासती श्री सोहनकुंवरजी म. सा. जिस समय गृहस्थाश्रम में थे, उस समय उनके पेट में अकस्मात् एक विषैली गाँठ उत्पन्न हुई। उस नासूर की चिकित्सा किसी भी वैद्य या डॉक्टरसे नहि करवाई गई। महाराज ने अपना समस्त विश्वास नवकार मन्त्र पर छोड दिया। नवकार मन्त्र के जप का प्रभाव ऐसा पडा कि शनैः शनैः वह गाठ स्वतः बैठ गई तथा नासुर रोग समुल समाप्त हो गया।

२. एक बार महासताजी सुदर्शनाजी म. को जैन धर्म के प्रति अनुराग एवम् ससारसे वैराग्य हो गया। जब महासतीजी श्री सोहनकुंवरजी म. सा. के सं. २०८० की चातुर्मास ग्राम हाँसोलाप में था। उस समय श्री सुदर्शनाजी, म. सा. के पास आये। उनका स्वास्थ्य उस समय बराबर ठीक नहि रहता था। वे १५-१५ या २०-२० दिन तक खाना तक नहि खाते थे। और न अपने आपकी सुध-बुध रहती। महासतीजी ने नवकार मन्त्र का जाप प्रारम्भ करवाया। सं. २०४० का आसोज सुद ७ से आसोज सुद १५ तक आयम्बिल ओली की आराधना और नौपद का जाप नौ दिन तक सुदर्शनाजी से करवाया। नवकार मन्त्र का प्रभाव उन पर ऐसा पड़ा कि शनैः शनैः उनका स्वास्थ्य बिलकुल ठीक होने लगा। हालाकि उनके स्वास्थ्य की चिकित्सा किसी भी वैद्य या डॉक्टरसे नहि करवाई गई।

"कबूतर और नवकार"

उपप्रवर्तनी श्री आज्ञावतीजी म. की सुशिष्या साध्वीश्री अर्चनाश्रीजी

(१)

एक बार दो कबूतर के छोटे छोटे बच्चे उपरी मंजिलसे नीचे गीरे और गिरते ही जखमी हुए। एसे तड़पने लगे, मानो अभी इनके प्राण नष्ट होंगे पर जब मैंने उन्हें महामन्त्र नवकार की शरण दी, मानो उनमें नया जीवन आ गया और कुछ समय बाद दोनों बच्चे बिलकुल स्वस्थ हो गये। फिर उन्हें भी मुझसे इतना लगाव हो गया कि जहाँ भी मैं जाती वे मेरे पीछे ही आते। सचमूच महामन्त्र नवकार का प्रभाव अचित्य हो है।

(२)

एक बार सन १९७२ में एक जैन भाई ने अपने घर पर अखंड जाप के उपलक्ष में हमारे गुरूनीजी महाराज के प्रवचन का कार्यक्रम तय करवाया था। नगर में घोषणा हो चुकी थी। मगर रातसे ही जोरों से वर्षा शुरू हो गयी थी।

प्रातः ९ बजे भी बारिस चालु थी तब वे भाई गुरुनीजी के पास मायूस बनकर आया और कहने लगा, महाराज यह क्या रंग में भंग हो गया? मेरे मन की मुराद मन में ही रह गयी।' गुरुनीजी ने उस भाई से एक ही शब्द कहा कि, भाई! तुम चिन्ता मत करो, मैं १० बजे तुम्हारे प्रवचन स्थल पर पहुँच जाऊँगी।

भाई के जाने के बाद गुरुनीजी ने नवकार मंत्र का जाप किया। मूसलधाार वर्षा बन्द हो गई और कड़कड़ाती धूप निकल आयी। देखा महामंत्र का चमत्कार!!...

"पागलपन पलायन हुआ!"

आचार्य श्री तुलसी के शिष्य

मुनिश्री जसकरणजी—सुजानगढ़

क्रान्तिकारी युगप्रधान जन श्वेतांबर तेरापथी के अणुव्रत अनुसास्ता आचार्य श्री तुलसी के शिष्यों ने बंबई चातुर्मास किया।

शेष काल में घाटकोपर गये। वहाँ एक भजनलाल नामके भाई रहते थे। उनका एक लड़का पागल हो गया था। भजनलालभाई तेरापंथी साधुओ के संपर्क में आए तो उन्होंने अपने पुत्रके पागलपन की बात संतो को बताकर उन्होंसे उपाय मांगा।

संतोंने भजनलाल भाई को कहा, उस लड़के से सवा लाख नवकार जप कराओ। उसका पागलपन मिट सकता है। भजनलालभाई ने जप प्रारम्भ करवा दिया। सवालाख जप करने के बाद उसका पागलपन दूर हो गया। यह है श्रद्धेय नमस्कार महामंत्र के जपका प्रभावशाली चमत्कार। यह घटना २०१९ की है।

નં.	પુસ્તક	લેખક/સંપાદક
૧	નમસ્કાર મહામંત્ર	પૂ.પં. શ્રી ભદ્રંકરવિજયજી મ.સા.
૨	નમસ્કાર મીમાંસા	પૂ.પં. શ્રી ભદ્રંકરવિજયજી મ.સા.
૩	નમસ્કાર દોહન	પૂ.પં. શ્રી ભદ્રંકરવિજયજી મ.સા.
૪	પરમેષ્ઠી નમસ્કાર અને સાધના	પૂ.પં. શ્રી ભદ્રંકરવિજયજી મ.સા.
૫	નિત સમરો નવકાર	પૂ.પં. શ્રી ભદ્રંકરવિજયજી મ.સા.
૬	પંચ પરમેષ્ઠી ધ્યાનમાલા	સંશોધક પૂ.પં. શ્રી ભદ્રંકરવિજયજી મ.સા.
૭	નમસ્કાર ચિંતામણિ	પૂ. આ. શ્રી કુંદકુંદસૂરિજી મ.
૮	સમરો મંત્ર ભલો નવકાર	પૂ. આ. શ્રી કુંદકુંદસૂરિજી મ.
૯	જપ સાધના	પૂ. આ. શ્રી કુંદકુંદસૂરિજી મ.
૧૦	બોધ દાયક દૃષ્ટાંતો ભા. ૮ મો.	પૂ. આ. શ્રી કુંદકુંદસૂરિજી મ.
૧૧	નમસ્કાર સ્વાધ્યાય ભા. ૧ (સંસ્કૃત)	સંતા. પૂ. તત્ત્વાનંદવિજયજી મ.
૧૨	નમસ્કાર સ્વાધ્યાય ભા. ૨ (પ્રાકૃત)	સંતા. પૂ. તત્ત્વાનંદવિજયજી મ.
૧૩	નમસ્કાર સ્વાધ્યાય ભા. ૩ (ગુજરાતી-હિન્દી)	સંતા. પૂ. તત્ત્વાનંદવિજયજી મ.
૧૪	નવકારમંત્ર તત્કાલ કેમ ફળે?	સંતા. પૂ. તત્ત્વાનંદવિજયજી મ.
૧૫	નમસ્કાર મહિમા	પૂ. આ. શ્રી લક્ષ્મણસૂરિજી મ.
૧૬	મંત્રાધિરાજ	પૂ. આ. શ્રી મિત્રાનંદસૂરિજી મ.
૧૭	ચાંદલિયો ચમકે છે!	પૂ. આ. શ્રી રાજેન્દ્રસૂરિજી મ.
૧૮	મહામંત્રના અજવાળા	પૂ. પં. શ્રી અભયસાગરજી મ.
૧૯	અખંડ જ્યોત	પૂ. પં. શ્રી અભયસાગરજી મ.
૨૦	અલબેલો શ્રી નવકાર	પૂ. પ્રવર્તક શ્રી નિરંજનવિજયજી મ.
૨૧	અચિંત ચિંતામણિ નવકાર	પૂ. મુનિશ્રી અમરેન્દ્રવિજયજી મ.
૨૨	મહામંત્રનું રહસ્ય	પૂ. પ્રભાકરવિજયજી મ.
૨૩	નવકાર મંત્રના ચમત્કારો	પૂ. મુનિથી અપૂર્વ રત્નસાગરજી મ. તથા પૂ. મુનિશ્રી મુક્તિરત્ન સાગરજી મ.
૨૪	સચિત્ર નવકાર	પૂ. પ્રવર્તક શ્રી હરીશભદ્રવિ મ.
૨૫	ડાયરેક્ટ ડાઈલિંગ	પૂ. મુનિશ્રી હેમરત્નવિજયજી મ.
૨૬	સમરો મહામંત્ર નવકાર	પૂ. ગણિવર્ય શ્રી કલાપ્રભાસાગરજી મ.
૨૭	નમસ્કાર પુષ્પાંજલિ	સં. મુનિશ્રી મહાયશવિજયજી તથા મુનિશ્રી ધુરંધરવિજયજી મ.
૨૮	પંચ પરમેષ્ઠી પ્રભાવ	પૂ. મુનિશ્રી શિવલાલજી મ.
૨૯ થી ૩૪	કેવળ નવકાર મંત્ર પ્રશ્નો – ત્તરી ભા. ૧ થી ૬	પૂ. શ્રી ધન્યમુનિજી (વિદ્યાનંદ)
૩૫	શ્રી નવકાર મંત્ર એ સર્વધર્મનો સાર	પૂ. આ. શ્રી કાંતિઋષિજી મ.
૩૬	એસો પંચણમોયારો (હિન્દી)	યુવાચાર્ય મહાપ્રજ્ઞ

૩૭	નમસ્કારમંત્ર સિદ્ધિ	પં. શ્રી ધીરજલાલ ટોકરશી શાહ
૩૮	જીવનની સર્વશ્રેષ્ઠ કળા-નવકાર	બાબુભાઈ કડીવાલા
૩૯	નમસ્કાર મહામંત્રનું વિજ્ઞાન	કિરણભાઈ
૪૦	નમસ્કાર મહામંત્રનું દર્શન	કિરણભાઈ
૪૧	શ્રી નવકાર નિષ્ઠા	પં. શ્રી મફતલાલ સંઘવી
૪૨	વિશ્વપ્રાણ નવકાર	પં. શ્રી મફતલાલ સંઘવી
૪૩	નવકાર સાધના	પં. શ્રી મફતલાલ સંઘવી
૪૪	અપૂર્વ નમસ્કાર	પં. શ્રી મફતલાલ સંઘવી
૪૫	મંગળમંત્ર ણમોકાર-એક અનુચિંતન (હિન્દી)	ડો. નેમીચંદ જૈન
૪૬	નવકાર મંત્ર વિશેષાંક ભા. ૧	ડો. નેમીચંદ જૈન
૪૭	નવકાર મંત્ર વિશેષાંક ભા. ૨	ડો. નેમીચંદ જૈન
૪૮	??	વસંતલાલ કાંતિલાલ ઈશ્વરલાલ
૪૯	સર્વ સિદ્ધિદાયક શ્રી નવકાર મહામંત્ર આરાધના	રાજેન્દ્ર સારાભાઈ નવાબ
૫૦	નવકાર મહામંત્ર કલ્પ (હિન્દી)	ચંદનમલજી નાગોરી
૫૧	મહામંત્ર નવકાર (હિન્દી)	ઉપાધ્યાય અમરમુનિ

ઉપરોક્ત પુસ્તકો પ્રસિદ્ધ જૈન પુસ્તક વિક્રેતાઓ પાસેથી યા જ્ઞાનભંડારો વિગેરેમાંથી મેળવીને નવકારપ્રેમી જિજ્ઞાસુઓ નવકાર સંબંધી પોતાની વિશેષ જિજ્ઞાસા સંતોષી શકશે.



नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

કસ્તૂર પ્રકાશન ટ્રસ્ટનાં પ્રકાશનો

૧. જેના હૈયે શ્રી નવકાર, તેને કરશે શું સંસાર? (૬ઠ્ઠી આવૃત્તિ)

૨. શિવં સુન્દરંમ્

૩. સર્વ મંગલ માંગલ્ય

૪. પર્વોનું ભૂષણ જીવનનું આભૂષણ

૫. સંસારનું મરણ, મુક્તિનું શરણ

૬. મને જરા દો, હું નહિ અટકું

૭. સરસ્વતી ઉપાસના

૮. નિકલા સૂરજ, હુઆ સબેરા

૯. શ્રી શત્રુંજય ગુણસ્તવમાલા

૧૦. શ્રી વર્ધમાન શક્રસ્તવ (દ્વિતીયાવૃત્તિ) (નિત્ય સ્વાધ્યાય)

૧૧. ગિરનાર મંડનશ્રી નેમિનાથ ગુણગુંજન

૧૨. ★ Miracles of Mahamantra Navkar

૧૩. ★ પ્રભુ સાથે પ્રીત

૧૪. ★ બહુરત્ના વસુંધરા (ગુજરાતી)

નોંધ : ★ આવી નિશાનીવાળા પુસ્તકો જ હાલ ઉપલબ્ધ છે.

પૂ. ગણિવર્યશ્રી મહોદયસાગરજી મ.સા. દ્વારા લિખિત / સંપાદિત સાહિત્યની યાદી

૧. દાદાશ્રી કલ્યાણસાગરસૂરિજી જીવન ચરિત્ર (હિન્દી)

૨. આરાધના દીપિકા

૩. દેશ વિરતિ દીપિકા

૪. શ્રાવક જનતો તેને રે કહીએ

૫. શ્રાવકના ૧૨ વ્રતોનો ચાર્ટ

૬. શ્રાવકના ૨૧ ગુણોનો ચાર્ટ

૭. ૧૪ નિયમ ધારો-ચાર્ટ

૮. માનવ ! ધર તું નવપદ ધ્યાન

૯. ચાહ એક, રાહ અનેક

૧૦. શ્રી શત્રુંજય ગુણ સ્તવમાલા

૧૧. દર્શન-વંદન-સામાયિક વિધિસૂત્રો (અંગ્રેજી-હિન્દી-ગુજરાતી)

૧૨. ભક્તિ સુધા

૧૩. જેના હૈયે શ્રી નવકાર તેને કરશે શું સંસાર ! (૫મી આવૃત્તિ)

૧૪. શ્રી વર્ધમાન શકસ્તવ (સાર્થ) (દ્વિતીયાવૃત્તિ)

૧૫. Miracles of Mahamantra Navkar

૧૬. ગિરનાર મંડન શ્રીનેમિનાથ ગુણ ગુંજન

૧૭. પ્રભુ સાથે પ્રીત

૧૮. બહુરત્ના વસુંધરા ભાગ. ૧

૧૯. બહુરત્ના વસુંધરા ભાગ. ૨

વરદાન

પૂજ્યતમ્ ! નવકાર !!

હું તારી પાસે એવી પ્રાર્થના લઈને નથી આવ્યો કે ''વિપત્તિથી રક્ષા કર'' પણ વિપત્તિઓમાં ભયભીત ના બનું ! એવું તો વરદાન દે !!

પોતાના દુઃખથી પીડિત ચિત્તની સાંત્વના માટે હું ભિક્ષા નથી માગતો. પણ દુઃખોથી થતી ગભરામણ ઉપર ''વિજય'' મેળવું એવું તો વરદાન દે !

''મને બચાવો'' આવી યાચના માટે તારે દ્વારે નથી આવ્યો. પણ કર્મના વિપાકો સહવાની શક્તિનું તો વરદાન દે !

''મારો ભાર હલ્કો કરી નાખ'' એવી વિનંતી નથી કરતો ! પણ ભાર વહન કરવાનું મને બળ મળે એવું તો વરદાન દે !

સુખમાં તને નત મસ્તકે સ્મરું અને દુઃખમાં તને કદી પણ ના વિસ્મરું ! વળી આખું જગત મારો ઉપહાસ કરે તેવા સમયે પણ હું તારા ઉપર શંકાશીલ ના બનું એવું તો રૂડું વરદાન દે !

Printed by : JAYANT PRINTERY Mumbai-2. Tel.: 4366 7171